BAOU
Education for All

डॉ. બાબાસાહેબ આંબેડકર
# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# બી.એ અર્થશાસ્ત્ર
## પેપર - 10 (મુખ્ય તથા ગૌણ)
## ECOM311
## ECONMJ/MN - 403
# આર્થિક નિબંધો



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકરા દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**
**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ**

| | | |
|---|---|---|
| **નિદર્શન :** | પ્રો (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન :** | ડૉ. લીલાબેન સ્વામી | એસોસિએટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **વિષય સમિતિ :** | ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| | ડૉ. ગૌરાંગ રામી | પ્રોફેસર, અર્થશાસ્ત્ર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| | ડૉ. ગીતા પંડ્યા | આચાર્ય, સરકારી વિનયન કોલેજ,<br>શ્રી કે. કે. શા સ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ |
| **વિષય પરામર્શન :** | ડૉ. લીલાબેન સ્વામી | એસોસિએટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **લેખન :** | ડૉ. લીલાબેન સ્વામી | એસોસિએટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| | ડૉ. પ્રિયંકા સોલંકી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>એચ.કે.એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઇડર |
| | ડૉ. સવિતા દેસાઈ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>એચ.કે.એમ. આર્ટ્સ એન્ટ પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઇડર |
| | શ્રી ઉમેદ પટેલ | એસોસિએટ પ્રોફેસર, પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ |
| | ડૉ. રાકેશ કે. શાહ | આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઉંઝા |
| | ડૉ. ધવલ પી. દવે | આસિસ્ટન્ટ પ્રોફેસર, કોમર્સ કોલેજ, મોડાસા |
| | ડૉ. રમા શાહ | એસોસિએટ પ્રોફેસર, કોમર્સ કોલેજ, મોડાસા |
| | ડૉ. દશરથ પ્રજાપતિ | આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઇડર |
| **ભાષા પરામર્શન :** | ડૉ. એ. એ. શેખ | એસોસિએટ પ્રોફેસર,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જાદર, જિ. બનાસકાંઠા |
| **પ્રકાશક :** | ડૉ. અજયસિંહ જાડેજા, | કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |



**પ્રકાશન વર્ષ :** 2023

ISBN : **978-9355-98-669-6**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**BA Economics paper 10**
**(Economic Essays)**

## ECOM-311, ECONMJ/MN-403

| ક્રમ | શીર્ષક | Title |
|---|---|---|
| 1. | અર્થશાસ્ત્ર: આન્તરવિદ્યાશાખાકીય અને બહુવિદ્યાશાખાકીય વિષય | Economics: an interdisciplinary and multi-disciplinary Social Science |
| 2. | કાળું નાણું અને તેની અસરો | Black Money and its Impact |
| 3. | વસ્તીવિષયક વળતર | Demographic dividend |
| 4. | આવકની અસમાનતા | Income inequality |
| 5. | આબોહવા (જલવાયુ) પરિવર્તન | Climate change |
| 6. | ગતિશીલ અર્થતંત્રમાં નાણાની બદલાતી ભૂમિકા અને સ્વરૂપ | Changing role of money in dynamic economy |
| 7. | ફુગાવો | Inflation |
| 8. | મૂડીવાદ અને સરકારના હસ્તક્ષેપનું અસ્તિત્વ | Capitalism and presence of state intervention |
| 9. | શહેરીકરણ | Urbanization |
| 10. | કેઈન્સનો સામાન્ય સિદ્ધાંત | Keynes' general theory |
| 11. | WTO અને ભારત | WTO and India |
| 12. | ભારતમાં સામાજિક સુરક્ષા | Social security in India |
| 13. | રાજકોષીય સ્વાસ્થ્ય | Fiscal health |
| 14. | ગુજરાતની પાક તરાહ | Cropping pattern of Gujarat |
| 15. | ગુજરાતના ઉદ્યોગો | Industries in Gujarat |
| 16. | સુખનું માપન | Happiness Index |
| 17. | માહિતીનું અર્થશાસ્ત્ર | Economics of Information |

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## BA PAPER-10

## અર્થશાસ્ત્ર

## આર્થિક નિબંધો

**ECOM-311, ECONMJ/MN-403**


| | | |
|---|---|---|
| એકમ-1 | અર્થશાસ્ત્ર : આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય વિષય | 01-22 |
| એકમ-2 | કાળુ નાણું અને તેની અસરો | 23-40 |
| એકમ-3 | વસ્તી વિષયક વળતર | 41-56 |
| એકમ-4 | આવકની અસમાનતા | 57-73 |
| એકમ-5 | આબોહવા-જળવાયુ પરિવર્તન | 74-85 |
| એકમ-6 | ગતિશીલ અર્થતંત્રમાં નાણાંની બદલાતી ભૂમિકા અને સ્વરૂપ | 86-105 |
| એકમ-7 | ફુગાવો (Inflation) | 106-126 |
| એકમ-8 | મૂડીવાદ અને સરકારનો હસ્તક્ષેપનું અસ્તિત્વ | 127-141 |
| એકમ-9 | શહેરીકરણ | 142-150 |
| એકમ-10 | પ્રો. કેઈન્સના સામાન્ય સિદ્ધાંતો | 151-174 |
| એકમ-11 | વિશ્વ વેપાર સંગઠન અને ભારત | 175-180 |
| એકમ-12 | ભારતમાં સામાજિક સુરક્ષા | 181-197 |
| એકમ-13 | રાજકોષીય ખાધ | 198-211 |
| એકમ-14 | ગુજરાતની પાક તરાહ | 212-234 |
| એકમ-15 | ગુજરાતના ઉદ્યોગો | 235-248 |
| એકમ-16 | સુખનું માપન | 249-261 |
| એકમ-17 | માહિતીનું અર્થશાસ્ત્ર | 262-267 |

# એકમ-1 અર્થશાસ્ત્ર : આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય

-: રૂપરેખા :-

1.1 આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય વિષયનો અર્થ

1.2 અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન

1.3 અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર

1.4 અર્થશાસ્ત્રમાં રાજકીય વિજ્ઞાનનું યોગદાન

1.5 રાજકીય વિજ્ઞાનમાં અર્થશાસ્ત્રનું યોગદાન

1.6 અર્થશાસ્ત્ર અને ઇતિહાસ

1.7 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર

1.8 અર્થશાસ્ત્ર અને ભૂગોળ

1.9 અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર

1.10 Social – Economic

1.11 બહુવિદ્યા શાળાકીય અભ્યાસ

1.12 જાહેર વિત્ત વ્યવસ્થા

1.13 અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર

1.14 અર્થશાસ્ત્ર અને આરોગ્ય

1.15 અર્થશાસ્ત્ર અને પર્યાવરણ

1.16 અર્થશાસ્ત્ર અને કાયદો

1.17 બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (ધંધાકીય સંચાલન)

1.18 અર્થશાસ્ત્ર અને માસ્ટર ઑફ સોશિયલ વર્કર (M.S.W.)

1.19 અર્થશાસ્ત્ર અને ધર્મ

1.20 સમીક્ષા

**પ્રસ્તાવના :**

સામાન્ય શિક્ષણ સ્તર સુધી જે તે વિષયનો અભ્યાસ જે તે વિષય પૂરતો સીમિત હોય છે તે યોગ્ય છે. પરંતુ ઉચ્ચ અભ્યાસમાં આંતર વિદ્યાકીય તેમજ બહુવિદ્યાકીય અભ્યાસ જરૂરી ગણાય. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા આંતર અને બહુવિદ્યાકીય અભ્યાસને વિશેષ મહત્ત્વ અપાય છે. વિશેષ કરીને સંશોધનક્ષેત્રે આંતર અને બહુવિદ્યાકીય અભ્યાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. ઘણા વિષયોમાં આર્ટ્સમાં જુદા જુદા વિષયો એ જુદી જુદી વિદ્યાશાખાઓને સાંકળીને સંશોધન કરવામાં આવે છે. અને સમાજ માટે તે વધુ ઉપયોગી હોય છે.

કોઈપણ વિષયનો અભ્યાસ એ શુદ્ધ રીતે વિષય પૂરતો સીમિત હોય તેવું બનતું નથી. કોઈપણ વિષયને અન્ય વિષયો સાથે વધતો ઓછો સંબંધ હોય છે. એક જ વિદ્યાશાખાના જેમ કે, આર્ટ્સના જુદા જુદા વિષયો એકબીજા સાથે સંકળાયેલાં હોય છે.

આર્ટ્સના બે વિભાગ પડે છે. (1) Humanities એટલે કે ભાષાઓ (2) Social Sciences – સામાજિક વિજ્ઞાનો. ઘણે અંશે ભાષાઓ એકબીજા સાથે સંકળાયેલી હોય એ રીતે સામાજિક વિજ્ઞાનો એક બીજા સાથે સંકળાયેલાં હોય છે. તેથી કોઈપણ એક વિષયનો અલાયદો (અલગ) અભ્યાસ કરવા સાથે અન્ય વિષયો સાથે સંલગ્નતામાં અભ્યાસ જરૂરી ગણાય. બહુવિદ્યાકીય અભ્યાસનું પણ મહત્ત્વ છે. જેમ કે કોઈ એક વિષય એ પોતાના જે-તે વિદ્યા શાખાના અન્ય વિષયો સાથે સંબંધિત હોય તેમ અન્ય વિદ્યાશાખાઓ સાથે પણ સંબંધિત હોય છે.

## 1.1 આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય વિષયનો અર્થ :

સામાન્ય રીતે શિક્ષણમાં વિવિધ વિષયોને અલગ અલગ અભ્યાસક્રમમાં ગોઠવીને શીખવવામાં આવે છે. જેમ કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી ઈતિહાસ, રસાયણ શાખા ભૌતિકશાસ્ત્ર, ગણિત શાખા વાણિજ્ય, કાયદો (લૉ) વગેરે જુદા જુદા વિષયોના ચોક્કસ અભ્યાસક્રમ હોય અને તેનો અલગ-અલગ અભ્યાસ કરવામાં આવે છે.

વિવિધ વિષયો એકબીજાથી તદ્દન અલગ હોતા નથી પરંતુ જુદા જુદા વિષયો અમુક અંશે એકબીજા સાથે સંબંધ ધરાવે છે જોકે. બધા જ વિષયો અરસપરસ સંબંધ ધરાવે તે જરૂરી નથી. પરંતુ કેટલાક વિષયો અમુક વિષયો સાથે વધતે-ઓછે અંશે જોડાયેલાં હોય છે.

વિષયોમાં એકબીજા સાથેનો વધતો-ઓછો સંબંધ બે પ્રકારે હોય છે : (1) આંતરવિદ્યાકીય સંબંધ અને (2) બહુવિદ્યાકીય સંબંધ.

**● અંતર વિદ્યાકીય અભ્યાસ :**

આંતર વિદ્યાકીય સંબંધ એટલે એક જ વિદ્યાશાખાની અંતર્ગત આવતા જુદા-જુદા વિષયોનો એકબીજા સાથેનો સંબંધ. જેમ કે, વિનયન વિદ્યાશાખાના વિવિધ વિષયો અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર વગેરે પૈકી કોઈ એક વિષયનો બીજા વિષય સાથેનો સંબંધ. વિજ્ઞાન વિદ્યાશાખાના જુદા-જુદા વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર વગેરેનું એકબીજા સાથેનો સંબંધ. વાણિજ્ય વિદ્યાશાખામાં સેક્રેટરિયલ પ્રૅક્ટિસ, બૅન્કિંગ, વેપારી કાયદો, નામા પદ્ધતિ અને ઑડિટ વગેરેનો એકબીજા સાથેનો સંબંધ. એ જ રીતે મૅડિકલ, ટૅક્નોલૉજી, એન્જિનિયરિંગ વગેરે વિદ્યાશાખાઓ અંતર્ગત આવતા વિવિધ વિષયોને વધતે-ઓછે અંશે એકબીજા વિષયો સાથે સંબંધ હોય છે. આમ, એક જ વિદ્યાશાખાના જુદા જુદા વિષયોના સંબંધોને આધારે થતો અભ્યાસ એ આંતર વિદ્યાકીય અભ્યાસ કહેવાય છે.

**● બહુવિદ્યાકીય અભ્યાસ :** કોઈ એક વિદ્યાશાખાના કોઈ વિષય સાથે બીજી વિદ્યાશાખાના કોઈ વિષય સાથે સંબંધ હોય અને આ બે જુદી જુદી વિદ્યાશાખાઓના વિષયો સંદર્ભે અભ્યાસ કરવામાં આવે તે બહુ વિદ્યાકીય અભ્યાસ કહેવાય. આ સિવાય કોઈ એક વિદ્યાશાખાનો વિષય બીજી વિદ્યાશાખાઓમાં પણ શીખવો આવશ્યક ગણાતો હોય તથા બીજી વિદ્યાશાખાના અન્ય વિષયોમાં પણ તેનો ઉપયોગ થતો હોય તો તેવો અભ્યાસ બહુવિદ્યાકીય અભ્યાસ કહેવાય.

ફેકલ્ટીના વર્તમાન વિભાગીય જોડાણને ધ્યાનમાં લીધા વિના સામાન્ય રુચિઓ જેમ કે, બાળકોની સુખાકારી, શાંતિ, ટૅક્નોલૉજી અને જીવન અથવા પાણી વગેરેની માન્યતા ઉપર ભાર મૂકવા માટે શ્રી નીલ રૂડેનસ્ટીન (જેઓ હાર્વર્ડના પ્રમુખ હતા) કરી હતી. તેમના મતે ‘‘બહુવિધ દૃષ્ટિકોણથી મુદ્દાઓની તપાસ કરવી અને સમગ્ર શાખાઓમાંથી આંતરદૃષ્ટિને એકીકૃત કરવી તેમજ આંતરશાખાકીય વિચારસરણીને મુંઝવતા મુદ્દાઓની ઊંડી સમજણ તરફ દોરી જશે અને આંતરિક આર્થિક સંશોધન અને સૂચના વધુ ને વધુ આંતર શાખાકીય

બની રહી છે.''

અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આ દષ્ટિકોણથી અર્થશાસ્ત્રને રાજકીય વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને માનવશાસ્ત્રનો શૈક્ષણિક સંબંધ છે. આ તમામ વિદ્યાશાખાઓ વ્યક્તિગત રીતે અને જૂથોમાં મનુષ્યના વર્તનનો અભ્યાસ કરે છે. તેઓ મનુષ્યોની ક્રિયાઓ અને ક્રિયા-પ્રતિક્રિયાઓના વિવિધ ઉપગણોનો અભ્યાસ કરે છે.

## 1.2 અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન :

અર્થશાસ્ત્ર માનવીની આર્થિક પ્રવૃતિનો અભ્યાસ કરે છે. જ્યારે મનોવિજ્ઞાન માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. બંને વિદ્યાશાખા એટલો બધો ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે કે બંનેને અલગ પાડી શકાય તેમ નથી. બંને ખૂબ જ નજીકથી સંબંધિત છે. આર્થિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચેના આંતરસંબંધોથી આંતર શાખાકીય તપાસ કરે છે. તે વ્યક્તિઓના આર્થિક વર્તણૂંકોના મનોવૈજ્ઞાનિક આધાર અને વ્યક્તિના મનોવિજ્ઞાન ઉપર આર્થિક પ્રક્રિયાઓની અસરો સાથે સંબંધિત છે.

એજવર્થનું સાયકો-ઈકોનોમિક્સ જેવોન્સ દ્વારા ખૂબ જ પ્રભાવિત હતું. આધુનિક વર્તણૂકીય અર્થશાસ્ત્રમાં અવલંબન, નુકસાનથી અણગમો, અનુકૂલન, એન્ડોમેન્ટ ઈફેક્ટ અને ફ્રેમિંગ ઈફેક્ટ્સ જેવી વિભાવનાઓ સામાન્ય છે. નવા વર્તણૂકીય અર્થશાસ્ત્રમાંથી ઉદ્ભવતા કેટલાંક વધુ તાજેતરના મૉડેલો સ્પષ્ટપણે ન્યૂરો સાયન્સ અને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનના તારણો પર આધારિત છે. તેમનો ઉદ્દેશ આર્થિક સુસંગતતાની ઘટનાઓ લાવવા માટે સમજશક્તિ અને લાગણી કેવી રીતે ક્રિયા પ્રતિક્રિયા કરી શકે છે. તેની વધુ સારી સમજ પ્રદાન કરવાનો છે. જેમ કે સહકાર, ઈન્ટરટેમોરલ પસંદગી અને જોખમી નિર્ણય વગેરે.

મનોવૈજ્ઞાનિક તારણો પ્રત્યે નવેસરથી રુચિનો બીજો સ્રોત વ્યક્તિલક્ષી સુખાકારી (અથવા સુખી અર્થશાસ્ત્ર-Happiness Index) પર સંશોધનના ઉદય સાથે સંબંધિત છે. આ પ્રમાણમાં નવું ક્ષેત્ર મનોવિજ્ઞાન અને ખાસ કરીને હકારાત્મક મનોવિજ્ઞાન સાથે સ્પષ્ટ કડી ધરાવે છે. ક્ષેત્રના મુખ્ય ખ્યાલો જેમ કે જીવન સંતોષ, હકારાત્મક અને નકારાત્મક અસર, જીવનની ગુણવત્તા તેમજ મુખ્ય પ્રવાહના અર્થશાસ્ત્રમાં મનોવિજ્ઞાન સાથેની ક્રિયા-પ્રતિક્રિયાઓનો લાંબો ઈતિહાસ છે.

માનવ સ્વભાવના પ્રશ્નો અર્થશાસ્ત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે આર્થિક બાબતોમાં હેતુઓ અને વર્તનની તપાસ કરવામાં મદદ કરે છે. મનોવૈજ્ઞાનિક અભિગમ અર્થશાસ્ત્ર સાથે સંબંધિત છે કે વર્તન અને પરિવર્તનને સમજાવવા માટે વધુ વાસ્તવિક આધાર પૂરો પાડે છે. 18મી સદીથી અર્થશાસ્ત્રીઓએ સામાન્ય રીતે માનવ સ્વભાવ વિશેના સિદ્ધાંતો અને વિચારો પર તેમના પોતાના આર્થિક સિદ્ધાંતોની સ્થાપના કરી છે. તદ્અનુસાર મનોવૈજ્ઞાનિક પાયાથી સ્વતંત્ર ન હતુ. પીટર્સ અર્લ 2005માં દર્શાવે છે કે ''જો આપણે કોઈ વ્યક્તિના તર્કમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરીશું તો પહેલાં કે પછી તેના ભાવનાત્મક કેન્દ્ર સુધી પહોંચી જશે અને વ્યક્તિ માટે કોઈ ચોક્કસ મુદ્દો શા માટે મહત્ત્વપૂર્ણ છે તેનો આધાર સ્પષ્ટ કરી શકશે નહીં શકાશે. મનોવૈજ્ઞાનિક અર્થશાસ્ત્રનું આ પાસું એડમ સ્મિથ અને ડેવિડ હ્યુમની અંતર્જ્ઞાન સાથે ખૂબ જ સુસંગત છે. વ્યક્તિગત આર્થિક વર્તણૂકના મૉડેલની ધીમે ધીમે રચના થઈ. આનંદ અથવા સંતોષના સ્વાર્થી મહત્તમકરણની સાથે મૂલ્યના સિદ્ધાંતમાં સીમાંત ઉપયોગીતાનો ખ્યાલ કેન્દ્રીય હતો. સુખવાદની ફિલસૂફી અને મનોવિજ્ઞાનને તેમના મુખ્ય પ્રભાવ તરીકે સ્વીકાર્યું છે.''

અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસમાં ખાસ કરીને માઈક્રો ઈકોનોમિક્સમાં એકમલક્ષી અભ્યાસમાં વ્યક્તિના વ્યવહાર ઉપર ભાર મૂકાય છે અને તેમાં મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે. તુષ્ટિગુણ એ માનસિક ખ્યાલની સાથે આર્થિક ખ્યાલ પણ છે. તેનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને મનોવૈજ્ઞાનિકો બંને કરે છે. તેવી જ રીતે ઘટતો સીમાંત તુષ્ટિગુણ, સમ સીમાંત તુષ્ટિગુણ, ગ્રાહકનો મહત્તમ સંતોષ, ગ્રાહકની સમતુલા જેવા મુદ્દાઓ મનોવિજ્ઞાનના નિયમો સાથે સંકળાયેલા છે. આથી મનોવિજ્ઞાનના નિયમોને સમજવાની જરૂર હોય છે. જે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો સમજવામાં ઉપયોગી થાય છે.

મનોવિજ્ઞાન અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં મદદરૂપ બને છે. તે આંતરવિદ્યાશાખાકીય વિષય ગણી શકાય. સાથે સાથે મનોવિજ્ઞાન એ સાયકાસ્ટીટ એટલે કે માનસિક રોગ સાથે સંકળાયેલ હોવાથી તબીબી વિજ્ઞાન સાથે પણ જોડાયેલ છે. આથી એ બહુવિદ્યાશાખાકીય વિષય ગણાય. આમ, મનોવિજ્ઞાન આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસનો વિષય ગણાય. પરંતુ અર્થશાસ્ત્ર સાથે તેનો સંબંધ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ અંગેનો છે.

## 1.3 અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર :

અર્થશાસ્ત્રને રાજનીતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. તે હંમેશાં યોગ્ય આર્થિક નીતિઓ અને લક્ષ્યોને સુરક્ષિત કરવા માટે રાજકીય વિજ્ઞાનની મદદ લે છે. આમ રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર એ બે અત્યંત પરસ્પર આધારિત સામાજિક વિજ્ઞાન છે. બંનેને અલગ કરી શકાય નહિ. રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્રમાં સંયુક્ત મુખ્ય વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રના અભ્યાસ સાથે રાજકારણ અને સરકારના અભ્યાસને એકીકૃત કરવાની તક આપે છે. વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના મુખ્ય અભ્યાસક્રમો સાથે  રાજકીય વિજ્ઞાનના મુખ્ય અભ્યાસક્રમો  પૂર્ણ કરે છે. જે મેક્રો ઈકોનોમિક (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) અને માઈક્રો ઈકોનોમિક્સ (એકમલક્ષી અર્થશાસ્ત્ર) બંને દૃષ્ટિકોણને આવરી લે છે.

અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે અર્થશાસ્ત્ર એ ચોક્કસ પ્રદેશમાં વ્યાપારી પ્રવૃત્તિઓના અભ્યાસ સાથે વધુ સંબંધિત છે અને પોલિટિકલ સાયન્સ કોઈ પણ પ્રદેશની રાજનીતિના અભ્યાસ સાથે વધુ સંબંધિત છે. રાજકીય અર્થતંત્ર એ આર્થિક અને રાજકીય (દા.ત. કાયદો, સંસ્થાઓ, સરકાર) સિસ્ટમો કેવી રીતે જોડાયેલા છે તેનો અભ્યાસ છે. રાજકીય અર્થતંત્ર વિકાસ, વિતરણ, અસમાનતા અને વેપાર જેવી મેક્રો ઈકોનોમિક ઘટનાઓનો અભ્યાસ કરે છે અને આ ઘટના સંસ્થાઓ, કાયદાઓ અને રાજકીય વર્તન દ્વારા આકાર લે છે. રાજકીય અર્થતંત્ર તેના આધુનિક સ્વરૂપમાં આંતર શાખાકીય ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. જે રાજકીય વિજ્ઞાન અને આધુનિક અર્થશાસ્ત્ર બંને સિદ્ધાંત ઉપર આધારિત છે. રાજકીય અર્થતંત્રના પ્રારંભિક કાર્યોનો શ્રેય સામાન્ય રીતે બ્રિટિશ અર્થશાસ્ત્રી વિદ્વાનો એડમ સ્મિથ, થોમસ માલ્થસ અને ડેવિડ રિકાર્ડોને આપવામાં આવે છે.

સામાન્ય રીતે રાજકીય અર્થતંત્ર, રાજકીય સંસ્થાઓ, રાજકીય વાતાવરણ અને આર્થિક વ્યવસ્થા - મૂડીવાદી, સમાજવાદી, સામ્યવાદી અથવા મિશ્ર અર્થતંત્ર એકબીજાને પ્રભાવિત કરે છે. અર્થશાસ્ત્રીઓ અને રાજકીય વૈજ્ઞાનિકો ઘણીવાર રાજકીય અર્થતંત્રને તર્કસંગત-પસંદગી ધારણાઓનો ઉપયોગ કરીને અભિગમો સાથે સાંકળે છે. રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ છે. કારણ કે પહેલાના સમયના અર્થશાસ્ત્રને રાજકીય વિજ્ઞાનનો એક ભાગ માનવામાં આવતું હતું અને તેને રાજકીય અર્થતંત્ર કહેવામાં આવતું હતું. અર્થશાસ્ત્રી એડમ સ્મિથે 18મી સદીમાં અર્થશાસ્ત્રને સ્વતંત્ર વિષય બનાવ્યો. તેથી

જ તેમને અર્થશાસ્ત્રના જનક કે પિતા કહેવામાં આવે છે.

## 1.4 અર્થશાસ્ત્રમાં રાજકીય વિજ્ઞાનનું યોગદાન :

રાજકીય વિજ્ઞાન નીચેની રીતે અર્થશાસ્ત્રમાં ફાળો આપે છે. (1) આર્થિક પ્રગતિ માટે રાજકીય સ્થિરતા આવશ્યક છે. (2) રાજ્ય આર્થિક નીતિઓ ઘડે છે. (3) રાજ્ય આર્થિક નીતિઓ લાગુ કરે છે. (4) આર્થિક વ્યવસ્થા રાજ્ય દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. (5) આર્થિક સમસ્યાઓનો રાજકીય ઉકેલ આવે છે. (6) રાજ્ય વપરાશ, ઉત્પાદન અને વહેંચણી (વિતરણ)ને લગતા નિયમો બનાવે છે.

## 1.5 રાજકીય વિજ્ઞાનમાં અર્થશાસ્ત્રનું યોગદાન :

અર્થશાસ્ત્ર નીચેની રીતે રાજકીય વિજ્ઞાનમાં ફાળો આપે છે. (1) આર્થિક સ્થિતિ માણસની રાજકીય સ્થિતિને પ્રભાવિત કરે છે. (2) આર્થિક અસમાનતાઓ ક્રાંતિને જન્મ આપે છે. (3) રાજકીય વિચારધારાઓ એ આર્થિક સ્થિતિનું પરિણામ છે. (4) આર્થિક વ્યવસ્થા સરકારની નીતિઓને પ્રભાવિત કરે છે. (5) લોકશાહીની સફળતા માટે આર્થિક સમૃદ્ધિ આવશ્યક છે. (6) આર્થિક પ્રવૃત્તિઓ રાજ્યની ઉત્પત્તિ માટે જવાબદાર છે.

આમ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની આંતર શાખાકીય શાખા છે. જે વ્યક્તિઓ, સરકારો અને જાહેર નીતિ વચ્ચેના આંતરસંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

U.P.S.C. વહીવટી અધિકારી, સ્ટેટ સિલેક્શન કમિટી પછી તે ટ્રેનિંગ અધિકારીઓની આવે છે. તેમાં પ્રશાસનમાં આર્થિક પ્રશ્નો સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ કૃષિ, કાયદા, શિક્ષણ, બાળમજૂરીને લગતા વિષયો ઉપર ભાર મૂકવામાં આવે છે.

અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર બંને વિષયોનો જૂના જમાનામાં અલગ-અલગ અભ્યાસ થતાં હતા. એડમ સ્મિથે ઇ.સ. 1776માં પોલિટિકલ સાયન્સ અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. અર્થશાસ્ત્ર કલ્યાણ સાથે અને રાજ્યશાસ્ત્ર લોકોની સુખાકારી, લોકોનું જીવનધોરણ તેમજ લોકોને બેઝિક ફેસેલીટી (પાયાની જરૂરિયાતો) વધુ મળે તો અર્થશાસ્ત્ર પ્રગતિ કરે છે. દેશનો આર્થિક વિકાસ સ્થિરતા સાથે જરૂરી છે અને તે ત્યારે જ શક્ય બને કે દેશમાં રાજકીય સ્થિરતા હોય. જો સરકાર ઝઘડે તો લોક કલ્યાણના કામો કરી ન શકે. સરકાર કાયદા કરે અને પ્રજામાં તેનો અમલ વ્યવસ્થિત રીતે કરાવે તો આર્થિક સ્થિરતા સાથે આર્થિક પ્રગતિ થશે. રાજ્યની માટે માળખાકીય સુવિદ્યા ઊભી કરવા માટે સરકારે કૃષિ, ઉદ્યોગ, સેવાક્ષેત્ર તેમજ ઔદ્યોગિક વિકાસ, આયાત-નિકાસ વગેરે જેવી દેશના આર્થિક વિકાસની Policy રાજ્ય સરકાર બનાવે છે. વાઈબ્રન્ટ સરકારની પૉલિસીને પ્રૅક્ટિકલ અમલ ન કરે તો તેનો કોઈ અર્થ નથી. સરકારની પૉલીસીથી લોકોની આવકો ઊંચી જાય, તેથી લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો આવે છે. માટે સરકારની પૉલીસીઓનો અમલ થવો જરૂરી છે. ભારત સરકારના કંટ્રોલ સાથે વ્યક્તિગત ઉત્પાદનના સાધનોની માલિકી હોય છે, એટલે કે મિશ્ર અર્થતંત્ર રાજ્ય સરકારે અપનાવ્યું છે. મૂડીવાદ અને સમાજવાદની મર્યાદાઓને ધ્યાને લઈ ભારત સરકારે એટલે કે રાજ્ય સરકારે મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ અપનાવી છે. આર્થિક સમસ્યાઓનું સોલ્યુશન પોલિટિક સાયન્સ પાસે છે. મજૂરના શોષણ માટે વ્યવસ્થિત વેતન (લઘુત્તમ વેતનના કાયદા કે જે રાજ્ય સરકાર ઘડે છે) આપવા માટે બેઝિક જરૂરિયાત માટે Labour Econimics ના સિદ્ધાંતો વડે રાજ્ય સરકાર તેનું સોલ્યુશન લાવશે. સરકાર વિવિધ પ્રકારની ફેસિલિટી આપશે. દેશમાં ગરીબી, બેકારી, ફુગાવો, આવકની અસમાનતા, મંદી જેવી સમસ્યાઓનો ઉકેલ રાજ્ય સરકારો નાણાકીય,

રાજકોષીય, વહીવટીય નીતિઓના ઘડતર વડે સમાધાન કરશે. આ માટે સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે. આર્થિક અસમાનતા માટે ક્રાંતિ જન્મે છે. જે સરકારને ઉથલાવી શકશે. દા.ત. ફ્રાંસ, રશિયા, અમેરિકા વગેરે દેશોમાં આર્થિક અસમાનતા, ગરીબી, ભૂખમરો વગેરેને કારણે ક્રાંતિઓ સર્જાઈ અને રાજકીય ઉથલપાથલ મચી જવા પામી. સરકારને ઉથલાવવાની તાકાત આર્થિક દૃષ્ટિકોણથી મજબૂત બને છે. આમ રાજ્ય વિચારધારા માટે આર્થિક સ્થિતિ આઉટ કમ છે. સરકાર જે પૉલિસી બનાવશે તે આર્થિક પદ્ધતિ ઉપર જ બનાવશે. આમ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર બંને એકબીજાના પરસ્પર હિતેચ્છુ છે. આથી તેનો અભ્યાસ કરવો અને બંને વિષયને સમજવા અતિ આવશ્યક છે.

રાજ્યશાસ્ત્ર શુદ્ધ રીતે અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ આંતર વિદ્યાશાખાકીય અભ્યાસ છે.

## 1.6 અર્થશાસ્ત્ર અને ઈતિહાસ :

કોઈપણ વિસ્તારનું અર્થશાસ્ત્ર તે વિસ્તારનો ઈતિહાસ બનાવે છે. કૃષિક્રાંતિ એટલે કે આર્થિક પ્રવૃત્તિ માનવને કાયમી વસવાટ કરતી પ્રજાતિ બનાવે છે. કૃષિ પ્રવૃત્તિમાં લોખંડનો ઉપયોગ ભારતમાં મગધ સામ્રાજ્ય જેવા મોટા સામ્રાજ્યોના વિકાસ તરફ દોરી જાય છે. ઔદ્યોગિક ક્રાંતિ અર્થશાસ્ત્રના સંદર્ભમાં સંસ્થાનવાદ તરફ દોરી જાય છે. ઈતિહાસ આ ઘટનાઓનો અભ્યાસ કરે છે. તે દરેક ઘટનાને બદલામાં જુએ છે અને જ્યારે તે પેટર્ન અથવા સમાનતાઓને સ્વીકારી શકે છે. પ્રારંભિક બિંદુ હંમેશાં કેસ સ્ટડીનું વિશ્લેષણ છે. ચોક્કસ સમયગાળો પસાર થાય છે. અર્થશાસ્ત્ર એ પેટર્નનો અભ્યાસ છે. અર્થશાસ્ત્રીઓ ઘટનાઓની સમાનતા શોધે છે અને કોઈ ચોક્કસ આર્થિક સિદ્ધાંત અથવા મોડેલને સમર્થન આપે છે કે નહીં ? આર્થિક સિદ્ધાંતનો દરેક ભાગ આખરે સ્ફૂટિકીકૃત ઈતિહાસનો જ એક ભાગ છે. ઈતિહાસની ઘટનાઓમાંથી જ્ઞાનનું ઘણું ઊંડું અને અત્યાધુનિક સ્વરૂપ છે. અર્થશાસ્ત્ર અને ઈતિહાસ વચ્ચે ઘણાં લાંબા સમયથી જોડાણ રહ્યું છે. મોટા ભાગની મોટી ઐતિહાસિક ઘટનાઓ આર્થિક આધાર ધરાવે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ અર્થશાસ્ત્ર એ નાણાં અથવા સંપત્તિનો પ્રવાહ છે. ઈતિહાસ એ સમયના પ્રવાહ સિવાય બીજું કંઈ નથી. તેથી અર્થશાસ્ત્ર અને ઈતિહાસ એકબીજાના પૂરક છે. ઈતિહાસના અભ્યાસક્રમમાં આર્થિક સ્થિતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો કોઈ દેશ કોઈ સમયગાળામાં સંસ્કૃતિની ઊંચાઈ પ્રાપ્ત કરી શકતો હોય, તો તે વિવિધ સમયગાળામાં કોઈ દેશ અથવા વિવિધ દેશોની સારી આર્થિક સ્થિતિને કારણે થયો હોવો જોઈએ. અકબર કે શાહજહાંના શાસનકાળમાં ભારતની આર્થિક સ્થિતિ જાણવા માટે આપણે ઈતિહાસના પાનામાંથી પસાર થવું પડશે. આર્થિક ઘટનાઓનો અભ્યાસક્રમ ઐતિહાસિક સંજોગોથી પ્રભાવિત થયો છે.

પ્રો. શુમ્પીટર માને છે કે "આર્થિક વિચાર એ આર્થિક વિષયો અને ખાસ કરીને જુદા જુદા સમય અને સ્થાનોની જાહેર નીતિઓને લગતા તમામ અભિપ્રાયો અને ઇચ્છાઓનો સરવાળો છે." શુમ્પીટર વધુમાં કહે છે કે આર્થિક વિચારનો ઈતિહાસ વલણના ઐતિહાસિક પરિવર્તનો શોધી કાઢે છે. તે આર્થિક સમસ્યાઓ અને તે સમસ્યાઓના અભિગમ વિશે પણ બોલે છે. આર્થિક વિચારો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દેશની આર્થિક પરિસ્થિતિ અને વાતાવરણથી પ્રેરિત હોય છે. વિચારો અને પર્યાવરણ સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે અને તેથી ઇકોનોમિક થોટ અને ઇકોનોમિક ઈતિહાસ વચ્ચે ગાઢ સંબંધ છે.

વિશ્વના મોટા વૈશ્વિક પડકારો જેવા કે વેપારયુદ્ધ હોય, નાણાકીય કટોકટી હોય, સ્થળાંતરનું દબાણ હોય, આબોહવા પરિવર્તન હોય કે ભારે રાજકીય અનિશ્ચિતતા હોય તેમાં અર્થશાસ્ત્ર અને ઈતિહાસ અમૂલ્ય આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

ઇતિહાસ સામાન્ય રીતે માનવજીવનની ઉત્ક્રાંતિ અને વિકાસના તબક્કાઓને ઓળખે છે. માનવજીવનના વિવિધ પાસાંઓ જેમ કે ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક તથા આર્થિક અને રાજકીય પ્રવાહોની નોંધ ઇતિહાસમાં થતી હોય છે. ઇતિહાસ એ માત્ર રાજાઓના શાસન અને તારીખોનો ઇતિહાસ નથી. પરંતુ, માનવજીવનના વિવિધ પાસાંઓના વિકાસનો અભ્યાસ છે. એ સંદર્ભમાં વિવિધ શાસનકાળ દરમ્યાન અને વિવિધ સમયગાળા દરમ્યાન અર્થવ્યવસ્થાની સ્થિતિ શું હતી તથા રાજ્યની કરવેરા, દેવા અને કલ્યાણલક્ષી નીતિઓ જે-તે સમયે કેવી હતી ? તેનું વિવરણ પણ ઇતિહાસમાં કરવામાં આવે છે. વૈદિક સમયમાં લોકોની કઈ કઈ મુખ્ય પ્રવૃત્તિઓ હતી તે ઇતિહાસમાંથી જાણવા મળે છે. વિનિમયપ્રથા, નાણા પદ્ધતિનો ઉદ્‌ભવ, નાણા વ્યવસ્થાનો વિકાસ, પશુપાલન, કૃષિ, બાગાયત, ગૃહ ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો અને કારખાના પદ્ધતિ તથા ઔદ્યોગિક ક્રાંતિ એ માનવ સમાજનો આર્થિક ઇતિહાસ છે. પ્રાચીન સમયમાં જુદા જુદા દેશો વચ્ચેના વેપારની માહિતી, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ગુપ્તવંશનો સુવર્ણયુગ વગેરે બાબતો એ આર્થિક ઇતિહાસ જ ગણાય છે. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં ભારતની પ્રાચીન અર્થવ્યવસ્થા, ભારતની બ્રિટીશકાલીન અર્થવ્યવસ્થા, વિકસિત દેશોનો આર્થિક ઇતિહાસ, વિશેષ કરીને અમેરિકાનો આર્થિક વિકાસ એ મહત્ત્વના રસપ્રદ વિષયો ગણાય છે. ફ્રાંસની ક્રાંતિ, રોટી આધારિત ક્રાંતિ, ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ, રશિયાની બોલ્શેવિક (સામ્યવાદી) ક્રાંતિ, અમેરિકાનું પશ્ચિમ તરફનું વિસ્તરણ. જાપાનની મૈજી (Maiji) વંશનો આર્થિક ઇતિહાસ એ બધા આર્થિક પરિબળો આધારિત ઇતિહાસના ઉદાહરણ છે.

ઇતિહાસ અર્થશાસ્ત્રના આર્થિક પરિબળો સાથે સંકળાયેલ હોવાથી તે આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ ગણાય છે.

## 1.7 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર :

અર્થશાસ્ત્ર સ્ટેટેસ્ટીકલ (આંકડાશાસ્ત્ર) સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે. આર્થિક વિકાસના જુદા જુદા મૉડેલોમાં ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર એટલે સ્ટેટેસ્ટીકલ્સ અને કોન્ટીટેટિવ મેથડ્સનો ઉપયોગ અનિવાર્ય છે. આથી અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ સ્ટેટેસ્ટિક્સ અને કોન્ટીટેટિવ મેથડનો અભ્યાસ જરૂરી છે. અર્થશાસ્ત્રીઓ વર્ણનાત્મક આંકડાઓનો ઉપયોગ કરીને અર્થતંત્રની સ્થિતિ સમજવાની તેમજ ડેટા વિઝ્યુલાઈઝેશનનો ઉપયોગ કરીને અર્થતંત્રમાં વલણો શોધવામાં આંકડાશાસ્ત્ર મદદરૂપ થાય છે. વળી, આંકડાશાસ્ત્રી અર્થશાસ્ત્રીઓને રીગ્રેશન (પ્રત્યાગમન) મૉડેલ્સનો ઉપયોગ કરીને ચલો વચ્ચેના સંબંધને માપવામાં મદદરૂપ બને છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વચ્ચેનો સંબંધ જથ્થા અને કિંમત, પુરવઠો અને માંગ, આર્થિક ઉત્પાદન, G.D.P. રાષ્ટ્રોની માથાદીઠ આવક વગેરે જેવા આર્થિક ડેટાને સમજવામાં આંકડા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આંકડાશાસ્ત્ર એ ડેટાનું વિશ્લેષણ કરી છે. અર્થમિતિ એ આર્થિક માહિતી માટે આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ છે. બંને વિદ્યાશાખાઓમાં આવી પદ્ધતિઓ ગુણધર્મો સ્થાપિત કરવા માટે સંભાવના સિદ્ધાંત અને કોમ્પ્યૂટર સિમ્યુલેશનનો ઉપયોગ સામેલ છે. આંકડાકીય માહિતીઓનો ઉપયોગ આર્થિક આયોજનમાં થાય છે. અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતી એક દેશના વિકાસ દરની બીજા દેશના વિકાસ દર સાથે સરખામણી કરવામાં મદદ કરે છે. અર્થશાસ્ત્ર આંકડાકીય માહિતી પરથી ઉપભોગ, ઉત્પાદન, વહેંચણી કે વિતરણ વગેરેનું મહત્ત્વ જાણી શકાય છે. અર્થશાસ્ત્ર માટેના આંકડા ચોક્કસ આર્થિક માહિતીના સંગ્રહ, પ્રક્રિયા અને વિશ્લેષણ સાથે સંબંધિત છે. આર્થિક સિદ્ધાંતોને સમજવા અને તેનું વિશ્લેષણ કરવામાં મદદ થાય છે. તેમજ માંગ, પુરવઠો, કિંમત, આઉટપુટ વગેરે જેવા ચલો વચ્ચેના સહસંબંધને દર્શાવવામાં મદદ થાય છે. અર્થશાસ્ત્ર

એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ કરે છે ત્યારે આંકડાશાસ્ત્રીઓ મોટી સંખ્યામાં ડેટા એકત્રિત કરે છે. જેથી કરીને સ્થાન પરના પરિબળો વચ્ચેના સંબંધોને અસરકારક રીતે પ્રતિબિંબિત કરી શકે છે.

અર્થશાસ્ત્રીઓ સૈદ્ધાંતિક મોડેલો ડિઝાઈન કરવા અને આ મૉડેલોને ચકાસવા માટે અને અર્થતંત્ર દ્વારા જનરેટ થતાં ડેટાના જથ્થાનું અન્વેષણ કરવા અને આંકડાઓનો ઉપયોગ કરવા માટે ગણિતનો ઉપયોગ કરે છે. ગુણાત્મક નિવેદનોને માત્રાત્મક પાસું આપીને આંકડાઓ ઉત્પાદન, વપરાશ, કિંમતો, આવકનું વિતરણ, વસ્તી, બેરોજગારી અને ગરીબી જેવી આર્થિક સમસ્યાઓનું વિશ્લેષણ કરવામાં મદદ થાય છે. આર્થિક આંકડાઓને કોઈપણ ક્ષેત્ર, દેશ અથવા દેશોના જૂથોની અંદરના અર્થતંત્રનો સમાવેશ થઈ શકે છે. આર્થિક આંકડાઓ સત્તાવાર સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય આંકડાકીય સેવાઓ, આંતર સરકારી સંસ્થાઓ જેમ કે સંયુક્ત રાષ્ટ્ર, યુરોપીયન યુનિયન અને OECD, કેન્દ્રીય બેંકો અને મંત્રાલયો દ્વારા ઉત્પાદિત ડેટા માટે સત્તાવાર આર્થિક આંકડાઓની અંદરના વિશ્લેષણો આર્થિક સંશોધનોમાં જરૂરી પ્રયોગમૂલક ડેટાનો ઉપયોગ કરે છે. પછી ભલે તે વર્ણનાત્મક હોય કે અર્થમિતિશાસ્ત્ર, તેઓ આર્થિક નીતિ અને નિર્ણય લેવા માટે મુખ્ય ઈનપુટ છે. આ વિષયમાં સૂક્ષ્મ અર્થશાસ્ત્ર, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, બિઝનેશ ફાઈનાન્સ, આગાહી, ડેટા ગુણવત્તા અને નીતિ મૂલ્યાંકનના વિષયો અને સમસ્યાઓના આંકડાકીય વિશ્લેષણનો સમાવેશ થાય છે. તેમાં અર્થતંત્રના અમુક ચોક્કસ પાસાંને માપવા માટે કયો ડેટા એકત્રિત કરવો અને આપેલ કોઈપણ કિસ્સામાં કેવી રીતે શ્રેષ્ઠ રીતે આંકડાઓ એકત્રિત કરવા અને તે અંગેના વિચારણાનો સમાવેશ અર્થશાસ્ત્રમાં થાય છે.

અર્થશાસ્ત્રીઓ આંકડાશાસ્ત્રના પ્રભાવથી મુક્ત રહ્યા નથી અને ક્લાયમેટ્રિક્સ નામથી નવી એક શાખા પ્રચલિત થઈ છે. જે મુજબ ગણિતનો ઉપયોગ અર્થશાસ્ત્રના લેખનમાં વધુ રમતમાં આવ્યો છે.કોઈપણ અંદાજ, અસ્પષ્ટતા અને અસ્પષ્ટતાને ટાળવા માટે અર્થશાસ્ત્રીઓ તેમના ડેટામાં ચોક્કસ હોવા માટે આંકડાઓનો ઉપયોગ કરી રહ્યાં છે. ભૂતકાળના રસપ્રદ અનુભવો બીજગણિતના સૂત્રોના ઉપયોગથી વાસ્તવિક નિયમ સ્વરૂપે અર્થશાસ્ત્રમાં પ્રસ્થાપિત થાય છે અને આ આંકડાઓનો ઉપયોગ ચોખ્ખા પરિણામ માટે વપરાય છે. અર્થશાસ્ત્રીઓના મગજ અને કલમથી વિધાનો થાય છે. પરંતુ ડેટા અથવા સ્રોતો જૂના રેકર્ડસમાંથી મળે છે. અર્થશાસ્ત્રીઓ અર્થઘટનાત્મક અને સમજૂતિત્મક કુશળતાથી આંકડાઓને / ગણિતને અર્થપૂર્ણ બનાવવા માટે ખૂબ જ જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો સૂત્ર દ્વારા અર્થશાસ્ત્રમાં માત્ર કાતર અને પેસ્ટનો ઉપયોગ ક્યાંકથી કેટલીક માહિતી કાપવા અને તે માહિતીને અન્યત્ર મૂકવા માટે નથી. પરંતુ એક માનસિક કાર્ય છે. જેમાં માહિતીના બુદ્ધિગમ્ય ઉપયોગ પહેલાં સામગ્રીની કઠોર શોધ થાય છે. માહિતીને બુદ્ધિગમ્ય અને ઉપયોગી બનાવવા માટે પ્રતિબિંબિત શક્તિઓ ક્લાયમેટ્રિક્સના યોગ્ય ઉપયોગથી પરિણમ્યું છે. જેને ક્વોન્ટીટીફાઈડ (કોન્ટીટેટીવ) ઈકોનોમિક્સ કહેવાય છે.

આમ, અર્થશાસ્ત્ર આંકડાશાસ્ત્રની મદદથી અર્થતંત્રની સચોટ માહિતીઓ વધુ વિશ્વસનીય રીતે રજૂ કરી શકે છે. તેમજ આંકડાઓની મદદથી ભૂતકાળની પરિસ્થિતિઓને વર્તમાન સ્થિતિ સાથે સરખાવી આર્થિક નિર્ણયો લેવામાં સરકારને, ઉદ્યોગપતિઓને, ગ્રાહકોને માર્ગદર્શન પૂરું પાડે છે. આંકડાશાસ્ત્ર પણ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ છે.

## 1.8 અર્થશાસ્ત્ર અને ભૂગોળ :

ભૂગોળમાં સામાન્ય રીતે જુદા-જુદા પ્રદેશોની ભૂરચના અને આબોહવા, પાક, લોકોની જીવનપદ્ધતિ વગેરે વિષેનો અભ્યાસ હોય છે. અર્થશાસ્ત્રમાં વિશ્વના જુદા જુદા દેશોની ડેમોગ્રાફી (વસ્તીશાસ્ત્ર), જુદા જુદા દેશોની G.D.P. (કુલ રાષ્ટ્રીય પેદાશ) તથા

માથાદીઠ આવક અને તેના વૃદ્ધિ દર ભૌગોલિક રીતે રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને World Bank દ્વારા વિકાસ, વસ્તી, GDP, માથાદીઠ આવક, વૃદ્ધિ દર વગેરે સંદર્ભે નકશા સહિત માહિતી જાહેર કરવામાં આવે છે. એ જ રીતે ભૌગોલિક સંદર્ભે જુદા જુદા દેશો અને પ્રદેશોમાં વેપારી પ્રવૃત્તિઓનો અભ્યાસ પણ કરવામાં આવે છે. જુદા જુદા પ્રદેશોની આબોહવા, જમીનના પ્રકાર મુજબ પાકની તરાહનો અભ્યાસ થાય છે. જુદા-જુદા પ્રદેશોમાં ખનિજોની ઉપલબ્ધિ અનુસાર ઔદ્યોગિક વિકાસનો અભ્યાસ કરવામાં આવે છે. જે ભૂગોળ અને અર્થશાસ્ત્રનો સંબંધ દર્શાવે છે.

કેટલીક ખૂબ જ સરળ રીતો છે, જેમાં ભૂગોળ અર્થશાસ્ત્રને અસર કરે છે. દા.ત. લાંબા અંતર અને મુશ્કેલ ભૂપ્રદેશ માલ-સામાનનું વિતરણ કરવાની ક્ષમતાને અસર કરે છે. જ્યારે આબોહવા જેવા પરિબળો લોકોને જોઈતા માલ અને સેવાઓને અસર કરી શકે છે. આર્થિક ભૂગોળ એ લોકો કેવી રીતે તેમની આજીવિકા મેળવે છે, કેવી રીતે આજીવિકા પ્રણાલીઓ વિસ્તાર પ્રમાણે બદલાય છે અને આર્થિક પ્રવૃત્તિઓ અવકાશી રીતે એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલી છે તેનો અભ્યાસ કરે છે. ઘણી ઉત્પાદન પ્રવૃત્તિઓ ભૌતિક પર્યાવરણ દ્વારા નિર્ધારિત મર્યાદાઓના મૂળ છે. સામાન્ય રીતે અવકાશી રસ ધરાવતાં અર્થશાસ્ત્રીઓ અર્થતંત્ર પર અવકાશની અસરોનો અભ્યાસ કરે છે. બીજી બાજુ ભૂગોળશાસ્ત્રીઓ અવકાશી માળખા પર આર્થિક પ્રક્રિયાઓની અસરમાં રસ ધરાવે છે. અર્થશાસ્ત્રીઓ અને આર્થિક ભૂગોળશાસ્ત્રીઓમાં અવકાશી આર્થિક સમસ્યાઓનો સંપર્ક કરવાની તેમની પદ્ધતિઓ ઘણી રીતે અલગ પડે છે. ભૂગોળ અર્થતંત્રને ભૌગોલિક સ્થાન અને આબોહવા, આવકના સ્તર અને આવકવૃદ્ધિ પર મોટી અસર કરે છે. અન્ય માધ્યમો વચ્ચે પરિહવન ખર્ચ, રોગના બીજ અને કૃષિ ઉત્પાદકતા પર તેમની અસરો દ્વારા ભૂગોળ પણ આર્થિક નીતિ પસંદગીઓને પ્રભાવિત કરતું હોય છે.

આર્થિક ભૂગોળ એ માનવ ભૂગોળમાં સૌથી વધુ વૈવિધ્યસભર, ગતિશીલ અને ઉત્પ્રેરક પેટા શાખાઓમાંની એક છે. તે વૈવિધ્યસભર સ્થાનો અને જગ્યાઓનું વર્ણન સમજાવવા સાથે સંબંધિત છે. જેમાં આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આર્થિક ભૂગોળ ઉદ્યોગોનું સ્થાન, એકત્રીકરણની અર્થવ્યવસ્થા, પરિવહન, આંતરરાષ્ટ્રીય વેપાર, વિકાસ, રિયલ એસ્ટેટ, વંશીય અર્થતંત્રો, લિંગ આધારિત અર્થતંત્રો, મુખ્ય આર્થિક અર્થતંત્રો સહિત ઘણા વિવિધ વિષયો પર વિવિધ અભિગમો અપનાવે છે. પરિઘ સિદ્ધાંત શહેરી સ્વરૂપનું અર્થશાસ્ત્ર, પર્યાવરણ અને અર્થવ્યવસ્થા વચ્ચેનો સંબંધ અને વૈશ્વિકીકરણની સમજૂતી આપે છે.

માર્ક્સવાદી રાજકીય અર્થતંત્ર ડેવિડ હાર્વેના કાર્યમાંથી વિકસતું અને નવી આર્થિક ભૂગોળ જે અવકાશી અર્થતંત્રમાં સામાજિક, સાંસ્કૃતિક અને સંસ્થાકીય પરિબળોને ધ્યાનમાં લે છે. પોલ કુગમેન અને જેફરી સેક્સ જેવા અર્થશાસ્ત્રીઓએ પણ આર્થિક ભૂગોળ સાથે સંબંધિત ઘણા લક્ષણોનું વિશ્લેષણ કર્યું છે. કુગમેને આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંત માટે અવકાશી વિચારસરણીના તેમના ઉપયોગને "નવી આર્થિક ભૂગોળ" તરીકે ઓળખાવ્યું હતું. જે ભૂગોળના શિસ્તની અંદરના અભિગમ સાથે સીધી સ્પર્ધા કરે છે. જેને "નવી આર્થિક ભૂગોળ" પણ કહેવામાં આવે છે. જેને ભૌગોલિક અર્થશાસ્ત્ર નામ વિકલ્પ તરીકે સૂચવવામાં આવ્યું છે.

પ્રાદેશિક આર્થિક ભૂગોળ ચોક્કસ પ્રદેશો અથવા વિશ્વના દેશોની આર્થિક સ્થિતિની તપાસ કરે છે. તે આર્થિક ક્ષેત્રીયકરણ તેમજ સ્થાનિક આર્થિક વિકાસ સાથે કામ કરે છે. ઐતિહાસિક આર્થિક ભૂગોળ અવકાશી આર્થિક માળખાના ઇતિહાસ અને વિકાસની તપાસ કરે છે. ઐતિહાસિક ડેટાનો ઉપયોગ કરીને તે તપાસ કરે છે કે વસ્તી અને આર્થિક પ્રવૃત્તિના

કેન્દ્રો તરીકે કેવી રીતે બદલાય છે. પ્રાદેશિક વિશેષતા અને સ્થાનીયકરણની કઈ પેટર્ન સમય સાથે વિકસીત થાય છે અને કયા પરિબળો આ ફેરફારને સમજાવે છે. આર્થિક ભૂગોળને કેટલીકવાર માનવ ભૂગોળની શાખા તરીકે પણ ઓળખવામાં આવે છે. જે માનવ આર્થિક પ્રવૃત્તિની પ્રાદેશિક પ્રણાલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માનવ આર્થિક પ્રવૃત્તિના અભ્યાસ માટેના વિવિધ અભિગમોનું વૈકલ્પિક વર્ણન અવકાશી ક્ષણિક વિશ્લેષણ, આર્થિક વસ્તુઓના ઉત્પાદન / ઉપભોગના વિશ્લેષણ અને આર્થિક પ્રવાહના વિશ્લેષણની આસપાસ ગોઠવી શકાય છે. વિશ્લેષણની અવકાશી પ્રણાલીઓમાં પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓ, મિશ્ર સામાજિક જગ્યાઓ અને વિકાસનો સમાવેશ થાય છે. ભૂગોળશાસ્ત્રી આર્થિક પ્રવૃત્તિ પ્રણાલીના વિવિધ ભાગોમાંથી ભૌતિક પ્રવાહ, કોમોડિટી પ્રવાહ, વસ્તીપ્રવાહ અને માહિતી પ્રવાહની પણ તપાસ કરી શકે છે. પ્રવાહ અને ઉત્પાદન વિશ્લેષણ દ્વારા ઔદ્યોગિક વિસ્તારો, ગ્રામીણ અને શહેરી રહેણાંક વિસ્તારો, પરિવહન સ્થળ, વ્યાપારી સેવા-સુવિદ્યાઓ અને નાણાં અને અન્ય આર્થિક કેન્દ્રો, આર્થિક પ્રવૃત્તિ પ્રણાલીમાં એક સાથે જોડાયેલાં છે.

આમ, અર્થશાસ્ત્રીની ભૂગોળ અને ભૂગોળની અર્થશાસ્ત્ર ઉપર પરસ્પર અવલંબન અને પ્રભાવ જોવા મળે છે. આથી ભૂગોળ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.9 અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર :

અર્થશાસ્ત્રમાં વસ્તી વિષયક અભ્યાસ એટલે કે. Demographic Study અગત્યનો ભાગ ગણાય ડેમોગ્રાફી અભ્યાસમાં ભૌગોલિક અભ્યાસ ખૂબ જ ઉપકારક નીવડે છે. કોઈ એક રાજ્યના જુદા-જુદા પ્રદેશો, તાલુકા દેશના જુદા જુદા રાજ્યો અને વિશ્વના જુદા જુદા દેશો અને ખંડો-ઉપખંડો જેવા ભૌગોલિક વિસ્તાર અનુસાર ડેમોગ્રાફીનો અભ્યાસ થાય છે. વસ્તીની અસમતુલા (Demography inbalance) કોઈપણ પ્રદેશ માટે અગત્યનો વિષય ગણાય છે.

વસ્તી સમાજના આર્થિક વિકાસ સાથે ખૂબ જ નજીકથી જોડાયેલી છે. વસ્તીની માત્રા, ગુણવત્તા, માળખું, વિતરણ અને હિલચાલ આર્થિક વિકાસના દરને મદદ કરે અથવા અવરોધે છે. ઓછી વસ્તી અને રોજગારીની નીચી ટકાવારી ધરાવતા વિકસિત દેશનો આર્થિક વિકાસ ચાલુ રાખવા માટે વસ્તી વધારો કરવાની જરૂર છે. બીજી બાજુ વધુ વસ્તી અને રોજગારીની ઊંચી ટકાવારી ધરાવતા અલ્પવિકસિત દેશ માટે વસ્તીમાં કોઈપણ વધારો તેની અર્થવ્યવસ્થા માટે હાનિકારક હશે. માણસ ઉત્પાદકની સાથે સાથે ઉપભોક્તા (વપરાશકર્તા) પણ છે. તેથી ઉત્પાદનના દર સાથે વપરાશના દરને સંતુલિત કરવા માટે ચોક્કસ વસ્તી પ્રમાણ જાળવવું આવશ્યક છે. વસ્તીનીતિ નીચેના ત્રણ દિશાનિર્દેશો અનુસાર વિકસિત થવી જોઈએ.

(1) વસ્તીનીતિ સમાજના આર્થિક વિકાસ પર આધારિત હોવી જોઈએ.

(2) અર્થતંત્ર અને વસ્તી ગાઢ રીતે સંકળાયેલી હોવાથી તે બંને એક જ સમયે કામ કરવા જોઈએ.

(3) વસ્તીના જથ્થા અને જીવનની ગુણવત્તા બંને પર એક જ સમયે કામ કરવું જોઈએ.

આમ, વસ્તી અને સમાજના આર્થિક વિકાસ વચ્ચેના સંબંધ સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવાથી તે સમાજના આર્થિક વિકાસ અને જીવનધોરણમાં ઝડપી સુધારો લાવી શકાય છે. વસ્તી પરિવર્તન અને વસ્તી વિષયક વર્તણૂકના આર્થિક નિર્ણાયકોની તપાસ ઘરગથ્થુ નિર્માણ, લગ્ન, બાળજન્મ અને ઉછેર, મૃત્યુદર એમાંય ખાસ કરીને બાળમૃત્યુદર અને શાળાકીય શિક્ષણ સહિત માનવમૂડી રોકાણના સ્વરૂપો અને સ્થળાંતર એમ વિવિધ

આર્થિક અને સામાજિક તપાસ કરવા અર્થશાસ્ત્રના વિશ્લેષણાત્મક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

વસ્તી વૃદ્ધિ આર્થિક વૃદ્ધિ તરફ દોરી જશે અને વધુ લોકો માલનું ઉત્પાદન કરી શકશે. તે ઊંચો દર આવક તરફ દોરી જશે જે જાહેર માલસામાન પર ખર્ચી શકાય છે. જેમ કે આરોગ્ય સંભાળ અને પર્યાવરણીય પ્રોજેક્ટ સ્પષ્ટ મૂલ્યાંકન એ નિર્ણાયક વસ્તુ GDP નથી, પરંતુ માથાદીઠ GDP છે. વસ્તી એ એક મહત્તવપૂર્ણ પરિબળ છે જે પર્યાવરણને સંતુલિત કરવામાં મદદ કરે છે. વસ્તીએ સાધનો અને સંસાધનો સાથે સંતુલન રાખવું જોઈએ. જો વસ્તી સંતુલિત હશે તો લોકોની તમામ જરૂરિયાતો અને માંગ સરળતાથી પૂર્ણ થઈ શકે છે. જે દેશના પર્યાવરણને બચાવવામાં મદદરૂપ થાય છે.

ઝડપથી વધતી વસ્તી અર્થતંત્રને સામૂહિક બેરોજગારી અને ઓછી રોજગારીમાં પરિવર્તિત કરે છે. જેમ વસ્તી વધે છે તેમ તેમ કુલ વસ્તી સાથે કામદારોનો ગુણોત્તર વધે છે. પરિણામ એ છે કે શ્રમબળમાં વધારા સાથે બેરોજગારી અને ઓછી રોજગારી વધે છે. વસ્તીવૃદ્ધિના કારણે ગીચતામાં વધારો થાય છે. ગ્રામીણ વસ્તી શહેરોમાં સ્થળાંતરિત થાય છે. શહેરીકરણને કારણે અર્થતંત્રમાં તેમના રહેઠાણ, આવાસ, આરોગ્ય, શિક્ષણ, રોજગારી, વગેરે ઉપર ઘણી અસરો થાય છે. આર્થિક બોજ વધે છે. બીજી તરફ શ્રમ પુરવઠો વધતાં ઉત્પાદન પણ વધે છે. જે આર્થિક વૃદ્ધિ કરે છે. આમ વસ્તી અને અર્થશાસ્ત્ર પરસ્પર પરાવલંબિત છે. વસ્તી વૃદ્ધિની અસર અર્થતંત્રમાં હકારાત્મક તેમજ નકારાત્મક બંને સ્વરૂપની હોઈ શકે.

વસ્તી ગણતરી સરકારને દેશના વિવિધ ભાગોમાં વિવિધ વસ્તીનો ખ્યાલ આપે છે જે બદલામાં સરકારને આવાસ, પાણી, વીજળી, રસ્તાઓ, શાળાઓ, હોસ્પિટલો જેવી સામાજિક સુવિદ્યાઓની પૂરતી જોગવાઈમાં મદદ કરશે, જે નાગરિકો માટે ફાયદાકારક છે. તેમજ આ બધી સામાજિક સુવિદ્યાઓને પરિણામે અર્થતંત્રમાં રોજગારીની તકો વધે છે, જે આવક સ્વરૂપે માંગમાં પરિવર્તિત થતાં અર્થતંત્રમાં ગતિશીલ બને છે. અર્થશાસ્ત્રમાં વસ્તીશાસ્ત્રનો એક અલગ વિષય જ ભણાવવામાં આવે છે. વસ્તીનું શિક્ષણ પ્રમાણ, સામાજિક દરજ્જો, કાર્યકુશળતા કે વિશેષીકરણ, શ્રમવિભાજન વગેરે અર્થતંત્રને આવકની અસમાનતા-સમાનતા વગેરેને અસર કરે છે. જે દેશમાં વસ્તી એટલે પ્રજા હોશિયાર, ઉત્સાહી, ઉચ્ચ કાર્યકુશળતા ધરાવતો શ્રમ અથવા શ્રમિક શિક્ષિત અને ટેક્નોલૉજીકલ પરિવર્તનોથી સજ્જ હોય તો તે રાષ્ટ્રની સંપત્તિ છે. દેશની રાષ્ટ્રીય પેદાશ ઊંચી હશે જેથી માથાદીઠ આવક પણ વધવા પામશે. અર્થતંત્ર વિકસિત દેશ ગણાશે. દા.ત. જાપાન. જે દેશની વસ્તી આળસુ, પ્રમાદી, પરંપરાગત વ્યવસાયો કરનાર, નિરુત્સાહી કે અશિક્ષિત વસ્તી હશે તો તે દેશની ઘણી બધી કુદરતી સંપત્તિ હોવા છતાં તે દેશનો આર્થિક વિકાસ ધીમો થશે. પરિણામે પ્રજાની રાષ્ટ્રીય આવક કે ઊંચી માથાદીઠ આવક પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે. આમ, વસ્તી અને અર્થશાસ્ત્ર એક બીજાના સુખદુઃખના સાથી ગણાય.

વસ્તીશાસ્ત્ર એક અલાયદો વિષય છે. જો કે એની કોઈ અલગ વિદ્યા શાખા નથી. પરંતુ વસ્તીશાસ્ત્રનો ઘનિષ્ટ સંબંધ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે રહેલો છે. વસ્તીના વિવિધ સિદ્ધાંતો જેમ કે, ઈષ્ટ વસ્તી, માલ્થશનો વસ્તીનો સિદ્ધાંત, ગુણોત્તરનો સિદ્ધાંત, વસ્તી સંક્રાંતનો સિદ્ધાંત કે જે કોલ અને હુબરે આપ્યો હતો વગેરેમાં સામાજિક તેમજ આર્થિક પરિબળો સંકળાયેલા છે. વસ્તી વિસ્ફોટ, વસ્તી વૃદ્ધિ દર, જન્મદરના વલણો, મૃત્યુ દરના વલણો, બાળ મૃત્યુ પ્રમાણ, વસ્તી સમસ્યાના કારણો, અસરો અને ઉપાયો, વસ્તીમાં સાક્ષરતા પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, જાતિગત અને વર્ગગત વિષયક વસ્તી વિશ્લેષણ, પ્રાદેશિક વસ્તીના વલણો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વસ્તીના પ્રવાહો,

પ્રજનનદર, વગેરે જેવા ઘણા મુદ્દાઓએ આર્થિક-સામાજિક પરિબળો ઉપર આધારિત છે. તેથી જ વસ્તી સમસ્યા એ સમાજશાસ્ત્રનો તેમજ અર્થશાસ્ત્રનો એક મહત્ત્વનો વિષય ગણાય છે અને સામાજિક આર્થિક પરિબળો સંદર્ભે આંતરવિદ્યા શાખાકીય સંશોધનો પણ થાય છે.

વસ્તીશાસ્ત્ર એક અલગ વિષય છે. જુદા જુદા દેશો અને પ્રદેશોના વિવિધ પાસાંઓનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર બંનેમાં કરવામાં આવે છે. વસ્તી વૃદ્ધિના વલણો, જન્મ, મૃત્યુદરના વલણો, વસ્તીનું કદ, જાતિવાર વહેંચણી, શિક્ષણ પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, સ્ત્રી-પુરુષ અસમતુલા, પ્રજનનદર, વસ્તી વિસ્ફોટ, વસ્તીના સિદ્ધાંતો, પ્રાદેશિક વસ્તી વહેંચણી, વસ્તીની અસમતુલા, વસ્તી વિસ્ફોટના કારણો, નિયંત્રણના ઉપાયો, વસ્તી વૃદ્ધિની અસરો વગેરેનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે.

વસ્તીશાસ્ત્રના તમામ સિદ્ધાંતો પ્રત્યક્ષ રીતે અર્થશાસ્ત્રને સ્પર્શતા હોવાથી તે આંતર વિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.10 Social – Economic :

અલ્પવિકસિત દેશોના લક્ષણો સમાજ સાથે જોડાયેલાં છે. ઘણી સામાજિક સંસ્થાઓ જે સોશિયોલોજીનો ભાગ છે. એ અર્થશાસ્ત્રમાં પણ મહત્ત્વ ધરાવે છે. જેમ કે જ્ઞાતિપ્રથા, કુટુંબપ્રથા, લગ્ન સંસ્થા, ધાર્મિક માન્યતાઓ, સામાજિક રૂઢિચુસ્તતા અને રિવાજો, સામાજિક માન્યતાઓ આ બધાની અર્થતંત્ર ઉપર વિવિધ અસરો હોય છે. આ સિવાય ગરીબ અને પછાતવર્ગના લોકો સામાજિક પછાતપણું અને ગરીબી સાથે સંકળાયેલા છે. દ્વીપક્ષી અર્થતંત્ર એટલે કે એકબાજુ સંગઠિત ક્ષેત્રમાં ઊંચું જીવનધોરણ અને પ્રગતિશીલ વિચારસરણી. તેમજ બીજી બાજુ અસંગઠિત ક્ષેત્ર કે જેમાં નીચી આવક, નીચું જીવનધોરણ હોય છે. અર્થતંત્રના વિષયોમાં સમાજશાસ્ત્રમાં લોકો પ્રગતિશીલ, ઓછી આવકવાળા, જુદી જુદી લાઈફ-સ્ટાઈલ બધું અલગ હોય છે. સંગઠિત ક્ષેત્રનો વિશેષ પ્રભાવ સમાજમાં હોય છે. અસંગઠિત ક્ષેત્રના લોકો જૂની-પુરાણી પદ્ધતિ, પછાત માનસિકતા, પછાત વલણો હોય, જીવનપદ્ધતિ સાદી હોય છે. આમ સમાજ બે વચ્ચેની ખાઈ એ સમાજશાસ્ત્રમાંથી આવે છે. જ્યારે પણ અર્થતંત્ર કોઈપણ દેશના વિકાસ અને તબક્કાની પ્રક્રિયાઓનો અભ્યાસ થાય ત્યારે અનિવાર્યપણે સામાજિક પરિબળોનો અભ્યાસ થાય છે. સામાજિક પરિબળો અર્થતંત્ર ઉપર ખાસ કરીને વિકાસ પ્રક્રિયા ઉપર વિવિધ સ્વરૂપે અસર કરે છે. ધનિકો પ્રત્યેનો પૂર્વગ્રહ, મૂડી પ્રત્યે પૂર્વગ્રહ, નફો એ શુલ્ક છે. લોકોને લૂંટીને વધુ નફો કમાવાય છે. વ્યાજ એ લૂંટ, શોષણ અને હરામની કમાઈ છે. એવી સર્વ સામાન્ય માન્યતા પ્રવર્તે છે. આના પરિણામે ઉદ્યોગ સાહસિકતા અને વેપાર વાણિજ્ય કે જેનું અર્થતંત્રમાં ઘણું મહત્ત્વ છે. તેના પ્રત્યે લોકોમાં નકારાત્મક માન્યતાઓ પ્રવર્તે છે. વાસ્તવમાં ઉદ્યોગ સાહસિકતા એ વિકાસનું એન્જિન છે. પણ ઉદ્યોગપતિઓને લોકોના શોષણખોર તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે સામાજિક પરંપરાઓ એ ઘણી જ રૂઢિચુસ્ત હોય છે અને ગતિશીલતા અને પ્રગતિશીલતા માટે આ રૂઢિચુસ્તતાઓ છોડવી જરૂરી છે. આમ, સામાજિક સંસ્થાઓ અને માન્યતાઓએ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસ વસ્તુ છે અને તે અર્થશાસ્ત્રમાં એક જુદા સ્વરૂપે અભ્યાસનો વિષયવસ્તુ બને છે.

અર્થશાસ્ત્રમાં સંશોધનના વિષયોમાં Socio-Economic Study એટલે કે આર્થિક-સામાજિક અભ્યાસ સ્વરૂપે M.Phil. અને Ph.D. ના અભ્યાસો થાય છે. દા.ત. (1) એક પ્રદેશની સહકારી દૂધ મંડળીઓના સભાસદોનો આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ (2) કોઈ એક ઉદ્યોગના કામદારોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ (3) અમુક પાક પકવતા ખેડૂતોનો આર્થિક-સામજિક અભ્યાસ (4) ખેત મજૂરોની આર્થિક-સામાજિક

સ્થિતિનો અભ્યાસ.

મહિલાઓ પ્રત્યે ભેદભાવ અને મહિલાઓનો સામાજિક દરજ્જો એ સમાજશાસ્ત્રનો વિષય છે. પરંતુ, અર્થશાસ્ત્રમાં મહિલા સશક્તિકરણને મહત્ત્વનો વિષય ગણવામાં આવે છે. આથી જ અર્થશાસ્ત્રના ઘણા બધા સંશોધન પ્રોજેક્ટમાં મહિલાઓની આથિક-સામાજિક સ્થિતિ વિષે અભ્યાસ કરવામાં આવે છે. આમ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે અને તેથી આંતરવિદ્યા શાખાકીય અભ્યાસોમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના પરિબળોનો સંયુક્ત અભ્યાસ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

## 1.11 બહુવિદ્યા શાખાકીય અભ્યાસ

બહુવિદ્યા શાખાકીય વિષયોના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી વિવિધ કૌશલ્યોનું ભાથુ મેળવે છે. વિવિધ વિષયોની સમસ્યા-નિરાકરણ, જટિલ વિચારસરણી, સમગ્ર વ્યવસ્થાપન, સ્વ-વ્યવસ્થાપન, સંદેશાવ્યવહાર અને લેખન, વિશ્લેષણ અને સંશોધન પદ્ધતિ, ટીમવર્ક અને ઘણું બધુ જે સમગ્ર કાર્યમાં સરળતાથી ટ્રાન્સફર કરી શકાય છે. મલ્ટી ડિસિપ્લિનરી વિષયોના જ્ઞાનથી બહોળા પ્રમાણમાં વ્યાપક રીતે જુદા જુદા પાસાંઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે અને અસરકારક રીતે પરિણામલક્ષી સંચાલન પણ કરી શકાય છે. બહુવિદ્યા શાખાકીય અભ્યાસથી વ્યક્તિગત કુશળતાની તકો પ્રાપ્ત થાય છે અને તેનો લાભ સમાજ અને રાષ્ટ્રને પ્રાપ્ત થાય છે.

અર્થશાસ્ત્ર વિષય એ માનવીના જીવનની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે. જરૂરિયાતોને સંતોષવા માટે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ તથા જીવનધોરણ સુધારવા માટે સતત ગતિશીલતા અને વિકાસ એ માનવજીવનનું ખૂબ જ મહત્ત્વનું પાસું છે. આથી અર્થશાસ્ત્ર વિષયના ચોક્કસ મહત્ત્વના મુદ્દાઓ વાણિજ્ય વિદ્યાશાખા મૅનેજમેન્ટ એટલે કે ધંધાકીય સંચાલન (મેનેજમેન્ટ) તથા એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં, કૃષિ વિદ્યાશાખામાં વગેરેમાં અર્થશાસ્ત્ર વિષય શીખવાડવામાં આવે છે. વાણિજ્ય વિદ્યાશાખામાં ધંધાકીય સંચાલન, વાણિજ્યના મૂળતત્ત્વો, કંપની-કાયદાઓ, કંપની સંચાલન, બેંકિંગ, એકાઉન્ટન્ટ અને ઑડિટ જેવા વિષયો શીખવાય છે. પરંતુ વેપાર વાણિજ્ય એ પોતે જ અર્થશાસ્ત્રનો મહત્ત્વનો ભાગ છે. તેથી અર્થશાસ્ત્ર વિષય વાણિજ્ય વિદ્યાશાખાના તમામ વર્ષોમાં અનિવાર્ય રીતે શીખવાય છે. બહુવિદ્યા શાખાકીય અભિગમ વાસ્તવિક જીવનથી સમસ્યાઓની સમજ આપે છે.

## 1.12 જાહેર વિત્તવ્યવસ્થા :

સમવાયતંત્ર તથા રાજ્યના ઉદ્દેશો સાથે સંકળાયેલ હોય છે. સમયવાયક્ષેત્રે પબ્લિક ફિનાન્સ અને કરવેરા, જાહેર ખર્ચ, જાહેર દેવું, આંતરિક દેવું વગેરેના સિદ્ધાંતો તેમજ વ્યવહારિક સ્વરૂપના અભ્યાસમાં સમવાયતંત્રના સિદ્ધાંતો સમજવા વધુ જરૂરી હોય છે. કૃષિ અર્થતંત્ર એ કૃષિ વિદ્યાશાખા સાથે સંકળાયેલ છે. માનવ સુખાકારી અને માનવ સુખાકારીના ઈન્ડેક્ષ, આર્થિક વિકાસના માપદંડ વગેરે શિક્ષણ અને આરોગ્ય સાથે સંકળાયેલાં છે અને આ બધી બાબતો રાજ્યશાસ્ત્ર સાથે પણ જોડાયેલી છે. પ્રજાની આકાંક્ષાઓ અને સહકારના ઉદ્દેશો, પ્રાથમિકતાઓ સાથે જોડીને ઘણી બધી આર્થિક સમસ્યાઓ જેમ કે, ગરીબી, વસ્તી, ભાવ સમસ્યા અને બેકારીનો અભ્યાસ થવો જોઈએ. આમ, જાહેર વિત્ત વ્યવસ્થા (Public Finance) એ અર્થશાસ્ત્ર અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસ છે.

## 1.13 અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર

અર્થશાસ્ત્ર એ મનુષ્યના આર્થિક જીવન વિશેના છે. જ્યારે સમાજશાસ્ત્ર નવા

સામાજિક વિજ્ઞાનની વ્યાપક શાખાના એક ભાગ તરીકે માણસના આર્થિક ખ્યાલો આપે - આસાજિક જીવનના અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર વ્યક્તિગત પસંદગીઓ અથવા ઇચ્છાઓના આધારે માનવ ક્રિયા (વર્તણૂંક) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજશાસ્ત્ર ઐતિહાસિક અને સામાજિક સંદર્ભમાં માનવ ક્રિયા (વર્તણૂંક) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે ગાઢ સંબંધો ધરાવે છે. બંને વચ્ચેનો સંબંધ એટલો ગાઢ છે કે ઘણીવાર એકને બીજાની શાખા તરીકે ઓળખવામાં આવે છે. સર થોમસના મતે "અર્થશાસ્ત્ર એ હકીકતમાં છે, પરંતુ સમાજશાસ્ત્રના વ્યાપક વિજ્ઞાનની એક શાખા છે." થોમસ અર્થશાસ્ત્રને સમાજશાસ્ત્રનો એક ભાગ ગણે છે. આર્થિક વ્યવહાર માણસની આર્થિક પ્રવૃત્તિઓ સાથે થાય છે. તે બેંકો, બજારો, વેપારી પેઢીઓ, કોર્પોરેશનો વગેરે જેવી આર્થિક સંસ્થાઓની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. આર્થિક સંબંધો સામાજિક પ્રવૃત્તિઓ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. બંને એકબીજાને મદદરૂપ છે. સમાજશાસ્ત્ર આર્થિક ફેરફારોનું સામાજિક અર્થઘટન અને અર્થશાસ્ત્ર સામાજિક ફેરફારોનું આર્થિક અર્થઘટન કરી પરસ્પર મદદરૂપ બને છે. સમાજ આર્થિક પરિબળોથી ખૂબ જ પ્રભાવિત છે અને આર્થિક પ્રક્રિયાઓ મોટાભાગે સમાજના વાતાવરણ દ્વારા નક્કી કરવામાં આવે છે. અર્થશાસ્ત્ર માણસની આર્થિક પ્રવૃત્તિઓ સાથે વ્યવહાર કરે છે. તે સંપત્તિના ઉત્પાદન, વપરાશ અને વિતરણ સાથે સંબંધિત છે. આર્થિક પરિબળો આપણા સામાજિક જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ આર્થિક પરિબળો ઉપર ઘણો આધાર રાખે છે. આર્થિક પરિસ્થિતિ વિના સમાજનો અભ્યાસ તદ્દન અશક્ય છે. તમામ સામાજિક સંસ્થાઓ લોકોની આર્થિક સ્થિતિ સાથે સીધી રીતે જોડાયેલી છે. તેથી જ પ્રો. માર્શલ અર્થશાસ્ત્રને "એક બાજુ સંપત્તિનો અભ્યાસ અને બીજી તરફ અને વધુ મહત્ત્વની બાજુએ માણસના અભ્યાસનો એક ભાગ" તરીકે વર્ણવે છે. એ જ રીતે અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્રથી પ્રભાવિત છે. સામાજિક પૃષ્ઠભૂમિ વિના અર્થશાસ્ત્રનો અભ્યાસ તદ્દન અશક્ય છે. સમાજશાસ્ત્રીઓએ આર્થિક સંસ્થાના વિવિધ પાસાંઓના અભ્યાસમાં યોગદાન આપ્યું છે. સંપત્તિ પ્રણાલી, શ્રમનું વિભાજન, વ્યવસાયોનું વર્ગીકરણ વગેરે એક સમાજશાસ્ત્રી દ્વારા અર્થશાસ્ત્રીને આપવામાં આવે છે. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે સહકારનો વિસ્તાર વિસ્તરી રહ્યો છે. અર્થશાસ્ત્રીઓ આર્થિક બાબતો ઉપર ભાર મૂકે છે. જેમ કે અર્થશાસ્ત્રના પિતા એડમ સ્મિથે "The wealth of Nations"ની શરૂઆતમાં જ દર્શાવ્યું છે કે શ્રમ વિભાજન લોકોના નાના કાર્યો વારંવાર કરવાથી શ્રમિક સક્ષમ અને કાર્યકુશળ બને છે. તેનામાં કૌશલ્ય વધતાં ઝડપી કામ કરી સમય અને શક્તિ બચાવે છે. ઉત્પાદન અને ઉત્પાદકતા વધતા રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થાય છે તેવું અર્થશાસ્ત્રીય અર્થઘટન છે. જ્યારે સમાજશાસ્ત્ર શ્રમ વિભાજન એટલે કે કામના આધારે અથવા તેની કાર્યકૌશલ્યના કે વિશિષ્ટતાને આધારે જ્ઞાતિપ્રથાના ઉદ્‌ભવની વાત કરે છે. આમ, શ્રમવિભાજનનો ખ્યાલ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર બંનેનો સ્પર્શતો મુદ્દો ગણી શકાય. કારણ કે શ્રમની સાથે જ શ્રમિક જોડાયેલો છે. બંને અવિભાજ્ય અંગ છે. શ્રમ અંગે અર્થશાસ્ત્ર અને શ્રમિક સાથે સમાજશાસ્ત્રનો અભ્યાસ સંકળાયેલો છે. આમ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસને સહસંબંધ છે.

આર્થિક પ્રોત્સાહનો વ્યક્તિઓને કાર્ય કરવા માટે પ્રેરે છે. વસ્તુની કિંમતમાં ઘટાડો જે અમુક વસ્તુના વપરાશમાં વધારો કરે છે. છતાં અમુક સમયે પ્રોત્સાહનોની માનવ વર્તન ઉપર કોઈ અસર થતી નથી. અમુક સમયે પ્રતિ-ઉત્પાદક અસર હોય છે. જેમ કે મૃત્યુ દંડની સજા હોવા છતાં સમાજમાં અપરાધ અટકાવી શકાતો નથી. તેવી જ રીતે યુરોપીય દેશોમાં બાળકની સંભાળ નહીં લેતાં મા-બાપને દંડ થાય છે. છતાં માતા-પિતા મોડા આવતા હોય છે. આમ, દંડ એ આર્થિક બાબત હોઈ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલો વિષય છે. જ્યારે

દંડ માટેનું કારણ એ માનવ વર્તન સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલું છે. આમ, કારણ અને પરિણામ બંને અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એટલે કે માનવીય વર્તણૂક એકબીજા સાથે સંકળાયેલાં છે. તેને અલગ કરી શકાય નહિ. આર્થિક વિકાસ અર્થતંત્રની દૃષ્ટિએ વૃદ્ધિનો ઉલ્લેખ કરે છે. જ્યારે સામાજિક વિકાસ એ શિક્ષણ, આરોગ્ય, સામાજિક માળખું વગેરેની દૃષ્ટિએ લોકોની સંપૂર્ણ સુખાકારીનો સંદર્ભ આપે છે.

સમાજશાસ્ત્રીઓ સામાજિક અથવા સમસ્યાઓનો અભ્યાસ કરે છે. જેમકે, ગુલામી, ગરીબી, બેરોજગારી, માનવ વર્તન, પ્રક્રિયાઓ, પ્રવૃત્તિઓ વગેરે સમસ્યાઓના કારણો અને કારણો શોધવા અને ઉકેલવા માટે આર્થિક પરિબળોને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવે છે. તેથી કહી શકાય કે અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એકબીજા ઉપર આધારિત છે. અર્થશાસ્ત્રની આર્થિક બાબતો જેવી કે ઉત્પાદન, વહેંચણી, માંગ, પુરવઠો, બચત, વપરાશ, મૂડીરોકાણ, વપરાશવૃત્તિ, વગેરેના સિદ્ધાંતો તેમજ તેના અભ્યાસમાં માનવ સંકળાયેલો છે. સમાજશાસ્ત્ર પણ માનવીને કેન્દ્રમાં રાખી માનવની ઇચ્છા, વર્તણૂક. વ્યવહાર, સામાજિક રીતરિવાજો વગેરેના કેન્દ્રમાં માનવી છે અને તેમાં માનવની આર્થિક પ્રવૃત્તિ રહેલી છે. આમ આર્થિક પરિબળોથી ખૂબ પ્રભાવિત થાય છે. ટૂંકમાં બંને શાસ્ત્રો પરસ્પર નિર્ભર છે. સમાજને વિકાસ અને સમૃદ્ધ કરવામાં એકબીજાને મદદ કરે છે.

દેશ-વિદેશની સામાજિક-આર્થિક સમસ્યાઓના સંશોધન, ઉકેલો તેમજ અસરો અને કારણોનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર બંને કરે છે. બંને શાસ્ત્રનો અનન્ય સંબંધ રહેલો છે.

અર્થશાસ્ત્રનો સંબંધ સૌથી વધુ સમાજશાસ્ત્ર (Socilogy) સાથે જોવા મળે છે. સમાજના જુદા જુદા વર્ગોની આકાંક્ષાઓ, તેમના જીવનધોરણ, આવકો, સંપત્તિની વહેંચણી વગેરેમાં તાલમેલ હોવો અનિવાર્ય છે. આ સંદર્ભમાં આવકની યોગ્ય ન્યાયી વહેંચણી અને સર્વ સમાવેશી વિકાસની વ્યૂહરચના અગત્યની ગણાય. વળી મહિલા વિકાસ સંદર્ભે સખીમંડળોના અભ્યાસ અગત્યના ગણાય છે. દેશના સમતોલ વિકાસમાં મહિલાઓની આર્થિક ભાગીદારી મહત્ત્વની ગણાય છે.

સમાજશાસ્ત્ર સીધી જ રીતે સમાજ દ્વારા વ્યક્તિઓનો આર્થિક અભ્યાસ કરતું શાસ્ત્ર હોવાથી આંતર વિદ્યા શાખાકીય વિષય છે. આ ઉપરાંત સમાજના લોકોના રીતરિવાજ, ધર્મ, જ્ઞાતિ, કુટુંબપ્રથા વગેરેને કારણે બહુવિદ્યા શાખાકીય અભ્યાસ પણ ગણી શકાય. સમાજના રીતરિવાજો કાયદા-કાનૂન સાથે સંકળાયેલ હોવાથી કાયદો એટલે લૉ ફેકલ્ટીને પણ સ્પર્શે છે.

## 1.14 અર્થશાસ્ત્ર અને આરોગ્ય

આર્થિક વિકાસ પર આરોગ્યની અસરો સ્પષ્ટ છે. નબળી આરોગ્યની સ્થિતિ ધરાવતા દેશોમાં સતત વૃદ્ધિ હાંસલ કરવી મુશ્કેલ લાગે છે. આર્થિક પુરાવા પુષ્ટિ કરે છે કે જન્મ સમયે અપેક્ષિત આયુષ્યમાં 10 ટકાનો સુધારો એક વર્ષમાં 0.3, 0.4 ટકા પોઈન્ટના આર્થિક વૃદ્ધિ સાથે સંકળાયેલ છે. સ્વાસ્થ્ય અને અર્થતંત્ર વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયાના સંદર્ભમાં સ્વાસ્થ્યમાં રોકાણ અને આરોગ્ય સંભાળ નીતિઓની રચના પર ધ્યાન આપવું જોઈએ. જેમ આર્થિક વૃદ્ધિ, G.D.P. ની મૂડી રોકાણ અને રોજગાર પ્રણાલી તેના નિયમનકારી માળખા, વેપાર નીતિ એ શ્રમબજારો વગેરેની કામગીરી અને ગુણવત્તામાં ફાળો આપે છે. તેમ આરોગ્ય સંભાળ પણ અર્થવ્યવસ્થાના દરજ્જામાં મોટી ભૂમિકા ભજવે છે. આરોગ્યની કામગીરી માત્ર જીવનધોરણ પર જ નહીં, પરંતુ સ્વાસ્થ્ય પ્રણાલીઓની વાસ્તવિક કામગીરી પર આધારિત છે.

કોઈ પણ દેશની આર્થિક કામગીરી તેની આરોગ્ય કામગીરી સાથે સીધી રીતે જોડાયેલી છે. શ્રીમંત દેશોમાં તંદુરસ્ત વસ્તી છે અને મૃત્યુદર વધુ સારો છે. વિકાસશીલ અને અલ્પવિકસિત દેશો જેમાં ગરીબીની ઊંચી ટકાવારીને લીધે નબળાં આયુષ્યથી પીડાય છે. મુખ્યત્વે શિશુ કુપોષણ અને મૃત્યુદરને કારણે કોઈપણ અર્થતંત્રની રાષ્ટ્રીય આવક પણ આરોગ્ય પ્રણાલીના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કોઈપણ દેશની નબળી આરોગ્ય વ્યવસ્થા સંસ્થાકીય કામગીરીને અવરોધે છે અને વિદેશી રોકાણને પણ અસર કરે છે. ઘણા દેશો કે જેઓ તેમના G.D.P.ને સુધારવા માટે પર્યટન (વિદેશી પ્રવાસીઓ) પર આધાર રાખે છે. તેઓ જીવલેણ રોગને (દા.ત. કોરોના, સ્વાઈનફ્લુ, ડેન્ગ્યુ વગેરે) સમાપ્ત કરવામાં અસમર્થ બને અથવા કોઈ અર્થતંત્ર આ રોગોને નિયંત્રિત કરવા નાણાં અથવા સંશાધનો ન હોય તો તે વિદેશી પ્રવાસીઓ કે પર્યટકોને આકર્ષી શકતા નથી તે અર્થતંત્રની રાષ્ટ્રીય આવકને નીચે લઈ જાય છે. વળી, આરોગ્ય સંભાળ અને અર્થવ્યવસ્થા વચ્ચેનો બીજો સંબંધ લાગુ કરવામાં આવેલી આરોગ્ય નીતિઓ ઉપર આધારિત છે. દા.ત. તમાકુ કે વ્યસની વસ્તુઓ ઉપર વધુ કર લાવીને જાહેર આરોગ્ય નીતિઓને વધુ મજબૂત બનાવે છે. જેમ કે જાહેર સ્થળોએ ધૂમ્રપાન ઉપર પ્રતિબંધ. જે સામાન્ય રીતે વસ્તીના વધુ સારા સ્વાસ્થ્ય તરફ દોરી શકે છે. દેશમાં મંદી, ગૃહયુદ્ધ અને ગરીબીથી પીડિત ગરીબ અર્થવ્યવસ્થાઓ પાસે આરોગ્ય સંભાળ પ્રણાલીને ટેકો આપવાની ક્ષમતા નથી. આનો સીધો અર્થ એ થાય કે હૉસ્પિટલો પાસે દર્દીઓની સંભાળ રાખવા માટે જરૂરી સ્ટાફ નથી અથવા સાધનોને અપગ્રેડ કરવા માટે પૈસા કે નાણાં નથી. આ દેશના અર્થતંત્રને વધુ નબળું પાડે છે. વૈશ્વીકીકરણ અને વેપાર ઉદારીકરણ પણ આરોગ્ય સંભાળને અસર કરે છે. દેશમાં ફાર્માસ્યુટીકલ્સની મર્યાદિત કિંમતો અને વેપારનીતિઓ દ્વારા સરહદો અને વસ્તીમાં ઉન્નત આરોગ્ય દેખરેખની પ્રાથમિક જરૂરિયાત છે.

આર્થિક વૃદ્ધિ અને આરોગ્ય વચ્ચેના સંબંધ બાબતે કેટલાંક ડેટા સ્પષ્ટપણે આરોગ્ય અને G.D.P. વચ્ચે મજબૂત સકારાત્મક સંબંધ દર્શાવે છે કે સારા સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા દેશોની આવકો ખરાબ સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા દેશો કરતાં વધુ હોય છે. જે સંબંધને "પ્રેસ્ટન કર્વ" તરીકે ઓળખાય છે. (1975). ઘરની આવક સારા સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા માટે જરૂરી મૂળભૂત ભૌતિક સંશાધનો જેવાં કે સ્થિર આવાસ, ખોરાક, આરોગ્ય વીમો અને આરોગ્ય સંભાળની એક્સેસને ઘટાડી શકે છે. બગડતાં આર્થિક પરિણામો પણ ખરાબ પર્યાવરણીય પરિસ્થિતિ દા.ત ખરાબ હવામાન, પ્રદૂષણ જેવા તણાવના સંપર્કમાં વધારો કરે છે.

આર્થિક વિકાસ માટે દેશના લોકોનું આરોગ્ય મહત્ત્વનું છે. દેશના અર્થતંત્ર પર ખરાબ સ્વાસ્થ્યનું સીધું પરિણામ તેની માનવમૂડી પર પ્રતિકૂળ અસર થાય છે. અધ્યયનોએ આરોગ્ય અને પોષણમાં સુધારા માટે એક મજબૂત તારણ કાઢ્યું છે કે "આરોગ્ય મૂડી અન્ય પરિમાણો કરતાં સંપત્તિમાં વધુ ફાળો આપે છે." જે દેશમાં સ્વસ્થ બાળકોને શિક્ષણનો વધુ ફાયદો થશે અને ઉચ્ચ કમાણી ક્ષમતા સાથે તંદુરસ્ત પુખ્ત વયના લોકો મોટા થશે જે મૂડીરોકાણને પ્રોત્સાહિત કરશે. વિકાસશીલ રાષ્ટ્રોમાં સંસાધનોનો અભાવ અથવા અપૂરતા માળખા કે કામદારોની ઉત્પાદકતામાં આરોગ્ય એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. કારણ કે નબળું સ્વાસ્થ્ય કાર્યક્ષમતામાં ઘટાડો કરી શકે છે અને શ્રમની ગુણવત્તામાં પણ ઘટાડો કરે છે. તંદુરસ્ત આરોગ્ય ગરીબી નાબૂદીના પ્રયાસો અને ટકાઉ વિકાસ હાંસલ કરવા માટે તમામ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે રાષ્ટ્રે યોગદાન આપવું જોઈએ. આરોગ્ય અને આર્થિક પ્રગતિ માટે આરોગ્યને પ્રાધાન્ય આપવાથી અર્થવ્યવસ્થાના પુનઃ નિર્માણમાં મદદરૂપ થશે. શ્રમદળમાં વધારો કરીને અને ઉત્પાદકતામાં વધારો કરીને પાછલી સદીમાં સારા સ્વાસ્થ્યને વૈશ્વિક વૃદ્ધિને વેગ આપ્યો છે. તેવું આર્થિક ઇતિહાસકારોનું તારણ છે.

અર્થશાસ્ત્રનો આરોગ્ય સાથે સંબંધ પોષણ, માલન્યુટ્રિશન, બાળ મૃત્યુદર, જન્મદર, આરોગ્યની જાળવણી, હેલ્થકેર અને એની અસર માનવમૂડી સાથે કાર્યક્ષમતા, સરેરાશ આયુષ્ય, આરોગ્ય અને અર્થશાસ્ત્રમાં માનવીના જીવનધોરણ સંદર્ભે માનવીની સુખાકારી, માનવીનું આરોગ્ય અને માનવીની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા સંદર્ભે અભ્યાસ કરવામાં આવે છે. આથી તે આંતરવિદ્યા શાખાકીય વિષય છે. સાથે સાથે મૅડિકલ, સાયન્સ બીજી બાજુ M.S.W. ને પણ સ્પર્શતો વિષય હોવાથી તેના અભ્યાસને બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.15 અર્થશાસ્ત્ર અને પર્યાવરણ :

અર્થશાસ્ત્રમાં ઉત્પાદન અને વપરાશના વિશ્લેષણમાં પર્યાવરણીય મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. અર્થશાસ્ત્રમાં નાણાકીય નીતિઓના સાધનોની ચર્ચા પર્યાવરણના સંદર્ભમાં કરવામાં આવે છે. ઉત્પાદનના ત્રણ પરિબળો (i) કુદરતી (ii) ભૌતિક અને (iii) માનવીય પરિબળો છે. કુદરતી પરિબળો પર્યાવરણ સાથે સીધા જોડાયેલા છે અને ભૌતિક તેમજ માનવીય પરિબળો પરોક્ષ રીતે પર્યાવરણ સાથે જોડાયેલાં છે. કૃષિ અર્થશાસ્ત્ર, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, પ્રાદેશિક આર્થિક આયોજન, જાહેર નાણાં તેમજ સૂક્ષ્મ અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વગેરેમાં પર્યાવરણીય વિચારણાઓ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પર્યાવરણ નીતિ એ આર્થિક નીતિનો એક ખૂબ જ મહત્ત્વનો ભાગ બની જાય છે.

પર્યાવરણીય સંશાધનો તેમની ફાળવણી અને તેમના ઉપયોગને આર્થિક ખર્ચ-લાભના સંદર્ભમાં ધ્યાનમાં લેવામાં આવે છે. માંગ અને પુરવઠો, લાભ અને નુકસાન, પર્યાવરણ સંસાધનોનું સંતુલન બધું જ અર્થશાસ્ત્રના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવે છે. ઘણાં પર્યાવરણના સિદ્ધાંતો આર્થિક સિદ્ધાંતોના એકીકરણ સાથે વિકસિત થયા છે. જેમ કે પર્યાવરણ સંસાધન આયોજન, ટકાઉ પર્યાવરણ, વિકાસ પર્યાવરણ, પર્યાવરણ ખર્ચ લાભ વિશ્લેષણ, પર્યાવરણ નીતિ, પર્યાવરણ કિંમત નિર્ધારણ, પર્યાવરણ બજેટિંગ, પર્યાવરણીય નાણાકીય વિશ્લેષણ વગેરેનો સમાવેશ અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં થાય છે. અર્થશાસ્ત્રીઓ મર્યાદિત કુદરતી સંસાધનોના સંદર્ભમાં જરૂરિયાતોની મહત્તમ સંતોષ મેળવવા માટે પર્યાવરણ વિશ્લેષણ માટે માર્ગદર્શન આપી શકે છે. અર્થશાસ્ત્ર પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ માટે વિવિધ માર્ગો અને માધ્યમો દર્શાવે છે. પર્યાવરણીય સમસ્યાઓ મૂળભૂત રીતે માનવસર્જિત છે. આથી અર્થશાસ્ત્રમાં તેના ઉકેલો છે.

આર્થિક સમસ્યાઓ માટે પર્યાવરણીય કારણો અને પર્યાવરણીય સમસ્યાઓ માટે આર્થિક કારણો છે. પર્યાવરણીય સમસ્યાઓ માટે આર્થિક ઉકેલ અને આર્થિક સમસ્યાઓ માટે પર્યાવરણીય ઉકેલ છે. તે જ રીતે આર્થિક સિદ્ધાંતો માટે પર્યાવરણીય સિદ્ધાંતો જરૂરી છે અને પર્યાવરણ સિદ્ધાંતો માટે આર્થિક સિદ્ધાંતો આવશ્યક છે. ઔદ્યોગિક ઘરેલું કચરો, જળપ્રદૂષણ અને વાયુ પ્રદૂષણ મુખ્ય કારણ છે. પ્રદૂષિત ઔદ્યોગિક કારખાનાનું પાણી જમીનમાં ભળી જાય છે અને પ્રદૂષણ સર્જે છે. જે કૃષિ ઉત્તેજનને નુકસાન કરે છે. હવા, જમીન, પાણી, નદી, મહાસાગર વગેરેને જે પ્રદૂષિત કરે છે, તેવી તમામ સાર્વજનિક પ્રદૂષિત ચીજવસ્તુઓને નિયંત્રિત કરવી જોઈએ અને તેના ઉકેલો અર્થશાસ્ત્રમાં છે. વળી જમીન, પાણી, હવા, ઊર્જા સંસાધનો, કોલસો, તેલ, ખનિજો અને ધાતુઓ તેમજ અન્ય ઘણા કુદરતી સંસાધનો પર્યાવરણ પૂરા પાડે છે, કે જે આર્થિક વિકાસ કે વૃદ્ધિ માટે આવશ્યક છે. આ તમામ કુદરતી સંસાધનોનો ઉપયોગ માનવી એટલે કે અર્થશાસ્ત્રની ભાષામાં ગ્રાહકો કરે છે. આમ, માનવજાત અને સજીવસૃષ્ટિ માટે પર્યાવરણ આર્થિક ભૂમિકા ભજવે છે.

બળતણ તરીકે લાકડાંનો ઉપયોગ કરવા માટે વૃક્ષો કાપવા, ખેતીની જમીનનો વધુ પડતો ઉપયોગ પાણીના સંસાધનોનો અને આરોગ્ય સુધારણા સેવાઓનો લાભ લેવાનું ટાળવા

જેવી વિનાશક પ્રવૃત્તિઓમાં સામેલ થવાની ફરજ પાડે છે. તેવી જ રીતે પર્યાવરણીય મુદ્દાઓ સામાજિક પરિબળોમાંથી ઉદ્ભવે છે. દા.ત. વસ્તી વધારાને કારણે આવાસ, આરોગ્ય સંભાળ, સ્વચ્છતા, સલામત શુદ્ધ પાણી, શિક્ષણ, ખોરાક અને વીજળી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવા માટે કુદરતી સંસાધનોનો વધુ પડતો ઉપયોગ થાય છે. આમ, અર્થશાસ્ત્ર એટલે કે આર્થિક બાબતો અને પર્યાવરણ જાળવણી એકબીજા સાથે સુદઢ રીતે સંકળાયેલો છે.

પર્યાવરણ બહુવિધાકીય શાખાકીય વિષય છે. જેમ કે બેઝીકલી પર્યાવરણ અને પ્રદુષણ એક રીતે હવામાનશાસ્ત્ર સાથે સંકળાયેલું છે. જે ભૂગોળનો વિષય છે. પણ એનો સંબંધ કેમેસ્ટ્રી સાથે પણ છે. હવા અને જળ એના પ્રદૂષણની પ્રક્રિયા એ કેમિકલ ઘટના છે. તાપમાન વધવું, એસિડિક વરસાદ થવો એ પણ કેમિકલ સાથે સંકળાયેલી છે. પ્રદૂષણ સમસ્યા સામાજિક સમસ્યા છે. એટલે કે સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓ કાયદાશાસ્ત્ર સાથે સંકળાયેલા છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેની કામગીરી, તેના ઉપાયો અર્થશાસ્ત્ર સાથે પણ સંકળાયેલા છે. જેમ કે કરનીતિ અને સબસિડી જેવી રાજકોશીય નીતિના ઉપયોગ વડે પ્રદૂષણ નિયંત્રણ કરવામાં આવે છે. પ્રદૂષણ નિયંત્રિત કરવા માટેના વહીવટી ખર્ચ તથા પર્યાવરણ જળવાઈ રહે તે માટેની સાધનસામગ્રી અને વ્યવસ્થાઓમાં થતાં ખર્ચ એ જાહેર ખર્ચનો વિષય બને છે. આમ, પર્યાવરણ અને પ્રદૂષણ એ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ ખૂબ જ મહત્ત્વનો વિષય છે. આ સંદર્ભમાં કેટલાંક આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસો અને સંશોધનો થતાં હોય છે. પર્યાવરણ એ અર્થશાસ્ત્ર સાથે સીધી રીતે સંકળાયેલો અભ્યાસ છે અને તે કેમેસ્ટ્રી, રસાયણશાસ્ત્ર, પ્રદૂષણના સંદર્ભમાં સંકળાયેલ છે. વળી, પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓને લીધે તે કાયદા સાથે સંકળાયેલ છે. તેમજ સરકારે પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણ માટે કેટલાંક ખર્ચાઓ કરવાના થતા હોય છે એટલે કે તે સંદર્ભે રાજકોશીય નીતિમાં જાહેર ખર્ચ થતો હોવાથી તે બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.16 અર્થશાસ્ત્ર અને કાયદો :

કાયદો અને અર્થશાસ્ત્ર એ બે ક્ષેત્રો એકબીજા સાથે તદન અસ્પષ્ટ રીતે જોડાયેપાં છે. રીતરિવાજ, સાર્વભૌમત્વ અને અછત જેવા વિવિધ ખ્યાલો કાયદા અને અર્થશાસ્ત્ર બંને સાથે સંકળાયેલા છે. મિલકત અને કરારની આસપાસના સિદ્ધાંતો સમાન છે. કાયદો અને અર્થશાસ્ત્ર વિશેષ કરીને આર્થિક વિકાસમાં કાયદો અને કાનૂની પ્રણાલીઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. આર્થિક વિશ્વમાં રાજ્યનું પ્રાથમિક કાર્ય કાયદા અને નિયમો ઘડવાનું અને લાગુ કરવાનુ છે. જે દેશના આર્થિક વિકાસને વેગ આપે છે અને ખાનગી ક્ષેત્રની જરૂરિયાતો અને મૂલ્યો જાહેર ક્ષેત્રની કામગીરીને આગળ ધપાવે છે. દેશમાં આર્થિક વિકાસ માટે કાયદાની બે ભૂમિકાઓ છે. સૌ પ્રથમ ફાળવણીનું પરિમાણ છે. જેના દ્વારા કાયદો નક્કી કરે છે કે કયા સંસાધનો ક્યાં મૂકવાના છે. સશાધનો ક્યાંથી આવશે અને તેનો શું ઉપયોગ કરવામાં આવશે વગેરે કાયદો નિર્ધારિત કરે છે. રાજ્ય સંસાધનોની ફાળવણી કરશે કે બજાર દળો કરશે તે પોતે નક્કી કરે છે. પ્રક્રિયાગત પરિમાણ નક્કી કરે છે કે કાનૂની અમીલરણ કેટલું કાર્યક્ષમ છે અને કાયદાની સંસ્થાઓ આર્થિક વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે સુસંગત રીતે કામ કરી રહી છે કે કેમ ? પ્રણાલી ક્યાં તો વિવેકાધીન હોઈ શકે છે. જ્યાં રાજ્ય તેમની ઇચ્છા મુજબ કાયદામાં ફેરફાર કરી શકે છે અથવા નિયમ આધારિત હોઈ શકે છે. જ્યાં તેમણે અમુક કાયદાકીય નિયમો અથવા સિદ્ધાંતોનું પાલન કરવું પડશે. કાયદાઓ અને કાનૂની પ્રણાલીઓના આ બે પાસાંઓ મોટા ભાગે દેશના આર્થિક વિકાસના નિર્ણાયક છે. દેશના શ્રેષ્ઠ આર્થિક વિકાસ માટે બજાર

નિર્ધારીત ફાળવણી કાર્ય અને નિયમ આધારિત પ્રક્રિયાગત કાર્ય હોય તેનું પ્રાધાન્ય છે.

આર્થિક વિકાસને અસરકર્તા કાયદાઓ અને કાનૂની પ્રણાલીઓ વચ્ચેના જોડાણ પર ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીએ પણ ભાર મૂક્યો હતો. જેમણે બિહાર ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં સમજાવ્યું હતું કે કાયદાનું શાસન વિદેશી રોકાણોને આકર્ષવા અને આર્થિક વૃદ્ધિ માટે પૂર્વ શરત છે. આમ, કાયદો અને અર્થશાસ્ત્ર એટલે કે આર્થિક વૃદ્ધિ એકબીજા સાથે સંકળાયેલા છે. ભારતમાં કાયદો અને કાનુની પ્રણાલીઓ વચ્ચેનો સંબંધ અને આર્થિક વિકાસ બે વ્યાપક દાવાઓ પર દોરવામાં છે. પહેલો દાવો એ છે કે 'કાયદો' ફર્મની તેની નાણાકીય પહોંચ અને તેના કામકાજ માટે મૂડી એકત્ર કરવાની ક્ષમતા નક્કી કરે છે. બીજું એ કે દેશની કાનૂની પ્રણાલી અને કાનૂની મૂળ દેશની પરિવર્તનશીલતા તેના નિયમો અને નિયમોને અપનાવવા અને વિકસિત કરવા માટે સુગમતા નક્કી કરવામાં મોટી ભૂમિકા ભજવે છે. રોકાણકારોનું રક્ષણ કરવા માટેની કાનૂની પ્રણાલીની કાર્યક્ષમતા અને બાહ્ય ફાયનાન્સ માર્કેટના વિકાસ વચ્ચે સીધો સંબંધ હોવાથી ભારતમાં ઈક્વિટી રોકાણકારોના રક્ષણની આસપાસ ફરતા કાયદામાં ઝડપથી વધારો થયો છે. બીજું, ફાર્માસ્યુટિકલ અથવા સૉફ્ટવેર ઉદ્યોગો જેવા ઈક્વિટી ફાઈનાન્સની આસપાસ કેન્દ્રિત ઉદ્યોગો, ભારે ઉત્પાદન ઉદ્યોગો જેવા ડેટ ફાઈનાન્સ પર નિર્ભર ઉદ્યોગો કરતા તુલનાત્મક રીતે વધુ વિકસ્યા છે. કાયદાકીય પ્રણાલીની ભૂમિકા અને ઉદ્યોગોના વિકાસ વચ્ચે કડી બનાવવા ડેટા ફાઈનાન્સ સાથે સરખામણી કરવામાં આવે ત્યારે ઈક્વિટી ફાઈનાન્સ વધારવાની પ્રક્રિયાને વધુ સારી બનાવવા માટે મજબૂત કાયદા ઘડવામાં આવ્યા છે. રોકાણ અને ઈક્વિટી ફાઈનાન્સને દેશના આર્થિક વિકાસને નિર્ધારીત કરવા માટે મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે તે માંગ બનાવે છે. નવી તકનિકનો પરિચય આપે છે. ઉત્પાદકતામાં વધારો કરે છે. રોજગારીની તકો પેદા કરે છે અને ક્ષમતા વધારે છે તેથી એ નોંધવું અગત્યનું છે. જ્યારે આપણે ભારતમાં આર્થિક વિકાસ પર કાયદા અને કાનૂની પ્રણાલીઓની અસરનું વિશ્લેષણ કરીએ છીએ. ત્યારે રોકાણનીતિઓ પરની અસરનું વિશ્લેષણ એ બંને વચ્ચે પૂરતી કડી છે. 2019ના આર્થિક સર્વેક્ષણ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે કે જેમાં ભારતીય અર્થતંત્ર માટે રોકાણ આધારિત વિકાસ મોડલને વધુ ઉત્તેજિત કરવા કાયદાકીય પ્રણાલીની સુધારણાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતીય G.D.P. માં સેવા ક્ષેત્રનો ફાળો 53.89 ટકા છે. સેવા ઉદ્યોગો સામાન્ય રીતે એવી પેઢીઓ હોય છે કે જેઓ પાસે ડેટા ફાઈનાન્સ વધારવા માટે કોલેટરલ તરીકે ઓફર કરવા માટે મૂર્ત અસ્ક્યામતો હોતી નથી. જે ઈક્વિટી ફાઈનાન્સને મૂડીનો મુખ્ય સ્રોત બનાવે છે. ઈક્વિટી ફાઈનાન્સ પરના કાયદાના ભારતના મજબૂત અમલને કારણે દેશમાં નફાકારક ઉદ્યોગોમાં રોકાણની વૃદ્ધિ થઈ છે અને આ રીતે દેશના આર્થિક વિકાસમાં ફાળો આપ્યો છે. એડમ સ્મિથ જેમને અર્થશાસ્ત્રના પિતા તરીકે ગણવામાં આવે છે તેમણે સ્વહિતનો કાયદો, સ્પર્ધા (હરીફાઈ)નો કાયદો અને માંગ અને પુરવઠાનો કાયદો એમ ત્રણ નિયમો (કાયદા) ઉપર વધુ ભાર મૂકી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજાવ્યા છે. કાર્લ માર્ક્સ સાથે સંકળાયેલો કાયદો શ્રમજીવીઓના શોષણ પર માત્ર એક શણગાર છે. ક્રાંતિ પછી કાયદાનું છેલ્લું કાર્ય મૂડીવાદને નાબૂદ કરવાનું રહેશે તેવું સ્પષ્ટ મંતવ્ય આપ્યું હતું. અર્થશાસ્ત્રના કાયદા શરતી હોય છે અને તે સંખ્યાબંધ લાયકાતો અને ધારણાઓ સાથે સંકળાયેલા હોય છે અને આ ધારણાઓ અને લાયકાત સામાન્ય રીતે "અન્ય વસ્તુઓ સમાન રહે છે." જે અર્થશાસ્ત્રના દરેક કાયદા અને સિદ્ધાંત સાથે જોડાયેલા હોય છે.

કાયદો અને અર્થશાસ્ત્ર કાનૂની સમસ્યાઓ માટે માઈક્રો-ઈકોનોમિક વિશ્લેષણના ઉપયોગનો સંદર્ભ આપે છે. અર્થશાસ્ત્ર અને કાયદાનો વિકાસ પરસ્પર વિશિષ્ટ નથી પરંતુ

પૂરક છે. કાયદો અને અર્થશાસ્ત્ર વચ્ચે અમુક ચોક્કસ પ્રકારનો સંબંધ છે. સમાજમાં આવિકારો અને ફરજો બંને સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે. મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતા અને અમુક સુરક્ષાની ખાતરી આપે છે. સમાજના વિકાસ માટે તેના મૂળભૂત અધિકારો આવશ્યક છે.

વેપારી નેતાઓએ એવા કાયદાઓનો વિરોધ કર્યો છે જે યુનિયનો (સંગઠનો) બનાવવાની મંજૂરી આપે છે. વેપારી નેતાઓ માને છે કે યુનિયનો વધુ પૈસા અને લાભો માંગશે. કારણ કે તેઓ સંગઠિત છે. વેપારી નેતાઓનું માનવું છે કે યુનિયનો વધુ પગાર કે પૈસાની માગણી કરશે ત્યારે કંપનીને આર્થિક નુકસાન થશે. આથી વેપારી નેતાઓએ એવા કાયદાઓને સમર્થન આપ્યું છે જે સામુહિક સોદાબાજીમાં ઘટાડો કરે છે. યુનિયનોનું અસ્તિત્વ અથવા રચના કરવાનું મુશ્કેલ બનાવે છે અને તે માટે લોકો અથવા વ્યવસાયને જાહેર કરવાની જરૂર છે કે વ્યક્તિ અથવા વ્યવસાય કોને રાજકીય યોગદાન આપી રહ્યો છે.

કાયદાએ આર્થિક વિકાસમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જાહેર વિત્ત વ્યવસ્થા, પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિવારવા માટેના કાયદાઓ ઘડવા, ગ્રાહક સુરક્ષા અંગે ઉદ્યોગ ફેક્ટરી દ્વારા પ્રદૂષણ ન ફેલાય તે માટે કાયદો ઘડવો અને અમલ કરાવવા માટે મેનેજમેન્ટ કે મર્કેન્ટાઈલ નિયમો સૂચવે છે. આથી કાયદો એ બહુ વિષયોનો અભ્યાસ હોવાથી બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણાય.

## 1.17 બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (ધંધાકીય સંચાલન) :

બિઝનેશ એડમિનિસ્ટ્રેશન એટલે કે ધંધાકીય સંચાલન એ ઉચ્ચ કક્ષાના મેનેજરો તૈયાર કરે છે. તેમજ ધંધાકીય વહીવટ, કંપનીઓના સંચાલન, નાણાકીય સંસ્થાઓ તથા વાણિજ્ય સંસ્થાઓના સંચાલન માટેના તજજ્ઞો તૈયાર કરવામાં આવે છે. ધંધા ઉદ્યોગ એ અર્થશાસ્ત્રનો જ એક ભાગ છે. મહદ્અંશે સંગઠિત ક્ષેત્રોમાં સમાવેશ એવો કોર્પોરેટ એકમ, નાણાકીય સંસ્થાઓ એ અર્થતંત્રનો મહત્ત્વનો હિસ્સો છે. કોર્પોરેટ જગતના સંચાલન માટે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનું અને વિવિધ આર્થિક સમસ્યાઓનું વિસ્તૃત જ્ઞાન હોવું ખૂબ આવશ્યક છે. દેશ અને વિદેશના આર્થિક પ્રવાહોની જાણકારી ધંધાકીય સંચાલકો માટે અતિ આવશ્યક આથી જ B.B.A. અને M.B.A.ના અભ્યાસક્રમોમાં Macro Economics, Micro Economics (સમગ્રક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર) આર્થિક વિકાસના સિદ્ધાંતો તથા આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો તેમજ દેશ અને દુનિયાના આર્થિક પ્રવાહોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે.

## 1.18 અર્થશાસ્ત્ર અને માસ્ટર ઑફ સોશિયલ વર્કર (M.S.W.) :

અર્થશાસ્ત્ર અને સમાજકાર્ય (M.S.W., B.S.W.) બંને સમાજમાં વ્યક્તિઓની સુખાકારી સાથે સંબંધિત છે. અર્થશાસ્ત્ર આપણી આર્થિક સમસ્યાઓનું સમાધાન આપે છે. સામાજિક કાર્ય પણ માનવીની જરૂરિયાતો-ઈચ્છાઓનો અભ્યાસ કરે છે. આર્થિક વિકાસ એ એવા કાર્યક્રમો, નીતિઓ અથવા પ્રવૃત્તિઓ છે જે સમુદાય માટે આર્થિક સુખાકારી અને જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરે છે. સામાજિક કાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેનો સંબંધ જોઈએ સમાજશાસ્ત્ર સંશોધન અને તેના તારણો પ્રસ્તુત કરવા પર કેન્દ્રિત છે જ્યારે સામાજિક કાર્ય વ્યક્તિઓ, પરિવારો અને જૂથોને સામાજિક સેવાઓ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાજિક કાર્યકરો વિવિધ પ્રકારની નીતિઓ ન્યાયી છે કે કેમ ? તેમજ તે લોકોની જરૂરિયાતો પૂર્ણ કરે છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અર્થશાસ્ત્રીઓ માનવીની જરૂરિયાતોની કાળજી લે છે.

માસ્ટર ઑફ સોશ્યલ વર્ક તથા ગ્રામ્ય અભ્યાસ સમાજકાર્ય તથા ગ્રામીણ અભ્યાસ (BRS – MRS) આ બે વિષયો સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભણાવાય છે. આ બંને વિષયો સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે. જેમ કે ગ્રામીણ અભ્યાસમાં ગ્રામ અર્થતંત્ર, ગ્રામ આરોગ્ય, કૃષિ અર્થશાસ્ત્ર, ગ્રામ્ય કક્ષાએ આંતર માળખું, ગ્રામીણ ક્ષેત્રે સામાજિક આંતર માળખું જેવા મુદ્દાઓ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. સમાજકાર્ય એ ઘનિષ્ટ રીતે સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. કારણ કે ગરીબ, પછાત, પીડિત, શોષિત અને ઉપેક્ષિત એવાં વિવિધ વર્ગોમાં જે તે વર્ષના કલ્યાણ હેતુથી સમાજકાર્ય કરવામાં આવે છે. સરકારની અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓની કલ્યાણકારી યોજનાઓના નામ જુદા જુદા વર્ગોમાં પહોંચાડવામાં આવે છે. અહીં ગરીબી, કલ્યાણકારી યોજનાઓ, સહાયક યોજનાઓ, વિકાસલક્ષી યોજનાઓ વગેરેનું જ્ઞાન હોવું જરૂરી છે. આ સંદર્ભમાં સમાજકાર્યના અભ્યાસમાં અર્થશાસ્ત્રના જુદા જુદા મુદ્દાઓનું જ્ઞાન આવશ્યક ગણાય છે.

B.S.W. M.S.W., B.R.S. M.R.S. વગેરે ગ્રામીણક્ષેત્રે સમાજની આર્થિક સ્થિતિ, જીવનધોરણ, આરોગ્ય, પોષણ વગેરેની સંલગ્નતા અર્થશાસ્ત્ર સાથે અને મૅડિકલ લાઈન, હેલ્થ, બાળ મૃત્યુદર, જન્મદર, માનવ વિકાસ આંક આ બધા જ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. એટલે આંતરવિદ્યા શાખાકીય વિષયની સાથે બહુવિદ્યા શાખાકીય વિષય પણ ગણી શકાય.

## 1.19 અર્થશાસ્ત્ર અને ધર્મ :

વિકાસશીલ દેશોમાં ધર્મ પાછળ પુષ્કળ ખર્ચ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આ બિન ઉત્પાદક ખર્ચ ગણાય છે. જે બચત અને મૂડીરોકાણ દરમાં ઘટાડો પ્રેરે છે. ધાર્મિક માન્યાતાઓએ પણ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અંગ ગણાય. ધાર્મિક માન્યતા અનુસાર ઘણા બધા લોકો ઉધમ (મહેનત), શ્રમ અને કર્મને બદલે નસીબવાદ કે પ્રારબ્ધવાદને મહત્ત્વ આપે છે. તેથી અર્થતંત્રમાં અને લોકોની પ્રવૃત્તિઓમાં ગતિશીલતા અવરોધાય છે. તેમજ ગરીબોની આર્થિક સ્થિતિમાં ખાસ ફેરફાર થતો નથી. વિકાસલક્ષી અર્થશાસ્ત્રી આર્થર લેવિસે લખ્યું છે કે અલ્પવિકસિત દેશોમાં ગરીબીને કારણે મંદિરો કે ધર્મસ્થાનો બાંધવાનું કામ અટકતું નથી. આથી ગરીબ દેશોમાં બચતો ઓછી અને રોકાણક્ષમતા પણ ઓછી છે તેવું માની શકાય નહીં. વાસ્તવમાં સામાજિક અને ધાર્મિક પરિબળોને કારણે બચત અને મૂડીરોકાણના સ્વરૂપ બદલાઈ જાય છે. જે આર્થિક વિકાસને અવરોધે છે.

## • સમીક્ષા :

વિવિધ વિષયો શુદ્ધ રીતે અન્ય કોઈપણ વિષયની તદ્દન અલિપ્ત હોય તેવું બની શકે નહિ. કોઈપણ વિષય એક યા વધુ વિષયો સાથે વધતે-ઓછે અંશે સંકળાયેલો હોય છે. અર્થશાસ્ત્ર એક એવો વ્યાપક વિષય છે કે જે માનવજીનના વિવિધ પાસાંઓ સાથે એક યા બીજા સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે જોડાયેલો હોય છે. આથી જ અર્થશાસ્ત્ર વિષય એ આંતરવિદ્યા શાખાકીય સંલગ્નતા અને બહુવિદ્યા શાખાકીય સંલગ્નતા ધરાવે છે. કોઈ એક જ વિષયમાં ઘનિષ્ઠ સંશોધન થાય તે પૂરતું ન ગણાય. અને તેથી જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ઈન્ટર ડિસિપ્લિનરી સંશોધન ઉપર ભાર મૂકે છે. ઘણાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર, કોન્ફરન્સ તથા વર્કશોપમાં કેટલાંક Inter Disciplinary વિષયો પસંદ કરીને તેમાં વિવિધ વિદ્યાશાખાઓના સંશોધન પેપર રજૂ થતા હોય છે. આવા Inter Disciplinary વિષયોના ચર્ચા સત્રો વધુ પ્રમાણમાં યોજાય તો બહુ વિદ્યાકીય જ્ઞાનનો પ્રસાર-પ્રચાર થાય.

- **સંદર્ભસુચિ**

## References


- સેડેક સેન 2012, ''મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ'' વર્કિંગ પેપર્સ 0001, ઓકાન યુનિવર્સિટી રિસર્ચ સેન્ટર ફોર ફાઈનાન્સિયલ રિસ્ક, ઓકેએફઆરએએમ, માર્ચ, 2012.
- Stavnos Drakopoulos [National and Kapodistaing Univerity of Athens and Loannis Katselidis. Athens University of Econoics and Business. "The Relationship betwen Psychology and Economics : Insights from the Hisotry of Economics thought. March, 2017.
- Sanjay Das "The Relationship Between Health Care and Economy. Article Health care, January 4, 2019.
- https//Journels plos.org.plosmedicine.article.journal, 2 spet. 2020
- https//byjus com Z commerce > Stastics.for economics.
- Wikipedia, The free encyclopedia "Economic Statistics."
- https\\web.CCSu edu : faculty>kyem>Geogllo>Eco.
- https\\en.wikipedia.org>wiki>economics–geography
- Akina Venkateshwarly, Associate Professor in Economcs, Retired at Degree College, Telangana State 1987. "What is the relationship between economics and sociology ?"
- Ahmedabad Kabir, Assistant Professor, Central Universitry of South Bihar Gaya.
- https//www.livemint.com. Politics healthcare and Economics 18 April, 2016.
- Economic geopraphy - Wikipedia

## એકમ-2 કાળુ નાણું અને તેની અસરો

-: રૂપરેખા :-

2.1 પ્રસ્તાવના

2.2 કાળા નાણાંનો અર્થ અને સમજૂતી

2.3 કાળા નાણાંનો અંદાજો

2.4 દેશના મુખ્ય કૌભાંડો કાળા નાણાંના જનક

2.5 કાળા નાણાં ઉદ્‌ભવવાના કારણો

2.6 કાળા નાણાંની અસરો

2.7 કાળુ નાણું દૂર કરવાના ઉપાયો

2.8 સમીક્ષા

### 2.1 પ્રસ્તાવના

કાળા નાણાંની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. કારણ કે વર્તમાન સમયમાં આપણા દેશમાં કાળા નાણાંનો ઉપયોગ ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. તેથી અર્થતંત્રમાં તેને અલગ પાડવું કે યોગ્ય રીતે ચોક્કસ વ્યાખ્યા સાથે વ્યાખ્યાયિત કરવું શક્ય નથી. જુદા જુદા લોકો તેને જુદી જુદી રીતે વ્યાખ્યાયિત કરે છે. જેમ કે બિનહિસાબી આવક, ભૂગર્ભ આવક, કાળી સંપત્તિ અથવા અર્થતંત્ર સ્તરે તેને સમાંતર અર્થતંત્ર, કાળી અર્થ વ્યવસ્થા, છાયા અર્થતંત્ર અને બિનસત્તાવાર અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપક રીતે અને સામાન્ય માણસની ભાષામાં તેને વ્યાખ્યાયિત કરી શકીએ છીએ. તે નાણાં કે જે ગેરકાયદેસરના માધ્યમો દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હોય અથવા જેના માટે સરકારને કર ચૂકવવામાં આવતો નથી જે બિનહિસાબી હોય. કાળુ નાણું ગેરકાયદેસર રીતે ડ્રગ્સના વેપાર, આતંકવાદ, ભ્રષ્ટાચાર અથવા જાહેર સરકારી તિજોરીમાં લેણા ચૂકવવામાં કાયદેસર નિષ્ફળતા દ્વારા પેદા થઈ શકે છે. જે બિન હિસાબી સંપત્તિનું ઉત્પાદન કરે છે. જમીન અને રિયલ એસ્ટેટ વ્યવહારો, બુલિયન અને ઝવેરીના વ્યવહારો, જટીલ નાણાકીય બજાર વ્યવહારો, સખાવતી પ્રવૃત્તિઓ, અનૌપચારિક ક્ષેત્ર અને રોકડ અર્થતંત્ર, સ્વરોજગાર વ્યાવસાયિકો, બાહ્ય વેપાર અને ટ્રાન્સફર પ્રાઈસિંગ જેવા કેટલાક ક્ષેત્રો અને પ્રવૃત્તિઓ છે. જે પેઢીને જન્મ આપે છે. કાળુ નાણું ગેરકાયદેસર રીતે કમાયેલી સંપત્તિ ઉપરાંત કાળુ નાણુ શબ્દમાં જાહેર સત્તાવાળાઓ પાસેથી છુપાયેલી કાનૂની આવકનો પણ સમાવેશ થાય છે.

કાળા નાણાં સાથે જોડાયેલી દેશની આવકનો હિસ્સો દેશના આર્થિક વિકાસને અસર કરે છે. કાળુ નાણું નાણાકીય લિકેજનું કારણ બને છે, કારણ કે બિન-રિપોર્ટેડ આવક કે જેના પર ટેક્સ નથી લાગતો. તેના કારણે સરકારને આવક ગુમાવવી પડે છે. વધુમાં આ ભંડોળ ભાગ્યે જ બેંકિંગ સિસ્ટમમાં પ્રવેશ કરે છે. પરિણામે. કાયદેસરના નાના ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકો માટે લોન મેળવવી વધુ મુશ્કેલ બની શકે છે. વધુમાં કાળુ નાણું રાષ્ટ્રના નાણાકીય સ્વાસ્થ્યને ઓછું આંકવામાં આવે છે. કોઈ પણ અર્થતંત્રમાં કાળા નાણાંના માત્રાનો અંદાજ કાઢવો અત્યંત મુશ્કેલ છે. આ બિન-અહેવાલિત કમાણી દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) અથવા કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)માં સમાવી શકાતી નથી.

## 2.2 કાળા નાણાંનો અર્થ અને સમજૂતી

રાષ્ટ્રમાં કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા જાહેર કરવામાં આવતી ન હોય તેવી આવકને કાળુ નાણું કહેવામાં આવે છે. તેને ગેરકાયદેસર માનવામાં આવે છે. બ્લેક માર્કેટ અને બ્લેક મની બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પ્રકાશમાં આવ્યા હતા. તે સમયે માલના વિતરણ અને કિંમતો પરના વિવિધ નિયંત્રણને લીધે એક ગુપ્ત બજાર પ્રકાશમાં આવ્યું. જ્યાં માલ ઉપલબ્ધ હતો પરંતુ નિયંત્રિત કરતા વધુ કિંમતે ''બ્લેક મની'' શબ્દ ''બ્લેક માર્કેટ''માં પ્રાપ્ત અથવા ચૂકવવામાં આવેલા નાણાંનું વર્ણન કરવા માટે પ્રચલિત બન્યો. સમયની સાથે કાળા નાણાંએ કાળા બજાર કરતાં વધુ વ્યાપક વિસ્તાર મેળવ્યો. કાળા નાણાં બે સ્વરૂપે અર્થતંત્રમાં આવ્યા.

**(1) કાનૂની પ્રવૃત્તિઓ :** મૂળભૂત પ્રવૃત્તિ કાયદેસર રીતે આવક મેળવવાની છે. પરંતુ તે આવક ઉપર કર રાખવો કે કર ન ચૂકવવો અથવા કરની ચોરી કરવી પછી તે કર પ્રત્યક્ષ કે પરોક્ષ હોય. કર જેટલી રકમ વ્યક્તિ પાસે પડી રહે છે. કરચોરી કરવાનું મુખ્ય કારણ કરના દરનું ઊંચુ સ્તર, સરકાર અને તેના કાયદાઓ પ્રત્યે ઓછો આદર, ઉદાર દંડાત્મક પગલાં અને કાયદાઓના અમલમાં ઢીલી નીતિ કરચોરીને વધુ આકર્ષક બનાવે છે. આ નાણું તે જ કાળુ નાણું કહેવાય.

**(2) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ :** ગેરકાયદેસર રીતે ડ્રગ્સના વેપાર, ભ્રષ્ટાચાર, આતંકવાદ વગેરે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા કમાયેલું નાણું કે જે છૂપી રીતે કરચોરી કરવામાં આવે છે, તે કાળુ નાણું છે. કાળા નાણાંની આવક સામાન્ય રીતે ભૂગર્ભ આર્થિક પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવે છે અને તે રોકડ સ્વરૂપે હોય છે. જેના ઉપર લાગેલો કર છુપાવવામાં આવે છે. તેના હિસાબો ક્યાંય નોંધવામાં આવતા નથી. આથી એને બિનહિસાબી કાળું નાણું કહે છે. જે લોકો આવું નાણું મેળવનારાએ પણ હિસાબ છુપાવવો પડે છે. કાળા નાણાં સાથે જોડાયેલી દેશની આવકનો હિસ્સો દેશના આર્થિક વિકાસને અવરોધે છે.

દેશમાં અપરાધ, ભ્રષ્ટાચાર, કરની આવશ્યકતાઓનું પાલન ન કરવું, જટિલ પ્રક્રિયાગત નિયમો, પૈસાની અવૈધ હેરાફેરી, દાણચોરી વગેરે કાળા નાણાંના ગેરકાયદેસર સ્ત્રોતો છે.

## 2.3 કાળા નાણાંના અંદાજો

ભારતીય અર્થવ્યવસ્થાને સમાંતર અર્થતંત્ર અથવા છાયા અર્થતંત્ર પણ કહેવામાં આવે છે. કારણ કે અર્થતંત્રમાં ફરતા કુલ નાણાંમાં કાળા નાણાં (બિન હિસાબી નાણું) અને સફેદ નાણાં (કાયદામાન્ય નાણાં અથવા હિસાબી નાણું) વચ્ચે તફાવત કરવો ખૂબ જ મુશ્કેલ છે.

બ્રિટીશ શાસન દરમ્યાન પણ અર્થતંત્રમાં કાળુ નાણું હતું. બ્રિટીશ ક્રાઉન સરકાર દ્વારા કર વસુલાત વધારવાના ધ્યેય સાથે ભૂગર્ભ અર્થતંત્ર અને કાળા નાણાંને ઓળખવા અને રોકવા માટે અસંખ્ય સમિતિઓ દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. 1936માં આયર્સ કમિટીએ ભારતીય વસાહતમાંથી કાળા નાણાંની તપાસ કરી હતી. તેમણે પ્રમાણિક કરદાતાના રક્ષણ અને પ્રોત્સાહિત કરવા અને છેતરપિંડીની ચોરી સામે અસરકારક રીતે વ્યવહાર કરવા માટે મોટા સુધારા સૂચવ્યા હતા. આમ અંગ્રેજો વખતે પણ કાળુ નાણું અસ્તિત્વમાં હતું.

બીજા વિશ્વયુદ્ધ (1939 થી 1945) દરમ્યાન કાળા નાણાંનો ઉદ્ભવ ભારતમાં થયો હતો. આઝાદી બાદ આયોજન અને ઔદ્યોગિકીકરણને કારણે કાળા નાણાંનું સર્જન એટલું

બધું વધી ગયું કે દેશના આર્થિક-સામાજિક માળખા ઉપર ઘણી અસરો થઈ છે. કાળુ નાણું ચોક્કસ પ્રમાણમાં માપવું અશક્ય છે. પરંતુ તેના અંદાજીત આંકડાઓ રજૂ કરી શકાય છે. જુદા જુદા પંચો, સમિતિઓ અને સરકાર દ્વારા તપાસ સમિતિઓએ દેશમાં કાળા નાણાંના અંદાજો રજૂ કર્યા છે. જે નીચે મુજબ છે.

- આવકવેરા પંચે ઈ.સ. 1947માં 48 કરોડનું કાળુ નાણું પ્રાપ્ત કર્યું હતું.
- ઈ.સ. 1951માં કાળા નાણાંની સ્વૈચ્છિક જાહેરાત મુજબ રૂ. 70 કરોડની રકમ જાહેર કરાઈ હતી.
- ઈ.સ. 1965ની સ્વૈચ્છિક જાહેરાત મુજબ રૂ. 197 કરોડની રકમ જાહેર કરાઈ હતી.
- શ્રી કે. એન. વાંચ્છુ (ન્યાયમૂર્તિ)ના અધ્યક્ષ પદે નિમાયેલી સમિતિના મત મુજબ માર્ચ 1970માં ભારતમાં રૂ. 2000થી રૂ. 4000 કરોડની રકમ કાળા નાણાં તરીકે અસ્તિત્વ ધરાવે છે.
- ડૉ. રાજા ચેલૈયાના અધ્યક્ષ પદે ઈ.સ. 1982માં નિમાયેલી સમિતિના અંદાજ મુજબ દેશમાં રૂ. 36,786 કરોડ કાળુ નાણું છે.
- વર્ષ 2008 સુધીમાં દેશમાંથી સંચિત ગેરકાયદેસર નાણાકીય પ્રવાહ US$ 452 બિલીયન હોવાનો અંદાજ હતો.
- ફેબ્રુઆરી 2012માં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ના ડિરેક્ટર એ. પી. સિંહે ભ્રષ્ટાચાર વિરોધી અને સંપત્તિ પુનઃ પ્રાપ્તિ પરના પ્રથમ ઈન્ટરપોલ વૈશ્વિક કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમયે જણાવ્યું હતું કે "એવું અનુમાન છે કે આશરે 500 અબજ ડૉલર ભારતીયોના ગેરકાયદેસર નાણા જમા છે."

  સીબીઆઈ ડિરેક્ટરે પાછળથી ભારતની સંસદમાં સ્પષ્ટતા કરી કે $ 500 બિલીયન ડૉલર ગેરકાયદેસર નાણાં જુલાઈ 2011માં ભારતના સુપ્રીમ કોર્ટમાં આપેલાં નિવેદનના આધારે એક અંદાજ છે.
- ભારત સરકારે મે 2012માં દાવો કર્યો હતો કે સ્વિસ બેંકોમાં ભારતીયોની થાપણો તમામ દેશોના નાગરિકોની કુલ બેંક થાપણોના માત્ર 0.13 ટકા છે. સ્વિસ બેંકોમાં તમામ દેશોના નાગરિકોની કુલ બેંક થાપણોમાં ભારતીયોનો હિસ્સો 2006ના 0.29 ટકાથી ઘટીને વર્ષ 2010માં 0.13 ટકા થયો છે.
- 28 ડીસેમ્બર 2016 સુધીમાં સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા વિભાગે ડીમોનેટાઈઝેશન બાદ દેશવ્યાપી કામગીરીના ભાગ રૂપે રૂ. 41.72 બિલીયન (US$ 520 મિલીયન) બિન-જાહેર આવક શોધી કાઢી હતી.
- સ્નેડરના અંદાજ મુજબ ડાયનેમિક મલ્ટિપલ ઈન્ડિકેટર્સ મલ્ટિપલ કોઝ પદ્ધતિનો ઉપયોગ કરીને અને ચલણની માંગ પદ્ધતિ દ્વારા ભારતના કાળા નાણાંની અર્થ વ્યવસ્થાનું કદ સત્તાવાર જી.ડી.પી. 23 થી 26 ટકા વચ્ચે છે. જ્યારે આફ્રિકામાં 28 થી 30 ટકા અને લેટિન અમેરિકામાં સ્થાનિક ઉત્પાદનોના 41 થી 44 ટકા છે. આ અભ્યાસ મુજબ 96 વિકાસશીલ દેશોમાં કાળા નાણાંનું કદ 38.7 ટકા છે. ભારતમાં કાળા નાણાંનું પ્રમાણ સરેરાશથી નીચે જોવા મળ્યું છે.
- આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)ના મતે કુલ સ્થાનિક ઉત્પાદનના 50 ટકા, સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટીગેશન (CBI)એ રૂ. 25 લાખ કરોડ, વિશ્વ બેંકે કુલ

સ્થાનિક ઉત્પાદનના 20 ટકા કાળુ નાણું ભારતમાં અસ્તિત્વ ધરાવે છે તેમ જણાવ્યું હતું.

- લોકસભાની ચૂંટણી 2019ના પ્રચાર દરમ્યાન ભારતના ચૂંટણીપંચ દ્વારા 3,166 કરોડ રૂપિયાથી વધુની રોકડ, દારૂ વહેંચવામાં આવ્યાનું કબૂલ્યું હતુ.

## 2.4 દેશના મુખ્ય કૌભાંડો કાળા નાણાંના જનક

ભારતમાં ભ્રષ્ટાચારના નાના મોટા અનેક કૌભાંડ થયા છે. જે કાળા નાણાંનું સર્જન કરે છે. અહીં આપણે થોડાક મોટા કૌભાંડ વિષે જાણીએ. દેશના બધા જ કૌભાંડો લખવા બેસીએ તો 10,000 પાના પણ ઓછા પડે.

### (1) 2જી સ્પેક્ટ્રમ કૌભાંડ :

દેશના મોટા કૌભાંડ તરીકે પ્રખ્યાત છે. આ કૌભાંડ તામિલનાડુના નીલગિરીશ મત વિસ્તારમાંથી ચૂંટાઈ સંસદ સભ્ય બનેલા અને મે 2007થી સંચાર અને માહિતી ટેકનોલોજીના કેબિનેટ મંત્રી બનેલા એન્ડીમુથુ રાજા (શ્રી એ. રાજાના નામથી) અને તેમના બે સાથી મિત્રો ડી.એમ.કે. પક્ષના દયાનિધિ મારન અને કનિમોઝીની સાથે 2જી સ્પેક્ટ્રમ કેસ થયો હતો. યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ ગઠબંધન સરકારના રાજકારણીઓ અને ખાનગી અધિકારીઓ ઉપર 122 2જી સ્પેક્ટ્રમ લાઈસન્સનું વેચાણ કરવાનો આરોપ હતો. સ્પેક્ટ્રમ એટલે રેડિયો-તરંગોની શ્રેણી, જેનો ઉપયોગ સંચાર હેતુઓ માટે થાય છે. આ તરંગો હંમેશાં આપણી આસપાસ હોય છે અને દરેક વસ્તુમાંથી પસાર થાય છે. તેથી સ્પેક્ટ્રમનું નિરીક્ષણ કરવાની જરૂર છે. જે કોલ્સ ડીજીટલ એન્કોડેડ હતા. 2જી નેટવર્ક્સ મોબાઈલ માટે ડેટા સેવાઓને સક્ષમ કરે છે. જેમ કે ટેક્સ્ટ સંદેશાઓ, ચિત્ર સંદેશાઓ અને મલ્ટીમીડિયા સંદેશાઓની સેવા આપે છે.

ટેલીકોમ મંત્રીશ્રી એ. રાજાએ દરેક સ્તરે ધારાધોરણોને ટાળ્યાં અને બનાવટી લાઈસન્સ આપ્યા. 2જી સ્પેક્ટ્રમ કૌભાંડ કુલ 1.76 લાખ કરોડ રૂપિયાનું હતું. જે બિન-હિસાબી હોવાથી કાળા નાણાંમાં પરિણમે છે. જો કે ફેબ્રુઆરી 2019માં ન્યાયમૂર્તિ નઝમી વઝીરીએ કેસમાં સંડોવાયેલા ત્રણેય વ્યક્તિઓને નિર્દોષ જાહેર કર્યા હતા. તે પહેલાં 21 ડિસેમ્બર 2017ના રોજ નવી દિલ્હીથી વિશેષ અદાલતે સંપૂર્ણ તપાસ અને CBIને સાંભળ્યા બાદ બધા આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા અને CBIએ ચુકાદા સામે દિલ્હી હાઈકોર્ટમાં રીટ કરી હતી.

### (2) કોમનવેલ્થ કૌભાંડ :

દિલ્હીમાં 2010માં કોમનવેલ્થ ગેમ્સના પ્રભારી તરીકે સુરેશ કલમાડીને ભ્રષ્ટાચારના આરોપસર એપ્રિલ 2011થી જાન્યુઆરી 2012 સુધી 10 મહિના જેલમાં રાખ્યા હતા. તેમના ઉપર ઈવેન્ટ માટે સમય, સ્કોરીંગ અને પરિણામ સિસ્ટમ સ્થાપિત કરવા માટેનો કોન્ટ્રાક્ટ સ્વિસ ટાઈમીંગને મોટા પ્રમાણમાં ઊંચી કિંમતે આપવાનો આરોપ હતો. 25 એપ્રિલ 2011ના રોજ CBI (Central Beauro Investigation)એ ટાઈમીંગ, સ્કોરીંગ અને રિઝલ્ટ (TSR) કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ 120-B (ગુનાહીત કાવતરું) અને 420 કલમ (છેતરપિંડી) હેઠળ સુરેશ કલમાડીની ધરપકડ કરવામાં આવી હતી.

વૈશ્વિક મોરચે ભારતીયોનું શરમથી માથું ઝૂકાવી દે તેવું કાર્ય હતું. સેન્ટ્રલ વીઝીલન્સ કાઉન્સિલ દ્વારા ખુલાસામાં ટેન્ડરોમાં વિસંગતતાઓ, અસ્તિત્વમાં ન હોય તેવા પક્ષોને ચૂકવણી, કરારના અમલમાં વિલંબ, રમતગમતના સાધનોની કિંમતોમાં વધુ વધારો વગેરેમાં ભંડોળનો દૂરુપયોગ કરવામાં આવ્યો હતો. આ કૌભાંડમાં રૂ. 35000 કરોડની ગોલમાલ

થઈ હતી. જે બિન હિસાબી કાળા નાણાંના પુરવઠામાં વધારો સૂચવે છે.

**(3) તેલગી કૌભાંડ :**

તેલગી કૌભાંડ કરનાર અબ્દુલ કરીમ તેલગી એ કર્ણાટકના ખાનપુર રેલ્વે સ્ટેશન ઉપર ફળ વેચતા હતા. ઝડથી શ્રીમંત બનવાના સપનાને સાકાર કરવા સાઉદ અરેબિયા ગયા અને ફરી મુંબઈ પાછા આવ્યા. તેમણે રણમાં કામદારો મોકલવા માટે ટ્રાવેલ એજન્ટ તરીકે ખાડી દેશોમાં કામ શોધી રહેલા મજૂરો માટે બનાવટી ઈમિગ્રેશન ક્લિયરન્સ દસ્તાવેજો મેળવવાના રેકેટમાં સામેલ થયા. 1991માં મુંબઈ પોલીસે બનાવટી અને છેતરપિંડી કરવાના આરોપસર ધરપકડ કરી જેલમાં પૂર્યા. ત્યાં એક સાથીદાર સાથે નકલી સ્ટેમ્પ પેપર બનાવવાનો આઈડીયા આવ્યો. જેલમાંથી છૂટ્યા બાદ 1994માં બિઝનેસ માટે લાયસન્સ મેળવ્યું. પછી તેણે સ્ટેમ્પ પેપર છાપવા માટે નાસિક સિક્યુરીટી પ્રેસ દ્વારા રદ કરાયેલી મશીનરી લીધી. સરકારી હરાજીમાં ખરીદેલી સમાન મશીનરીનો ઉપયોગ નકલી સ્ટેમ્પ પેપર અને અન્ય સંબંધિત સામગ્રી જેવી કે ન્યાયિક કોર્ટ ફી સ્ટેમ્પ, નોટરીયલ સ્ટેમ્પ અને શૅર ટ્રાન્સફર પ્રમાણપત્રો પછી સંસ્થાકીય ખરીદનારાઓને ભારે ડિસ્કાઉન્ટ ઉપર વેચવામાં આવ્યા હતા. તેના ગ્રાહકો, બેંકો, વીમા કંપનીઓ અને બ્રોકરેજ કંપનીઓ હતી. તેલગીએ 12 રાજ્યોમાં આ સ્ટેમ્પો વેચ્યા હતા. જેમાં સરકારી વિભાગોના અધિકારીઓની મિલીભગતથી જ આ કૌભાંડ ચાલ્યું હતું. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં તેની વિરુદ્ધ કેસ ચાલ્યો. 2001માં અજમેરથી તેની ધરપકડ થઈ. 2007માં 20,000 કરોડ રૂપિયાના નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડમાં 30 વર્ષની સખત કેદની સજા થઈ હતી. તેને બેંગલુરની સેન્ટ્રલ જેલમાં 2017માં મલ્ટી ઓર્ગન ફેલ્યોરથી મૃત્યુ થયું. અને તેના મૃત્યુ બાદ એક વર્ષ પછી નાસિક સેશન્સ કોર્ટે તેલગી અને અન્ય છ લોકોને તેમની વિરુદ્ધ "નક્કર પુરાવા"ના અભાવે નકલી સ્ટેમ્પ પેપરમાં નિર્દોષ જાહેર કર્યા. આમ વીસ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ એ કાળા નાણાં સ્વરૂપે અર્થતંત્રમાં વહેતુ થયું. આ રકમ તો પકડાયેલી છે પરંતુ તેનાથી અનેકગણી રકમ અધિકારીઓને લાંચરૂશ્વતમાં આપી તે અલગ. તેમ છતાં નિર્દોષ સાબિત થયા તે પણ ગજબની વાત ભારતની ન્યાયિક પ્રણાલીની ગણાય.

**(4) સત્યમ કૌભાંડ :**

એક દાયકા કરતાં વધુ સમયથી કૌભાંડ થયું હતું. ભારત સ્થિત આઉટ સોર્સીંગ કંપની સત્યમ કોમ્પ્યૂટર સર્વિસીસના સ્થાપક અને ડિરેક્ટરોએ ખોટા ખાતાઓ બનાવ્યા. શૅરના ભાવમાં વધારો કર્યો અને કંપનીઓમાંથી મોટી રકમની ચોરી કરી. આમાંથી મોટા ભાગનું રોકાણ પ્રોપર્ટીમાં કરવામાં આવ્યું. 2008ના અંતમાં જ્યારે હૈદરાબાદમાં પ્રોપર્ટી માર્કેટ પડી ભાંગ્યું ત્યારે છેતરપિંડી મળી આવી. જેનાથી સત્યમ પગેરું શોધાયું. આ કૌભાંડ 2009માં પ્રકાશમાં આવ્યું. જેના ચેરમેન બાયરાજુ રામલિંગમ્ રાજુએ કંપનીના ખોટા ખાતા છે તે કબુલ્યું. સત્યમ કૌભાંડ કે જેણે રોકાણકારોને વિખેરી નાખ્યા, હિસાબના ચોપડામાં ગોટાળો કરવામાં આવ્યો. દશ વર્ષથી વધુ સમય કૌભાંડ ચાલ્યું. આવક અને નફો વધ્યો હતો. શૅરધારકોને અંધારામાં રાખવામાં આવ્યા હતા. દેશની સૌથી મોટી કોર્પોરેટ છેતરપિંડી હતી. આ કૌભાંડ રૂ. 14000 કરોડ રૂપિયાનું હતું. આ 14000 કરોડ રૂપિયાએબિન-હિસાબી કે કાળા નાણાં સ્વરૂપે ગણાય.

**(5) IPL કૌભાંડ :**

ઈન્ડિયન પ્રીમીયર લીગ (IPL)ને દેશમાં મનોરંજનનું શ્રેષ્ઠ સ્વરૂપ માનવામાં આવતું હતું. IPL કમિશનરશ્રી લલિત મોદી અને વિદેશમંત્રી શ્રી શશિ થરૂરે IPL કૌભાંડ આચર્યું હતું. IPLમાં ઘણી ટીમોમાં હિસ્સો હોવાનો દાવો છે. IPL કૌભાંડ કરોડો રૂપિયાનું હતું.

આમ ભારતમાં દર વર્ષે અનેક નાના મોટા કૌભાંડો બહાર આવે છે. જે કાળા નાણાંની પ્રવાહિતતાને અદ્ધર કરે છે. એટલે કે જે કાળા નાણાંના પુરવઠામાં વધારો સૂચવે છે. જે અર્થતંત્રના આર્થિક નિર્ણયોમાં વિઘ્નકર્તા બની રહે છે.

ભારતમાં કાળુ નાણું રાખવા માટે પ્રતિબંધક સજાનો અભાવ છે. એક સર્વે મુજબ 2008 થી 2012ની વચ્ચે માત્ર ચાર વર્ષમાં ભ્રષ્ટાચારના કે કૌભાંડના 20,000થી વધુ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી માત્ર 20 ટકા કેસો જ અંતિમ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા હતા. જે આપણા દેશની કાનૂની પ્રથાની ગરીબીનો નિર્દેશ કરે છે.

## 2.5 કાળા નાણાં ઉદ્ભવવાના કારણો

કાળા નાણાંના ઉદ્ભવ અને સંવર્ધન માટે અનેક કારણો જવાબદાર છે. જે પૈકી નીચે મુજબ મુખ્ય કારણો છે.

### (1) આર્થિક અંકુશો :

દેશમાં ચીજ-વસ્તુઓનું ઉત્પાદન ઓછું થાય ત્યારે અછતની સમસ્યા ઉદ્ભવે છે અને ચીજવસ્તુઓની ગેરવાજબી વહેંચણીની સમસ્યા સર્જાય છે. જેથી સરકાર અછતગ્રસ્ત વસ્તુ જેવી કે ખાંડ, સિમેન્ટ, લોખંડ, પોલાદ વગેરે પ્રાથમિક ચીજ-વસ્તુઓના ઉત્પાદનમાં પરવાના પ્રથા, અંકુશો, નિયંત્રણો, ક્વોટા વગેરેથી વિદેશી હૂંડિયામણના ભ્રષ્ટાચાર, લાંચ રૂશ્વતને કારણે મોટા પ્રમાણમાં કાળા નાણાંનું સર્જન થવા પામ્યું છે. ભારતમાં અંકુશો સતત વધારવામાં આવ્યા છે. પરિણામે બિનજરૂરી અંકુશોની ભરમાળ થઈ ગઈ છે. અમલદારો કે ઉચ્ચ અધિકારીઓની સત્તાઓ વધી ગઈ છે અને તેઓ સત્તાનો દૂરુપયોગ કરીને ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે. સરકાર દ્વારા વિવિધ પ્રકારના અંકુશોને કારણે અપ્રમાણિક કરદાતાઓ જુદી જુદી યુક્તિઓ-પ્રયુક્તિઓ કરીને કાયદાની છટકબારીઓ શોધીને કાળુ નાણું એકત્રિત કરે છે. આમ સરકારી અંકુશો એ કાળા નાણાંનું જન્મસ્થળ કહી શકાય.

### (2) કરવેરાના ઊંચા દરો :

કાળા નાણાંના અસ્તિત્વ માટે વધુ પડતા કરવેરા, કરવેરાના અતિશય ઊંચા દરો અને ખામીયુક્ત કરમાળખું પણ જવાબદાર છે. ભૂતકાળમાં 1975-76માં કરવેરાનો મહત્તમ આવકવેરો 75 ટકા હતો અને સરચાર્જ સાથે 97.75 ટકા હતો. આથી સ્વાભાવિક રીતે જ ઊંચા કરવેરાથી કરદાતા કરચોરી કરવા અથવા કરવેરો છુપાવવા પ્રયત્ન કરે છે. જેમાંથી કાળા નાણાંનો ઉદ્ભવ થાય છે. કંપની ઉપરના કરવેરાના દર પણ ઘણા ઊંચા હતા. પરિશ્રમથી મેળવેલી આવક સરકારને મોટા ભાગની સોંપી દેવી પડતી હતી. જાહેર અર્થવિધાનના ઘણા અભ્યાસીઓએ ભારત દુનિયાનો સૌથી વધુ કરબોજ પીડિત દેશ તરીકે વર્ણવ્યો હતો. જો કે ભારતમાં અનેક સમિતિઓની રચના બાદ આવકવેરાના દર 75 ટકાથી ક્રમશઃ ઘટાડીને હાલમાં છેલ્લા કેટલાંક વર્ષોથી મહત્તમ 30 ટકા કરવામાં આવ્યા છે અને કંપની માટે મહત્તમ કર મર્યાદા 35 ટકા કરી છે. ભારતમાં કર માળખું ખામીયુક્ત હોવાથી લોકો કરચોરી કરવા પ્રેરાય છે.

### (3) મર્યાદિત ઉત્પાદનના સાધનો અને અછત :

દેશમાં વસ્તી વધારો અને ઉત્પાદનના સાધનો મર્યાદિત હોવાથી ઉત્પાદન ઓછું થાય છે. આથી ઉત્પાદન, વેચાણ અને ભાવો પરના સરકારી અંકુશોને કારણે અનેક વસ્તુઓની અછત ઉદ્ભવે છે. વસ્તુઓની અછતને કારણે અર્થતંત્રમાં વસ્તુની કિંમત કરતાં ઊંચા ભાવ લઈ કાળા બજાર અસ્તિત્વમાં આવ્યા. આવા સમયે સરકારે જાહેર કરેલાં ભાવથી વધુ ભાવ લઈને વસ્તુઓની અછતને કારણે ઉત્પાદકો, વેપારીઓ ચોરી છૂપીથી વેચાણ

કરે છે. આમ સરકારે જાહેર કરેલા ભાવથી વસ્તુઓના લીધેલા ઊંચા ભાવ કે તફાવતની રકમ હિસાબી ચોપડે ન દર્શાવતા ઉભડક રકમ કાળા નાણાં સ્વરૂપે સંતાડવામાં આવે છે અને આમ ઉત્પાદનના મર્યાદિત સાધનોને કારણે મર્યાદિત ઉત્પાદન તેમજ દેશની વધતી જતી વસ્તીની જરૂરિયાત કે વસ્તુની માંગમાં વધારો બજારમાં અછત સર્જાતા કાળા બજાર સ્વરૂપે કાળુ નાણું ઉદ્ભવવાનું સ્ત્રોત બને છે.

**(4) કૃષિ આવકને કરમુક્તિ :**

ભારતમાં કૃષિ એ મુખ્ય વ્યવસાય છે. દેશની 55 ટકા વસ્તી કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ છે. કૃષિક્ષેત્રે પ્રાપ્ત થતી આવક ઉપર કોઈપણ જાતનો ટેક્ષ નથી. એ પાછળનો મહત્ત્વનો તર્ક કૃષિ ઉત્પાદન એ માનવીના જીવન ટકાવવા માટે પ્રાથમિક જરૂરિયાત છે. વળી ખેતી એ કુદરત આધીન અને પછાત અવસ્થામાં છે. આથી ખેતી ઉપરની આવકને કરમુક્ત રાખવામાં આવી છે. ખેતીક્ષેત્રેની આવક ઉપર કરમુક્તિ એ કરચોરી અને કાળા નાણાંના સર્જનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. દેશમાં ઊંચી આવક મેળવતાં ડૉક્ટરો, નિયોજકો, ઉદ્યોગપતિઓ, રાજકીય નેતાઓ, અભિનેતાઓ વગેરે પોતાની ઊંચી આવક છુપાવવા થોડી ઘણી જમીન પોતાના નામે રાખીને અન્ય વ્યવસાયથી પ્રાપ્ત કરેલી આવકને ખેતી ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી આવક દર્શાવી કર ચોરી કરે છે. આ લોકોને કૃષિ ઉત્પાદન સાથે કંઈ લેવા દેવા નથી તેમ છતાં પોતાની આવક છુપાવી કાળા નાણાંના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ કૃષિ આવકની કરમુક્તિ દેશમાં કાળા નાણાનું ઉદ્ભવ સ્થાન બન્યું છે.

**(5) પરોક્ષ વેરાના ઊંચા દરો :**

દેશમાં સરકારના આવકના મુખ્ય સ્ત્રોતોમાં કરવેરા મહત્ત્વના છે. કરવેરાના મુખ્ય બે સ્ત્રોતો પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર. આ બંને પૈકી પ્રત્યક્ષ કર દ્વારા સરકાર આવક ઊભી કરવા માગે તો તેની ઉત્પાદન; બચત અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય. આથી પ્રત્યક્ષ કરવેરા દ્વારા વધુ આવક પ્રાપ્તિની મર્યાદા સરકારને નડે છે. જ્યારે પરોક્ષ વેરા એ છૂપા વેરા કહેવાય છે. જેનો ખ્યાલ કર ભરનારને જલદી આવતો નથી કે આમાં ઉત્પાદન ખર્ચ કેટલું અને કરવેરો કેટલો હોય છે. તેની ગણતરી ખરીદનાર કરી શકતો નથી અને ચીજવસ્તુ સેવાની કિંમત ચૂકવે છે. આથી સરકાર આવક ઉપાર્જન માટે પરોક્ષ કર વધારવાનો પ્રયત્ન કરે છે. કર ઉપજમાં 1950-51માં પ્રત્યક્ષ વેરાનો હિસ્સો 30 ટકા હતો અને પરોક્ષ વેરાનો હિસ્સો 63 ટકા હતો. જે અનુક્રમે 1986-87માં 17 ટકા અને 83 ટકા થયો છે. જે દર્શાવે છે કે વસ્તુઓના ઉત્પાદન અને વેચાણ વગેરે ઉપર પરોક્ષ વેરા વધુ છે. વર્તમાન સમયમાં Value Add Tax (VAT)ની જગ્યાએ GST(Goods and Service Tax) વસ્તુઓ અને સેવાઓ ઉપરના વેરાનો દર નાખવામાં આવ્યો છે. જેના લીધે કરચોરીનું પ્રમાણ ઘટે છે. પરંતુ GST આવવાથી ઉત્પાદકો-વેચાણકર્તાઓ અને ખરીદનારાઓ બિલ વિના ખરીદી અને વેચાણ કરે છે. પરિણામે ઉત્પાદક કે વેચાણકર્તા તેમજ ખરીદનારને બિલ વગરના વહીવટથી કરચોરીને પ્રોત્સાહન મળે છે. આવી કરચોરી કાળા નાણાં ઉદ્ભવવાનું કારણ બને છે. આમ પરોક્ષ વેરાના ઊંચા દર એ પણ કાળા નાણાંનું જન્મ સ્થળ કહી શકાય.

**(6) ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ અને સોસાયટીઓ :**

ભ્રષ્ટાચારનો ભોરીંગ ભારતના અર્થતંત્રને ખોખલું કરી રહ્યું છે. કાળા નાણાં ઉદ્ભવવાના અનેક કારણો પૈકી ભ્રષ્ટાચાર એ સૌથી મોટું મહત્ત્વનું કારણ છે. ભદ્ર સમાજમાં લાંચ આપવી અને લાંચ લેવી એ એક શિષ્ટાચાર બની ગયો છે. રાજકીય નેતાઓ, સરકારી અમલદારો અને સનદી અધિકારીઓ પોતાની નૈતિક ફરજ અને (Ethiscs) આચારસંહિતા

ભૂલીને ખોટા કાર્યો કરી ઉદ્યોગપતિઓ અને ગરજવાન માણસોની ગરજનો દૂરુપયોગ કરી લાંચ લે છે. નાના સેવક વર્ગથી માંડીને ઉચ્ચ અધિકારીઓ લાંચ લેવી એ તેમનો મૂળભૂત અધિકાર હોય તેમ વિના સંકોચે નિયમ વિરુદ્ધ કટકી લે છે. જેને ક્યાંય દર્શાવી શકાતા નથી અને તે બિનહિસાબી કે કાળા નાણાંમાં પરિવર્તીત થાય છે. ચેરીટેબલ ટ્રસ્ટ અને NGO કે સોસાયટીઓ સેવાના ઉદ્દેશથી રચાયેલી હોય છે. તેઓ ભ્રષ્ટ રીતે કમાયેલા કાળા નાણાંને વાઈટ નાણાંમાં રૂપાંતર કરવાની ફેક્ટરીઓ બની ગઈ છે. જે કાળા નાણાંને પ્રોત્સાહિત કરે છે. આવી ભ્રષ્ટ સંસ્થાઓ કાળા નાણાં માટેની જાણે કે બેંકો બની ગઈ છે.

### (7) રાજકીય પક્ષોને અપાતા ફંડ ફાળા :

લોકશાહી દેશમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નગરપાલિકા, મહાનગરપાલિકા, વિધાનસભા અને સંસદસભા (રાજ્ય સભા) વગેરેની ચૂંટણીઓ આવે છે. જેમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ ઉપરાંત અનેક પક્ષના ઉમેદવારો ઊભા રહે છે. આ ઉમેદવારો ચૂંટણીમાં જીતવા માટે ચૂંટણી ભંડોળ કે દાન સ્વરૂપે મોટા ઉદ્યોગપતિઓ, કંપનીઓ અને ધનિકો પાસેથી નાણાં લે છે. જે તે પક્ષ સત્તા સ્થાને આવે એટલે જેમની પાસેથી ભંડોળ કે દાન લીધેલ હોય તેમના વ્યવસાય ઉપર મીઠી નજર રાખે અને આ ઉદ્યોગપતિઓ બે નંબરની સંપત્તિ સત્તાધારી પક્ષની મૂક સંપત્તિથી એકઠી કરે છે. આ બિનહિસાબી નાણાં અર્થતંત્રમાં ફરે છે જે કાયદા માન્ય નાણાંના પુરવઠાને સમાંતર હોવાથી આર્થિક નિર્ણયોમાં મોટી અસર કરે છે.

## 2.6 કાળા નાણાંની અસરો

કાળુ નાણું ઘણા દેશોમાં ગંભીર મુદ્દાઓમાંથી એક છે. ભારતમાં લાંબા સમયથી કાળા નાણાની સમસ્યા ઉદ્ભવી છે. કાળુ નાણું એક સામાજિક-આર્થિક અનિષ્ટ છે. દેશના આર્થિક વિકાસને ઊંધઈની જેમ ખોતરીને ખોખલું કરી નાખે છે. અર્થતંત્રમાં ઝડપથી વધી રહેલાં કાળા નાણાંના અસ્તિત્વના ગંભીર અને વિનાશક પરિણામો છે. કાળુ નાણું કેન્સર સમાન છે. જે અર્થતંત્રની શક્તિને ધીમે ધીમે ક્ષીણ કરી રહ્યું છે. એના કેટલાંક અનિષ્ટો અસર સ્વરૂપે નીચે મુજબ ગણાવી શકાય.

### (1) સમાંતર અર્થવ્યવસ્થા :

કાળા નાણાંની સૌથી મોટી કોઈ અસર હોય તો તે સમાંતર અર્થ વ્યવસ્થા છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો બહાર પાડવામાં આવે છે. રિઝર્વ બેંક જેટલો નાણાંનો પુરવઠો બહાર પાડે છે તેટલો કે તેનાથી વધુ કાળા નાણાં સ્વરૂપે નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં ફરી રહ્યો છે. સરકાર નાણાંના પુરવઠા વડે અર્થતંત્રમાં સ્થિરતા કે સમતુલા લાવવા પ્રયત્ન કરે. પરંતુ ઈચ્છિત લક્ષ્ય તરફ સરકાર પહોંચી શકતી નથી. કારણ કે કાળા નાણાં તેમાં રુકાવટ લાવે છે. દા.ત. ફુગાવાના સમયમાં રિઝર્વ બેંક અર્થતંત્રમાંથી નાણાંનો પુરવઠો પાછો ખેંચી લેવા માટે પ્રયત્ન કરી ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરે ત્યારે અર્થતંત્રમાં ફરતાં કાળા નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં વધારે ફરતો હોવાથી ફુગાવાને અંકુશમાં લેવા દેતો નથી.

સમાંતર અર્થવ્યવસ્થા એટલે રિઝર્વ બેંક દ્વારા નાણાંનો પુરવઠો બહાર પાડવામાં આવે. એટલે કે અર્થતંત્રમાં નાણાંના પુરવઠાની પ્રવાહિતતા હોય તેના જેટલું જ બિનહિસાબી નાણું અર્થતંત્રમાં ફરી રહ્યું હોય. કાયદામાન્ય નાણાં જેવી જ કામગીરી બજાવતું હોય તેને સમાંતર અર્થવ્યવસ્થા કહેવામાં આવે છે. ટૂંકમાં કાયદામાન્ય નાણું જે કાર્ય કરે અને અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી, વપરાશ, બચત, મૂડી રોકાણ વગેરે ઉપર જે

અસરો પહોંચાડે તેવી જ અસરો કાળુ નાણું પહોંચાડે છે. આથી સરકારનો કાયદામાન્ય નાણાં ઉપરનો અંકુશ કાળા નાણાંની પ્રવાહિતતાને કારણે બિનઅસરકરાક સાબિત થાય છે. આમ કાળું નાણું દેશમાં સત્તાવાર અર્થવ્યવસ્થા સાથે સમાંતર રીતે કામ કરી રહ્યું છે. જેના ઉપર સરકારનો અંકુશ હોતો નથી. વળી સફેદ નાણાંની અર્થવ્યવસ્થામાંથી કાળા નાણાંને ઓળખવું મુશ્કેલ છે. આવી કાળા નાણાં સ્વરૂપની સમાંતર અર્થવ્યવસ્થા દેશના સમગ્ર આર્થિક વિકાસને બરબાદ કરી નાખે છે.

**(2) આવકની અસમાનતામાં વધારો :**

કાળા નાણાંને કારણે ઉદ્યોગપતિઓ, વેપારી વર્ગ, ઉત્પાદક વર્ગ, વ્યવસાયમાં કે સ્વરોજગારીના વ્યવસાય સાથે જોડાયેલાં વ્યક્તિઓ કરવેરા સ્વરૂપે સરકારને આવક ઓછી ચૂકવે છે અથવા ચૂકવતા નથી. જેથી તેમની આવકોમાં વધારો થાય છે. જ્યારે શ્રમિકો, કર્મચારીઓ, નોકરીયાતો, વેતન કે પગાર મેળવતાં પગારદારો, સ્થિર આવકો ધરાવનાર વર્ગને પ્રમાણિકપણે કર ચૂકવણી કરતાં હોવાથી તેમની આવકમાંથી કર સ્વરૂપે આવક જતી રહેતાં તેમની પાસે આવકો ઘટે છે. તેઓ આર્થિક રીતે ગરીબ કહેવાય. જ્યારે ઉત્પાદકવર્ગ, વેપારી કે ઉદ્યોગપતિઓ કે ધનાઢ્ય લોકો કરચોરી દ્વારા પુષ્કળ બિનહિસાબી કાળુ નાણું એકત્રિત કરે છે. આ કાળા નાણાંરૂપી આવકથી પોતાની ધનાઢ્યતાનું નગ્ન પ્રદર્શન કરવા અતિ મોંઘી પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી ચીજવસ્તુઓની ખરીદી કરે છે. ધનિકો વચ્ચેની હરિફાઈ અને સમૃદ્ધિનું નફ્ફટ પ્રદર્શન કરવા મોજશોખની ચીજ વસ્તુઓ ઉપર બેફામ ખર્ચાઓ કરે છે. બીજી બાજુ ગરીબ અને મધ્યમ વર્ગ તેમની જરૂરિયાતની ખરીદવા માટે શક્તિમાન નથી. કાળા નાણાંને કારણે સમાજમાં આવકની અસમાનતાઓ વધતી જાય છે. મુઠીભર ધનિકોના હાથમાં આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ થાય છે. વળી સરકારી અધિકારીઓ કે જેમની પાસે નાગરિકોને પરવાના, પરમીટ, મંજૂરી, ક્વોટા, રેશનકાર્ડ, પાસપોર્ટ કે જુદા જુદા પ્રકારના પ્રમાણપત્રો આપવાની સત્તા છે. તેઓ નાગરિકોને મળવાજોગ અધિકારોમાંથી લાંચ રૂશ્વત લઈને વિવિધ પ્રકારના પ્રમાણપત્રો આપે છે. આમ સરકારી અમલદારો કે નોકરીયાતો કે જેમની કામગીરી હોવા છતાં સરકારના પગાર ઉપરાંત લાંચ લઈને (નાગરિકોને ચૂંસીને) નાણાં લે છે. આ ભ્રષ્ટાચારરૂપી નાણાં કાળા નાણાંમાં પરિવર્તિત થાય છે. સામાન્ય સરકારી અધિકારી પણ મોંઘીદાટ કાર, બંગલા અને મોજશોખની વસ્તુઓ ખરીદવા માટે શક્તિમાન હોય છે. સામાન્ય રીતે કહેવત છે કે સરકારી નોકરી એટલે સરકારના જમાઈ, સરકારી નોકરીવાળા અને અમલદારોને ઊંચા પગાર વારં વાર મોંઘવારી ભથ્થાં તેમજ લાંચરૂશ્વત રૂપી ઘણી આવકો મળે છે. જ્યારે સામાન્ય કામ કરનાર કે નોકરીથી વ્યક્તિ માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે. આમ અર્થતંત્રમાં અમીર-ગરીબ લોકોનો વર્ગ ઊભો થઈ આવકની અસમાનતા કાળા નાણાંને કારણે દિવસે દિવસે વધતી જાય છે.

**(3) સરકારની કુલ આવકમાં ઘટાડો :**

અર્થતંત્રમાં કાળા નાણાંનો વ્યાપ વિસ્તરતો જ જાય છે. અર્થતંત્રમાં જેટલા પ્રમાણમાં કાળુ નાણું છે તે સરકારને મળવાપાત્ર કરની આવક એટલે કે પ્રત્યક્ષ કે પરોક્ષ કર સ્વરૂપે સરકારને જે આવક મળવી જોઈતી હતી તે રકમ છે. કાળા નાણાંને કારણે સરકારને સીધી રીતે જ ઓછી આવક મળે છે. કરચોરીને પરિણામે સરકાર પૂરતી કરવેરા આવક મેળવવામાં નિષ્ફળ જતી હોવાને કારણે કર ઉપજ દ્વારા ઓછી રાષ્ટ્રીય આવક પ્રાપ્ત કરે છે. આથી સરકાર જાહેર ખર્ચાઓને પહોંચી વળવા માટે આવકના અન્ય સ્ત્રોતો ઉપર આધાર રાખવો પડે છે. સરકારને જાહેર આવક કરતાં જાહેર ખર્ચ વધી જતાં આંતરિક કે બાહ્ય દેવું કરવું પડે છે. અથવા ખાધ પૂરવણીનો આશરો લેવો પડે છે. અથવા વિદેશી ચલણની

અનામતોમાંથી ઉપાડ કરીને ખર્ચને પહોંચી વળવું પડે છે. આ ત્રણેય બાબતો દેવું, ખાધપૂરવણી અને વિદેશી ચલણની અનામતોનો ઉપાડ આખરે અર્થતંત્રને આર્થિક રીતે તોડી નાખે છે. દેશમાં આર્થિક અસ્થિરતા સર્જાય છે. જે દેશના વહીવટ માટે હાનિકારક સાબિત થાય છે અને દેશના આર્થિક વિકાસને ધીમો પાડે છે. સરકારની કરવેરા સ્વરૂપની આવકના અભાવે દેશનો આર્થિક વિકાસ રૂંધાય છે.

આપણો દેશ અલ્પવિકસિત કે વિકસતો જતો દેશ છે. સરકારને આર્થિક પ્રવૃત્તિના વિકાસ માટે પ્રાપ્ત થતી પૂરતી આવક ન મળતાં આર્થિક વિકાસના કાર્યક્રમો ઝડપથી અમલમાં મૂકી શકાતા નથી. જે કાર્યો શરૂ કર્યા છે તે નાણાંના અભાવે પૂર્ણ કરી શકાતા નથી. સરકારની આવકો ઘટતાં વિવિધ પ્રકારની યોજનાઓ કાં તો અધૂરી છોડવામાં આવે છે. અથવા આ યોજનાઓ અધવચ્ચે પડતી મૂકવી પડે છે. પરિણામે તેમાં કરેલુ મૂડીરોકાણ પણ વેડફાઈ દેશના આર્થિક વિકાસને મંદ કરે છે. આમ કરચોરી કે કાળા નાણાંની સીધી જ અસર સરકારની આવકને અને તેના ફળ સ્વરૂપ દેશના આર્થિક વિકાસ ઉપર પડે છે. જેથી દેશ લોકોની જીવનની ગુણવત્તામાં ઘટાડો લાવે છે અને સરકારની નિર્ણય શક્તિમાં વિઘ્નરૂપ સાબિત થાય છે.

**(4) કરના ઊંચા દરો અને ફુગાવાને પ્રોત્સાહન :**

સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચ માટે કરવેરા એ આવકનું સૌથી મોટું સ્ત્રોત છે. લોકો કાળા નાણાં સ્વરૂપે પોતાની આવકો છુપાવે છે તેટલાં પ્રમાણમાં સરકાર પાસે કરની આવક આવશે નહીં. પરિણામે સરકાર ખર્ચને પહોંચી વળવા માટે પ્રત્યક્ષ કર કે પરોક્ષ કરમાં વધારો કરશે. પ્રત્યક્ષ કર વધારતાં કરદાતાઓ ઉપર વિપરીત અસર પડે છે માટે સરકાર પરોક્ષ કરમાં વધારો કરી આવક મેળવવા પ્રયત્ન કરશે. પરોક્ષ કર વધતાં ચીજવસ્તુ અને સેવાઓની કિંમતમાં વધારો થશે. જે અર્થતંત્રમાં ફુગાવા સ્વરૂપે બહાર આવશે. આમ કાળું નાણું કરવેરાના દર ઊંચી લઈ જવા અને અર્થતંત્રમાં ભાવવધારો કે ફુગાવાનું જનક ગણી શકાય.

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ પોતે સ્વીકાર્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં ચલણમાં રહેલાં નાણાંની માત્રા કાગળો પરના નાણાંના પ્રવાહ કરતાં ઘણી વધારે છે. દેખીતી રીતે બજારમાં કાળા નાણાંનો પણ સમાવેશ થાય છે. આથી હિસાબી નાણાં અનુસાર જે માલ અને સેવાઓ બજારમાં હતી તેના ભાવમાં વધારો થાય છે. જેના પરિણામે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

**(5) ઉત્પાદનના સાધનોની અયોગ્ય ફાળવણી :**

સામાન્ય રીતે પોતાની આવક છુપાવીને કે કરચોરીથી દ્વારા પ્રાપ્ત થયેલાં નાણાંની પ્રાપ્તિ માટે વ્યક્તિએ વિશેષ પરિશ્રમ કરેલો હોતો નથી. આથી આવા કાળા નાણાંનો ઉપયોગ મોટેભાગે ધનિકો, ઉદ્યોગપતિઓ કે સરકારી મોટા અમલદારો ભોગ વિલાસ કે પાછળ કરશે. આ વસ્તુઓની માંગ ઉપયોગ મૂલ્ય કરતાં પ્રતિષ્ઠા મૂલ્ય ઊંચુ હોય છે. અર્થતંત્રમાં આવી વૈભવ વિલાસની દારૂ, ગાંજા, કોકીન ગેરકાયદેસર વસ્તુ હોય છે. વધુ નફો કમાવવા આ વ્યસની કે વૈભવી વસ્તુના ઉત્પાદન કરવા ઉત્પાદનના સાધનો ગતિશીલ બનશે. ઉત્પાદનના સાધનો મર્યાદિત છે પરિણામે પ્રાથમિક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનો ઓછા પડશે. વળી પ્રાથમિક જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન ઘટતાં તેના ભાવો વધે છે. બીજી બાજુ ધનિકો કે કાળા નાણાંનું સર્જન કરનારની વૈભવી વસ્તુઓની માંગ વધતાં તેના ભાવો પણ વધે છે. આમ, ફુગાવો ભાવ વધારાને કારણે અસ્તિત્વમાં આવે છે. ઉત્પાદનની પેટર્ન વિકૃતિ સર્જે છે. ઉત્પાદનના મર્યાદિત સાધનોનો બગાડ થાય છે. આમ ઉત્પાદનના સાધનોની અયોગ્ય ફાળવણી થાય

છે. જે સમાજ કે રાષ્ટ્ર માટે હાનિકારક છે.

### (6) બચતમાં ઘટાડો અને બિન-ઉત્પાદકીય દિશાઓમાં મૂડી રોકાણ :

દેશમાં કાળા નાણાં દ્વારા પ્રાપ્ત કરેલ નાણાંની બચત થતી નથી. આ નાણાંના સર્જન દ્વારા ધનિકોનો એક વર્ગ અસ્તિત્વમાં આવે છે. જેની પાસે પુષ્કળ કાળુ ધન છે આ કાળું ધન બચત સ્વરૂપે રાષ્ટ્રમાં મૂડીરોકાણ અર્થે વપરાતું નથી. પરંતુ બિનહિસાબી કાળા નાણાંનો ઉપયોગ જમીન, જાગીર, મકાનો, સોનુ, ચાંદી, હીરા-માણેક, ઝવેરાત વગેરે પાછળ અને પોતાની પ્રતિષ્ઠા વધારવા કે વૈભવનો દેખાડો કરવામાં થાય છે. વળી ધનિકોમાં વૈભવનો દેખાડો કરવાની હરિફાઈ વધતી જાય છે. પરિણામે બિનઉત્પાદકીય દિશાઓમાં મૂડીરોકાણ વધે છે. જેને સાદી ભાષામાં Deal Investment કહેવાય. એટલું જ નહીં અર્થતંત્રમાં ઉત્પાદકીય મૂડીરોકાણનું પ્રમાણ ઘટતાં દેશમાં મૂડીરોકાણનું માળખું વિકૃત સ્વરૂપ ધારણ કરે છે. જે અંતે આર્થિક વિકાસ માટે મૂડીરોકાણની અછત સર્જાતા વિકાસ મંદ પાડે છે. જે દેશના ઉજ્જવળ ભાવિ માટે હાનિકારક છે. આમ કાળુ નાણું કુલ બચતમાં ઘટાડો લાવે છે. બિન જરૂરી મોજશોખ કે બાહ્ય દેખાડો કરતી વપરાશવૃત્તિ વધારી બિન ઉત્પાદકીય મૂડીરોકાણને વેગ આપી રાષ્ટ્રના ઉત્પાદકીય મૂડીરોકાણમાં ઘટાડો લાવે છે. જેની અંર્થતંત્ર ઉપર માઠી અસરોનું સર્જન થાય છે. વળી નિયોજકો પોતાની નિયોજન શક્તિનો ઉપયોગ ઉત્પાદન કે ઉત્પાદકતા વધારવાને બદલે કાળુ નાણું છુપાવવા ખોટા હિસાબો અને કાળા નાણાં ઢાંકવાની પ્રવૃત્તિ પાછળ વિશેષ ખર્ચાય છે. આમ કાળુ નાણું માત્ર બચતનો કે મૂડીરોકાણ ઉપર વિપરીત અસર તો કરે છે પણ સાથે સાથે નિયોજકોની નિયોજન શક્તિને નબળી કરે છે.

### (7) સોસાયટીના સામાન્ય નૈતિક ધોરણોનું પતન :

કાળા નાણાંની વપરાશને કારણે ધનિકો બેફામ ખર્ચાઓ કરે છે. આ ખર્ચાઓ જોઈને મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો દેખાદેખીની અસર તળે કરચોરી કરવા પ્રેરાય છે. કાળા નાણાં અને કરચોરીની સૌથી વિશેષ વિપરીત અસર સમાજ ઉપર થાય છે. સમાજમાં મહેનતુ તેમજ કરકસર કરનાર વર્ગ પ્રામાણિક પણે કરવેરો ભરે છે. જ્યારે અપ્રમાણિક કરચોરો પોતાની આવક છુપાવીને બેફામ ખર્ચાઓ કરે છે. પ્રામાણિક વ્યક્તિ દંડાય છે અને જીવન જરૂરી ચીજવસ્તુઓના અભાવથી પીડાય છે. અપ્રમાણિક વ્યક્તિ વૈભવી વસ્તુઓનો ઉપયોગ કરીને ધનની રેલમછેલમ કરે છે. સમાજના દૃષ્ટિકોણથી કાળી આવકનું ઉત્પાદન અનૈતિક છે. એટલું જ નહીં પ્રમાણિક, મહેનત, કરકસર અને સામાજિક મૂલ્યો કાળા નાણાંને પરિણામે ક્ષીણ થતાં ગયા છે. લોકો વિશ્વસનીયતા ગુમાવે છે અને સોસાયટીના સામાન્ય નૈતિક ધોરણોનું પતન થાય છે. જે તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ માટે હાનિકારક છે. સમાજમાં નીતિમત્તાના ધોરણો નીચે ઉતરે છે. સમગ્ર સમાજની વિચારસરણી કલુષિત બને છે. નૈતિક મૂલ્યો બદલાય છે.

### (8) સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો :

વર્તમાન સમયમાં દેશમાં ગુનાહિત પ્રવૃત્તિઓ વધવા માંડી છે. એનું મહત્ત્વનું કારણ ગેરકાયદેસર રીતે કમાયેલી આવક છે. વળી કાળુ નાણું સામાન્ય રીતે સમાજમાં વિવિધ કાયદેસર પ્રવૃત્તિઓનો જન્મ આપે છે. ચૂંટણીના સમયગાળામાં કાળા નાણાંનો ગેરકાયદેસર ઉપયોગ થાય છે. વિવિધ આતંકવાદી પ્રવૃત્તિઓમાં કાળા નાણાનો સંગ્રહ કરનારાઓની બેકઅપ શક્તિ હોય છે. જે સમગ્ર દેશ માટે હાનિકારક પણ છે. અસામાજિક તત્ત્વોના વિવિધ જૂથો પાસેના ગેરકાયદેસર હથિયારો સામાન્ય રીતે કાળા નાણાંના ઉપયોગ દ્વારા ખરીદવામાં આવે છે. દેશના યુવાનો અને શ્રમકાર્ય કરનારા શ્રમિકો માટે ડ્રગ્સ સૌથી મોટો દુશ્મન છે. વિવિધ કૉલેજો, હોસ્ટેલો, હૉટલો, વિવિધ ક્લબો અને બારમાં ડ્રગ્સની હેરાફેરી

અને દાણચોરી કાળા નાણાંની મદદથી કરવામાં આવે છે. એટલું જ નહીં ડ્રગ્સની હેરાફેરીમાં યુવાનવર્ગ સંકળાયેલો છે. યુવાનો ડ્રગ્સ લેવાના વ્યસની બની જાય છે. દેશનું યુવા ધન અવળે માર્ગે જાય છે અને આ બધી પ્રવૃત્તિઓમાં કાળા ધનનો ઉપયોગ થાય છે. સાથે સાથે આ પ્રવૃત્તિઓથી નવું કાળું નાણું સર્જાય છે. દિવસે દિવસે મોટા મોટા માફિયાઓ નવી નવી દિશાઓ ખોલીને સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો કર્યે જ જાય છે.

**(9) સાર્વજનિક ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો :**

સાર્વજનિક ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો જોવા મળે છે. કંઈક અંશે દેશમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે કે જે લોકો ઉત્પાદકો અને માર્કેટિંગ સ્ટાફ અથવા સેવા પ્રદાતાઓને લાંચ આપે છે. તેઓ સ્વાભાવિક રીતે સામાન્ય જનતાની તુલનામાં સારી ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને સેવાઓ મેળવે છે. જેમને સમાન ઉત્પાદનો પ્રદાન કરવામાં આવશે નહીં અને સેવાઓની ગુણવત્તાનો ભોગ બનવું પડશે. વાસ્તવિક જીવનનું ઉદાહરણ જે લગભગ દરેક વ્યક્તિએ અનુભવ્યું છે કે જો કોઈ સરકારી અધિકારી પાસે કોઈ કામ કરાવવા જાય અને લાંચ આપે તો તેનું કામ ઝડપથી પતી જશે અને જે લાંચ આપતા નથી તેમને રાહ જોવાની અને ધક્કા પણ ખાવાના. એમની સમય અને શક્તિનો બગાડ થાય છે. સરકારી અધિકારીઓને લાંચ આપવી એ એક શિષ્ટાચાર બની ગયો છે. આમ કાળુ નાણું ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો લાવે છે.

**(10) રાજકીય ભ્રષ્ટાચારને પ્રોત્સાહન :**

ભારતમાં ભય અને ભ્રષ્ટાચારે માજા મૂકી છે. દેશમાં કોઈપણ જગ્યાએ કે સ્થળે ભ્રષ્ટાચાર વગર કોઈ કામ થતાં નથી. લાંચ રૂશ્વત લેનાર અને આપનાર બંને વચ્ચે એક અલિખિત કરાર હોય તેવું છે. ભારતમાં પહેલેથી જ સંખ્યાબદ્ધ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. કાળુ નાણું છુપાવવા માટે જે ગેરકાયદેસર વ્યવહારો કરવામાં આવે છે તેને ભ્રષ્ટાચાર કહેવાય છે. અમલદારો, સરકારી અધિકારીઓ વગેરેને લાંચ આપવામાં આવે છે. તે બિનહિસાબી ચોપડે જાય છે. તેને આવક તરીકે દર્શાવવામાં આવતી નથી. જે સમાજમાં વધુ કાળુ નાણું ઉમેરે છે. રાજકારણીઓ અને મોટા અધિકારીઓ કાળા નાણાં એકત્ર કરવામાં ભ્રષ્ટ યુક્તિઓ અજમાવતાં અચકાતા નથી. વળી ચૂંટણી વખતે મોટા ઉદ્યોગપતિઓ, કંપનીઓ અને અધિકારીઓ ચૂંટણી ભંડોળના નામે રાજકીય પક્ષોને ફંડ ફાળા આપે છે. જે તે પક્ષ સત્તા સ્થાને આવે ત્યારે ચૂંટણી ભંડોળ આપ્યું છે તેવા વર્ગને ગેરકાયદેસર રીતે મદદ કરવામાં આવે છે. જેથી આવા વર્ગ બિનહિસાબી કાળા નાણાં રૂપે પ્રાપ્ત કરે છે. આમ ભારતીય લોકશાહીની તંદુરસ્ત પ્રણાલી અને સ્થિરતા કાળા નાણાને કારણે જોખમાય છે. વળી પ્રજાની વિચારસરણીમાં પણ પરિવર્તન આવે છે. ભ્રષ્ટાચારનો ભોરીંગ પ્રજાની તંદુરસ્ત માનસિકતાને ખતમ કરી નાખે છે. રાજકીય કાવાદાવામાં પણ પુષ્કળ કાળા નાણાંનો સરેઆમ ઉપયોગ થાય છે. રાજકીય નેતાઓ પ્રજાની સેવા કરવાને બદલે જે તે પક્ષમાં કાળા નાણાંરૂપી ભ્રષ્ટાચારથી ખરીદાય છે અને લોકશાહી સમાજમાં લીરેલીરા ઊડી જાય છે. કાળા નાણાંનું વર્ચસ્વ રાજકીય તંદુરસ્તીને બરબાદ કરી રહ્યું છે. આમ કાળા નાણાંની વિપરીત અસર રાજકીય વ્યવસ્થા ઉપર પડે છે.

**(11) નાણાકીય અને રાજકોશીય નીતિ ઉપર વિપરીત અસર :**

કાળા નાણાં સરકારના મૂડી રોકાણ અને શાખ નિયંત્રણના પગલાંને બિન અસરકારક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કાળા નાણાંને કારણે આર્થિક આયોજન નિરર્થક બની જાય છે. કાળા નાણાંનું અસ્તિત્વ રિઝર્વ બેંકની નાણાકીય નીતિને નિર્માલ્ય બનાવી દે છે. રિઝર્વ બેંક અર્થતંત્રની આર્થિક અસ્થિરતાને દૂર કરવા અને સ્થિરતા લાવવા માટે પ્રયત્ન કરે છે અર્થતંત્રમાં ફરતું કાળુ નાણું આર્થિક સ્થિરતા સ્થાપવામાં વિઘ્નરૂપ સાબિત

થાય છે. દા.ત. ફુગાવાને અંકુશમાં લેવા રિઝર્વ બેંક મોંઘી નાણાકીય નીતિ અપનાવવાનો પ્રયત્ન કરે. જેમ કે બેંક રેટમાં વધારો કરી બેંકના વ્યાજના દર ઊંચા કરે છે. અર્થતંત્રમાંથી જામીનગીરીઓની ખરીદી, રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવો અને શાખ નિયંત્રણના સાધનો દ્વારા શાખી નાણાના પુરવઠામાં ઘટાડો કરવાનો પ્રયાસ કરે છે. જેથી અર્થતંત્રમાં ફરી રહેલું કાયદા માન્ય નાણાંના પુરવઠાને અંકુશિત કરી ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન રિઝર્વ બેંક કરે છે. પરંતુ અર્થતંત્રમાં સમાંતરરૂપે ફરતું કાળુ નાણું રિઝર્વ બેંકની મોંઘી નાણાકીય નીતિને નિષ્ફળ બનાવે છે. કારણ કે કાળા નાણાંરૂપી નાણાંનો પુરવઠો ચીજવસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો કરી ફુગાવાને આમંત્રિત કરે છે.

આવી જ રીતે રાજકોશીય નીતિ ફુગાવાને અંકુશમાં લેવા માટે અને અર્થતંત્રમાંથી નાણાંની માંગને ઘટાડવા માટે કરવેરાના દરમાં વધારો કરે છે આંતરિક દેવા સ્વરૂપે દેશની કંપનીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે પ્રજા પાસેથી નાણાના પુરવઠાને ઓછો કરવામાં આવે અથવા સરકાર જાહેર ખર્ચમાં કાપ મૂકીને અર્થતંત્રમાં ફરતા નાણાંને અંકુશિત કરવા પ્રયત્ન કરે છે અને ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ કાયદા માન્ય નાણાં જેટલું જ કે તેથી વધુ બિન હિસાબી - સમાંતર નાણું એટલે કે કાળુ નાણું અર્થતંત્રમાં ફરી રહ્યું છે. જે કરચોરી કે સંગ્રહાયેલા કાળા નાણાં વડે અર્થતંત્રમાં ચીજવસ્તુ કે સેવાની માંગમાં વધારો કરે છે અથવા રાજકોશીય નીતિના સાધનોની અસરકારકતા ઓછી કરવામાં કાળુ નાણું મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ કાળુ નાણું રીઝર્વ બેંકની નાણાકીય નીતિ તેમજ રાજકોશીય નીતિ ઉપર વિપરીત અસર પહોંચાડે છે.

**(12) દુર્લભ સંસાધનોનું વિતરણ અને અપ્રમાણિકતાનું સામ્રાજ્ય :**

કાળા નાણાં ધારકો પાસે કરચોરીથી કમાયેલી આવક હોવાથી તેમની પૈસા ચૂકવવાની ક્ષમતા હંમેશા વધુ રહેતી હોય છે. પરિણામે બજારમાં દુર્લભ માલ ઉપર તેમનો દાવો કરવાની સ્થિતિમાં હોય છે. જેનાથી પ્રમાણિક અને ગરીબ લોકોને વંચિત રાખવામાં આવે છે. જે દેખીતી રીતે ભારતીય સમાજના ચોખ્ખા આર્થિક કલ્યાણને ઘટાડે છે. વળી કાળા નાણાંને લીધે અર્થતંત્રમાં બેઈમાનો કે જેઓ અનૈતિક રીતે છૂપી આવકો કમાયા છે. તેઓનું સામ્રાજ્ય સ્થપાય છે. જે લોકો નીતિમત્તાથી કે પ્રમાણિકતાથી આવક કમાય છે તેઓ ચીજવસ્તુઓથી વંચિત રહે છે. પરિણામે પ્રમાણિક લોકો અપ્રમાણિક બનવા લલચાય છે. ધનિકો પોતાના વૈભવનું પ્રદર્શન કરવા હરિફાઈ કરે છે. તેમની જાહોજલાલી જોઈને મધ્યમ કે ગરીબ વર્ગ પણ અપ્રમાણિક સંપત્તિ એકઠી કરવા પ્રયત્નશીલ બને છે. આમ કાળુ નાણું અપ્રમાણિકતાના સામ્રાજ્યની માયાજાળ રચે છે. કાળા નાણાંને કારણે ગુનાહિત પ્રવૃત્તિઓમાં પણ વધારો થાય છે અને અસાધારણ વપરાશી ખર્ચમાં પણ વધારો થાય છે.

## 2.7 કાળુ નાણું દૂર કરવાના ઉપાયો

કોઈપણ રાષ્ટ્ર માટે કાળા નાણાંનું અસ્તિત્વ દેશના આર્થિક વિકાસને ઊધઈની જેમ કોરી ખાય છે. અર્થતંત્રને અંદરથી ખોખલું કરી દે છે. દેશની આર્થિક વ્યવસ્થા સરકારના અનેક પ્રયત્નો છતાં ખોરવાઈ જાય છે. જેના ઉપાયો કરવા અતિ આવશ્યક છે. કાળા નાણાં દૂર કરવા માટે વાંચ્છુ સમિતિ અને ડૉ. રાજા ચેલૈયાહ સમિતિના સૂચનો ઘણાં જ આવકાર્ય છે. જે નીચે મુજબ છે.

**(1) કરવેરાના મહત્તમ સીમાંત દરો :**

આપણા દેશમાં પ્રત્યક્ષ કરવેરાનો દર એક સમયે સરચાર્જ સહિત 97-5 ટકા હતો. પરિણામે પ્રમાણિક કર ભરીને વ્યવસાય કરવો પરવડે નહિ. આથી કરચોરીને પ્રોત્સાહન

મળતું હતું. આથી કરવેરાના દર ઓછા કરીને પ્રજાને કરચોરી કરતાં અટકાવવાની જરૂર છે. ઈ.સ. 1984માં કરવેરાના દર સતત ઘટીને 55 ટકા થયા હતા. જે હાલમાં 1997-98થી મહત્તમ આવકવેરો 30 ટકા તેમજ કોર્પોરેટ વેરાનો દર 35 ટકા કરવામાં આવ્યો છે. આયાત જકાતો પણ ઘટાડવામાં આવી છે. કરવેરાના નીચા દર કરદાતાને પ્રમાણિકપણે કર ભરવા તૈયાર થશે. પ્રમાણિકપણે કરવેરો ભરાતાં સરકારની આવકમાં વધારો થાય છે. ઊંચી કરવેરાના દરને કારણે કર સ્વરૂપે નાણાં સરકારને આપવા કરદાતાઓને ગમતા નથી. પરંતુ કરવેરાના નીચા દર પ્રજા ઉપર કર બોજ ઓછો લાગશે અને સરકારને કુલ કરવેરા સ્વરૂપે વધુ આવકો પ્રાપ્ત થશે. આ આવકો વડે સરકાર પ્રજાના કલ્યાણ કે વિકાસલક્ષી કાર્યો કરવા સક્ષમ બનશે. વળી બીજી બાજુ પ્રમાણિક કરદાતાનું કુલ પ્રમાણ વધશે. કરચોરીનું પ્રમાણ ઘટતાં અર્થતંત્રમાં બિનહિસાબી કાળા નાણાંનું  પ્રમાણ નગણ્ય રહેશે.

**(2) વેચાણ વેરો :**

વાંચ્છુ સમિતિએ વેચાણવેરાને બદલે વધારાની આવકારી જકાતો નાખવાની ભલામણ કરી હતી. જેથી કરચોરીને પ્રોત્સાહન મળે નહીં. ત્યારબાદ 2006માં Value Added Tax (VAT) મૂલ્યવર્ધિત કર નાખવામાં આવ્યો અને 1 જુલાઈ 2017માં Goods and Service Tax (GST) નાખવામાં આવ્યો. જેમાં પેટ્રોલીયમ પ્રોડક્ટ્સમાં VAT હતો. તેનો સમાવેશ GSTમાં રાજ્યોએ કર્યો નથી. જુદી જુદી ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર અલગ અલગ GSTના દર રાખવામાં આવ્યા. જેથી કોઈપણ કરદાતા (ઉત્પાદક, વેપારી કે ગ્રાહક) કરમાંથી મુક્તિ મેળવી શકે નહીં. જેથી કાળુ નાણું બહાર ફરી શકે નહીં અને સરકારની પરોક્ષ કરવેરા સ્વરૂપની આવકમાં વધારો થાય. જો કે કાયદાની છટકબારીનો લાભ કરચોરો લઈને કાળુ નાણું સર્જે છે.

**(3) કૃષિક્ષેત્રે આવકવેરો :**

આપણા દેશમાં કૃષિક્ષેત્રની આવક કરમુક્ત હોવાથી કરચોરી અને કાળા નાણાંના ઉદ્ભવનું મુખ્ય સ્ત્રોત છે. ઉદ્યોગપતિઓ, મિલ માલિકો, મોટા વેપારીઓ, ઉત્પાદકો, રાજકીય નેતાઓ અને સમાજના ઉચ્ચ ધનિક વર્ગમાં આવતા ડૉકટરો, વકીલો, પ્રોફેસરો, એન્જીનિયરો, વૈજ્ઞાનિકો જેવાં સેવાકીય પ્રવૃત્તિ કરતો વર્ગ પોતાની વ્યવસાયી આવકોને છુપાવવા માટે ખેતીક્ષેત્રની આવકોમાં રૂપાંતર કરી કાળા નાણાંનું સર્જન કરે છે. આથી કરમાળખાની આ છટકબારીને દૂર કરવા અન્ય આવકો ઉપર જેમ કરવેરો વસુલ કરવામાં આવે છે તેવી જ રીતે કૃષિક્ષેત્રની આવકો ઉપર પણ ફરજિયાત વેરો ઉઘરાવવો જોઈએ. ઈ.સ. 1960માં રાજ સમિતિએ અને વાંચ્છુ સમિતિએ પણ કૃષિ આવક ઉપર વેરો નાખવાની ભલામણ કરી હતી. જો તે સમયે આ ભલામણ સ્વીકારવામાં આવી હોત તો વર્તમાનમાં કાળા નાણાંની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે તે ન હોત. આમ કૃષિ આવક પર આવકવેરો દ્વારા લેવાથી કાળા નાણાંને નિયંત્રિત કરી શકાશે.

**(4) ચલણી નોટોનું વિનાણાકરણ (ડિમોનેટાઈઝેશન) :**

ભારત સરકારે 1978માં કાળુ નાણું બહાર લાવવા માટે મોટી કિંમતની ચલણી નોટો રદ કરવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું. દેશમાંથી રૂ. 1000, રૂ. 5000 અને રૂ. 10,000ના મૂલ્યની કાગદી ચલણી નોટો રદબાતલ જાહેર કરી અને તેના બદલામાં નવું નાણું આપવાની સરકારે ખાતરી આપી. જેમાં રૂ. 125 કરોડ રિઝર્વ બેંકમાં રજૂ થયા હતા. વળી 8 નવેમ્બર 2016માં પણ રૂ. 500 અને રૂ. 1000ની ચલણી નોટો રદ કરી કાળુ નાણું બહાર લાવવાનો સરકારે પ્રયત્ન કર્યો હતો. મોટે ભાગે કાળુ નાણું એટલે કે બિનહિસાબી નાણું મોટા મૂલ્યની ચલણી નોટોમાં સંગ્રહિત થતું હોય છે. આથી ચલણી

નોટોના ડિમોનેટાઈઝેશન (વિનાણાકરણ) વડે કાળુ નાણું દૂર કરી શકાય છે.

**(5) બેરર બોન્ડની યોજના :**

સરકારે 1981માં કાળુ નાણું અર્થતંત્રમાંથી બહાર લાવવા અને વ્હાઈટ મની બનાવવા સ્પેશ્યલ બેરર બોન્ડ યોજના અમલમાં મૂકી હતી. જેમાં રૂ. 10,000/-ના બોન્ડ 10 વર્ષની મુદતે મૂકીને બોન્ડ ધારકને રૂ. 12,000/- પરત કરવા. આ બોન્ડ ધારકોને રોકાણ કરવા માટે પૈસા ક્યાંથી આવ્યા એ અંગે કોઈ જ પૂછપરછ કરવામાં આવી ન હતી. સરકારને આ યોજના હેઠળ રૂ. 875 કરોડ મળ્યાં હતા. આવા બેરર બોન્ડની યોજનાઓ અમલમાં મૂકવાથી ચોક્કસ કાળુ નાણું બહાર કાઢી શકાય. આ કાળા નાણાં માટે સરળ ઉપાય છે. વળી કાળુ નાણું બિનઉત્પાદકીય હેતુમાં રોકાય તેના કરતાં સરકાર પાસેથી બોન્ડ સ્વરૂપે નાણાં આવતા દેશના વિકાસલક્ષી ઉત્પાદકીય હેતુ માટે કાળા નાણાનો ઉપયોગ કરી શકાય અને રાષ્ટ્રને વિકાસ કરી શકાય.

**(6) સ્વૈચ્છિક જાહેરાતની યોજના Volantary Disposal Scheme (VDS) :**

સરકારે છૂપાયેલી આવક, સંપત્તિ કે મિલકત અને કાળા નાણાંની જાહેરાત માટે વારંવાર સ્વૈચ્છિક જાહેરાતની યોજના (VDS) રજૂ કરી છે. જેથી કાળુ નાણું બહાર આવે અને અર્થતંત્રના વ્હાઈટ મની તરીકે ફરતું થાય. ઈ.સ. 1951માં ત્યાગી યોજના, 1965માં 60-40ની બ્લેક યોજના જેમાં સ્વૈચ્છિક રીતે કાળુ નાણું જાહેર કરનાર પાસે 60 ટકા રકમ અને 40 ટકા સરકાર પાસે કર સ્વરૂપે જમા થાય, 1975માં સ્વૈચ્છિક જાહેરાત યોજના, 1981 જાન્યુઆરીમાં બ્લેક મની બેરર બોન્ડ યોજના, 1997-98ના બજેટમાં સ્વૈચ્છિક જાહેરાતની યોજના દ્વારા અપ્રમાણિક કરદાતા સ્વૈચ્છિક આવકની જાહેરાત કરી નિયમોનુસાર કર ભરીને પ્રમાણિક કરદાતા બને અને અર્થતંત્રમાંથી કાળુ નાણું બહાર લાવવા સરકારે પ્રયત્ન કર્યો હતો.

ઈ.સ. 1997ની સ્વૈચ્છિક જાહેરાત યોજનાનો Motto હતો "30 ટકા વેરો આપો અને 100 ટકા મનની શાંતિ મેળવો". આ યોજનામાં ભય અને લાલચ બંને વૃત્તિઓનો લાભ લેવામાં આવ્યો હતો. "જો 30 ટકા વેરો નહીં આપો તો 300 ટકા દંડ ભરવો પડશે" આવી ધમકી પણ હતી. કેન્દ્રના ભૂતપૂર્વ નાણામંત્રી ચિદમ્બરમે ભૂતકાળની તમામ સ્વૈચ્છિક યોજનાઓ હેઠળ મેળવેલી કુલ કર ઉપજ માત્ર રૂ. 777 કરોડ હતી. પરંતુ એકલી 1997ની યોજના હેઠળ 4.66 લાખ લોકો અને કંપનીઓએ રૂ. 33,000 કરોડની ગુપ્ત આવકો કે સંપત્તિ જાહેર કરી હતી. આમ 33,000 કરોડ રૂપિયા કાળુ નાણું અર્થતંત્રમાંથી બહાર આવ્યું હતું.

જો કે સ્વૈચ્છિક જાહેરાતની યોજનામાં મહત્તમ વ્યક્તિગત 30 ટકા અને કંપનીઓ પાસે 35 ટકા વેરો લેવાય છે. તેથી અપ્રમાણિક કરદાતા જલદી પોતાની આવક જાહેર કરતા નથી. કારણ કે ભ્રષ્ટ અમલદારો પરોક્ષ રીતે કરદાતાઓને પોતાની બિનહિસાબી કે કાળા નાણાંને પોષવામાં મદદરૂપ બને છે. આથી અપ્રમાણિક કરદાતાઓને ઝાઝો ભય રહેતો નથી. વળી સ્વૈચ્છિક જાહેરાત દ્વારા પ્રાપ્ત કરેલ કાળુ નાણું કુલ કાળા નાણાંના માત્ર 3 ટકા જ છે. હજી 97 ટકા કાળુ નાણું બે રોકટોક અર્થતંત્રમાં ફરી રહ્યું છે. આમ છતાં કાળા નાણાંના ઉપાય તરીકે આવી યોજના કંઈક અંશે મદદરૂપ બને છે. બ્લેક મની ડેકલેરેશન સ્કીમ 2017થી કાળા નાણું રાખનારે ટેક્સ, સરચાર્જ અને દંડ ચૂકવવો પડે છે. આથી કાળા નાણાં ઉપર અંકુશ આ યોજનાથી આવ્યો છે.

**(7) નેશનલ હાઉસીંગ બેંક યોજના :**

સરકારે દેશના નાગરિકો પોતાના માલિકીના ઘર બનાવી રહે અને ભાડાના ઘરોમાં વારંવાર બદલી કરવી ન પડે તે માટે નેશનલ હાઉસીંગ સ્કીમ બહાર પાડી છે. આ સ્કીમમાં નાણાંની જરૂરિયાત પૂર્ણ કરવા 1991-92ના બજેટમાં નેશનલ હાઉસીંગ બેંક યોજના બહાર પાડી. જે સંદર્ભે કોઈપણ કાળુ નાણું ધરાવનાર વ્યક્તિ નેશનલ હાઉસીંગ બેંક યોજનામાં પોતાના નાણાં થાપણ તરીકે મૂકે તો તેના કાળા નાણાં અંગે કોઈપણ જાતની પૂછપરછ કરવામાં આવશે નહીં અને ગમે તેટલા નાણાં આ યોજના હેઠળ વ્યક્તિ મૂકી શકશે આમ કાળા નાણાંને બહાર લાવીને વિકાસલક્ષી કાર્યો માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી. જો કે બહુ કાળા નાણાંની પ્રાપ્તિ આ યોજના થકી સરકારને થઈ ન હતી. તેમ છતાં કાળા નાણાં બહાર લાવવાનો સરકારનો ઉપાય સરાહનીય છે.

**(8) મિલકત ટ્રાન્સફર કાયદો :**

વાંચ્છુ સમિતિના મત પ્રમાણે ઓનરશીપ ફ્લેટોની માલ મિલકતની હેરફેરનો કાયદો લાગુ કરવામાં આવે તો કરચોરી અને કાળા નાણાંનું પ્રમાણ ઘટાડી શકાય. તેમજ ફરજિયાત હિસાબો માટે લોકોને ઉદ્યોગ-ધંધામાંથી પ્રાપ્ત થતી આવક, નફો અને ટર્નઓવર પ્રમાણે ફરજિયાત હિસાબો રાખવાની ભલામણ પણ વાંચ્છુ સમિતિએ કરી હતી. જેથી કાળુ નાણું કે બિન હિસાબી નાણું અસ્તિત્વમાં ન આવે.

**(9) ડૉ. રાજા ચેલૈયાહ સમિતિના સૂચનો :**

કાળા નાણાંની સમસ્યા હલ કરવા માટે ડૉ. રાજા ચેલૈયાહ સમિતિએ કેટલાંક સૂચનો કર્યા હતા. જેમ કે કરવેરાના દરોમાં ઘટાડો કરવો જેથી કરચોરીને પ્રોત્સાહન ન મળે, આયાત કરવેરાના બદલામાં આયાત જકાત નાખવી, વિદેશી હૂંડિયામણના અંકુશો હળવા કરવા, ભાવ અંકુશો અને નિયંત્રણો ઘટાડવા, કાયદાઓનો અમલ અસરકારક બનાવવો, પ્રમાણિક અધિકારીઓને લાભ-બઢતી આપવી અને અપ્રમાણિક અધિકારીઓને કડક શિક્ષા કરવી. આર્થિક ગુનેગારો માટે અલગથી ખાસ કોર્ટો ઊભી કરવી, કર આકારણીમાં કોમ્પ્યૂટરનો ઉપયોગ કરવો, કરવેરા અધિકારીઓ માટે તાલીમનો પ્રબંધ કરવો વગેરે જેવાં સૂચનો કાળા નાણાંના ઉપાય તરીકે ડૉ. રાજા ચેલૈયાહ સમિતિએ કર્યા હતા.

જો કે રાજા ચેલૈયાહ સમિતિએ સૂચવેલા કાળા નાણાંના ઉપાયોનો અમલ ક્રમશઃ સરકારે કર્યો છે.

**(10) રાજકીય પક્ષોને અપાતા ફંડફાળા ઉપર રોક :**

વર્તમાન સમયના રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો ચૂંટણીના મોટા ઉદ્યોગપતિઓ પાસેથી ચૂંટણી ભંડોળ પ્રાપ્ત કરી સત્તા સ્થાને આવ્યા બાદ આવા ઉદ્યોગપતિઓને લાભ આપે છે. આવા ધનિકો ચૂંટણી ભંડોળમાં પણ કાળા નાણાં દ્વારા પ્રાપ્ત કરી આવકો આપે છે. ચૂંટણી પછી પક્ષોને કાળા નાણાં ઉત્પન્ન કરવાની તકો સરળતાથી પ્રાપ્ત કરે છે. જે રાજકીય પ્રક્ષોને અપાતા ફંડફાળા ઉપર ચૂંટણીપંચ અંકુશ મૂકે તો પણ કાળુ નાણું ઓછું થઈ શકે. ચૂંટણીપંચ આ અંગે કેટલાંક નિયમો ઘડીને કાળુ નાણું અટકાવવાનો પ્રયત્ન કરે છે. કેટલેક અંશે કાળા નાણાંનો પ્રવાહ અટક્યો છે. પરંતુ તેનો ચુસ્ત અમલ કરવાની તાતી જરૂરિયાત છે.

**(11) બેંક ખાતાઓને આધારકાર્ડ અને પાનકાર્ડ સાથે લિંક કરવું :**

સરકાર દ્વારા આધારકાર્ડ અને પાનકાર્ડને લિંક કરવાની શરૂઆત કરવામાં આવી છે. જેથી તે દરેક નાગરિકના ખાતાઓ અને તેમના બેંક સ્ટેટમેન્ટને પણ ટ્રેક કરી શકે.

જેથી સરકારને કોની પાસે કેટલું નાણુ છે જાણવાનો સ્ત્રોત મળી શકે. આ સ્કીમનો નકલી બેંક ખાતાઓ તથા ભૂતિયા ખાતાઓને દૂર કરવામાં મોટો હાથ છે. તેમના વડે કાળા નાણાંનું સર્જન થતું હતું. તે આધારકાર્ડ અને પાનકાર્ડ સાથે બેંક ખાતાઓને લિંક કરવાથી કાળા નાણાંનું પ્રમાણ ઘટે છે.

**(12) બે નામી ટ્રાન્ઝેક્શન એમેન્ડમેન્ટ એક્ટ 2016 :**

આ એક્ટ દ્વારા બે નામી વ્યવહારો અટકાવે છે. આ કાયદા હેઠળ બેનામી મિલકત જપ્ત કરવાની જોગવાઈ છે. આ અધિનિયમ 1988થી અસ્તિત્વમાં હોવા છતાં 13 મે 2016ના રોજ લોકસભામાં રજૂ કરાયેલ સુધારો બિલ આ અધિનિયમમાં સુધારો કરવા માગે છે. સુધારેલા કાયદાની જોગવાઈ મુજબ કોઈ વ્યક્તિ બે નામી ટ્રાન્ઝેક્શન હેઠળના ગુનામાં કોર્ટ દ્વારા દોષિત ઠરે છે. તેને ઓછામાં ઓછી 1 વર્ષ અને વધુમાં વધુ 7 વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ છે. જો કે આ બે નામી ટ્રાન્ઝેક્શન (પ્રોહીબિશન) એમેન્ડમેન્ટ એક્ટ 1 નવેમ્બર 2016ની રોજથી અમલમાં આવ્યો હતો. આ કાયદાથી વિવિધ બે નામી પ્રોપર્ટી જપ્તીમાં વધુ કડક બન્યો. આ કાયદાથી કાળી મિલકત એટલે બિનહિસાબી નાણાં કે સંપત્તિ રાખવા ઉપર ઘણો અંકુશ આવી ગયો છે.

## 2.8 સમીક્ષા

ભારતીય અર્થવ્યવસ્થાને સમાંતર અર્થતંત્ર અથવા છાયા અર્થતંત્ર પણ કહેવામાં આવે છે. કારણ કે અર્થતંત્રમાં ફરતા કુલ નાણાંમાં કાળા નાણાં અને સફેદ નાણાં વચ્ચે તફાવત કરવો ખૂબ જ મુશ્કેલ છે. ભારતમાં કાળુ નાણું રાખવા માટે પ્રતિબંધક સજાનો અભાવ છે. એક સર્વે મુજબ વર્ષ 2008થી 2012ની વચ્ચે ભ્રષ્ટાચારના 20,000થી વધુ કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને માત્ર 20 ટકા કેસો અંતિમ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા હતા. ભારતમાં રીયલ એસ્ટેટ સેક્ટર તેની GDPના લગભગ 11 ટકા હિસ્સો ધરાવે છે. ભારતીયો પાસે કુલ કાળુ નાણું 1-5 ટ્રિલીયન ડૉલર છે. આ નાણું રાજકારણીઓ, કેટલાંક સ્વાર્થી વ્યવસાય પુરુષો, અન્ય જાહેર પ્રતિનિધિઓ પાસે છે. કેટલાંક સર્વેક્ષણો દર્શાવે છે કે છેલ્લા બે વર્ષમાં ભારતની બહાર કાળુ નાણું ગયું છે. તે ભારતના દેવાના 13 ગણા જેટલું છે. જો આ કાળુ નાણું વિદેશમાંથી પાછું આવે તો આપણે ઘણી બધી અજાયબીઓ કરવા કે સર્જવા શક્તિમાન બની શકીએ.

એકલી સરકાર સમાજમાંથી આ મુદ્દાને સંપૂર્ણપણે કાબુમાં કરી શકતી નથી. જુદી જુદી નીતિઓ, કાયદાઓ અને કાયદા બનાવવાથી એકલા હાથે કામ નહીં થાય. આ કાયદાઓ અને નીતિઓના અમલીકરણ માટે દરેક નાગરિકે કાળુ નાણું ઉદ્ભવે નહીં તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. લોકોએ સમજવું જોઈએ કે ટેક્સ ચૂકવવો શા માટે મહત્ત્વપૂર્ણ છે અને તેમની આવકને છીનવી લેવાનું બંધ કરવું જોઈએ અને કાળી આવક પેદા કરવી જોઈએ નહીં. દરેક નાગરિકે પ્રમાણિકપણે કર ભરવાના રૂપમાં દેશના વિકાસમાં શક્ય તેટલો ફાળો આપવો જોઈએ.

## • સંદર્ભ વાચન


- The Constitution (115th Amendment Bill 2011 (GST Bill)) PRS Legislative Research Retrieved 16 July 2020.
- www.bankbazaar.com
- www.timesofindia.com
- "Writ petition in the Issue of black Money" Right to information

- black money case supreme court of India. Retrieved 13 June 2018.

- "Ram Jethmalani attacks Modi, Amit Shah for failing to bring Back black money". Retrived 29 July 2015
- "How successful was modi's was on Black Money stashed Abroud ? Retrived 20 January 2019
- "Black Money HSBC whistleblower Herve Falciani says illicit funds esally flowing out of India." The Economic Times Retrieved 8 October 2016.
- "Black Money Entoncement Directorate going soft on Hasan Ali Khan is a comment on our system" 17 January 2012. Retrived 13 Feb. 2012
- "Nanjappa, Vickly (31 March 2009)" "Swiss black Money can take India to the top" Rediff. com Retrived 23 May 2016.
- Ab "Black Money, Indians have stashed over $ 12 in banks abroud, Says CBI - The times of India Retrieved 29 July 2015.
- Ab "White paper on black Money likely to be tabled in Budget Session" The Hindu-Business line 13 March 2012.

# એકમ-3 વસ્તી વિષયક વળતર

-: રૂપરેખા :-

3.1 પ્રસ્તાવના
3.2 યુવા દેશ તરીકે પરિવર્તન કઈ રીતે ?
3.3 વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા
3.4 ભારતમાં વયજૂથ મુજબ વસ્તીનું પ્રમાણ (છેલ્લો દશક)
3.5 ભારતમાં શ્રમદળ અંગેના અંદાજો
3.6 વસ્તી વિષયક ડિવિડન્ડ સાથે સંકળાયેલા ફાયદાઓ
3.7 વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામે પડકારો
3.8 વસ્તી વિષયક વળતરના પડકારો સામેના ઉપાયો / વસ્તી વિષયક વળતરના ઉપાયો
3.9 ડેમોગ્રાફી ડિવિડન્ડ સંદર્ભે ભારતની વર્તમાન સ્થિતિ
- સારાંશ
- સંદર્ભ વાચન

## 3.1 પ્રસ્તાવના

ડેમોગ્રાફીના વિવિધ મુદ્દાઓ પૈકી ડેમોગ્રાફી ડિવિડન્ડ એટલે વસ્તીનું વળતર. આ એક મહત્ત્વનો વિષય છે અને વર્તમાન સમયમાં ભારતના સંદર્ભમાં એ ખૂબ જ પ્રાસંગિક છે. કોઈપણ દેશની વસ્તી એ એક રીતે અસ્કયામત છે એટલે કે મૂડી છે અને બીજી રીતે એ જવાબદારી છે. વસ્તીનું વયજૂથ એ ઘણે અંશે અસ્કયામત કે જવાબદારીનો પ્રકાર નક્કી કરે છે. સામાન્ય રીતે પરંપરાગત વસ્તીશાસ્ત્રનાં વિશ્લેષણ મુજબ 15 વર્ષ સુધીના બાળકો અને 65 વર્ષથી ઉપરના વૃદ્ધો એ બિન ઉત્પાદક વર્ગ જૂથ ગણાય છે. એટલે કે આશ્રિત વર્ગ છે. જ્યારે 15 થી 65 વર્ષના વયજૂથના લોકો એ આર્થિક રીતે ઉત્પાદક વર્ગ ગણાય છે. કોઈ દેશમાં આશ્રિત વર્ગનું પ્રમાણ વધારે પ્રમાણમાં હોય તો ઘણી બધી ઉપજ માત્ર વસ્તીના ઉછેર અને નિભાવ પાછળ ખર્ચાય જાય છે. પરંતુ જો ઉત્પાદક વર્ગનું પ્રમાણ વધારે હોય તો મૂડીરોકાણ અને વિકાસની શક્યતાઓ વધે છે. જે આર્થિક વૃદ્ધિ અને જીવનધોરણમાં સુધારો લાવે છે. વસ્તી વળતર એટલે કે ડેમોગ્રાફીક ડિવિડન્ડ. આ ખ્યાલ આ વયજૂથના (14 થી 65) પરિવર્તન ઉપર આધારિત છે. જેમાં 15 થી 65 વર્ષની વયજૂથના લોકોનું પ્રમાણ વસ્તીમાં વધવા પામે ત્યારે વસ્તીનું વળતર વધે છે અને દેશનો વિકાસ થઈ શકે છે.

જાપાને સૌ પ્રથમ વાર વસ્તી વળતરની અનુકૂળ સ્થિતિનો લાભ ઈ.સ. 1964 થી 2004 સુધી લીધો હતો. એને પરિણામે જાપાન એ વિશ્વનો ઝડપથી વિકસિત દેશ બન્યો હતો. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNPF) ના મંતવ્ય અનુસાર વસ્તીના 15 થી 64 વર્ષના વયજૂથમાં વધારો થવાને પરિણામે ખાસ કરીને બિન કામકાજી (આશ્રિત ગ્રૂપ) કરતાં વધારો થવાથી આર્થિક વૃદ્ધિ કે વિકાસની તકોમાં વધારો થાય. તે વસ્તીનું વળતર કે ડેમોગ્રાફીક ડિવિડન્ડ કહેવાય છે.

ભારતમાં ઈ.સ. 2018-19ના વર્ષથી ડેમોગ્રાફીક ડિવિડન્ડની સ્થિતિ ધ્યાનમાં આવી

છે. ભારતમાં 2018થી 15 થી 64 વર્ષનું વયજૂથ મોટું થવા પામ્યું છે અને તેથી જ ભારતને 'યુવા દેશ' કહેવામાં આવે છે. ઈ.સ. 2020માં વિશ્વના જુદા જુદા દેશોમાં સરેરાશ વયનું પ્રમાણ આ મુજબ હતું. જાપન 49 વર્ષ, યુરોપ અને અમેરિકા 45 વર્ષ, ચીન 37 વર્ષ અને ભારત 28 વર્ષ. આમ ભારત એ વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તીવાળો દેશ છે. 15 થી 65 વર્ષનું કામકાજી ઉત્પાદક વય જૂથ ભારતની કુલ વસ્તીમાં અત્યારે 62.5 ટકા છે. જે 1936માં 65 ટકા થવા પામશે તેવો અંદાજ છે. વર્ષ 2041માં ભારત યુવા વસ્તી એટલે કે કામકાજી વસ્તીના કદની રીતે સૌથી ઊંચા સ્તરે હશે અને વિશ્વના સૌથી યુવા વસ્તી વાળા દેશ તરીકે ભારત ઈ.સ. 2055-56 સુધી રહેશે. અથવા તો યુવા દેશનું સ્થાન ટકાવી રાખશે. આમ ભારતમાં હજુ આશરે સાડાત્રણ દાયકા સુધીનો સમય એ વસ્તીના ઊંચા વળતરનો સમય છે. જેનો ઉપયોગ જેટલા વધુ પ્રમાણમાં કરી શકાશે તેટલા અંશે ભારત ઝડપથી વિશ્વની ટોચની આર્થિક મહાસત્તાઓમાં સ્થાન પામશે. આ સમયગાળા દરમ્યાન વિશિષ્ટ રાષ્ટ્ર બનશે.

## 3.2 યુવા દેશ તરીકે પરિવર્તન કઈ રીતે ?

કોઈપણ દેશમાં વય જૂથમાં પરિવર્તન વડે કમાઉ વર્ગ અને આશ્રિત વર્ગનું પ્રમાણ નક્કી થાય છે. વય જૂથમાં ફેરફાર થવા પાછળ મહદ્અંશે જન્મદરના ફેરફારો જવાબદાર હોય છે. ભારતમાં આઝાદીના સમયે ઊંચા વસ્તીવૃદ્ધિ દરની પરિસ્થિતિ હતી અને તેમાં વધારો થતો જતો હતો. ઈ.સ. 1975ના અરસામાં ભારતમાં જન્મદરનું પ્રમાણ ઘણું ઊંચું હતું અને વર્ષ 1998-2000માં ભારતની વસ્તી એક અબજે પહોંચી હતી. આ સમયગાળા દરમ્યાન વસ્તી વૃદ્ધિનો દર એટલેકે 20મી સદીના અંત સુધી ઊંચો હતો પરંતુ ત્યારપછી 21મી સદીમાં જન્મદર અસરકારક રીતે ઘટવા માંડ્યો છે. આના પરિણામે વર્ષ 2000ની આસપાસ ઊંચા જન્મદરે વસ્તીમાં ઉમેરાયેલાં બાળકો 2018ની આસપાસ મોટા પ્રમાણમાં શ્રમપુરવઠામાં ઉમેરાવા લાગ્યા અને જન્મદર અસરકારક રીતે ઘટવાથી નવા બાળકોનો ઉમેરો સાપેક્ષ રીતે મર્યાદિત થતો ગયો. આથી પ્રતિવર્ષ 15 વર્ષથી ઉપરના વયના લોકોનું પ્રમાણ વસતિમાં વધતુ જાય છે અને 15 વર્ષથી નીચેના વયજૂથમાં સાપેક્ષ રીતે ઉમેરો મર્યાદિત થતો જાય છે. હવે આગામી ઘણા વર્ષો સુધી ભારતમાં શ્રમ બજારમાં વધુમાં વધુ લોકો પ્રવેશ કરતા હશે. બીજી બાજુથી કુલ વસ્તીમાં 15 વર્ષથી ઓછી વયના લોકોનું પ્રમાણ સાપેક્ષ રીતે ઓછું થતું જશે.

આમ ભારત અતિ વસ્તીવાળા દેશમાંથી યુવા દેશ તરીકે પરિવર્તીત થયો.

## 3.3 વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) અનુસાર વસ્તી વિષયક ડિવિડન્ડનો અર્થ છે - ''વસ્તીના વય માળખામાં ફેરફારને કારણે આર્થિક વૃદ્ધિની સંભવિતતા'' મુખ્યત્વે જ્યારે કાર્યકારી વયની વસ્તુનો હિસ્સો મોટો હોય અને બિનકાર્યકારી વયનો હિસ્સો તેનાથી ઓછો હોય.

**કાર્યકારી વય જૂથ :**

કાર્યકારી વયની વસ્તી એટલે કે 15 થી 64 વર્ષના વય જૂથ ધરાવતી વસ્તીનું પ્રમાણ કે જેને Young age group કહેવાય છે. આપણા દેશમાં વર્ષ 2005થી young age groupનું પ્રમાણ ધીરે ધીરે વધવા પામ્યું છે અને આ પ્રમાણ 2055 સુધી ઊંચુ રહેશે. વિશ્વના અન્ય દેશો કરતાં ભારતમાં આ young age group એટલે કે (15 થી 64 વયની વયજૂથ ધરાવતી વસ્તીનું પ્રમાણ) કાર્યકારી વય ધરાવતી વસ્તીનું પ્રમાણ સૌથી ઊંચુ જોવા

મળે છે. આ વય જૂથના લોકો વધુ મહેનત કરી વધુ કમાય છે અને દેશની બાકીની વસ્તીને પોતાની કમાણીમાંથી નિભાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આવી વસ્તી population dividend છે. જેવી રીતે કોઈ કંપનીના શેરમાં પૈસા રોકવાથી કંપનીના નફામાંથી શેરધારકને ડિવિડન્ડ સ્વરૂપે પૈસાનું Return મળે છે. તેવી જ રીતે કાર્યકારી જૂથની વસ્તી પણ કામ કરી, વધારે સારું ઉત્પાદન મેળવી, એક ઉત્પાદક તરીકે રાષ્ટ્રના વિકાસમાં મદદ કરે છે. જેને વસ્તીનું રીફંડ પણ કહી શકાય. આ વયજૂથની વસ્તીની કાર્યક્ષમતા અન્ય વયજૂથની વસ્તીની કાર્યક્ષમતા અન્ય વયજૂથના વસ્તી કરતાં ઘણી ઊંચી હોય છે.

કોઈપણ રાષ્ટ્રની સંપત્તિ વિશાળ જમીનો, મહાકાય કારખાનાઓ, બિલ્ડીંગો કે ભૌતિક સંપત્તિ નથી. પરંતુ તેની સાચી સંપત્તિ તંદુરસ્ત, નિરોગી, કાર્યકુશળ અને ઊંચી કાર્યક્ષમતા ધરાવતા યુવાનો છે. જે રાષ્ટ્રની ભૌતિક સંપત્તિનું સર્જન કરે છે. રાષ્ટ્રની ભૌતિક સુવિધાઓ વડે લોક કલ્યાણ અને લોકહિતાર્થે ઉત્પાદન કરી દેશની વસ્તીની પ્રાથમિક, સુખસગવડની અને મોજશોખની જરૂરિયાતો પૂર્ણ કરવા શક્તિમા બને છે. આ વયજૂથની વસ્તીમાં કરેલું માનવ મૂડીરોકાણ ગુણાંકનના રૂપમાં રાષ્ટ્રને પરત મળે છે. જેને સાદી ભાષામાં વસ્તી વિષયક ડિવિડન્ડ કહેવાય.

**બિન કાર્યકારી વય જૂથ :**

બિન કાર્યકારી વય જૂથ એટલે 0 થી 14 વર્ષની વય જૂથ કે જેઓ બાળકો છે અને 65 વર્ષથી ઉપરના વય જૂથના વૃદ્ધો કે કામ કરવા શક્તિમાન નથી. આ બંને વય જૂથના લોકો એટલે કે બાળકો અને વૃદ્ધાવસ્થામાં પહોંચેલા વડીલો કામ કરવા માટે અશક્ત છે, નિર્બળ છે. જેઓ પોતાનું જીવન ટકાવવા માટે બીજા ઉપર આધારિત છે. આ બિનકાર્યકારી વય જૂથના લોકો કાર્યકારી વય જૂથના આશ્રિતો છે. તેમના જીવનધોરણ ટકાવવા માટે કાર્યકારી વય જૂથ ઉપર નિર્ભર છે.

## 3.4 ભારતમાં વય જૂથ મુજબ વસ્તીનું પ્રમાણ (છેલ્લો દશક)

ભારતમાં છેલ્લાં દશકા દરમ્યાન જુદા જુદા વય જૂથના લોકોનું પ્રમાણ ટેબલ 1 મુજબ જાણી શકાય છે.

### ટેબલ - 1

**ભારત છેલ્લાં દશકાનું વય જૂથ પ્રમાણે (ટકાવારીમાં) (વર્ષ 2010 થી 2020)**

| વર્ષ | 0 થી 14 વર્ષ વયજૂથ (ટકામાં) | 15 થી 64 વર્ષ વયજૂથ (ટકામાં) | 65 વર્ષથી ઉપરનું વયજૂથ (ટકામાં) |
|---|---|---|---|
| 2010 | 30.81 | 64.11 | 5.08 |
| 2011 | 30.40 | 64.43 | 5.17 |
| 2012 | 29.92 | 64.81 | 5.27 |
| 2013 | 29.43 | 65.21 | 5.36 |
| 2014 | 28.93 | 65.60 | 5.48 |
| 2015 | 28.44 | 65.94 | 5.61 |
| 2016 | 27.93 | 66.27 | 5.79 |

| | | | |
|---|---|---|---|
| 2017 | 27.48 | 66.54 | 5.98 |
| 2018 | 27.05 | 66.77 | 6.18 |
| 2019 | 26.62 | 67.00 | 6.38 |
| 2020 | 26.16 | 67.27 | 6.57 |

**પ્રાપ્તિ સ્થાન :** India population statstics 2022. Current population of India

ટેબલ-1 મુજબ જોતાં સ્પષ્ટ જણાય છે કે વર્ષ 2010 થી 0.14 વર્ષના બાળકોનું પ્રમાણ ધીમી ગતિએ ઘટતું જાય છે. 21મી સદીમાં મહિલાઓના શિક્ષણ પ્રમાણમાં વધારો, સામાજિક-રાજકીય ભાગીદારી, શહેરીકરણ અને વિભક્ત કુટુંબ પ્રથાને કારણે બાળકોના જન્મ ઉપર અંકુશ આવતો ગયો છે. બાળક એ ઈશ્વર કે પ્રભુનો પ્રસાદ જેવી પરંપારીક માન્યતા ભૂંસાતી જાય છે. બાળક એક જવાબદારી છે અને તેના ઉછેર, પાલન, ભરણ-પોષણ, શિક્ષણ વગેરે પ્રત્યે મહિલા જાગૃત બની છે. વળી આરોગ્ય સુવિધાઓ વધતાં મહિલા નિશ્ચિંત બની છે અને વધુ બાળકોને જન્મ આપવાનું ટાળી રહી છે. પરિણામે 0 થી 14 વર્ષના બાળકોનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. બીજી બાજુ 65 વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સનું પ્રમાણ ધીમી ગતીએ સતત વધતું જોવા મળે છે. આરોગ્ય વિષયક સુવિધાઓનું પ્રમાણ વધતું ગયું છે. ગ્રામીણ ક્ષેત્રે પણ સરકારી દવાખાનાઓ અને ખાનગી દવાખાનાઓ સ્થપાતા બીમારી સામે તાત્કાલીક રક્ષણ મળી રહે છે. રાષ્ટ્રના આર્થિક વિકાસને કારણે રાષ્ટ્રીય આવકમાં વધારો થતાં માથાદીઠ આવકો વધી છે. જેથી લોકોનું જીવનધોરણ ઊંચુ ગયું છે. વળી આરોગ્ય પ્રત્યે લોકોની સભાનતા વધી છે. ટી.વી. અને મલ્ટીમીડિયાના માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર વધતાં લોકોમાં જાગૃતિ આવી છે. સરકારી યોજનાઓના લાભો સરળતાથી પ્રાપ્ત થતાં હોવાથી સિનિયર સીટીઝનો કે વૃદ્ધોનું સરેરાશ આયુષ્ય પણ વધ્યું છે. પરિણામે 65 વર્ષથી ઉપરની વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ થોડુક વધ્યું છે. 0 થી 14 વર્ષના બાળકો અને 65 વર્ષથી ઉપરના વૃદ્ધો તેમની શારીરિક અશક્તિ અને કામ કરવાની ક્ષમતા ખૂબ જ નીચી હોય છે. આથી તેઓ બિનકાર્યકારી વયજૂથના કે આશ્રિતોના વર્ગમાં સમાવિષ્ટ થાય છે.

ટકાવારીની દષ્ટિએ જોઈએ તો વર્ષ 2010માં 0 થી 14 વર્ષના (30.81 ટકા) અને 65 વર્ષથી ઉપરની વયજૂથના (5.08 ટકા) મળીને કુલ 35.89 ટકા આશ્રિત વર્ગના હતા. જ્યારે વર્ષ 2020માં આ પ્રમાણ ઘટીને (0 થી 14 વર્ષના 26.16 ટકા અને 65 વર્ષથી ઉપરના 6.57 ટકા) 32.73 ટકા છે. આ બંને વયજૂથનું ટકાવારી પ્રમાણ ઘટ્યું. જે સ્પષ્ટ દર્શાવે છે કે ત્રીજું વયજૂથનું પ્રમાણ વધ્યું છે.

ટેબલ-1માં જોઈ શકાય છે કે 15 થી 64 વર્ષના વયજૂથમાં ટકાવારીની દષ્ટિએ સતત વધારો જોવા મળ્યો છે. છેલ્લાં દશકામાં ક્યાંય ઘટાડો જોવા મળ્યો નથી. મોટે ભાગે એક ટકાની અંદર ધીમી ગતિએ આ કાર્યકારી વયજૂથમાં વર્ષવાર સુધારો જોવા મળ્યો છે. વર્ષ 2010માં આ કાર્યકારી વયજૂથનું ટકાવારી પ્રમાણ 64.11 હતું. જે વધીને વર્ષ 2020માં **67.27** ટકા થયું. આમ શ્રમદળમાં ઊંચો ઊછાળો જોવા મળે છે. આ વયજૂથનું ટકાવારી પ્રમાણ દુનિયાના કોઈપણ દેશની તુલનાએ ઊંચુ છે. જે ભારત દેશના આર્થિક વિકાસમાં ઝડપથી વધારો કરશે અને વિશ્વમાં ભારતને મહાસત્તા બનાવવામાં ઉપયોગી નીવડશે.

ભારતમાં ગરીબી, મોંઘવારી, આવકની અસમાનતા, શાળાઓની અછત, નબળું શિક્ષણ માળખું અને અર્થતંત્રમાં અસંગઠિત ક્ષેત્રોની વૃદ્ધિને કારણે બાળમજૂરીનું પ્રમાણ વધતું

ગયું છે. વર્ષ 2011ની વસ્તી ગણતરીના આંકડા અનુસાર ભારતમાં બાળ મજૂરોની સંખ્યા 10.1 મિલીયન (1 કરોડ 1 લાખ) જેટલી છે. જે પૈકી 5-6 મિલીયન છોકરાઓ અને 4-5 મિલીયન છોકરીઓ છે. આમ બાળમજૂરી એ દેશ માટે કલંકરૂપ કહી શકાય. પરંતુ આ બાળમજૂરો પણ વસ્તી વિષયક વળતર એટલે કે ડિવિડન્ડ સ્વરૂપ ગણાય. લગભગ બધા જ બાળમજૂરો અસંગઠિત ક્ષેત્રે કામ કરે છે તેના અનેક કાયદાઓ હોવા છતાં વધતી વસ્તીને કારણે બાળમજૂરીને રોકવી એ એક પડકાર દેશ સમક્ષ રહેલો છે.

ભારતના બંધારણની કલમ 24 હેઠળ બાળમજૂરી પ્રતિબંધિત છે. ભારતીય દંડ સંહિતા બાળકોનો અધિનિયમ 2000નો જુવેનાઈલ જસ્ટીસ (સંભાળ અને રક્ષણ) અને બાળમજૂરી (પ્રતિબંધ અને નાબૂદી) અધિનિયમ 1986 ભારતમાં બાળમજૂરીને ઓળખવા, તેની સામે કાર્યવાહી કરવા અને રોકવા માટે કાયદાનો આધાર પૂરો પાડે છે. તેમ છતાં કાયદાના કડક અમલનો અભાવ, કાયદાના અમલનો વિલંબ એ બાળમજૂરીને રોકી શકાતું નથી. ભારતીય અર્થતંત્રના લગભગ તમામ અસંગઠિત નાના પાયાના અનૌપચારિક ક્ષેત્રોમાં બાળમજૂરી વિશેષ જોવા મળે છે.

## 3.5 ભારતમાં શ્રમદળ અંગેના અંદાજો

સામાન્ય રીતે શ્રમદળ એટલે કે જેની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી છે. તેનો સમાવેશ શ્રમદળમાં થાય છે. શ્રમદળમાં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોનો સમાવેશ થાય છે. જેઓ ચોક્કસ સમયગાળા દરમ્યાન માલ અને સેવાઓના ઉત્પાદન માટે શ્રમ પૂરો પાડે છે. શ્રમદળમાં જેઓ હાલમાં નોકરી કરે છે અને જે લોકો બેકાર છે પરંતુ કામની શોધમાં છે. તેમજ પ્રથમ વખત નોકરી શોધનારા લોકોનો સમાવેશ થાય છે. જે લોકો વેતન વિહીન એટલે કે અવેતન કામદારો કે શ્રમિકો, કૌટુંબિક કામદારો (જેમ કે મહિલાઓ-કુટુંબના સભ્યો ઘરકામ) અને વિદ્યાર્થીઓને શ્રમદળ જૂથમાં ઘણીવાર છોડી દેવામાં આવે છે. જયારે કેટલાંક દેશોમાં સશસ્ત્રદળોના સભ્યોની ગણતરી પણ શ્રમદળમાં કરવામાં આવતી નથી. મોસમી કામદારો કે કૃષિક્ષેત્રે સંકળાયેલા શ્રમિકો મોસમ (ઋતુગત) મુજબ કામ મળે ત્યારે શ્રમદળમાં પ્રવેશ કરે છે અને મોસમ સિવાય કામ છોડે છે. ત્યારે વર્ષ દરમ્યાન શ્રમદળનું કેન્દ્ર બદલાતું હોય છે. આ અંગે જુદા જુદા સર્વે અને જુદી જુદી સંસ્થાઓએ દેશમાં વસ્તીના વય બંધારણ અંગે જુદા જુદા અંદાજો રજૂ કર્યા છે.

### (1) વિશ્વ બેંકનો અંદાજ :

ભારતમાં 2021માં શ્રમદળની કુલ સંખ્યા 47,12,95,529 નોંધાઈ હતી. વિશ્વ બેંકના વિકાસ સૂચકાંકોના સંગ્રહ અનુસાર સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત સ્ત્રોતોમાંથી સંકલિત કરવામાં આવ્યા હતા. ભારતમાંથી શ્રમદળ, કુલ વાસ્તવિક મૂલ્યો, ઐતિહાસિક ડેટા, આગાહીઓ અને અનુમાનો વિશ્વ બેંક તરફથી જુલાઈ 2022ના રોજ પ્રાપ્ત થયા હતા

### (2) UNA Population Statistical Database :

યુ.એન. પોપ્યુલેશન સ્ટેટસ્ટીકલ ડેટાબેઝ મુજબ વર્ષ 2020થી વર્ષ 2050 વચ્ચે ભારતમાં 15-64 વર્ષની વયજૂથમાં વધુ 183 મિલીયન લોકો ઉમેરાશે. આમ આગામી ત્રણ દાયકામાં વૈશ્વિક વર્ક ફોર્સમાં 22 ટકા વધારો ભારતમાં આવશે. ભારત ડેમોગ્રાફીક ડિવિડન્ડના તબક્કામાં છે. જેમાં વર્ષ 2011 સુધીમાં કુલ વસ્તીનો અડધો ભાગ કાર્યકારી વયજૂથમાં છે અને બે દાયકાથી વધુ સમય સુધી આ ઝોનમાં રહેશે.

**(3) International Monetary Fund (IMF) :**

International Monetary Fundના working paperમાં જણાવ્યું છે કે વર્ષ 1980ના દાયકાથી ભારત દ્વારા અનુભવાયેલી વૃદ્ધિનો નોંધપાત્ર હિસ્સો દેશની વય બંધારણ અને બદલાતી વસ્તી વિષયકતાને આભારી છે. ભારત નજીકના ભવિષ્યમાં વૈશ્વિક વસ્તી વિષયક સંક્રમણમાં સૌથી વધુ વ્યક્તિગત યોગદાન આપનાર દેશ હશે.

**(4) Central Monitering Indian Economy (CMIE) :**

ભારતમાં શ્રમદળ માર્ચ 2022માં 428.4 મિલીયનથી વધીને એપ્રિલ 2022માં 437.2 મિલિયન થઈ ગયું છે. જે સૌથી મોટા માસિક વધારામાંનો એક છે. જેઓ શ્રમદળની બહાર હતા તેઓ એપ્રિલમાં શ્રમબજારમાં પાછા જોડાયા હતા. – (CMIE 12 May 2022)

**(5) યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) :**

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ દ્વારા ભારતમાં ડેમોગ્રાફીક ડિવિડન્ડ પર કરવામાં આવેલા અભ્યાસમાં બે રસપ્રદ તથ્યો સામે આવ્યા છે. ભારતમાં વસ્તી વિષયક ડિવિડન્ડની તકની વિન્ડો 2005-06થી 2055-56 સુધીના પાંચ દાયકાઓ માટે ઉપલબ્ધ છે. જે વિશ્વના કોઈપણ દેશ કરતાં વધુ લાંબી છે અને વસ્તીના પરિમાણોમાં વિભેદક વર્તનને કારણે વસ્તી વિષયક ડિવિડન્ડ વિન્ડો વિવિધ રાજ્યોમાં જુદા જુદા સમયે ઉપલબ્ધ છે.

વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા અનુસાર વસ્તી વિષયક ડિવિડન્ડનો અર્થ યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ મુજબ "વસ્તીના વય માળખામાં ફેરફારને કારણે આર્થિક વૃદ્ધિની સંભવિતતા, મુખ્યત્વે જ્યારે કાર્યકારી વયની વસ્તીનો હિસ્સો (15 થી 64 વર્ષ) મોટો હોય અને 14 અને તેનાથી નાની અને 65 કે તેથી વધુ ઉંમરની વસ્તીનો હિસ્સો ઓછો હોય છે."

**(6) Economic Survey (2018-19) :**

ભારતમાં 62.5 ટકા વસ્તી 15-59 વર્ષની વયજૂથમાં છે. જે સતત વધતી રહે છે અને વર્ષ 2036ની આસપાસ ટોચની સ્થિતિ પર હશે. જ્યારે તે આશરે 65 ટકા સુધી પહોંચશે. આ વસ્તી પરિમાણો ભારતમાં વસ્તી વિષયક ડિવિડન્ડની ઉપલબ્ધતા દર્શાવે છે. જે 2005-06માં શરૂ થઈ હતી અને 2055-56 સુધી ચાલશે. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર ભારતનું ડેમોગ્રાફીક ડિવિડન્ડ 2041ની આસપાસ ટોચ ઉપર રહેશે.

**(7) અન્ય અંદાજો :**

ભારતની કુલ કાર્યકારી વસ્તીના 94 ટકાથી વધુ અસંગઠિત ક્ષેત્રનો ભાગ છે. સ્થાનિક પરિભાષામાં ભારતમાં સંગઠિત ક્ષેત્ર અથવા ઔપચારિક ક્ષેત્ર એ લાઈસન્સ પ્રાપ્ત સંસ્થાઓનો સંદર્ભ આપે છે, એટલે કે જેઓ નોંધાયેલા છે અને GST ચૂકવે છે. આમાં સ્થાનિક સ્વરૂપે વેપાર કરતી કંપનીઓ સમાવિષ્ટ અથવા ઔપચારિક રીતે નોંધાયેલાં એકમો, કોર્પોરેશનો, ફેક્ટરીઓ, શોપીંગ મોલ્સ, હોટેલ્સ અને મોટા વ્યવસાયોનો સમાવેશ થાય છે. અસંગઠિત ક્ષેત્ર જેને પોતાના એકાઉન્ટ એન્ટરપ્રાઈઝ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે તમામ બિન લાઈસન્સ, સ્વરોજગાર અથવા બિન નોંધણી વગરની આર્થિક પ્રવૃત્તિઓનો સંદર્ભ આપે છે. જેમ કે માલિક દ્વારા સંચાલિત જનરલ સ્ટોર્સ, હસ્તકલા અને હાથશાળના કામદારો, ગ્રામીણ વેપારીઓ, ખેડૂતો, કામદારો, બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો વગેરે અસંગઠિત ક્ષેત્રે કાર્ય કરે છે.

ભારતમાં વર્ષ 2020માં 501 મિલીયન વર્કર છે. જે ચીન કરતાં બીજા ક્રમે છે.

## 3.6 વસ્તી વિષયક ડિવિડન્ડ સાથે સંકળાયેલા ફાયદાઓ

દેશમાં ઉચ્ચ કાર્યકારી વસ્તી એટલે કે 15 થી 64 વર્ષની વયજૂથની વસ્તીનું પ્રમાણ વધુ હોય, આશ્રિત વસ્તી એટલેકે 0 થી 14 વર્ષ અને 65 વર્ષથી ઉપરની વયજૂથનું પ્રમાણ ઓછું હોય તેથી દેશની આર્થિક પ્રવૃત્તિઓ વધુ થઈ શકે. આર્થિક વૃદ્ધિ દર અને આર્થિક વૃદ્ધિ સારી થઈ શકે અને તે માટે કેટલાંક ફાયદાઓ દેશમાં થાય છે.

**(1) શ્રમદળના પુરવઠામાં વધારો :**

દેશમાં જ્યારે યુવા વર્ગ વધુ પ્રમાણમાં હોય ત્યારે શ્રમદળનો પુરવઠો એટલે કે કામ કરનાર વર્ગમાં વધારો થાય છે. જે રાષ્ટ્રના ઉત્પાદનમાં વધારો કરે છે. વસ્તી વિષયક ડિવિડન્ડ દ્વારા સંસાધનોને બાળકો પરના ખર્ચમાંથી ભૌતિક અને માનવીય માળખામાં રોકાણ કરવા તરફ વાળવા માટે નાણાકીય વધારો થશે. વળી શ્રમદળના પુરવઠામાં વધારો થતાં મહિલાઓ પણ શ્રમકાર્યમાં જોડાય છે. શ્રમકાર્યમાં શારીરિક અને માનસિક કાર્યનો સમાવેશ થાય છે. યુવા મહિલાઓના કાર્યબળમાં વધારો થતાં કુદરતી રીતે જ તેમનામાં પ્રજનન ક્ષમતામાં ઘટાડો થાય છે. આ યુવા મહિલાઓની પ્રજનન ક્ષમતા ઊંચી હોય છે. જે દેશમાં વસ્તીવૃદ્ધિમાં પરિણમે છે. પરંતુ યુવા મહિલાઓના કાર્યબળમાં વધારો થતાં તેમની પ્રજનન ક્ષમતા ઘટવાથી વસ્તી વૃદ્ધિનો નવો સ્ત્રોત વસ્તી ઘટાડા સ્વરૂપે બની શકે છે. વસ્તી વૃદ્ધિનો દર ઘટવા પામશે. પરિણામે આશ્રિત વસ્તીના કુલ પ્રમાણમાં ઘટાડો લાવશે.

**(2) બચત, મૂડીરોકાણમાં વધારો :**

દેશના કાર્યકારી વયજૂથમાં વધારો થતાં દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. વ્યક્તિગત અને રાષ્ટ્રની કુલ બચતોમાં વધારો થાય છે. વ્યક્તિગત બચતો વધતાં લોકોની સુખાકારીમાં વધારો થાય છે. લોકોનું જીવનધોરણ ઊંચુ જાય છે. વ્યક્તિગત બચતો વધતાં બાળકોના ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર મૂકાય અને આ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર બાળકો ભવિષ્યમાં રાષ્ટ્ર માટે વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી શકશે. વળી વ્યક્તિગત બચતો વધતાં વ્યક્તિગત ઉત્પાદકીય મૂડીરોકાણમાં પણ વધારો થશે. બીજી બાજુ દેશની કાર્યકારી વયજૂથના લોકોમાં વધારો થતાં આવક અને બચતો વધે છે. રાષ્ટ્રની બચતો વધતાં રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પ્રકારની યોજનાઓનું આયોજન થશે. લોકકલ્યાણ માટે સરકાર નાણો ફાળવી, લોકોની આવકમાં વધારો કરી લોકોનું જીવનધોરણ ઊંચુ લાવશે. વળી સરકાર પણ બચતોમાં વધારો થતાં વિવિધ પ્રકારે ઉત્પાદકીય મૂડીરોકાણ કરશે. પરિણામે દેશમાં રોજગારીનું કુલ પ્રમાણ વધવા પામશે. રોજગારીનું સર્જન થતાં ફરી લોકોની આવક વપરાશ બચત-મૂડીરોકાણ-ઉત્પાદનમાં વધારો રોજગારીમાં વધારો થાય છે. આમ ગતિશીલ અર્થતંત્ર કે આર્થિક ચક્ર ચાલુ રહેશે. જે દેશની વસ્તી અને રાષ્ટ્ર માટે હિતકારી સાબિત થશે.

**(3) કુલ માંગમાં વધારો :**

કાર્યકારી વયજૂથમાં વધારો થતાં તેમની રોજગારીની તકોમાં વધારો થશે. આવકો વધતાં આ વર્ગની અન્ય ચીજવસ્તુઓ કે સેવાઓની માંગમાં વધારો થશે. જે ઉત્પાદન વધારવા ઉત્પાદકોને પ્રોત્સાહન આપશે. ઉત્પાદનના સાધનોને રોજગારીની તકો વધતાં ફરી તેઓની માંગમાં વધારો થશે. આમ રોજગારી-આવક-માંગ-ઉત્પાદનોમાં વધારો-રોજગારી અને આવક-માંગનું ચક્ર અર્થતંત્રમાં ચાલુ રહેશે. અર્થતંત્ર ગતિશીલ બનશે.

**(4) મહત્ત્વકાંક્ષી વર્ગનો ઉદય :**

દેશમાં યુવા વર્ગ અસ્તિત્વમાં આવતાં તેની રોજગારીની તકોમાં વધારો થાય છે.

મોટે ભાગે મધ્યમવર્ગીય સમાજ તરફ મોટા પાયે પરિવર્તન આવે છે. તેઓની વણ સંતોષાયેલી જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ બને છે. આવી વણ સંતોષાયેલી જરૂરિયાતો બજારમાં માંગ સ્વરૂપે આવતા અર્થતંત્રમાં ઉત્પાદન-ઉત્પાદનના સાધનોને રોજગારી સ્વરૂપે આવકો પ્રાપ્ત થતાં ફરી અન્ય ચીજોની માંગમાં વધારો થાય છે. અર્થતંત્ર ગતિશીલ બને છે અને એક નવો મધ્યમ વર્ગીય મહત્વકાંક્ષી વર્ગનો ઉદય થાય છે.

**(5) ડેમોગ્રાફીક ડિવિડન્ડનું ઐતિહાસિક પુનરાવર્તન :**

ઐતિહાસિક રીતે જોતાં ડેમોગ્રાફીક ડિવિડન્ડ એકંદરે વૃદ્ધિમાં 15 ટકા સુધીનું યોગદાન આપ્યું છે. જાપાનમાં વર્ષ 1964 થી વર્ષ 2004 સુધી ડેમોગ્રાફીક (વસ્તી) ડિવિડન્ડનો તબક્કો હતો. તે સમયે ઝડપી ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે જાપાને ખૂબ પ્રગતિ કરી અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શક્યું. આપણા દેશમાં પણ ડેમોગ્રાફીક ડિવિડન્ડનો લાભ પ્રાપ્ત કરવા માટે શિક્ષણ, કૌશલ્ય, તાલીમ અને ટેકનોલોજીકલ ઉપયોગથી માનવ સંસાધનને યોગ્ય રોજગારીની તકો પ્રાપ્ત થાય તો જાપાન કરતાં અનેકગણી આર્થિક વિકાસની શક્યતાઓ છે. વિશ્વમાં મહાસતા પ્રાપ્ત કરવાની ભારતની ક્ષમતા ઉભરતા યુવા વર્ગને કારણે જણાઈ રહી છે.

**(6) અસરકારક નીતિ નિર્માણ :**

દેશમાં ગમે તેટલી કુદરતી સંપત્તિ હોય પરંતુ જો માનવ સંસાધન ન હોય તો વિકાસમાં ઘણી અડચણો પેદા થાય. ભારત દેશમાં કાર્યકારી વયજૂથની વસ્તી આશ્રિત વસ્તી કરતાં ઘણી છે. પરિણામે સરકાર વિવિધ પ્રકારની યોજનાઓ કે કાર્યક્રમો અમલમાં મૂકે અથવા ભાવિ આયોજન અને તેના અમલીકરણ માટે યુવા કાર્યકારી વયજૂથની વસ્તી કટિબદ્ધ બને છે. યુવા વર્ગ સરકારની તમામ યોજનાઓને પૂર્ણ કરવા સક્ષમ છે. કાર્યકારી વયજૂથને કારણે જ સરકારની વિવિધ યોજનાઓ આર્થિક વિકાસનું એન્જીન બને છે. કોઈપણ દેશની આર્થિક વૃદ્ધિનો આધાર આશ્રિત વસ્તી કરતાં કાર્યકારી વયજૂથ ઉપર નિર્ભર છે. યોગ્ય અસરકારક નીતિઓનું નિર્માણ થવામાં આ વયજૂથનો સિંહફાળો હોય છે. લોકોને સામાજીક અને આર્થિક લાભોની પ્રાપ્તિ કાર્યકારી વયજૂથ દ્વારા થાય છે. હજુ દેશમાં 2055-56 સુધી કાર્યકારી વયજૂથને કારણે આર્થિક વિકાસના ફળ આપણે ચાખી શકીશું.

**(7) બાળકોના ઉછેર પાછળ ઓછો ખર્ચ :**

ભારતમાં બાળકોના જન્મદર ઘટતાં બાળકોના ઉછેર પાછળ થતો ખર્ચ ઘટીને વિકાસ તરફ ખર્ચ વધે છે. ફર્ટીલીટી (પ્રજનન દર) ઘટતાં જન્મ ઘટે છે. ઉછેર પાછળનું ખર્ચ ઘટતાં આર્થિક વિકાસના માળખા તરફ વધુ રોકાણ વાળી શકાય છે. મૂડીરોકાણ તરફ ફંડ વળે છે. તેથી પણ આર્થિક વૃદ્ધિ ઝડપથી વધે છે. માનવ માળખામાં પરિવર્તન આવતા સામાજિક માળખું વિકસે છે. જેમ કે આરોગ્ય, પોષણ અને શિક્ષણ પાછળ વધુ ખર્ચ ફાળવી શકાય. તેથી માનવીની ઉત્પાદકતા વધે છે. વળી ફર્ટીલીટી દર ઘટતા મહિલા શ્રમિકોના પુરવઠામાં વધારો થાય છે અને મહિલાઓ વધુ સમય ઉત્પાદક શ્રમ પાછળ આપી શકે છે અને તે રીતે એકંદર મહિલા શ્રમ પુરવઠો વધે છે. જે અર્થતંત્રમાં આર્થિક વૃદ્ધિમાં પરિણમે છે.

**(8) શહેરીકરણ અને નવપ્રવર્તનો વધે :**

દેશમાં શ્રમનો પુરવઠો વધતાં શહેરીકરણ વધે છે. કારણ કે શ્રમિક ગ્રામીણ યુવાનો રોજગારી અર્થે શહેરો તરફ વળે છે. શહેરીકરણ વધવા સાથે સેવાક્ષેત્રનો વિકાસ થાય છે. રોજગારી શોધતા યુવાનો વધુ સારી તકો માટે પ્રયત્નશીલ બને છે. સારી તકો પ્રાપ્ત

કરવા નવી નવી આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવે છે. તે પૈકી ઘણા નવપ્રવર્તનો સર્જાય છે. દેશમાં નવ પ્રવર્તનો વધતાં દેશ આર્થિક રીતે સદ્ધર બને છે. માળખાકીય સુવિધાનો વિકાસ થાય છે અને તેના મીઠા ફળ ઉત્પાદન સ્વરૂપે રાષ્ટ્રને મળે છે.

## 3.7 વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામે પડકારો

વિદ્વાનો સૂચવે છે કે ભારતના શ્રમબજારની અસમર્થતા અને માળખું, અનૌપચારિક અર્થતંત્રનું કદ, ઉદ્યોગોને વધતા જતા અટકાવતી કાનૂની અડચણો અને આધુનિક ઉત્પાદન તકનિકોનો અભાવ એ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામેના મોટા પડકારો છે. વળી બીજા પણ કેટલાંક પડકારો નીચે મુજબના ગણાવી શકાય.

### (1) કૌશલ્યનો અભાવ :

ભારત કાર્યકારી વયજૂથ ધરાવતો ધનિક દેશ વસ્તીના વયજૂથ બંધારણમાં ગણી શકાય. પરંતુ આ વયજૂથની વસ્તી માટે ભવિષ્યમાં સર્જાતી મોટા ભાગની નવી નોકરીઓ અત્યંત કુશળ હશે. ભારતીય કર્મચારીઓમાં કૌશલ્ય અને તાલીમનો અભાવ એ એક મોટો પડકાર છે. ઓછું માનવ મૂડીરોકાણ અને કૌશલ્યના અભાવે ભારત વસ્તી વિષયક વળતરની તકોનો લાભ ઉઠાવી શકશે નહીં. આ એક મોટો પડકાર છે.

### (2) નીચા માનવ વિકાસ પરિમાણો :

UNDPના માનવ સૂચકાંકમાં ભારત 189 દેશોમાંથી 130માં ક્રમે છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત ગણી શકાય. માનવ વિકાસ આંકમાં (Human development Index) સરેરાશ આયુષ્ય, શિક્ષણ અને માથાદીઠ આવકને ધ્યાનમાં લેવાય છે. ભારતના આ ત્રણેય ક્ષેત્રે વિશ્વની તુલનાએ ઘણું પાછળ છે. ભારતે વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવું હોય તો ભારતીય કર્મચારીઓને કાર્યક્ષમ અને કુશળ બનાવવા માટે આરોગ્ય અને શિક્ષણના પરિમાણોમાં નોંધપાત્ર સુધારો કરવાની જરૂર છે. આમ માનવ વિકાસ પરિમાણો એ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ માટે મહત્ત્વનો પડકાર છે.

### (3) જોબલેશ ગ્રોથ :

ભારતમાં વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ માટે મોટી ચિંતા એ રહી છે કે ડી. ઔદ્યોગિકરણ, ડી.ગ્લોબલાઈઝેશન, ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને તકનિકી પ્રગતિને કારણે ભાવિ વસ્તીવૃદ્ધિ બેરોજગાર બની શકે તેમ છે. NSSO (National Sample Survey Organization) સામયિક લેબર ફોર્સ સર્વે 2017-18 મુજબ ભારતમાં 15-59 વર્ષની વયજૂથ માટે ભારતનો શ્રમદળ સદ્‌ભાગિતા દર લગભગ 53 ટકા છે. એટલે કે કામકાજ વયની વસ્તીનો અડધો ભાગ બેરોજગાર છે. આમ વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવા માટે રોજગારી એ મહત્ત્વનું પરિબળ છે. પરંતુ ભારતમાં જોબલેશ ગ્રોથ એ અગત્યનો પડકાર ગણી શકાય.

### (4) ગરીબ રાજ્યોમાં વસ્તી વૃદ્ધિ :

કાર્યકારી વયના ગુણોત્તરમાં વૃદ્ધિ ભારતના કેટલાંક સૌથી ગરીબ રાજ્યોમાં કેન્દ્રિત થવાની સંભાવના છે. આ ગરીબ રાજ્યો ધનિક રાજ્યોની તુલનાએ રોજગારી સર્જન કરી શકવા શક્તિમાન નથી. વસ્તી વિષયક ડિવિડન્ડ માત્ર ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે ભારત આ કાર્યકારી વયની વસ્તી માટે લાભદાયક રોજગારીની તકો ઊભી કરવામાં સક્ષમ હશે. આમ રાજ્યોની આર્થિક અસમાનતા અને વસ્તી વૃદ્ધિ તેમજ તેનું વય બંધારણ પણ રાષ્ટ્ર સમક્ષ રોજગારી પૂરી પાડવા માટે મોટી સમસ્યા છે.

(5) ભારતમાં અર્થતંત્રની અનૌપચારિક પ્રકૃતિ ભારતમાં વસ્તી વિષયક સંક્રમણના લાભો મેળવવામાં બીજી મહત્ત્વની અડચણ છે.

**(6) બાળમજૂરી મોટો પડકાર :**

વર્ષ 2011ના પોપ્યુલેશન સેન્સસ મુજબ ભારતમાં બાળમજૂરોની સંખ્યા 10.1 મિલીયન જેમાં 5-6 મિલીયન છોકરાઓ અને 4-5 મિલીયન છોકરીઓનો સમાવેશ થાય છે. વિશ્વભરમાં કુલ 152 મિલીયન બાળકો પૈકી 64 મિલીયન છોકરીઓ અને 88 મિલીયન છોકરાઓ બાળમજૂરી કરતાં હોવાનો અંદાજ છે. ભારતમાં ગરીબી, શાળાઓની અછત, નબળું શિક્ષણ માળખું અને અસંગઠિત અર્થતંત્રની વૃદ્ધિને બાળમજૂરીના સૌથી મહત્ત્વપૂર્ણ કારણો તરીકે ગણવામાં આવે છે.

આ બાળમજૂરો શ્રમદળમાં ઉમેરો કરે છે. પરંતુ ભાવિ પેઢી માટે અશિક્ષિત, કૌશલ્ય વિહિન બાળમજૂરો યુવાન થયા પછી માનવ વિકાસ ગુણોત્તરને નીચો લઈ જશે. જે ભાવિ ભારત માટે મોટો પડકાર બનવાની સંભાવના છે.

**(7) રોજગારી, શિક્ષણ અને તાલીમનો અભાવ :**

દેશમાં મોટો વર્ગ ગરીબાઈમાં જીવન ગુજારે છે. ગરીબો માટે ઉત્પાદક રોજગારીની તકો સર્જવી એ મોટો પડકાર છે. સરકારની નોકરીઓ આપવાની મર્યાદા હોય છે. તેથી મોટે ભાગે રોજગારીની તકો ખાનગી ક્ષેત્રે સર્જવી પડે. વળી ગરીબ વર્ગોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ પ્રવર્તે છે. તેથી તેઓ આધુનિક વિકાસને અનુરૂપ ઉત્પાદક રોજગારી માટે તૈયાર હોતા નથી. Unskilled કે તદ્દન ઓછા Skill ધરાવતા શ્રમિકોને શિક્ષણ અને તાલીમ આપી Skilled Labour બનાવવા એ મોટો પડકાર છે. માનવ વિકાસ વધુ જરૂરી છે. ભારત જેવા વિકસતા દેશોમાં શિક્ષણમાં Drop out Ratio (ભણતર અધૂરું છોડી દેવું)નું પ્રમાણ વધુ છે તથા શિક્ષણ સ્તર નીચું છે. વળી આરોગ્ય સેવાઓ પણ ગ્રામીણ વિસ્તારોમાં બહુ ગુણવત્તા વાળી નથી. આ સંજોગોમાં શિક્ષણ અને આરોગ્યનું પ્રમાણ વિકસવા સાથે તેની ગુણવત્તામાં વ્યાપક સુધારાની જરૂરિયાત છે.

**(8) અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની નીચી ઉત્પાદકતા :**

ભારત જેવા વિકાસશીલ દેશમાં હજુ અસંગઠિત ક્ષેત્ર મોટા પ્રમાણમાં છે. તેથી સંગઠિત ક્ષેત્રમાં વધુ લોકોને સમાવવા માટે વિદેશી મૂડી આકર્ષવી જરૂરી છે. દેશના ઉદ્યોગોના વિકાસ માટે પ્રોત્સાહનો આપવા જરૂરી છે. અસંગઠિત ક્ષેત્રમાં ટેકનોલોજી પછાત હોવાથી તેની ઉત્પાદકતા ઓછી હોય છે. વિશાળ એવા અસંગઠિત ક્ષેત્રમાં ટેકનીકલ સુધારા અને ઉત્પાદકતા વૃદ્ધિ અત્યંત આવશ્યક છે. આમ અસંગઠિત ક્ષેત્રના કામદારોની નીચી ઉત્પાદકતા કે જે દેશનો મોટો વર્ગ છે; તે મોટો પડકાર છે.

દેશમાં માત્રા યુવા વધુ હોવાથી વસ્તીનું ડિવિડન્ડ મળી જતું નથી પણ યુવાનોને નવા સમય પ્રમાણે કામ પૂરું પાડવું એ એક પડકાર છે. ઉત્પાદનના સાધનો સિમિત છે. યુવાનો વધુ છે એટલે કે શ્રમનો પુરવઠો વિશાળ છે. આ યુવાનોને કઈ રીતે કામ આપવું અને પ્રગતિના માર્ગમાં કેવી રીતે જોડવા તે પણ પડકાર છે.

## 3.8 વસ્તી વિષયક વળતરના પડકારો સામેના ઉપાયો / વસ્તી વિષયક વળતરના ઉપાયો

ભારતમાં વિશ્વની સૌથી વધુ કાર્યકારી વસ્તીજૂથ છે. યુવા દેશ તરીકે ભારતે સ્થાન લીધું છે. પરંતુ આ કાર્યકારી વયજૂથ સામે કેટલાંક પડકારો છે. આ પડકારોનો ઉકેલ લાવી શકાય તો જ વસ્તી વિષયક ડિવિડન્ડની પ્રાપ્તિ મેળવી શકાય. વસ્તી વિષય ડિવિડન્ડના

પડકારોનો ઉકેલ નીચે મુજબ લાવી શકાશે.

**(1) શૈક્ષણિક ક્ષેત્રે વધુ મૂડીરોકાણની આવશ્યકતા :**

ભારતમાં સાક્ષરતા દર વિશ્વના અલ્પવિકસિત દેશોની તુલનાએ ઘણો ઓછો છે. દેશમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણમાં યોગ્ય અને વધુ મૂડીરોકાણ કરીને શૈક્ષણિક સ્તરને વધારવાની જરૂર છે. 20 વર્ષથી ઓછી વયની વગભગ 41 ટકા વસ્તી ધરાવતું ભારત; જો સારી શિક્ષણ પ્રણાલી હોય તો જ વસ્તી વિષયક ડિવિડન્ડ મેળવી શકે છે. ઉપરાંત શૈક્ષણિક-ઉદ્યોગ સહયોગ, આધુનિક ઉદ્યોગની માંગણીઓ અને શિક્ષણવિદ્દોમાં શીખવવાના સ્તરને સુમેળ કરવા માટે જરૂરી છે. રાષ્ટ્રીય આવકના મીનીમમ 5 ટકા મૂડી રોકાણ શૈક્ષણિક ક્ષેત્રે કરવાની આવશ્યકતા છે. સરકારે હાયર એજ્યુકેશન ફાયનાન્સ એજન્સી (HEFA)ની સ્થાપના આ દિશામાં આવકાર્ય પગલું છે.

**(2) આરોગ્ય વિષયક સગવડોમાં વધારો કરવો :**

આયુષ્યમાન ભારત અને નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ (NHPS) જેવી યોજનાઓની સફળતાની જરૂર છે. એકીકૃત બાળવિકાસ (ICDS) કાર્યક્રમના અસરકારક અમલીકરણ સાથે મહિલાઓ અને બાળકોમાં પોષણ સ્તરને વિશેષ કાળજી રાખવાની જરૂર છે. તંદુરસ્ત ભારતની રચના માટે સ્વાસ્થ્ય રોકાણ કરવાનું છે. સ્વાસ્થ્ય ખર્ચ ભારતના આર્થિક વિકાસની ગતિ જાળવી રાખી નથી. ભારતમાં આરોગ્ય પાછળનો ખર્ચ GDPના લગભગ 1 ટકા જેટલો રહ્યો છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે બહેતર આરોગ્ય સુધરેલાં આર્થિક ઉત્પાદનની સુવિધા આપે છે. તેથી વસ્તી વિષયક ડિવિડન્ડ દરમ્યાન આરોગ્યને પ્રોત્સાહન આપવા માટેની નીતિઓનો મુસદ્દો બનાવવો મહત્ત્વપૂર્ણ છે. આરોગ્ય માટે વધુ નાણાં ફાળવવાની તેમજ ઉપલબ્ધ ભંડોળમાંથી સારી આરોગ્ય સુવિધાઓની જરૂર છે. રીપ્રોડક્ટીવ હેલ્થકેર સેવાઓને અધિકારો આધારિત અભિગમ પર સુલભ બનાવવાનું છે. ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રાથમિક શિક્ષણ અને મૂળભૂત આરોગ્ય સંભાળ માટે સાર્વત્રિક વધુ ખર્ચ કરવાની જરૂર છે. તાજેતરના નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-5 (2019-21) મુજબ ભારતમાં કુટુંબ નિયોજનની અપૂર્ણ જરૂરિયાત 9.4 ટકા છે. જે ચીનમાં 3.3 ટકા અને દક્ષિણ કોરિયામાં 6.6 ટકા છે. જેને પૂર્ણ કરવાની જરૂર છે. દેશના નાગરિકોનું સારું હેલ્થ એ વસ્તી વિષયક વળતર ઊંચુ આવે છે.

**(3) વધુ કૌશલ્ય અને તાલીમ કેન્દ્રો વિકસાવવા :**

ભારતમાં વસ્તી એક અબજ અને 35 કરોડ આસપાસની છે. કુલ વસ્તી પૈકી બાળકો અને વૃદ્ધોને બાદ કરતાં કાર્યકારી વયજૂથની વસ્તીમાં કૌશલ્યવર્ધક શિક્ષણ આપવાની જરૂર છે. મેકોલોની શિક્ષણ પદ્ધતિ માત્રને માત્ર કારકૂનો પેદા કરે છે; જે વધુ રોજગારીની તકોનું સર્જન કરતી નથી. પરિણામે આપણા દેશનો ક્રીમ વર્ગ એટલે કે હાયર એજ્યુકેટેડ લોકો વિદેશમાં જાય છે. આપણું મોંઘું માનવ સંસાધન ફોરેન કન્ટ્રીઝમાં સ્થળાંતરિત થાય છે. શ્રમકાર્ય માટે પણ લોકો વધુ આવકની અપેક્ષાએ વિદેશમાં ગતિશીલ બને છે.

21મી સદી ટેકનોલોજી અને જ્ઞાનની સદી છે. દેશમાં માનવ સંસાધન રૂપી મૂડી એટલે કે કાર્યશીલ વસ્તીનું પ્રમાણ પુષ્કળ છે. આ કાર્યશીલ વસ્તીને માત્ર જિલ્લા લેવલે નહીં પરંતુ તાલુકા સ્તરે અથવા ગામડાઓના ક્લસ્ટર બનાવી વધુ કૌશલ્યશીલ (Skill Devlopment) કરવા વિવિધ પ્રકારના તાલીમ કેન્દ્રો વિકસાવવાની જરૂર છે. જો કે જિલ્લા કક્ષાએ અને મોટા શહેરોમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો સ્થપાયા છે. પરંતુ તે અપૂરતા છે. હજુ વધુ ટ્રેનિંગ સેન્ટરો ઉત્પાદકીય હેતુસર સ્થાપવામાં આવે તો દેશમાં બેરોજગારીની

સમસ્યા રહેશે નહીં અને રાષ્ટ્ર વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી શકે. જો કે સરકારે ભારતમાં ઈ.સ. 2022 સુધીમાં 500 મિલીયન લોકોને કૌશલ્યશીલ બનાવવાના એકંદર લક્ષ્ય સાથે નેશનલ સ્કીમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)ની સ્થાપ નાકરી છે.

**(4) બાળકો અને કિશોરોમાં વધુ મૂડીરોકાણ :**

બાળકો એ રાષ્ટ્રનું ભાવિ છે. જેટલાં અંશે બાળકો અને યુવાનોને (ટીન એઝ વર્ગ) સરકાર વિવિધ પ્રકારની ટ્રેનિંગ આપી તૈયાર કરશે, તેટલા અંશે દેશનું કાર્યબળ મજબૂત બનશે. જે ભાવિ ઉત્થાનના પાયા મજબૂત કરશે. હરિફાઈ યુગમાં બાળકો અને કિશોરોમાં કોમ્પ્યૂટર અને અંગ્રેજીનું જ્ઞાન, નવી ટેકનોલોજી અને તેમાં પરિવર્તન તથા સંશોધનો વડે સજ્જતા કેળવાશે, તો તેવો વર્ગ કાર્યકારી વયજૂથમાં પ્રવેશતાં જ ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવા કટિબદ્ધ બનશે. જે રાષ્ટ્રીય આવકમાં વધારો કરવાનો સ્ત્રોત બનશે.

રાષ્ટ્રના વિકાસ માટે સમાજના તમામ વર્ગોના ઉત્પાદક યોગદાનની જરૂર છે. ખાસ કરીને બાળકો અને યુવાનો જેમને સ્વ અભિવ્યક્તિની તકો પૂરી પાડવાની જરૂર છે. બાળકો અને યુવાનોમાં ઘરગથ્થુ અને રાષ્ટ્રીય રોકાણોમાં જ્યાં સુધી તેઓ વૃદ્ધ સમૂહમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી આર્થિક રીતે સક્રિય વસ્તીની ઉચ્ચ ઉત્પાદકતાના સંદર્ભમાં લાંબા ગાળાનું વળતર આપે છે. આથી બાળકો અને કિશોરોમાં વધુ મૂડીરોકાણ કરી લાંબા ગાળાનું વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી રાષ્ટ્રનો આર્થિક પાયો મજબૂત કરવાની જરૂર છે.

**(5) રોજગારીની ક્ષમતા વધારવાની જરૂર :**

આપણા દેશમાં દર વર્ષે લગભગ 1 કરોડ 30 લાખ બાળકો જન્મે છે. જે સમયાંતરે 1 કરોડ અને 30 લાખ લોકો રોજગારી શોધે છે. વરસે દહાડે સરકાર 60 થી 70 લાખ લોકોને રોજગારી પૂરી પાડી શકે છે. આથી દર વર્ષે 50 થી 60 લાખ લોકો બેરોજગાર રહે છે. જે ચક્રવૃદ્ધિ ગતિએ દેશની બેકારીમાં વધારો કરે છે. કૃષિક્ષેત્રે પણ છુપી અને મોસમી બેકારી, અર્ધ બેકારી જોવા મળે છે. આ બેકાર યુવાનોને કાર્યબળમાં સામેલ કરવા માટે રાષ્ટ્રને દર વર્ષે યુવાનો માટે નોકરીનું સર્જન કરવાની જરૂર છે. વ્યવસાયોના હિતમાં અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાથી મોટા શ્રમબળને રોજગારપ્રદાન કરવા માટે રોજગાર નિર્માણમાં મદદ મળશે. વિશ્વ બેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ભારતનું સુધરેલું રેકીંગ સારો સંકેત આપે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાઓ જો યોગ્ય રીતે લાગુ કરવામાં આવશે તો નજીકના ભવિષ્યમાં ઈચ્છિત પરિણામો ભારત મેળવી શકશે. વળી ગ્રામીણ વિસ્તારમાં પછાત કૃષિક્ષેત્ર અને પોષણક્ષમ ભાવોના અભાવે નવી પેઢી ખેતી કરવા તૈયાર નથી. આથી ગામડાંનો યુવાન શહેરોમાં ગતિ કરે છે અને દેશમાં શહેરીકરણના અનેક પ્રશ્નોનું સર્જન થાય છે. ભારત સાડા સાત લાખ ગામડાનો બનેલ દેશ છે. મુખ્ય વસ્તી ગામડાંમાં રહે છે. જો ગામડાંમાં જ યુવાનોને રોજગારીની તકો વધે અને શહેર જેવી સુવિધા ઉપલબ્ધ થાય. તેમજ કૃષિ ક્ષેત્રે નવા ટેક્નોલૉજીકલ ઉપકરણોનો ઉપયોગની યુવાનોને તાલીમ આપવામાં આવે તો ખેત ઉત્પાદકતામાં વધારો થાય અને યુવાનો ખેતી કરવા પ્રેરાય. તેમ જ ગામડાંનો ખેડૂત ગામડાંમાં જ રોજગારી મળતા શહેરીકરણના પ્રશ્નો ઉદ્ભવશે નહીં. વળી મોસમી અને પ્રચ્છન્ન બેકારી ટાળવા નાના, કુટીર અને ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાથી ગ્રામીણક્ષેત્રે વધુ રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. સરકારની વિવિધ યોજનાઓનો અમલ તર્કબદ્ધ રીતે અને પદ્ધતિસર રીતે ગામડાંમાં થાય તો યુવાનો અને કિશોરોની શક્તિ અને બુદ્ધિનો લાભ રાષ્ટ્રને પ્રાપ્ત થશે.

શહેરોમાં પણ સરકારે સ્માર્ટ સીટી, Amrut યોજનાને અસરકારક બનાવી અનેક

ક્ષેત્રે રોજગારી વધારવાનો પ્રયત્ન કર્યો છે તે આવકારદાયક છે.

**(6) મહિલા કર્મચારીની સહભાગિતા વધારવી :**

રાષ્ટ્રનો લગભગ 50 ટકા હિસ્સો મહિલાઓનો છે. આ મહિલાઓને 33 ટકા અનામત રાજકીય ભાગીદારીમાં આપી રાજકીય ક્ષેત્રે સશક્ત બનાવી છે. તેવી જ રીતે શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ તકો આપી મહિલાઓને સશક્ત બનાવવાની જરૂર છે. હજુ પણ 40 ટકા મહિલાઓ વાસ્તવમાં અશિક્ષિત છે અથવા પ્રાયમરી શિક્ષણ પ્રાપ્ત કરી ભણવાનું છોડી દે છે. આવી મહિલાઓને શિક્ષિત અને તાલીમબદ્ધ કરી તેમની સહભાગિતા વધારવાની ખૂબ જ જરૂર છે. દેશનુ અડધું માનવ સંશાધન લકવાગ્રસ્ત અવસ્થામાં રહે તો દેશનો વિકાસ આર્થિક ક્ષેત્રે થઈ શકે નહીં. આથી આ અડધા માનવ સંશાધન સ્ત્રીઓને ઉત્પાદકીય હેતુસર જોડવી જોઈએ. નાબાર્ડ અને સરકારે સ્વસહાય જૂથ, સખીમંડળ દ્વારા ઘણા સારા પરિણામો મહિલાની સહભાગિતા દ્વારા પ્રાપ્ત કર્યા છે. કૌશલ્યો અને તાલીમ કેન્દ્રો દ્વારા ગ્રામીણ ક્ષેત્રે મહિલાઓની સહભાગિતા વિસ્તારવાની ખૂબ જ જરૂર છે. મહિલાઓની કામ કરવાની ક્ષમતા, શક્તિ અને વૃત્તિ પુરુષોની તુલનાએ વિશેષ છે. તેનો લાભ રાષ્ટ્રે લેવાની જરૂર છે.

## 3.9 ડેમોગ્રાફી ડિવિડન્ડ સંદર્ભે ભારતની વર્તમાન સ્થિતિ

21મી સદીમાં ભારત એક યુવા દેશ થવા તરફ જઈ રહ્યો છે. તેવી માન્યતા અથવા વિચાર સંદર્ભે વર્તમાન સરકારે અગાઉથી જ ચોક્કસ આયોજન અમલમાં મૂક્યું છે.

- ઓછા ગતિશીલ એવા આયોજન પંચના માળખાને સ્થાને કેન્દ્ર સરકારે નીતિ આયોગની શરૂઆત થઈ અને તેમાં ટેકનોલોજી સુધારણા ઉપર ભાર મૂકાયો છે.
- ભારત સરકારે National Skilll Devlopment Corporation (NSDC)ની રચના કરી તેની અંતર્ગત દેશમાં વિદ્યાર્થી અને યુવાનોના Skill Devlopment માટે પ્રોજેક્ટ તૈયાર કર્યા.
- નવી શિક્ષણ નીતિ અમલમાં મૂકાઈ જેમાં Creativity એટલે કે સર્જનાત્મક તરફ વિદ્યાર્થીઓને પ્રેરવા તરફ ભાર મૂકાયો તથા શિક્ષણ ઉદ્યોગ સહયોગ વધે તેના ઉપર ભાર મૂકાયો.
- National Health Protection Skill (NHPC) અંતર્ગત બાળકો અને મહિલાઓના પોષણના કાર્યક્રમો ઘનિષ્ઠ બનાવવામાં આવ્યા.
- Integrated Child Devlopment Skill (ICDS) અંતર્ગત નાના બાળકોને પોષણ અને વિકાસના કાર્યક્રમો ઉપર વધુ ભાર મૂકાયો.
- આયુષ્યમાન ભારતની હેઠળ તમામ નાગરિકોને (ગરીબ અને મધ્યમ વર્ગના) આરોગ્યની વિના મૂલ્યે સુવિધા પૂરી પાડવાની અને રૂ. પાંચ લાખ સુધીનો તબીબી ખર્ચની સહાય દરેકને ઉપલબ્ધ બની. હેલ્થનો સારો કાર્યક્રમ છે.
- દેશમાં ધંધા વેપાર કરવાની સરળતાની નીતિ અપનાવાઈ અને નવા મૂડીરોકાણો કે વિસ્તરણની દરખાસ્તોના ઝડપી નિકાલ ઉપર ભાર મૂકાયો. પરિણામે વિશ્વમાં ધંધા વેપાર કરવાની સરળતાની યાદીમાં ભારતના ક્રમનો સારો એવો સુધારો થયો છે. આથી જ પુષ્કળ પ્રમાણમાં વિદેશી મૂડી આવે છે.
- વિદેશી મૂડી માટે રેટ કાર્પેટની નીતિ મૂકીને વધુ છૂટછાટ આપવામાં આવી.

- Infrastructureમાં મોટા પાયા ઉપર સુધારો જેમ કે દરેક ગામમાં વિજળી પહોંચાડવી, રોડ રસ્તા સુપર ફાસ્ટ (ફોર લેન સિક્સ લેન) સારી ગુણવત્તાવાળા હાઈવે તથા ઝડપી વાહનવ્યવહાર માટે રાષ્ટ્રભરમાં ઓવર બ્રીજ બનાવ્યા.
- રેલવેનું આધુનિકરણ, ડબલ લાઈન, બ્રોડગેજ લાઈન અને ઈલેક્ટ્રીફિકેશન અને ઝડપી આરામદાયક રેલવે લાઈન નખવામાં આવી.
- પેટ્રોલ, ડીઝલના વિકલ્પના સસ્તા ઈલેક્ટ્રીક વાહનો સ્કુટર, કારો, બસો વગેરે પાંચ વર્ષમાં વિકસાવવાનાં પ્રયત્નો, વિદેશી હૂંડિયામણનો ઘણો ભાગ ઓઈલની આયાત તરફ જાય છે તે બચી જશે.
- Start of India યુવાનોને ક્રીએટીવીટી માટે તાલીમ અને IIT (Indian Institute of Technology) અને પેટન્ટ બનાવવા માટે મદદ કરે અને રાહતદરે સરકાર તરફથી લોન આપવામાં આવે. દેશમાં નવી IIT (Indian Institute of Technology), IIM (Indian Institute of Management)ની ઘણા રાજ્યોમાં સ્થાપના કરી છે. હજારો I.T.I ઔદ્યોગિક તાલીમ શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. નાના લેવલે ઓછા અભ્યાસવાળાને ઔદ્યોગિક તાલીમ મળે, સ્વરોજગારી કે રોજગારી મેળવી શકે અને ઉચ્ચ સ્તર માટે I.T.I જેમાં ટોપ લેવલના ઈજનેરો તૈયાર થાય.
- Make in India policy અંતર્ગત વિદેશી કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટેની ઉદાર શરતો અને સગવડો પૂરી પાડી મોટા પાયા ઉપર વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં આવી રહ્યું છે. બે કંપની માત્ર મોબાઈલની ભારતમાં હતી. અત્યારે 150થી વધુ વિદેશી કંપનીઓ ભારતમાં આવી છે. જેથી ભારત પણ પ્રોડક્શનનું કેન્દ્ર બન્યું છે. 'તેજસ' લશ્કરી એરક્રાફ્ટ માટે કેટલાય દેશોની ડિમાન્ડ આવી છે. આટલા ઓછા વજનનું અને મજબૂત ક્ષમતાવાળું વિમાન હાઈ ટેકનોલોજીનું ભારતે બનાવ્યું અને વિદેશના લોકોની માંગ વધી છે.
- સ્વદેશી વિચારને મહત્ત્વ આપી દેશની વસ્તુઓનો ઉપયોગ અને દેશના ઉદ્યોગોને પ્રાયોરિટી આપવાની, સ્વદેશી ચળવળ સ્વરૂપે રોજગારી સર્જે છે.
- Smart City Mission શહેરીકરણ, ઔદ્યોગિકકરણ અને વાણિજ્યકરણ સાથે સીધો સંબંધ છે. આથી મધ્યમ કદના શહેરો માટે સ્માર્ટ સિટી યોજના અમલમાં મૂકવામાં આવી છે. દા.ત., વડોદરા, ઈંદોર, નાગપુર, લખનૌ. જે મેગા સિટી નહીં પણ મધ્યમ કદના શહેરોમાં બધી જ આધુનિક સેવાઓ વિકસે બાજુના શ્રમ પુરવઠો ગામડાંના લોકો શહેરોમાં આવે એમને પુરતી સુવિધા મળે, વાણિજ્યકરણ અને ઉદ્યોગિકરણને સહાયક બને છે. આજુબાજુના ગ્રામીણ વિસ્તારના શ્રમ પુરવઠાને સારી તકો પૂરી પાડે છે.

ભારતના આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી પ્રસંગે વડાપ્રધાને આગામી 25 વર્ષમાં એટલે કે દેશની આઝાદીના શતાબ્દી વર્ષ સુધીમાં (2047) ભારત એક વિકસિત રાષ્ટ્ર બને અને વૈશ્વિક મહાસતા બને તે માટે ભાવિ આયોજન દર્શાવ્યું છે. અત્યાર સુધીમાં યુવા દેશ તરીકે વસ્તી વળતરના મહત્તમ લાભ લઈ શકાય તે માટે કેન્દ્ર સરકારે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેને પરિણામે દેશની આર્થિક વૃદ્ધિ પ્રતિકૂળ સંજોગોમાં પણ નોંધપાત્ર રહેવા પામી છે. ઊંચી દરે આર્થિક વૃદ્ધિ થવાને પરિણામે ભારત કુલ રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં ઈંગ્લેન્ડથી આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં પાંચમાં સ્થાને પહોંચ્યું છે. વસ્તી વળતરના વધુ સારા લાભ ભવિષ્યમાં

લઈ શકાય તે માટે દેશમાં આગામી બેથી અઢી દાયકા સુધી સ્થિર અને મજબૂત કેન્દ્ર સરકારની આવશ્યકતા રહે છે.

## ● સારાંશ

વર્તમાનમાં ચીન આર્થિક ઉપાર્જનમાં આપણા કરતાં સારી પ્રગતિ કરી છે. પરંતુ વસ્તી વૃદ્ધિની સમસ્યા હલ કરવા ચીન સરકારે 1979માં એક બાળકની નીતિ કડકાઈથી અપનાવી. જેના કારણે નજીકના ભવિષ્યમાં ચીન પાસે વસ્તી વિષયક વળતર આપતી કાર્યકારી વયજૂથની ઊણપ શરૂ થવા પામી છે. વૃદ્ધોની સંખ્યા વર્ષ 2013માં 13.5 કરોડ હતી જે 2014માં વધીને 21.2 કરોડ થઈ અને 2030 સુધીમાં તે લગભગ 75 કરોડ જેટલી થવાની ગણતરી છે. આમ ચીન હવે વસ્તી વિષયક વળતર મેળવવામાં પાછળ પડી જશે. જ્યારે ભારત એ યુવા દેશ તરીકે વિશ્વમાં ઊભરી આવ્યો છે. જો વ્યવસ્થિત Planing Policy અપનાવવામાં આવશે તો વિશ્વનો સશક્ત દેશ તરીકે સ્થાન પામશે. ખાનગી અને જાહેર માનવ મૂડી ખર્ચના સંદર્ભમાં ભારત એશિયામાં નબળું સ્થાન ધરાવે છે. તેથી બાળકો અને યુવાનો કે કિશોરોમાં વધુ મૂડીરોકાણ કરવાની જરૂર છે. ખાસ કરીને બાળપણમાં જ પોષણ અને શિક્ષણ ઉપર ભાર મૂકીને સશક્ત યુવાનો પેદા કરવાની જરૂર છે. ભારતને વર્તમાનમાં વસ્તી વિષયક ડિવિડન્ડ મળવાનું શરૂ થઈ ગયું છે. આથી ચીન જેવી દશા ન થાય તે માટે Forward Looking Policy એટલે કે આગળ દેખાતી નીતિઓ યુવાનોને તેમના શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્ય પસંદગીઓના સંદર્ભમાં સશક્ત બનાવવા માટે ઘડવી જોઈએ. તો જ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા વસ્તી વિષયક ડિવિડન્ડ પ્રાપ્ત કરી શકાશે.

15 થી 30 વર્ષના વયજૂથમાં ઘણો બધો ઉત્સાહ અને ધગશ હોય છે. તેઓની શારીરિક ક્ષમતા પણ વધારે હોય છે. રાષ્ટ્ર માટે ખૂબ જ મોટું શક્તિ અને પીઠબળ છે. ખાલી યુવાનો વધુ હોવા એક શક્યતા વિકાસ કે પ્રગતિની છે. માત્ર યુવાનો હોવાથી વસ્તી વિષયક ડિવિડન્ડ મળી જતું નથી પણ આ યુવાનો નવા સમય પ્રમાણે કામ પૂરું પાડવું તે એક પડકાર છે. ઉત્પાદનના સાધનો સીમિત છે. યુવાનો વધુ છે કઈ રીતે કામ આપવું અને રાષ્ટ્રની પ્રગતિના માર્ગમાં કેવી રીતે જોડવા તે એક મોટો પડકાર દેશ સમક્ષ છે.

ભારત સરકારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, ટેકનિકલ એજ્યુકેશન સર્ટીફિકેટ કોર્ષ અને એના માટે બેંકોની લોનની જોગવાઈઓ કરી છે. મુદ્રા સ્કીમ લઘુઉદ્યોગો માટે ગેરંટી લોનની અને તેની સહાય અને પ્રોત્સાહનો આપ્યા છે. વિશ્વમાં U.S.A. અને ચીન પછી ભારત ત્રીજા નંબરે સ્ટાર્ટ અપમાં છે. ભારત વિકાસમાં ઘણું પાછળ ઘણું યુવા ધનને યોગ્ય કામ આપી વિકાસના માર્ગમાં જઈ રહ્યાં છે. જેથી વસ્તીનું મહત્તમ ડિવિડન્ડ પ્રાપ્ત થાય છે. વિકાસની હરણફાળ ભરવા માટે વર્તમાનમાં વિકાસનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું છે. દેશનું અર્થતંત્ર સ્વયં સંચાલિત અર્થતંત્ર ચાલતું અને દોડતું થાય તે માટે એક સુવર્ણ તક છે. આમ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ ઉચ્ચ શિખરે છે, અને તેનો લાભ ભારત લેશે.

## ● સંદર્ભ વાચન


- Will Kenton Reviewed by Michael J Boyle. “What is the Demographic dividend, and How does it work ?” Anticle November 29. 2020
- India’s Population in 2050, extreme projections demand extreme action, by Ranjit Goswami,

http:\\www.eastasiaforum.org\2013\4\5\Indiaspopulation in 2050. extreme projections - demand extreme - action.

- The Demographyc Dividend : Evidence from the Indian States by Shekhar Aiyar and Ahsoka Modi. http:\\www.imf.org\external\pubs\ft\2011\wp 1138 pdf.
- "Realizing the Demographic Dividend : Challanges and opportunities for Ministry of Finance and Development/world Bank live" Archived from the original on 2011-12, 30 Retrived 2011-12-23.

# એકમ-4 "આવકની અસમાનતા"

-: રૂપરેખા :-

**4.1** **પ્રસ્તાવના**

**4.2** **આવકની અસમાનતાનો અર્થ**

**4.3** **આવકની અસમાનતાના અંદાજો**

**4.4** **આવકની અસમાનતાના કારણો**

**4.5** **આવકની અસમાનતાની અસરો**

**4.6** **આવકની અસમાનતા દૂર કરવાના ઉપાયો**

**4.7** **ઓક્સફેમ સર્વેનો ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો ટૂંકસાર (વર્ષ 2019)**

**4.8** **સમીક્ષા**

## 4.1 પ્રસ્તાવના

આવકની અસમાનતા એ આર્થિક અસમાનતાનો ભાગ છે. લગભગ બધા જ દેશોમાં આવકની અસમાનતાની સમસ્યા છે. ખાસ કરીને મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા ગંભીર પ્રશ્ન છે. વિકસીત દેશોમાં આવકની અસમાનતા ગંભીર સમસ્યા નથી. કારણ કે ઓછી આવકો ધરાવનારા લોકોની આવકો પણ લઘુતમ જીવનધોરણ ચલાવવા માટે એટલે કે અનિવાર્ય પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટે પૂરતી હોય છે. જ્યારે અલ્પ વિકસીત અને વિકસતા જતા દેશોમાં આવકની અસમાનતા એક ગંભીર આર્થિક અને સામાજિક સમસ્યા બને છે. આવા દેશોમાં ઓછી આવક ધરાવનારાઓની આવકો એટલી બધી ઓછી હોય છે કે તેઓ લઘુતમ પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરતા પ્રમાણમાં સંતોષી શકતા નથી. અત્યંત ઓછી આવકોને પરિણામે ગરીબ લોકો પૂરતો ખોરાક પણ લઈ શકતા નથી, પરિણામે લોકોની તંદુરસ્તી કથળે છે. આવા લોકોમાં શારીરિક બિમારીઓ પ્રવર્તે છે. ગરીબીને પરિણામે આરોગ્ય પાછળ ખર્ચ કરી શકતા નથી અને તેથી તેમની કાર્યક્ષમતા નીચી રહેવા પામે છે. નીચી કાર્યક્ષમતાને કારણે તેઓની આવકો પણ ઓછી છે. આમ વિકાસશીલ અને અલ્પ વિકસીત દેશોમાં આર્થિક અસમાનતા ઓછી આવકવાળા લોકોમાં ગરીબીનું વિષચક્ર પેદા કરે છે. કોઈપણ દેશ ઝડપથી અને સમતોલીત રીતે વિકાસ કરી શકે તે માટે અત્યંત ઓછી આવકવાળા લોકોની આવકોમાં વધારો કરવો જરૂરી છે. એટલે કે તીવ્ર આર્થિક અસમાનતામાં ઘટાડો કરવો જરૂરી છે. વિશ્વના વિકસીત દેશોમાં આવકની વહેંચણીની અસમાનતા ઘણે અંશે મધ્યમ કે ઓછા પ્રમાણમાં હોય છે. જ્યારે અલ્પ વિકસીત અને વિકસતા દેશોમાં આવકની વહેંચણીની અસમાનતા વધુ તીવ્ર હોય છે. ઓછી આવક ધરાવતા નીચલા 40 ટકાથી વધુ લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો અત્યંત ઓછો હિસ્સો આવે છે.

## 4.1 આવકની અસમાનતાનો અર્થ :

રાષ્ટ્રીય આવકની સમાન રીતે વહેચણીના બદલે થોડા લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો આવે અને વધુ લોકોના ભાગે રાષ્ટ્રીય આવકનો ઓછો હિસ્સો આવતો હોય તેને આવકની અસમાનતા કહેવામાં આવે છે.

## 4.2 આવકની અસમાનતાના અંદાજો :

**• સામયિક લેબર ફોર્સ :**

ભારતમાં 2017-18, 2018-19 અને 2019-20માં દેશના ટોચના 10 % લોકોથી નીચેના 64 ટકા જેટલી કમાણી કરે છે.

**• Oxfam Internationalમાં અમિતકપુર અને જૈસિકા દુગ્ગલ 19 may 2022.**

તેમણે જીની ગુણાંક પદ્ધતિથી આવકની અસમાનતા માપવાનો પ્રયાસ કર્યો છે. 0 થી 1 જીની ગુણાંક હોય છે. જેમાં '0' જીની ગુણાંક દેશમાં સંપૂર્ણ આવકની અસમાનતા દર્શાવે છે. જ્યારે '1' જીની ગુણાંક દેશમાં સંપૂર્ણ આવકની અસમાનતા દર્શાવે છે. ભારતમાં આવકની અસમાનતાને માપવા માટે માથાદીઠ માસિક વપરાશ ખર્ચના વિતરણના ગિની ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં આવકની અસમાનતા 0-6 જીની ગુણાંકથી ઉપર છે. એટલે કે આવકની અસમાનતા વધુ જોવા મળે છે.

**• World Inequality Databaze. Wealth (1961-2019)**

દેશની અતિ ધનાઢ્ય વ્યક્તિઓની 12 ટકા વસ્તી પાસે રાષ્ટ્રીય આવકની સંપતિ 1961માં 13 ટકા હતી; જે 2019માં વધીને 21.7 ટકા થઈ. સૌથી ગરીબ એવી 50 % વસ્તીની 1961માં રાષ્ટ્રીય આવકની સંપતિ 21.2 ટકા હતી. જે ઈ.સ. 2019માં માત્ર 14.7 ટકા થઈ. જ્યારે ધનાઢ્ય 10 ટકા વસ્તીની 1961માં 37.2 ટકા રાષ્ટ્રીય આવકનો હિસ્સો હતો. જે 2019માં 56.1 ટકા થયો. આમ ગરીબોના ભોગે રાષ્ટ્રીય આવકની વહેંચણી ધનિકો અને અતિ ધનાઢ્ય અમીર લોકોના તરફેણમાં થઈ. જે આવકની ખૂબ જ મોટી અસમાનતા સૂચવે છે.

**• વિશ્વ બેંક (World Bank)**

વિશ્વ બેંક અનુસાર ભારતમાં જીની ગુણાંક 2009ના વર્ષમાં 0.339 હતો. જે અગાઉના વર્ષો 1995-96માં 0.43 અને વર્ષ 2004-05માં 0.45ના મૂલ્યોથી ઓછો હતો. એટલે કે આવકની અસમાનતાનું પ્રમાણ 1995-96 કરતાં વર્ષ 2009માં વધ્યું છે.

**• ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ (IMF)**

એશિયા અને પેસેફિક માટેના તેના પ્રાદેશિક આર્થિક દૃષ્ટિકોણમાં જણાવ્યું હતું કે ભારતનો જીની ગુણાંક 1990માં 0.45 થી વધીને 2013માં 0.51 થયો હતો. જે આવકની અસમાનતા વધવાનો નિર્દેશ કરે છે.

**• World Wealth Report - 2015**

વર્ષ 2015ના વર્લ્ડ હેલ્થ રીપોર્ટ અનુસાર ભારતમાં 785 ડોલર બિલિયનની સંયુક્ત સંપત્તિ સાથે 1,98,000 ઉચ્ચ સંપત્તિ ધારક વ્યક્તિઓ (1 મિલીયન યુ.એસ.ડોલરથી વધુની વાર્ષિક આવક હતી) સમાજના નીચેના 10 ટકા લોકો પાસે માત્ર 0.2 ટકા રાષ્ટ્રીય સંપત્તિ છે. જ્યારે સૌથી ધનિક 10 ટકા લોકો વર્ષ 2000થી વધુ ને વધુ સમૃદ્ધ બનતા ગયા છે.

• National Advisiory Councilના સભ્યશ્રી એન.સી. સકસેનાના અભિપ્રાય મુજબ ભારતની ખરાબ કૃષિ અને ગ્રામીણ સુરક્ષા આવકની વધતી જતી અસમાનતા માટે જવાબદાર ગણી શકાય. "દુર્ભાગ્યવશ, કૃષિ પતનની સ્થિતિમાં છે. માથાદીઠ ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે. ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રચર. જેમકે પાવર, રોડ, ટ્રાન્સપોર્ટ સુવિધાઓ નબળી સ્થિતિમાં છે." તેમણે કહ્યું "ગ્રામીણ જોબ સ્કીમ અને જાહેર વિતરણ પ્રણાલી તેમની સંભવિતતા

કરતાં ઘણી ઓછી કામગીરી સાથે તમામ સલામતી નેટ કાર્યક્રમો બિલકુલ કામ કરી રહ્યાં નથી. આનાથી ગ્રામીણ વિસ્તારની વેદનામાં વધારો થયો છે. જ્યારે બજાર દળો શહેરી ભારતની તરફેણમાં કામ કરી રહ્યાં છે, તેથી જે તે ઝડપી ગતિએ પ્રગતિ કરી રહી છે.''

• Oxfam અને Development finance International દ્વારા 23 ઓક્ટોબર, 2016માં બહાર પાડવામાં આવેલ અસમાનતા સૂચકાંક ઘટાડવાની પ્રતિબદ્ધતા, ભારતને 157 દેશોમાંથી 147મું સ્થાન આપે છે. ભારતને આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સામાજિક સુરક્ષા માટે, જાહેર ખર્ચ માટે 151મું સ્થાન અને મજૂર અધિકારો અને વેતન માટે 141મું તેમજ કરવેરા નીતિઓ માટે 50મું સ્થાન આપવામાં આવ્યું છે.

• **વિડનીંગ ગેપ્સ : ઈન્ડિયા ઈનઈક્વાલીટી રિપોર્ટ (2018) :**

Oxfam India એ દેશમાં વાસ્તવિક અને વધતી જતી અસમાનતા પર તેનો રિપોર્ટ વિડનીંગ ગેપ્સ : ઈન્ડિયા inequality Report પ્રકાશિત કર્યો હતો. તેના અહેવાલમાં શ્રીમંત અને ગરીબ વચ્ચેના અંતર વિશેના કેટલાંક ચોંકાવનારા આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે ભારત ઓછી અસમાનતા ધરાવતો દેશ છે. તેથી દંતકથાને નકારી કાઢે છે. રિપોર્ટમાં પ્રોગ્રેસિવ ડાયરેક્ટર ટેક્શેસન દ્વારા સંપત્તિ અને વારસાગત કરતી રજૂઆત અને આરોગ્ય અને શિક્ષણ પર જાહેર ખર્ચમાં વધારો કરીને આંતરિક આર્થિક અંતરને ઘટાડવાનું સૂચન કરવામાં આવ્યું છે.

• **ગ્લોબલ રિપોર્ટ (17 જાન્યુઆરી, 2022) :** ભારતના પૂરકમાં એમ કહેવામાં આવ્યું છે કે ઈ.સ. 2021માં ભારતના 100 સૌથી ધનિક લોકોની સામૂહિક સંપત્તિ રૂ. 57.3 લાખ કરોડ (US ડોલર 775 બિલિયન)ની વિક્રમી ટોચે પહોંચી છે. તે જ વર્ષે, રાષ્ટ્રીય સંપત્તિમાં વસ્તીના તળિયે 50 ટકાનો હિસ્સો માત્ર 6 ટકા લોકો પાસે હતો.

• **ઓક્સફેમ ઈન્ડિયાની નવીનતમ બ્રીફિંગ ઈનક્વાલીટી કિલ્સે** જાહેર કર્યું કે જાન્યુઆરી 2022 જ્યારે દેશના 84 ટકા પરિવારોએ જીવન અને આજીવિકાના જબરદસ્ત નુકસાન સાથે એક વર્ષમાં તેમની આવકમાં ઘટાડો સહન કર્યો, ત્યારે ભારતીય અબજોપતિઓની સંખ્યા 102થી વધીને 152 ઉપર પહોંચી હતી.

• Oxfam Indiaના CEO અમિતાભ બેહરે જણાવ્યું હતું કે ''ભારતમાં રોગચાળા દરમ્યાન (માર્ચ 2020 થી 30 નવેમ્બર 2021 સુધી) અબજોપતિઓની સંપત્તિ રૂા. 23.14 લાખ કરોડ (US ડોલર 313 અબજ) થી વધીને રૂા. 53.16 લાખ ડોલર (US ડોલર 719 અબજ) થઈ છે. આ દરમ્યાન 4.6 કરોડથી વધુ ભારતીયો ઈ.સ. 2020માં અત્યંત ગરીબીમાં આવી ગયા હોવાનો અંદાજ છે. રોગચાળાને લીધે વર્ષ 2020માં મહિલાઓએ સામુહિક રીતે રૂા. 59.11 લાખ કરોડ (US ડોલર 800 બિલિયન)ની કમાણી ગુમાવી છે. જે વર્ષ 2019ની સરખામણીમાં 1.3 કરોડ ઓછી મહિલાઓ કામ કરે છે.''

• Oxfam India Brifig એ વલણ દર્શાવે છે કે કેન્દ્ર સરકારની આવકના હિસ્સા તરીકે પરોક્ષ કર એવા સમયે વધી રહ્યો છે. જ્યારે છેલ્લાં ચાર વર્ષમાં કોર્પોરેટર ટેક્સનાં પ્રમાણમાં ઘટાડો થયો છે. ગત વર્ષ (2019-20)ની સરખામણીએ વર્ષ 2020-21ના પ્રથમ છ મહિનામાં ઈંધણ પર લાદવામાં આવેલ વધારાનો કર 33 ટકા વધ્યો છે અને તે કોવિડ પહેલાના સ્તર કરતાં 79 ટકા વધુ છે. 2016માં અતિ શ્રીમંત લોકો માટે Wealth Tax નાબૂદ કરવામાં આવ્યો હતો. વળી રોકાણ આકર્ષવા માટે કોર્પોટર ટેક્સ 30 ટકાથી ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો હતો. જેના પરિણામે રૂા. 1.5 લાખ કરોડનું નુકસાન થયું હતું. જેણે રાજકોશીય ખાદ્યની વૃદ્ધિમાં ફાળો આપ્યો હતો. આ વલણો દર્શાવે છે કે ગરીબ હાંસિયામાં ધકેલાઈ ગયેલાં અને મધ્યમવર્ગ રોગચાળામાંથી પસાર થવા છતાં (પરોક્ષ કર

સ્વરૂપે) ઊંચો કર ચૂકવ્યો હતો. જ્યારે શ્રીમંતોએ તેમનો વાજબી હિસ્સો ચૂકવ્યા વિના વધુ પૈસા (ઉત્પાદન સાધનના માલિક અથવા નિયોજક તરીકે) કમાયા હતા. આમ આવકની અસમાનતા રોગચાળા (કોરોના-સ્વાઈનફ્લૂ) દરમ્યાન ખૂબ જ વધી હતી.

ઓગસ્ટ 2019માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે "જબરજસ્ત આર્થિક પ્રગતિ હોવા છતાં, વિશ્વની સંપત્તિ થોડા લોકો દ્વારા નિયંત્રિત કરવામાં આવી રહી છે.**

**કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયે** 15 ઓગસ્ટ 2021ના રોજ કહ્યું હતું કે "સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અમે ઘણી બધી બાબતો હાંસલ કરી છે. હજુ પણ ઘણા ક્ષેત્રોમાં સુધારા માટે અવકાશ છે. દેશમાં આર્થિક અને સામાજિક અસમાનતા મજબૂત રીતે પ્રવર્તી રહી છે અને ગરીબી નાબૂદ થઈ નથી."

**આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન વાય.એસ.જગન મોહન રેડ્ડીએ** ડિસેમ્બર 2021માં આવકની અસમાનતા ઘટાડવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. કારણ કે તેના પરિણામે ગ્રામીણ દેવાની વૃદ્ધિ, ઓછી ખરીદશક્તિ અને ગ્રામીણ એકંદર માંગમાં ઘટાડો થશે.

**WIR (World Inequality Report) 2020 :**

વિશ્વની સૌથી વધુ આવકની અસમાનતા ભારતમાં પ્રવર્તે છે. WIR મુજબ, દેશની ટોચની 10 ટકા વસ્તી રાષ્ટ્રીય આવકના 57 ટકા હિસ્સો ધરાવે છે. જેમાંથી 22 ટકા ટોચના 1 ટકા લોકો પાસે રાષ્ટ્રની આવક છે. ભારતની વસ્તીનો એક નાનકડો વર્ગ 5 સ્ટાર વિશેષાધિકારોનો આનંદ માણે છે. ત્યારે નીચેના 50 ટકા લોકો માટે જીવનની ટકાઉપણું હજુ પણ એક પડકાર સમાન છે.

**ઓક્સફોમના** એક અહેવાલ મુજબ અબજોપતિઓની સંપત્તિ દાયકામાં 10 ગણી વધી છે અને તેમની કુલ સંપત્તિ હવે કેન્દ્રિય બજેટ 2018-19ના ખર્ચ કરતાં વધુ છે. જે 24,422 અબજ રૂપિયા હતી. આ દર્શાવે છે કે કેવી રીતે કોનો મૂડીવાદ વધી રહ્યો છે, જે મોટા પાયે અસમાનતા તરફ દોરી જાય છે. ટોચના 10 ટકા ધનાઢ્ય ભારતીયો તેમની માત્ર 1 ટકા વેલ્થ ટેક્ષ (સંપત્તિવેરો) પબ્લિક સ્કૂલ એજ્યુકેશન, પબ્લિક હેલ્થકેર અને સામાજિક સુરક્ષા લાભો જેવા કે પ્રસૂતિ રજાઓ, દરેક માટે પેન્શન વગેરેની કાળજી લઈ શકે છે. તેમ છતાં આવકની અસમાનતાની ખાઈ વધુ ને વધુ વ્યાપક બની રહી છે.

આવકની અસમાનતા અંગે જુદા જુદા વર્ગ જૂથ અને સંશોધકે સર્વે કરી અંદાજો દર્શાવ્યા છે. જેના ટકાવારી દૃષ્ટિએ અલગ-અલગ અંદાજો મળ્યો છે. છતાં ભારતમાં અન્ય દેશોની તુલનાએ આવકની અસમાનતા વધુ જોવા મળી છે. સાઉથ આફ્રિકાને બાદ કરતાં લગભગ મોટા ભાગના દેશોમાં રાષ્ટ્રીય આવકની 50 ટકા કરતાં ઓછી છે. જ્યારે ભારતમાં 2019ના ડેટા મુજબ ટોચના 10 ટકા લોકો પાસે રાષ્ટ્રીય આવકનો હિસ્સો 56.1 ટકા હતો. જે પૈકી માત્ર 1 ટકા લોકો પાસે 21.7 ટકા હિસ્સો રાષ્ટ્રીય આવકનો હતો. જે ખૂબ મોટી આવકની અસમાનતા ગણી શકાય.

1971માં રાષ્ટ્રીય આવકના ડેટા સાથેના અગ્રણી કાર્યને કારણે અર્થશાસ્ત્રમાં સિમોન કુઝનેટ્સને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. તેમના મતે વિકાસના પ્રારંભિક તબક્કામાં જેમ જેમ નવી તકો ઊભી થાય તેનો લાભ સમૃદ્ધ લોકો લે છે. તે જ સમયે અકુશળ કામદારોના વેતનમાં ઘટાડો થતાં આવકની અસમાનતા વધે છે. ભારતમાં અમીરોની આવક ગરીબોની સરખામણીએ વધુ ઝડપથી વધી છે. 1998થી 2019 વચ્ચે માથાદીઠ GDPની સરખામણી કરીએ તો તે 8.5 ગણી વધી ગઈ છે. તેમ છતાં આપણે ગ્રામીણ વેતન પર નજર કરીએ

તો તે માત્ર 5.4 ગણો વધ્યો છે. આમ ભારતમાં તીવ્ર આવકની અસમાનતા પ્રવર્તે છે.

## 4.3 આવકની અસમાનતાના કારણો :

ભારત વિશ્વની બીજા નંબરની વસ્તી ધરાવતો દેશ છે. ઈ.સ. 1947માં ભારત અંગ્રજોની ચુંગાલમાંથી આઝાદ થયો તે સમયે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ તેમજ સમગ્ર મંત્રીમંડળ રશિયાના સમાજવાદી વિચારસરણીથી પ્રભાવિત હતું. "દરેક વ્યક્તિ પાસેથી યથાશક્તિ કામ લેવું અને દરેકને તેની જરૂરિયાત મુજબ એનો બદલો આપવો." આ મહામંત્ર અસ્તિત્વમાં આવ્યો હતો. ભારતમાં સામાજિક ન્યાય સાથે આર્થિક વિકાસ પ્રાપ્ત કરવો અને સમાનતા અને શોષણમુક્ત સમાજની રચના કરવી. સમાજમાં દરેક વ્યક્તિ, દરેક કોમ, દરેક વિસ્તારને રાષ્ટ્રીય આવકના સર્જનમાં ફાળો આપવાની તક મળે છે. રાષ્ટ્રીય આવકમાંથી એને એના ફાળાના પ્રમાણમાં હિસ્સો મળે છે. જે સમાજમાં વ્યક્તિઓ, વર્ગો, વિસ્તારો અને રાજ્યો વચ્ચે આવક અને સંપત્તિની અસમાનતા હોય છે. પરિણામે ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આવકની અસમાનતા માટેના મૂળભૂત કારણો નીચે મુજબ ગણાવી શકાય.

### (1) ભૌગોલિક સ્થિતિ પ્રતિકૂળ :

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો એકદમ સપાટ જમીન નથી. કેટલીક જગ્યાએ રણ, દરિયાકાંઠા વિસ્તાર, સફેદ રણ જેવી કે ખારી જમીન વિસ્તાર, પાણીના અભાવવાળો વિસ્તાર, પહાડી વિસ્તાર, પથરાળ જમીન જેવી કુદરતી રીતે પ્રતિકૂળ પરિસ્થિતિ જુદા જુદા પ્રાદેશિક વિસ્તારમાં જોવા મળે છે. ક્યાંક વધુ ફળદ્રુપ અને કાંપવાળી જમીન કે જ્યાં વધુ ઉત્પાદન કરી શકાય છે. ક્યાંક ખૂબ જ કનિષ્ક પ્રકારની રેતાળ, બિનફળદ્રુપ જમીન હોય છે. આવી પ્રતિકૂળ જમીન ધરાવતાં વિસ્તારોમાં આવકની ઉપાર્જનની તકો ખૂબ જ ઓછી હોય છે. આવા વિસ્તારના લોકો ગમે તેટલી મહેનત કરે છતાં વધુ આવક કરી શકતા નથી. જ્યારે ફળદ્રુપ અને કાંપવાળી જમીન અને ખુશનુમા હવામાન ધરાવતા વિસ્તારોમાં સારું ઉત્પાદન જોવા મળે છે. આવા વિસ્તારના લોકો ઓછી મહેનતે કુદરતી સંપત્તિના આધારે વધુ કમાય છે. આમ ભારતમાં આવકની અસમાનતાના મુખ્ય કારણમાં ભૌગોલિક કુદરતી પરિબળો જવાબદાર ગણાય છે.

કોઈપણ પ્રદેશના વિકાસનો આધાર મહદ્‌અંશે એની ભૌગોલિક સ્થિતિ ઉપર હોય છે. આસામ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ તેમજ ઉત્તર પ્રદેશના પહાડી વિસ્તારો પછાત રહ્યાં છે. પહાડી વિસ્તારોનો અન્ય વિસ્તારો સાથેનો સંપર્ક ઓછો હોય છે. પહાડી વિસ્તારોમાં કુદરતી સંપત્તિ અને જમીનની ફળદ્રુપતા ઓછી હોવાથી તેઓ પાસે ઓછી આવકો હોય છે. વળી કુદરતી સંપત્તિ ઉપરાંત આબોહવા પણ ઉત્પાદન અને તે દ્વારા આવક ઉપાર્જન ઉપર અસર કરતું મહત્ત્વનું કારણ છે. આપણા દેશમાં જુદા જુદા વિસ્તારની આબોહવા અલગ અલગ પ્રકારની છે. પ્રતિકૂળ આબોહવાવાળા વિસ્તારમાં આવક ઓછી પ્રાપ્ત થાય છે. જ્યારે અનુકૂળ આબોહવાવાળા વિસ્તારમાં ઉત્પાદન વધુ થવાથી આવકો વધુ પ્રાપ્ત થાય છે. જે પ્રદેશોમાં શ્રમ, મૂડી (કાચો માલ સામાન) વગેરે પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોય તેવા વિસ્તારમાં ઉત્પાદકો, નિયોજકો અને ઉદ્યોગપતિઓ ગતિશીલ બને છે. સાનુકૂળ વાતાવરણમાં ઉદ્યોગો મુડીરોકાણ કરી ત્યાં રોજગારીનું સર્જન કરી ઊંચી આવકો પ્રાપ્ત કરે છે. ઉદ્યોગ વેપારની પ્રવૃત્તિઓ ઝડપથી વિકસે છે. ખાનગી ઉદ્યોગો હંમેશાં સુવિકસીત વિસ્તારોમાં જ કેન્દ્રિત થવાનું વલણ ધરાવે છે. આમ જે પ્રદેશોમાં ફળદ્રુપ જમીન, સાનુકૂળ આબોહવા અને શ્રમ તેમજ કાચા સામાનની પ્રાપ્તિ સરળતાથી થાય તે વિસ્તારની આવકો વધુ જોવા મળે છે અને તેના વિપરીત સંજોગોના વિસ્તારોમાં

આવકની નીચી પ્રાપ્ત થતાં આવકની અસમાનતા વધુ જોવા મળે છે.

**(2) કુદરતી સાધનો ઉપરના પ્રભુત્વમાં અસમાનતા :**

નેશનલ એડવાઈઝરી કાઉન્સીલના સભ્ય એન.સી. સકસેનાએ સૂચવ્યું હતું કે ભારતની ખરાબ આકારની કૃષિ અને ગ્રામીણ સુરક્ષા માળખાઓ દ્વારા આવકની વધતી જતી અસમાનતાઓને જવાબદાર ગણી શકાય. ''દુર્ભાગ્યવશ, કૃષિ પતનની સ્થિતિમાં છે. માથાદીઠ ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે. ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે પાણી, પાવર, રોડ, ટ્રાન્સપોર્ટ સુવિધાઓ નબળી સ્થિતિમાં છે.'' તેમણે કહ્યું હતુ કે ''ગ્રામીણ જોબ સ્કીમ અને જાહેર વિતરણ પ્રણાલી તેમની સંભવિતતા કરતાં ઘણી ઓછી કામગીરી સાથે તમામ સલામતી નેટ કાર્યક્રમો બિલ્કુલ કામ કરી રહ્યાં નથી. આનાથી ગ્રામીણ ભારતની વેદનામાં વધારો થયો છે.'' જ્યારે શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટક્ચરની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે. આમ વિસ્તારની દૃષ્ટિએ પણ આવકની અસમાનતા જોવા મળે છે. કૃષિક્ષેત્રે વારસાગત મોટી જમીનો પ્રાપ્ત થઈ છે. જમીનની માલિકી હોવાથી તેમજ સિંચાઈની પુરતી સગવડો મળી રહે છે. ત્યાં આવકના સ્ત્રોતો વધુ હોય છે. જેમકે પૂર્વના રાજ્યો હરિયાણા અને પંજાબના ખેડૂતો પાસે વિશાળ જમીન, પાણીની સુવિધાની ઉપલબ્ધિ હોવાથી હરિયાળી ક્રાંતિના ફળ તેઓ મેળવી શકયા છે. જ્યારે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં વારસાગત મોટે ભાગે જમીનનું ખંડવિભાજન અને ઉપવિભાજનને પરિણામે ખેડાણ ઘટકો નાના બન્યાં છે. જ્યાં કૃષિક્ષેત્રે આવેલાં ટેક્નોલોજીકલ પરિવર્તનોનો લાભ ખેડાણ ઘટક નાના હોવાથી લઈ શકાતો નથી. વળી સિંચાઈની અપૂરતી સગવડો, જમીનની માલિકી હક્ક ન હોવો, તેમજ પરંપરાગત ખેતી, પછાત પ્રકારની જમીન, ખેડૂતોમાં અજ્ઞાનતા વગેરેને કારણે પૂર્વના રાજ્યો કરતાં પશ્ચિમ-દક્ષિણના પ્રદેશોમાં આવકો ઓછી પ્રાપ્ત થાય છે. આમ આંતર રાજ્ય આવકની અસમાનતા જોવા મળે છે.

**(3) નીચી ખેતઉત્પાદકતા :**

''ખેડ, ખાતર અને પાણી ધાન્યને લાવે આણી'' આ મુહાવરો ખેડૂતોની આવકો ઉપર પ્રકાશ પાડે છે. મોટા જમીનદારો જમીનને ટ્રેક્ટર દ્વારા ખેડવી, રાસાયણિક ખાતરનો પુરતા પ્રમાણમાં વપરાશ, જંતુનાશક દવાઓનો ઉપયોગ ન કરે કે બોર વડે સિંચાઈની પ્રાપ્તિ, ખેત પેદાશોના પોષણક્ષમ ભાવોની પ્રાપ્તિ, પોતાના માલિકીના ઓજારો હોય અને વારસામાં વિશાળ જમીનો પ્રાપ્ત થઈ હોય તેવા જમીનદારો કે મોટા ખેડૂતો પધ્ધતિસર ખેતી કરે તો તેઓ વધુ ઉત્પાદન મેળવી વધુ આવક કમાઈ શકે છે તેનાથી વિપરીત સ્થિતિમાં ખેડૂત વધુ આવક કમાઈ શકતો નથી વળી વિશાળ પ્રમાણમાં જમીનો હોય અને પશુપાલનનો સંલગ્ન વ્યવસાય હોય તો પશુધન પણ આવકનો શોર્ષ બને છે. જમીનની જેમ પશુધન નબળું હોય તો આવકો ઓછી પ્રાપ્ત થશે અને ખેડૂતોમાં નીચી ટકાઉ ઉત્પાદકતાને કારણે અવકની અસમાનતા વધે છે.

**(4) ગરબી અને બેરોજગારી :**

જે લોકો પાસે વારસાગત આવકો નથી કે વારસામાં ગરીબી મળી છે અને માનસિક રીતે જે સ્થિતિ હોય તેને સ્વીકારી લે છે. આર્થિક સ્થિતિ સુધારવા અને આર્થિક ઉપાર્જન કરવા વિશેષ પ્રયત્ન ન કરે તેમજ પરંપરાગત સ્થિતિમાં જીવવા ટેવાયેલાં છે. ઓછી આવકમાં સંતોષ માની વધુ આવક મેળવવા પ્રયત્ન કરવા અંગે હતાશાવાદી વલણ ધરાવે અને પ્રારબ્ધવાદી માનસ ધરાવતાં લોકોની આવકો નીચી જોવા મળે છે. જ્યારે વારસાગત ધનિક હોય અથવા ગરીબી પ્રાપ્ત થઈ હોય. પરંતુ પુરુષાર્થમાં માનનારા, પોતાની તકદીર ખુદ લખનારા અને આર્થિક ઉપાર્જન માટે સતત પ્રયત્નશીલ અને સંશોધન કરનારા લોકો વધુ

આવક કમાય છે. (દા.ત. ધીરૂભાઈ અંબાણી, નિરમાના કે.કે. પટેલ વગેરે)

પ્રચ્છન્ન છૂપી કે મોસમી, શિક્ષિત કે ઔદ્યોગિક બેકારીનો ભોગ બનેલાઓની આવકો નીચી હોય છે. જેને સમયસર રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે તેઓ ઊંચી આવકો પ્રાપ્ત કરે છે. સમયની માંગ સાથે જેઓ પરિવર્તન લાવે છે. તેઓ ઊંચી આવકો મેળવી શકે છે. ભારતમાં વસ્તીનું પ્રમાણ ઊંચું હોવાથી વધુ રોજગારીની તકોનું સર્જન થતું નથી. જેમ કે દર વર્ષે 1 કરોડ 30 લાખ લોકો નવી રોજગારી માંગનારાઓની સામે સરકાર દ્વારા લગભગ 50 થી 60 લાખ વાર્ષિક રોજગારી અપાય છે. બાકીના દર વર્ષે બરોજગારીના ખપ્પરમાં હોમાય છે. સ્વરોજગારી પણ ગરીબીને લીધે ઓછી ઊભી થાય છે. મૂળભૂત રીતે ગરીબી અને બેરોજગારી આવકની અસમાનતાનું ધીમી વૃદ્ધિ તરીકે દોરી જતું મહત્ત્વનું કારણ છે.

**(5) ફુગાવો-ભાવવધારો :**

ઓછું ઉત્પાદન અને ચીજવસ્તુઓ અને સેવાઓની વધુ માંગને કારણે અર્થતંત્રમાં ભાવવધારો કે ફુગાવો અસ્તિત્વમાં આવે છે. ફુગાવા દરમ્યાન બાંધી આવક કમાનાર વર્ગ (પગારદાર નોકરો, પેન્શન મેળવનાર વર્ગો અને ઉત્પાનના સાધનોની માલિકી નથી)ની આવકો ઓછી હોય છે અને વેપારી, ઉત્પાદક અને ઉદ્યોગપતિઓ ભાવ વધારાને કારણે ઊંચી આવકો મેળવે છે. આમ સ્થિર આવક મેળવનાર અને ઉત્પાદન સાથે સંકળાયેલા વર્ગ વચ્ચે આવકની અસમાનતા પ્રવર્તે છે.

**(6) કરચોરી- કાળુ નાણું :**

પ્રમાણિક પણે કરવેરો ભરનારા અને અપ્રમાણિક કરચોરી કરનારાઓ વચ્ચે આવકની અસમાનતા પ્રવર્તે છે. પ્રમાણિક કરદાતાઓની કર સ્વરૂપે આવક સરકારની તિજોરીમાં જમા થતા તેમની વાસ્તવિક આવક ઘટે છે. જેઓ કરચોરી કરી કાળુ નાળુ પ્રાપ્ત કરે છે. તેમની વાસ્તવિક નાણાકીય આવકો વધે છે. ભ્રષ્ટાચાર, લાંચ રુશ્વત લેનારાઓ બેનામી આવકો પ્રાપ્ત કરી ધનિક બને છે. તેનો ભોગ બનનારા આંતરિક રીતે ગરીબ બને છે અને અસમાનતા સર્જે છે.

**(7) શ્રમની ઓછી ઉત્પાદકતા :**

કોઈપણ પ્રકારના શારીરિક કે માનસિક કામ કરનારને શ્રમિક કહેવાય છે. શ્રમિક તેની સીમાંત ભૌતિક ઉત્પાદકતા જેટલું વેતન પ્રાપ્ત કરે છે. જેની સીમાંત ભૌતિક ઉત્પાદકતા ઊંચી તે વધુ આવક મેળવે અને જે શ્રમિકની સીમાંત ભૌતિક ઉત્પાદકતા નીચી તે ઓછી આવક પ્રાપ્ત કરે છે. શ્રમિકની ઉત્પાદકતા ઉપર શિક્ષણ, કામનો પ્રકાર, માનવ મૂડીરોકાણ અને ટેક્નોલોજીકલ પરિવર્તનો અસર કરે છે. જે શ્રમિક તાલીમ પામેલો એટલે કે કેળવાયેલો હોય, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય અને બૌદ્ધિક સંપદાનો માલિક હોય (બુદ્ધિ આંક ઊંચો હોય) ઊંચુ મૂડીરોકાણ અને ટેક્નોલોજીકલ પરિવર્તનો સાથે કદમ મિલાવી કાર્ય કરે તે વળતર સ્વરૂપે ઊંચી આવક પ્રાપ્ત કરે છે. તેનાથી વિપરીત પરિસ્થિતિમાં અશિક્ષિત, તાલીમ વગરના કે ઓછો તર્ક બદ્ધ, કાર્યકુશળતાનો અભાવ અને પરંપરાગત પદ્ધતિથી કાર્ય કરે તો સ્વભાવિક તે ઓછી આવક પ્રાપ્ત કરે છે. એટલે કે તે શ્રમિકની ઉત્પાદકતા નીચી રહેતા ઓછી આવક મેળવશે. આમ શ્રમિકની ઓછી ઉત્પાદકતા એ પણ આવકની અસમાનતાનું કારણ ગણી શકાય. વળી જ્યાં શ્રમની વિપુલતા વધુ છે એટલે કે શ્રમનો પુરવઠો વધુ હોય તો તેની કિંમત એટલે કે વેતન હંમેશાં નીચુ રહેશે અને શ્રમનો પુરવઠો શ્રમની માંગ કરતાં ઓછો હશે તેવા સંજોગોમાં શ્રમના વેતન દર ઊંચા જોવા મળશે. આમ શ્રમનો પુરવઠો અને શ્રમની માંગ પણ આવકની અસમાનતા માટે જવાબદાર છે.

### 8. શિક્ષણ અને આરોગ્ય પાછળના ખર્ચમાં ઘટાડો

કેન્દ્ર સરકારના બજેટમાં શિક્ષણ અને આરોગ્યને અગ્રિમતા આપવામાં આવે છે. આ બે સેવાઓની જરૂર લ્દુ રાષ્ટ્રને છે. દેશના આર્થિક વિકાસનો આધાર શિક્ષણ અને આરોગ્ય પાછળના ખર્ચ ઉપર રહેલો છે. શિક્ષણ અને આરોગ્ય પાછળનો ખર્ચ અને આર્થિક વિકાસ બન્ને વચ્ચે સીધો સંબંધ છે. આ બંને જરૂરી સેવાઓ પાછળ ખર્ચ વધુ કરવામાં આવે તો દેશનો ઝડપી આર્થિક વિકાસ થશે. વર્ષ 2021-22માં આરોગ્ય તરફથી ફાળવણીમાં કેન્દ્ર સરકારના બજેટમાં પાછલા વર્ષ કરતાં 10 ટકા ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે 2021-22માં શિક્ષણ પાછળની ફાળવણીમાં પાછલા વર્ષ કરતાં 10 ટકા વધારો જોવા મળ્યો હતો. G.D.P.ની ટકાવારી જોઈએ તો આરોગ્ય ખર્ચ 1.2 ટકાથી 1.6 ટકાના અત્યંત ધીમા દરે નીચો રહ્યો હતો. જે છેલ્લાં 22 વર્ષોમાં માત્ર 0-09 ટકાનો વધારો થયો છે. એ જ રીતે શિક્ષણ પાછળ ફાળવણી વધુ કરી હતી. પરંતુ G.D.P.ની ટકાવારીની રીતે પાછલા વર્ષ કરતાં ખર્ચ 3 ટકા નીચો રહ્યો છે. જે છેલ્લાં 18 વર્ષમાં માત્ર 0-07 ટકા જ વધ્યો છે. આમ શિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચમાં ઘટાડો એ આવકની અસમાનતાનું પરોક્ષ કારણ બને છે.

### 9. આરોગ્ય સંભાળ અને શિક્ષણનું ખાનગીકરણ :

ભારતમાં છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય સંભાળ અને શિક્ષણના ખાનગીકરણની નીતિના કારણે આવકની અસમાનતાને સમર્થન મળ્યું છે. Oxfam India દ્વારા 2021ના સર્વેક્ષણમાં જણાવ્યું છે કે 52 ટકા માતાપિતા કે જેઓ તેમના બાળકોને ખાનગી શાળામાં મોકલે છે. તેઓએ વર્ષ 2021-22 માટે વધારાની ફી ચૂકવવી પડી હતી. વધારાની ઊંચી ફી ન ભરવાના કારણે 35 ટકા બાળકો શિક્ષણ મેળવી શક્યા ન હતા. અને 38 ટકા વાલીઓએ પ્રવેશ સમયે કેપિટેશન ફી તરીકે ગેરકાયદેસર ચાર્જ ચૂકવવો પડ્યો હતો. તેમજ 57 ટકા વાલીઓએ શિક્ષણ ફી ઉપરાંત વધારાનો ચાર્જ ચૂકવવા પડ્યા હતા. જે સત્તાવાર વિભાજનનો ભાગ ન હતા. સર્વે મુજબ માતાપિતા તેમની ઘરની આવકનો નોંધપાત્ર હિસ્સો 15 ટકા કે તેથી વધુ ખાનગી શાળાની ફી પાછળ ખર્ચે છે. શાળા શિક્ષણનું વધતું ખાનગીકરણ અપ્રમાણસર રીતે દેશના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલાં લોકોને અને એમાંય ખાસ કરીને છોકરીઓ અને મહિલાઓના શિક્ષણ ઉપર વિપરીત અસર કરે છે.

શિક્ષણની માફક આરોગ્ય સંભાળમાં ખાનગીકરણને વેગ મળવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આર્થિક અસર કરે છે. ધનિકો અને ઉચ્ચ મધ્યમવર્ગના લોકો વીમા ઉતરાવીને કે સારી સ્પેશ્યાલીસ્ટ હૉસ્પિટલોમાં રોગો સામે સારવાર લઈ શકે છે. ભારતમાં રોગચાળા દરમ્યાન(માર્ચ 2020 થી નવે. 2021 કોરોના કાળમાં) અબજોપતિઓની સંપત્તિ રૂા. 23.14 લાખ કરોડથી વધીને રૂા. 53.16 લાખ કરોડ થઈ છે. આ દરમ્યાન 4.6 કરોડથી વધુ ભારતીયો 2020માં અત્યંત ગરીબીમાં આવી ગયા હોવાનો અંદાજ છે. ભારતમાં તીવ્ર સંપત્તિની અસમાનતા એ ધનિકોની તરફેણમાં ચાલતી આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે. ગરીબો અને મધ્યમ વર્ગમાં સીમાંત લોકો ઉપર સમૃદ્ધ લોકો શોષણ કરે છે. રોગચાળા દરમ્યાન અમીરોએ રોકડ નફો પ્રાપ્ત કરી આવકની અસમાનતાઓ વધારી છે.

### 10. પ્રતિગામી પરોક્ષવેરા

સરકારની આવક પરોક્ષ કર ઉપર નિર્ભર હોય છે. ખાસ કરીને માલ અને સેવાઓના વેચાણ ઉપર લાદવામાં આવતો કર કે જેના ઉપર ભારતીયો આધાર રાખે છે. પરોક્ષવેરો અમીર અને ગરીબ બન્ને ઉપર એક સરખા દરે લેવામાં આવે છે. આથી ધનિકની આવકની તુલનાએ અને ગરીબની આવકની તુલનાએ સરખો પરોક્ષ વેરો હોવાથી ગરીબોની

તરફેણમાં હીપમાન કે પ્રતિગામી કર કહી શકાય. વર્ષ 2020માં કુલ કર આવકમાં પરોક્ષ કરની ટકાવારી 63.69 ટકા હતી. રોગચાળા દરમ્યાન (કોરોના) પણ પરોક્ષ કરમાં વધારો થયો હતો. કેન્દ્ર સરકારની આવકના હિસ્સા તરીકે પરોક્ષ કર એવા સમયે વધી રહ્યો છે. જ્યારે છેલ્લા ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સનાં પ્રમાણમાં ઘટાડો થયો હતો. 2019-20ની સરખામણીએ 2020-21ના પ્રથમ છ માસમાં ઈંધણ પર લાદવામાં આવેલ વધારાનો કર 33 ટકા વધ્યો છે. તે કોવિડ પહેલાના સ્તર કરતાં 79 ટકા વધુ છે. તે જ સમયે 2016માં અતિ શ્રીમંત લોકો માટે વેલ્થ ટેક્ષ નાબૂદ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે રોકાણ આકર્ષવા માટે કોર્પોરેટ ટેક્સ 30 ટકાથી ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો હતો. જેના પરિણામે રૂા. 1.5 લાખ કરોડનું નુકસાન થયું હતું. જેણે વૃદ્ધિમાં ફાળો આપ્યો હતો. ભારતની રાજકોશીય ખાધમાં અત્યંત ગરીબ અને મધ્યમ વર્ગ રોગચાળાની મહામારીમાંથી પસાર થવા છતાં પરોક્ષ કર ઊંચો ચૂકવ્યો હતો. જ્યારે શ્રીમંતોએ તેમના વાજબી હિસ્સો ચૂકવ્યા વિના વધુ પૈસા કમાયા હતા. આમ પરોક્ષ કરવેરા પરોક્ષ રીતે આવકની અસમાનતા વધારે છે.

**(11) ખેત પ્રગતિ :**

ભારતમાં આયોજનકાળ દરમ્યાન ખેતી ક્ષેત્રના વિકાસની દૃષ્ટિએ અસમતુલા વધી છે. હરિયાળી ક્રાંતિને કારણે આંતર રાજ્યોમાં પણ આવકની અસમાનતા વધી છે. 1964-65માં પંજાબ અને હરિયાણામાં અનાજના કુલ ઉત્પાદનનો ફાળો 7.5 ટકા હતો. જે 2009-10માં 20 ટકા થયો. 2009-10માં પંજાબમાં હેક્ટર દીઠ ઉત્પાદન અનાજનું 4148 કિલોગ્રામ હતું. જે સમગ્ર ભારતના સરેરાશ હેક્ટર દીઠ 1798 કિ.ગ્રા.થી લગભગ ત્રણ ગણું જોવા મળ્યું હતું. જ્યારે હરિયાણામાં 3383 કિ.ગ્રા. એટલે કે રાષ્ટ્રીય ઉત્પાદન કરતાં બે ગણું હતું. આમ હરિયાળી ક્રાંતિ અને સિંચાઈના સગવડો અને રાસાયણિક ખાતરના ઉપયોગથી હરિયાણા, પંજાબમાં અનાજની ઉત્પાદકતા દ્વારા ઘણી આવકો ત્યાંના ખેડૂતોને પ્રાપ્ત થઈ હતી. જ્યારે ઓરિસ્સા, બિહાર, બંગાળ, રાજસ્થાન અને બીજા આર્થિક દૃષ્ટિએ પછાત રાજ્યોમાં કૃષિક્ષેત્રની પ્રગતિના ફળ મળી શક્યા નથી. તેથી આ વિસ્તારના ખેડૂતોની આવકો નીચી જોવા મળે છે.

હરિયાળીક્રાંતિથી નવી કૃષિ વ્યૂહરચના અમલમાં આવી. જે ખેડૂતોની કૃષિ ઉત્પાદકતામાં વધારો કરે છે. ઊંચી ઉત્પાદકતાનો લાભ મોટા અને સમૃદ્ધ ખેડૂતો તેમજ જમીનના જમીન માલિકો માણે છે. આ જ સમયે નાના, સીમાંત અને જમીન વિહોણા મજૂરોની આર્થિક સ્થિતિ વર્ષોથી કથળી છે. હરિયાળીક્રાંતિના લાભ તેઓ મેળવી શકતા નથી. પરિણામે આવકની અસમાનતા વધી છે.

**12. ઐતિહાસિક કારણો :**

અંગ્રેજોના શાસન દરમ્યાન આવકની અસમાનતા વ્યક્તિગત રીતે અને પ્રાદેશિક વિકાસની અસમાનતાનો પ્રારંભ થયો હતો. બ્રિટીશ સરકારે જે પ્રદેશોમાં મેન્યુફેક્ચરીંગ તેમજ વેપારની સગવડો ઉપલબ્ધ હતી તેવા રાજ્યોના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. મુંબઈ, કલકતા, ચેન્નાઈ, મહારાષ્ટ્ર અને બંગાળના ઉદ્યોગપતિઓ મેટ્રોપોલીટન શહેરોના ઉદ્યોગો તરફ આકર્ષાયા અને ત્યાં આવકોનું પ્રમાણ વધ્યું. ફકરો પાડો વળી અંગ્રેજોની જમીન મહેસુલની નીતિ ખેડૂતો માટે નુકસાનકારક હતી. મોટા જમીનદારો, વ્યાજખોર શાહુકારો અને સિંચાઈની સગવડો વિકાસાવીને તેઓને માલામાલ કર્યા. જ્યારે મોટા ભાગના પછાત અવસ્થામાં ખેતી કરતાં અને ભારતના ગ્રામીણ વિસ્તારના પ્રદેશોનો વિકાસ યોગ્ય રીતે ન થવાથી તેઓની આવકો નીચી રહી. માળખાગત સુવિધાના અભાવે આવા

પછાત વિસ્તારો પછાત રહ્યા. ત્યાં ઔદ્યોગિક એકમો ન સ્થપાતા તેમની આવકો નીચી રહી. જે આવકની અસમાનતાનું મૂળભૂત કારણ અંગ્રેજોની ઐતિહાસિક નીતિ જવાબદાર છે.

**13. પ્રસ્થાપિત પ્રતિગામી શાસન વ્યવસ્થા :**

શાસન વ્યવસ્થામાં ઘણા લોકો સંવેદન હીન હોય છે અને તેઓ ધનિક લોકોની તરફેણમાં ગરીબ લોકોનું શોષણ થવા દે છે. ગરીબ લોકોને વિકાસની તકો મેળવવામાં અવરોધ પેદા કરે છે. કાયદા કાનૂનનો ડર બતાવીને તેમને વિકાસના લાભોથી વંચિત રાખે છે. વળી ઘણા પ્રશાસનીક કર્મચારીઓ અને અધિકારીઓ ઓછી આવકવાળા લોકોને એક યા બીજા પ્રકારે ભ્રષ્ટ રીતરસમો વડે છેતરે છે. તેમની આવકનો કેટલોક ભાગ અનઅધિકૃત રીતે પડાવી લે છે. આદીવાસી વિસ્તારોમાં અને અત્યંત ગરીબ તેમજ પછાત નિરક્ષર લોકોની વસ્તીમાં આવું જોવા મળે છે. આમ પ્રસ્થાપિત પ્રતિગામી શાસન વ્યવસ્થા પણ આવકની અસમાનતાનું કારણ ગણી શકાય.

## 4.4 આવકની અસમાનતાની અસરો :

### (1) આર્થિક અસરો

**I આર્થિક વૃદ્ધિને અનુકૂળ**

આર્થિક અસમાનતા અથવા રાષ્ટ્રીય આવકની વહેંચણી એ કોઈપણ અર્થતંત્રની વાસ્તવિકતા છે. આવકની અસમાનતા સંપૂર્ણપણે નાબૂદ કરવી શક્ય નથી. આથી આર્થિક અસમાનતા અને આવકની વહેંચણીની અસમાનતા એ.મૂળ સમસ્યા નથી, પરંતુ તીવ્ર આર્થિક અસમાનતા અને આવકની વહેંચણીની તીવ્ર અસમાનતા એ મૂળભૂત સમસ્યા ગણાય. આવકની વહેંચણીની વધુ પડતી અસમાનતા એ કોઈપણ દેશમાં ઘણી આર્થિક તેમજ બિનઆર્થિક અસરો જન્માવે છે. એક માન્યતા અનુસાર વિકાસશીલ દેશમાં પ્રારંભિક તબક્કાના કેટલાંક વર્ષોમાં વહેંચણીની અસમાનતા બચત અને મૂડીરોકાણ વધારવા માટે અનિવાર્ય છે. ઓછી આવકવાળા લોકોની આવકો એટલી બધી ઓછી હોય છે કે તેઓ તેમની પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. તેથી ઓછી આવક ધરાવતો મોટો વર્ગ કોઈપણ પ્રકારની બચતો કરી શકતો નથી. જ્યારે ઊંચી આવકવાળો વર્ગ ઘણે અંશે પોતાની જરૂરિયાતો સંતોષ્યા પછી પણ સારી એવી બચતો ધરાવે છે. જેનું રૂપાંતર મૂડી રોકાણમાં થાય છે. તેને પરિણામે દેશમાં મૂડીરોકાણ દર વધવાથી આર્થિક વૃદ્ધિ ઝડપી બને છે.

**II આર્થિક વૃદ્ધિની પ્રતિકૂળ અસર :**

આર્થિક અસમાનતા વિકાસશીલ દેશોમાં મૂડીરોકાણ વૃદ્ધિ અને આર્થિક વૃદ્ધિ માટે આવશ્યક હોવાની વિચારણા એ પરંપરાવાદી વિકાસશીલ દેશોમાં લોકોની પ્રદર્શનીય અસર વધુ હોય છે. ઓછી આવકવાળા લોકોની સીમાંત વપરાશવૃત્તિ ખૂબ ઊંચી હોય છે. તેથી રાષ્ટ્રની વધતી આવકનો વધુ હિસ્સો જો ઓછી આવકવાળા લોકોમાં વધુ પ્રમાણમાં વહેંચાય તો તેઓ આવકનો મોટો ભાગ ખર્ચી નાખે છે અને બચતોમાં કોઈ ખાસ વધારો થતો નથી. તેથી મૂડીરોકાણ દર વધી શકતો નથી. પરિણામે આર્થિક વૃદ્ધિ દર નીચો રહેવા પામે છે.

એક નવી વિચારસરણી મુજબ આવકની વધુ પડતી અસમાનતા એ વિકાસ વૃદ્ધિમાં અવરોધક બને છે. કારણ કે આર્થિક વૃદ્ધિ એ માત્ર મૂડીરોકાણ દર અને ભૌતિક મૂડીસાધનો ઉપર જ આધારિત નથી. પરંતુ માનવમૂડી તથા કામદારોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા

ઉપર પણ આધારિત છે. આવકની વધુ અસમાન વહેંચણી થવાથી વિકાસ ઉપર ત્રણ પ્રકારની પ્રતિકૂળ અસર થાય છે.

i અત્યંત ઓછી આવકને પરિણામે લોકોનું પોષણ અને આહાર અત્યંત નીચી કક્ષાના હોવાથી તેમનું સ્વાસ્થ્ય કથળે છે અને તેમની (ઉત્પાદકતા) કાર્યક્ષમતા ઓછી રહે છે.

ii વધુ પડતી અસમાન વહેંચણીને પરિણામે ઓછી આવકવાળા લોકો પૂરતા પ્રમાણમાં શિક્ષણ અને તાલીમ લઈ શકતા નથી. પરિણામે માનવમૂડી પછાત રહે છે અને કામદારોની ઉત્પાદકતા ઓછી રહેવા પામે છે.

iii અત્યંત ઓછી આવકવાળા લોકો પ્રાથમિક વસ્તુઓ ઉપરાંતની વધારાની વસ્તુઓની માંગ કરી શકતા નથી. તેથી વિવિધ ચીજવસ્તુઓના બજારોની અસરકારક માંગનો અભાવ જણાય છે. તેથી વિવિધ ઉદ્યોગો વિકસી શકતા નથી.

આમ વધુ પડતી આવકની અસમાનતા વહેંચણીને પરિણામે ગરીબીના વિષચક્રો બન્ને પ્રકારે સક્રિય રહેવા પામે છે. (1) મૂડીની અછતનું વિષચક્ર (2) મર્યાદિત બજારનું વિષચક્ર (અસરકારક માંગનો અભાવ)

**III ગરીબીમાં વધારો અને અત્યંત નીચું જીવનધોરણ :**

રાષ્ટ્રીય આવકની આર્થિક વહેંચણી વધુ પડતી અસમાન હોય તો ઓછી આવકવાળા ગરીબ લોકોની આવકમાં ખાસ કોઈ સુધારો થતો નથી. તેથી ગરીબીની સમસ્યા ચાલુ જ રહે છે અને તેઓ પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. તેથી દેશના મોટા ભાગના લોકોનું જીવનધોરણ અત્યંત નીચુ રહે છે.

**IV કાર્યક્ષમતા ઉપર અસર :**

ઓછી આવકોને પરિણામે પોષક આહારની ઊણપ વર્તાય છે. તેમજ માંદગી અને બીમારીની સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં તબીબી સારવાર લઈ શકાતી નથી. પરિણામે લોકોનું સામાન્ય આરોગ્ય કથળે છે અને લોકોની શારીરિક કાર્યક્ષમતા ઓછી રહેવા પામે છે. પરિણામે તેઓ વધુ ઉત્પાદન આવકો મેળવી શકતા નથી. વળી ઓછી આવકવાળા લોકો શિક્ષણ અને તાલીમ પાછળ વધુ ખર્ચ કરી શકતા ન હોવાથી દેશમાં માનવમૂડી પછાત રહેવા પામે છે અને તેથી તેમની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા નીચી રહેવા પામે છે.

**V ઉત્પાદનના સાધનોની ફાળવણી ઉપર વિપરીત અસર :**

વધુ પડતી આર્થિક આવકની અસમાનતાના કારણે વસ્તુઓની માંગનું માળખું વિપરીત પ્રકારનું રચાય છે. જેમાં સુખ સગવડ અને મોજશોખની માંગ વધે છે. જ્યારે આવશ્યક જીવન જરૂરિયાતવાળી વસ્તુઓની માંગ ઓછી આવકોને પરિણામે વધી શકતી નથી. આથી દેશના મર્યાદિત અને સીમિત સાધનોની ફાળવણી વિપરીત બને છે. મોજશોખ અને સુખ સગવડોની વસ્તુઓ પાછળ દેશના વધુ ઉત્પાદનના સાધનો રોકાય છે. આને પરિણામે મોજશોખ અને સુખ સગવડોની વસ્તુઓ ધનિકોને પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. ચાહે આ વસ્તુઓનું ઉત્પાદન દેશમાં થાય અથવા તેની આયાતો કરવામાં આવે. પ્રાથમિક વસ્તુઓ પાછળ માંગના અભાવે ઓછા સાધનો રોકાતા હોવાથી આ વસ્તુઓની અછત વર્તાય છે અને આ વસ્તુઓની આયાત કરવા માટે પણ પૂરતું ભંડોળ હોતુ નથી. તેથી પ્રાથમિક વસ્તુઓની અછત વર્તાય છે. વળી પ્રાથમિક વસ્તુઓની અછતને પરિણામે પ્રાથમિક વસ્તુઓના ભાવો વધે છે અને લોકોની ખરીદ શક્તિમાં ઘટાડો થાય છે અને લોકોની વાસ્તવિક આવક ઘટે છે.

**VI હડતાળ-અશાંતિની અસર :** આર્થિક અસમાનતાને પરિણામે સમાજમાં અશાંતિ, પૂર્વગ્રહ અને વર્ગ વિગ્રહ જેવી સ્થિતિ વધતી હોવાથી અવાર-નવાર હડતાલ, બંધ, તોફાનો અને વિવિધ પ્રકારની અશાંતિ પ્રવર્તે છે. જે દેશમાં ઉત્પાદન વૃદ્ધિને અવરોધે છે. તથા રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરાવે છે. વળી દેશમાં વધતી જતી અશાંતિના સંજોગોમાં વિદેશી મૂડી રોકાણો અવરોધાય છે. જે આર્થિક વિકાસની પ્રક્રિયાને ધીમી પાડે છે.

**VII બિનજરૂરી સ્પર્ધા :** રાષ્ટ્રીય આવકની અસમાન વહેંચણીને લીધે ગરીબોની આવકોમાં અત્યંત ઓછો વધારો થતો હોય છે. તેઓ રોજગારી મેળવવા માટે વધુ પડતી સ્પર્ધા કરે છે. ખૂબ ઓછા વળતરે પોતાનો શ્રમ અને પોતાની વસ્તુઓ (પોતાના દ્વારા ઉત્પાદીત વસ્તુ કે સેવાઓ) કે સેવાઓ અત્યંત ઓછી કિંમતે કે ઓછા વળતરે વેચવા તૈયાર થઈ જાય છે. જેનો લાભ ધનિકો ઉઠાવે છે અને શ્રમના શોષણની વ્યાપક સમસ્યા સર્જાય છે.

**(2) બિન આર્થિક અસરો :**

I આવકની અસમાનતાને પરિણામે સમાજમાં દ્વેષ, પૂર્વગ્રહ અને વર્ગ વિગ્રહની સ્થિતિનું સર્જન થાય છે. સામાન્ય લોકોમાં ધનિકો પ્રત્યે દ્વેષ અને પૂર્વગ્રહો પ્રવર્તે છે. ગરીબો તેમની ઓછી આવકો માટે ધનિકોને જવાબદાર ગણે છે. પરિણામે દેશમાં ધનિક અને ગરીબ, મૂડીપતિ અને શ્રમિક, શહેરી અને ગ્રામીણ એવા જૂથ સંઘર્ષો કે વર્ગ વિગ્રહો વધે છે. દેશમાં મૂડીરોકાણ, બચત, વ્યાજ, નફો એ બધા આર્થિક પરિબળો પ્રત્યે નકારાત્મક વલણ સર્જાય છે. દેશના વિકાસમાં ઉદ્યોગપતિઓ અને ધનિકોનું નોંધપાત્ર યોગદાન હોય છે. છતાં રાજકારણીઓ અને સામાજિક કાર્યકરો, વિચારકો વગેરે બૌદ્ધિકો દ્વારા ગરીબ લોકોમાં ધનિક લોકો માટે પૂર્વગ્રહો સર્જવામાં આવે છે અને સમાજમાં વિકાસ માટે આવશ્યક સેવા પરિબળો પ્રત્યે નકારાત્મક માન્યતાઓ પ્રવર્તે છે.

II ગરીબ, અલ્પશિક્ષિત કામદારો ઓછા વેતનને કારણે તેમના શ્રમિક સંગઠનો વારંવાર હડતાળો પાડે છે અને વિરોધ પક્ષો બંધની હાકલો કરે છે. જેને કામદારો અનુસરે છે અને દેશમાં હિંસા, તોડફોડ, જાનહાનિ અને અશાંતિનો માહોલ સર્જે છે. આમ સમાજમાં પણ અશાંતિ અને હિંસા પ્રવર્તે છે.

III શિક્ષણ અને તાલીમનું સ્તર નીચું રહે છે. તે અનુસાર ભૌતિક સ્તર પણ નીચુ રહે છે. અલ્પશિક્ષિત લોકોની માનસિકતા હતાશાયુક્ત હોય છે. લોકો નસીબવાદમાં, પ્રારબ્ધવાદમાં માને છે તથા પોતાની પરિસ્થિતિને ના છૂટકે સ્વીકારી લે છે. આમ મોટા ભાગની વસ્તી હતાશા અને આશાવિહીન વાતાવરણમાં જીવે છે. તેથી આખો સમાજ પ્રગતિશીલ બની શકતો નથી.

V ગરીબી, દ્વેષ, હતાશા અને અભાવ જેવા સંજોગોમાં ધનિકોની તરફેણમાં કેટલાંક લોકો નકારાત્મક માનસિકતા ધરાવે છે અને ગુનાખોરી તરફ વળે છે. સમાજમાં ગુનાઓનું પ્રમાણ વધે છે. લોકોની સુખાકારી ઘટે છે. લોકો અસુરક્ષા અને અસલામતી અનુભવે છે.

(V) સમાજ આર્થિક રીતે (ડ્યુઅલ ઈકોનોમી) દ્વિમુખી અર્થતંત્રમાં વહેંચાય જાય છે. તેના પરિણામે સમાજ પણ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. એક જ દેશમાં એક નાનો વર્ગ સમૃદ્ધ, ગતિશીલ અને પ્રગતિશીલ હોય છે. જ્યારે બીજો મોટા વર્ગ ગરીબ, પછાત અને અપ્રગતિશીલ હોય છે. જે સમાજને સ્પષ્ટ પણે બે ભાગોમાં વહેંચી દે છે અને બન્ને વચ્ચેનું અંતર વધતુ જાય છે. ઊંચનીચ, સંસ્કારી-અસંસ્કારી,

પ્રગતિશીલ અને પછાત એવા ભેદભાવ વધતા જાય છે.

(VI) મહિલાઓ તરફ અન્યાય અને પૂર્વગ્રહોની સ્થિતિ, તદ્દન ઓછી આવકોવાળા લોકોમાં પુરુષોને જ પુરતી તકો મળતી ન હોવાથી સ્ત્રીઓને ભાગ્યે જ સારી તકો મળે છે. આવા સંજોગોમાં સ્ત્રીઓ પ્રત્યે પૂર્વગ્રહયુક્ત ભેદભાવપૂર્ણ અને અન્યાયી વલણ સર્જાય છે. આવા સમાજમાં મહિલા સશક્તિકરણ અને મહિલા જાગૃતિની શક્યતાઓ જણાતી નથી. મહિલાઓએ ઓછી આવકની સ્થિતિમાં પરિણામો વધુ પ્રમાણમાં ભોગવવા પડે છે.

(VII) ઓછી આવકોને પરિણામે પોષક આહારની ઊણપ વર્તાય છે. તેમજ માંદગી અને બીમારીની સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં તબીબી સારવાર લઈ શકાતી નથી. પરિણામે લોકોનું સામાન્ય આરોગ્ય કથળે છે. અને લોકોની શારીરિક કાર્યક્ષમતા ઓછી રહેવા પામે છે. પરિણામે તેઓ વધુ ઉત્પાદન આવકો મેળવી શકતા નથી.

## 4.5 આવકની અસમાનતા દૂર કરવાના ઉપાયો :

ભારત વિકસીત દેશોની તુલનાએ તેમજ ભારતીય રાજ્યોની માથાદીઠ આવકની અન્ય અર્થવ્યવસ્થાઓ સાથે સરખામણી કરવાથી તદ્દન અસમાનતા જોવા મળે છે. આવકની અસમાનતાના અનેક કારણો છે. પરંતુ તેને દૂર કરવા માટે કેટલાક ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

### (1) ભ્રષ્ટાચાર ઉપર અંકુશ :

દેશમાં પ્રમાણિકપણે ઉત્પાદનના દરેક સાધનો કાર્ય કરે તો તેઓના વળતરમાં આવકની અસમાનતા ખૂબ જ ઓછી જોવા મળે. ભારતમાં આવકની અસમાનતા અત્યંત પર્વત અને ખીણ જેવી છે. આ અસમાનતાનું જો મૂળભૂત કોઈ કારણ હોય તો તે ભ્રષ્ટાચાર છે. આથી સરકાર જો ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મૂકે અથવા છટકબારીના છિદ્રો દૂર કરી ભ્રષ્ટાચારીને કડક કેદની સજા અને દંડ કરવામાં આવે તો ભ્રષ્ટાચારીઓમાં ભય વ્યાપી જશે અને બે નંબરની આવકો બંધ થતા આવકની અસમાનતા ઘટશે.

### (2) પરોક્ષ વેરા :

જીવનજરૂરી પ્રાથમિક ચીજવસ્તુઓ ઉપર ખૂબ જ નીચા પરોક્ષવેરાનો દર રાખવામાં આવે તો મોટા ભાગની વસ્તી ઉપર કરનો બોજ નીચો રહે. તેમની વાસ્તવિક આવક વધવા પામશે. તેમજ સરકાર તેની પરોક્ષકરની આવક ટકાવવા માટે સુખ સગવડ અને મોજશોખની ચીજવસ્તુઓ ઉપર વધુ કરવેરા લઈ પોતાની કર સ્વરૂપની આવક મેળવશે. બીજી બાજુ ધનિકો પરોક્ષ કર ઊંચો આપશે. તેથી તેની વાસ્તવિક આવક ઓછી થશે અને ગરીબોની વાસ્તવિક આવક વધતાં તેટલા પ્રમાણમાં આવકની અસમાનતા ઘટશે.

### (3) કરચોરી અટકાવવી :

બિન પ્રમાણિક કરદાતા એક યા બીજા સ્વરૂપે કર છુપાવવા અનેક પ્રકારના પ્રયત્નો કરી કાળુ નાણું એકઠું કરે છે. સરકારે કાયદાનો કડક અમલ કરી કરચોરી અટકાવવી જોઈએ. કાયદાની છટકબારીઓ કે છિદ્રોનો દુરુપયોગ ન થાય અને કડક અમલ કરી સખત કેદની સજા અને દંડ બન્ને લેવા જોઈએ. જેથી બિનહિસાબી નાણું રાખનાર કે કરચોરી કરનાર કેદની સજાથી ગભરાય. વળી ન્યાયમાં વિલંબ થવો જોઈએ નહીં. સ્વૈચ્છિક જાહેરાતની સ્કીમમાં વધુમાં વધુ 30 ટકા ટેક્ષ અને સરચાર્જ લેવામાં આવે છે. તેથી કરચોરો જ્યાં સુધી ન પકડાય ત્યાં સુધી કરચોરી કરે છે અને પકડાય તો પણ ટેક્ષ રેગ્યુલર મહત્તમ

૩૦ ટકા જ ભરવાનો થતો હોઈ છે. કરચોરીને પ્રોત્સાહન મળે છે તેની જગ્યાએ કરચોરો પકડાય તો 500 થી 1000 ગણો ટેક્ષ વસુલાય તો તેઓ કરચોરી કરવાની હિંમત કરશે નહિ. કરચોરી સ્વરૂપે જે ઊંચી આવકો ભેગી કરી આવકની અસમાનતા સમાજમાં પ્રવર્તે છે તે ઓછી થશે.

**(4) બેરોજગારી ગરીબી હટાવવા પ્રયત્ન :**

ગરીબ પ્રજા પાસે આવકો નીચી છે અને વસ્તીનું પ્રમાણ એટલે કે કુટુંબનું કદ ઊંચુ જોવા મળે છે. પરિણામે અર્થતંત્રમાં પૂરતા પ્રમાણમાં રોજગારી ઉપલબ્ધ થતી નથી જે ગરીબીમાં પરિણમે છે. સરકારે ચોપડીયા જ્ઞાન કરતાં પ્રેક્ટીકલ અને ટેક્નોલોજીકલ રીતે શ્રમિકોને સક્ષમ બનાવી સ્વરોજગારી ઊભી કરવાની વિપુલ તકોનું સર્જન કરવું પડે ગ્રામીણ ક્ષેત્રે અને શહેરીક્ષેત્રે બેરોજગારી ઘટાડવાથી ગરીબી પણ દૂર થશે. આવા ટેક્નીકલ અભ્યાસક્રમો વિના મૂલ્યે સરકારે શરૂ કરી ગરીબોની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે. જેથી તેમની આવકો વધશે. અસંગઠિત ક્ષેત્રમાં લઘુતમ વેતનદર વધારવા અને રોજગારીની ખાત્રી આપવાથી પણ બેરોજગારી ઘટશે અને તેટલા પ્રમાણમાં આવકની અસમાનતા ઘટશે. વળી ધનિકો પાસેથી થોડો વધુ સરચાર્જ સ્વરૂપે કર લઈ ગરીબોના હિતમાં વાપરવાથી આવકની અસમાનતા ઘટશે.

**(5) કૃષિક્ષેત્રે કરવેરા લાદવા :**

ભારત ખેતીપ્રધાન દેશ અને 50 ટકા કરતાં વધુ વસ્તી કૃષિક્ષેત્ર ઉપર આધારિત છે. કૃષિક્ષેત્રે કરવેરા સીધા ન હોવાથી ધનિકો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ઉત્પાદકો, ડૉક્ટરો, વકીલો કે જેઓને ખેતી સાથે જરાય સંબંધ નથી. પરંતુ તેઓની અન્ય ક્ષેત્રની આવકો કૃષિક્ષેત્રની દર્શાવી કરચોરી કરી કાળુ નાણું કે બિનહિસાબી નાણું ઊભુ કરી આવકની અસમાનતા સર્જે છે. જો કૃષિક્ષેત્રે કરવેરા લાદવામાં આવે તો કરચોરીનું પ્રમાણ ઘટી આવકની અસમાનતા ઘટશે. સરકારને કરવેરા સ્વરૂપે આવક વધતાં ગરીબોના કલ્યાણ અર્થે વાપરે તો આવકની અસમાનતા ઓછી થશે.

**(6) સરકારી યોજનાનો ચુસ્ત અમલ :**

સરકારી યોજનાઓ ગરીબો, વંચિતો, નિરાધારો, વિધવાઓ, મહિલાઓ અંગે સામાજિક કલ્યાણ હિતાર્થે સરકાર અમલમાં મૂકે છે. તેનો મોટે ભાગે લાભ ધનિકો, જમીનમાલિકો, ઉદ્યોગપતિઓ સરકારી અમલદારો સાથે સાંઠગાંઠ કરીને લે છે. સરકારે વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભો સાચા હિતાર્થે ગરીબો પાસે પહોંચે અને તેનો કડક અમલ થાય તો ચોક્કસ આવકની અસમાનતા ઘટશે. સરકારી અમલદાર કર્મચારી કે ખોટો લાભાર્થી પકડાય તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરી સજા કરવામાં આવે તો આવકની અસમાનતા ઘટશે. વળી સામાજિક સુરક્ષાના લાભો પણ વધારવાની જરૂર છે.

બેકારી, ગરીબી, ફુગાવાને અંકુશમાં લેવો શિક્ષણનું સ્તર ઊંચુ લઈ પ્રજાને શિક્ષિત બનાવવી. ગૃહઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોનો ગ્રામીણ સ્તરે વિકાસ કરી રોજગારીની તકો વધારવી. કલ્યાણલક્ષી યોજનાઓ જેવી કે સસ્તુ અનાજ, આરોગ્ય માટે સહાય, શિક્ષણની સુવિધા, રોજગારી, અનામતો, સ્કોલરશીપ, ITC જેવા Skill Development પ્રોગ્રામ, રોજગારો તાલીમ કેન્દ્રો, વાણિજ્ય સેવાઓની તાલીમ જેવી કે કોમ્પ્યૂટર, કોમ્યુનિકેશન સ્કીલ, આધુનિક યુગને અનુરૂપ તાલીમ આપીને રોજગાર ગરીબોને રાહત આપવાની જરૂર છે. આરોગ્ય વિષયક ફ્રી સેવાઓ જેવી કે મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, મા અમૃતમ વાત્સલ્ય યોજના વગેરેનો લાભ ગરીબ પ્રજા લઈ શકે તે માટે હકારાત્મક અભિગમ અપનાવવાની

જરૂર છે. આમ ભારતમાં આવકની અસમાનતા ઘટાડવા ગરીબો તરફી ઘણી યોજનાઓ છે. પરંતુ વાસ્તવિક લાભ તેમના સુધી પહોંચતો નથી તે આપણાં દેશની નબળાઈ છે.

## 4.6 વિકાસ અને વહેંચણી

દેશનો આર્થિક વિકાસ થાય અને આ વિકાસની વહેંચણી જો યોગ્ય રીતે થાય તો આવકની અસમાનતા ઘટે. આર્થિક વિકાસ વિના વહેંચણી બહુ જ મુશ્કેલ છે. દરેક દેશ માટે વહેંચણીની અસમાનતા દૂર કરવા માટે જો રાષ્ટ્રીય આવકની વહેંચણીને વધુ મહત્ત્વ આપવામાં આવે તો તે વિકાસના ભોગે વહેંચણી થાય. જેના પરિણામે વિકાસદર ધીમો પડે અને ગરીબોની આવક વધારવાનું મુશ્કેલ બને. જો ઝડપી વિકાસને મહત્ત્વ આપવામાં આવે તો ઝડપી વિકાસ સાથે રાષ્ટ્રીય આવકની વહેંચણીની અસમાનતા વધે છે. આથી વિકાસ અને રાષ્ટ્રીય આવકની વહેંચણી વચ્ચે સમતુલા હોવી જરૂરી છે. સરકારો ઝડપી વિકાસને મહત્ત્વ આપે છે અને વિકાસની યોજનાઓ અમલમાં મૂકે છે. આ સિવાય મૂડી બજાર અને વાણિજ્ય સેવાઓના વિકાસ ઉપર પણ ભાર મૂકવામાં આવે છે. આમ એક બાજુથી રાજ્ય દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ વડે ઝડપી વિકાસનો હેતુ રાખવામાં આવે છે. બીજી બાજુથી મૂડી બજાર અને વાણિજ્ય સેવાઓના વિકાસ વડે તેમજ વિશેષ પ્રોત્સાહનો અને આર્થિક નીતિઓ વડે ખાનગીક્ષેત્રે મૂડીરોકાણો અને ઉત્પાદન વધે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આર્થિક વિકાસ જેટલો ઝડપથી વધી શકે તેટલો ઝડપથી આર્થિક અસમાનતા ઘટી શકે. આર્થિક અસમાનતા ઘટાડવા માટે વિકાસના સંદર્ભમાં સર્વ સમાવેશી વિકાસની વ્યૂહરચનાને મહત્ત્વ આપવામાં આવે છે. જેમાં જુદા જુદા ઓછી આવકવાળા અને પછાત વર્ગોને તાલીમ તથા સસ્તી લોન વડે ઉત્પાદક રોજગારી પૂરી પાડવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ તથા શહેરીક્ષેત્રે મહિલાઓની આવકો વધારવા માટે સખીમંડળો ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આર્થિક અસમાનતા ઘટાડવામાં મહિલાઓની આર્થિક સ્થિતિ સુધરે તે રીતે મહિલા સશક્તિકરણ પણ મહત્ત્વનું ગણાય. રાજ્ય દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત) વિકાસ, વાણિજ્ય અને શેર બજારનો વિકાસ તેમજ આર્થિક નીતિઓ વડે ખાનગી વિકાસની તકો પૂરી પાડે છે. વળી સર્વ સમાવેશી વિકાસ મહિલા સશક્તિકરણ વડે થાય છે.

**આવકની સમાનતા :**

વહેંચણી અને આર્થિક વિકાસ એ બન્ને કોઈપણ દેશ માટે મહત્ત્વના છે. પરંતુ આર્થિક વિકાસને અવરોધરૂપ બની માત્ર વહેંચણીને પ્રાથમિકતા આપવામાં આવે તો દેશનો વિકાસ અવરોધાય છે અને વધુ લોકોને આવકો વહેંચી શકાય તેવી શક્યતાઓ નાબૂદ થાય છે. આ અંગે દેશના પ્રથમ વડાપ્રધાન નહેરુજીનું એક પત્રકાર સાથેનો સંવાદ નોંધનીય છે. પત્રકારે વહેંચણી ઉપર ભાર મૂકવા માટે કહ્યું ત્યારે નહેરુજીએ જવાબ આપ્યો કે જો આર્થિક વિકાસ કર્યા વિના આપણે રાષ્ટ્રીય આવકની વહેંચણીનો સમાન આગ્રહ રાખીશું તો મારા અને તમારી પાસે આ પહેરેલાં કપડાં પણ રહેશે નહીં. ગરીબ દેશમાં વિકાસ કર્યા વિના વહેંચણી કરીએ એટલે માત્ર ગરીબીની વહેંચણી કરી કહેવાય. એજ રીતે ગાંધીજીનો વિચાર પણ સમાનતા સંદર્ભે નોંધવા જેવો છે. તેમના મતે આવકની સમાનતા એ એમનો આદર્શ છે. પરંતુ સંપૂર્ણ સમાનતા શક્ય નથી તેથી વાજબી સમાનતાનો તેઓ આગ્રહ રાખે છે. એટલે કે આર્થિક અસમાનતા ઘટાડવાની વાત આવે ત્યારે રાજકોશીય નીતિનો ઉલ્લેખ ઊંચી સંપત્તિ અને આવકો ઉપર ઊંચા કરવેરા પ્રગતિશીલ દરે અને બહુ ઓછી આવકવાળા લોકો માટે કલ્યાણલક્ષી યોજનાઓ વડે આવકની અસમાનતાને દૂર કરવાનો પ્રયાસ થાય છે. જો કે વધુ પડતા કરવેરા એ વિકાસને પ્રતિકૂળ અસર કરે છે. તેથી રાષ્ટ્રીય આવકની વહેંચણીની અસમાનતા ઘટાડવામાં પણ અવરોધ પેદા થાય છે. આથી જ 1960-70ના દાયકામાં અવાસ્તવિક પ્રગતિશીલ વેરા હતા. જેમાં સીમાંત આવકો

લગભગ જપ્ત થતી હતી. તે નીતિ બદલી મહત્તમ 30 ટકા વેરાની નીતિ અપનાવવામાં આવી છે.

અમેરિકાના ફોર્ડ (Ford) કારના કિંગ હેનરી ફોર્ડ માનવ કલ્યાણની અને સમાજવાદી વિચારોની વાતો કરવા સંદર્ભે જણાવ્યું હતું કે મારી કંપની સંપત્તિ બધાને સરખા હિસ્સે વહેંચી દો તો જેટલી રકમના ચેક તૈયાર કર્યા તે એક વખત જ કર્મચારીઓને મળશે. મૂડીના અભાવે કારખાનું બંધ થઈ જશે અને તમારી આવકો પણ બંધ થઈ જશે. બૌદ્ધિકો એક જ વખત આવક વહેંચી દેવાને બદલે ક્રમશઃ આવક વહેંચાય તે જરૂરી છે. જેથી આવકના સ્ત્રોતો ચાલુ રહે. ટૂંકમાં રાષ્ટ્રીય આવકની વહેંચણી આર્થિક વિકાસ કે વૃદ્ધિને ધ્યાનમાં લઈને કરવી જોઈએ.

**સમીક્ષા :**

આવકની તીવ્ર અસમાનતા એ માત્ર આર્થિક સમસ્યા નથી. એની પાછળ સામાજિક, ભૌગોલિક, માનસિક અને સ્થાપિત પરંપરા જેવા ઘણા પરિબળો જવાબદાર છે. સામાન્ય રીતે અસમાનતાની સમસ્યા એ ગરીબી અને બેરોજગારીની સમસ્યા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. આ સમસ્યાના ઉકેલ માટે માત્ર અસમાનતા ઘટાડવી પૂરતી નથી. તેની સાથે બેરોજગારી અને ગરીબી ઘટાડવાના ઉપાયો આવશ્યક હોય છે.

## 4.7 ઓક્સફેમ સર્વેનો ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો ટૂંકસાર (વર્ષ 2019)

ભારતના સંદર્ભમાં આવકની અસમાનતાનો સર્વે ઓક્સફેમે કર્યો છે. જેની ટૂંકી માહિતી નીચે મુજબ છે.

1. ભારતે ગયા વર્ષે 17 નવા અબજોપતિ ઉમેર્યા. જે સંખ્યા વધીને 101 અબજોપતિ થઈ.
2. ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં રૂા. 4891 બિલિયનનો વધારો થયો. જે રૂા. 15,778 બિલિયનમાંથી વધીને રૂા. 20,676 બિલિયન થઈ. જે આરોગ્ય અને શિક્ષણ પરના તમામ રાજ્યોના બજેટના 85 ટકા નાણાં માટે પૂરતા હતા.
3. ગયા વર્ષે પેદા થયેલી સંપત્તિમાંથી 73 ટકા સંપત્તિ દેશના અતિ ધનાઢ્ય 1 ટકા લોકો પાસે ગઈ. અને 67 કરોડ ભારતીયો કે જે સૌથી ગરીબ વસ્તીનો સમાવેશ કરે છે. તેમની સંપત્તિમાં એક ટકાનો વધારો જોવા મળ્યો છે.
4. છેલ્લા 12 મહિનામાં આ મુઠીભર ધનિકોની સંપત્તિમાં રૂા. 20,913 અબજ રૂપિયાનો વધારો થયો. આ રકમ કેન્દ્ર સરકારના 2017-18ના કુલ બજેટની સમકક્ષ છે.
5. ભારતના 37 ટકા અબજોપતિઓને વારસામાં કૌટુંબિક સંપત્તિ મળી છે. તેઓ દેશના અબજોપતિઓની કુલ સંપત્તિના 51 ટકા ઉપર નિયંત્રણ કરે છે.
6. ભારતમાં માત્ર ચાર મહિલા અબજોપતિ છે અને તેમાંથી ત્રણ મહિલાને વારસામાં કૌટુંબિક સંપત્તિ મળે છે.
7. વર્ષ 2018 થી 2022ની વચ્ચે ભારતમાં દરરોજ 70 નવા મિલિયોર્નર પેદા થવાનો અંદાજ છે.
8. ભારતમાં અબજોપતિની સંખ્યા વર્ષ 2000માં માત્ર 9 (નવ) હતી. જે વધીને 2017માં 101 થઈ છે. (નોંધ : જો કે 2021માં આ સંખ્યા વધીને 142 થઈ છે.)

## Imbalance Income in India

References :


- Devi Kabirdoss, SRM institute of Science and Technology, May 2015, www.Researchscrips.org
- Amitkapur & Jaishka Duggle Oxfam International http:// www.oxfam.org>india exterme.inequality-num.
- Shocking facts about inequality in India. by oxfam India. 24 Jun, 2018. friendsoxfam@oxfamindia.org.
- Oxfam (ઑક્સફામ) નામ ૧૯૪૨માં બ્રિટનમાં સ્થપાયેલી ઑક્સફર્ડ કમિટી ફોર ફેમિન રિલિફ પરથી આવ્યું છે. ઑક્સફામ ઈન્ટરનેશનલની રચના ૧૯૯૫માં સ્વતંત્ર બિનસરકારી સંસ્થાઓના જૂથ દ્વારા કરવામાં આવી હતી. ગરીબી અને અન્યાયનો અંત લાવવા અસમાનતા સામે Oxfam લડી રહ્યું છે. તેમનું મુખ્ય કાર્ય માનવઅધિકારોની સાર્વત્રિકતા પ્રત્યે પ્રતિબદ્ધતા, ગરીબી અને અન્યાય સામે લડવા અને નારીવાદી અભિગમ દ્વારા, માર્ગદર્શન આપવાનાં આધારે ચલાવવામાં આવે છે.
- Oxfam.orglen/india-exterme-ineauality-numbers.
- Chaudhary Prashantkumar, July 12 2022, Income Inequality in India.
- N.C. Saxena member, Nation Advisory Council.
- India Still suffers from huge income gap Article.
- Income gap rises in India NSSO.
- The Indian Express - Joarnalism of courage. 1 sep. 2022 Newslettar. News paper by ENS Economic Bureau. New Delhi, updated December 8 2021.
- Rajesh Mehta, Miheer Jain, Businessline “How income inequality in India can be narrowrd. “Feb. 2022
- The State of inequality in India Report released “The State of Inequality Report is a stock taking of both inclusion and exclusion.” 18 May, 2022 PLB Delhi.
- Purfulla Kumar Nath “Increasing Economic ineqality in India. and Policy Suggestion fellow at institute of Rural Mangament, Anand.
- Barro R.J. (2000) inequality and Growth in a Pannel of countries, Journal of Economic Gorwth 5 (1) 5-32
- Sanket Suman “Inequality of Income and Wealth in India : Causes and Measures. Article.
- Rowlatt. Justin (2 May, 2012) “Indian ineqality Still hidden.” BBC
- Wikipedia, the free encyclopedia.
- Nair Remya (2 May, 2016) IMF warms of growing inequality in India and China livemint.
- Income gap rises in India. NSSO
- GINI index (World bank estimate) Data - worldbank.org.
- Inida still sufters from huge Inome gap Southasia one world net.

# એકમ-5 આબોહવો-જળવાયુ પરિવર્તન

-: રૂપરેખા :-


5.1 પ્રસ્તાવના

5.2 આબોહવાનો અર્થ

5.3 જળવાયુ પરિવર્તનના મુખ્ય કારણો

5.4 આબોહવા પરિવર્તનની અસરો

5.5 આબોહવા-જળવાયુ પરિવર્તનને ઘટાડવાના પગલાંઓ

5.6 આબોહવા-જળવાયુ પરિવર્તનથી બચવા વૈશ્વિક પ્રયાસ

5.7 જળવાયુ પરિવર્તન અને ભારતીય પ્રયાસ

- ઉપસંહાર
- સંદર્ભ વાચન


## 5.1 પ્રસ્તાવના

"ટૂંકા સમયની વાતાવરણની સ્થિતિને હવામાન કહે છે" એટલે કે એક જ દિવસમાં ઠંડી, ગરમી કે વરસાદ હોય તો તેને તે દિવસનું હવામાન કહેવાશે પણ આબોહવાનો અર્થ જુદો છે.

આબોહવાનો અભ્યાસ પ્રાચીન છે. ગ્રીક શબ્દ Klima એટલે કે સૂર્યનાં કિરણોના સંદર્ભમાં પૃથ્વીનો ઢાળ (આધુનિક અક્ષાંશનો ખ્યાલ) તે ઉપરથી Climate શબ્દ યોજાયો છે.

## 5.2 આબોહવાનો અર્થ

"આબોહવા એટલે જળવાયુ એટલે કે કોઈપણ સ્થાન કે પ્રદેશ ઉપરની લાંબા સમય દરમિયાનની હવામાનની સરેરાશ લાક્ષણિક પરિસ્થિતિ."

**નાસા અનુસાર :**

"આબોહવા પરિવર્તન એ વૈશ્વિક અસાધારણ ઘટનાની વ્યાપક શ્રેણી છે. જે મુખ્યત્વે અશ્મિભૂત ઈંધણને બાળીને બનાવવામાં આવી છે. જે પૃથ્વીના વાતાવરણમાં ગરમી જાળમાં રહેલા વાયુઓને ઉમેરે છે."

આ ઘટનાઓમાં ગ્લોબલ વોર્મિંગ દ્વારા વર્ણવવામાં આવેલા તાપમાનના વધતા પ્રવાહોનો સમાવેશ થાય છે. તેમાં દરિયાઈ સ્તરમાં વધારો જેવા ફેરફારોનો પણ સમાવેશ થાય છે; વિશ્વભરમાં ગ્રીનલેન્ડ, એન્ટાર્કટિકા, આર્કટિક અને પર્વતીય હિમ નદીઓમાં બરફનું જથ્થાબંધ નુકસાન વગેરે... હવામાન પરિવર્તનની ઘટનાઓ છે.

**યુએસ જીઓલોજિકલ સર્વે મુજબ :**

"આબોહવા પરિવર્તન લાંબા સમય સુધી આબોહવાના માપદંડોમાં વધતા ફેરફારોનો સંદર્ભ આપે છે. જેમાં વરસાદ, તાપમાન અને પવનની પેટર્નનો સમાવેશ થાય છે."

હવામાન અને આબોહવા નક્કી કરનાર તત્ત્વો સૂર્યાઘાત, તાપમાન, હવાનું દબાણ, પવનો, ભેજ અને વરસાદ છે. હવામાન અને આબોહવા ઉપર અસર કરનાર પરિબળોમાં

અક્ષાંશ, સમુદ્રથી અંતર-ઊંચાઈ વગેરે... જેવા અનેક પરિબળોનો સમાવેશ થાય છે. આ પરિબળો આબોહવાનાં તત્ત્વોના વિતરણ પર અસર કરે છે અને પૃથ્વીની સપાટી પરના વિવિધ ભાગોમાં તેનું પ્રમાણ નક્કી કરે છે. આ ઉપરથી વિવિધ આબોહવાકીય પ્રદેશો નક્કી થાય છે.

પૃથ્વી પરનાં કોઈ બે સ્થાનની આબોહવા સર્વ રીતે સમાન હોતી નથી. વાતાવરણ અને પૃથ્વીની સપાટી વચ્ચે થતાં ઊર્જા અને દ્રવ્યના વિનિમય દ્વારા આબોહવાનાં વિશિષ્ટ સ્વરૂપોનું સર્જન થાય છે. કુદરતી પર્યાવરણનાં અંગ તરીકે તે વનસ્પતિ, જમીન તથા જલસ્ત્રોતોનું સ્વરૂપ નક્કી કરવા ઉપરાંત સીધી કે આડકતરી રીતે માનવજાતની દરેક પ્રવૃત્તિ ઉપર પ્રભાવ પાડે છે. વસવાટ, ખેતી, ઉદ્યોગ, પરિવહન વગેરે અંગેની કોઈ પણ પ્રદેશની યોગ્યતા તે નક્કી કરે છે.

ભૂતકાલીન આબોહવાના ફેરફારોના અભ્યાસ ઉપરથી હિમ યુગ, સમુદ્રના પાણીની સપાટીની વધ-ઘટ, દુષ્કાળ, સજીવોનાં સ્થળાંતર વગેરેની સમજૂતી મળી છે. માનવજાતની પ્રવૃત્તિની પર્યાવરણ ઉપર થતી અસર સ્થાનિક કે વૈશ્વિક હવામાનમાં ફેરફારો સર્જે તેવા પુરાવા ઉપલબ્ધ છે.

હાલના દાયકાઓમાં અનેક પ્રદેશોમાં સરાસરી ઊષ્ણતામાન વધ્યું છે. વૈશ્વિક સ્તરે, 1998નું વર્ષ સૌથી ગરમ હતું અને 1990નો દાયકો અત્યાર સુધી નોંધાયેલ સૌથી ગરમ દાયકો હતો. વર્લ્ડ મીટીરીયોલોજીકલ કેન્દ્ર અને ક્લાયમેટિક રિસર્ચ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવેલા અંદાજોને અંતે એવું તારણ મળે છે કે 1998 પછી 2005નું વર્ષ સૌથી વધુ ગરમી ધરાવતું વર્ષ હતું.

અનેક દેશોમાં તેમાંય ખાસ કરીને મધ્ય અને ઉચ્ચ અક્ષાંશો પર આવેલા દેશોમાં વરસાદનું પ્રમાણ વધ્યું છે.

કેટલાંક પ્રદેશોમાં જેમ કે એશિયા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં હાલના દાયકાઓમાં દુકાળ પુનરાવર્તન અને તેની ઊગ્રતા વધી છે. 1970ના દાયકાના મધ્ય ભાગથી આગલાં 100 વર્ષોની તુલનામાં ભારે તોફાનો સાથે વાવાઝોડાં લાવનારા અલ-નીનોનું પુનરાવર્તન, તીવ્રતા અને સમય અવધિ વધ્યા છે. આ બધું દર્શાવે છે કે પૃથ્વી રોગગ્રસ્ત થઈ રહી છે. મનુષ્યોની અનુચિત પ્રવૃત્તિઓને કારણે થતી ગરબડોને લીધે પૃથ્વી પોતાની સમતુલા ગુમાવી રહી છે.

વર્તમાનમાં માનવી વિકાસ કરી રહ્યો છે અને તેનો અધિકાર છે પણ આ અધિકાર પર્યાવરણના ભોગે તો નહિ જ ! ઔદ્યોગિક ક્રાંતિ અને વિજ્ઞાનની શોધે દેશનો વિકાસ થયો પણ પર્યાવરણના ભોગે જ.

કુદરતી સ્ત્રોતોના અમર્યાદિત ઉપયોગથી પાણી, હવા અને વનસ્પતિમાં અશુદ્ધિ જન્મી છે. પર્યાવરણીય પ્રદૂષણ ફેલાયું છે. જેની વિપરીત અસર માનવજીવન પર પડી છે.

આપણે જોઈ શકીએ છીએ કે છેલ્લા કેટલાક વર્ષોથી પૃથ્વીના વાતાવરણનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. ઋતુઓમાં ફેરફારો થઈ રહ્યાં છે. ક્યાંક અતિ ઠંડી, ક્યાંક અતિ ગરમી, ક્યાંક અતિવૃષ્ટિ, ક્યાંક દુકાળ, વાવાઝોડઓ અને સુનામી આવી રહ્યાં છે.

વર્તમાન સમયમાં જળવાયુ પરિવર્તન એક મોટી વૈશ્વિક સમસ્યા બની ગઈ છે. 19મી સદીના અંત બાદ આજ સુધીમાં પૃથ્વીના સરેરાશ 0.9 ડિગ્રી સે.નો વધારો થયો છે. ગત સદી કરતાં સમુદ્ર સ્તરમાં પણ 8 ઈંચ વધારો થયો છે. આ બધા જ આંકડાઓ ખૂબ ચિંતાજનક ગણી શકાય.

જળવાયુ પરિવર્તનને સમગ્ર વિશ્વમાં અનુભવી શકાય છે. ભૂવૈજ્ઞાનિકોના મતે પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે. આ પરિવર્તન ભલે 1 ડિગ્રી જેટલું હોય પણ માનવજાત પર તેનો વ્યાપક પ્રભાવ પડે છે. જેમ કે, હિમ નદીનું પીગળવું, મહાસાગરોના જળસ્તર ઊંચા આવવા વગેરે... જેને પરિણામે નાના-નાના દ્વીપોના ડૂબવાનું જોખમ રહેલું છે. આ સંદર્ભે જળવાયુ પરિવર્તનના મુખ્ય કારણો, અસરો અને આ પરિવર્તનને અટકાવવાના-ઘટાડવાના ઉપાયો અંગે ચર્ચા કરીએ.

## 5.3 જળવાયુ પરિવર્તનના મુખ્ય કારણો

જળવાયુ પરિવર્તનના મુખ્ય બે કારણો છે.

[A] કુદરત સર્જિત કારણો

[B] માનવ સર્જિત કારણો

**[A] કુદરતી કારણો :**

કુદરત સર્જિત કારણોમાં નીચેના કારણોનો સમાવેશ કરી શકાય છે.

**(1) પ્લેટ ટેક્ટોનિક્સ અને જ્વાળામુખી વિસ્ફોટ :**

પ્લેટ ટેક્ટોનિક્સ એ પીગળેલા ખડકો દ્વારા પૃથ્વીની સપાટીની નીચે સપાટ મોટા ખડકોની હિલચાલ છે. પ્લેટ ટેક્ટોનિક્સ એ ખંડોની રચના અને ધીમે-ધીમે હિલચાલનું કારણ છે.

પ્લેટ ટેક્ટોનિક્સ જ્વાળામુખી ફાટી નીકળવાનું અને પર્વતોની રચનાનું કારણ છે. આ પ્રક્રિયાઓ આબોહવા પરિવર્તનમાં ફાળો આપે છે. પર્વતોની સાંકળો સમગ્ર વિશ્વમાં હવાના પરિભ્રમણને પ્રભાવિત કરે છે. તેથી આબોહવા પરિવર્તનનું કારણ બને છે.

જ્વાળામુખી વિસ્ફોટ નવી જમીનોના સર્જન માટે જવાબદાર છે. પરંતુ તે આબોહવા પરિવર્તનનું કારણ પણ છે. જ્વાળામુખી વિસ્ફોટ વાતાવારણમાં વાયુઓ અને કણો છોડે છે અને આ કણો અથવા વાયુઓ કાં તો વાતાવરણનું તાપમાન ઘટાડે છે અથવા વધારે છે. જ્વાળામુખી વાયુઓમાં સલ્ફર ડાયોક્સાઈડ ($SO_2$) વૈશ્વિક ઠંડકનું કારણ બની શકે, પરંતુ $CO_2$ ગ્લોબલ વોર્મિંગનું કારણ બની શકે છે.

આ કણો સૂર્યપ્રકાશને પૃથ્વીની સપાટી પર અથડાતા અટકાવી શકે છે અને મહિનાઓ કે કેટલાક વર્ષો સુધી ત્યાં રહી શકે છે. જેના કારણે તાપમાનમાં ઘટાડો થાય છે. તેથી અસ્થાયી આબોહવા પરિવર્તન થાય છે. આ વાયુઓ અથવા રજકણો ઊર્ધ્વમંડળના અન્ય વાયુઓ સાથે પણ પ્રતિક્રિયા આપી શકે છે જે ઓઝોન સ્તરનો નાશ કરે છે. પૃથ્વી પર વધુ સૌર કિરણોત્સર્ગને આબોહવા પરિવર્તનનું કારણ બને છે.

**(2) મિલાન્કોવિચ સાયકલ :**

મિલાન્કોવિચના સિદ્ધાંત મુજબ ત્રણ ચક્ર પૃથ્વીની સપાટી સુધી પહોંચતા સૌર કિરણોત્સર્ગના જથ્થાને અસર કરે છે અને આ પૃથ્વીની આબોહવાની પેટર્નને અસર કરે છે. આ ચક્ર લાંબાગાળા પછી આબોહવા પરિવર્તનનું કારણ બને છે.

**(3) મહાસાગરના પ્રવાહોમાં ફેરફાર :**

સમગ્ર વિશ્વમાં ગરમીના વિતરણ માટે મહાસાગરના પ્રવાહો જવાબદાર છે. જ્યારે સમુદ્ર સૌર કિરણોત્સર્ગ દ્વારા ગરમ થાય છે ત્યારે પાણીના કણો હળવા બને છે અને પવન દ્વારા ઠંડા પાણીમાં અથવા તેનાથી વિપરીત સરળતાથી પરિવહન થાય છે. આ પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. જેમ કે મહાસાગરો મોટી માત્રામાં ગરમીનો

સંગ્રહ કરે છે. સમુદ્રી પ્રવાહોમાં નાના ફેરફારો પણ વૈશ્વિક આબોહવા પર મોટી અસર કરી શકે છે. ખાસ કરીને સમુદ્રની સપાટીના તાપમાનમાં વધારો થવાથી મહાસાગરો પર વરાળનું પ્રમાણ વધે છે અને ગ્રીનહાઉસ ગેસનું કારણ બને છે. પરિણામે મહાસાગરો ગરમ બનવાથી તેઓ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી શકતા નથી. જે આબોહવા પરિવર્તન તરફ દોરે છે.

**(4) અલ નીનો સધર્ન ઓસિલેશન (ENSO) :**

ENSO એ પેસિફિક મહાસાગરમાં પાણીના તાપમાનમાં ફેરફારની પેટર્ન છે. 'અલનીનો' વર્ષમાં વૈશ્વિક તાપમાન વધે છે અને 'લા નીના' વર્ષમાં તે ઠંડુ થાય છે. આ પેટર્ન થોડા સમય માટે આબોહવા પરિવર્તનનું કારણ બને છે.

**(5) ઉલ્કાની અસર :**

ઉલ્કાઓ અને કોસ્મિક ધૂળમાંથી ઘણી ઓછી સામગ્રી પૃથ્વી પર થોડા પ્રસંગોએ ઉમેરવામાં આવી છે. આ ઉલ્કાઓની અસરોએ ભૂતકાળમાં આબોહવા પરિવર્તનમાં ફાળો આપ્યો છે.

ઉલ્કાની અસર એ જ રીતે વર્તે છે જે રીતે જ્વાળામુખી વિસ્ફોટ વાતાવરણમાં ધૂળ અને એરોસોલ્સને મુક્ત કરીને કરે છે. જે સૌર કિરણોત્સર્ગને પૃથ્વીની સપાટી સુધી પહોંચતા અટકાવે છે. જે વૈશ્વિક તાપમાનનું કારણ બને છે. આ અસર થોડા વર્ષો સુધી રહે છે.

ઉલ્કામાં $CO_2$, $CH_4$ અને પાણીની વરાળ હોય છે જે મુખ્ય ગ્રીન હાઉસ વાયુઓ છે અને આ વાયુઓ મુક્ત થયા પછી વાતાવરણમાં રહે છે. જેના કારણે વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે. આ પ્રકારનું હવામાન પરિવર્તન દાયકાઓ સુધી ટકી શકે છે.

**(6) સૌર કિરણોત્સર્ગ :**

પૃથ્વીની સપાટી પર પહોંચતા સૌર કિરણોત્સર્ગ દ્વારા છોડવામાં આવતી ઊર્જાના જથ્થામાં ભિન્નતા છે આ પૃથ્વીની આબોહવાની પેટર્નને પ્રભાવિત કરે છે. જેના કારણે આબોહવા પરિવર્તન થાય છે. ટૂંકમાં સૌરઊર્જામાં કોઈપણ વધારો પૃથ્વીના સમગ્ર વાતાવરણને ગરમ કરશે. પરંતુ આપણે માત્ર નીચેના સ્તરમાં જ ગરમી જોઈ શકીએ છીએ.

**[B] માનવ સર્જિત કારણો :**

જળવાયુ પરિવર્તનનાં કારણોમાં કુદરતી કારણો કરતાં માનવસર્જિત કારણો વધુ અસરકારક છે જે નીચે મુજબ છે.

**(1) ગ્રીન હાઉસની અસર :**

"ગ્રીન હાઉસ ઈફેક્ટ એટલે કે સૂર્યના કિરણો સાથે આવતી ગરમીને વાતાવરણમાં આવ્યા પછી પૃથ્વી પર અથડાઈને પરીવર્તન પામી પછી અવકાશમાં જવા ન દેવાય તેવી સ્થિતિ."

પૃથ્વીની ચારેય બાજુ ગ્રીન હાઉસ ગેસની એક પાતળી પરત બનલી છે. જેમ કે મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ અને $CO_2$. આ બધા જ ગેસ એ પૃથ્વીની સપાટી પર તાપમાન સંતુલન બનાવી રાખવામાં મદદ કરે છે.

ગ્રીન હાઉસની અસર **જોસેફ ફોરીયર** દ્વારા 1820માં શોધી કાઢવામાં આવી હતી અને 1896માં સૌ પ્રથમવાર જથ્થાબંધ રીતે સ્વાટે એરહેનીયસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા એબ્સોર્પ્શન અને વાતાવરણીય ગેસ દ્વારા ઈન્ફારેડ

રેડીયેશનનું પ્રદૂષણ ગ્રહના નીચા વાતાવરણ અને સપાટીને હૂંફાળું કરે છે.

આધુનિક યુગમાં જેમ-જેમ માનવીય પ્રવૃત્તિઓ વધી છે તેમ-તેમ ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં પણ વૃદ્ધિ થઈ રહી છે. જેના કારણે વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થઈ રહી છે. જ્યારથી ઔદ્યોગિક ક્રાંતિએ વિવિધ ગ્રીન હાઉસ ગેસના વાતાવરણીય જથ્થામાં વધારો કર્યો છે. $CO_2$ અને મિથેનના વાતાવરણીય જથ્થામાં 1700ના દાયકાની મધ્યમાં જ્યારથી ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો ત્યારથી અનુક્રમે 36 ટકા અને 148 ટકાનો વધારો થયો છે. આ સ્તરો છેલ્લા 6,50,000 વર્ષો કે જેમાંથી બરફના ટુકડામાંથી વિશ્વસનીય ડેટા મેળવવામાં આવ્યો છે તેમાં કોઈપણ સમયની તુલનામાં નોંધપાત્ર રીતે ઊંચા છે.

ભૂસ્તરશાસ્ત્રીય પુરાવાઓ પરથી એવું માનવામાં આવે છે કે $CO_2$નું મૂલ્ય આશરે 20 મિલિયન વર્ષો પહેલા અનુભવાયેલા સ્તરોમાં ઊંચું હતું. માનવીય પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ એવી ફોસીલ ફ્યુઅલને બાળવાથી છેલ્લા 20 વર્ષોમાં $CO_2$માં આશરે ત્રણ ગણો વધારો નોંધાયો છે. જમીનના વપરાશ અને ખાસ કરીને જંગલોના નાશને કારણે પણ વધારો થયો છે.

વાતાવરણમાં ગરમીને કેદ કરી રાખનાર બીજો વાયુ મિથેન છે. તે મોટે પાયે પશુપાલન, ડાંગરની ખેતી, રાસાયણિક પ્રક્રિયા માટે વસ્તુઓને સડાવવાની પ્રવૃત્તિ અને ઔદ્યોગિકીકરણથી વાતાવરણમાં ઠલવાતો રહ્યો છે. આ વાયુ કાર્બન ડાયોક્સાઈડ કેદ કરે છે એટલે કે ઓછો હોવા છતાં વધારે અસર કરે છે. આ વાયુને વનસ્પતિ શોષીને પ્રાણવાયુ પાછો વાતાવરણમાં છોડે તેવી કુદરતની ગોઠવણી હતી. પરંતુ આપણે જંગલોનો નાશ કર્યો હોવાથી આ વાયુના પ્રમાણને નિયંત્રણમાં રાખનાર સૌથી મોટા અને અસરકારક કુદરતી મશીનનો નાશ કર્યો છે. આ બધાને કારણે વાતાવરણમાં એટલા વાયુઓ ઠલવાયા છે કે સૂર્યના પ્રકાશ સાથે વરસતી ગરમી વાતાવરણમાં જ કેદ થઈને સમગ્ર પૃથ્વીને રીતસર રોકી રહી છે.

એ જ રીતે નાઈટ્રસ ઓક્સાઈડ ખાતરોના બેફામ ઉપયોગથી અને જૈવિક બળતણ બાળવાથી હવામાં ઠલવાય છે. બીજો એક મહત્ત્વનો વાયુ ક્લોરોફ્લોરો કાર્બન (CFC) છે. તેનો મુખ્યત્વે ઉપયોગ AC અને ફ્રીઝ જેવા સાધનોમાં થાય છે. ઓઝોન સ્તર પર તેની ખૂબ જ નકારાત્મક અસર ઊપજે છે. એટલે કે વર્તમાનમાં ઓઝોન સ્તર પર જે ગાબડું પડ્યું છે, તે આપણાં સતત વધતાં જતાં AC અને ફ્રીજના ઉપયોગને કારણે છે.

**(2) ગ્લોબલ વોર્મિંગ (વૈશ્વિક ગરમી) :**

ગ્લોબલ વોર્મિંગનું મુખ્ય કારણ ગ્રીન હાઉસ ઈફેક્ટ છે. પૃથ્વી સુધી પહોંચતી સૌર ઊર્જાનો લગભગ 35% ભાગ પૃથ્વીની સપાટી જ શોષી લે છે, તેને કારણે એનું ઊષ્ણતામાન વધે છે. બાકીની ગરમી પાછી વાયુમંડળમાં જતી રહે છે. કેટલીક ગરમી ગ્રીન હાઉસ ગેસો અને અધિકતર કાર્બન ડાયોક્સાઈડ દ્વારા શોષી લેવાય છે. જો કે કાર્બન ડાયોક્સાઈડ માનવીની ઘણી પ્રવૃત્તિઓ દ્વારા છોડાતો હોવાથી તેનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. જેથી વૈશ્વિક ગરમી વધી રહી છે. આ વૈશ્વિક ગરમી પણ આબોહવા પરિવર્તનનું મુખ્ય કારણ છે.

**(3) તેજાબી વરસાદ :**

જ્યારે કોલસા, તેલ અને પ્રાકૃતિક ગેસ જેવાં ફોસિલ ઈંધણો બાળવામાં આવે છે ત્યારે સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડ જેવા રસાયણો પેદા થાય છે. વાયુની જળબાષ્પ અને બીજાં રસાયણો સાથે મળીને સલ્ફ્યુરિક ઍસિડ, નાઈટ્રિક ઍસિડ અને સલ્ફેટ અને નાઈટ્રેટ જેવા બીજા હાનિકારક પ્રદૂષકો પેદા કરે છે. આ ઍસિડ પ્રદૂષકો વાતાવરણમાં

ઊંચે ફેલાઈ જાય છે. હવાના પ્રવાહની સાથે ઊંચે ગયા પછી તે તેજાબી વરસાદ, ધુમ્મસ અને બરફવર્ષા રૂપે પૃથ્વી પર પાછા આવે છે. તેજાબી વરસાદની ક્ષયકારક પ્રવૃત્તિ પર્યાવરણને અનેક પ્રકારનું નુકસાન પહોંચાડે છે. ઍસિડ પ્રદૂષકો, સૂકા કણો અને ગેસોના રૂપમાં હોય છે. પૃથ્વી પરથી વરસાદનું પાણી જ્યારે એને વહેણમાં ઘસડી જાય છે ત્યારે તે પહેલાં કરતાં પણ વધુ ક્ષયકારક દ્રાવણ બનાવે છે. તેને ઍસિડ ડિપોઝીશન કહે છે. ઉત્તર અમેરિકા, યુરોપ, જાપાન, ચીન અને દક્ષિણ-પૂર્વ એશિયામાં એસિડ વરસાદથી વ્યાપક નુકસાન થાય છે. અમેરિકામાં કોલસો બાળનારાં વીજળીમથકો લગભગ 70% સલ્ફર ડાયોક્સાઈડના ફેલાવા માટે જવાબદાર છે. કેનેડામાં તેલનું સંસ્કરણ, ધાતુઓનું વિગલન અને બીજી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ 61% સલ્ફર ડાયોક્સાઈડનું પ્રદૂષણ ઉત્પન્ન કરે છે. મોટર વાહનોનો ધુમાડો નાઈટ્રોજન ઑક્સાઈડનો મુખ્ય સ્ત્રોત છે. તેજાબી વરસાદમાં રહેલા ઍસિડ તેના સંપર્કમાં આવનાર કોઈપણ વસ્તુમાંથી નુકસાનકારક રાસાયણિક પ્રક્રિયા કરી શકે છે. ટૂંકમાં એસિડ વર્ષા (તેજાબી વરસાદ) પણ આબોહવા પરિવર્તનનું કારણ ગણી શકાય.

### (4) ઓઝોન સ્તરનું ગાબડું :

ઓઝોન ઑકસિજન પર સૂરજના પ્રકાશની પ્રક્રિયાથી બને છે. તે પૃથ્વીની સપાટીથી 20 થી 50 કિ.મી. ઉપર એક સ્તર બનાવે છે. વાયુમંડળમાં આ પ્રક્રિયા પ્રાકૃતિક રૂપે આપમેળે ચાલે છે, પરંતુ તે બહુ ધીમી હોય છે. ઓઝોન ગેસ એ એક તેજ ગંધવાળો અત્યંત ઝેરી ગેસ હોય છે. તે ઑક્સિજનનું જ એક રૂપ છે. જેના પ્રત્યેક અણુમાં ત્રણ પરમાણુઓ હોય છે. જમીન પર તેનું હોવું પ્રદૂષણ માનવામાં આવે છે. તે દમ અને બ્રોંકાઈટિસ જેવી શ્વાસની બીમારી પેદા કરે છે. તે વનસ્પતિને પણ નુકસાન કરે છે અને પ્લાસ્ટિક અને રબર જેવી વસ્તુઓનો નાશ પણ કરી શકે છે. પરંતુ વાતાવરણના ઉપરના સ્તરમાં ઓઝોન બધા જ સજીવોને માટે આવશ્યક છે. કારણ કે તે સૂર્યના પારજાંબલી વિકિરણોથી પૃથ્વીને બચાવે છે. વાતાવરણના ઉપરના સ્તરમાં રહેલો ઓઝોન પારજાંબલી વિકિરણોને શોષી લઈને તેમને પૃથ્વીની સપાટી સુધી પહોંચતા અટકાવે છે.

1970ના દાયકામાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે ક્લોરોફ્લોરો કાર્બન જેવા રસાયણો કે જે રેફ્રિજરેટરોમાં અને એરોસોલના સ્પ્રેમાં વપરાય છે તે ઓઝોન સ્તરને માટે જોખમ પેદા કરી રહ્યા છે. જેના કારણે ચામડીનું કેન્સર અને મોતિયા બિંદુના રોગમાં વધારો થાય છે. આ ઉપરાંત પાકોને અને સૂક્ષ્મ જીવોને પણ નુકસાન થાય છે એટલે એને કારણે પ્રાકૃતિક આહાર-શૃંખલાઓ અને આહારજાળો પ્રભાવિત થાય છે. વનસ્પતિના આવરણો ઘટવાથી કાર્બન ડાયોક્સાઈડમાં વૃદ્ધિ થાય છે. ટૂંકમાં ઓઝોન સ્તરમાં પડેલું ગાબડું પણ આબોહવા પરિવર્તનનું એક કારણ છે.

### (5) ભૂમિના ઉપયોગમાં પરિવર્તન / વન નાબૂદી :

જમીન એક મહત્ત્વનું ઉત્પાદનનું સાધન છે. તેના વિના કોઈપણ પ્રકારનું ઉત્પાદન સંભવી જ ન શકે. ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તાર 328.77 મિલિયન હેક્ટર છે. 1950-51માં જંગલો નીચેની જમીનનું પ્રમાણ 14.2 ટકા હતું 22 ટકા તે વધીને 1980-81માં 22 ટકા થયું હતું પરંતુ 1980 પછી જંગલો કપાવા માંડ્યા છે. આથી જંગલોનું પ્રમાણ ઘટી રહ્યું છે. 2020-21માં 80.9 મિલિયન હેક્ટર જેટલો વિસ્તાર જંગલોથી પથરાયેલો હતો એટલે કે કુલ 24.62% વિસ્તારમાં જગલો હતાં. વર્તમાનમાં મોટાભાગે વેપારના હેતુના લીધે પણ નિર્વનીકરણ થઈ રહ્યું છે. આથી વૃક્ષો ઘટી રહ્યાં છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડની માત્રમાં ઘટાડો કરીને તેમના અસ્તિત્વ માટે તેનો ઉપયોગ કરે છે. વૃક્ષો પૃથ્વીની સપાટી પર સૂર્યપ્રકાશનું પ્રમાણ ઘટાડીને છાંયો પૂરો પાડીને તે વિસ્તારના સૂક્ષ્મ આબોહવાને

નિયંત્રિત કરે છે. પરંતુ વૃક્ષોના આચ્છાદનના લીધે જમીનનું ધોવાણ વધ્યું છે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)ના પ્રમાણમાં વધારો અને ઓક્સિજન ($O_2$)નું પ્રમાણ ઘટી રહ્યું છે. જંગલોનો નાશ, નિર્વનીકરણ એ ગ્રીન હાઉસ ઈફેક્ટનું એક મુખ્ય કારણ બને છે કે જે આબોહવા પરિવર્તન માટે જવાબદાર છે.

**(6) શહેરીકરણ :**

"પારંપરિક ગ્રામીણ ખેતી પ્રધાન અર્થતંત્રથી આધુનિક ઔદ્યોગિક અર્થતંત્રમાં રૂપાંતરિત થવું એટલે શહેરીકરણ."

વર્તમાન સમયમાં શહેરીકરણ એ વિકાસના ચિહ્નરૂપ ગણાય છે. ભારતમાં શહેરીકરણનો દર વધતો જોવા મળ્યો છે. શહેરીકરણના કારણે ઉદ્યોગો, ફેક્ટરીઓ, માનવ વસવાટ અને રહેઠાણો માટે વધુ જમીનની જરૂર પડતા વૃક્ષો કપાય છે અને જંગલ સંપત્તિ નાશ પામે છે. જેના કારણે વરસાદનું પ્રમાણ ઓછું થાય છે. બીજી તરફ પશુ-પક્ષીઓના રહેઠાણનો નાશ થતાં તેમની પ્રજાતિ લુપ્ત થતી જાય છે અને વૃક્ષોનું ઘટતું પ્રમાણ ગ્લોબલ વોર્મિંગ અને ગ્રીન હાઉસ ઈફેક્ટ જેવી સમસ્યાઓ સર્જે છે. શહેરીકરણને લીધે પાણીની માંગ વધવાથી ભૂગર્ભજળની સપાટીના સ્તર ઊંડા ગયા છે. શહેરોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાવાથી હવા, પ્રદૂષણ તીવ્ર બન્યું છ. વાતાવરણમાં CO, $CO_2$, HC, $NO_2$, $SO_2$ અને રજકણોનું પ્રમાણ ટ્રાફિકના કારણે વધુ જોવા મળે છે.

**(7) કૃષિ :**

ભારત એ કૃષિપ્રધાન દેશ છે. કૃષિ એ ખેડૂતની જીવાદોરી છે. કૃષિ આપણા અસ્તિત્વ માટે ખોરાક પૂરો પાડવા માટે ખૂબ જ જરૂરી છે. પંરતુ વર્તમાનમાં ઉપયોગમાં લેવાતી કૃષિ પદ્ધતિઓ ગ્લોબલ વોર્મિંગનું કારણ બને છે.

પશુધન ઉત્પાદન જે કૃષિનું એક સ્વરૂપ છે તે મિથેન ઉત્પન્ન કરે છે. જે પૃથ્વીને ગરમ કરવામાં કાર્બન ડાયોક્સાઈડ કરતાં 30 ગણું વધુ શક્તિશાળી છે. મોટાભાગના ખાતરો કે જે છોડમાં સારી વૃદ્ધિ માટે લાગુ કરવામાં આવે છે. તેમાં નાઈટ્રસ ઓક્સાઈડ હોય છે જે કાર્બન ડાયોક્સાઈડ કરતાં 300 ગણો વધુ શક્તિશાળી છે. જે આબોહવા પરિવર્તન તરફ દોરી જાય છે.

**(8) ઔદ્યોગિકીકરણ :**

ઔદ્યોગિકીકરણ એ વિકાસનો એક ભાગ છે. પરંતુ ઔદ્યોગિકીકરણને લીધે ઘણાં ખતરનાક વાયુઓ ઉત્સર્જિત થાય છે. જે માત્ર માણસ માટે જ નહીં પણ સમગ્ર જીવસૃષ્ટિ અને આબોહવા માટે પણ હાનિકારક છે.

સિમેન્ટ ઉત્પાદન કરતાં ઉદ્યોગો કે જે આપણા સમગ્ર કાર્બન ડાયોક્સાઈડ ઉત્પાદનના લગભગ 2% ઉત્પાદન કરે છે. કેટલાંક ઉદ્યોગો મિથેન, કાર્બન ડાયોક્સાઈડ, પાણીની વરાળ, ફ્લોરિનેટેડ વાયુઓ જેવા ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન દ્વારા આબોહવા પરિવર્તિત થાય છે.

## 5.4 આબોહવા પરિવર્તનની અસરો

આબોહવા પરિવર્તન એ સમગ્ર જીવસૃષ્ટિ પર પ્રતિકારક અસરો નિપજાવી શકે છે. જેનો અભ્યાસ કરીએ -

**(1) ઉચ્ચ તાપમાન :**

પાવર પ્લાન્ટ, વાહનો, નિર્વનીકરણ અને અન્ય સ્ત્રોતોથી થઈ રહેલ ગ્રીન હાઉસ

વાયુઓનું ઉત્સર્જન પૃથ્વીનું તાપમાન વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ગત 150 વર્ષોમાં વૈશ્વિક તાપ વૃદ્ધિ વ્યાપક પ્રમાણમાં અનુભવાઈ છે. ગરમી સંબંધિત મૃત્યુ અને બીમારીઓમાં પણ વ્યાપક વૃદ્ધિ થઈ છે.

**(2) ગ્લેશિયર્સનું પીગળવું અને વધતી સમુદ્રની સપાટી :**

આબોહવા પરિવર્તનને કારણે બરફના ટોપ ઓગળી રહ્યા છે અને દરિયાની સપાટી વધી રહી છે. આબોહવા પરિવર્તનના પરિણામે આબોહવા વધુ ગરમ બને છે અને આ બરફના ઢગલા ઓગળવા તરફ દોરી જાય છે. જેના પરિણામે દરિયાની સપાટીની ઊંચાઈ વધે છે. સમુદ્રના પાણીના ઊષ્ણતાના કારણે પણ દરિયાની સપાટીમાં વધારો થાય છે. આ પણ વધુ તીવ્ર વાવાઝોડામાં વધારા તરફ દોરી જાય છે.

**(3) દરિયાકાંઠાના પ્રદેશનું વિસ્થાપન :**

આબોહવા પરિવર્તનના પરિણામે દરિયાની સપાટી વધી રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પૂર આવે છે જે દરિયાકાંઠાના રહેવાસીઓને વિસ્થાપિત કરે છે. વિશ્વની મોટા ભાગની વસ્તી દરિયાકાંઠાના પ્રદેશોમાં રહેતી હોવાથી આની ખૂબ ઊંડી અસર થશે. તે આ દરિયાકાંઠાના પ્રદેશોમાં લોકોના સ્થળાંતર તરફ પણ દોરી જાય છે.

**(4) વરસાદની પેટર્નમાં ફેરફાર :**

જ્યારે આબોહવા પરિવર્તન થાય છે ત્યારે આપણે જાણીએ છીએ કે ઋતુઓ અને વરસાદની પેટર્ન વિકૃત થઈ જાય છે. જેનાથી આપણા અસ્તિત્વ પર અડચણો ઊભી થાય છે. લાંબા સમય સુધી ગરમીનો સમયગાળો, ગરમીના મોજાં, ઋતુઓમાં ફેરફાર, ભારે વરસાદ, પાણીની ગુણવત્તામાં ઘટાડો વગેરેના લીધે દુષ્કાળ સર્જાય છે.

**(5) મહાસાગરના તાપમાનમાં વધારો :**

જ્યારે આબોહવા બદલાય છે ત્યારે તાપમાન અતિશય બને છે. આનાથી મહાસાગરોના તાપમાનમાં વધારો કરે થાય આ માછલીઓ અને સમુદ્રના અન્ય જીવજંતુઓને અસર કરે છે. જે જળચર પ્રાણીઓના મૃત્યુ અથવા સ્થળાંતરનું કારણ બને છે.

**(6) માનવ સ્વાસ્થ્ય માટે જોખમો :**

આબોહવા પરિવર્તનની મોટી અસર તાપમાનમાં વધારો કરી રહી છે. જે માનવ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે અને રોગોના વાહકોમાં પણ વધારો કરે છે. આ ઉપરાંત દરિયાની સપાટીમાં વધારો થવાને કારણે પૂર દ્વારા રોગો ફેલાય છે અને ચેપી રોગો ફાટી નીકળે છે.

**(7) વન્ય પ્રજાતિને નુકસાન :**

પશુ-પક્ષીની અમુક પ્રજાતિઓ વિલુપ્ત થવાનો ખતરો ઊભો થયો છે. વિશેષજ્ઞો અનુસાર 2050 સુધીમાં પૃથ્વીના ચોથા ભાગની પ્રજાતિઓ વિલુપ્ત થઈ જશે.

**(8) જંગલોમાં આગ :**

લાંબો સમય ચાલનારી હીટ વેવ્સ જંગલોમાં વ્યાપક આગની ઘટનાઓથી ગરમ અને શુષ્ક પરિસ્થિતિ પેદા થાય છે. National Institute for Space Research (INPE) Brazil અનુસાર 2019થી લઈને 2022 સુધી amozon જંગલોમાં 75000થી વધુ વાર આગ લાગવાની ઘટના બની છે.

**(9) આર્થિક અસરો :**

આબોહવા પરિવર્તનનો નુકશાનનો સામનો કરવા આર્થિક નુકસાન પણ ભોગવવુ પડે છે. આબોહવા પરિવર્તનને લીધે મિલકત અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચે છે. આબોહવા પરિવર્તનને લીધે માનવ સ્વાસ્થ્ય, સમાજ અને અર્થતંત્ર પર ભારે તેની અસર પડે છે.

## 5.5 આબોહવા - જળવાયુ પરિવર્તનને ઘટાડવાના પગલાં

આબોહવા - જળવાયુ પરિવર્તનને હકારાત્મક રીતે પ્રભાવિત કરવા નીચે મુજબના પગલાં લઈ શકાય.

**(1) નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ :**

અશ્મિભૂત ઈંધણથી દૂર જઈ સૌર, પવન, બાયોમાસ અને જીઓથર્મલ જેવી નવીનીકરણીય ઊર્જા એ વધુ સારા વિકલ્પો છે. જે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત ઘરમાં ભોજન રાંધવા, પાણી ગરમ કરવા સૂર્ય શક્તિનો ઉપયોગ કરવો જોઈએ.

**(2) ઊર્જાનો વપરાશ :**

ઘરમાં ઊર્જા-વીજળીની જરૂર ના હોય તો બંધ રાખવી. ઘરમાં ગુણવત્તાવાળું કાર્યદક્ષ રેફ્રિજરેટર વાપરવું. સામાન્ય વીજ બલ્બનો ત્યાગ કરી સીએફએલ-કોમ્પકેટ ફ્લોરેસેન્ટ બલ્બ, LED બલ્બનો ઉપયોગ કરવો. આ ઉપરાંત જાહેર માર્ગ, જાહેર સ્થળોએ ઊર્જા બચાવવી જોઈએ. મોબાઈલ, કમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક ગેમ્સનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો. તહેવારો, ધાર્મિક દિવસો કે શુભ પ્રસંગોએ વીજળીનો બેફામ ઉપયોગ રોકવો.

**(3) પાણીનો સંગ્રહ અને યોગ્ય ઉપયોગ :**

વરસાદી પાણીને વહી જતું અટકાવવું તેમજ ખેત-તલાવડી, ગામ તલાવડી, ભૂગર્ભ ટાંકા દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરવો. વોટર શૅડ કાર્યક્રમનો ઉપયોગ કરવો. વપરાશ કરેલાં પાણીને પુનઃ વપરાશમાં લેવું જોઈએ. પાણીનો બગાડ અટકાવવા નવીન શાવર સિસ્ટમનો ઉપયોગ કરવો. જળાશયોમાં પ્રતિમાઓનું વિસર્જન ન કરવું. પાણીનું પ્રદૂષણ ઘટાડવા પ્રયત્નો કરવા જોઈએ. ભૂગર્ભ જળના તળ ઊંચા આવે એવા પ્રયાસ કરવો જોઈએ.

**(4) ટકાઉ પરિવહન :**

હવાઈ મુસાફરી ઘટાડવી તેમજ જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવું. કારમા સહપ્રવાસીને આમંત્રિત કરવા તેમજ કારના ટાયરમાં જરૂર પૂરતી હવા રાખી ઈંધણ બચાવવું. આ ઉપરાંત શક્ય તેટલાં કામ પગે ચાલીને કરવાય. ટૂંકા અંતરે જવા સાયકલનો ઉપયોગ કરવો તેમજ લાંબા અંતરની મુસાફરી માટે સામૂહિક પરિવહનનો ઉપયોગ કરવો જોઈએ.

**(5) ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર :**

હીટિંગ, ઍર કન્ડીશનીંગ, ગરમ પાણી અથવા લાઈટિંગના કારણે ઈમારતોમાંથી $CO_2$ ઉત્સર્જન ઘટાડવા તેમજ નવી ઓછી ઊર્જાવાળી ઈમારતો બનાવવા અને હાલના બાંધકામોનું નવીનીકરણ કરવું જરૂરી છે.

**(6) ટકાઉ ખેતી :**

કુદરતી સંસાધનોનો બહેતર ઉપયોગ કરવો જોઈએ. તેમજ રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓનો ઉપયોગ ઘટાડી પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ.

**(7) પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો :**

આબોહવા પરિવર્તનનું એક કારણ પ્લાસ્ટિકનો ઉપયોગ પણ છે. આથી આપણા રોજ-બરોજના વપરાશમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો જોઈએ.

**(8) પુનઃ વનીકરણ અને વનીકરણ :**

પુનઃ વનીકરણ એટલે મૂળમાંથી ઉખડી ગયેલા વૃક્ષોનું જતન કરવું અને વનીકરણ એટલે નવા વૃક્ષોનું વાવેતર કરવું. આપણે જાણીએ છીએ કે વૃક્ષો અંગાર વાયુને શોષી લે છે. આથી, ઉજ્જડ વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષ વાવેતર કરવું જોઈએ.

**(9) પુનઃ વપરાશ (રિસાયકલ) :**

બિનટકાઉ ઉત્પાદનનો ઉપયોગ ઘટાડવો જોઈએ. કાગળનો ઉપયોગ ઘટાડવો તેમજ વપરાયેલા કાગળનો રિસાયકલીંગ કરી ફરી ઉપયોગ કરવો. એક બાજુ કોરો કે અર્ધા લખેલા કાગળને કાળજીપૂર્વક જુદા કરી રફકામમાં ઉપયોગમાં લેવા. પત્રવ્યવહારમાં આવેલાં કવરને જરૂરી રીપેરીંગ કરી નવું કવર બનાવી પુનઃ વપરાશમાં લેવા જોઈએ.

## 5.6 આબોહવા - જળવાયુ પરિવર્તનથી બચવા વૈશ્વિક પ્રયાસ

આબોહવા - જળવાયુ પરિવર્તન એ માત્ર આપણા ભારત દેશને જ સ્પર્શતો પ્રશ્ન નથી. આ પ્રશ્ન વૈશ્વિક છે. આથી વૈશ્વિક સ્તરે આબોહવા - જળવાયુ પરિવર્તનથી બચવાના પ્રયાસો થયા છે. જે નીચે મુજબ છે.

**(1) IPCC- જલવાયુ પરિવર્તન અંગે આંતર સરકારી પેનલ :**

IPCCનું પૂરું નામ Inter governmental Panel on Climate Change છે. IPCC એ જળવાયુ પરિવર્તન અંગે વૈજ્ઞાનિક આંકલન કરનારી એક સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા છે. જેમાં 195 દેશો તેના સભ્યો છે. IPCC ની સ્થાપના UNEP (United Nations Environment Programme) અને WMO (World Meteorological Organization) દ્વારા 1998માં કરવામાં આવી હતી.

આબોહવા પરિવર્તન અને તેના પ્રભાવોનું વૈજ્ઞાનિક આંકલન કરીને ભવિષ્ય માટે નીતિ નિર્માણ કરવું. IPCC દુનિયાના દેશોમાં તમામ સ્તરો પર સરકારને વૈજ્ઞાનિક માહિતી અને સૂચનાઓ ઉપલબ્ધ કરાવે છે. જેથી આ સંદર્ભમાં ઉદાર નીતિઓનું નિર્માણ કરવું શક્ય બને છે. IPCC જળવાયુ પરિવર્તનની નકારાત્મક અસરો અંગે આંતરરાષ્ટ્રીય વાર્તાઓમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

**(2) UNFCCC (United Nations Framework Convention on Climate Change) :**

UNFCCC એ એક આંતરરાષ્ટ્રિય સંધિ છે. જેનો મુખ્ય હેતુ હવામાનમાં Greenhouse વાયુઓના ઉત્સર્જનને ઘટાડવાનું છે. 1992 earth summit (RIO) દરમિયાન આ સંધિ થઈ હતી. 1994થી જેને લાગુ કરાઈ હતી. ત્યાર બાદ 1995થી તેની વાર્ષિક બેઠકો થાય છે. 1997માં પ્રખ્યાત ક્યોટો પ્રોટોકોલ થયો કે જેમાં વિકસિત દેશો ગ્રીન હાઉસ વાયુઓને નિયંત્રિત કરશે તેવી ચર્ચા કરાઈ હતી. જેમાં 40 ઔદ્યોગિક દેશોને એનેક્સ-1 દેશોની યાદીમાં મૂકાયા છે. આ એનેક્સ-1માં મોટેભાગે વિકસિત દેશોનો જ સમાવેશ થયો છે. આ બધા દેશોને આર્થિક જવાબદારી સોંપવામાં આવી છે. UNFCCCની વાર્ષિક બેઠકો COP નામે ઓળખાય છે. અહીં COP એટલે Conference of the Parties.

**(3) પેરિસ કરાર :**

પેરિસ કરાર એ  એક આંતરરાષ્ટ્રીય કરાર છે. 2015માં પેરિસ ખાતે 195 દેશોની

હાજરીમાં આ કરાર કરવામાં આવ્યો હતો. ગ્લોબલ વોર્મિંગને રોકવા માટે તેને એક મહત્ત્વનો કરાર માનવામાં આવે છે.

## 5.7 જળવાયુ પરિવર્તન અને ભારતીય પ્રયાસ

જળવાયુ પરિવર્તનને અટકાવવા અન્ય દેશોની જેમ ભારતે પણ વિશેષ પ્રયાસો કર્યાં છે. ભારતમાં 2008માં NAPCC (National Action Plan on Climate Change) જળવાયુ પરિવર્તન પર કાર્ય કરતી યોજનાનો અમલ થયો. જેનો મુખ્ય ઉદ્દેશ સરકાર, વૈજ્ઞાનિકો, ઉદ્યોગ અને વિવિધ સમુદાયોની સાથે મળીને આબોહવા પરિવર્તન અંગે જાગૃતિ ફેલાવવાનો છે. NAPCC એ 8 પ્રકારના મુખ્ય મિશન પર કાર્ય કરે છે. જે આબોહવા પરિવર્તનને ઘટાડવાના પ્રયત્નો કરે છે.

આ ઉપરાંત 2015ના પેરિસ સંમેલન દરમિયાન ISA - International Solar Allianceની રચના કરાઈ હતી. આ આંતરસરકારી સંગઠન છે. જે ગુરુગ્રામ (હરિયાણા) ખાતે સ્થિત છે. જેનો મુખ્ય ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે 1000 GW ક્ષમતા સૂર્ય ઊર્જા વડે મેળવવી અને $ 1000 બિલિયન જેટલાં નાણાં ભેગા કરવા. કર્કવૃત્તથી મકરવૃત્તની વચ્ચે આવેલાં બધા જ દેશો ISAનાં સભ્ય દેશો છે.

## ● ઉપસંહાર

સજીવો અને પર્યાવરણ વચ્ચે ગાઢ સંબંધ છે. પર્યાવરણ જાળવણી એ જીવસૃષ્ટિ માટે અનિવાર્ય છે. માનવજાતે માનવ ઈતિહાસની પ્રાણઘાતક અને મહાવિનાશક અનેક દુર્ઘટનાઓ જોઈ છે. વર્તમાનમાં ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, કૃષિ ઉત્પાદન માટેની નવીન પદ્ધતિઓ વગેરેને પરિણામે કુદરતી સંપત્તિ મહત્તમ માત્રામાં વિનાશ પામી છે. વધતી જતી વસ્તીને પરિણામે અનિયંત્રિત વનવિનાશ, પાણી પુરવઠાની તંગી, આરોગ્ય અને વસવાટની સમસ્યા અને કચરાના નિકાલની વ્યવસ્થા (ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ અને મૅડિકલ વેસ્ટ)ના પ્રશ્નો ઊભા થયા છે.

વાસ્તવમાં માનવીની પ્રાથમિક આવશ્યકતા રોટી, કપડાં અને મકાનની છે. પરંતુ માનવી પોતાની ભૌતિક સુખ સુવિધા મેળવવા કુદરતી સાધન સંપત્તિઓનો બેફામ ઉપયોગ કરી રહ્યો છે. વર્તમાન સમયની પરિસ્થિતિ ચેતવી રહી છે કે ભાવિ પેઢીના ઉપયોગ માટે ખૂબ કપરી પરિસ્થિતિ આવશે. ટૂંકમાં આબોહવા - જળવાયુ પરિવર્તનને ખરેખર જો અટકાવવા - ઘટાડવા ઈચ્છતા હોઈએ તો આપણે મહાત્મા ગાંધાજીના કહ્યા મુજબ આપણે સૌએ "Simple living and high thinking"નો વિચાર અપનાવવો પડશે.

## ● સંદર્ભ


- yojana.gov.in/December/2015
- environmentgo.com/gu/climate change
- Hindi.indiawaterportal.org
- gseb/study/book
- hi.m.wikipedia.org
- યોજના, વિકાસને સમર્પિત માસિક, જૂન-2013
- પર્યાવરણ અધ્યયન, એરેચ ભરુચા, પ્રથમ આવૃત્તિ-2008, પાના નં. 206-210
- Sandhanaweekly.com/Ency/2019/5/11/Global-warming.

- https:\\www.ipcc.ch
- gu.m.wikipedia.org
- https:\\gu/vikaspedia.in
- gujarativishwakosh.org
- zigyu.com
- candefine.com
- હવા અને પાણીનું પ્રદૂષણ (રાસાયણિક પાસાં), ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ : 1989, પાના નં. 8-22
- Ashok Malik, Causes of climate change, 2008, Rajpat publications, page no. 21-50.
- પર્યાવરણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પાના નં. 3-15
- પર્યાવરણનો અભ્યાસ, બી. એસ. શાહ પ્રકાશન, પ્રથમ અદ્યતન આવૃત્તિ : 2012-13
- https:\\youtube\ogk59HR1qas
- સ્વામી લીલાબેન અને બધા "પર્યાવરણ અને આપતિ વ્યવસ્થાપન" સ્વામી પ્રકાશન, પ્રથમ આવૃતિ 2005

# એકમ-6 ગતિશીલ અર્થતંત્રમાં નાણાંની બદલાતી ભૂમિકા અને સ્વરૂપ

-: રૂપરેખા :-


**6.1** પ્રસ્તાવના

**6.2** ભારતીય નાણાંનો ઈતિહાસ

**6.3** નાણાંનો ઉદ્‌ભવ અને વિકાસ

**6.4** નાણાંનું મહત્ત્વ

**6.5** નાણાંના કાર્યો

**6.6** આધુનિક સમયમાં નાણાંના વિકલ્પો

**6.7** ક્રેડિટ કાર્ડનો અર્થ અને પ્રકારો

**6.8** ક્રેડિટ કાર્ડના ફાયદાઓ

**6.9** ક્રેડિટ કાર્ડના ગેરફાયદાઓ

**6.10** ડેબિટ કાર્ડ

**6.11** ડેબિટ કાર્ડના લક્ષણો

**6.12** ડેબિટ કાર્ડના પ્રકાર

**6.13** ડેબિટ કાર્ડના ફાયદાઓ

**6.14** ડેબિટ કાર્ડના ગેરફાયાદઓ

- સમીક્ષા
- સંદર્ભ વાચન


## 6.1 પ્રસ્તાવના

માનવજીવનની સૌથી મહત્ત્વની જ્ઞાનની શોધો પૈકી વિજ્ઞાનમાં અગ્નિ, મેકેનિક્સમાં પૈડું (ચક્ર), રાજકારણમાં મત અને અર્થવિજ્ઞાનમાં નાણું મહત્ત્વની શોધ ગણી શકાય. જેનો ઉપયોગ રોજબરોજના માનવજીવનને સગવડ યુક્ત બનાવવામાં થાય છે. ચક્ર કે પૈડાંની શોધને પરિણામે વાહન વ્યવહારમાં પૈડાંનો ઉપયોગ થવાથી પરિવહન ઝડપી અને સગવડ યુક્ત બન્યું. વળી ચક્રને પરિણામે મશીનયુગ શરૂ થયો અને મોટા પાયા ઉપર ઉદ્યોગો તેમજ ઉત્પાદન શક્ય બન્યું. ચક્રને પરિણામે થોકબંધ ઉત્પાદન અને બ્હોળી વપરાશ વડે અર્થતંત્ર વિકસીત બન્યું. તેમજ માનવીના જીવનધોરણમાં ઘણો સુધારો થયો. તેમજ વૈવિધ્યપૂર્ણ જરૂરિયાતો માનવી સંતોષી શક્યા. મોટા પાયા ઉપર ઉત્પાદન અને તેની સામૂહિક તથા વૈવિધ્યપૂર્ણ વપરાશ માટે વિવિધ ચીજવસ્તુઓ, સેવાઓના વિનિમયની આવશ્યકતા રહે છે. જે પૈસા (નાણાં) વડે જ શક્ય બને છે. નાણું એ થોકબંધ ઉત્પાદન અને તેના વિનિમય તથા તેની વપરાશ અર્થેની વહેંચણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો નાણું ન હોય તો વર્તમાન અર્થતંત્ર ટકી શકે જ નહિ અને માનવજીવન પ્રાચીન યુગમાં પહોંચી જાય. નાણાં વિનાના અર્થતંત્રની તો આજે કલ્પના પણ કરી શકીએ એમ નથી. જેમ જીવંત શરીરની નસેનસમાં લોહીનું પરિભ્રમણ થાય છે તેમ આજના અર્થકરણમાં ભાગ્યે જ કોઈ એવી આર્થિક પ્રવૃત્તિ હશે જે નાણાં સાથે સબંધ ધરાવતી નહિ હોય. નાણું એ અર્થવ્યવસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને સાંકળતી કડી છે. નાણાંની શોધ અને ઉપયોગને કારણે

કોઈ પણ દેશનો આર્થિક વિકાસ શક્ય બન્યો છે વર્તમાન અર્થકારણના એક નિર્ણાયક બળ તરીકે નાણું કામ કરે છે. આધુનિક અર્થતંત્રમાં નાણું એક અસ્કયામત તરીકે કામ કરી રહ્યું છે. પ્રો. માર્શલે લખ્યું છે તેમ "નાણું એક એવું ચાલક બળ છે જેની ચોમેર અર્થવિજ્ઞાન પરિક્રમા કરતું રહે છે." પ્રો. ક્રાઉથરે જણાવ્યા મુજબ "માનવીના આર્થિક અને સામાજિક પાસાં તરીકે નાણું એક મહત્ત્વનું અંગ છે. જેના પર બધો આધાર રહેલો છે.

પ્રાચીન સમયમાં વસ્તુ વિનિમય પ્રથા (સાટા પદ્ધતિ)ની કેટલીક મર્યાદાઓ જેવી કે દ્વિપક્ષી જરૂરિયાતોના મેળની મુશ્કેલી, મૂલ્યના સામાન્ય માપદંડનો અભાવ, વસ્તુ વિભાજનની મુશ્કેલી, મૂલ્યના સંગ્રહની મુશ્કેલી જોવા મળતી હતી. જે નાણાંના ઉદ્ભવ સાથે સાટા પદ્ધતિથી મર્યાદાઓ દૂર થવા પામી છે.

## 6.2 ભારતીય નાણાંનો ઈતિહાસ

પ્રાચીન સમયમાં ભારતીય મુદ્રા (નાણાં) પ્રણાલી જોઈએ તો સૌ પ્રથમ ફૂટી કૌંડી (Phooti Cowrie)હતી. પછી કૌંડી અસ્તિત્વમાં આવી. કૌંડીથી દમડી, દમડીથી ઢેલાં, ઢેલાંથી પાઈ, પાઈથી પૈસા, પૈસાથી આના અને આનાથી રૂપિયા ચલણમાં આવ્યા. તેની ગણતરી નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 ફૂટી કૌંડી | = | 1 કૌંડી | 10 કૌંડી | = | 1 દમડી |
| 2 દમડી | = | 1 ઢેલાં | 1 ઢેલાં | = | 1.5 પાઈ |
| 3 પાઈ | = | 1 પૈસા (જૂના) | 4 પૈસા | = | 1 આના |
| 16 આના | = | 1 રૂપિયો | | | |

પ્રાચીન મુદ્રાની ઘણી બોલચાલની ભાષા કહેવત સ્વરૂપે છે. જે જૂના સમયથી વર્તમાન સુધી પ્રચલિત છે. જેમ કે :

- એક ફૂટી કૌંડી પણ નહીં દઉં.
- ઢેલાનુંય કામ કરતી નથી વહુ.
- ચમડી જાય પણ દમડી ન જાય. (ચમડી તૂટે પણ દમડી ન છૂટે)
- પાઈ - પાઈનો હિસાબ રાખવો.
- સોળ આના સાચું
- મગજ અસ્થિર હોય તો આઠ આની છે તેમ કહેવાય.

**નાણાંની પૂર્વ ભૂમિકા :**

રોમન લોકો Moneta નામની દેવીના મંદિરમાં સિક્કાઓ છાપતા હતાં. તે દેવીના નામ ઉપરથી Money શબ્દ ઊતરી આવ્યો હોવાનું માનવામાં આવે છે. (R. Wikipedia) પ્રાચીન સમયમાં શેરશાહ સૂરીએ (1540-1545)માં ચાંદીના સિક્કા રૂપૈયા બનાવ્યા હતા. જેનું વજન 178 ગ્રામ હતું. ત્યારથી ચલણી સિક્કાની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે.

**નાણાંનો અર્થ :**

કોઈપણ ચીજવસ્તુ કે સેવા માટે ચૂકવણી કરવાનું અથવા કંઈક ખરીદવાનું માધ્યમ ચલણી સિક્કાઓ કે ચલણી નોટો બંનેને નાણું કહેવામાં આવે છે.

નાણું અર્થશાસ્ત્રના કેન્દ્રમાં છે. તેના દ્વારા વિનિમય થાય એટલે કે વસ્તુ કે સેવાની ખરીદી-વેચાણ થાય. નાણાં સિવાય આર્થિક અભ્યાસ, વિશ્લેષણ કે જીવન શક્ય નથી. જેમ વસ્તુ બજાર છે તેમ નાણાંનું પણ બજાર છે. જેને નાણાંબજાર કહેવાય છે. નાણાં બજારની અંદર નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો છે. નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા નાણાંની કિંમત નક્કી થાય છે. સામાન્ય રીતે નાણાંની કિંમત એટલે વ્યાજદર (Interest rate). નાણું અસ્તિત્વમાં ન હતું. ત્યારે વસ્તુ વિનિમય પ્રથા હતી. તેની કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. વસ્તુ વિનિમય એટલે કે સાટા પદ્ધતિની સમસ્યા દૂર કરવા માટે નાણું અસ્તિત્વમાં આવ્યું. નાણાંનો ઉદ્‌ભવ 300 વર્ષ જૂનો છે.

ધાતુના સિક્કાઓ, ચલણી નોટો, ચેક, ડ્રાફ્ટ વગેરે નાણાંનું કાર્ય બજાવે છે.

**નાણાંના લક્ષણો :**

- જેનો ચીજવસ્તુ કે સેવાઓના સોદાઓની પતાવટ માટે એટલે કે વિનિમયના માધ્યમ તરીકે સર્વસ્વીકાર થાય તે નાણું છે.
- જેના દ્વારા ચીજવસ્તુ કે સેવાની ખરીદી અને વેચાણ થાય એટલે કે ચૂકવણીના માધ્યમ તરીકે સ્વીકારવામાં આવે છે તે નાણું છે.
- કોઈપણ જાતના હિચકિચાટ વગર સર્વસ્વીકૃતતાનો ગુણ ધરાવે તે નાણું છે.
- જેના વડે વિલંબીત કે ભાવિ ચૂકવણી થાય. બીજા અર્થમાં કહીએ તો દેવાની પતાવટ નાણાંથી કરી શકાય.

ટૂંકમાં ભારતના કોઈપણ સ્થળે, સમયે કોઈ પણ શેહ શરમ વગર સર્વ સ્વીકાર્ય હોય, વિનિમય થાય, અને કે દેવાની ચૂકવણી માટે જેનો ઉપયોગ થાય તે નાણું કહેવાય.

**નાણાંની વ્યાખ્યાઓ :**

નાણાંની વ્યાખ્યાઓ અનેક અર્થશાસ્ત્રીઓએ આપી છે. પરંતુ તેમાંથી કેટલીક સ્વીકાર્ય વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- **કાર્લ હેલફરીક :**

"અમુક અર્થવ્યવસ્થામાં જુદી જુદી વ્યક્તિઓ વચ્ચે આર્થિક વ્યવહાર સુગમ બનાવે તે નાણું કહેવાય."

- **પ્રો. માર્શલ :**

"કોઈપણ સમયે અને સ્થળે, શંકા કે વિશેષ તપાસ સિવાય વસ્તુઓ અને સેવાઓના ખરીદ-વેચાણના સાધન તરીકે જેનો સ્વીકાર થતો હોય તે નાણું છે."

- **ડી. એચ. રોબર્ટસન :**

"વસ્તુઓની કિંમતની ચૂકવણી પેટે તથા અન્ય પ્રકારના ધંધાકીય દેવાઓની પતાવટ માટે જેનો સૌ સ્વીકાર કરે છે તેને નાણું કહી શકાય."

- **જી. ડી. એચ. કોલ :**

"નાણાંનું મુખ્ય હાર્દ એ છે કે (વિનિમય કરવા માટે) ચલણમાં એક હાથમાંથી બીજા હાથમાં ફરતુ રાખી શકાય છે."

- **પ્રોફેસર એલી (Prof. Ely) :**

"જે વસ્તુ વિનિમયના માધ્યમ તરીકે છૂટથી એક હાથમાંથી બીજા હાથમાં જતી

હોય અને જેનો સામાન્ય રીતે દેવાની છેવટની પતાવટમાં સ્વીકાર થતો હોય તે નાણું છે.''

- **પ્રો. જે. એલ. હેન્સન :**

''જે વસ્તુ વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે અને સર્વસ્વીકૃત હોય તેને નાણું કહી શકાય.''

- **પ્રો. સ્ટોનિયર અને હેગ :**

''કોઈપણ પ્રકારની વસ્તુ જ્યારે સમાજની દરેક વ્યક્તિને સ્વીકાર્ય હોય ત્યારે તે નાણું બને છે.''

- **લોર્ડ કેઈન્સ :**

''જે આપવાથી દેવા અને મૂલ્ય સંબંધી સોદાઓની ચૂકવણી થતી હોય તથા જેના રૂપમાં સામાન્ય ખરીદશક્તિનો સંચય થતો હોય તે નાણું છે.''

- **પ્રો. ક્રાઉથર :**

''જે કોઈ વસ્તુ વિનિમયના માધ્યમ, મૂલ્યના માપદંડ અને સંગ્રહના સાધન તરીકે સર્વ સ્વીકાર્ય હોય તે નાણું છે.''

- **પ્રો. વોકર :**

''દેવાની ચૂકવણી કરવામાં આપનારની શાખનો વિચાર કર્યા વિના જેની મદદથી અમર્યાદિત રૂપમાં વ્યવહાર ચાલે છે અને જેને પ્રાપ્ત કરીને કોઈપણ વ્યક્તિ તેનો પ્રત્યક્ષ ઉપભોગ ન કરતાં વિનિમયને માટે અન્ય વ્યક્તિને આપે તે નાણું છે.

- **પ્રો. કેન્ટના મતે :**

''જે વસ્તુનો વિનિમયના માધ્યમ તરીકે અથવા મૂલ્યના માપ તરીકે સામાન્ય રીતે ઉપયોગ અને સ્વીકાર થતો હોય તે નાણું છે.''

- **લેહ ફીલ્ડરના મતે :**

''જે કોઈ વસ્તુ વિનિમયના માધ્યમ તરીકે કાર્ય બજાવે છે તે નાણું છે.''

- **પ્રો. પ્રાઈસ :**

પ્રો. પ્રાઈસ નાણાંની સંકુચિત વ્યાખ્યા આપે છે. તેમના મત મુજબ માત્ર ધાતુના સિક્કાઓને જ નાણાંની વ્યાખ્યામાં આવરી શકાય. કાગળ નાણાં તથા બેંક નાણાંને તે નાણાં તરીકે માન્ય કરતા નથી.

- **પ્રો. સિડવીક :**

''જે નાણાંનું કાર્ય બજાવે છે તે નાણું છે.''

- **પ્રો. મિલ્ટન ફ્રિડમેનના મતે :**

''નાણાંની વ્યાખ્યા કોઈ સિદ્ધાંતને આધારે આપવાને બદલે આર્થિક સબંધો અંગેના જ્ઞાનને વ્યવસ્થિત કરવામાં રહેલી તેની ઉપયોગિતાને આધારે આપવી જોઈએ. વર્તમાન નાણાંકીય અર્થવ્યવસ્થામાં નાણું એક લુબ્રિકન્ટ છે. જે અર્થતંત્રના પૈડાંને સરળતાથી ચલાવવાનું કામ કરે છે.''

- **પ્રો. ડબલ્યુ. ટી. ન્યુલીન (Prof. W. T. Newlyn) :**

"જે વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે તે નાણું છે.

## 6.3 નાણાંનો ઉદ્‌ભવ અને વિકાસ

નાણાંનો ઉદ્‌ભવ એ જરૂરિયાતોમાંથી પેદા થયો છે. એમ કહેવાય છે કે "Nacasseity is Mother of Invension" નાણાંના ઉદ્‌ભવ અને શોધ માટે આ કહેવત બરાબર સાચી પડે છે. માનવજીવનમાં જરૂરિયાત એટલે કે જીવન જીવવા માટેની વિવિધ જરૂરિયાતો ઉદ્‌ભવતી હોય છે. જેને સંતોષવા માટે લોકો ચીજવસ્તુ અને સેવાઓનું ઉત્પાદન અને તે દ્વારા વપરાશ કરે છે. પરંતુ લોકો દ્વારા ઉત્પન્ન થતી ચીજવસ્તુઓ અને સેવાઓ પોતાની જરૂરિયાત કરતા વધારે હોય તથા દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાતની બધી જ ચીજ વસ્તુઓ અને સેવાઓ પેદા ન કરી શકે તે સ્થિતિમાં પોતાની પાસેની વધારાની વસ્તુઓ અને સેવાઓ બીજાઓને આપે છે અને તેના બદલામાં બીજાઓ પાસેથી પોતાની જરૂરી વસ્તુઓ મેળવે છે. આ વ્યવસ્થા એ વસ્તુ વિનિમય પદ્ધતિ તરીકે ઓળખાય છે. અહીં કોઈ એક કે વધારે વસ્તુઓ નાણાં તરીકે કામ કરતી નથી. જ્યારે સમાજ ખૂબ જ પ્રાથમિક અવસ્થામાં હોય અને લોકોની જરૂરિયાતો ખૂબ જ સીમિત હોય તથા લોકો દ્વારા થતું ઉત્પાદન પણ અત્યંત ઓછું હોય ત્યાં સુધી વસ્તુ વિનિમય પદ્ધતિ નાણાંના વિકલ્પે ચાલી શકે છે. જુદી જુદી વ્યક્તિઓ જુદા જુદા પ્રકારની વિશિષ્ટ આવડત અને કુશળતા ધરાવતા હોય છે. બીજું કેટલાંક લોકોની પોતાની જરૂરિયાત કરતાં વધારે પડતું ઉત્પાદન કરે તથા દરેકને વિવિધ વસ્તુઓની વપરાશ વધારવાની ઈચ્છા થાય ત્યારે વસ્તુ વિનિમય પદ્ધતિમાં કેટલીક અગવડો પેદા થાય છે. આ પદ્ધતિમાં પોતાની વસ્તુ બીજાને આપીને પોતાની જરૂરિયાતની વસ્તુ લેવી હોય ત્યારે અરસપરસ જરૂરિયાતોનો મેળ બેસતો નથી. તેથી વસ્તુ વેચવા અને તેના બદલામાં બીજી વસ્તુ લેવામાં ઘણો સમય જાય છે. આથી સમય જતાં લોકોએ કેટલીક સર્વસામાન્ય વસ્તુઓ બધી વસ્તુઓના વિનિમય માટે ઉપયોગમાં લેવા તથા તેને સ્વીકારવાની શરૂઆત કરી. શરૂઆતમાં બળદ, પશુ, છીપલા, અનાજ, કોડી, ધાતુના ટુકડા, પથ્થરના ટુકડા વગેરેનો ઉપયોગ થવા માંડ્યો. જો કે કોઈ એક વસ્તુ સર્વ સામાન્ય રીતે વિનિમયના માધ્યમ તરીકે સ્વીકૃત બની ન્હોતી અને જરૂરિયાત અને સમય પ્રમાણે એક યા વધારે વસ્તુઓ નાણાં તરીકે પ્રચલનમાં હતી. સમય જતાં રાજ્ય વ્યવસ્થા સ્થાપિત થઈ અને સુવ્યવસ્થિત બની ત્યારે પ્રારંભમાં કિંમતી ધાતુના ટુકડાઓ જેમ કે સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ વગેરે નાણાં તરીકે પ્રચલનમાં આવી અને સમય જતાં જે તે રાજ્યોમાં ચોક્કસ છાપવાળા ધાતુના સિક્કાઓ, ચોક્કસ માપ અને મૂલ્ય સાથે પ્રચલિત કરવામાં આવ્યા. આમ કાયદેસર નાણાંની શરૂઆત એ રાજાઓ દ્વારા મુદ્રિત ધાતુના સિક્કાઓ સ્વરૂપે અમલમાં આવ્યા. મુદ્રિત નાણાંના પ્રચલન સાથે વેપાર પ્રવૃત્તિમાં ઘણો વિકાસ થયો અને સમૃદ્ધિમાં પણ વિકાસ થયો. ચલણી સિક્કા એ નાણાંનો પ્રારંભિક સુવ્યવસ્થિત સ્વરૂપ ગણાય, પરંતુ તેમાં પણ નાણાંની હેરફેરમાં મુશ્કેલી પડતી હતી. ધાતુ વધુ વજનદાર હોવાથી તેની ચૂકવણી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ તે લઈ જવામાં પ્રતિકૂળતાઓ રહેતી હતી. સમય જતાં મધ્યયુગમાં કાગળ અને છાપકામની શોધ થયા પછી આધુનિક યુગની શરૂઆતમાં કાગળના નાણાંની શરૂઆત થઈ. નાની રકમથી માંડીને ખૂબ જ મોટી રકમની મૂલ્યવાળી વિવિધ ચલણી નોટો અસ્તિત્વમાં આવી અને તેના દ્વારા મોટા પાયા ઉપર ચૂકવણી શક્ય બની. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે મોટા કારખાનાઓમાં ઉત્પાદન થતાં વિપુલ માલ સામાનને વેચવા-ખરીદવામાં ચલણી નોટો વડે સુગમતા થવા પામી. આમ ઉત્પાદનના અને અર્થતંત્રના નવા સ્વરૂપ સાથે નાણાંનું સ્વરૂપ બદલાયું.

કાગદી નાણું ખૂબ જ ઓછા વજન અને ઓછી જગ્યામાં ઘણા મોટા મૂલ્યનું વહન થઈ શકે છે અને તેથી વેપાર-ઉદ્યોગ અને વિનિમયમાં ઘણી સરળતા આવે છે. ચલણી

નોટો એટલે કે કાગદી નાણું પણ અમુક હદ પછી મોટા પાયાની લેવડ-દેવડ માટે પરિવહન સંદર્ભે અગવડયુક્ત બને છે. આથી આધુનિક યુગના આરંભે નાણાંની સાચવણી અને નાણાંના ધિરાણ સંદર્ભે શરૂ થયેલી બેંકોએ બેંકિંગ નાણાંની શરૂઆત કરી. જેમાં ચેક (બેંકિંગ ચેક) એ ખૂબ જ મહત્ત્વનું બેંક નાણું ગણાય. ચેકની ચૂકવણી વડે ખૂબ મોટી ચૂકવણી તથા હેરફેર સહેલાઈથી થઈ શકે છે. બેંક નાણાંના ઉપયોગમાં પરિવહનના પ્રશ્નો ગૌણ બની જાય છે અને દૂર દૂરના વિસ્તારો સુધી ભૌતિક રીતે નાણાંની હેરફેર કર્યા વગર જ ચૂકવણીઓ કે સોદાઓની પતાવટ થઈ શકે છે. વધતાં જતા વાણિજયકરણને આગળ વધારવામાં તથા વિદેશ વેપારને વિકસાવવામાં બેંક નાણાંનો ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો સાબિત થયો છે. વિશ્વ વેપારની વૃદ્ધિ સાથે વિશ્વના ઘણા દેશો અને પ્રજાઓના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે. આમ બેંક નાણું અને નાણાંને ખૂબ જ આધુનિક સ્વરૂપ ગણાયું. વળી આ સાથે વિશ્વના જુદા જુદા દેશોના વેપારી વ્યવહારોથી સર્વ સામાન્ય ચૂકવણી માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન્ય અને સ્વીકાર્ય એવા નાણાંનો પણ વિકાસ થયો. જેમ કે પ્રભાવશાળી, શક્તિશાળી અને સમૃદ્ધ દેશોનો નાણાં જેવાં કે પાઉન્ડ, ડૉલર, માર્ક, યેન વગેરે વિશ્વ કક્ષાએ નાણાં તરીકે સ્વીકૃત બન્યા. જેને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી સ્થપાયેલી નાણાંકીય સંસ્થાઓ જેવી કે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ (International Monetary Fund - IMF) તથા વિશ્વ બેંક દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત એવા નાણાંનો વિસ્તાર કર્યો. SDR (Special Drowing Rights) (પેપર મની) સ્વરૂપનું નાણું પણ 1970માં વિકાસ પામ્યું. આ સમય દરમ્યાન પેટ્રોડૉલર એ પણ નાણાં વ્યવસ્થાના વિકાસમાં અને નાણાંની તરલતા વધારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. યુરોપમાં યુરોપીયન કોમન માર્કેટ પછી વિકસેલા યુરોપીયન આર્થિક સમુદાય (ECC - Europian Economic Community) દ્વારા સમગ્ર યુરોપમાં સર્વ સામાન્ય સ્વીકાર્ય એવું “યુરો કરન્સી” અમલમાં આવ્યું. જર્મની EECનું હેડ ક્વાર્ટર છે.

**ઈલેક્ટ્રોનિક કરન્સી :**

બહુ મોટા પાયાના આંતરરાષ્ટ્રીય કક્ષાના નાણાંકીય વ્યવહારો સંદર્ભે તથા મોટા પાયા ઉપર નાણાંના મૂલ્યના સંગ્રાહક તરીકે વિશ્વ કક્ષાએ કોઈપણ સંસ્થાની કે કોઈપણ સરકારની માન્યતા વિના બીટકોઈન (Bit coin) ચલણ ઉદ્ભવ્યું અને વિકાસ પામ્યું છે. આજે વિશ્વભરના ધનપતિઓ બીટ કોઈનમાં રોકાણ કરે છે. તેમજ મૂલ્યનો સંગ્રહ પણ કરે છે. જે કંપનીના શેરની જેમ જ મૂલ્યમાં વધઘટ પામે છે અને ઘણે અંશે ટૂંકા કે લાંબા ગાળામાં સારું એવું વળતર પણ આપે છે.

**E-Currency (Electronic Money) :**

20મી સદીના અંત ભાગમાં કોમ્પ્યૂટરની અત્યંત મહત્ત્વની શોધનો ઉપયોગ બેંકિંગ ક્ષેત્રે શરૂ થયો અને બેંકોએ પ્લાસ્ટીક કરન્સીની શરૂઆત કરી. જે ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ તરીકે ઓળખાય છે. આ કાર્ડના ઉપયોગ વડે બેંકે સ્થાપેલાં ઓટોમેટેડ ટ્રાન્ઝેકશન મશીન (ATM) વડે નાણાંના ઉપાડની તથા નાણાંની ચૂકવણીની સુવિધા કરવામાં આવી. બેંક એકાઉન્ટ ધારક ATM કાર્ડ વડે એટલે કે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ વડે નાણાંનો ઉપાડ બેંકમાં ગયા વિના 24 કલાક ($24 \times 7$) દરમ્યાન નાણુંનો ઉપાડ કરી શકે છે. તથા ખરીદીની ચૂકવણી તથા બિલોની ચૂકવણી (સ્કેપ્ટ) ATM કાર્ડ વડે કરી શકે છે. આમ નાણાંની ચૂકવણી માટે ચેકબુક કે ચલણી નોટોનો ઉપયોગ કરવાની જરૂર રહેતી નથી. આમ ATM દ્વારા ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા પ્લાસ્ટીક કાર્ડ (પ્લાસ્ટીક કોટેડ કાર્ડ) નાણાંની શરૂઆત થઈ. પ્લાસ્ટીકના નાણાં પછી ઈલેક્ટ્રોનીક સાધનોનો ઉપયોગ નાણાંની લેવડદેવડ માટે શરૂ થયો. ચલણી નાણાંના રોકડ અથવા કેશ (Cash રોકડ) વ્યવહારોના સ્થાને કેશલેશ નાણાં વ્યવસ્થા

તથા અર્થતંત્રની શરૂઆત E Currency વડે એટલે કે ઈલેક્ટ્રોનીક ટ્રાન્ઝેકશન વડે શક્ય બન્યું. આ વ્યવસ્થામાં વ્યક્તિગત પોતાના મોબાઈલ વડે ગમે ત્યાંથી ગમે તે સ્થળેથી ગમે તે સમયે ($24 \times 7$) ગમે ત્યારે નાણાંની ચૂકવણી કરી શકે છે તથા પ્રાપ્ત કરી શકે છે. માત્ર મોબાઈલ ફોનના (સેલફેન) ઉપયોગ વડે પોતાના ખાતામાંથી કોઈના પણ ખાતામાં પૈસાની ચૂકવણી થઈ શકે છે. આ વ્યવસ્થા હેઠળ દૂરના પ્રદેશોમાંથી વસ્તુઓની ઈ-પેમેન્ટ વડે ખરીદી શકાય છે. આ વ્યવસ્થાને પરિણામે ઈ-કોમર્સનો ઘણો વિકાસ થયો છે. વધતા જતા ઈ-વાણિજ્યકરણ (ઈલેક્ટ્રોનીક વાણિજ્યકરણ)નો આધાર ઈ-કરન્સી અને ઈ-પેમેન્ટ ઉપર છે. રેલવે, બસ, પ્લેનની ટિકિટોના બુકિંગ પણ ઈ-પેમેન્ટ વડે થઈ શકે છે. પેટ્રોલ પંપ કે સ્કૂલમાં, હોટલમાં કે કોઈપણ દુકાનો ઉપર ઈ-પેમેન્ટ થઈ શકે છે. જેમાં રોકડ ચલણી નોટ, પ્લાસ્ટીક મની (ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ) વગેરેની જરૂર પડતી નથી. ફોન-પે, ગુગલ-પે, PTM TM, Rupee-pay વગેરે દ્વારા નાનામાં નાની સમયથી માંડીને ખૂબ મોટી રકમની ચૂકવણી કોઈપણ સમયે, કોઈપણ સ્થળેથી થઈ શકે છે. આમ આધુનિક સમયમાં વેપાર, વાણિજ્ય અને વિવિધ ખરીદીઓની ચૂકવણી વગેરેમાં ચૂકવણીના માધ્યમ તરીકે ઈ-કરન્સીનું પ્રચલન વધતું જાય છે અને ભૌતિક સ્વરૂપમાં કરન્સી નોટની જરૂરિયાત ઓછી થતી જાય છે. જેને પરિણામે આર્થિક વ્યવહારો વધુ સુગમ બન્યાં છે. એ વેપાર વાણિજ્યના વિકાસમાં અને અર્થતંત્રની ગતિશીલતા વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઈ-કરન્સીની કેટલીક મર્યાદાઓ છે. ઈ-કરન્સી ખૂબ જ સગવડદાયક હોવા છતાં તેમાં વિવિધ પ્રકારે ફ્રોડ થવાના ચાન્સીસ કે શક્યતાઓ રહેલી છે. જેથી કરન્સીના વ્યવહારોમાં ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે. ઈ-ક્રાઈમ રોકવા માટે જે તે નાણાંકીય સંસ્થાઓ, તજજ્ઞોની સેવાઓનો ઉપયોગ કરે છે. વળી સરકાર પણ ઈ-ક્રાઈમ રોકવા માટે પ્રયત્ન કરે છે. આમ છતાં ઈ-વ્યવહારોમાં સાવચેતી રાખવાની ખૂબ જ આવશ્યકતા છે.

## 6.4 નાણાંનું મહત્ત્વ

જીવનમાં પૈસો જ સર્વસ્વ નથી. છતાંય પૈસો ખૂબ જ મહત્ત્વનો છે. નાણાં માનવીની પાયાની જરૂરિયાતો ઉપરાંત માનવજીવનના લક્ષ્યો કે ધ્યેયો હાંસલ કરવામાં મદદ કરે છે. કુટુંબ, શિક્ષણ, આરોગ્ય સંભાળ, ચેરિટી, સાહસ અને જીવનમાં આનંદ પ્રાપ્તિ માટે નાણાં જરૂરી છે. નાણાં વિના સમાજમાં કોઈ કિંમત રહેતી નથી. ગુજરાતી કહેવત યોગ્ય જ છે કે ''નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ'' એટલે કે નાણાં વડે માન સન્માન પ્રાપ્ત થાય છે. ગમે તેટલાં બુદ્ધિશાળી હોય પરંતુ તમારી પાસે નાણાં ન હોય તો સમાજમાં માન-મોભો મેળવી શકાતો નથી. માનવીની આવડત, કુશળતા કે પ્રતિભાનો મહત્તમ ઉપયોગ કરવાની તક નાણાં વડે પ્રાપ્ત થાય છે. જીવનનો પોતાનો માર્ગ પસંદ કરવાની ક્ષમતા નાણાંકીય સુરક્ષા વડે પ્રાપ્ત થાય છે. નાણાં થકી જીવનની ઘણી બધી બિનજરૂરી વેદનાઓ ટાળી શકાય છે અથવા દૂર કરી શકાય છે. નાણાં થકી માનવીમાં કોઈપણ કામ કરવાની કે ઉત્પાદન કરવાની હિંમત પ્રાપ્ત થાય છે. કૃષિ, ઉદ્યોગ કે સેવા ક્ષેત્રે વધુ કામ કરવાની તાકાત નાણાં થકી મળે છે. ધંધો વિકસાવવો કે નવો ધંધો ઊભો કરવા માટે નાણાં જરૂરી છે. નાણાં પાસે હોય તો માનવી અનેક જોખમોનો સામનો કરવા તત્પર બને છે. વૃદ્ધ, અપંગ, અનાથ કે અસહાય વ્યક્તિ પાસે નાણાં કે સંપત્તિ હોય તો તે નિ:સહાય સ્થિતિમાં રહેશે નહીં. બલ્કે કશું જ કામ ન કરે તો પણ નાણાં થકી વ્યાજરૂપી આવક વડે ખુમારીપૂર્વક પોતાનું જીવનધોરણ ટકાવી શકશે. તેને કોઈના આશ્રયની જરૂર રહેતી નથી.

અર્થતંત્રમાં પણ નાણાં થકી આવક, વપરાશ, બચત, રોજગારી, મૂડીરોકાણ, માંગ,

ઉત્પાદન, બજાર પુરવઠો વગેરે ગતિશીલ ચક્ર ચાલ્યા કરે છે. અર્થતંત્ર ગતિશીલ બને છે. નાણાં વડે શ્રમ ને વેતન, મૂડી ને વ્યાજ, જમીન ને ભાડુ અને નિયોજક નફાની પ્રાપ્તિ કરે છે. ચારેય ઉત્પાદનના સાધનો અર્થતંત્રને ફરતું રાખે છે. માનવીની પ્રાથમિક સુખ સગવડ અને મોજશોખની જરૂરિયાતો સંતોષાય છે.

નાણાંએ દુનિયાને બદલી નાખી છે. નાણાં વગરના વિશ્વની કલ્પના કરવી અશક્ય છે. નાણાં થકી જ માનવ જરૂરિયાતો સંતોષી શકાય છે અને વસ્તુઓ અને સેવાઓના સોદાઓ કે વિનિમય શક્ય બને છે. નાણાં સાથે માનવ સુખાકારીને સહસંબંધ છે. નાણું જીવનમાં સંતોષ અને સુખ કે ખુશી સાથે જોડાયેલાં છે. નાણાં પરિવારના સભ્યોને ટેકો આપવામાં મદદ કરે છે. નાણાં વડે પરિવારના સભ્યો અથવા જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થઈ શકે છે. લોકો માટે નાણાંકીય તણાવ મોટો સ્ત્રોત છે. તે નકારાત્મક માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પરિણામો તરફ દોરી શકે છે. ઘણાં અભ્યાસો નાણાં વિના હતાશા, ચિંતા અને ગરીબી વચ્ચેની કડીઓ દર્શાવે છે. જ્યારે વ્યક્તિની નાણાંકીય સ્થિતિ સ્થિર થાય છે ત્યારે નાણાંકીય તણાવ નોંધપાત્ર રીતે ઘટાડે છે. એટલે કે નાણાંકીય સ્થિરતાનો અર્થ ઓછો તણાવ છે. સમુદાયમાં કામ કરતી NGO (બિન સરકારી સંસ્થાઓ)ને નાણાંની જરૂર હોય છે. તે દાન સ્વરૂપે નાની કે મોટી રકમ પ્રાપ્ત કરી સામાજિક સેવાઓ કરે છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે નાણાંના અભાવે ફૂડ બેંક, ઘરેલુ હિંસા, આશ્રય સ્થાનો વગેરે બંધ થાય છે. સંશોધકોએ જણાવ્યું છે કે પૈસો પૈસાને ખેંચી લાવે છે. એટલે કે પૈસા કમાવવા માટે પૈસાની જરૂર પડે છે. દા.ત. રીલાયન્સ, બિરલા કે અદાણીના બાળકોને વારસામાં પૈસા વધુ મળવાથી તેઓ શરૂઆતથી જ ધનિક બને છે અને ગરીબના બાળકો વારસામાં દેવુ પ્રાપ્ત કરતાં તેમના માટે ધનિક બનવું કઠિન છે. આમ નાણાંનું મહત્ત્વ પાયાથી જ મજબૂત બને છે. નાણાં દ્વારા અર્થકારણનો રોજબરોજનો જટિલ વ્યવહાર સફળતાપૂર્વક ચાલે છે.

વર્તમાન અર્થતંત્ર મૂડીપ્રધાન ઉત્પાદનની વ્યવસ્થા અને વિશિષ્ટીકરણ ઉપર રચાયેલું છે. નાણાંના અસ્તિત્વ વિના તે શક્ય બની શક્યું ન હોત એ નિર્વિવાદ છે. શ્રમવિભાજન અને મોટા પાયા પરનું આજનું જટિલ ઉત્પાદન નાણાંના ઉપયોગ વિના સંભવિત નથી. પ્રો. માર્શલે કહ્યું છે કે ''નાણું એક એવું ચાલક બળ છે જેની ચોમેર સમગ્ર અર્થવિજ્ઞાન પરીક્રમા કરતું રહે છે.'' આનું કારણ એ છે કે નાણાંનો કુલ જથ્થો, શાખનું માળખું અને નાણાંના મૂલ્યમાં થતાં ફેરફારોની રાષ્ટ્રના આર્થિક જીવન પર ઘણી ગહન અસરો પડતી હોય છે.

નાણાંકીય અર્થતંત્રમાં પ્રત્યેક આર્થિક પ્રવૃત્તિનું સ્વરૂપ વસ્તુ વિનિમયની પ્રથા કરતાં મૂળભૂત રીતે જુદું હોય છે. વપરાશ, ઉત્પાદન, વિનિમય, વહેંચણી અને જાહેર અર્થવિધાનના ક્ષેત્રોની સર્વે આર્થિક પ્રવૃત્તિઓને નાણાંએ સુગમ અને સરળ બનાવી છે. જે મોટા પાયા પરના ઉત્પાદનમાં પરિણમ્યું છે. એ જ રીતે નાણાંએ બચતોનું મૂડીરોકાણમાં રૂપાંતર શક્ય બનાવ્યું છે તથા મૂડીની ગતિશીલતા વધારીને તેની ઉત્પાદકતામાં વધારો કર્યો છે. જાહેર અર્થ વિધાનના ક્ષેત્રે સરકાર દ્વારા કરવેરા, ફી, દંડ વગેરે સ્વરૂપમાં તેની આવક નાણાંમાં જ મેળવે છે. આર્થિક વિકાસ તથા વહીવટ અંગેનો ખર્ચ પણ સરકારને નાણાંમાં જ થાય છે. જાહેર દેવાની પ્રાપ્તિ, તેનો ઉપયોગ, તેની ચૂકવણી, ખાધપૂરવણી અને સમગ્ર રાજકોશીય વહીવટ નાણાંની મદદ વડે જ થાય છે. તદ્ઉપરાંત નાણાં એ એક કાર્યક્ષમ હિસાબી પદ્ધતિ તથા અંદાજપત્રીય વ્યવસ્થા પણ શક્ય બનાવી છે.

નાણાંના લીધે વિનિમય સરળ અને ઝડપી બન્યો છે. વસ્તુની કિંમતો ચોક્કસાઈથી માપી શકાય છે. લેવડ-દેવડનો વ્યવહાર સુગમતાપૂર્વક ચાલે છે. સંપત્તિનો સંચય શક્ય

બન્યો છે અને ઝડપી આર્થિક પ્રગતિ સાધી શકાઈ છે. ટૂંકમાં રાષ્ટ્રના આર્થિક જીવનના ઘડતરમાં નાણું ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. આધુનિક અર્થવ્યવસ્થા નાણાં વિના સુગમતાપૂર્વક અને કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકતી નથી. નાણાંનું મહત્ત્વ તો તેની ગેરહાજરીમાં જ અનુભવી શકાય છે. આધુનિક અર્થવ્યવસ્થાનું અનિવાર્ય અને મૂળભૂત અંગ નાણું છે અને તેનું એ જ રીતે સંચાલન થવું જોઈએ કે જેથી પૂર્વનિશ્ચિત આર્થિક અને સામાજિક હેતુઓ સિદ્ધ કરવામાં તે સક્રિય રીતે સહાયભૂત થાય.

નાણાંને એક માલિક તરીકે નહીં પરંતુ એક સેવક તરીકે કાર્ય કરવા દેવામાં આવે તો સમગ્ર વિશ્વ સમાજ માટે તે એક મૂલ્યવાન અસ્કયામત તરીકે નીવડી શકે તેમ છે.

## 6.5 નાણાંના કાર્યો

પ્રો. ક્રિન્લેના મત મુજબ નાણાંના કાર્યોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(A) મુખ્ય અથવા પ્રાથમિક કાર્યો (Primary or Original or Fundamental Function)

(B) સહાયક કાર્યો (Secondary or Derived Fuction)

(C) આનુષંગિક કાર્યો (Contingent Function)

### (A) નાણાંના મુખ્ય અથવા પ્રાથમિક કાર્યો :

મુખ્ય અથવા પ્રાથમિક કાર્યોમાં નાણાંના બે કાર્યો ખૂબ જ મહત્ત્વના છે. (i) વિનિમયના માધ્યમ તરીકે (ii) મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય

### (i) વિનિમયના માધ્યમ તરીકે (Medium of Exchange) :

નાણાંનું સૌથી અગત્યનું અને મૂળભૂત કાર્ય ચીજવસ્તુ અને સેવાઓના વિનિમયના માધ્યમ તરીકેનું છે. સાટા પદ્ધતિમાં વિનિમયના માધ્યમ તરીકે ચીજવસ્તુઓ હતી. આથી ઘણીવાર પોતાની વસ્તુ વેચવી હોય અને ખરીદનારને તે વસ્તુની જરૂરિયાત ન હોય ત્યારે સોદાઓની પતાવટ થતી ન હતી. જ્યારે નાણાંમાં સર્વ સ્વીકાર્યતાનો ગુણ હોવાથી તમામ ચીજવસ્તુઓ કે સેવાઓનો વિનિમય નાણાંમાં થતો હોવાથી ખરીદનાર કે વેચનારને કોઈ જ મુશ્કેલી પડતી નથી. વળી વસ્તુ વિનિમય પ્રથામાં વસ્તુ વિભાજન મુશ્કેલી હતી. જે નાણાંથી ઉકેલી શકાયો છે. નાણું નાનામાં નાના એકમથી માંડી મોટા એકમોમાં બહાર પાડવામાં આવતું હોવાથી, કોઈપણ ચીજવસ્તુઓ સસ્તી કે મોંઘી નાણાં દ્વારા તાત્કાલીક ખરીદી કે વેચાણ કરી શકાય છે. દા.ત. 25 પૈસા, 50 પૈસા, એક રૂપિયો, 2, 5, 10, 20, 50, 100, 200, 500 અને રૂ. 2000ની નોટો અર્થતંત્રમાં અસ્તિત્વમાં હોવાથી કોઈપણ વસ્તુ ખરીદી-વેચી શકાય છે. નાણાંમાં વિભાજન ક્ષમતાનો ગુણ હોવાથી તે વિનિમયના માધ્યમ તરીકે ઉત્તમ કાર્ય કરે છે. આધુનિક અર્થ વ્યવસ્થામાં નાણું સર્વ સામાન્ય સ્વીકૃતિનો ગુણ ધરાવતો હોવાથી ચીજવસ્તુ અને સેવાઓના સોદાઓની પતાવટ ઝડપી બની છે. પરિણામે નાણાંમાં સમાનતા, ટકાઉપણું, વિભાજન ક્ષમતા અને સર્વ સામાન્ય સ્વીકૃતિનો ગુણ હોવાથી દેશમાં મોટા પાયાના ઉત્પાદનો અને શ્રમવિભાજનને પ્રોત્સાહન મળ્યું છે. નાણાંના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને લીધે મૂલ્ય પદ્ધતિ પૂર્ણ બની છે અને શ્રમની ઉત્પાદન શક્તિમાં અનેક ગણો વધારો થયો છે.

### (ii) મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય (Measure of Money) :

કોઈપણ વસ્તુના ઘન વજનનું માપ કિલોગ્રામમાં, પ્રવાહી પદાર્થનું માપ લીટરમાં, લંબાઈનું માપ મીટરમાં, અંતરનું માપ કિલોમીટરમાં દર્શાવાય છે. તેવી જ રીતે ચીજ વસ્તુ કે સેવાઓના મૂલ્યને નાણાંમાં દર્શાવાય છે. સાટા પદ્ધતિમાં એક ચીજવસ્તુનો ભાવ અનેક

વસ્તુઓ માટે અલગ અલગ હતો. જ્યારે નાણાંમાં ચીજવસ્તુઓના ભાવ સ્થિર હોય છે. જો કે નાણાંનું મૂલ્ય દર વખત સ્થિર હોતું નથી. અર્થતંત્રમાં ફુગાવાની સ્થિતિ હોય એટલે કે સતત ભાવવધારો થતો હોય ત્યારે નાણાંની ખરીદશક્તિ ઘટી જાય છે એટલે કે નાણાંના મૂલ્યમાં ઘટાડો થાય છે અને ઓછી ચીજવસ્તુ ખરીદી શકાય છે. જ્યારે મંદીની સ્થિતિમાં એટલા જ નાણાંથી વધુ વસ્તુ ખરીદી શકાય છે. એટલે નાણાંનું મૂલ્ય કે નાણાંની ખરીદશક્તિ વધુ થાય છે. તેમ છતાં મોટે ભાગે નાણાંને લીધે જ બજારતંત્ર સહજતાથી કામગીરી બજાવી શકે છે. તે એકાઉન્ટ એટલે કે હિસાબ રાખવાનો, નફા અને નુકસાનની ગણતરીનો અને પડતર કાઢવાનો માર્ગ પૂરો પાડે છે. નાણાં દ્વારા રાષ્ટ્રીય ઉત્પાદનની ગણતરી કરી રાષ્ટ્રીય આવક માપી શકાય છે. નાણાંના મૂલ્યમાં વધઘટ થતી હોવાથી પહેલાં જેટલો ચોક્કસ માપદંડ નથી. આમ છતાં સરકાર ભાવ સ્થિરતા દ્વારા નાણાંનું મૂલ્ય સ્થિર રાખવાનો પ્રયત્ન કરે છે. કે જેથી નાણું સ્થિર મૂલ્ય સાથે અર્થતંત્રમાં ઉત્તમ કામગીરી બજાવી શકે.

**[B] નાણાંના સહાયક કાર્યો :**

**(i) મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્ય (Store of Value) :**

સાટા પદ્ધતિમાં વસ્તુ સંગ્રહવાથી સડી જાય, બગડી જાય અને ભવિષ્યમાં બિન ઉપયોગી તેમજ તેની ગુણવત્તા ઘટવાનો પૂરેપૂરો સંભવ રહેલો છે. જ્યારે નાણાંને સડી જવાનો કે બગડી જવાનો ભય રહેતો નથી. આથી વર્તમાન કામગીરીનું વળતર સ્વરૂપે નાણું લાંબા સમય સુધી સરળતાથી સંગ્રહ કરી શકાય છે અને ભાવિ આપત્તિ સમયે બચત કરવાનું શક્ય બને છે. તેનો કોઈ સંગ્રહ ખર્ચ પણ હોતો નથી. જો કે ફુગાવા-મંદી દરમ્યાન નાણાંના મૂલ્યમાં વધઘટ થાય છે. પરંતુ તેમ છતાં નાણાંનું મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્ય આવક અને ખર્ચ વચ્ચેના સમયગાળામાં કડી બનવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

**(ii) મૂલ્યની ફેરબદલી (Transfer of Value)નું કાર્ય :**

ભૌતિક ચીજવસ્તુ સ્વરૂપનું મૂલ્ય એક સ્થળેથી બીજા સ્થળે, એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સાથે કરવું ઘણું અઘરું છે. જમીન જેવા ઉત્પાદકના સાધનની સ્થળાંતર કરવું સંપૂર્ણ પણે અશક્ય છે. જ્યારે નાણાં દ્વારા જમીનના વેચાણ સંભવ છે. નાણાં એક સ્થળેથી બીજે સ્થળે, એક વ્યક્તિથી બીજી વ્યક્તિને સરળતાથી આપ-લે થઈ શકે છે. આધુનિક સ્વરૂપમાં તો નાણું વિશ્વના કોઈપણ દેશમાં ટ્રાન્સફર એટલે કે ફેરબદલી શક્ય છે. નાણું આધુનિક સમયમાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થયું છે.

**(iii) ભાવિ લેવડ-દેવડનું સાધન (Standard of Defred Paymanet) :**

સાટા પદ્ધતિમાં ભાવિ ચૂકવણી જીવંત કે નિર્જીવ વસ્તુમાં થતી હોવાથી લેણદારને નુકસાન જવાનો ભય રહેતો હતો. જ્યારે નાણાં ઉછીના આપ્યા હોય તો થોડા સમય માટે નાણાંનું મૂલ્ય સ્થિર રહ્યું હોય તો લેણદારને નુકસાન જતું નથી. પરંતુ અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા ન હોય ત્યારે નાણાંનું મૂલ્ય ઘટી જાય છે અને ભાવિ વળતર ઓછું પ્રાપ્ત થાય છે.

વર્તમાન સમયમાં નાણું ભાવિ લેવડ-દેવડનું અગત્યનું સાધન છે. પરિણામે આધુનિક ઉત્પાદન વ્યવસ્થામાં ઉત્પાદનની પ્રક્રિયામાં વિલંબીત ચૂકવણીઓ વધતી જાય છે. દા.ત. શ્રમિકને કામ કર્યા બાદ મહિને, વેપારીને માલ વેચ્યા બાદ બે-ત્રણ મહિને પૈસા મળે છે. વળી ભવિષ્યમાં નાણાં ચૂકવવાના હોય ત્યારે વસ્તુ જેમ સડી જાય કે બગડી જાય પરંતુ નાણું એનું એ જ રહે છે. આમ ભાવિ લેવડ-દેવડ માટે નાણું સુગમતા પૂર્વક કાર્ય કરે છે.

**(iv) મૂલ્યની ફેરબદલી (Transfer of Value) :**

ચીજવસ્તુઓની ફેરબદલીમાં સમય અને શક્તિ બગડે છે. જ્યારે નાણાંમાં એક સ્થળેથી બીજા સ્થળે જવું હોય તો સરળતાથી જઈ શકાય છે. નાણાં એ વ્યક્તિઓની અસ્કયામતો અને સંપત્તિની ફેરબદલી કરી શકાય છે. દા.ત. મદ્રાસમાં તમારું મકાન હોય અને મુંબઈમાં તમારે મકાન કે ઑફિસ લેવી હોય તો તમે મદ્રાસનું મકાન નાણાં દ્વારા વેચીને એ નાણાંમાંથી તમે મુંબઈ કે કોઈ પણ જગ્યાએ મકાન કે ઑફિસ ખરીદવા કે ધંધો કે વ્યવસાય કરી શકો છો. આમ નાણાં દ્વારા મૂલ્યની ફેરબદલી કરી શકાય છે.

**(C) નાણાંના આનુષંગિક કાર્યો :**

**(1) નાણું હાજર સંપત્તિ તરીકેનું કાર્ય :**

નાણાં દ્વારા વ્યક્તિ ગમે તે સ્થળે ગમે તે સમયે તેની ઈચ્છા મુજબ વસ્તુ તાત્કાલીક ખરીદી શકે છે. આથી તેને હાજર સંપત્તિ કે તરલ સંપત્તિ અથવા સુલભ સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. સોનું, ચાંદી કે અન્ય અસ્કયામત વેચીને પોતાની જરૂરિયાત પૂર્ણ કરવામાં સમય લાગે છે. જ્યારે નાણાં વડે ગમે તેટલી નાની, સૂક્ષ્મ કે વિશાળકાય અત્યંત મોંઘી વસ્તુ પણ તાત્કાલીક ખરીદી શકાય છે.

**(2) બેંકિંગ નાણાંનો પાયો :**

બેંકિંગ ક્ષેત્રે નાણું શાખી નાણું કે શાખસર્જનના પાયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વેપારી બેંકોમાં લોકો બચત સ્વરૂપે થાપણો મૂકે છે. આ થાપણો (નાણું) દ્વારા બેંક રિઝર્વ બેંકના રોકડ અનામત પ્રમાણ રાખીને બાકીના થાપણ સ્વરૂપે પ્રાપ્ત થયેલાં નાણાંનું ધિરાણ કરે છે અથવા લોન આપે છે. જેના દ્વારા બેંકો વ્યાજ કમાય છે. આ પ્રાથમિક સ્વરૂપે મેળવેલ થાપણ કે નાણાં બેંકો દ્વારા શાખસર્જન કરીને બેંક નાણું (ચેક, હૂંડી, વિનિમય પત્રો, ડ્રાફ્ટ) ઉત્પન્ન કરે છે અને અર્થતંત્રને ગતિશીલ રાખે છે. આમ બેંકના શાખ વ્યવસ્થાના સાધન તરીકે પાયા સ્વરૂપે નાણું મહત્ત્વની કામગીરી બજાવે છે.

**(3) મહત્તમ તુષ્ટિગુણની પ્રાપ્તિ :**

માનવી પાસે હાજર ખરીદી સ્વરૂપે નાણાં હોય તો તે પોતાની મર્યાદિત આવકમાંથી વસ્તુ ખરીદીને મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે છે. વ્યક્તિ નાણાં દ્વારા વસ્તુમાં રહેલા તુષ્ટિગુણને માપી શકે છે. માનવી વિશ્વાસપૂર્વક ખરીદી કરી મહત્તમ તુષ્ટિગુણની પ્રાપ્તિ કરી શકે છે. નાણાં વડે વ્યક્તિમાં ખરીદીનો આત્મવિશ્વાસ વધે છે.

**(4)** નાણાં વડે રાષ્ટ્રીય આવકની વહેંચણી સરળ બનાવી છે. ઉત્પાદનના ચારેય સાધનોને તેમની કામગીરીના વળતર સ્વરૂપે નાણાં પ્રાપ્ત થાય છે. વળી શ્રમવિભાજન અને સૂક્ષ્મ શ્રમવિભાજન પણ અર્થતંત્રને ગતિશીલ રાખવા નાણું મહત્ત્વની કામગીરી બજાવે છે.

## 6.6 આધુનિક સમયમાં નાણાંના વિકલ્પો (ગતિશીલતા)

ચલણી સિક્કાઓ અને કાગદી ચલણ અર્થતંત્રમાં ફરી રહ્યું છે. આ ઉપરાંત બેંક નાણું (ચેક, હૂંડી, ડ્રાફ્ટ, વિનિમય પત્રો) અને તેનો ચલણવેગ નાણાંના પુરવઠા સ્વરૂપે ગણાય છે. વર્તમાન સમયમાં ચૂકવણીનું સરળ અને અનુકૂળ સાધન ક્રેડિટ કાર્ડ છે. જેનો સૌ પ્રથમ ઉપયોગ અમેરિકામાં થયો હતો. ઈ.સ. 1920માં હોટલ અને પેટ્રોલિયમ કંપનીઓએ તેમના ધંધાકીય યુનિટમાંથી પોતાના ગ્રાહકોને ખરીદી કરવા ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કર્યા હતા. આજે વિશ્વના મોટા ભાગના દેશોમાં ચૂકવણીના સાધન તરીકે ક્રેડિટ કાર્ડનો

ઉપયોગ થઈ રહ્યો છે. ખરીદી વખતે ચૂકવણી કરવાની પદ્ધતિનું આ સૌથી આધુનિક સ્વરૂપ છે. ક્રેડિટ કાર્ડ એ રોકડ કે ચેકની અવેજીમાં વાપરી શકાય તેવું ઈલેક્ટ્રોનિક કોમર્સ અને ઈન્ટરનેટ કોમર્સનું મહત્ત્વનું સાધન છે. ક્રેડિટ કાર્ડનો ક્રેડિટની મર્યાદામાં ચૂકવણી માટે કાર્ડનો ઉપયોગ થઈ શકે છે. ક્રેડિટ કાર્ડ ધારકે 30 દિવસમાં નાણાંની ચૂકવણી બેંક, સંસ્થા કે સ્ટોરમાં કરવાની હોય છે. જેથી વ્યાજ કે દંડના બોજામાંથી મુક્ત રહી શકે.

- **ક્રેડિટ કાર્ડ :**

ક્રેડિટ કાર્ડ ભારતમાં 1989માં રંગરાજન સમિતિએ દાખલ કરવાની ભલામણ કરી અને 1990માં ભારતમાં સૌ પ્રથમ ક્રેડિટ કાર્ડની પ્રથા અમલમાં આવી અને જાહેર ક્ષેત્રની મોટા ભાગની બેંકોએ ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કર્યા હતા. સમય જતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેંકો પણ આવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધાર્યો હતો.

- **અર્થ :**

ક્રેડિટ કાર્ડ એ ચૂકવણીની એક પદ્ધતિ છે. જેમાં નાના પ્લાસ્ટીક કાર્ડનો ઉપયોગ ગ્રાહક ખરીદી વખતે ચૂકવણી તરીકે કરે છે. બેંક કોઈ વ્યક્તિને ચોક્કસ રકમ દા.ત. 2 લાખની મર્યાદાવાળું ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરે તો તે વ્યક્તિના ખાતામાં 2 લાખ રૂપિયાની રકમ ન હોય તો પણ ક્રેડિટ કાર્ડ દ્વારા વ્યક્તિ રૂ. 2 લાખ સુધીની ખરીદ કરી ચૂકવણી કરી શકે છે. ગ્રાહકે જ્યાં જ્યાં ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી કરીને જે તેને ચૂકવણી કરી હોય તેનો હિસાબ બેંક માલના બિલ સાથે કાર્ડ ધારકને આપશે અને ચોક્કસ મર્યાદા ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરતી વખતે ગ્રાહકને આપી હોય તે ગ્રાહકે બેંકમાં નાણાં જમા કરાવવા પડે. નહીંતર કાર્ડ ધારક ઉપર બેંક વ્યાજ અને દંડ પણ વસુલ કરી શકે છે. સામાન્ય રીતે ગ્રાહકની આવક કમાવવાની શક્તિ અને ગ્રાહકની ધિરાણ પરત કરવાની શક્તિના આધારે બેંક ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરે છે. ટૂંકમાં ક્રેડિટ કાર્ડ એ એવું પેમેન્ટ કાર્ડ છે જેનો ઉપયોગ તેનો ધારક માલ કે સેવાની ખરીદી વખતે ચૂકવણી પેટે કરી શકે છે. જેમાં કાર્ડ હોલ્ડર તે નાણાં ચૂકવવાનું કાર્ડ ઈસ્યુ કરનાર સંસ્થાને વચન આપે છે. આ કાર્ડ ધારકનું એક સ્વતંત્ર એકાઉન્ટ ખોલી, તેમાંથી વેપારીને ખરીદી માટે નાણાં ચૂકવવાની અથવા એડવાન્સમાં નાણાં ઉપાડવાની ચોક્કસ મર્યાદા નક્કી કરાયેલી હોય છે.

"ક્રેડિટ કાર્ડ એ રોકડ પેમેન્ટ અથવા ક્રેડિટ પેમેન્ટ અથવા ડિફર્ડ પેમેન્ટનો એક યોગ્ય અને અનુકૂળ વિકલ્પ છે. ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે સ્વીપીંગ મશીન, ઈન્ટરનેટની સગવડવાળા કોમ્પ્યૂટર વગેરેથી થતાં વ્યવહારોમાં તેનો અમલ થાય છે."

- **ક્રેડિટ કાર્ડની વિગત :**

ક્રેડિટ કાર્ડમાં નીચે મુજબ વિગતો હોય છે. (1) ક્રેડિટ કાર્ડ આપનાર બેંક કે સંસ્થાનું નામ (2) ક્રેડિટ કાર્ડ ધરાવનારનું નામ (3) ક્રેડિટ આપ્યા તારીખ (4) ક્રેડિટનો ખાતા નંબર (5) ક્રેડિટની મહત્તમ રકમ (6) જવાબદાર અધિકારીની સહી (7) ક્રેડિટ કાર્ડ ઉપર કાર્ડ ધારકની સહી.

- **ક્રેડિટ કાર્ડ કઢાવવા માટે જરૂરી પુરાવાઓ :**

જેને ક્રેડિટ કાર્ડ કઢાવવું હોય તે વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ. તેની પાસે પાનકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા હોવા જોઈએ. આવકનું પ્રૂફ એટલે કે સરકારી કે ખાનગી નોકરીના પ્રૂફ તરીકે પગારની સ્લીપ કે ત્રણ વર્ષના આવકવેરાના રિટર્ન ભરેલાંની સ્લીપ કે ફોર્મ-16 હોવું જોઈએ. ક્રેડિટ કાર્ડ કઢાવવા સૌ પ્રથમ બેંકમાં અરજી કરે અને જે તે બેંકમાં તેનું ચાલુ કે બચત ખાતુ હોવું અનિવાર્ય છે. વળી બેંકના છેલ્લા વર્ષના

ખાતાના આવક અને ટ્રાન્ઝેક્શનના વ્યવહારોને આધારે મુંબઈની મુખ્ય ઑફિસ દ્વારા ક્રેડિટની મર્યાદા નક્કી થાય છે. બેંક ક્રેડિટ કાર્ડ આપતી વખતે બેંકના અધિકારી સમક્ષ રૂબરૂમાં સહી લેવાય છે. ક્રેડિટ કાર્ડ ખોવાઈ જાય તો નજીવા ચાર્જથી ડુપ્લીકેટ ક્રેડિટ કાર્ડ કાઢી આપવામાં આવે છે.

- **ક્રેડિટ કાર્ડના પ્રકારો (Types of Credit Card) :**

ક્રેડિટ કાર્ડના ક્ષેત્રે (1) Meastro માસ્ટર અને (2) Visa - વિઝા બંને બેંકોને મેમ્બરશીપ આપે છે. આ સંસ્થા સાથે જોડાયેલ બેંક માસ્ટર અને વીઝાના લોકો સાથે પોતાની બેંકના લોગો વાળું ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરે છે. ક્રેડિટ કાર્ડના પ્રકાર નીચે મુજબ છે.

**(1) ચાર્જ કાર્ડ (Charge Card) :**

ક્રેડિટ કાર્ડનું તદ્દન જૂનું સ્વરૂપ છે. કાર્ડ ધારકે નિયત તારીખે બેંકને સંપૂર્ણ પેમેન્ટ કરી દેવું પડે છે.

**(2) એફિનીટી કાર્ડ (Affinity Card) :**

આ કાર્ડ બે સંસ્થાઓ દ્વારા ઓફર કરવામાં આવે છે. જેમાં એક લેન્ડીંગ (ધિરાણ કરતી) સંસ્થા અને બીજી બિનનાણાંકીય ગ્રૂપ છે. જેમાં સ્કૂલો, એર લાઈન્સ, પેટ્રોલિયમ કંપની, બિન નફાકારક ગ્રૂપ વગેરે એફિનીટી કાર્ડ ઈસ્યુ કરે છે. આ કાર્ડ વાપરનારને સ્પેશિયલ વળતર (Discount) અપાય છે.

**(3) સ્ટાન્ડર્ડ કાર્ડ (Standard Card) :**

આ કાર્ડ ધારકની પ્રતિષ્ઠા કે મોભાના આધારે સોદા કરવાની મર્યાદા નક્કી થયેલી હોય છે. કાર્ડ ધારકની આર્થિક સ્થિતિ અનુસાર કાર્ડમાં બેંક સાથે ચોક્કસ રૂપિયાની ખરીદીની મર્યાદા નક્કી થઈ હોય તે ચોક્કસ રૂપિયા સુધીની ચૂકવણી આ કાર્ડ દ્વારા કરી શકાય છે.

**(4) ક્લાસિસ કાર્ડ (Classis Card) :**

આ કાર્ડ Visa (વિઝા) સંસ્થા દ્વારા ઈસ્યુ કરાય છે. તેની ઉપર Visaનો લોગો હોય છે.

**(5) ગોલ્ડ કાર્ડ (Gold Card) :**

ગોલ્ડ કાર્ડમાં ગ્રાહકને વધુ રકમની ક્રેડિટ ઓફર કરવામાં આવે છે. ગોલ્ડ કાર્ડ ધરાવનાર રેલવે, એરલાઈન્સ, મુવીની ટિકિટ ઓનલાઈન ખરીદી કરી શકે છે. ગોલ્ડ કાર્ડમાં પહેલાં 40,000 રૂ. સુધીની મર્યાદા હતી. જે હવે રૂ. 75001 થી રૂ. 3 લાખ સુધીની ક્રેડિટની મર્યાદા છે. તેમાં વ્યાજનો દર 1.99 P.M. (Per Month) માસિક છે. પેમેન્ટને EMIમાં પરિવર્તીત કરવાની સગવડ છે. ગ્રાહકને (કાર્ડ ધારકને) E સ્ટેટમેન્ટ અપાય છે. કોલ સેન્ટર સર્વિસ સવારે 9 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી ચાલુ હોય છે. વાર્ષિક રૂ. 299 ફી વસુલવામાં આવે છે.

**(6) ગોલ્ડ એન્ડ મોર કાર્ડ (Gold and More Card) :**

સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા ગોલ્ડ કાર્ડની સાથે ગોલ્ડ એન્ડ મોર કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. કાર્ડ ધારક પાસે રૂ. 499 વાર્ષિક વસુલ કરવામાં આવે છે. કોમ્પ્લીમેન્ટરી પેકની પ્રોત્સાહક ભેટ અપાય છે. તેમાં ક્રેડિટની લિમિટ ગોલ્ડ કાર્ડ કરતાં વધુ હોય છે. તેમાં પેમેન્ટ EMIમાં પરિવર્તિત કરવાની અને E સ્ટેટમેન્ટની સગવડ આપવામાં આવે છે. 100 રૂ.ની ખરીદી ઉપર 1 રૂ. કેશ પોઈન્ટ કાર્ડ ધારકને અપાય છે. કેશ પોઈન્ટની ગ્રોસરી

અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં ઉપયોગમાં લેવામાં આવે છે. કોલ સેન્ટર સવારે 9 થી સાંજે 6 વાગ્યા સુધી હોય છે.

ગોલ્ડ કાર્ડ અને Gold and More Card 18 વર્ષથી 80 વર્ષની વ્યક્તિ લઈ શકે છે. એક દિવસમાં ATMથી રૂ. 25000 રોકડ અને રૂ. 75000ની ખરીદી કરી કુલ 1,00,000/-ની કુલ લિમિટ ખરીદીની છે.

**(7) પ્લેટીનિયમ કાર્ડ (Platinium Card) :**

પ્લેટીનિયમ ક્રેડિટ કાર્ડ ગોલ્ડ કાર્ડ કરતાં વધુ લાભો ઓફર કરવામાં આવે છે. SBIના પ્લેટેનિયમ ક્રેડિટ કાર્ડમાં રૂ. 5,00,000/- સુધીની ઓફર છે. 50 દિવસ માટે વ્યાજ મુક્ત ક્રેડિટ (પીરીયડ) સમયગાળો છે. દર મહિને માત્ર 2.25 ટકા વ્યાજદર છે. વિશ્વભરમાં વિઝા કે માસ્ટર કાર્ડ ATMમાંથી રોકડ ઉપાડની સુવિધા છે. ATMમાંથી રોજના રૂ. 50,000/- રોકડા અને બિલની ખરીદી ઉપર રૂ. 1,50,000/- એટલે કે દૈનિક રૂ. 2,00,000/-ની ટોટલ લિમિટથી રોકડ અથવા ખરીદી કરી શકાય છે. એપરલ વાઉચર જેની કિંમત ઓછામાં ઓછી રૂ. 3000/- સ્વાગત ભેટ તરીકે અને ખરીદી ઉપર પુરસ્કાર મેળવી શકાય છે. ફ્લાઈટ ટિકીટમાં એપેરલ વાઉચર મેળવી શકાય છે. ફ્યુઅલ સરચાર્જ વેવરનો લાભ અપાય છે. રૂ. 100ની ખરીદી ઉપર રૂ. 2નો કેશ પોઈન્ટ અપાય છે. E-સ્ટેટમેન્ટની સગવડ છે. કેસ પોઈન્ટનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય સ્પેન્ડસમાં તથા ડાઈનીંગ, ગ્રોસરી એન્ડ ડીપાર્ટમેન્ટ સ્ટોર્સમાં થઈ શકે છે. 24 કલાક કોલ સેન્ટરની પ્રાયોરીટી અપાય છે. ક્રેડિટ કાર્ડનું જોખમ કવર કરવામાં આવે છે. પાસવર્ડથી સુરક્ષિત છે. તેમજ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર SMS દ્વારા ચેતવણી આપવામાં આવે છે. નેટ બેંકિંગની સુવિધા ઉપલબ્ધ છે. પ્લેટીનિયમ કાર્ડ ધારકને બિલ પે સુવિધા મફતમાં આપવામાં આવે છે. ઓછા વ્યાજ દરે પ્લેટીનિયમ ક્રેડિટ કાર્ડમાં બેલેન્સ ટ્રાન્સફર કરી શકાય છે. વળી કાર્ડ ધારકને ઈમરજન્સી કાર્ડ રિપ્લેસમેન્ટ સેવાઓ પ્રદાન કરવામાં આવે છે.

**(8) ટીટેનિયમ કાર્ડ (Titanium Card) :**

પ્લેટીનિયમ કાર્ડ કરતાં પણ ટીટેનિયમ કાર્ડમાં વધુ ક્રેડિટ મળે છે. પ્લેટીનિયમ કાર્ડ ઉપર મળતાં તમામ લાભ ટીટેનિયમ કાર્ડ ધારકને મળે છે. અઠવાડીયાના 24 કલાક કોલ સેન્ટરની સર્વિસ આપવામાં આવે છે. ટાટા ટીટેનિયમ કાર્ડ ધારકો તેમના પરિવાર માટે એડ-ઓન કાર્ડ્સ માટે અરજી કરી શકે છે. કાર્ડ ધારકના માતા-પિતા તેમજ 18 વર્ષથી વધુ ઉંમરના બાળકો અને તેમના જીવનસાથીનો સમાવેશ થાય છે. ટીટેનિયમ કાર્ડ ધારકને કોઈ ફ્યુઅલ સરચાર્જ ચૂકવવો પડતો નથી. કોઈપણ પેટ્રોલપંપ પર લુબ્રિકન્ટ્સ, ડીઝલ અને પેટ્રોલ ખરીદવા માટે ટાટાના ટીટેનિયમ કાર્ડનો ઉપયોગ કરવાથી ઈંધણ સરચાર્જ માફીનો લાભ મેળવી શકે છે. આ કાર્ડ વૈશ્વિક ધોરણે બધે ચાલે છે. ટેલિફોન, વીમા અને વીજળી જેવા ઈઝી બિલ ભરવાની સરળ સુવિધા છે. નિયત તારીખ પહેલાં ટાટા ટીટેનિયમ કાર્ડ દ્વારા સરળતાથી ચૂકવી શકાય છે.

**(9) સિક્યોર્ડ કાર્ડ (Secuared Card) :**

કાર્ડ ધારક Saving Deposit (બચત ડીપોઝીટ) મૂકવામાં આવેલી હોય છે. કોઈ કારણસર ગ્રાહક તેનું પેમેન્ટ ચૂકવવામાં નિષ્ફળ જાય તો તેના બેલેન્સની જાળવણીની કાળજી રાખવામાં આવે છે.

**(10) સ્માર્ટ કાર્ડ** (Smart **Card**) **:**

સ્માર્ટ કાર્ડને ચીપ કાર્ડ (Chip Card) તરીકે પણ ઓળખવામાં આવે છે. ક્રેડિટ

કાર્ડમાં મેગ્નેટીક સ્ટ્રીપનો ઉપયોગ થાય છે. જેમાં ઓછા ડોઝન (Dozen) કેરેકટર્સ હોય છે. સ્માર્ટ કાર્ડમાં એમ્બેડેડ કોમ્પ્યૂટર ચીપ્સનો ઉપયોગ થાય છે. જેમાં હાલમાં 16k of Memory ની સગવડ પ્રાપ્ત થાય છે. આ કાર્ડનો ઉપયોગ કેશ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડ વીથ પ્રેઝન્ટ ક્રેડિટ લિમિટ અથવા ID Cards with Stored in Passwords તરીકે થાય છે.

- **ક્રેડિટ કાર્ડના ફાયદાઓ :**

ક્રેડિટ કાર્ડ ખિસ્સામાં હોય એટલે વ્યક્તિને આત્મ સંતોષ હોય છે. ચિંતામુક્ત રહી ખર્ચ કરી શકે છે. વળી સમય લિમિટ દરમ્યાન કોઈ વ્યાજ ચૂકવવાનું નથી. લિમિટ પૂરી થતાં મોટે ભાગે એક મહિનાથી દોઢ મહિનામાં કરેલ ખર્ચાઓના બિલ ઓનલાઈન ચૂકવી શકે છે.

(1) ઓનલાઈન ખરીદ-વેચાણ શક્ય

(2) ક્રેડિટનો વૈભવ ઠાઠ

(3) ખરીદીમાં અનુકૂળતા

(4) પોષણક્ષમ EMIs

(5) નાણાંકીય સ્વાસ્થ્ય જળવાય

(6) કેટલાંક કેસમાં વળતર મેળવવા

(7) ટૂંક સમય માટે મફત ક્રેડિટ

(8) સુરક્ષા-રોકડ નાણાં લઈ જવામાંથી મુક્તિ

(9) ઈમરજન્સી ખરીદી કે તાત્કાલીક મૅડિકલ સહાય

(10) સરળ લોનની મંજૂરીઓ

(11) સરળતાથી બેલેન્સ ટ્રાન્સફરની સગવડ

(12) ક્રેડિટ કાર્ડ ખોવાઈ કે ચોરાઈ તે માટે રક્ષણ

(13) રોકડ નાણાં મેળવવાની સગવડ

(14) વેચનાર કે દુકાનદારને તાત્કાલિક નાણાં અને વધુ વેચાણની શક્યતાઓ

(15) બેંક કે નાણાંકીય સંસ્થાને ટૂંકા ગાળામાં વધુ વ્યાજની પ્રાપ્તિ

(16) કાર્ડ ધારકને ખર્ચનો રોકડેથી પ્રાપ્તિ

(17) સરળ વિદેશી સોદાઓ

(18) કાર્ડ ધારકને અકસ્માત વીમાના લાભની પ્રાપ્તિ

(19) સમાજમાં કાર્ડ ધારકના સ્ટેટસમાં વધારો

(20) રિઝર્વ બેંકને વધુ ચલણી નોટો છપાવી ન પડે (કેશ લેસ વ્યવહાર)

(21) મનની શાંતિ

- **ક્રેડીટ કાર્ડના ગેરફાયદાઓ :**

ક્રેડિટ કાર્ડ અનેક સગવડો આપે છે. તેના અનેક ફાયદાઓ છે. સાથે સાથે કેટલાંક ગેરફાયદાઓ પણ છે. જે નીચે મુજબ ગણાવી શકાય.

(1) અતિશય ઊંચો ખર્ચ

(2) દેવામાં ડૂબી જવાનો ભય

(3) ઊંચો વ્યાજનો દર

(4) દંડ અને ફીનો બોજો

(5) કપટ અને છેતરપીંડીનો ભય

(6) ફ્રોડ-ગુનાઓ થવાની વધુ શક્યતાઓ

(7) પહેલાં ખર્ચ પછી તેની ચૂકવણી

(8) તણાવનો ભોગ

(9) સાઈબર ક્રાઈમનું વધતું પ્રમાણ

## 6.7 ડેબિટ કાર્ડ

ડેબિટ કાર્ડ જેને બેંક કાર્ડ અથવા ચેક કાર્ડ પણ કહેવામાં આવે છે. આ પ્લાસ્ટિક પેમેન્ટ કાર્ડ છે. જે કાર્ડ ધારકને બેંક અથવા નાણાંકીય સંસ્થાઓ ઈસ્યુ કરે છે. કેટલાંક ડેબિટ કાર્ડમાં સંગ્રહિત મૂલ્ય હોય છે. જેની સાથે ચૂકવણી કરવામાં આવે છે. જ્યારે મોટા ભાગના કાર્ડ ધારકની બેંકની ચૂકવણી કરનારના નિયુક્ત બેંક ખાતામાંથી ભંડોળ ઉપાડવા માટેનો સંદેશ મોકલે છે. કાર્ડ જ્યાં સ્વીકારવામા આવે છે. ખરીદી વખતે રોકડને બદલે વાપરી શકાય છે. એટલે કે રોકડ રૂપિયાનો ચૂકવણીની અવેજી છે. ડેબિટ કાર્ડને લીધે બેંક એકાઉન્ટ સરળ બન્યું છે. ડેબિટ કાર્ડ દ્વારા હોટલ, ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ, પેટ્રોલપંપ, પ્રોવિઝન સ્ટોર્સ વગેરેમાં ઉપયોગ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં ડેબિટ કાર્ડનો ઉપયોગ વધ્યો છે. ડેબિટ કાર્ડ એ રોકડ ચૂકવણી કરતાં વધુ સલામત છે અને ચેકબુક કરતાં વધુ અનુકૂળ છે. ડેબિટ કાર્ડનો ઉપયોગ વધતાં બેંકના કર્મચારીઓને પેપરવર્કનું પ્રમાણ ઘટ્યું છે. તેમજ બેંકના ગ્રાહકો એટલે કે બેંકના ખાતેદારોને બેંકમાંથી નાણાં ઉપાડવા અને લાઈનોમાં ઉભા રહેવાની ઝંઝટ મટી જાય છે. વેપારીઓને પણ ઉધારી આપવાને બદલે ડેબિટ કાર્ડથી રોકડા નાણાંની ચૂકવણી બેંક કરે છે. આથી ઉધારીનું પ્રમાણ ઘટે છે.

- **ડેબિટ કાર્ડનો અર્થ :**

ડેબિટ કાર્ડ સામાન્ય અર્થમાં બેંકિંગ કંપનીઝ દ્વારા તેના ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સગવડ છે. તેના દ્વારા ગમે ત્યારે અને ગમે ત્યાં, વિવિધ નાણાંકીય સોદાઓ સરળતાથી, સગવડતાથી ઝડપી અને સહી સલામત કરી શકે. ડેબિટ કાર્ડ હોલ્ડરને બેંક એવી મૈત્રીયુક્ત સગવડ આપે છે. જેના દ્વારા ગ્રાહક ખરીદી વખતે તુરંત પેમેન્ટ સહી સલામત માર્ગે કરી શકે છે. જે વેપારી ડેબિટ કાર્ડનો સ્વીકાર કરતાં હોય તેની પાસેથી વિવિધ વસ્તુઓ અને સેવાઓ સરળતાથી ખરીદી પ્રણાલીકાગત બજાર કે ઓન-લાઈન બજારમાંથી કરી શકે છે. ધંધાકીય અર્થમાં ડેબિટ કાર્ડ એ રોકડ ચૂકવણીનો વધુ સારો વિકલ્પ છે અને વહીવટી સંદર્ભમાં ડેબિટ કાર્ડ એ એક ઈલેક્ટ્રોનિક કાર્ડ છે. જે તેના ધારકને નાણાંકીય સોદાઓનો અમલ કરવામાં ઉપયોગી છે. આવું ડેબિટ કાર્ડ તેના ધારક પાસે રહે છે. આમ છતાં તે કાર્ડ ઈસ્યુ કરનાર બેંકની જ પ્રોપર્ટી ગણાય છે. કાર્ડ હોલ્ડર તેના ખાતામાં બેલેન્સ જાળવીને તેનો ગમે ત્યારે ઉપયોગ કરવા મુક્ત છે. ક્રેડિટ કાર્ડમાં કાર્ડધારક જમા રકમ કરતાં વધુ રકમ વાપરી શકે છે. જ્યારે ડેબિટ કાર્ડ ધારક ખાતાની જમા રકમ કરતાં વધુ રકમ વાપરી શકતો નથી.

**ડેબિટ કાર્ડના લક્ષણો :**

- ડેબિટ કાર્ડ બેંક કે નોન બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFCs) દ્વારા ગ્રાહકને ઈસ્યુ કરવામાં આવે છે.
- ડેબિટ કાર્ડ ઉપર ગ્રાહકનું નામ બ્લોક લેટરમાં એમ્બોસ્ડ કરાયુ હોય છે. તેની ઉપર કાર્ડ ઈસ્યુ કરનાર બેંકનું નામ અને ગ્રાહકનો એકાઉન્ટ નંબર છાપેલો હોય છે. કાર્ડની બીજી બાજુ કાર્ડ ધારકની સ્પેશીમેન સહી (નમૂનાની સહી) કરાયેલી હોય છે.
- ડેબિટ કાર્ડ સિન્થેટીક કાર્ડ છે, તે લેમિનેટેડ પ્લાસ્ટિક શીટ્સ, મેગ્નેટીક સ્ટ્રીપ્સ, માઈક્રોચીપ, પેઈન્ટ્સ હોલોગ્રામ, જીલેટીન વગેરેનો ઉપયોગ કરી બનાવાયુ હોય છે.
- ડેબિટ કાર્ડ ધરાવનાર ગમે ત્યારે તેના ખાતામાં રહેલ બજેટ અનુસાર ચીજવસ્તુ કે સેવા મેળવવા ચૂકવણી માટે ઉપયોગ કરવાનો હક્ક મળે છે. ગ્રાહકના ખાતામાં રહેલ બેલેન્સ કરતા વધુ નાણાંનો ઉપયોગ ચૂકવણી માટે કરી શકતો નથી.
- ડેબિટ કાર્ડને લીધે ગ્રાહકને રોકડ નાણાં કે ચલણી સિક્કાઓ હાથ ઉપર રાખવાની જરૂર પડતી નથી. રોકડ નાણાંનો વિકલ્પ ડેબિટ કાર્ડ છે.
- ડેબિટ કાર્ડમાં નાણાં ચૂકવણી માટે ઉપાડવાથી કોઈપણ પ્રકારનું વ્યાજ બેંકને ચૂકવવું પડતું નથી. કારણ તેના બેલેન્સ જેટલો જ ઉપયોગ કરી શકે છે.
- એક અર્થમાં જોઈએ તો ડેબિટ કાર્ડ પ્રિ-પેઈડ કાર્ડ જેવું જ છે.
- ડેબિટ કાર્ડ ATM (Automated Teller Machines) કાર્ડ તરીકે નાણાં ઉપાડવા અથવા રોકડ નાણાં ભરવામાં ઉપયોગી બને છે.
- ડેબિટ કાર્ડ બહારના સ્થળોએ અથવા વિદેશમાં મુસાફરી કરતી વખતે વહન કરવા, સંભાળવા અને મેનેજ કરવા માટે ખૂબ જ સરળ છે. નાનું, પાતળું, સપાટ અને નગણ્ય વજન હોવાને કારણે તે કોઈપણ ખિસ્સામાં સરળતાથી ફીટ થઈ જાય છે. તે માત્ર બે આંગળીઓથી પણ ખૂબ જ મુક્ત પણે નિયંત્રિત કરી શકાય છે. તેનું સંચાલન કરવું પણ મોટી સમસ્યા નથી.
- ડેબિટ કાર્ડ જારી કરતી વખતે બેંક કાર્ડની જારી અને જાળવણી માટે ખૂબ જ નજીવી વાર્ષિક ફી વસુલ કરે છે. જે ફી ડેબિટ કાર્ડ ધારકના ખાતામાંથી આપમેળે કપાત થઈ જાય છે.
- ડેબિટ કાર્ડને ચેક કાર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- **ડેબિટ કાર્ડના પ્રકાર :**

વિઝા ડેબિટ કાર્ડના વિવિધ પ્રકારો છે. સામાન્ય રીતે બેંકો વિઝા ક્લાસીક ડેબિટ કાર્ડ, વિઝા ગોલ્ડ ડેબિટ કાર્ડ અને વિઝા પ્લેટેનિયમ ડેબિટ કાર્ડ, વિઝા સિગ્નેચર ડેબિટ કાર્ડ અને વિઝા અનંત ડેબિટ કાર્ડ જારી કરે છે. દરેક કાર્ડની આગવી વિશેષતાઓ હોય છે. VISA ATM નેટવર્ક સમગ્ર ભારતમાં અને વિદેશોમાં ફેલાયેલું છે.

ઓનલાઈન ડેબિટ કાર્ડ, ઓફલાઈન ડેબિટ કાર્ડ, ઈલેક્ટ્રોનિક પર્સ કાર્ડ સિસ્ટમ, પ્રિ-પેઈડ ડેબિટ કાર્ડ, ATM ડેબિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ જેવા માસ્ટર કે વીઝા જેવી સંસ્થા સાથે સાંકળી બેંક દ્વારા વિવિધ પ્રકારના ડેબિટ કાર્ડ આપવામાં આવે છે. વિવિધ પ્રકારના ડેબિટ કાર્ડ ઉપર બેંક ઉપરાંત કંપનીઓનો લોગો છાપેલો હોય છે. ડેબિટ કાર્ડ દ્વારા રાષ્ટ્ર કે રાષ્ટ્રની બહાર પણ જો બેંક દ્વારા યોગ્ય સંકલન કરાયું હોય તો સરળતાથી ખરીદી થઈ શકે છે. ડેબિટ કાર્ડ રોકડ અથવા વ્યક્તિગત ચેકની જેમ કાર્ય કરે છે. વ્યક્તિ તેના

કાર્ડનો ઉપયોગ ગમે ત્યાં કરી શકે છે. તે ચેકબુક અથવા રોકડ સાથે રાખવાનો વિકલ્પ છે. ક્રેડીટ કાર્ડ અને ડેબિટ કાર્ડ વચ્ચે તફાવત એટલો જ છે કે ક્રેડિટ કાર્ડ "પાછળથી ચૂકવણી" કરવાનો માર્ગ છે, જ્યારે ડેબિટ કાર્ડ "હમણાં ચૂકવણી" કરવાનો માર્ગ છે.

- **ડેબિટ કાર્ડના ફાયદા - લાભ (Advantages of Debit Card) :**

(1) કાર્ડ ખોવાનો કે ચોરાઈ જવાનો ભય નહીં. એકદમ સલામતી.

(2) પ્રીપેડ કાર્ડ - બેલેન્સની હદ સુધી જ ખરીદી - દેવાનો ભય નહીં.

(3) ખરીદી માટે રોકડ નાણાંની જરૂરિયાત નહીં. પ્રવાસમાં સરળતા

(4) નજીવી વાર્ષિક ફી.

(5) ડેબિટ કાર્ડ ખોવાય તો તાત્કાલીક નવું કાર્ડ મેળવી શકાય.

(6) આંતર રાષ્ટ્રીય પ્રવાસમાં કરન્સી એક્સચેન્ઝ. એટલે કે એક્સચેન્જ રેટ વિદેશી ચલણમાં પરિવર્તિત કરવાની ચિંતા નહીં. પરિવર્તિત વિનિમય દર.

(7) રોકડનો શ્રેષ્ઠ વિકલ્પ - રોકડનો તાત્કાલિક ઉપાડ

(8) વ્યાજ કે દંડની રકમમાંથી મુક્તિ

(9) વપરાશ (બિનજરૂરી)ને નિયંત્રીત કરે છે.

(10) વેપારી કે વેપારી બેંકના ખાતાના ભંડોળનું તાત્કાલીક સ્થાનાંતર

(11) ડેબિટ કાર્ડ મેનેજ કરવામાં સરળ.

(12) વર્તમાન આવકને ધ્યાને લઈ ખરીદી.

(13) ડેબિટ કાર્ડ દ્વારા ખરીદીમાં કોઈ વધારાની ઓળખની જરૂર નથી.

(14) ડેબિટ કાર્ડમાં કેસ પોઈન્ટ યોજનાનો લાભ ગ્રાહકને મળે.

(15) ડેબિટ કાર્ડના વિકાસથી ચલણી નોટોનો ઉપયોગ ઘટે છે. તેથી રિઝર્વ બેંકને નાણાં ઉત્પન્ન કરવાના ખર્ચમાં ઘટાડો થાય છે.

(16) રિડીમીંગ પોઈન્ટ્સ ઉપર ભેટોની પ્રાપ્તિ.

(17) ઓનલાઈન ખરીદીમાં અત્યંત સરળતા.

(18) વપરાશને નિયંત્રિત કે અંકુશિત રાખે છે.

(19) મફત વીમા કવરેજ - ગ્રાહકને વીમાનો વિશેષ લાભ, જેવાં કે ડેબિટ કાર્ડ ખોવાઈ જવા ઉપર વીમો, વ્યક્તિગત વીમો, આકસ્મિક વીમો, મુસાફરી વીમો વગેરે.

(20) સુરક્ષાના શ્રેષ્ઠ સ્તરો - છેતરપીંડી, દુરુપયોગ અને નાણાંની ચોરીની શક્યતાઓ મોટા પ્રમાણમાં ઘટાડે છે.

(21) દૂરથી ખરીદી પૂર્ણ કરી શકાય. (દા.ત., એમેઝોન)

- **ડેબિટ કાર્ડના ગેરલાભ (Disadvantage of Debit Card) :**

(1) મર્યાદિત ખરીદશક્તિ અથવા ખરીદશક્તિ ઉપર કાપ.

(2) ચૂકવણીમાં ગ્રાહકને કોઈ ગેસ પિરીયડ મળતો નથી.

(3) મર્યાદિત સલામતી.

(4) વ્યાવસાયિક વ્યવહારો કરવામાં અસમર્થ.

(5) એક્સીડેન્ટલ ચાર્જીસ. (છૂપા ખર્ચાઓ)

(6) ડેબિટ કાર્ડ દ્વારા કરેલ ખર્ચની જાણકારી મેળવવી મુશ્કેલ.

- **સમીક્ષા**

નાણું નિષ્ક્રીય સાધનોને સક્રિય કરી શકે છે અને ઉત્પાદક ચેનલમાં મૂકી શકે છે. તેથી તે ઉત્પાદન, રોજગારી અને આવકના સ્તરને વધારવામાં મદદ કરે છે. વધુમાં તે બચતને રોકાણમાં રૂપાંતરિત કરવામાં મદદ કરે છે.

- કેટલાક નાણાં સંલગ્ન શબ્દોની સમજ :

- **કુલ નાણું એટલે શું ?**

કુલ નાણું એટલે ચલણમાં ફરતું ચલણી નાણું. એટલે કે ચલણી સિક્કાઓ અને ચલણી નોટો + રિઝર્વ બેંક પાસે બેંકર્સની થાપણો + રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણો.

- **બેંક અનામત એટલે શું ?**

બેંક અનામત એ રિઝર્વ બેંકમાં રોકડ લઘુતમ છે. જે નાણાંકીય સંસ્થાઓએ પણ રિઝર્વ બેંકની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મધ્યસ્થ બેંકમાં તેના ખાતામાં અનામત નાણાં રાખવા. વ્યાપારી બેંકોએ પણ રિઝર્વ બેંકના વખતોવખતના આદેશ મુજબ અનામત નાણું રાખવું પડે છે.

- **રિઝર્વ બેંક કેટલા પૈસા છાપી શકે ?**

રિઝર્વ બેંકને રૂ. 2થી માંડીને 10,000 સુધીની નોટો છાપવાનો અધિકાર છે. જો રિઝર્વ બેંકને વધારાની નોટ એટલે કે રૂ. 10,000થી વધુ અંકિત મૂલ્યવાળી નોટ છાપવી હોય તો સરકારે રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા એક્ટમાં સુધારો કરવો પડશે.

- **રિઝર્વ બેંકના હાલના ગવર્નર કોણ છે ? (વર્ષ 2022માં)**

હાલમાં શક્તિકાન્ત દાસ રિઝર્વ બેંકના 25માં ગવર્નર તરીકે સેવા આપે છે. તેઓ અગાઉ પંદરમાં નાણાંપંચના સભ્ય હતા.

- **ભારતમાં RBI (રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા)ને કોણ નિયંત્રીત કરે છે ?**

રિઝર્વ બેંકને સેન્ટ્રલ બોર્ડ ઑફ ડિરેક્ટર્સ (કેન્દ્રીય નિર્દેશક મંડળ) નિયંત્રિત કરે છે. ભારત સરકાર દ્વારા ભારતીય રિઝર્વ બેંક એક્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. રિઝર્વ બેંકના ગવર્નરનો પગાર સાડા ત્રણ લાખ (3,50,000) હોય છે અને તે ઉપરાંત ગવર્નર ભાડા મુક્ત મકાન, મફત પરિવહન વગેરે એક્સ્ટ્રા મળે છે.

- RBIના કેન્દ્રીય બોર્ડના સભ્યો 21 હોય છે. જેમાં 1 ગવર્નર, 4 ડેપ્યુટી ગવર્નર, નાણાં મંત્રાલયના બે પ્રતિનિધિઓ, દસ સભ્યો સરકાર દ્વારા નિયુક્ત ડિરેક્ટર અને ચાર સભ્યો કે જેઓ મુંબઈ, કલકત્તા, ચેન્નાઈ અને દિલ્હી સ્થાનિક બોર્ડના સભ્યો એમ મળીને કુલ 21 સભ્યોનું બોર્ડ ઑફ ડિરેક્ટર બને છે.
- ATM - Automated Teller Machines
- PIN - Personal Identification Number
- POS - Point of Sell - વેચાણના સ્થળો
- Repo Rate - રિઝર્વ બેંક વેપારી બેંકો પાસેથી જે વ્યાજનો દર લે તેને રેપોરેટ કહેવાય.
- Reverse Repo Rate (RRR) - વેપારી બેંકો પાસેથી લીધેલ ધિરાણ ઉપર રિઝર્વ બેંક વેપારી બેંકને જે વ્યાજદર ચૂકવે તે રિવર્સ રેપોરેટ કહેવાય.

- SLR - વૈધાનિક પ્રવાહિતતા ગુણોત્તર
- LAF - લીક્વીડીટી એડજસ્ટમેન્ટ ફેસીલીટી
- CRR - Cash Reserve Ratio રોકડ અનામત પ્રમાણ
- MSF - માર્જીનલ સ્ટેન્ડીંગ ફેસેલીટી
- **સંદર્ભ સૂચિ**


- Hogendoum, Jan and marion. Johnson The Shell Money of the stave Trade. Cmbridge University Press. 2006-6
- Lawrence C. Mersh. "Money flow in a Dynamic Economy. University of Notre Dame. Working Paper. December 26-2018

# એકમ-7 ફુગાવો (Inflation)

**-: રૂપરેખા :-**

**7.1 પ્રસ્તાવના**

**7.2 ફુગાવાનો અર્થ :-**

**7.3 ફુગાવાની વ્યાખ્યાઓ :-**

**7.4 ફુગાવાના લક્ષણો :-**

**7.5 ફુગાવાના રસપ્રદ વિશ્વના ઐતિહાસિક કિસ્સાઓ :-**

**7.6 ફુગાવાના પ્રકારો :-**

**7.7 ફુગાવાના કારણો :-**

**7.8 ફુગાવાની અસરો :-**

**7.9 ફુગાવો નિવારવાના ઉપાયો :-**

## 7.1 પ્રસ્તાવના

આર્થિક સિદ્ધાંતોમાં આર્થિક અસ્થિરતા એ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આર્થિક અસ્થિરતા એ ભાવ વધવા અને ભાવ ઘટાડા સ્વરૂપે જોવા મળે છે. જો અર્થતંત્રમાં સતત ભાવ સપાટીમાં વધારો થાય અને ઊંચા દરે વધારો થાય તો ફુગાવાની સમસ્યા કહે છે. જો અર્થતંત્રમાં ભાવસપાટી વધુ સમય સુધી ઘટ્યાં કરે તો તેને આર્થિક મંદી કહેવાય. વ્યાપાર ચક્રો દ્વારા તેજી અને મંદીનું વિશ્લેષણ સમજાવવામાં આવે તો વિશ્વના જુદા જુદા દેશોમાં સામાન્ય રીતે ભાવ વધારાની અને ભાવ ઘટાડાની સ્થિતિઓ સર્જાતી હોય છે. પરંતુ ભાવ સપાટીમાં સામાન્ય વધઘટો એ કોઈ ગંભીર સમસ્યા ગણાવી નથી. વિશ્વના કેટલાક દેશોમાં અભૂતપૂર્વ એવી ભાવ વધારાંની એટલે કે ફુગાવાની સ્થિતિઓ સર્જાય છે. એ જ રીતે સતત ભાવ ભાવ ઘટાડાની એટલે કે મંદીની સમસ્યાઓ સર્જાઈ છે. ફુગાવાની અભૂતપૂર્વ સમસ્યાઓ હજુ સુધી સમગ્ર વિશ્વમાં એક સાથે સર્જાઈ નથી. જ્યારે મંદીની સમસ્યા વિશ્વના કોઈ એક મોટા ભાગમાં એક સાથે વિશ્વમંદી, મહામંદી વગેરે સ્વરૂપે જોવા મળે છે. ભાવ વધારો એ એક સ્વભાવિક આર્થિક પ્રક્રિયા ગણાય. પરંતુ અતિ ઊંચા દરે ઝડપથી વધતા ભાવો અને વધુ સમય માટે વધતાં ભાવો એ ઘણી બધી આર્થિક અસરો જુદા જુદા વર્ગો ઉપર જુદા જુદા સ્વરૂપે પડે છે અને લગભગ સમગ્ર અર્થતંત્ર સરકારના કાબુ બહાર થઈ જાય છે. આમ ફુગાવો એ અર્થશાસ્ત્રમાં ખૂબજ રસપ્રદ વિષય છે.

## 7.2 ફુગાવાનો અર્થ :-

સામાન્ય ભાવવધારો એ ફુગાવો ગણાતો નથી. માત્ર ભાવોમાં થયેલા વધારાને ફુગાવાની પરિસ્થિતિ તરીકે ઓળખાવી શકાય નહિ. કારણ કે ભાવવધારો બિન-નાણાકીય પરીબળો જેવાં કે ઘટતી પેદાશનો નિયમ, ઈજારાશાહી, કુદરતી વિપરીત સંજોગોને કારણે હોઈ શકે. અથવા કોઈપણ વસ્તુની અછત સર્જાતા કિંમતમાં વધારો થાય તો તેને ભાવવધારો કહેવાય. જ્યારે ભાવોમાં થયેલો વધારો, નાણાના પુરવઠા અને વસ્તુઓના ઉત્પાદન અને અસંતુલનને લીધે થાય છે. ત્યારે તે પરિસ્થિતિને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. આમ ફુગાવો એ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. જ્યારે સમાજમાં નાણાનું કુલ પ્રમાણ વધવાથી નાણાકીય આવકમાં સતત વધારો થતો હોય છે. પરિણામે ખરીદ શક્તિ વધવાથી

ચીજવસ્તુઓથી માંગ એકધારી વધી રહી છે. પરંતુ ઉત્પાદનમાં સપ્રમાણ વધારો ન થવાથી ભાવો વધતાં રહે છે આને ફુગાવો કહેવાય. સામાન્ય ભાવવધારો એ ફુગાવો ગણાતો નથી. પરંતુ અર્થતંત્રમાં જો એક અંક આંકડાથી ઉપરના દરે (નવ અંક સુધી બરાબર છે) દશ ટકા કે તેથી ઉપર જો ભાવસપાટીમાં વધારો થયા કરે તો તેને ફુગાવો કહેવાય. ભાવવધારો અને ભાવસપાટીનો વધારો એ બે અલગ વસ્તુ છે. કોઈક વસ્તુઓના ભાવો વધે અને ઘણાં ઊંચા દરે વધે તો તેથી તેને ફુગાવો કહી શકાય નહિ. પરંતુ એંકદર ભાવસપાટીમાં એટલે કે બધી ચીજ વસ્તુઓના અને સાધનોના સરેરાશ ભાવો સતત કઈંક ઊંચા દરે વધારો થયા કરે તો તેને ફુગાવો કહેવાય.

## 7.3 ફુગાવાની વ્યાખ્યાઓ :-

– પ્રો. કેમરરના મતે "જ્યારે કાયદેસરના નાણાં અને બેંકનાણાનું પરિમાણ તેની માંગ કરતાં એટલા પ્રમાણમાં વધી જાય કે જેથી સામાન્ય ભાવ સપાટીમાં વધારો થાય ત્યારે ફુગાવો થયો કહેવાય."

– પ્રો. કાઉથરના શબ્દોમાં "ફુગાવો એવી પરિસ્થિતિ છે કે જેમાં નાણાંનું મૂલ્ય ઘટતું જાય છે. એટલે કે ભાવો વધી રહેલાં હોય છે."

– પ્રો. આર.જી. હોટ્રે ફુગાવાનો અર્થ ચલણના અતિશય પરિમાણ (Issue of to much curency) તરીકે કરે છે.

– પ્રો. ગ્રેગરીના મતે "ખરીદશક્તિના પ્રમાણમાં અસાધારણ નાણાંના પરિમાણમાં વધારાની પરિસ્થિતિ" તરીકે દર્શાવે છે.

– મિલ્ટન ફ્રિડમેને કહ્યું છે - "હું ફુગાવાનો અર્થ ભાવોમાં મક્કમપણે થતો સતત વધારો એવો કરું છું."

– પ્રો. એ. પી. બર્નરનાં શબ્દોમાં જ્યારે વસ્તુઓ-સેવાઓના કુલ પુરવઠા કરતાં તેમની કુલ માંગ વધુ હોય ત્યારે ફુગાવો સર્જાય છે."

– જે. એલ. હેન્સનના અભિપ્રાય મુજબ - "વસ્તુઓ-સેવાઓનો પુરવઠો માંગવૃદ્ધિ સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે ફુગાવો સર્જાય છે."

– પાઉલ આયનઝિગના મત મુજબ - "ફુગાવો અસમુતલાની એવી સ્થિતિ છે. જેમાં ખરીશક્તિનો વધારો ભાવવૃદ્ધિમાં પરિણમે છે."

– પ્રો. પીગુના શબ્દોમાં કહીએ તો - "જ્યારે આવક મેળવવાની પ્રવૃત્તિ (ઉત્પાદક પ્રવૃત્તિ)ની સરખામણીમાં નાણાકીય આવક ઝડપથી વધી રહી હોય ત્યારે ફુગાવાની પરિસ્થિતિ અસ્તિત્ત્વમાં આવે છે". બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ખૂબ વધારે નાણું ખૂબ થોડી વસ્તુઓને પકડવા માટે પાછળ પડે છે. ત્યારે ફુગાવો સર્જાય છે.

– પ્રો. થોમસ વિલ્સનના શબ્દોમાં - "ફુગાવો એટલે એવી પ્રક્રિયાનું સાતત્ય જેમાં ભાવો અને ખર્ચના ફેરફારો એકબીજાને ચઢિયાતી રીતે પોષે છે અને ભાવસપાટીને ઝડપથી ઉપરની તરફ લઈ જાય છે.

– પ્રો. એ. ડી. ગેયર જણાવે છે કે - "નાણા અને ભાવોનો જે વધારો ચીજવસ્તુઓના ઉત્પાદન વધારામાં પરિણમતો નથી એ ફુગાવો છે."

– પ્રો ડબલ્યુ. ડબલ્યુ. રોસ્ટોવના શબ્દોમાં - "પૂર્ણ રોજગારીની અવસ્થા પ્રાપ્ત થયા બાદ ભાવોમાં વધારો થાય છે તે ફુગાવા સ્વરૂપનો છે."

– કોલબોર્નના મતે - "Intiation is too much money, chasing too few goods"

- થોડી વસ્તુઓ પકડવા પાછળ વધુ પડતું નાણું દોડે તેને ફુગાવો કહે છે.

- પ્રો. કેઈન્સના મત મુજબ નાણાકીય આવકમાં વધારો થતાં જે ફુગાવો અસ્તિત્વમાં આવે છે. તે સર્વ પ્રથમ ચીજવસ્તુઓ અને સેવાઓના બજારમાં જોવા મળે છે. એટલે કે સર્વપ્રથમ વપરાશી ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે. તેથી તેમના ભાવ વધે છે. આ વધેલી માંગને પહોંચી વળવા માટે ઉત્પાદન વધારવાની જરૂર પડે છે. પરિણામે ઉત્પાદનના સાધનોની માંગ વધતાં તેના ભાવ વધે છે. આમ ફુગાવો સર્વપ્રથમ વસ્તુ બજારમાં જોવા મળે છે. ત્યારબાદ સાધન બજાર સુધી પ્રસરે છે.

- પ્રો. બેન્ટ હેન્સન અને અન્ય સ્વીડીશ અર્થશાસ્ત્રીઓ એવો અભિપ્રાય ધરાવે છે કે ફુગાવો સર્વ પ્રથમ સાધન બજારમાં અસ્તિત્વમાં આવે છે અને ત્યારબાદ વસ્તુબજારમાં પ્રસરે છે. આમ પ્રો. કેઈન્સ વસ્તુબજાર અને સ્વીડીશ અર્થશાસ્ત્રીઓ સાધન બજારને ફુગાવા માટે સર્વપ્રથમ ભાર મૂકે છે. ફુગાવાની વિવિધ વ્યાખ્યાઓ ઉપરથી ફુગાવાના લક્ષણો નીચે મુજબ છે.

## 7.4 ફુગાવાના લક્ષણો :-

1. અર્થતંત્રમાં નાણાના કુલ પુરવઠામાં વધારો થતાં લોકો ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગ કરે છે. તેથી ભાવો વધે છે. આમ ફુગાવો એ શુદ્ધ નાણાકીય ઘટના છે. અથવા ફુગાવાનું મૂળ કારણ નાણાના પુરવઠામાં થતો વધારો છે.
2. ફુગાવો એ સર્વગ્રાહી એટલે કે દરેક ચીજવસ્તુઓના ભાવોમાં સતત એકધારો વધારો અને લાંબાગાળા સુધી રહેતો હોય છે.
3. ફુગાવો એ સ્વયં સંચાલિત પ્રક્રિયા છે. અર્થતંત્રમાં એકવખત ફુગાવાની પરિસ્થિતિ સર્જાયા બાદ સમયના પ્રવાહ સાથે તેની ગતિ વધતી જ જાય છે.
4. અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની અવસ્થા આવ્યા પછી જ પૂર્ણ ફુગાવો અસ્તિત્વમાં આવે છે.
5. સામાન્ય રીતે ફુગાવામાં દરેક વસ્તુની કુલ માંગ તેના કુલ પુરવઠા કરતાં હંમેશા વધુ હોય છે.
6. ફુગાવો માંગપ્રેરિત કે ખર્ચ પ્રેરિત અથવા બંને પ્રકારે હોઈ શકે છે.

## 7.5 ફુગાવાના રસપ્રદ વિશ્વના ઐતિહાસિક કિસ્સાઓ :-

વિશ્વના કેટલાક દેશોમાં ફુગાવાની અભૂતપૂર્વ ઘટનાઓ ઘટી છે. જે આપણી કલ્પના બહારના ભાવવધારાની પરિસ્થિતિ દર્શાવે છે એને તેથી તે ખૂબ જ આશ્ચર્યજનક જણાય છે. સૌપ્રથમ અને અભૂતપૂર્વ એવી ફુગાવાની ઘટના પ્રથમ વિશ્વયુદ્ધ પછી 1920 થી 1923ના અરસામાં જર્મનીમાં સર્જાઈ હતી. જર્મનીમાં ફુગાવાની પરિસ્થિતિ તેના આંકડાઓ વડે જોઈએ તો - ઈ.સ. 1922 થી ખૂબ ઊંચા દરે ફુગાવો વધવાની શરૂઆત થઈ. પરંતુ 1923માં ફુગાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. 1923ના પ્રારંભિક સમયમાં દરરોજ સરેરાશ 21 ટકાના દરે ભાવવધારો થતો હતો અને એ રીતે ચાર પાંચ દિવસમાં ભાવો બમણાં થઈ જતા હતા. 1923ના મધ્ય ભાગ પછી ખાસ કરીને છેલ્લાં મહિનાઓમાં ફુગાવો અભૂતપૂર્વ કક્ષાએ પહોંચ્યો હતો. તેથી 1923ના વર્ષ દરમ્યાન 29,500 ટકાનો ભાવવધારો જર્મનીમાં થયો હતો. આ અભૂતપૂર્વ ભાવવધારાના સંજોગોમાં જર્મનીના ચલણોનું અન્ય ચલણોમાં થયેલું

અવમૂલ્યન અભૂતપૂર્વ હતું. વિશ્વયુદ્ધની શરૂઆતના સમયે 1914માં આશરે 1 ડોલર = 4 માર્ક (જર્મનીનું ચલણ) નો વિનિમયદર હતો. તે 1920માં 1 ડોલર = 2000 માર્ક થયો અને 1923માં 1 ડોલર = 1 મીલીયન એટલે કે 10 લાખ માર્ક થયો હતો. ભાવસપાટીમાં રોજેરોજ થતાં અભૂતપૂર્વ ભાવ વધારાથી આગળ વધીને દિવસના વિવિધ સમયે કલાક બે કલાકના અંતરે ભાવોમાં વધારો થયા કરતો હતો. જેમ કે રેસ્ટોરન્ટ અને હોટલમાં જમવાના મેનુના ચાર્જ દર અડધા કલાકે વેઈટરો દ્વારા જાહેર કરવામાં આવતા હતા. એમ કહેવાય છે કે બે વર્ષ પહેલાં બનાવેલા મકાનની બારી રીપેર કરવાની થાય તો આખા મકાનમાં થયેલો ખર્ચ જેટલો ખર્ચ રીપેરીંગમાં થાય છે. છ મહિના પહેલાં ખરીદેલા બૂટની દોરી બદલવી હોય તો બૂટ કરતાં વધારે ખર્ચ થાય. આ સંજોગોમાં કામદારો અને કર્મચારીઓ રોજેરોજ પગાર લેવા માંડયા અને રોજેરોજ કલાક-બે કલાકના અંતરે ભાવો બદલાવા માંડયા ત્યારે કામદારો અને કર્મચારીઓ કલાકે કલાકે વેતન મેળવવા લાગ્યા અને કલાક પછી વેતન લઈને વસ્તુ ખરીદતા અને ત્યાર બાદ કામે લાગતા હતા. જર્મનીમાં બચત અને ખર્ચાળ પણાનો એક રસપ્રદ કિસ્સો નોંધવા જેવો છે. બે ભાઈઓમાં એક ભાઈ ખૂબ બચત કરતો હતો અને બીજો ભાઈ દારૂ પીને એની બાટલીઓ ભેગી કરતો હતો. 1923ના અભૂત પૂર્વ ફુગાવા દરમ્યાન કરકસરીયા અને બચત કરનારા ભાઈની બધી ચલણી નોટો કાગળના ટુકડા સમાન બની રહી અને દારૂડિયાએ ભેગી કરેલી બોટલોના ભાવ ખૂબ જ વધી ગયા. જર્મન સરકારે ફુગાવા દરમ્યાન વિનિમયને પહોંચી વળવા માટે ખૂબ મોટી રકમની નોટો એટલે કે મિલીયન માર્ક (દશ લાખ) ની નોટો છાપવી પડી હતી.

1950ના અરસામાં ચીનમાં ક્રાંતિ અને આંતરવિગ્રહ થયો તે દરમ્યાન અભૂતપૂર્વ ફુગાવાની સમસ્યા સર્જાઈ હતી. આ ફુગાવા સંદર્ભે ચીની લોકોમાં એક કહેવત પ્રચલિત થઈ હતી. “પહેલાં ખિસ્સા ભરીને જતા અને ટોપલાં ભરીને વસ્તુઓ લાવતા હતા, હવે અમે ટોપલાં ભરીને પૈસા લઈ જઈએ છીએ અને ખિસ્સા ભરીને વસ્તુઓ લાવીએ છીએ”. વર્તમાન સમયમાં એટલે કે 21મી સદીમાં અને હાલનાં સંજોગોમાં પણ ફુગાવાના અભૂતપૂર્વ કિસ્સા ઝિમ્બાવે અને વેનેઝુએલાના છે. આફ્રિકાના ઝિમ્બાવેમાં વર્ષ 2007માં 86 ટકા ફુગાવો હતો. જે વર્ષ 2022માં 837 ટકા જેટલો પ્રવર્તે છે. ઝિમ્બાવેની સરકારે ઘણા ઊંચા મૂલ્યની ચલણી નોટો છાપવી પડી છે. વેનેઝુએલાનો ફુગાવો હાલ પણ ઊંચો ચાલી રહ્યો છે અને તે 21મી સદીનો અભૂતપૂર્વ ફુગાવો છે. છેલ્લાં એકાદ દાયકાથી વેનેઝુએલામાં ફુગાવાની સમસ્યા શરૂ થઈ અને વર્ષ 2020માં ફુગાવાનો દર 2300 ટકા થયો જે 2022માં એટલે કે વર્તમાનમાં 2700 ટકા જેટલો થયો છે. ડોલરના સંદર્ભમાં વેનેઝુયલન બોલીવ (વેનેઝુએલાનું ચલણ)નો વિનિમય દર 2022માં 1 ડૉ = 2,03,856 બોલીવ પ્રવર્તે છે.

## 7.6 ફુગાવાના પ્રકારો :-

ફુગાવાના જુદા જુદા દૃષ્ટિકોણથી પ્રકારો પાડવામાં આવ્યા છે.

**1 ભાવોની ગતિ આધારિત ફુગાવાના પ્રકાર.**

**(i) હળવો ફુગાવો :-**

સામાન્યતઃ કાળક્રમે ચીજ વસ્તુઓના ભાવોમાં ધીમી ગતિએ 2 થી 3 ટકાના દરે ભાવો વધતા હોય તેને હળવો કે મંદ ગતિનો ફુગાવો કહે છે.

**(ii) ચાલતો ફુગાવો :-**

ફુગાવો કે ભાવ વધવાનો દર 2 ટકાથી વધુ અને નવ ટકા કરતાં ઓછો હોય ત્યારે અર્થતંત્રમાં ચાલતો ફુગાવો છે તેમ કહેવાય.

**(iii) દોડતો ફુગાવો :-**

અર્થતંત્રમાં ચીજ વસ્તુઓના ભાવો ઝડપથી વધવા માંડે એટલે દશ ટકાથી વધીને 20 ટકા સુધી તીવ્ર ગતિએ વધવા માંડે ત્યારે તેને દોડતો ફુગાવો કહેવામાં આવે છે.

**(iv) ઘોડાવેગી ફુગાવો :-**

જ્યારે અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવોમાં એકદમ તીવ્રતાથી ભાવોમાં ઉછાળો આવે એટલે કે 20 ટકાથી વધુ પ્રમાણમાં ટકાવારી ફેરફાર થઈ મહત્તમ ભાવવધારો થાય ત્યારે તેને ઘોડાવેગી ફુગાવો કહેવાય. એટલે કે આશ્ચર્યજનક રીતે ટૂંકા સમયગાળામાં તીવ્ર ગતિથી ભાવોમાં વધારો થતો હોય છે. આવો ઘોડાવેગી ફુગાવો અર્થતંત્રમાં ઘણી ઉથલ પાથલો મચાવી આર્થિક અસ્થિરતાનું સર્જન કરે છે. આમ ભાવો વધવાની ગતિ આધારિત ફુગાવાના ચાર પેટા પ્રકારો ગણાવી શકાય.

**2 પરિણામની દૃષ્ટિએ ફુગાવાના બે પ્રકાર પાડી શકાય. :**

**(1) ખુલ્લો ફુગાવો (2) દાબેલો ફુગાવો**

અર્થતંત્રમાં કોઈપણ જાતના હસ્તક્ષેપ વિના બજારની કુલ માંગ બજારના કુલ પુરવઠા કરતાં વધી જાય એટલે કે બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠાની અસમતુલાના પરિણામે ભાવો સ્વતંત્ર રીતે કે નિરંકુશ પણે સતત વધતા જતાં હોય તો તેવા ફુગાવાને ખુલ્લો કહેવામાં આવે છે.

જ્યારે અર્થતંત્રમાં ખુલ્લા બજારમાં માંગ અને પુરવઠાની સતત અસમુતુલાને કારણે એટલે કે કુલ પુરવઠા કરતાં બજારમાં કુલ માંગનું પ્રમાણ વધુ હોય અને સતત વધતું જતું હોય તેવા સંજોગોમાં માંગ અને પુરવઠાની અસમતુલાને કારણે સતત ભાવો વધતા હોય ત્યારે સરકારના અસરકારક નિયંત્રણો કે અંકુશોને લીધે વધતા ભાવોને રોકે એને દાબેલો ફુગાવો કહેવામાં આવે છે.

**3 ભાવ સપાટીના અંદાજોની દૃષ્ટિએ ફુગાવાના બે પ્રકાર પાડી શકાય :**

**(1) અપેક્ષિત ફુગાવો (2) અનપેક્ષિત ફુગાવો**

સામાન્ય રીતે બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠામાં થતા ફેરફારોને લીધે ચીજવસ્તુ કે સેવાઓના ભાવો વધવાની શકયતાઓ જણાતી હોય એટલે કે ભાવવૃદ્ધિનો દર લોકોની અપેક્ષા કે અનુમાનો મુજબ હોય તો તેવા ભાવવધારાને અપેક્ષિત ફુગાવો કહેવામાં આવે છે. જેની જાણકારી અગાઉથી ગ્રાહકો અને ઉત્પાદકોને હોય છે. આથી ગ્રાહક અને ઉત્પાદક આવા ભાવ વધારાથી વાકેફ હોવાથી તેની અસર બહુ પડતી નથી.

જ્યારે બજારની કુલ માંગ અને કુલ પુરવઠાના ફેરફારોની અસર એકદમ બજાર ઉપર પડે અને એકદમ ઓચિંતા ચીજ વસ્તુ કે સેવાઓના ભાવોમાં ઉછાળો આવે, જેની સામાન્યતઃ જાણકારી અગાઉથી ગ્રાહક કે ઉત્પાદકોને ન હોય. અથવા ગ્રાહકો ને અપેક્ષા પણ ન હોય તેટલાં ઊંચા ભાવોમાં વધારો થાય જેના માટે ગ્રાહકો અગાઉથી માનસિક કે આર્થિક રીતે તૈયાર ન હોય તેવા સંજોગોમાં ભાવોમાં થતો વધારો એ અનપેક્ષિત ફુગાવો કહેવાય. દા.ત. 2009માં જમીનોની કિંમતોમાં થયેલો ભાવ વધારો.

**4. યુદ્ધ પ્રેરિત ફુગાવો :**

દેશ યુદ્ધનો સામનો કરી રહ્યો હોય તેવાં સંજોગોમાં દેશના મર્યાદિત ઉત્પાદનના સાધનો યુદ્ધ માટેની સામગ્રી કે યુદ્ધ માટેના શસ્ત્ર સરંજામ પાછળ રોકાય કે માનવ સંશાધન દેશના સંરક્ષણ પાછળ રોકયેલું રહે. એ સમયગાળામાં જરૂરી ચીજ વસ્તુઓનું ઉત્પાદન ઓછું થાય. કારણ કે ઉત્પાદનના સાધનોની ફાળવણી દેશના સંરક્ષણક્ષેત્રે જેટલા પ્રમાણમાં રોકાયેલી હોય તેટલા પ્રમાણમાં પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓનું ઉત્પાદન ઘટતાં ભાવોમાં વધારો થાય તો આવો ભાવ વધારો એ યુદ્ધ પ્રેરિત ફુગાવો ગણાય. એટલું જ નહી આંતરરાષ્ટ્રીય કક્ષાએ અન્ય દેશો યુદ્ધમાં રોકાયેલા હોય તેની અસર પણ પરોક્ષ રીતે ભાવ વૃદ્ધિ ઉપર પડે છે.

**5. વેતન પ્રેરિત ફુગાવો :**

વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સંગઠિત કે અસંગઠિત ક્ષેત્રે મજૂર મંડળો અને કર્મચારીઓના મંડળો અસ્તિત્વમાં આવ્યા છે. આ મંડળો તેમના સંગઠનને મજબૂત બનાવવા અને તેમના હિતોના રક્ષણ માટે સતત જાગૃત હોય છે. અર્થતંત્રમાં સામાન્ય ભાવસપાટી ઊંચી આવે કે તૂર્ત જ તેઓ તેમના માલિકો પાસે વેતન વધારાની માંગણી કરે છે અને માલિકો જો વેતન વધારો ન કરે તો તેમના સંગઠન બળો એકત્રિત થઈ તેમનો માલિકો સામે વિરોધ દર્શાવી હડતાલો પાડે છે. ધીમે કામ કરવું. પેન ડાઉન સ્થિતિ કે માલિકોને દબાવમાં લાવી તેમની માંગણીઓ સંતોષવા માલિકોને મજબૂર કરી વેતનવધારો પ્રાપ્ત કરવામાં સંગઠન સફળ બને છે. આ વેતન વધારો કિંમત વધારા સ્વરૂપે ગ્રાહકો પાસેથી વસુલવામાં આવે છે. આમ કિંમતમાં થતો વધારો એ વેતન પ્રેરિત ફુગાવો કહી શકાય.

**6. નફા પ્રેરિત ફુગાવો :**

ઉત્પાદકોના ઉત્પાદન ખર્ચમાં વધારો થાય તેના કારણે ઉત્પાદકોના નફાનો રેશિયો ઘટે છે. આવા સંજોગોમાં જો ઉત્પાદકો મૂલ્ય અનપેક્ષ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હોય અને બજારમાં તે વસ્તુની માંગ ઘટવાની શકયતા ન હોય તેવા સંજોગોમાં ચીજવસ્તુ કે સેવાની કિંમતમાં વધારો કરી ઊંચા ભાવો લે તો એ ભાવ વધારો એ નફા પ્રેરિત ફુગાવો કહેવાય. ટૂંકમાં ઉત્પાદક પોતાનો નફો ટકાવવા કે વધુ મેળવવા ચીજવસ્તુ કે સેવાના ભાવોમાં વધારો કરે તો તે ભાવ વધારો નફાપ્રેરિત ફુગાવો કહેવાય છે.

**7. વિકાસલક્ષી ફુગાવો :-**

વિકાસશીલ કે અલ્પવિકસીત દેશો પોતાના વિકાસ માટે અનેક વિકાસલક્ષી યોજનાઓ બનાવી જાહેર ખર્ચમાં વધારો કરે છે. જાહેર ખર્ચમાં થયેલો વધારો દેશની પ્રજા પાસે આવક સ્વરૂપે આવતાં ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગમાં પરિવર્તીત થાય છે. શરૂઆતમાં માંગની તુલનાએ ઉત્પાદનમાં વધારો ન થતાં કિંમતો વધે છે જે ભાવવધારો વિકાસલક્ષી ફુગાવો કહેવામાં આવે છે.

**8. માળખાગત ફુગાવો :-**

પ્રો. ચાર્લ્સ શુલ્ટઝ જેવા અર્થશાસ્ત્રીઓએ ફુગાવાની સમજૂતી માળખાગત ફેરફારોના સંદર્ભમાં આપી છે. તેમના મતે ગતિશીલ અર્થતંત્રમાં આવતા પરિવર્તનોને લીધે પણ ફુગાવો સર્જાય છે. ગતિશીલ પરિવર્તનોને લીધે અમુક ચીજ વસ્તુઓની માંગમાં વધારો થાય છે. જ્યારે કેટલીક ચીજ વસ્તુઓની માંગમાં ઘટાડો થાય છે. હવે

જે ક્ષેત્રો કે જે ઉદ્યોગોમાં માંગ વધે છે. ત્યાં ભાવો પણ વધે છે. અને આ ભાવ વધારાની સાથે ત્યાં વેતનમાં પણ વધારો થાય છે. પરંતુ બીજી તરફ જે ક્ષેત્રો કે ઉદ્યોગોમાં માંગ ઘટી છે ત્યાં ભાવો કે વેતનમાં ઘટાડો થતો નથી. કારણ કે ઔદ્યોગિક સમાજમાં કામદારોના મંડળોમાં સંઘ બળને લીધે ભાવ અને વેતન ઘટાડા અંગે ચુસ્તતા પ્રવર્તતી હોય છે એટલું જ નહિ આ ક્ષેત્રોમાં પણ વેતનદર વધે એવું બને. આમ અર્થતંત્રમાં અમુક ક્ષેત્રે કે ઉદ્યોગોમાં થયેલો ભાવવધારો અન્ય ક્ષેત્રોને પણ અસર કરે છે અને એ રીતે અર્થતંત્રમાં માળખાગત ફુગાવાની સ્થિતિ સર્જાય છે.

## 9. માંગ પ્રેરિત ફુગાવો (Demand full Intlation)

વિકાસશીલ કે વિકસતા જતા દેશોમાં આર્થિક વિકાસ વિકસીત દેશોની તુલનાઓ અલ્પ પ્રમાણ છે આથી ઝડપી આર્થિક વિકાસ કરવા માટે વિપુલ નાણાંની જરૂર છે. સરકારના આવકના સાધનો (જેવાં કે કરવેરા અને જાહેર દેવા) મર્યાદિત છે. પ્રજાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સરકારે વિકાસ કાર્યક્રમોને પહોંચી વળવા માટે ખાદ્ય પુરવણીનો આશરો લેવો પડે છે. અંદાજપત્રની ખાધ પુરવા રિઝર્વ બેંક નવી નોટોનું સર્જન કરે છે, જેને લીધે સમાજની કુલ ખરીદશક્તિ અને અસરકારક માંગ વધે છે. પરંતુ વસ્તુઓના ઉત્પાદનમાં તાત્કાલિક વધારો થઈ શકતો ન હોવાથી ભાવો ઊંચકાય છે. અને અર્થતંત્રમાં ફુગાવાની પરિસ્થિતિને માંગ પ્રેરિત કે માંગજન્ય ફુગાવા તરીકે ઓળખાય છે. જે આકૃતિમાં નીચે મુજબ જોઈ શકાય છે.




આકૃતિમાં OX રેખા ઉપર કુલ માંગ અને કુલ પુરવઠો તેમજ OY રેખા ઉપર સામન્ય ભાવ સપાટી દર્શાવી છે. SS પુરવઠા રેખા DD માંગરેખા A બિંદુએ એકબીજાને સ્પર્શતા OP કિંમત એટલે કે ભાવ સપાટી છે. લોકોની આવકો વધતાં વસ્તુની કુલ માંગ વધે છે. જે નવી માંગરેખા $D_1$ $D_1$ ને SS પુરવઠા રેખાને બિંદુએ સ્પર્શતા ભાવો વધીને $OP_1$ થાય છે એટલે કે $PP_1$ ભાવવધારો માંગને કારણે થયો છે. ત્યારબાદ માંગમાં વધારો થતાં નવી માંગરેખા $D_2D_2$ અને $D_3D_3$ અસ્તિત્ત્વમાં આવે છે. જે પુરવઠા રેખાને અનુક્રમે C અને D બિંદુએ કિંમત વધતાં $OP_2$ અને $OP_3$ ભાવવધારો કે ફુગાવો જોવા મળે છે. જ્યારે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ હોય ત્યારે પુરવઠાનું કુલ પ્રમાણ વધતું નથી અને માત્ર ને માત્ર કિંમતમાં વધારો થાય છે. જે માંગ પ્રેરિત ફુગાવો ગણાય. જે સમતુલાને ‘C’ બિંદુ ઉત્પાદનને વધતા માત્ર ભાવો વધે છે જે માગપ્રેરિત ફુગાવો કહેવાશે.

## 10 ખર્ચ પ્રેરિત ફુગાવો :-

અર્થતંત્રમાં માંગ સ્થિર હોય પરંતુ મજૂર મંડળો સક્રિય બની ઊંચા વેતનદરો મેળવવામાં સફળ બને ત્યારે માલિકો પોતાના નફામાં ઘટાડો કર્યા વગર ચીજવસ્તુઓની કિંમત વધારે છે. વળી ઈજારાની સ્થિતિવાળા ઉદ્યોગો સરળતાથી પોતાની વસ્તુઓની ઊંચી કિંમતનો વસુલ કરી શકે છે. આમ વેતન વધારો, કાચા માલ સામાનના ભાવમાં વધારો ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે. આવા ભાવ વધારાને ખર્ચ પ્રેરિત ફુગાવો કહેવાય. જે આકૃતિ દ્વારા સમજી શકાશે.




આકૃતિમાં દર્શાવ્યા મુજબ DD માંગરેખા AA પુરવઠા રેખાને A બિંદુએ સ્પર્શતા OM કુલ માંગ અને કુલ પુરવઠો છે. વસ્તુની OP કિંમત છે. ઉત્પાદન ખર્ચ વધવાથી પુરવઠો ઘટતાં $S_1S_1$ પુરવઠો રેખા B બિંદુએ માંગરેખાને કાપે છે. તેથી $OP_1$ ભાવ થશે. અને ઉત્પાદન $OM_1$ થશે એટલે કે $MM_1$ જેટલો પુરવઠો ઘટતાં ભાવમાં $PP_1$ જેટલો વધારો થાય છે. ઉત્પાદન ઘટતાં રોજગારી પણ ઘટશે. આમ ખર્ચપ્રેરિત ફુગાવો પુરવઠામાં ઘટાડો થતાં વસ્તુની અછતને કારણે ભાવ વધારો કે ફુગાવો થાયે છે.

## 11 યુદ્ધોત્તર ફુગાવો :-

યુદ્ધ સમયે ઉત્પાદનના સાધનો મશીનગન, દારૂગોળો વગેરે પાછળ રોકાય છે અને જીવનજરૂરી વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં ઓછા સાધનો રોકાતા યુદ્ધ પ્રેરિત ભાવવધારો થાય છે. પરંતુ યુદ્ધ પૂર્ણ થયા બાદ પણ તૂર્ત જ વસ્તુ કે સેવાનું ઉત્પાદન વધતુ નથી. વળી ઉત્પાદન વધવા માટે થોડોક જ સમય જાય છે. આ દરમ્યાન ચીજ વસ્તુ કે સેવાની અછતને કારણે ભાવો વધે છે. જેને યુદ્ધોતર ફુગાવો કહે છે.

## 12 વ્યાપકતાની દષ્ટિએ ફુગાવો :-

ભાવવધારાનો વ્યાપ કેટલો છે તેના આધારે બે પ્રકાર પાડી શકાય. (1) સાર્વત્રિક ફુગાવો એટલે કે સતત ભાવો વધતાં જ જાય અને તે તમામ ચીજવસ્તુની કિંમત ઉપર અસર કરે તેને સાર્વત્રિક ફુગાવો ગણાય (2) ક્ષેત્રીય ફુગાવો એટલે કે કોઈપણ એક ક્ષેત્ર પૂરતો ભાવવધારો હોય તેને ક્ષેત્રીય ફુગાવો કહેવામાં આવે છે. દા.ત. ખેત ઉત્પાદન ધારો કે કુદરતી પરિબળો વિપરીત બને જેમ કે અતિશય વરસાદ, દુષ્કાળ, વાવાઝોડું કે માનવીય પરિબળો. જેવાં કે હડતાલ પાડવી, ધીમે કામ કરોની નીતિ, ચોરી લૂંટફાટ, કોમી હુલ્લડો થાય તેવા સંજોગોમાં ચોક્કસ વિસ્તાર કે ચોક્કસ

એકમોમાં ચીજવસ્તુનું ઓછું ઉત્પાદન થાય અને કુલ માંગ સ્થિર હોય તેવા સંજોગોમાં જે તે વિસ્તાર કે ક્ષેત્રમાં ભાવો વસ્તુની અછતને કારણે વધે ત્યારે ક્ષેત્રીય ફુગાવો થયો તેમ કહેવાય.

આમ ભાવોની ગતિને આધારે, સ્વરૂપની દૃષ્ટિએ, અપેક્ષાની દૃષ્ટિએ, ફુગાવાની ઝડપને આધારે, ફુગાવાની વ્યાપકતાની દૃષ્ટિએ જુદા જુદા પ્રકારના ફુગાવા અસ્તિત્ત્વમાં આવે છે.

## 7.7 ફુગાવાના કારણો :-

અલ્પવિકસીત દેશોમાં ઝડપી આર્થિક વિકાસનો પાયો નાખવા માટે ભારે તથા ચાવીરૂપ ઉદ્યોગોમાં થતું વિપુલ મૂડીરોકાણ તે માટે સરકાર ખાધપુરવણી દ્વારા અર્થતંત્રમાં નાણાનો પુરવઠો વધારી દે છે. પ્રજાની આવકોમાં વધારો અને ચીજ વસ્તુઓની માંગમાં થતો વધારો એ ફુગાવાનું મૂળભૂત કારણ છે. જો કે અર્થતંત્રમાં ફુગાવાની પરિસ્થિતિ માટે અનેક કારણો જવાબદાર છે. કેટલીકવાર કારણોને અલગ પાડવાનું પણ મુશ્કેલ છે. મુખ્ય કારણો નીચે મુજબ છે

### 1 નાણાંના પુરવઠામાં વધારો :-

ભારતમાં છેલ્લાં કેટલાય વર્ષોથી સતત ગુણાત્મક રીતે નાણાંનો પુરવઠો વધતો રહ્યો છે. નાણાં પુરવઠાનો વધવાનો દર 15 થી 18 ટકા વચ્ચે રહ્યો છે. જ્યારે દેશનું રાષ્ટ્રીય ઉત્પાદન વાર્ષિક સરેરાશ માત્ર 4 ટકાના દરે વધ્યું છે. નાણાંનો પુરવઠો ઉત્પાદન વૃદ્ધિ કરતાં ઘણો વધુ છે. પરિણામે લોકોની ખરીદશક્તિ વધતાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

### 2 સરકારી ખર્ચમાં વધારો :-

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત સરકારના આયોજિત કે ઉત્પાદક ખર્ચાઓની તુલનાએ બિન ઉત્પાદક કે બિન વિકાસ ખર્ચનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. જે કુલ સરકારી ખર્ચના 40 ટકા જેટલું છે. સંરક્ષણ ખર્ચ, વહીવટી ખર્ચ, કલ્યાણલક્ષી યોજનાઓ પાછળ ખર્ચ, આંતરિક દેવાના વ્યાજની ચૂકવણી, સબસીડીઓની ચૂકવણી જેવા બિન વિકાસી સરકારના ખર્ચાઓ વધ્યાં છે. જે ચીજવસ્તુ કે સેવાનુ ઉત્પાદન કરતાં નથી, પરંતુ પ્રજાની આવકો કે ખરીદશક્તિ વધારે છે. જે ફુગાવાની જ્યોતમાં બળતણ ઉમેરે છે.

### 3. વસ્તી વૃદ્ધિનો ઝડપી દર :-

ભારતનો મોટો વર્ગ ગરીબીમાં જીવે છે. તેમજ વસ્તી વૃદ્ધિનો દર વાર્ષિક 2 ટકાથી વધુ છે. આઝાદી સમયે 1951માં ભારતની કુલ વસ્તી 36.1 કરોડ હતી. જે વર્તમાન સમયે 136 કરોડ થઈ છે. દર વર્ષે 1.6 કરોડ નવી વસ્તીનો ઉમેરો થાય છે. આ વધતી વસ્તીની પ્રાથમિક જરૂરિયાતો રોટી, કપડાં, મકાન, શિક્ષણ, આરોગ્ય વિષયક અને માળખાકીય સુવિધાઓની માંગમાં વધારો સતત થતો રહે છે. જ્યારે મર્યાદિત સાધનો દેશમાં ઉપલબ્ધ હોવાથી પુરવઠો વધતો નથી. પરિણામે ભાવ વધારો કે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

### 4. ખાદ્ય પુરવણી :-

સરકારની મહેસૂલી આવક કરતાં જાહેરખર્ચ વધવાને કારણે સરકાર પાસે નાણાંની અછત રહે છે, સરકારના આવકના સ્ત્રોતો કરવેરા અને જાહેર દેવાની મર્યાદા

હોવાથી રિઝર્વ બેંક પાસે ઉછીના નાણાં લે છે. રિઝર્વ બેંક રોકડ અનામત પ્રમાણ ઘટાડીને કે નવા નાણાંનું સર્જન કરી સરકારને નાણાં ધીરે છે. સરકાર જાહેર ખર્ચ દ્વારા જેટલી ખાધ પુરવણી કરી હોય તેટલા નાણાં અર્થતંત્રમાં ફરતાં લોકોની આવક અને ખરીદશક્તિ વધતાં અર્થતંત્રમાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

**5 અપૂરતી કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ :-**

ભારતમાં હજુ પણ કૃષિક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્ર વિશ્વની તુલનાએ પછાત અવસ્થામાં છે. દર વર્ષે કૃષિ અને ઔદ્યોગિક વિકાસનો લક્ષ્યાંક રાખ્યો હોય તેનાની ઘણું ઓછું ઉત્પાદન થાય છે. જો કે અનાજના ઉત્પાદનમાં 3.2 ટકાના દરે વાર્ષિક વૃદ્ધિ થાય છે. પરંતુ વારંવાર દુષ્કાળ કે વિપરીત સંજોગોમાં પાક નિષ્ફળ જાય પરિણામે ખાધ ચીજવસ્તુઓના ભાવોની સાથે સામાન્ય ભાવ સપાટી ઊંચી જાય છે. વળી પાકની ઓછી ઉત્પાદકતા વેપારીઓને સંગ્રહખોરી કૃત્રિમ અછત પેદા કરે છે. ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદન માત્ર 4.7 ટકાના સામાન્ય દરે વધ્યું છે. જે પ્રજાની માંગને સંતોષવા અપૂરતુ ઉત્પાદન છે. આમ કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનવૃદ્ધિ નીચી રહેતાં ભાવો વધે છે.

**6. વધતી જતી આયાત કિંમતો :-**

ફુગાવો અને વૈશ્વિક ઘટના છે. ખાદ્યતેલ, ખાતર, સિમેન્ટ, રસાયણો અને મશીનરી જેવી મોટી આયાતો દ્વારા આંતરરાષ્ટ્રીય ફુગાવો દેશમાં આયાત થાય છે. પેટ્રોલિયમની આયાત કિંમતોમાં વધારો સૌથી વધુ અદભુત રહ્યો છે. પરિણામે સ્થાનિક ભાવ વધારામાં તેનો ફાળો વિશેષ છે. જે અન્ય ચીજવસ્તુઓમાં ફુગાવો સર્જે છે.

**7. વધતા કરના દરો :-**

સરકાર પોતાની આવકો વધારવા માટે એટલે કે વધારાના નાણાકીય સંસાધનો એકત્ર કરવા એકસાઈઝ ડ્યુટી, સેલ્સ ટેક્ષ અને વર્તમાન સમયમાં GST (Goods and Service Tax) જેવા પરોક્ષ દર પર વધુ નિર્ભર છે. આ પરોક્ષ વેરા સીધી રીતે કર વિવર્તન અને કરસંપાત દ્વારા ભાવોમાં વધારો પ્રેરે છે. જે ફુગાવાનું જનક કહી શકાય.

**8. સંચાલિત કિંમતોમાં વધારો :-**

અર્થતંત્રમાં બજારનો મોટો હિસ્સો સરકારી પગલાં દ્વારા નિયંત્રિત થાય છે. કૃષિ અને ઔદ્યોગિક એમ બંને પ્રકારની મહત્ત્વની ચીજવસ્તુઓ છે. જેના માટે ભાવ સ્તર સરકાર દ્વારા સંચાલિત હોય છે. જાહેર ક્ષેત્રમાં ઉત્પાદન ખર્ચ ઊંચુ આવે છે. પરિણામે જાહેરક્ષેત્રમાં થતા નુકસાનને ભરપાઈ કરવા માટે સરકાર સમયાંતરે કિંમતોમાં વધારો કરતી રહે છે, જે ખર્ચપ્રેરિત ફુગાવો સર્જે છે. કોલસો, આયર્ન અને સ્ટીલ, વીજળી, ખાતરો કેરોસીન, પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ વગેરેની કિંમતો સરકાર મનસ્વી રીતે નક્કી કરે છે. આ ચીજ વસ્તુઓ જાહેર સાહસો દ્વારા પૂરી પાડવામાં આવે છે. સરકારનો ઈજારો હોવાથી તેની કિંમતો વારંવાર વધતાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે. વર્તમાન સમયમાં રશિયા-યુક્રેન યુદ્ધ 2022માં ચાલુ હોવાથી બેરલ દીઠ ક્રૂડ ઑઈલના ભાવ 2021ની તુલનાએ 2022માં બમણા કરતાં વધુ હતા. રીટેઈલ ચીજ વસ્તુઓ તેલ અને ચરબી, શાકભાજી અને પ્રોટીનયુક્ત વસ્તુઓ જેવી કે માંસ અને માછલી જેવી આવશ્યક વસ્તુઓના ભાવો સતત વધ્યાં છે. યુક્રેન સૂર્યમુખી તેલનો મુખ્ય નિકાસકાર દેશ છે. રશિયા સાથેના યુદ્ધના પરિણામે

તેની અછત સર્જાતા ભાવો વધ્યાં છે.

**9 વધતી જતી મોંઘવારી અને ટ્રેડ યુનિયનોનું અસ્તિત્વ :-**

વધતી જતી મોંઘવારીને કારણે સંગઠિતક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્રના શારીરિક કે માનસિક શ્રમ કરનાર શ્રમિકો પોતાની વર્તમાન આવકમાંથી જીવન ટકાવી શકવા સક્ષમ નથી. આ સંજોગોમાં તેઓ પોતાના મંડળો રચીને વધુ વેતનની માંગણી કરે છે. મજબૂત સંગઠન બળો સામે સરકાર કે ઉત્પાદકોને ઝૂંકવુ પડે છે. ઉત્પાદકો વસ્તુની કિંમત કે એવા ક્ષેત્રની કિંમતમાં વધારો કરી ભાવવધારો કરે છે. જેથી ફુગાવો અર્થતંત્રમાં સર્જાય છે.

**10 સબસીડીનો વ્યાય અને રદ કરવી :-**

વર્તમાન સમય એ કલ્યાણ રાજ્ય ગણાય છે. સરકાર કૃષિક્ષેત્રે ખેડૂતોને રાહત આપવા માટે કેટલીક સબસીડીઓ આપે છે. આથી સરકારી ખર્ચ એક બાજુ વધી જાય છે. સરકાર ખાધ પુરવણીનો આશરો લે અને તેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે અને ભાવો વધે. બીજી બાજુ સરકાર સબસીડી રદ કરે તો તેટલા પ્રમાણમાં ભાવો વધે છે અને ફુગાવો થાય છે.

નોબેલ પારિતોષિક મિલ્ટન ફ્રિડમેન નાણાંવાદના હિમાયતી હતા. તેઓના મતે ફુગાવા માટે સૌથી મોટુ નિર્ણાયક પરિબળ જો કોઈ હોય તો તે નાણાંપરિમાણ કે નાણાંનો પુરવઠો છે. ફુગાવો એ શુદ્ધ નાણાકીય ઘટના છે.

## 7.8 ફુગાવાની અસરો :-

ફુગાવો એ સમયાંતરે માલસામાન અને સેવાઓના ભાવમાં સતત અને વ્યાપક વધારો છે. જે ખરીદ શક્તિમાં ઘટાડો કરે છે. હળવો ફુગાવો હકારાત્મક રીતે ઉપયોગી છે. જે દેશના આર્થિક વિકાસ માટે જરૂરી છે. પરંતુ તીવ્ર ગતિએ ઊંચો ફુગાવો અર્થતંત્રની લાંબાગાળાની કામગીરીને બગાડે છે. રિયલ એસ્ટેટ, એનર્જી કોમોડીટી અને વેલ્યુ સ્ટોકસે ઐતિહાસિક રીતે ઊંચા અથવા વધતા ફુગાવાના સમયગાળા દરમ્યાન શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. તેનાથી વિપરીત બોન્ડ્સ અને મોંઘા વૃદ્ધિ શેરો પાછળ રહે છે. કારણ કે ફુગાવો રોકાણકારો માટે તેમના ભાવિ રોકડ પ્રવાહના વર્તમાન મૂલ્યને ઘટાડે છે. ફુગાવાની મુખ્ય અસરો નીચે મુજબ છે.

**સમાજના જુદા જુદા વર્ગ પરની અસર :-**

**I આવક અને સંપતિના વિતરણ (વહેંચણી) પરની અસરો :-**

ફુગાવાની અસર રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં વ્યક્તિઓના વિવિધ જૂથો દ્વારા અસમાન રીતે અનુભવાય છે. લોકોના કેટલાંક જૂથો મોટી સંપતિ કમાવીને લાભ મેળવે છે અને કેટલાક જૂથો સંપતિ કે નાણાં ગુમાવે છે. લોકોના જુદા જુદા જૂથો પર ફુગાવાની અસર નીચે મુજબ છે.

**1) લેણદારો અને દેણદારો :-**

લેણદારો એટલે જેણે ઉછીના નાણાં આપ્યા છે તે અને દેણદારો કે જેણે દેવું કરેલ છે તે. ફુગાવામાં સામાન્ય ભાવ સપાટી ઊંચી જાય છે તેથી લેણદારો કે જેણે ઓછી કિંમતના સમયગાળામાં ઉછીનાં નાણાં આપ્યા છે તે સમયે નાણાંનું મૂલ્ય ઊંચુ હોય છે અને જ્યારે તે નાણા પરત મેળવે છે ત્યારે ફુગાવાને કારણે કિંમતો ઊંચી

જતા નાણાંની ખરીદશક્તિ ઓછી થાય છે એટલે કે નાણાંનું મૂલ્ય ઘટી જાય છે. તેથી લેણદારોએ નાણાંના સ્વરૂપમાં ઉછીના નાણાં આપ્યા હોય તેઓની વાસ્તવિક આવક ઘટતા નુકસાન જાય છે. પરંતુ જો વસ્તુ સ્વરૂપે ઉછીનું આપ્યું હોય તો નુકસાન જતુ નથી. જ્યારે દેણદારો ફુગાવાના સમયે ચલણમાં નાણુ ચૂકવે છે. (દેવું પરત કરે છે) તેઓની વાસ્તવિક ખરીદ શક્તિ એટલકે કે નાણા મૂલ્યમાં ઘટાડો થવાથી ભાવો વધે છે. આથી તેને ફુગાવામાં ફાયદો થાય છે.

**2) ઉત્પાદકો, નિયોજકો અને વેપારીને ફાયદો :-**

ફુગાવા દરમ્યાન ચીજવસ્તુ અને સેવાઓના ભાવોમાં સતત વધારો થતો હોવાથી ઉત્પાદકો, નિયોજકો અને વેપારીઓના નફાનો ગાળો કિંમત સ્વરૂપે વધતો હોવાથી સારો એવો નફો મળી રહે છે. જો કે સમય જતાં વસ્તુઓના ભાવોમાં વધારો થાય પરંતુ ઉત્પાદનખર્ચ એટલે કે વેતન, કાચા માલનું ખર્ચ, વ્યાજ વગેરે વધે છે. પણ ઉત્પાદન ખર્ચ ભાવવધારા ઓછી ઝડપથી વધતાં આ વર્ગને ફુગાવામાં અણધાર્યો લાભ પ્રાપ્ત થાય છે.

**3) કામદાર વર્ગ કે શ્રમિક વર્ગને નુકસાન :-**

કામદાર વર્ગ કે શ્રમિક વર્ગને ફુગાવા દરમ્યાન ભાવવૃદ્ધિના પરિણામે શરૂઆતમાં શોષાવું પડે છે. કારણ કે તેમના નાણાકીય વેતનમાં તાત્કાલીક વધારો થતો નથી. આથી કામદારોની વાસ્તવિક આવક કે ખરીદશક્તિ ઘટે છે. પરંતુ તેઓ સંગઠિત થઈ વેતન વધારાની માંગણીનો સ્વીકાર કરાવી શકે છે. પરંતુ ઉત્પાદકો વેતનવધારા કરતાં ચીજવસ્તુના ભાવો વધુ વધારે છે. પરિણામે કામદાર કે શ્રમિકને વાસ્તવિક આવક ઘટતાં નુકસાન જાય છે

**4) સ્થિર કે બાંધી આવક કમાવનાર વર્ગને નુકસાન :-**

સ્થિર કે બાંધી આવક કમાવનાર વર્ગની આવકો સ્થિર રહેતાં તેઓને નુકસાન થાય છે. પગારદાર નોકરો, મજૂરો, ભાડા જેવી આવક કમાવાનાર વર્ગ, ડિબેન્ચર અને નિશ્ચિત વ્યાજ આપનાર પસંદગીના શેરમાં રોકાણ કર્યુ હોય તેવા વર્ગને ફુગાવા દરમ્યાન તેમની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. ભાવવધારા સ્વરૂપે આવકો વધતી નથી. ઈક્વીટી શેરમાં રોકાણકારોને ફાયદો થાય છે. કારણ કે તેઓને મોટા કોર્પોરેટ નફાને કારણે ઊંચા દરે ડિવિડન્ડ મેળવે છે.

**5) વેપારીઓ, સટોડિયાઓ, ધંધાર્થીઓ અને કાળા બજારીયાઓને ફાયદો :-**

આ વર્ગમાં આવતા લોકોને ફુગાવા દરમ્યાન સતત ભાવો વધતાં વધુ નફો મળે છે. સંગ્રહખોરીને પ્રોત્સાહન મળે છે. ઉત્પાદકો તેમજ ઉપભોક્તાઓ (ગ્રાહકો) ફુગાવા દરમ્યાન સંગ્રહખોરી તરફ વળ્યાં છે. આથી ઉત્પાદન વધે તો પણ ચીજવસ્તુની કૃત્રિમ અછત સર્જાય છે. અને વસ્તુના કાળાબજાર વડે ઊંચી કિંમત ગ્રાહકો પાસેથી વસુલ કરી નફો મેળવે છે.

**6) આવકની અસમાન વહેંચણી :-**

ફુગાવાના લીધે આવકની અસમાનતા વધી છે. ઉત્પાદકો અને વેપારીઓના નફા વધ્યાં છે. તેઓ શ્રીમંત બન્યા છે. જ્યારે મજૂરો, અસંગઠિત ક્ષેત્રના કામદારો અને બાંધી આવક મેળવનાર વર્ગોની આવકમાં વધારો થતો નથી આથી તેઓ ગરીબ રહે છે. આમ આવકની અસમાનતાઓ વધે છે. સમાજ અમીર-ગરીબમાં વહેંચાઈ જાય છે.

**7) ખેડૂતવર્ગ :-**

ખેતપેદાશના ભાવો વધતાં ખેડૂતોને ફાયદો થાય છે. પરંતુ કમિશન એજન્ટ, દલાલો જેવા વચેટિયાઓ ભાવવૃદ્ધિનો લાભ લઈ જાય છે. સાચા અર્થમાં ખેડૂત કે અનાજ પકવનારને ભાવવૃદ્ધિનો લાભ મળતો નથી.

II **અર્થતંત્ર પરની અસરો :-**

**1) બચત અને મૂડીરોકાણ ઉપર અસર :-**

ફુગાવા દરમ્યાન પ્રજાની આવકો ભાવવધારા સ્વરૂપે જતી રહેતાં બચત શક્તિ ઉપર વિપરીત અસર થાય છે. નાણાકીય વ્યાજનો દર વધે છે. પરંતુ ફુગાવાના દરને કારણે વ્યાજનો દર ઓછો રહેતાં લોકોની બચતશક્તિ અને વૃત્તિ ઘટે છે. વળી ભવિષ્યમાં ભાવો સતત વધતાં રહેશે તેવી ભીતિના કારણે વર્તમાનમાં ઊંચા ભાવે પણ ખદીદશક્તિ વધે છે. પરિણામે બચતો એટલા પ્રમાણમાં ઘટે છે.

દેશમાં લોકોની કુલ બચતો ફુગાવા દરમ્યાન ઓછી રહેવાને કારણે જરૂરી મૂડીરોકાણ દેશના આર્થિક વિકાસ માટે ઓછું પડે છે. વળી ભાવસપાટી સ્થિર ન હોવાથી અર્થતંત્રમાં અનિશ્ચિતતાઓ વધે છે. રોકાણ અંગેના લાંબાગાળાના નિર્ણયો કરવા મુશ્કેલ બને છે. આમ ફુગાવા દરમ્યાન બચતો અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય છે.

**2) આર્થિક વિકાસ ઉપર અસર :-**

ભાવ વધારાને પરિણામે લોકોની બચત અને મૂડીરોકાણની શક્તિ ઉપર વિપરીત અસરો સર્જાય છે. બચતોના પ્રમાણમાં ઘટાડો થવાથી વાસ્તવિક સાધનોની અછત સર્જાય છે. જેથી દેશના મર્યાદિત સાધનોનો ઈષ્ટ ઉપયોગ થતો અટકે છે. પરિણામ સ્વરૂપ આર્થિક વિકાસ અવરોધાય છે. વિકાસશીલ અર્થતંત્રમાં ફુગાવાનો હળવો ડોઝ (હળવો ફુગાવો) અનિવાર્ય અને ઈચ્છનીય હોવા છતાં ફુગાવાનો ઊંચો દર મૂડી નિર્માણના દરને ધીમો કરીને અને અનિશ્ચિતતા ઊભી કરીને વિકાસ દરને નીચો કરે છે. અર્થતંત્રના દૃષ્ટિકોણથી ફુગાવાની સૌથી ગંભીર અસર એ છે કે તે વ્યવસાયના આર્થિક વાતાવરણને અસ્થિર બનાવે છે. વળી ભાવવધારો (ફુગાવો) અને વેતન વધારાનું વિષચક્ર ચાલ્યા જ કરે છે. આ સાથે શ્રમિકોના વેતનમાં વધારો ન થાય ત્યાં સુદી હડતાલ, 'ધીમે કામ કરો'ની નીતિ અને ઔદ્યોગિક અશાંતિ સર્જાય છે. પરિણામે ચીજવસ્તુઓનું ઉત્પાદન ઓછઉં થાય છે. જે દેશના આર્થિક વિકાસ માટે હાનિકારક છે.

**3) યોજનાના ખર્ચમાં વધારો :-**

ફુગાવા દરમ્યાન સતત ભાવવધારાને કારણે વેતન વધારો અને કાચા માલના ભાવોમાં વધારો થતાં ઉત્પાદનખર્ચ વધે છે. આથી સરકારી ખર્ચમાં અને ખાનગી ખર્ચમાં વધારો થાય છે. સરકાર કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી વિવિધ યોજનાઓમાં આયોજનપૂર્વક મૂડીરોકાણ કરે છે પરંતુ ફુગાવામાં ભાવો વધવાથી યોજનાઓના ખર્ચમાં વધારો થતાં કેટલીક યોજનાઓ લાંબા ગાળે પણ પૂર્ણ થતી નથી અને કેટલીક યોજનાઓ અધ વચ્ચે અધુરી મૂકવી પડે છે. જે દેશના આર્થિક વિકાસ ઉપર વિપરીત અસર પહોંચાડે છે.

**4) વિદેશી મૂડીરોકાણમાં વધારો :-**

દેશમાં ફુગાવો સર્જાતા દેશની બચતો અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય

છે. પરંતુ વિદેશના લોકો, વિદેશની સંસ્થાઓ કે કંપનીઓ ફુગાવા દરમ્યાન વધુ આવક ઉપાર્જનને ધ્યાને લઈ ભારતમાં મૂડીરોકાણ કરવા પ્રોત્સાહિત થાય છે. ઉદારીકરણની 1991ની નીતિ અનુસાર વિદેશી મૂડીરોકાણકારો સરળતાથી ભારતમાં મૂડીરોકાણ કરવા પ્રેરાય છે. વિદેશી મૂડીરોકાણ વધવાથી ઉત્પાદન અને રોજગારીમાં વધારો થાય છે. જે હળવા ફુગાવાની સારી અસર ગણી શકાય.

**5) વિદેશ વેપાર ઉપર વિપરીત અસર :-**

ફુગાવાને કારણે ભારતમાં ચીજવસ્તુ અને સેવાના ભાવોમાં વધારો થતાં વિદેશી ચીજવસ્તુ અને સેવા તુલનાત્મક રીતે સસ્તા લાગે છે. જેને પરિણામે વિદેશમાંથી ભારતમાં આયાતો વધે છે. દેશની વસ્તુ વિદેશના લોકોને ફુગાવાને કારણે મોંઘી લાગતા તેની માંગ ઘટે છે અને નિકાસો ઘટે છે. આમ આયાતો વધુ અને નિકાસો ઓછી થતાં લેણદેણની તુલા અસમતોલ રહે છે. જે દેશના ઉત્પાદકો, રોજગારી વગેરે ઉપર વિપરીત અસર કરે છે. વળી વિદેશી વસ્તુઓ દેશની વસ્તુઓ કરતાં સસ્તી અને સારી લાગે છે. પરિણામે વિદેશી વસ્તુઓની માંગ વધે છે. સરકાર દ્વારા આયાત જકાતો વધુ હોવાથી દાણચોરીને પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત વિદેશી આયાતો વધતાં, આયાતોનું બિલ ચૂકવવા માટે દેવુ કરવું પડે છે. વિદેશી આયાતો વધતાં, નિકાસો ઘટતાં દેશમાં વિદેશી હૂંડિયામણની અછત સર્જાય છે. આમ ફુગાવા દરમ્યાન વિદેશ વેપારની વિપરીત અસર થાય છે અને વિદેશી ચૂકવણીઓનો બોજ વધે છે.

ફુગાવાને કારણે વિદેશી વસ્તુઓ સસ્તી લાગે છે. વિદેશી મુસાફરી પણ સસ્તી લાગશે. ફુગાવાને લીધે તબીબી સારવાર, ભાડુ, પગાર ઓછો, વસ્તુના ઊંચા ભાવ હોવાથી ખિસ્સા ઉપર વધુ બોજ પડે છે. દેશમાં સંગ્રહખોરીનું પ્રમાણ વધે છે. લાંબા ગાળાની બચતો ઘટે, મૂડીરોકાણ ઘટે, ઉત્પાદન ઓછું થાય પરિણામે રાષ્ટ્રીય આવક ઘટે, માથાદીઠ આવકો પણ ઓછી થાય છે. સટ્ટાકીય હેતુ માટે રોકાણમાં વધારો થશે. મૂડીસંચય ઉપર નકારાત્મક અસરો પેદા થશે. ભારતીય રૂપિયાનું અવમૂલ્યન થશે. આમ વિવિધ પ્રકારની અસરો ફુગાવા દરમ્યાન થાય છે.

## 7.9 ફુગાવો નિવારવાના ઉપાયો :-

કોઈપણ દેશ માટે કાયમી ધોરણે ફુગાવો રહે તો તે હાનિકારક છે અને દેશના આર્થિક વિકાસને રૂંધે છે. સામાન્ય રીતે ફુગાવો એ નાણાકીય ઘટના છે. નાણાંના પુરવઠાને અંકુશમાં લેવાથી કે નિયંત્રિત કરવાથી ફુગાવો નિયંત્રિત થશે. ઓલ ઈન્ડિયા ઈકોનોમિકસના ભૂતપૂર્વ પ્રમુખ અને મુંબઈ યુનિવર્સિટીના જાણીતા અર્થશાસ્ત્રી પ્રો.સી.એન. વકીલના જણાવ્યા મુજબ "ભાવવધારાને સ્ટવ ઉપર મુકેલી તપેલીમાં ઉભરો આવતા બેબાકળી બનેલી ગૃહિણી ઉભરાને સમાવવા માટે તપેલી ઉપર ફૂંકો માર્યા કરે છે. પરંતુ સ્ટવનું ઈંધણ ઓછું કરવાનું ભૂલી જાય છે. તે રીતે સરકારો પણ ભાવવધારાથી બેબાકળી બનીને ભાવોને રોકવા માટે આડેધડ નિયંત્રણો લાધ્યા કરે છે. પરંતુ ભાવ વધારારૂપી ઉભરા માટે કારણરૂપ એવા નાણાં પુરવઠારૂપી ઈંધણ ઓછું કરતી નથી." આનો સ્પષ્ટ અર્થ એ છે કે નાણાંના પુરવઠાને ઓછું કરવાથી જ ફુગાવો અંકુશમાં આવી શકે તેમ છે.

ઈંગ્લેન્ડમાં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ભાવવધારાની (ફુગાવો) સ્થિતિ સર્જાઈ ત્યારે એક અર્થશાસ્ત્રીએ બ્રિટનના નાણામંત્રી સામે ફરિયાદ નોંધાવી કેસ કર્યો કે નાણામંત્રી મારા ખિસ્સામાંથી રોજે રોજ પૈસા ચોરી જાય છે. આ જ વસ્તુ ભારતમાં બની.

ગાંધીવાદી અર્થશાસ્ત્રી જે.સી. કુમારપ્પાએ બ્રિટીશ શાસન દરમ્યાન ભાવવધારાના પરિણામે લોકોના ખિસ્સા ખાલી થઈ જાય છે. તેવા વિચારો તેમના લખાણોમાં રજૂ કર્યા. તેથી સરકારે તેમની ધરપકડ કરી હતી.

ફુગાવો એક આર્થિક અને સામાજિક અનિષ્ટ છે. જો તેને નિયંત્રિત કરવામાં ન આવે તો અર્થતંત્ર ઉપર તેની માઠી અસરો પડતી હોય છે. ફુગાવો થવાનું મુખ્ય કારણ અર્થતંત્રમાં કુલ ખર્ચ સતત વધતું રહે છે. જ્યારે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન તેટલા પ્રમાણમાં વધતું નથી. આથી ફુગાવાને અંકુશમાં રાખવા માટે બે પ્રકારના મહત્ત્વના પગલાં સૂચવી શકાય.

(A) અર્થતંત્રમાં થતાં કુલ નાણાંકીય ખર્ચને મર્યાદિત કરવું અથવા તો ખર્ચમાં ઘટાડો કરવો.

(B) ઉત્પાદનમાં વધારો કરવો.

અર્થતંત્રમાં થતાં કુલ નાણાકીય ખર્ચના પાંચ મહત્ત્વના વિભાગો છે (1) સરકારનું વપરાશી ખર્ચ (2) સરકારનું મૂડીરોકાણ ખર્ચ (3) વિદેશી મૂડીરોકાણ ખર્ચ (4) નિયોજકનું મૂડીરોકાણ ખર્ચ અને (5) ઉપભોક્તા (ગ્રાહકો)નું વપરાશી ખર્ચ. ફુગાવા દરમ્યાન આ પાંચ પ્રકારના ખર્ચ વધે છે તેથી તેને અંકુશમાં લેવા માટે મહત્ત્વના ત્રણ પગલાં (1) નાણાકીય નીતિ (2) રાજકોશીય નીતિ અને (3) વહીવટી પગલાં વડે ફુગાવાને અંકુશિત કરી શકાય છે.

## 31 નાણાકીય નીતિ :-

ફુગાવાને અંકુશમાં લેવા માટે રિઝર્વ બેંક મોંઘી નાણાનીતિ અપનાવવામાં આવે છે. નાણાના પુરવઠામાં ઘટાડો કરી લોકોની ખરીદશક્તિ ઘટે અને ચીજવસ્તુઓની માંગમાં ઘટાડો થતાં ભાવો અંકુશમાં આવે છે. આ માટે રિઝર્વ બેંક નાણાકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક શાખ નિયંત્રણનો ઉપયોગ કરે છે.

### (I) પરિમાણાત્મક શાખ નિયંત્રણ :-

પરિમાણાત્મક શાખ નિયંત્રણ અથવા નાણાંનો પુરવઠો ઘટાડી અસરકારક માંગ અંકુશિત કરવા રિઝર્વ બેંક ત્રણ સાધનોનો નાણાંકીય નીતિ દ્વારા પગલાં લે છે.

### (i) બેંક દરમાં વધારો :-

રિઝર્વ બેંક જે વ્યાજના દરે વેપારી બેંકોને લોન કે ધિરાણ આપે છે. તેને બેંક રેટ કહેવામાં આવે છે. ફુગાવા દરમ્યાન રિઝર્વ બેંક બેંક રેટ (વ્યાજનોદર)માં વધારો કરે છે. આથી વેપારી બેંકો ધિરાણનો દર વધારે છે. પરિણામે વ્યાપારી બેંકો પાસેથી ધિરાણ મોંઘુ પડતાં અર્થતંત્રમાં ધિરાણની માંગ ઘટે છે. આથી અર્થતંત્રમાં કુલ નાણાંનો પુરવઠો ઘટતાં ફુગાવો અંકુશમાં આવે છે. દા.ત. રિઝર્વ બેંક 5 ટકાથી બેંક રેટ વધારી 8 ટકા કરે તો અર્થતંત્રમાં વ્યાપારી બેંકોને વધુ વ્યાજ ચૂકવવું પડે. આથી વ્યાપારી બેંકો તેનાથી ઊંચા દરે લૉન કે ધિરાણ આપશે. પરિણામે ધિરાણ લેનારાઓને ઊંચા વ્યાજના કારણે ઓછું ધિરાણ લેશે. જેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઓછો આવતાં ચીજવસ્તુ અને સેવાઓની માંગ ઘટતા અર્થતંત્રમાં ફુગાવો કે ભાવ વધારો ઓછો થશે. આમ રિઝર્વ બેંક બેંક દર માં વધારો કરી ફુગાવાને અંકુશમાં લેવા પ્રયત્ન કરે છે. દા.ત. 1981માં બેંક રેટ 10 ટકા અને 1991માં જુલાઈમાં 11 ટકા બેંક રેટ વધારી ફુગાવો અંકુશિત કર્યો હતો. જે ઑકટોબર

1991માં સૌથી વધુ બેંક રેટ 12 ટકા હતો. ત્યારબાદ ક્રમશઃ ઘટાડો થયો અને હાલમાં બેંકદર 4.25 ટકા છે. બેંક રેટમાં વધારો થતાં બિનજરૂરી અને સટ્ટાકીય મૂડી રોકાણો અટકે છે અને ફુગાવા જન્ય દબાણો અંકુશમાં મૂકવામાં આવે છે.

**(ii) ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ :-**

Open Market Policy એટલે કે ખુલ્લા બજારની નીતિ મુજબ રિઝર્વ બેંક અર્થતંત્રમાં જામીનગીરીઓનું વેચાણ કરે છે. વ્યાપારી બેંકો અને લોકો જામીનગીરીઓ ખરીદે છે. આથી લોકો પાસેના રોકડ નાણાં રિઝર્વ બેંક પાસે જામીનગીરી ખરીદી સ્વરૂપે જતાં અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઘટે છે. લોકોની ચીજવસ્તુ અને સેવાની ખરીદશક્તિ ઘટે છે. નાણાં પુરવઠો ઘટવાથી બજારમાંગ ઓછી થતાં ભાવસપાટીમાં ઘટાડો થશે. આમ ખુલ્લા બજારમાં જામીનગીરીનું વેચાણ એ ફુગાવાને અંકુશિત કરે છે.

**(iii) રોકડ અનામત પ્રમાણમાં વધારો :- (CRR)**

રિઝર્વ બેંક તથા વ્યાપારી બેંકો ભાવ સલામતી માટે કેટલુંક નાણું રોકડ અનામત રાખે છે. અર્થતંત્રમાં ફુગાવો થયો હોય ત્યારે તેને અંકુશમાં લેવા રિઝર્વ બેંક વ્યાપારી બેંકોને આદેશ આપી બેંક થાપણોનો અમુક ભાગ રિઝર્વ બેંકમાં રોકડ અનામત સ્વરૂપે વધુ રાખે છે. જેથી વ્યાપારી બેંકોની ધિરાણ આપવાની શક્તિમાં ઘટાડો થાય છે. તેટલા પ્રમાણમાં અર્થતંત્રમાં બેંક નાણાંના પ્રમાણમાં ઘટાડો થશે અને ચીજવસ્તુ કે સેવાઓની માંગમાં ઘટાડો થશે અને માંગ ઘટતાં ફુગાવો અંકુશમાં આવશે. આમ રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવાનો આદેશ આપીને રિઝર્વ બેંક શાખ નિયંત્રણ કરે છે. રોકડ અનામત પ્રમાણ 1981માં 7 ટકા, 1989માં 15 ટકા, 1990માં 38.5 ટકા, 1994માં 31.5 ટકા હતું. જે ફુગાવાને અંકુશિત કરે છે. ત્યારબાદ રોકડ અનામત પ્રમાણમાં સતત ઘટાડો થયો છે. ઓગસ્ટ 1998માં 11 ટકા, 1999માં 9 ટકા, જાન્યુઆરી 2004માં 4.5 ટકા, જાન્યુઆરી 2005માં 5 ટકા અને હાલમાં રોકડ અનામત પ્રમાણ 3 ટકા છે.

**(iv) વૈધાનિક રોકડના પ્રમાણમાં વધારો :- (SLR)**

રોકડ અનામત પ્રમાણની સાથે રિઝર્વ બેંક વૈધાનિક રોકડના પ્રમાણમાં પણ વધારો કરે છે. વેપારી બેંકોએ પોતાની થાપણોનો જે ભાગ સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકવો પડે છે. તેને વૈધાનિક રોકડના પ્રમાણ કહેવામાં આવે છે. આમ રિઝર્વ બેંક વૈધાનિક રોકડના પ્રમાણ (SLR) વધારે તેમ વ્યાપારી બેંકોની ધિરાણ આપવાની શક્તિ ઘટે છે. હાલમાં વૈધાનિક રોકડ પ્રમાણ 18 ટકા છે. જે ફુગાવાને અંકુશિત કરે છે.

**(2) ગુણાત્મક શાખ નિયંત્રણ :-**

રિઝર્વ બેંક શાખનિયંત્રણ કરવા માટે પરિમાણાત્મક સાધનોની સાથે ગુણાત્મક શાખ નિયંત્રણ પણ કરે છે. રિઝર્વ બેંક વ્યાપારી બેંકોએ કયા હેતુઓ માટે ધિરાણ આપવું, કેટલા પ્રમાણમાં ધિરાણ આપવું, કેટલા વ્યાજે ધિરાણ આપવું અને કેટલું માર્જિન રાખવું જેવા શાખની માપબંધી, ઋણ સીમામાં ફેરફાર, નૈતિક સમજાવટ, સલાહ સૂચનો, સીધા પગલાં, પ્રચાર વગેરે દ્વારા બિનજરૂરી અને ઓછા ઉત્પાદક દિશાઓ તરફ જતું ધિરાણ અટકાવીને અર્થતંત્રમાં નાણા પુરવઠાની પ્રવાહિતતા ઉપર અસર કરે છે. અને ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરે છે.

(..) **રાજકોશય નીતિ :-**

જેમ નાણાકીય નીતિ દ્વારા રિઝર્વ બેંક અર્થતંત્રમાં નાણાના પુરવઠાને અંકુશિત કરી ફુગાવાને નિયંત્રણમાં લેવાનો પ્રયત્ન કરે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકાર રાજકોશીય નીતિ દ્વારા એટલે કે રાજ્યની આવક - જાવકને લગતાં પગલાં દ્વારા અર્થતંત્રમાં ચીજ વસ્તુઓ અને સેવાઓની કુલ માંગનું નિયંત્રણ કરવાનુ છે. ફુગાવાને અંકુશિત કરવા નીચે મુજબ રાજકોશીય પગલાં લેવામાં આવે છે.

**(i) કરવેરામાં વધારો :-**

સરકાર પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં વધારો કરીને પ્રજા પાસેના નાણાં કર સ્વરૂપે ઉઘરાવી લે છે. જેથી લોકો પાસે નાણાંનો પુરવઠો ઘટે અને ચીજ વસ્તુઓ અને સેવાની માંગ ઘટે, લોકોની ખરીદશક્તિ ઓછી કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. સરકાર આવકવેરો, મિલકત કે સંપત્તિ વેરો જેવા પ્રત્યક્ષ કર અને વેચાણ વેરો, આબકારી જકાત, આયાત-જકાત, GST જેવા પરોક્ષ કરવેરામાં વધારો કરે છે. પરોક્ષ કરવેરામાં વધારો કરી ચીજવસ્તુઓનો ભાવો ઊંચા જાય છે. જેથી લોકોની ખરીદશક્તિ ઘટશે. પ્રત્યક્ષવેરા દ્વારા લોકો પાસેના નાણાં કર સ્વરૂપે સરકાર પાસે આવતાં લોકો પાસે નાણાંનો પુરવઠો ઓછો થતાં, માંગ કે ખરીદશક્તિ ઘટશે અને ફુગાવો અકુંશમાં આવશે. બીજી તરફ સરકાર પાસે પ્રત્યક્ષ કે પરોક્ષ કર સ્વરૂપે નાણાં આવતાં ઉત્પાદક હેતુ માટે મૂડીરોકાણ કરવાથી ઉત્પાદનમાં વધારો થતાં કુલ પુરવઠો વધે અને ભાવો અંકુશમાં આવશે. આમ કરવેરામાં વધારો કરી સરકાર ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રત્યન કરે છે. કેન્દ્ર સરકારની કુલ કર ઉપજ 2009-10માં રૂપિયા 6,24,528 કરોડ હતી. જે વર્ષ 2018-19માં રૂા. 20-10 લાખ કરોડ અને 2020-21માં બજેટમાં રૂ. 24.23 લાખ કરોડ અંદાજવામાં આવી હતી.

**(ii) જાહેર દેવાની નીતિ :-**

સરકાર જાહેર દેવાની નીતિ હેઠળ ફુગાવાના સમયમાં જાહેર લોન બહાર પાડી દેશની પ્રજા પાસેથી દેવું કરે છે. પરિણામે સમાજમાં થતાં કુલ ખર્ચને મર્યાદિત કરવાનો પ્રયાસ કરે છે. એટલું જ નહીં લોકો બચત કરવા પ્રેરાય તે માટે વિવિધ યોજના દાખલ કરે છે. જેમ કે બીજા વિશ્વયુદ્ધ સમય દરમ્યાન ઈંગ્લૅન્ડમાં પ્રો.કેઈન્સના સૂચનથી 'Defererd Pay Scheme' - ભવિષ્યમાં ચૂકવવામાં આવનાર પગાર યોજનાનો અમલ થયો હતો. 1963-64ના અંદાજપત્રમાં ભારતમાં ફરજિયાત બચત યોજના (Compulsory Deposit Scheme) ફુગાવા વિરોધી નીતિના એક ભાગ તરીકે શરૂ કરવામાં આવી હતી. જો કે તેનો વિરોધ થતાં તે યોજના પડતી મૂકાઈ હતી. પરંતુ 1974થી બે વર્ષ માટે ફરજિયાત બચત યોજના અમલમાં મૂકાઈ હતી. ઈ.સ. 1981માં 'બેરર બોન્ડ યોજના' અને 1996માં 'ઈન્દિરા બચતપત્રો' NSS સર્ટીફિકેટ, કિસાન બચતપત્રો જેવી સ્કીમોમાં પ્રજા રોકાણ કરીને વર્તમાન ખરીદશક્તિ ઉપર અંકુશ મુકવાનો પ્રયાસ કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત કાળા નાણાં ફુગાવાને પ્રોત્સાહિત કરતા હોવાથી સરકારે 1997માં - (VDIS) Voluntary Discloser Income Scheme સ્વૈચ્છિક આવકની જાહેરાતની યોજના અમલમાં મૂકીને કાળા નાણાં-બિનહિસાબી નાણાને બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પ્રજાની ખરીદશક્તિ ઓછી થાય. આમ સરકારે જુદા જુદા પ્રકારે પ્રજાનાં હાથ ઉપરના નાણાં ઓછા

રહે અને માંગમાં ઘટાડો કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.

**(iii) જાહેર ખર્ચ ઉપર અંકુશ :-**

સરકારનું જાહેર ખર્ચ એ લોકોની આવક બને છે. જે કુલ માંગમાં વધારો કરે છે. આથી ફુગાવા દરમ્યાન સરકાર જુદા જુદા પ્રકારના જાહેર ખર્ચ ઘટાડે છે. યોજનાઓ પાછળના વિવિધ ખર્ચ ઘટાડે છે અથવા યોજનાનું કામ ફુગાવા દરમ્યાન સ્થગિત કરે છે. બિનજરૂરી ખર્ચામાં કાપ મૂકીને સરકાર ફુગાવાને અંકુશિત કરવાનો પ્રયત્ન કરે છે.

**(C) વહીવટી પગલાંઓ :-**

સરકાર ફુગાવાને અંકુશમાં લેવા માટે નીચે મુજબ વહીવટી પગલાંઓ લે છે.

**(i) વેતન અને ડિવિડન્ડ આવકની સ્થગિતતા :-**

અર્થતંત્રમાં ફુગાવાની સ્થિતિ સર્જાતા શ્રમિકો વધુ વેતનની માંગણી કરે છે. વેતન વધારાની માંગણી સંતોષાતા ઉત્પાદન ખર્ચ વધે છે. નિયોજક ઉત્પાદન ખર્ચનો વધારો કિંમત વધારા સ્વરૂપે પ્રજા પાસેથી વસુલ કરે છે. ફરી ભાવો વધે અને ફરી વેતન વધારાની માંગણી થાય. આમ ભાવવધારો અને વેતન વધારાનું વિષચક્ર ચાલે છે. આથી ફુગાવાના સમયમાં વેતન અને ઉત્પાદન ખર્ચને મુક્ત રીતે ભાવવૃદ્ધિ કરવા દેવાય નહિ. તેથી સરકાર ફુગાવા દરમ્યાન વેતનો સ્થગિત કરે છે, એટલું જ નહિ ઈન્ક્રીમેન્ટ એટલે કે ઈજાફા પણ સ્થગિત કરવામાં આવે છે. વળી ફુગાવા દરમ્યાન જુલાઈ 1974માં ભારતમાં એક વર્ષ માટે, વેતન, પગાર અને ઈજાફાને સ્થગિત કરવાનો ફરજિયાત આદેશ આપી લોકોની ફુગાવાને નિયંત્રિત કરવામાં આવ્યો હતો. વળી કંપનીઓ પણ પોતાના નફામાંથી શૅર હોલ્ડરોને ડિવિડન્ડરૂપી વ્યાજની રકમ આપતી હોય છે. તીવ્ર ફુગાવા સમયે ડિવિડન્ડની આવક પણ સ્થગિત કરવામાં આવી હતી.

**(ii) મૂડીરોકાણ ઉપર અંકુશ :-**

સરકારે બિન ઉત્પાદક એટલે કે મોજશોખની ચીજ વસ્તુઓના ઉત્પાદન ઉપર રોક લગાવીને ઉત્પાદકીય હેતુ માટેના મૂડીરોકાણને છૂટ આપવામાં આવે છે. ફુગાવા દરમ્યાન બિન જરૂરી મૂડીરોકાણ ઉપર અંકુશ મૂકવામાં આવે છે.

**(iii) સટ્ટાકીય પ્રવૃત્તિ ઉપર અંકુશ :-**

ફુગાવા દરમ્યાન સટ્ટાકીય પ્રવૃત્તિઓ વધતી હોવાથી અર્થતંત્રમાં બિનજરૂરી ભાવવધારો થાય છે. આથી શેરબજાર અને વાયદા બજારનું અસરકારક નિયંત્રણ કરવા માટે શૅર, સ્ટોક વગેરેની સામે અપાતા ધિરાણના 'માર્જિન'માં વધારો કરવાથી ફુગાવો અંકુશિત થઈ શકે છે.

**(iv) ભાવ અંકુશો અને સંગ્રહખોરી વિરુદ્ધ પગલાંઓ :-**

સરકારે ભાવવધારાને અંકુશમાં લેવા તળિયા અને ટોચના ભાવો બાંધવા પડે છે. એટલું જ નહીં વેપારીઓ ભાવઅંકુશ દરમ્યાન વસ્તુઓની કૃત્રિમ અછત પેદા કરી કાળા બજાર ન કરે તે માટે સરકારે કડક પગલાં લેવા પડે. બિનજરૂરી માલનો સંગ્રહ કરનાર સામે કડકાઈ પૂર્વક પગલાં લઈ વધતાં ભાવોને અટકાવવા પડે છે.

**(v) સસ્તા અનાજની દુકાનો અને માપબંધી :-**

દેશની ગરીબ પ્રજાને જીવનધોરણ ટકાવવા માટે પ્રાથમિક ચીજવસ્તુઓ વાજબી

ભાવે મળે તે માટે સસ્તા અનાજની દુકાનો કે રેશનીંગની દુકાનો સ્થાપિત કરી મોંઘવારી સામે રક્ષણ આપવાનો સરકાર પ્રયાસ કરે છે. અનાજ, ખાંડ, કેરોસીન, કઠોળ, સાબુ, તેલ વગેરે સરળતાથી ગરીબી રેખા નીચે જીવતા લોકો અને મધ્યમ વર્ગના લોકો પ્રાપ્ત કરે તે અંગેની વિતરણ વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. આથી એટલા પ્રમાણમાં માંગ ઘટે. આ ઉપરાંત અછતવાળી ચીજવસ્તુઓ વિદેશથી આયાત કરી ભાવોને અંકુશિત કરવામાં આવે છે. વળી ચીજ વસ્તુઓની અછતના સમયે પ્રજા તેની વપરાશ ઘટાડે તે માટે જરૂરી પ્રાથમિક જીવન ધોરણની વસ્તુઓ ન્યૂનતમ પ્રમાણમાં મળી રહે એટલે કે માપબંધી દ્વારા ભાવોને અંકુશિત કરવામાં આવે છે.

**(D) ઉત્પાદનમાં વધારો :-**

અર્થતંત્રમાં જ્યારે ફુગાવો કે ભાવવધારો અસ્તિત્વમાં હોય ત્યારે ચીજવસ્તુઓની અછત હોય છે. આવા સમયે ફુગાવાને અંકુશમાં લેવા ચીજ વસ્તુઓની અછત દૂર કરવી અનિવાર્ય છે અને તે માટે વિવિધ પ્રકારની ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન પ્રમાણ વધે તેવા પ્રયાસ કરવા પડે. સરકારે કુલ ઉત્પાદનને પ્રોત્સાહિત કરે તેવી વહીવટી નીતિ અપનાવવી જોઈએ. જેથી અર્થતંત્રમાં કુલ પુરવઠો વધે અને વધતી માંગને સંતોષી શકે. આ માટે સરકારે નવા ઉત્પાદન કરતાં એકમોને કરવેરામાં મુક્તિ આપવી, ઉત્પાદકોને સસ્તા દરે જમીનની ઉપલબ્ધિ કરાવવી, સબસીડી કે રાહત આપે છે. જેથી ઉત્પાદન કરવા નિયોજકો પ્રોત્સાહિત થાય. સરકારે વિવિધ પ્રકારની નીતિ દ્વારા નિયોજકોને પ્રોત્સાહિત કરી ચીજવસ્તુઓ અને સેવાઓની અછતને કારણે વધતાં ભાવોને રોકવા ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય તેવા પ્રયાસો કરવા પડે.

ફુગાવો થવાનું મૂળભૂત કારણ રાષ્ટ્રના ઉત્પાદન કરતાં લોકોની ખરીદશક્તિમાં થયેલો વધારો છે. આથી ફુગાવાના અસરકારક પ્રતિકાર માટે ઉત્પાદન અને ઉત્પાદનશક્તિમાં વધારો થાય એ અતિ મહત્ત્વનું છે. અર્થતંત્રમાં કૃષિ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદન ઝડપથી વધે તે માટે શકય તેટલાં બધાં જ પગલાં લેવા જોઈએ.

**સમાપન :-**

ફુગાવો અને મંદી એ બંને વેપાર ચક્રીય ઘટનાઓ છે. પરંતુ ઘટનાઓ મહદ્અંશે મુક્ત અર્થતંત્રમાં બનતી હોય છે. મહામંદી (1929-30) પછી વિશ્વના દેશોની સરકારો અર્થતંત્રમાં હસ્તક્ષેપ અને નિયંત્રણની નીતિ કેઈન્શીપન અર્થતંત્ર હેઠળ અપનાવી છે. તેને પરિણામે ત્રીસીની મહામંદી જેવી હવે વિશ્વમાં જોવા મળતી નથી. જો કે અવાર-નવાર કેટલાંક દેશોમાં કે કેટલાંક વિસ્તારોમાં મંદી આવે છે. જ્યારે ભાવવધારાની સમસ્યા એ લગભગ બધા દેશોમાં સામાન્ય સમસ્યા છે. અભૂતપૂર્વ ફુગાવાની સમસ્યા ભાગ્યે જ સર્જાય છે. મંદી અને ફુગાવો એક બે ઘટનાઓ પૈકી બંને પરિસ્થિતિમાં જુદા જુદા વર્ગોને ઘણું સહન કરવું પડે છે. પરંતુ ફુગાવાની તુલનાએ મંદીની અસરો ખૂબ જ વધારે વિધાયક હોય છે. મંદીમાં રોજગારી અને અભાવની સ્થિતિ હોય છે. જે મોટા માનવસમુદાય માટે લાચારીયુક્ત સંજોગો પેદા કરે છે. ફુગાવો સાધારણ સ્તરનો હોય ત્યાં સુધી તેની પ્રતિકૂળ અસરો ગંભીર હોતી નથી. પરંતુ જો ફુગાવો બેકાબુ બને તો તે અર્થતંત્રમાં વિવિધ રીતે પ્રતિકૂળ અસરો સર્જે છે અને તેને સહેલાઈથી કાબુમાં લઈ શકાતી નથી. મુખ્યત્વે

સરકારે પોતાના બજેટમાં સારી એવી સમતુલા જાળવવી જરૂરી છે અને બજેટખાધ ન્યૂનતમ રહે તેવું આવક અને ખર્ચનું આયોજન કરવું જોઈએ. ખાધ પુરવણીનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો અને બિનજરૂરી બિનઉત્પાદક ખર્ચાઓ ઘટાડવા અને તેને નિયંત્રણમાં રાખવા તથા નાણાંના પુરવઠાને પણ નિયંત્રણમાં રાખવો જરૂરી બને છે. સરકારે લોકપ્રિય થવા માટે અર્થતંત્રને ગંભીર રીતે નુકસાનકારક એવા ખર્ચાઓ ટાળવા જોઈએ.

ભારતમાં આઝાદી પછી ભાવવધારો ક્યારેક ક્યારેક એ આંકડાઓમાં પ્રવેશે છે. પરંતુ મોટે ભાગે એક આંકડાની મર્યાદામાં રહે છે. તે ભારતીય અર્થતંત્રની સિદ્ધિ ગણાય. ભારતમાં માત્ર એક જ વર્ષે ઈ.સ. 1974માં છૂટક ભાવોમાં 21 ટકા જેટલો અને જથ્થા બંધ ભાવોમાં 24 ટકા જેટલો વધારો થયો હતો. તે સિવાય મોટા ભાગના સમયગાળામાં ભાવ વધારાની સમસ્યા કાબુમાં રહેવા પામી છે. ભારતમાં ગંભીર એવી ફુગાવાની સમસ્યા સર્જાઈ નથી.

**શબ્દોના અર્થ**

- **રેપોરેટ :-** રિઝર્વ બેંક દ્વારા વસુલવામાં આવતો વ્યાજનો દર છે. જ્યારે વેપારી બેંકો તેમની સિક્યોરીટીઝ મધ્યસ્થ બેંકને વેચીને તેમની પાસેથી ઉધાર લે છે. અનિવાર્ય પણે RBI દ્વારા વસુલવામાં આવેલું વ્યાજ છે.
- **રિવર્સ રેપોરેટ :-** રિઝર્વ બેંક દ્વારા વ્યાપારી બેંકોને તેમની સિક્યોરીટીઝ માટે ચૂકવવામાં આવતો વ્યાજનો દર છે.
- **કેશ રિઝર્વ રેશિયો** (CRR) **:-** વાણિજિયક બેંકોએ મધ્યસ્થ બેંક પાસે અનામત તરીકે ચોક્કસ લઘુતમ ડિપોઝીટ રાખવાની હોય છે. બેંકની કુલ થાપણો સામે અનામતમાં રાખવા માટે જરૂરી રોકડની ટકાવારીને કેશ રિઝર્વ રેશિયો કેહવાય છે.
- **જથ્થાબંધ ભાવ સૂચક આંક** (WPI) **:-** તે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા અંદાજવામાં આવે છે અને માસિક ધોરણે માપવામાં આવે છે.
- **કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેકસ** (CPI) **:-** તેની ગણતરી દરેક વસ્તુ માટે પૂર્વ નિર્ધારીત કિંમતમાં ફેરફાર કરીને સરેરાશ કાઢવામાં આવે છે. તેને ગ્રાહક ભાવ સૂચકઆંક (CPI) કહે છે.
- **પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેકસ** (PPI) **:-** સ્થાનિક ઉત્પાદકો દ્વારા તેમના આઉટપુટ માટે પ્રાપ્ત થયેલાં સમયાંતરે વેચાણ કિંમતોમાં સરેરાશ ફેરફારનું માપ છે.
- **કોમોડીટીઝ ભાવ સૂચક આંક :-** એક નિશ્ચિત વજન સૂચકઆંક અથવા પસંદ કરેલ વસ્તુઓની કિંમતોની (ભાર આધારિત) સરેરાશ છે. જે હાજર વાયદાની કિંમત ઉપર આધારિત છે.
- **કોર પ્રાઈસ ઈન્ડકેસ :-** તે ખોરાક અને ઉર્જાના ભાવમાં થતી ચળવળને કારણે થતી અસ્થિરતા વિના માલ અને સેવાઓ માટે ગ્રાહકો દ્વારા ચુકવવામાં આવતી કિંમતોને માપે છે. તે અંતર્ગત ફુગાવાના વલણોને માપવાનો એક માર્ગ છે.

**Inflation**

References.


- Dr. S. Jamuna. "Inflation and its Impact on Indian Economy"

International Journal of Application on Innovction in Engineering of Management (IJAIEM). Volume-5 Issue-4 April-2016. ISSN 2319-4847

- See the Press interview of Dr. Y. V. Reddy. Governor, Reserve Bank of India, in Hindus Business line April 7 2007.
- Inflation rates in India, World Datan, Into Sept, 2022
- India Inflation Rate 1960-2022 / Macro Trends,
- https : // WWW. Macrotrends. net / countries / Ind / Intiation rate - CPI > India
- https : // data. worldbank. org > Indiacotor : FP. CPI Yotlezg.

# એકમ-8 મૂડીવાદ અને સરકારનો હસ્તક્ષેપનું અસ્તિત્વ

-: રૂપરેખા :-


8.1 પ્રસ્તાવના

8.2 મૂડીવાદની વ્યાખ્યાઓ

8.3 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લક્ષણો

8.4 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ

8.5 મૂડીવાદી આર્થિક પદ્ધતિના ગેરલાભ

8.6 આર્થિક પદ્ધતિઓ

8.7 મૂડીવાદમાં સરકારનો હસ્તક્ષેપ

8.8 અર્થતંત્રમાં રાજ્યનો વધુ પડતો હસ્તક્ષેપ

8.9 મૂડીવાદમાં રાજ્યના હસ્તક્ષેપ બાબતે અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય

8.10 પ્રો. એડમ સ્મિથ

8.11 અન્ય અર્થશાસ્ત્રીઓ

8.12 સમીક્ષા

8.13 Capitalism


## 8.1 પ્રસ્તાવના

કોઈપણ દેશના અર્થતંત્રને ચલાવવાની પદ્ધતિને આર્થિક પદ્ધતિ કહેવામાં આવે છે. વિશ્વમાં 18મી સદીના ઉતરાર્ધમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ તે પહેલાં વિશ્વના બધા દેશોમાં વ્યવહારિક રીતે બજારતંત્ર ઉપર આધારિત આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં હતી. બજારતંત્ર આધારિત પદ્ધતિને મુક્ત અર્થતંત્ર અથવા મૂડીવાદી આર્થિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિ માનવીની આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ત્યારથી કુદરતી રીતે વિકસેલી પદ્ધતિ છે. આમ, મૂડીવાદી પદ્ધતિ એ વિશ્વમાં સૌથી જૂની, કુદરતી તથા બહુ વ્યાપક એવી આર્થિક પદ્ધતિ છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિ એટલે કે Capitalism એ શબ્દ પ્રયોગ વિશેષ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી વધુ પ્રચલનમાં આવ્યો છે. મૂડીવાદી પદ્ધતિ એ એવી અર્થવ્યવસ્થા છે કે જેમાં બધી ક્રિયા પ્રક્રિયાઓ આપોઆપ થતી રહે છે. તેથી જ મૂડીવાદી અર્થવ્યવસ્થાને સ્વયં સંચાલિત અર્થવ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. મૂડીવાદમાં ભાવપ્રક્રિયા એક એવી ધરી છે કે મૂડીવાદની બધી ક્રિયા પ્રક્રિયાઓના સ્વયં સંચાલનનું કાર્ય કરે છે. ભાવપ્રક્રિયા એક એવું લોહચુંબકીય સુદર્શનચક્ર છે કે જેની આજુબાજુ સમગ્ર મૂડીવાદ ઘૂમ્યા કરે છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિ એટલે રાજ્યની કોઈ વિશેષ રાજ્યની દખલગીરી કે રાજ્ય દ્વારા પ્રેરિત આર્થિક પ્રવૃત્તિઓ વિના માત્ર બજારના નિર્દેશો (ડાયરેક્ટરો)ને આધારિત ઉત્પાદનના સાધનોનો વિવિધ ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં રોકાણ ઉત્પાદન, વિનિમય અને વહેંચણી અંગેના નિર્ણયો રાજ્યના કોઈ જ હસ્તક્ષેપ વિના લેવાય અને તે અનુસાર આર્થિક પ્રવૃત્તિઓ ચાલતી હોય તેવું અર્થતંત્ર.

મૂડીવાદી અર્થતંત્ર સિવાય સમાજવાદી આર્થિક વ્યવસ્થા સંદર્ભે ઈ.સ. પૂર્વેના સમયમાં ગ્રીસમાં કેટલાંક (પ્લેટો) ફિલોસોફરો, વિચારકો અને તત્ત્વચિંતકોએ સમાજવાદી વિચારો

રજૂ કર્યા હતા. જેમાં આર્થિક પ્રવૃત્તિઓના સંચાલનમાં રાજ્યની દખલગીરી એટલે કે રાજ્યના હસ્તક્ષેપની જરૂરિયાત દર્શાવાઈ હતી. આ પછી મધ્યયુગમાં યુટોપિયા નામથી પ્રચલિત એવા કાલ્પનિક સમાજવાદના વિચારો વ્યક્ત થયા હતા. ઔદ્યોગિક ક્રાંતિ પછી કેટલાંક યુરોપીય વિચારકો જેવાં કે રોબર્ટ ઓવન, બારબારા વુટન વગેરેએ લોકશાહી સમાજવાદી વ્યવસ્થાના વિચારો રજૂ કર્યા હતા. કાર્લ માર્કસ અને એન્જલે ઇ.સ. 1848માં સમાજવાદી વિચારોને વધુ વૈજ્ઞાનિક રીતે 'દાસ કેપિટલ' પુસ્તકમાં રજૂ કર્યા અને તેના આધારે ઇ.સ. 1917માં રશિયામાં બોલ્શેવિક ક્રાંતિ વડે સમાજવાદી વ્યવસ્થા અથવા સમાજવાદી આર્થિક પદ્ધતિની શરૂઆત થઈ. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અને તે પછી પૂર્વ યરોપના દેશો તથા ક્યુબા, ચીન, ઉત્તર કોરિયા વગેરેમાં સમાજવાદી આર્થિક વ્યવસ્થાનો વિસ્તાર થયો. બીજા વિશ્વયુદ્ધ પછી ઇંગ્લૅન્ડમાં રાષ્ટ્રીયકરણ અને રાજ્યના નિયંત્રણોની નીતિ વડે મિશ્ર આર્થિક પદ્ધતિ શરૂ થઈ અને નવા સ્વતંત્ર થયેલાં કેટલાંક અલ્પવિકસિત દેશોમાં પણ મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ છે, મૂડીવાદી આર્થિક પદ્ધતિ, સમાજવાદી આર્થિક પદ્ધતિ અને મિશ્ર આર્થિક પદ્ધતિ. આ મુખ્ય આર્થિક પદ્ધતિઓ પૈકી મૂડીવાદી આર્થિક પદ્ધતિ વધુ સફળ થવા પામી છે અને વિશ્વના મોટા ભાગના દેશોમાં તેનો સ્વીકાર થવા પામ્યો છે.

ઔદ્યોગિક ક્રાંતિ પછી ફ્રાંસમાં લૂઈ 14માંના શાસનમાં તેના અધિકારીએ ફ્રાંસના વ્યવસાયિકોને રાજ્ય દ્વારા મદદ કરવા સંદર્ભે પૂછવામાં આવ્યું ત્યારે વ્યાવસાયિકોએ જણાવ્યું હતું કે "અમને અમારા ઉપર છોડી દો, અમને રાજ્યની કોઈ મદદ કે દખલની જરૂર નથી." ફ્રાંસના પ્રકૃતિવાદીઓ (ફિઝિયોક્રેટ્સ)ની વિચારસરણી એક તરફ કૃષિને મહત્ત્વ આપવાની હતી તો બીજી તરફ ધંધા-ઉદ્યોગક્ષેત્રે લેઝેફેર (Lassez Fair) નીતિમાં માનતા હતા. એટલે કે મુક્ત અર્થતંત્ર એ તેમનો (ફિઝિયોક્રેટ્સ) આદર્શ હતો. ઇંગ્લૅન્ડમાં ઇ.સ. 1773માં એડમ સ્મિથે "Nature and Causes of Wealth of Nations" પુસ્તકમાં મુક્ત અર્થતંત્રની હિમાયત કરી હતી. જેમાં ખાનગી મૂડી તથા ખાનગી વ્યવસાયિકોને આર્થિક પ્રવૃત્તિઓ કરવા અંગે પૂર્ણ છૂટ, નફો અને આવકો કમાવવાની સ્વતંત્રતા, મુક્ત હરીફાઈ અને રાજ્યની દખલનો અભાવ તથા બજારતંત્ર આધારિત નિર્ણયોની હિમાયત કરી હતી. આમ, ઔદ્યોગિક ક્રાંતિ પછીના સમયમાં 18મી સદીના ઉત્તરાર્ધમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં આધુનિક મૂડીવાદી આર્થિક પદ્ધતિની જોરદાર હિમાયત કરવામાં આવી હતી. આ મૂડીવાદી વ્યવસ્થામાં આર્થિક નિર્ણયો બજારતંત્ર દ્વારા જ લેવાય છે અને તેમાં સામાન્ય સંજોગોમાં રાજ્ય દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવતો નથી.

## 8.2 મૂડીવાદની વ્યાખ્યાઓ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિ ઉત્પાદનની વહેંચણી પોતાની રીતે જ કરી છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી તેનો પ્રાણ છે. યંત્ર-ઉદ્યોગ અને નવી ટેક્નોલૉજી તેનો આધાર છે. આર્થિક વિકાસ અને વિસ્તાર વડે નફો કમાવવો તેનો મુખ્ય હેતુ છે. બહુજનના સુખ માટે તીવ્ર હરીફાઈ તેનું ચાલક તત્ત્વ કે બળ છે. નિરંકુશ ભાવનિર્ધારણ તેનું ચોકઠું છે. મૂડીવાદી આર્થિક વ્યવસ્થાને પોતાની એક આગવી વિશિષ્ટ ફિલસૂફી છે. ટૂંકમાં મૂડીવાદ એ આર્થિક સંગઠનની એક એવી પદ્ધતિ છે. જેમાં માનવીએ રચેલી અને કુદરતે સર્જેલી મૂડીની માલિકી ખાનગી હોય છે અને તેનો ઉપયોગ ખાનગી નફાના ધોરણે થતો હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

(i) જી.ડી.એચ.કોલના મત મુજબ "મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ મળતર પ્રાપ્ત

કરવાની ઉત્પાદન પદ્ધતિ છે. જેમાં ઉત્પાદનના બધા સાધનો ખાનગી માલિકીના હોય છે.''

(ii) મેક્સ વેબરના મતે ''બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ.''

(iii) પ્રખ્યાત અર્થશાસ્ત્રી લિપ્સનના મત મુજબ ''મૂડીવાદનું મુખ્ય લક્ષણ એ છે કે તે પદ્ધતિમાં શ્રમિકોને વેતન આપીને તેમના શ્રમના માલિકી હક્કો લઈ લેવામાં આવે છે. પરિણામે શ્રમજીવી માત્ર પોતાની મહેનત-મજૂરીનું ફળ વેચતો નથી. પરંતુ ખુદ શ્રમ જ વેચે છે.''

(iv) જહોન સ્ટેચી : ''મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનના સાધનો ઉપર જેમની માલિકી નથી તે, જેમની માલિકી છે તેમના નફા માટે કામ કરે છે. મૂડીવાદમાં નફો-સ્નેહ નહીં - જગતને ફરતું રાખે છે. માત્ર નફાની આશાએ જ ઉત્પાદનના સાધનોના માલિકો તેમના ઉપયોગની પરવાનગી આપે છે.''

(v) વેબના મતે - ''મૂડીવાદમાં કારીગરોનો વિશાળસમૂહ સાધનોની માલિકીથી અળગો બનતો હોય છે. શ્રમિકોની જીવાદોરી મૂડીપતિઓની ઇચ્છા પર અવલંબે છે. શ્રમ કરીને, મહેનત વેચીને જીવવાનું હોય છે. સ્વહિત અર્થાત્ નફા હેતુથી ઉત્પાદકો ઉત્પાદનની વ્યવસ્થા કરે છે.''

## 8.3 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લક્ષણો :

### (1) ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી :

મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં બે ભાગ પડે છે. જ્યાં એક વર્ગ ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવે છે. તે ખાનગી માલિકી છે. મૂડીવાદી અર્થતંત્રોમાં એક ખાનગી ક્ષેત્ર અસ્તિત્વમાં છે જે ઉત્પાદનના સાધનો કયા ક્ષેત્રમાં રોકવા, કેટલા પ્રમાણમાં રોકવા તે બાબતે તેઓ મુક્ત રીતે - સ્વતંત્ર રીતે કોઈના પણ હસ્તક્ષેપ વિના આર્થિક નિર્ણયો લેતા હોય છે. તેમનો વ્યવસાય કેવી રીતે ચલાવવો, કેટલું ઉત્પાદન કરવું, શું ભાવ રાખવો, કેટલા લોકોને રોજગારીએ રાખવા, કેટલું વેતન ચૂકવવું, કઈ વસ્તુનું ઉત્પાદન કરવું વગેરે તમામ નિર્ણયો ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવનાર માલિક સ્વતંત્ર રીતે નિર્ણય લે છે. બીજો વર્ગ કે જે ઉત્પાદનના સાધનનો માલિક નથી તે વર્ગ ઉત્પાદનના સાધનના માલિકનો આશ્રિત હોય છે અને તેના નિર્ણયોને અનુસરે છે.

### (2) આર્થિક પ્રવૃત્તિનો હેતુ માત્ર નફો કે કમાણી કરવાનો :

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં કંપનીએ કે તેના માલિકો નફો કરવા માટે જ અસ્તિત્વ ધરાવે છે. તમામ કંપનીઓનો હેતુ માત્ર નફા માટે માલ એટલે કે ચીજવસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરી વેચાણ કરવુ હોય છે. મૂડીવાદમાં માત્ર લોકોની જરૂરિયાતોને સંતોષવા માટે અસ્તિત્વમાં નથી. પરંતુ જેઓ માંગ કરે છે તે વસ્તુ સારી કે ખરાબ હોય પણ જેમાં વધુ નફો મળતો હોય ત્યાં જ ઉત્પાદનના સાધનો ગતિશીલ બને છે. એટલે કે કેટલીક વસ્તુઓ અથવા સેવાઓ જરૂરિયાતોને સંતોષતી હોય તે ત્યારે જ ઉપલબ્ધ થશે. જ્યારે લોકો પાસે તેમના માટે ચૂકવણી કરવા માટે સંસાધનો હોય અને તે ઉત્પાદક માટે નફાકારક હોવી જોઈએ.

### (3) મૂડીને જ પ્રાધાન્ય :

ઉત્પાદનના ચાર સાધનો શ્રમ, જમીન, નિયોજક અને મૂડી છે. આ ચાર સાધનો

પૈકી માત્ર મૂડીને જ પ્રાધાન્ય અપાતું હોવાથી મૂડીવાદી આર્થિક પદ્ધતિ તરીકે પ્રખ્યાત બની છે. દેશના આર્થિક વિકાસનો આધાર મૂડી સંચય દ્વારા મૂડીના જથ્થા અને પુરવઠામાં વધારો કરવાનો છે. ઉત્પાદનના અન્ય સાધનો કરતાં રાષ્ટ્રના વિકાસદર વધારવામાં માત્ર મૂડીના રોકાણ ઉપર જ ભાર મૂકવામાં આવે છે. આમ મૂડીવાદી આર્થિક પદ્ધતિનું મહત્ત્વનું લક્ષણ મૂકીને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(4) બજારતંત્ર આધારિત કિંમત નિર્ધારણ :**

સામાન્ય રીતે કિંમત નિર્ધારણ બજારની કુલ ચીજવસ્તુઓની માંગ અને કુલ પુરવઠા દ્વારા નક્કી થાય તેને બજારતંત્ર આધારિત કિંમત નિર્ધારણ કહેવામાં આવે છે. સંપૂર્ણ સ્વતંત્ર ભાવનિર્ધારણ છે. બજારની કુલ માંગ કે પુરવઠામાં થતાં ફેરફારોની અસર ભાવો ઉપર થાય છે. સરકાર ઊંચા કે નીચા ભાવો દરમ્યાન કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો સ્વયં સંચાલિત બજાર વ્યવસ્થા કે કિંમત નિર્ધારણ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જોવા મળે છે.

**(5) ગ્રાહક સર્વોપરિ અથવા બજારનો રાજા :**

કિંમત નિર્ધારણ બજાર માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી હોવાથી ગ્રાહકો જે ચીજવસ્તુઓની માંગ કરશે તે જ વસ્તુઓનું ઉત્પાદન ઉત્પાદકો કરશે. કારણ કે તેનો માલ વેચાઈ જવાથી નફો ઉત્પાદકને મળશે. ગ્રાહક સારી, નરસી કે વ્યસની વસ્તુની માંગ કરશે તો ઉત્પાદનના સાધનો તે જ વસ્તુની ઉત્પાદન પ્રક્રિયામાં રોકાશે. ગ્રાહકોની પસંદગી, રૂચિ, ટેવ, ફેશન કે ખરીદશક્તિ વગેરે વસ્તુ અને સેવાના ભાવ અને ગુણવત્તા નિર્ધારણમાં ભાગ ભજવે છે. મૂડીવાદી અર્થતંત્રમાં ગ્રાહકોને રાજા કે સર્વોપરિ ગણવામાં આવે છે.

**(6) રાજ્ય સરકારનો હસ્તક્ષેપ નહીં :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વેપારધંધા અને ઉદ્યોગક્ષેત્રે હરીફાઈને પ્રોત્સાહન મળે છે. પરિણામે ગ્રાહકો વાજબી ભાવે, ઊંચી ગુણવત્તાયુક્ત વસ્તુઓ અને સેવા મળી રહે તેવી મુક્ત અર્થતંત્રની વ્યવસ્થા છે. સરકાર કે રાજ્ય સરકાર વેપાર-ધંધા અને ઉદ્યોગના વિકાસ માટે અનુકૂળતા ઊભી કરે છે. તેમજ જરૂરી માળખાકીય સગવડો વધારે છે. ધંધાકીય ક્ષેત્રે બિનજરૂરી નિયમનો કે અંકુશો લાદવામાં આવતા નથી. તેમજ આર્થિક પ્રવૃત્તિઓમાં ઓછામાં ઓછી દખલગીરી હોય છે. આમ રાજ્ય સરકારનો હસ્તક્ષેપ આર્થિક ક્ષેત્રે જોવા મળતો નથી.

**(7) ટેક્નોલૉજીનો વિકાસ**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ખાનગી ક્ષેત્રનું વર્ચસ્વ હોવાથી વ્યક્તિગત ધંધાકીય સાહસોના વિકાસને પ્રોત્સાહન મળે તેવું તંદુરસ્ત આર્થિક વાતાવરણ હોય છે. પરિણામે મૂડીવાદમાં આર્થિક સ્વાતંત્ર્ય અને વ્યક્તિગત પહેલવૃત્તિને લીધે ટેક્નોલૉજીનો વિકાસ થઈ શકે તેવું આર્થિક વાતાવરણ સર્જાય છે. પરિણામે મૂડીવાદી દેશોમાં ટેક્નોલૉજીનો વિકાસ ઘણી ઝડપથી થાય છે. ઉત્પાદન પણ સારા પ્રમાણમાં ટેક્નોલૉજીના વિકાસને કારણે થાય છે.

**(8) ખાનગી મિલકત અને વારસામાં મિલકતનો અધિકાર :**

મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં ઉત્પાદનના સાધનોની માલિકી સ્વતંત્ર હોવાથી ખાનગી મિલકતના માલિકી હક્કનો સ્વીકાર કરવામાં આવે છે. મિલકત ઉપર વ્યક્તિઓના હક્ક અને અંકુશને કારણે વ્યક્તિ ગમે તેટલી મિલકત રાખી શકે, પોતે ઇચ્છે તે

મુજબ મિલકતને વેચી શકે, તેનો ઉપયોગ કરી શકે, મિલકત ગીરો મૂકી શકે, દાનમાં આપી શકે અને પોતે ઇચ્છે તેમ પોતાની મિલકતનો વહીવટ વ્યક્તિ કરી શકે, તેમાં કોઈનીય ડખલગીરી હોતી નથી. વળી, પોતાના વારસદારને વારસામાં મિલકત આપવાનો અબાધિત અધિકાર હોવાથી વધુ મિલકત એકઠી કરવાનો કે વધુ નફો કરવાની કે કમાવાનું પ્રોત્સાહન મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદકો, વ્યક્તિઓ કે ઉત્પાદનના સાધનોના માલિકને હોય છે.

**(9) મુક્ત હરીફાઈ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિનું આ એક આગવું લક્ષણ છે. વધુ ને વધુ ગ્રાહકો મેળવવા માટે વેપારીઓમાં હરીફાઈ થાય છે. ગ્રાહકો પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદવા માટે હરીફાઈ કરે છે. કારખાનાઓમાં નોકરી મેળવવા મજૂરો વચ્ચે હરીફાઈ થાય છે અને સારા કુશળ, હોંશિયાર મજૂર મેળવવા કારખાનાના માલિકો હરીફાઈ કરે છે. મૂડી વ્યાજે અને ઉછીની આપનારાઓમાં અને લેનારાઓ વચ્ચે હરીફાઈ અસ્તિત્વમાં આવે છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનના ચારેય સાધનોમાં વધુ સારું વળતર પ્રાપ્ત કરવા મુક્ત હરીફાઈ થતી જોવા મળે છે.

## 8.4 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ કે સિદ્ધાંતો નીચે મુજબ છે.

**(1) ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ :**

ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોવાથી ઉત્પાદક પોતાના સાધનોનો મહત્તમ ઉપયોગ કરી નફો કમાવવાનો પ્રયત્ન કરે છે. વળી, ગ્રાહકો સર્વોપરી હોવાથી તેઓની માંગ મુજબ ઉત્પાદનના સાધનનો માલિક ઉત્પાદન કરશે. ઉત્પાદનના સાધનના માલિકને ઉત્પાદનના સાધનો લાંબા સમય સુધી બિન કાર્યક્ષમ રાખવા પોષાતા નથી. આથી ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે.

**(2) ઉત્પાદનમાં વધારો :**

વ્યક્તિની આર્થિક અને કદાચ રાષ્ટ્રીય કક્ષાએ રાજકીય સ્વતંત્રતામાં ગંભીર કાપ મૂક્યા સિવાય મૂડીવાદી આર્થિક પદ્ધતિ માનવીની વસ્તુઓ અને સેવાઓની જરૂરિયાતોને સંતોષવામાં વધુ અનુકૂળ થઈ શકે તેમ છે. વળી, કાર્યક્ષમ ઉત્પાદનની બાબતમાં મૂડીવાદી અર્થ પદ્ધતિની સૌથી મોટી સિદ્ધિ એ છે કે સમયને અનુરૂપ કુલ ઉત્પાદન તથા આર્થિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો માલુમ પડે છે. મૂડીવાદી અર્થવ્યવસ્થાએ હંમેશાં ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો અને કુલ ઉત્પાદન વધારવાનો પ્રયાસ કર્યો છે. કાર્લ માર્ક્સ જેવા સમાજવાદી વિદ્વાને પણ મૂડીવાદની આ સિદ્ધાંતની પ્રશંસા કરી છે.

**(3) ઊંચું જીવનધોરણ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિનો મહત્ત્વનો લાભ એ છે કે ઉત્પાદનમાં અનેક ગણો વધારો થતાં ટેક્નોલોજિકલ પ્રગતિને કારણે કુલ ઉત્પાદકતામાં વધારો થવાથી લોકોનું જીવનધોરણ વ્યાપકપણે સુધર્યું છે. વપરાશી ચીજવસ્તુઓ અને સુખસગવડ તથા મોજશોખની ચીજવસ્તુઓનું ઉત્પાદન પ્રમાણ વધતા લોકોની માથાદીઠ આવક વધી છે. આમ, વધતી જતી ઉત્પાદનશક્તિ અને ઊંચા જીવનધોરણના ફાયદા સમાજના તમામ અમીર-ગરીબ વર્ગને થાય છે. ખાનગી સાહસિકોની આર્થિક તાકાત અને નફાના હેતુઓના પ્રોત્સાહક પરિબળો એ મોટા પ્રમાણમાં નવી ચીજવસ્તુઓ અને

સેવાઓનું ઉત્પાદન શક્ય બનાવી માનવ જીવનધોરણમાં ખૂબ જ સુધારો થયો છે.

**(4) પરિવર્તનશીલતા :**

અર્થશાસ્ત્રી શુમ્પીટરના મતે મૂડીવાદ સ્વભાવથી જ આર્થિક પરિવર્તનની પદ્ધતિ છે. તે કદી સ્થિર હોતી નથી. મુડીવાદના એન્જિનને ગતિમાં મૂકનાર અને ગતિમાં રાખનાર પાયાના બળો વપરાશની નવી વસ્તુઓ ઉત્પાદન અને વાહન-વ્યવહારની નવી પદ્ધતિઓ, નવા બજારો અને મૂડીવાદી સંચાલનમાંથી ઉદ્‌ભવતા નવા ઔદ્યોગિક સ્વરૂપોમાં આવે છે. અસંખ્ય અંકુશોની વચ્ચે પણ મૂડીવાદી આર્થિક પદ્ધતિ આજે પણ ટકી રહી છે. તે જ તેની પરિવર્તનશીલતા પુરવાર કરે છે.

**(5) ઉત્પાદન સાધનની આવડત મુજબ આવકની વહેંચણી :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં પ્રત્યેક વ્યક્તિ કે ઉત્પાદનના સાધનને તેની જરૂરિયાત મુજબ નહીં, પરંતુ તેની યોગ્યતા મુજબ આવક પ્રાપ્ત થાય છે. જેઓ વધુ કાર્યક્ષમ અને યોગ્ય આવડત ધરાવતાં સાધનોને વધુ ઊંચી આવક અને ઓછી કાર્યક્ષમતા ધરાવતો અયોગ્ય ઉત્પાદનના સાધનને ઓછી આવક પ્રાપ્ત થાય છે.

**(6) ટેક્નોલૉજીના વિકાસનો લાભ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં અત્યંત શક્તિશાળી એવા યંત્ર વૈજ્ઞાનિક પરિવર્તનો સર્જાર્યા છે અને એકધારો વિકાસ થતો જોવા મળે છે. નવી જ કૃષિ અને ઔદ્યોગિક ક્રાંતિ દાખલ થઈ છે. યંત્ર વિદ્યાના ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં એન્જિનિયરો, ભૌતિક શાસ્ત્રીઓ, રસાયણશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ વગેરેએ અસંખ્ય ઉત્તમ કક્ષાના જાણકારીનો મહામૂલો ફાળો મૂડીવાદમાં જોવા મળે છે. જે પેઢી કે ઉદ્યોગ જૂની પુરાણી પદ્ધતિથી ઉત્પાદન ચાલુ રાખે છે તેઓ હરીફાઈમાં ટકી શકતા નથી જ્યારે બિલકુલ નવી ટૅક્નોલૉજીના ઉપયોગથી નવી પદ્ધતિથી ઉત્પાદન કરતી પેઢીઓ કે ઉદ્યોગો માટે પ્રગતિના દ્વાર હંમેશાં ખુલ્લાં રહે છે. આમ, મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં યંત્રવિદ્યા કે ટૅક્નોલૉજીનો વિકાસ એ મહત્ત્વની સિદ્ધિ ગણાય.

**(7) મુક્ત બજાર આધારિત સ્વયં સંચાલિત અર્થવ્યવસ્થા :**

ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી અને મુક્ત બજાર આધારિત અર્થવ્યવસ્થાને કારણે નિયોજક તમામ આર્થિક નિર્ણયો જેમાં કે શું ઉત્પાદન કરવું, કેટલું ઉત્પાદન કરવું, ક્યાં અને કેવી રીતે ઉત્પાદન કરવું, ઉત્પાદનના સાધનોની ફાળવણી કેવી રીતે કરવી તે તમામ આર્થિક નિર્ણય લેવાની માલિક સ્વતંત્રતા ધરાવે છે. તેમજ માંગ અને પુરવઠા વડે બજાર આધારિત કિંમત નિર્ધારણ અને અર્થતંત્રમાં સ્વયંસંચાલિત અર્થ વ્યવસ્થા જોવા મળે છે. જે અનેક ગણું ઉત્પાદન વધારે છે.

## 8.5 મૂડીવાદી આર્થિક પદ્ધતિના ગેરલાભ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ કરતાં ગેરલાભો વધુ છે.

**(1) આવકની અસમાન વહેંચણી :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં રાષ્ટ્રીય આવકની વહેંચણી ખૂબ જ અસમાન રીતે થઈ છે. સંપત્તિનું કેન્દ્રિયકરણ થાય છે. એક બાજુ વૈભવ વિલાસની ચીજવસ્તુઓનું મોટા પાયા પર ઉત્પાદન અને બીજી બાજુ પ્રાથમિક જરૂરિયાતોથી ગરીબો વંચતિ રહેતા હતા. મહત્તમ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ આવકની અસમાનતા એ અનિષ્ટ છે. આવકની અસમાનતાના મૂળમાં ત્રણ પરિબળો મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જવાબદાર છે. (1) મુક્ત બજારનું અસ્તિત્વ (2) ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી અને

(3) વારસા પ્રથા. ડૉ. ડાલ્ટન જણાવે છે કે "મૂડીવાદી આર્થિક પદ્ધતિના બે વર્ગો પડી જાય છે. એક વર્ગ મહેનત કર્યા વિના જીવે છે અને બીજો વર્ગ જીવ્યા વગર જ મહેનત કર્યા કરે છે." આમાંથી જ આવકની અસમાનતા વધે છે. જે મૂડીવાદી આર્થિક પદ્ધતિની એક મોટી મર્યાદા કે ખામી ગણી શકાય.

**(2) માનવ સુખાકારી અને નાણાકીય મૂલ્ય વચ્ચે સંઘર્ષ :**

અર્થશાસ્ત્રી જે. એ. હોલ્સનનો એવો અભિપ્રાય છે કે મૂડીવાદમાં માનવીના કલ્યાણનો વિચાર કરવામાં આવતો નથી. કોઈપણ પ્રવૃત્તિઓનો અંતિમ હેતુ માનવ સુખાકારીનો હોવો જોઈએ. પરંતુ મૂડીવાદમાં નિયોજકના તમામ નિર્ણયો માત્રને માત્ર નાણાકીય ગણતરીઓ કરીને જ ઉત્પાદન વધારવાનો હોય છે. આમ, માનવ સુખાકારી અને નાણાકીય મૂલ્ય વચ્ચે સંઘર્ષ જન્મે છે. જહોન સ્ટ્રેચીએ યોગ્ય જ કહ્યું છે કે મૂડીવાદી અર્થતંત્રમાં એક બાજુએ માનવી માટે ખોરાક અને રહેઠાણની ખેંચ હોય છે. જ્યારે બીજી બાજુ મોટરો અને સૌંદર્ય પ્રસાધનોનું એટલે કે મોજશોખની ચીજવસ્તુઓનું ઉત્પાદન મોટા પાયે થાય છે. અહીંયા માનવ કલ્યાણ કે માનવ સુખાકારીનો ખ્યાલ તદ્દન ગૌણ બની જાય છે.

**(3) શોષણની શક્યતાઓ :**

મૂડીવાદી અર્થતંત્રમાં નફો કેન્દ્રસ્થાને હોવાથી ઉત્પાદનના સાધનોનો માલિક ઉત્પાદનના સાધનોને નીચું વળતર આપી શોષણ કરે છે. વળી, નફો વધુ કમાવવાના હેતુથી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓમાં નીચી ગુણવત્તાની હલકી ચીજવસ્તુઓ ભેળવીને ગ્રાહકોને ઊંચી કિંમત ચૂકવવા મજબૂર કરે છે. આમ, નફાનો હેતુ શોષણને જન્મ આપે છે.

**(4) ઉત્પાદનના સાધનો વણવપરાયેલા અથવા સાધનોનો બગાડ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં મોટે ભાગે ઉત્પાદનના તમામ સાધનોનો ઉપયોગ અશક્ય છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં હરીફાઈને લીધે વિપુલ પ્રમાણમાં સાધનોનો દુર્વ્યય થાય છે. નિયોજકો હરીફાઈને લીધે ગ્રાહકોને આકર્ષવા એક જગ્યાએ એક કરતાં વધુ ઉત્પાદક કે વેચાણ એકમો સ્થાપે છે. પરિણામે સાધનોનો દુર્વ્યય થાય છે. દા.ત. એક વિસ્તારમાં એક પેટ્રોલ પંપ છે અને નફાનું ધોરણ ઊંચું હોવાથી એક કરતાં વધુ પેટ્રોલ પંપો તે વિસ્તારમાં થાય. જેથી નફો બધામાં વહેંચાઈ જાય છે અને ઉત્પાદનના સાધનોને પૂર્ણ રોજગારી મળશે નહીં અને કેટલાંક સાધનો વણવપરાયેલાં પડી રહેશે.

**(5) વ્યક્તિ હિત મહત્ત્વનું :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિ સ્વાર્થી બની જાય છે. દરેક વ્યક્તિ માત્ર પોતાના હિતને જ ધ્યાનમાં રાખીને આર્થિક પ્રવૃત્તિ કરે છે. વધુ નફા માટે શ્રમિકો છોડીને યંત્રનો આશરો લે છે. શ્રમિકોને નોકરીમાંથી છૂટા કરતાં ઉત્પાદન સાધનનો માલિક અચકાતો નથી. પરિણામે બેરોજગારીનું પ્રમાણ વધે છે. વ્યક્તિ સ્વાર્થી બનીને આવકની ઊંચી સપાટીએ પહોંચવા પ્રયાસ કરે છે. વારસદારોને વારસામાં વધુ મિલકત આપવાના હેતુસર બેફામ નફો મેળવવા અનેક પ્રકારના અખતરા કરી મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિવાદ અને સ્વાર્થ લોલુપતા ફૂલી ફાલે છે.

**(6) ઈજારાશાહીના પરિબળો :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં હરીફાઈના જરૂરી તત્ત્વનો અભાવ હોય છે. નફાનો

હેતુ, હરીફાઈ અને આધુનિક વિશાળ પાયા પરની ઉત્પાદન પદ્ધતિ ઈજારાશાહીના પરિબળો સર્જે છે. જે વાસ્તવમાં મૂડીવાદની વિરુદ્ધની સ્થિતિ છે. હરીફાઈનો નાશ કરીને ઈજારો અસ્તિત્વમાં આવે છે. વળી, મૂડીવાદમાં ઈજારો વ્યક્તિ સ્વાતંત્ર્યને પણ હણે છે અને સત્તાનું કેન્દ્રીયકરણ થાય છે. વળી, ઈજારાશાહીમાં નફાકારકતા અને ઉત્પાદકતા વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ જળવાતો નથી. આવી પદ્ધતિ અતિશય ખર્ચાળ અને સાધનોને દુર્વ્યય કરનારી છે. વ્યક્તિ સ્વાતંત્ર્યનો નાશ થાય છે. અર્થતંત્ર મુઠ્ઠીભર લોકોના હાથમાં આવે છે. તેથી આવકની અસમાનતા વધે, બેરોજગારીનું પ્રમાણ વધે અને ગ્રાહકો તેમજ શ્રમિકોનું ખૂબ જ શોષણ થાય છે. આમ, મૂડીવાદી અર્થતંત્રની આ મોટામાં મોટી મર્યાદા ગણી શકાય.

મૂડીવાદી આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં આવી ત્યારે શરૂઆતમાં તેના ફાયદાઓ જણાયા. પરંતુ ધીરેધીરે તેના અમલ બાદ કાળક્રમે આ પદ્ધતિના દુષણોથી માનવીના આર્થિક જીવનમાં સ્થિરતા આવી શકી નહીં. ખાસ કરીને મૂડીવાદના દૂષણોમાં બેકારી, આર્થિક અસમાનતા, ઔદ્યોગિક ઝઘડાઓ, વ્યાપાર ચક્રો (તેજી-મંદી) વગેરે દૂષણો અસ્તિત્વમાં આવ્યા. આ દૂષણોને કારણે સમાજવાદી આર્થિક પદ્ધતિનો સ્વીકાર થયો. પરંતુ કાળક્રમે સમાજવાદી પદ્ધતિમાં પણ મૂડીવાદી પદ્ધતિના દૂષણો દૂર થઈ શક્યા નહીં. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ગ્રાહકની સ્વતંત્ર પસંદગીનો અભાવ, અમલદારશાહી, કેન્દ્રીય આયોજન, નોકરશાહી જેવો ભાવ, સરમુખત્યારશાહીનો જન્મ અને કાર્યકુશળતાનો અભાવ જેવા અનિષ્ટો પેદા થયા.

આમ, સમાજવાદના અને મૂડીવાદી આર્થિક પદ્ધતિના દૂષણોને કારણે મિશ્ર અર્થતંત્રનો જન્મ થયો. વર્તમાન સમયમાં વિશ્વમાં લગભગ બધા જ દેશોમાં મિશ્ર અર્થતંત્ર આર્થિક પદ્ધતિ વધતે-ઓછે અંશે અસ્તિત્વમાં આવી છે.

## 8.6 આર્થિક પદ્ધતિઓ :

વિશ્વભરના રાષ્ટ્રો વિવિધ પ્રકારની આર્થિક પ્રણાલીઓનો ઉપયોગ કરે છે. આમાં મુખ્યત્વે બે પ્રકારો સમાજવાદ અને મૂડીવાદ છે. આ બંને આર્થિક પદ્ધતિઓ તદ્દન વિરુદ્ધ પ્રકારની છે. મિશ્ર અર્થતંત્ર પ્રણાલી એ સમાજવાદ અને મૂડીવાદનો સુભગ સમન્વય છે. એટલે કે, કેટલાંક લક્ષણો કે સારા પાસાં સમાજવાદના અને કેટલાંક સારા પાસાં (લક્ષણો) મૂડીવાદના સ્વીકારીને એક નવી આર્થિક પદ્ધતિ મિશ્ર અર્થતંત્ર અસ્તિત્વમાં આવ્યું છે. ભારત અને એશિયાના દેશો કે જે અલ્પવિકસિત કે વિકસતા જતા દેશોમાં આર્થિક પદ્ધતિ તરીકે મિશ્ર અર્થતંત્રને અપનાવ્યું છે. મૂડીવાદને તેના શુદ્ધ સ્વરૂપમાં મુક્ત બજાર અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. મોટેભાગે યુરોપીય દેશો જેવાં કે અમેરિકા, લંડન, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં મૂડીવાદી આર્થિક પદ્ધતિ અસ્તિત્વમાં છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિ રશિયા, યુગોસ્લાવિયા, ઝેકોસ્લાવિયા, પોલેન્ડ, જર્મની જેવા દેશોમાં અસ્તિત્વમાં છે.

શુદ્ધ મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી સંપૂર્ણપણે વ્યક્તિગત હોય છે. એટલે કે ખાનગી માલિકી હોય છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકાર કે રાજ્યની હોય છે. ખાનગી માલિકીનો અધિકાર સમાજવાદમાં નથી. પરિણામે સમાજવાદમાં પોતાના વારસદારોને વારસાઈમાં મિલકત આપી શકાતી નથી. જ્યારે મૂડીવાદમાં વારસદારોને વારસાઈમાં મિલકત આપવાની હોવાથી ખૂબ જ મહેનત કરીને ગમે તે ભોગે વધુ સંપત્તિ કે મિલકત એકઠી કરવાનો પ્રયાસ ઉત્પાદનના સાધનનો માલિક કરે છે. મિશ્ર અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી એકમો

અને સરકારની એમ સંયુક્ત રીતે હોય છે. વારસા વેરો ભરીને પણ વારસદારોને મિલકત કે સંપત્તિ કાયદેસર રીતે આપી શકે છે અને બક્ષિશ પણ આપી શકે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં બજારોમાં માંગ અને પુરવઠા દ્વારા વસ્તુની કિંમત નક્કી થાય છે. એટલે કે કુલ બજાર માંગ અને કુલ બજાર પુરવઠા દ્વારા મુક્તપણે બજારકિંમત નક્કી કરાય છે. જેમાં સરકારનો હસ્તક્ષેપ એકદમ ન્યૂનતમ હોય છે. જ્યારે સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની કે સમાજની હોવાથી બજાર કિંમત સરકાર દ્વારા નક્કી થાય છે. એટલે કે બજાર કિંમત ઉપર સરકારનો સંપૂર્ણ હસ્તક્ષેપ હોય છે. જ્યારે મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિમાં ખાનગી માલિકી હક્ક અને સરકારનો અંકુશ ધરાવતી હોવાથી સંપૂર્ણ બજાર કિંમત ખાનગી માલિકો નક્કી કરી શકતા નથી. કિંમત નિર્ધારણમાં સરકારનો હસ્તક્ષેપ કેટલેક અંશે હોવાથી સંયુક્ત રીતે કિંમત નિર્ધારણ થાય છે.

મૂડીવાદી અર્થતંત્રમાં ધન-સંપત્તિ ભેગી કરવાની આઝાદી છે. મૂડીવાદમાં મનુષ્ય જીવનનો મૂળભૂત હેતુ સંપત્તિના ઉપાર્જન અને ''પૈસો મારો પરમેશ્વર'' છે. સંપત્તિ પ્રાપ્ત કરવાના આડે આવતા તમામ અવરોધો દૂર કરી વારસાગત સંપત્તિ આપવા માટે સખ્ત મહેનત ઉત્પાદનના સાધનોના માલિક કરે છે. શ્રમિકો અને ગ્રાહકોનું શોષણ કરી વધુ સંપત્તિ મેળવવા ઉત્પાદનના સાધનો સક્રિય રહે છે. નફો મૂડીવાદી વ્યવસ્થાનું સંચાલક બળ છે. ઉત્પાદનના સાધનોનો માલિક ઉત્પાદન ખર્ચ ઘટાડવા ઉત્પાદનના સાધનોને નીચી કિંમત ચૂકવવા (વળતર) તેમજ ગ્રાહકો પાસથી ઊંચી કિંમત પ્રાપ્ત કરવાનો મુખ્ય હેતુ હોય છે. ઉત્પાદકો વધુ કિંમતો મેળવવા માટે અને બજારમાં હરીફાઈમાં ટકવા માટે નવી ટેક્નોલૉજી, નવી નવી વસ્તુઓ બજારમાં મૂકી ગ્રાહકોને વસ્તુઓ ખરીદવા પ્રોત્સાહિત થાય તે માટે મોટી મોટી જાહેરાતો દ્વારા પ્રચાર-પ્રસાર કરી ગ્રાહકોને વસ્તુ ખરીદવા માટે લલચાવે છે. ગ્રાહકો છેતરપીંડીનો ભોગ પણ બને છે. ઉત્પાદકો વધુ નફો મેળવી ફરી એ નફાનું મૂડીરોકાણ કરી ફરી નફો પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે. એટલે કે નફો અને મૂડીરોકાણનું ચક્ર ચાલક બળ તરીકે સતત ચાલુ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જોવા મળે છે. સરકાર કે સમાજ તેમાં કોઈ જ નિયંત્રણ કે નિયમન કરતાં નથી.

સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ધન કે સંપત્તિ એકઠી કરવાની કોઈ સત્તા ઉત્પાદનના સાધનોને નથી. વારસદારોને કોઈ સંપત્તિ વારસામાં મળતી નથી. કારણ કે બધી જ સંપત્તિના માલિક સરકાર કે સમાજ હોય છે. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં નફાના હેતુથી નહીં, પરંતુ સમાજની જરૂરિયાત મુજબ ઉત્પાદન કરવામાં આવે છે. ઉત્પાદનનો હેતુ સમાજની સેવા કરવાનો હોઈ અને ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોવાથી માલના વેચાણ માટે કોઈપણ પ્રકારની જાહેરાત કરી અથવા હરીફાઈ કરવાની જરૂરિયાત હોતી નથી. આથી ગ્રાહકોને લલચાવવા કે માલનું વધુ વેચાણ કરી ગ્રાહકોને ઊંચી કિંમત ચૂકવવા કે છેતરપીંડીનો કોઈ અવકાશ રહેતો નથી. સમાન ગુણી વસ્તુના સમાન ભાવની સ્થિતિ એટલે કે મોટેભાગે પૂર્ણ હરીફાઈવાળું બજાર જોવા મળે છે. સરકાર ચીજવસ્તુના ઉત્પાદનમાં મૂડીરોકાણ કરી ઉત્પાદન કરે છે. બજાર ઉપર સરકારનો અંકુશ જોવા મળે છે.

મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિમાં જાહેરક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર અને સંયુક્ત સાહસોનું સહઅસ્તિત્વ જોવા મળે છે. અર્થશાસ્ત્રમાં જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર એકબીજાના પૂરક તરીકે કામગીરી બજાવે છે. ઉત્પાદનનો હેતુ માત્રને માત્ર નફો જ કરવાનો નહીં, પરંતુ લોકોની જરૂરિયાતો સંતોષવા એટલે સેવાનો પણ રહેલો છે. મિશ્ર અર્થતંત્રમાં મૂડીવાદની માફક મુક્ત બજારતંત્ર એટલે ભાવતંત્રને મુક્ત રાખવાનો અને સમાજવાદની માફક બજારતંત્રનું અસ્તિત્વ જ ન હોય. સરકાર જ ભાવતંત્ર (કિંમતો) ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવે છે તેવું હોતું નથી. પરંતુ ભાવતંત્રને સંપૂર્ણ મુક્ત કે સંપૂર્ણ અંકુશિત રાખવાને બદલે

દેશની આર્થિક નીતિ અને નિયોજન દ્વારા ભાવતંત્રને નિયંત્રિત કરવામાં આવે છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિની જેમ અસામાન્ય નફો નહીં, પરંતુ સામાન્ય નફા સાથે આર્થિક પ્રવૃત્તિ કરવામાં આવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં આર્થિક નિર્ણયો ખાનગી ઉત્પાદનના સાધનોના માલિકો એટલે કે ખાનગી ક્ષેત્ર લે છે. જ્યારે સમાજવાદી આર્થિક પદ્ધતિમાં સરકાર દ્વારા આર્થિક નિર્ણયો લેવામાં આવે છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં આર્થિક નિર્ણયો આર્થિક આયોજન અમલમાં મૂકી ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્રના સહઅસ્તિત્વ દ્વારા આર્થિક આયોજન મુજબ લેવામાં આવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યક્તિના આર્થિક જીવનમાં સરકારનો બિલકુલ હસ્તક્ષેપ હોતો નથી. સમાજવાદી આર્થિક પદ્ધતિમાં સરકારનો વ્યક્તિના આર્થિક જીવનમાં સંપૂર્ણ હસ્તક્ષેપ હોય છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં સરકાર વ્યક્તિના આર્થિક જીવનમાં કેટલેક અંશે હસ્તક્ષેપ કરે છે. પરંતુ આવો હસ્તક્ષેપ અમુક ચોક્કસ યોજના પ્રમાણે હોય છે. આથી જ વિદ્વાન અર્થશાસ્ત્રી એ. પી. લર્નર મિશ્ર અર્થતંત્રને ''અંકુશિત અર્થતંત્ર'' (Controlled Economy) અને પ્રો. હેન્સન 'દ્વિલક્ષી અર્થતંત્ર' તરીકે ઓળખાવે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિનો ચાલકબળ ગ્રાહક છે. ગ્રાહક સાર્વભૌમ બજારનો રાજા છે. આથી જ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં "Consumer is the King of the Market" કહેવાય છે. ગ્રાહક કહે તેમ અર્થતંત્ર ચાલે છે. સમાજવાદમાં આર્થિક પદ્ધતિનો ચાલક બળ સરકાર કે સમાજ છે. સરકાર આર્થિક નિર્ણયો લે છે. ગ્રાહકનો પ્રભાવ બજાર ઉપર બિલકુલ હોતો નથી, જ્યારે મિશ્ર અર્થતંત્રમાં ગ્રાહકનો પ્રભાવની સાથે સાથે સરકારનું આયોજન આર્થિક નિર્ણયોમાં હોય છે. એટલે કે ગ્રાહકના પ્રભુત્વની સાથે સરકારનો હસ્તક્ષેપ પણ અમુક અંશે જોવા મળે છે.

ટૂંકમાં, મૂડીવાદ અને સમાજવાદી આર્થિક પદ્ધતિ બંને તદ્દન વિરોધાભાસી આર્થિક પદ્ધતિ છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં બંને પદ્ધતિઓનો સુભગ સમન્વય જોવા મળે છે.

## 8.7 મૂડીવાદમાં સરકારનો હસ્તક્ષેપ :

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં તેના મુક્ત અર્થતંત્ર એટલે કે Lasser Fair સ્વરૂપમાં રાજ્યની કોઈ દખલગીરી હોતી નથી. બજારતંત્ર એક ''આદર્શ હાથ''ની જેમ કામ કરે છે અને આવા અર્થતંત્રમાં સ્થિતિ સ્થાપકતાને પરિણામે સાધનોનો ઓછામાં ઓછો બગાડ અને મહત્તમ કાર્યક્ષમતા તથા વળતર પ્રાપ્ત થાય છે અને તેથી એકંદરે લોકોની સુખાકારીમાં વધારો થાય છે. લેસેઝ-ફેર સ્વરૂપના મુક્ત અર્થતંત્રની સ્થિતિ એ એક આદર્શ સ્થિતિ બની રહે છે અને અર્થતંત્રમાં રાજ્યની જરા પણ ડખલગીરી ન હોય તેવું બની શકતું નથી. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આર્થિક અસ્થિરતાઓ (તેજી-મંદી) સર્જાય છે વળી, મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આવકોની તીવ્ર અસમાનતા પણ સર્જાય છે. તથા લેણદેણની તુલામાં તીવ્ર અસમાનતાઓ પણ સર્જાય છે. આંતરિક તથા બાહ્ય અસમતુલાઓ કુદરતી રીતે તે સ્વયં સંચાલિત રીતે દૂર થવામાં ઘણો સમય લાગે છે. તેનું નુકસાન વિવિધ રીતે અર્થતંત્ર અને તેના જુદા જુદા વર્ગોએ સહન કરવું પડે છે. આથી મૂડીવાદી વ્યવસ્થાના વિકલ્પે સમાજવાદી, સામ્યવાદી પદ્ધતિનો વિકાસ અપનાવવો પડે પરંતુ સમાજવાદી - સામ્યવાદી વ્યવસ્થાના ઘણાં દૂષણો છે. જેમ કે વ્યક્તિ સ્વાતંત્ર્યમાં કાપ, રાજ્યની વધુ પડતી દખલગીરી, અતિશય નિયંત્રણો અને સ્પર્ધાના અભાવે કાર્યક્ષમતામાં ઘટાડો, ઉત્પાદનના સાધનોનો દુર્વ્યયપૂર્ણ ઉપયોગ વગેરે સમસ્યાઓ વધવાને કારણે મૂડીવાદના વિકલ્પે સમાજવાદી વ્યવસ્થાને સ્વીકારવામાં આવતી નથી.

મૂડીવાદી વ્યવસ્થાના દૂષણો દૂર કરવા કે ઓછા કરવા માટે બે વિકલ્પો રહે છે. (1) મૂડીવાદી  વ્યવસ્થાના મૂળ સ્વરૂપને ચાલુ રાખીને રાજ્યનો ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરવો. જેમ કે આર્થિક અસ્થિરતાના સંજોગોમાં ફુગાવા અને મંદીની સ્થિતિમાં રાજકોશીય નીતિ અને નાણાકીય નીતિનો ઉપયોગ કરવો તથા કેટલાંક અનિવાર્ય એવા ન્યૂનતમ નિયંત્રણો મૂકવા અને પરિસ્થિતિ સુધારના નિયંત્રણો દૂર કરવા. વળી, બાહ્ય આર્થિક અસમતુલા (લેણદેણ તુલાની અસમતુલા) બનવાના સંજોગોમાં પરોક્ષ પ્રોત્સાહનોની નીતિ, રાજકોષીય નીતિનો ઉપયોગ કરી લેણદેણ તુલાની અસમતુલા દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જરૂર જણાય તો પ્રત્યેક નિયંત્રણો પ્રોત્સાહનની નીતિ પણ હંગામી જરૂર જણાય તો પ્રત્યક્ષ નિયંત્રણો લેવા અને પ્રોત્સાહનો આપવા કે અપનાવાય છે. (2) આર્થિક અસમાનતાના સંદર્ભમાં મુખ્યત્વે રાજકોષીય નીતિ એટલે કે પરોક્ષ કરવેરાની નીતિ ઉપયોગમાં લેવાય છે. રાજકોષીય કરનીતિ અને ખાસ કરીને પ્રગતિશીલ કરનીતિ ઉપયોગમાં લેવાય છે. ઊંચી આવકવાળાને ઊંચા કર અને જરૂરી ગરીબ લોકોને સહાય કરવાના પગલાં પણ લેવામાં આવે છે. કામદારોના હિતો જાળવવા માટે સામાજિક સુરક્ષાની નીતિ અમલમાં મૂકાય છે. તથા ગ્રાહકોના હિતો જાળવવા માટેના નિયમો પણ ઘડાય છે. આ ઉપરાંત ઉત્પાદન પ્રક્રિયાને પરિણામે થતાં પ્રદૂષણ અને પર્યાવરણના નુકસાનને ન્યૂનતમ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ કાયદાઓ અને નીતિઓ અમલમાં મૂકવામાં આવે છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થા પહેલાં મૂળ સ્વરૂપ એટલે કે મુક્ત અર્થતંત્ર લેલેઝ-ફેરની રીતે અસ્તિત્વ ધરાવી શકે નહીં.

રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી છે. ઘણા બધા દેશો કે જે મૂડીવાદી દેશો છે. ત્યાં પણ રાજ્યનો હસ્તક્ષેપ આજે ય ચાલી રહ્યો છે. લેસેઝ ફેરનું મૂડીવાદી મુક્ત અર્થતંત્ર હવે ક્યાંય અસ્તિત્વમાં નથી. ‘‘મુક્ત અર્થતંત્રના હિમાયતી’’ એવા ઇંગેલૅન્ડમાં પણ હેમિલ્ટને ચોક્કસ સંજોગોમાં રાષ્ટ્રીય હિતમાં રાજ્યનો અર્થતંત્રમાં હસ્તક્ષેપની હિમાયત કરી હતી. જર્મની એ પણ મુક્ત અર્થતંત્રની નીતિ અપનાવી હોવા છતાં ફેડરિક લિસ્ટે “Nurse the baby, Protect the child and free the adult” ના સૂત્ર વડે વિદેશ વેપારમાં સરંક્ષણલક્ષી નીતિની હિમાયત કરી હતી.

## 8.8 અર્થતંત્રમાં રાજ્યનો વધુ પડતો હસ્તક્ષેપ :

કેટલાંક વિચારકોએ મૂડીવાદી અર્થતંત્રના વિકલ્પે સમાજવાદી વ્યવસ્થા સૂચવી હતી. જો કે વ્યક્તિ સ્વાતંત્ર્યનો લોપ કરનારી અને રાજ્ય હસ્તક આર્થિક પ્રવૃત્તિઓની હિમાયત કરતી સમાજવાદી કે સામ્યવાદી વ્યવસ્થાની અર્થિક પદ્ધતિ ઘણા સમાજોને માન્ય નથી. આ સંજોગોમાં મૂડીવાદી અર્થતંત્રની બજાર પદ્ધતિનું સ્વરૂપ ચાલુ રાખીને લોકશાહી સ્વરૂપ જળવાય તે રીતે રાજ્યનો હસ્તક્ષેપ વધારવાની હિમાયત કરવામાં આવી. અહીં મૂડીવાદી વ્યવસ્થાના તેમજ સમાજવાદી વ્યવસ્થાના મુખ્ય લાભો મેળવવાના આશયથી ખાનગી મૂડીની વ્યવસ્થા ચાલુ રાખીને રાજ્ય દ્વારા પણ આર્થિક પ્રવૃત્તિઓ સર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. આમ, ખાનગીક્ષેત્ર તથા જાહેરક્ષેત્ર બંને અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું. વળી બજાર તંત્રને મુક્ત રાખવાને બદલે આર્થિક પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણો વધારીને રાજ્યનો હસ્તક્ષેપ વધારવામાં આવ્યો.

આમ, અર્થતંત્રમાં જાહેરક્ષેત્ર તથા રાજ્યનો હસ્તક્ષેપ વધવાને પરિણામે મિશ્ર આર્થિક પદ્ધતિનો વિકાસ થયો. ઇંગ્લૅન્ડે રાષ્ટ્રીયકરણની નીતિ વડે મિશ્ર આર્થિક પદ્ધતિનો પ્રારંભ કર્યો અને ભારતે પણ મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો. ઘણા અલ્પ વિકસિત દેશોએ મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવી.

## 8.9 મૂડીવાદમાં રાજ્યના હસ્તક્ષેપ બાબતે અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય :

કેટલાંક મહાન વિચારકો અને વિદ્વાન અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે અર્થતંત્રમાં તદ્દન મુક્ત વાતાવરણ હોવું જોઈએ. તેમજ આર્થિક ક્ષેત્રે સંપૂર્ણપણે બજારતંત્રમાં હરિફાઈ હશે તો સ્પર્ધાત્મકતાને કારણે ઉત્પાદનની શક્યતાઓ રહેશે. બજારની ઊણપો દૂર થઈ શકશે અને રાષ્ટ્રનો આર્થિક વિકાસ ઝડપી બનશે. રાજ્યે કોઈપણ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરવું જોઈએ નહીં. તેમજ મુક્ત બજારતંત્રમાં હસ્તક્ષેપ પણ કરવો જોઈએ નહીં. રાજ્ય ઉત્પાદન કરે તો તેનો અર્થ એ કે મૂડીવાદી અર્થતંત્ર નથી અથવા મૂડીવાદ ઓછો છે. તે અંગે કેટલાંક અર્થશાસ્ત્રીઓના અભિપ્રાય નીચે મુજબ છે.

## 8.10 પ્રો. એડમ સ્મિથ :

અર્થશાસ્ત્રના પિતા અને બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. એડમ સ્મિથનું માનવું છે કે અર્થતંત્રમાં સરકારની કામગીરી કે દખલગીરી હોવી જોઈએ નહીં. બજારતંત્રને તેની રીતે જ વિકસવા દેવાની જરૂર છે. તો જ મુક્ત રીતે રાષ્ટ્રનો વિકાસ થાય. પરંતુ કેટલીક બાબતમાં સરકારનો હસ્તક્ષેપ હોવો જોઈએ.

(1) કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કામ.

(2) નાગરિકોના રક્ષણનું કામ.

(3) લોકોના કરારના પાલન માટેનું કામ.

(4) હરીફાઈની જાળવણી રહે તેનું ધ્યાન રાખવાનું કામ.

(5) મોટા જાહેર કામો કરવાનું કામ.

**I.** એડમ સ્મિથના મતે કેટલાંક એવા કામો છે કે જેને બજારતંત્ર ઉપર છોડી દેવાય નહીં. નહીંતર દેશમાં અરાજકતા ફેલાય. દેશમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સરકાર જ કરી શકે. દેશમાં શાંતિ અને સલામતી માટે કાયદાઓનું પાલન સરકાર દ્વારા જ થવું જોઈએ. ગુનેગારોને સજા આપવાનું કામ તેમજ દીવાની અને ફોજદારી ગુનાઓ આચરનાર સામે દંડાત્મક પગલાં ભરવાનું કામ કોઈ વ્યક્તિ, સંસ્થા કે કંપની કરી શકે નહીં. દેશમાં આ કાર્યમાં સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે અને સરકાર જ કાયદો અને વ્યવસ્થા કરાવી નાગરિકોને સલામત રાખી શકે છે અને તો જ શાંતિ અને સલામતીભર્યા વાતાવરણમાં આર્થિક વિકાસ થઈ શકે. દેશ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકે. તેમાં જ રાષ્ટ્રનું હિત જળવાયેલું રહે છે.

**II.** સ્મિથના મતે નાગરિકોના રક્ષણનું કામ પણ રાજ્યના હસ્તક્ષેપ વિના શક્ય નથી. રાષ્ટ્રના વિસ્તાર માટે કેટલાક વિદેશી આક્રમણો થતાં હોય છે. તેવા સમયે નાગરિકોના રક્ષણ અને સલામતી માટે સરકારે સંરક્ષણ ખર્ચ કરવું પડે. દેશના નાગરિકો નિશ્ચિતપણે ભયમુક્ત રહી કામકાજ કરી શકે તેવું વાતાવરણ પૂરું પાડવાની સરકારની ફરજ છે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય વેપાર તંદુરસ્ત રીતે થાય તે માટે આંતરિક ઉત્પાદકો-નિકાસકારો કે આયાતકારોને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું કામ પણ રાજ્ય સરકારનું છે. એટલાં પૂરતો રાજ્યનો હસ્તક્ષેપ અનિવાર્ય છે.

**III.** વર્તમાન સમયના દેશના નાગરિકો, ઉદ્યોગપતિઓ અને કંપનીઓના માલિકો જુદા-જુદા કરાર કરતાં હોય છે. આવા કરારોનું પાલન વ્યવસ્થિતપણે થાય તે જોવાનું કામ પણ સરકારનું છે. મૂડીવાદી અર્થતંત્રમાં મુક્ત વેપાર થતો હોવાથી કોઈ કરાર ભંગ કરી વિશ્વાસનું વાતાવરણ ડહોળી ન રાખે તે પણ જોવું જોઈએ. જેમ કે સરકાર અને લોકો

વચ્ચેના કરાર, સરકાર અને કંપની વચ્ચે , સરકાર અને ઉદ્યોગપતિઓ સાથે, લોકો અને લોકો વચ્ચે, વેપારી અને લોકો વચ્ચે, વેપારી અને કંપની વચ્ચે, ઉદ્યોગપતિઓ અને વેપારી વચ્ચે, વેપારી અને ગ્રાહકો વચ્ચે આર્થિક કરારો તેમજ કેટલાંક સામાજિક કરારો થાય તેનું પાલન વ્યવસ્થિત રીતે થાય તે જોવાનું કામ સરકારનું છે. એટલે કે કરારભંગ કરનારને શિક્ષા કે દંડ આપી સરકારે હસ્તક્ષેપ કરવાની તાતી જરૂર છે. જો સરકાર હસ્તક્ષેપ નહીં કરે તો આર્થિક વ્યવહારોમાં પડી ભાંગે અને અર્થતંત્ર સારી રીતે ચાલી શકે નહીં. તંદુરસ્ત વાતાવરણ અને વિશ્વાસ અર્થતંત્રના આર્થિક વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. કરાર પાલન કરાવવું જરૂરી છે.

**IV.** દેશમાં અનેક ઉત્પાદકો, અસંખ્ય વેપારીઓ, અનેક કંપનીઓ અને અસંખ્ય ગ્રાહકો છે. મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં બજારતંત્ર કામ કરતું હોવાથી હરીફાઈ અંદરોઅંદર જોવા મળે છે. મોટી મોટી જાહેરાતો દ્વારા ગ્રાહકોનું કે ઉત્પાદનના સાધનોનું વધુ પડતું શોષણ ન થાય અને તંદુરસ્ત હરીફાઈ જળવાય તે જોવાનું કામ સરકારનું છે. સરકારે જાતે ઉત્પાદન કરવાનું નથી. ઉત્પાદન કે વેચાણ ઉપર નિયંત્રણો લાદવાના નથી, પરંતુ અર્થતંત્રમાં હરીફાઈ જળવાઈ રહે અને તેનો લાભ ઉત્પાદકો, વેપારીઓ, કંપનીઓ અને છેવટે તો ગ્રાહકોને પ્રાપ્ત થાય તેનું ધ્યાન રાખવાનું કામ સરકારનું છે. હરીફાઈ જાળવણી માટે સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે. ઈજારો કરનારી અને ગ્રાહકોનું શોષણ કરનારી કંપનીઓની ગેરવર્તણૂંક બાબતે દંડ કરવાની આવશ્યકતા રહે છે. દા.ત. ભારતમાં Compition Commission of India સ્પર્ધા પંચ છે. જેણે ઈજારો સ્થાપિત કરી ગ્રાહકોના શોષણ માટે ગુગલ ઉપર સરકારે હસ્તક્ષેપ કરીને દંડ કર્યો હતો. આમ, મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં તંદુરસ્ત હરીફાઈ જળવાઈ રહે તે માટે એડમ સ્મિથના મતે સરકારનો હસ્તક્ષેપ જરૂરી ગણ્યો છે.

V. એડમ સ્મિથના મતે ઉદ્યોગ ધંધામાં ભારે મૂડીરોકાણની જરૂરિયાત હોય, લાંબે ગાળે સામાન્ય નફો મળવાની શક્યતા હોય અને ખોટ પણ જઈ શકે તેવી પૂરેપૂરી સંભાવના હોય તેવા ઉદ્યોગ-ધંધામાં કોઈ ખાનગી એકમ ઉત્પાદન કે વેચાણ કરવા તૈયાર થાય નહીં. તેવા સમયે લોકહિતાર્થે સગવડો પૂરી પાડવાનું કામ સરકારનું છે. દા.ત. સંરક્ષણ ખર્ચ, શાંતિ અને સલામતી માટે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે સરકારે અર્થતંત્રને બજારતંત્ર ઉપર છોડી ન દેતાં હસ્તક્ષેપ કરવો જ પડે. દેશના નાગરિકો અને ઉદ્યોગ ધંધા માટે રોડ, રસ્તા, પાણી, વીજળી અને ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા, આરોગ્ય વિષયક સગવડો જેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સરકારે જ આગળ આવવું પડશે. એનો ખર્ચ કરવો પડશે. મોટી નહેરો, ડેમ બાંધવા, પુલ બાંધવા, પર્યાવરણની જાળવણી કરવી, પ્રદૂષણ અટકાવવા માટે સરકારે જ કાર્યવાહી કરવી પડે અને તે માટે બજારતંત્ર નહીં, પરંતુ સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે.

આમ, એડમ સ્મિથ મુક્ત બજારતંત્રના હિમાયતી છે અને માંગ અને પુરવઠારૂપી અદશ્ય હાથ વડે બજારની સમતુલા જળવાય તેના હિમાયતી છે. તેમ છતાં ઉપરોક્ત બાબતો માટે સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય છે. તેવો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો છે.

## 8.11 અન્ય અર્થશાસ્ત્રીઓ :

નોબલ પ્રાઈઝ વિજેતા ફેડરિક વુડ હાયેકે તેમના પુસ્તક “Road to Serfdom”માં આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા હોઈ શકે નહીં એવું સ્પષ્ટ જણાવ્યું છે. હાયેકે જમીનદારી, ખેડૂતો અને ખેત મજૂરોની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કેન્દ્રીય આયોજનનો વિરોધ દર્શાવ્યો હતો.

નોબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. અમર્ત્યસેને પણ રાજકીય સ્વતંત્રતા વિના આર્થિક સ્વતંત્રતા સંભવી શકે નહીં તેવું જણાવ્યું છે.

અમેરિકન અર્થશાસ્ત્રી અને નોબેલ પ્રાઈઝ વિજેતા મિલ્ટન એવી ફ્રિડમેને પણ 1965માં 'મૂડીવાદ અને સ્વતંત્રતા' પુસ્તકમાં મુક્ત બજાર શોધાયેલી ફ્રી માર્કેટ અર્થતંત્રમાં આર્થિક વિકાસ માટે સૌથી મહત્ત્વની બાબત છે તેમ જણાવ્યું હતું.

મૂડીવાદી અર્થવ્યવસ્થા અને મુક્ત બજારતંત્રના હિમાયતી અર્થશાસ્ત્રીઓએ દેશમાં આયોજન વગર પણ આર્થિક વિકાસ થયો છે. અમેરિકા, કેનેડા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને યુરોપના ઘણા બધા મૂડીવાદી દેશોમાં સરકારના હસ્તક્ષેપ વિના વિકસિત દેશો બન્યાં છે.

ક્લાસિકલ ઉદારવાદીઓ અને મર્કન્ટાઈલ્સો દલીલ કરે છે કે મૂડીવાદ એ સંસાધનોના વિતરણની શ્રેષ્ઠ વ્યવસ્થા છે. પરંતુ લશ્કર, પોલીસ અને અદાલતો દ્વારા ખાનગી મિલકતના અધિકારોનું રક્ષણ કરવા માટે સરકારનો હસ્તક્ષેપ અસ્તિત્વમાં હોવો જોઈએ. યુનાઈટેડ નેશન્સમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ કેઈન્સીયન શિકાગો-સ્કૂલ અથવા ક્લાસિકલ લિબરલ તરીકે ઓળખવામાં આવે છે. કેઈન્સીયન અર્થશાસ્ત્રીઓ માને છે કે મૂડીવાદ મોટા ભાગે કામ કરે છે. પરંતુ વ્યાપાર ચક્રની અંદરના મેક્રોઈકોનોમિક્સ દળોને સરળ બનાવવા માટે સરકારી હસ્તક્ષેપની જરૂર પડે છે. તેઓ રાજકોષીય અને નાણાકીય નીતિને તેમજ અમુક વ્યવસાય પ્રવૃત્તિઓ પરના અન્ય નિયમોને સમર્થન આપે છે. શિકાગો-શાળાના અર્થશાસ્ત્રીઓ નાણાકીય નીતિના હળવા ઉપયોગ અને નિયમનના નીચા સ્તરને સમર્થન આપે છે.

મૂડીવાદી પ્રણાલીમાં સરકારના હસ્તક્ષેપની પદ્ધતિ મુખ્યત્વે પરોક્ષ છે. તે બજારના વિવિધ માળખાને બનાવે છે. કાયદેસર બનાવે છે. વહીવટ કરે છે અને સમયાંતરે આધુનિકરણ કરે છે. જે એવી પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે કે જેમ આર્થિક કલાકારો માલસામાનના ઉત્પાદન, વિતરણ અને વેચાણ માટે મૂડી અને શ્રમ પ્રાપ્ત કરી શકે અને કામ કરી શકે છે.

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં સરકાર હસ્તક્ષેપ ન કરે એટલે કે લેસેઝ-ફેર મુક્ત અર્થતંત્રમાં વિકાસની સંભાવનાઓ વિશેષ રહેલી છે. ગ્રાહકો અને ઉત્પાદકોને વેચાણ ઉપર મુક્ત રહેવા દેવાના મતમાં આર્થિક સ્વતંત્રતામાં માનનારા અર્થશાસ્ત્રીઓ માને છે.

**મૂડીવાદની ટીકાઓ :**

મૂડીવાદી આર્થિક પદ્ધતિની કેટલીક ટીકાઓ પણ થઈ છે. જેમ કે મૂડીવાદ સ્વાભાવિક રીતે શોષણકારી, વિમુખ, અસ્થિર અને બિનટકાઉ છે. મોટા પાયે આર્થિક અસમાનતા સર્જે છે. તેમજ લોકશાહી વિરોધી છે. તેમજ માનવ અધિકારો અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના ધોવાણ તરફ દોરી જાય છે. તેવું કેટલાંક સામ્રાજ્યવાદને પ્રોત્સાહન આપતા અર્થશાસ્ત્રીઓનું માનવું છે.

## 8.12 સમીક્ષા :

1980ના દાયકામાં મૂડીવાદી અર્થતંત્ર અને ઉદારવાદી અર્થવ્યવસ્થા તરફ વિશ્વભરમાં વિચારો પ્રસર્યા. જાહેરક્ષેત્રનું કદ ઘટાડવું. ખાનગીક્ષેત્રને વધુ છૂટ આપવી, રાજ્યનો હસ્તક્ષેપ ઘટાડવો અને વધુ હરીફાઈનું વાતાવરણ સર્જવું. એ પ્રકરાની ઉદારમતવાદી નીતિઓનો ફેલાવો મૂડીવાદી અર્થતંત્રોમાં તેમજ મિશ્ર અર્થતંત્રવાળા દેશોમાં ફેલાવવા માંડ્યા. વળી, ઘણા સમાજવાદી (સામ્યવાદી) દેશોએ પણ ઉદારવાદી અર્થતંત્ર અપનાવ્યું. પૂર્વ યુરોપના

બધા જ દેશોએ મૂડીતંત્ર અપનાવી લીધું. રશિયા અને ચીને પણ બજારતંત્ર અને ખાનગી મૂડી તથા સ્પર્ધાત્મક તંત્રનો સ્વીકાર કર્યો. આમ, વિશ્વભરમાં 1980ના દાયકા પછી (ભારતમાં 1990 પછી) ઉદારવાદી આર્થિક પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ, મૂડીવાદી અર્થવ્યવસ્થા એ કુદરતી અને સ્વયંસંચાલિત અર્થવ્યવસ્થા હોવાથી વધુ કાર્યક્ષમ અને વધુ ઉત્પાદક જણાય છે અને તેથી વધુ ઉત્પાદન, સારી ગુણવત્તા અને પ્રજાના કલ્યાણના હેતુથી ને વધુ ઉપયોગી વ્યવસ્થા ગણાય છે. આ વ્યવસ્થા મહદ્અંશે તેના મૂળ સ્વરૂપમાં ચાલુ રાખીને કેટલાંક જરૂરી એવા ક્ષેત્રોમાં રાજ્યના ઓછામાં ઓછા હસ્તક્ષેપને સ્વીકારવામાં આવે છે. રાજ્યનો હસ્તક્ષેપ એ ગ્રાહકોના કલ્યાણ હેતુ, કામદારોના કલ્યાણ હેતુ, રાષ્ટ્રની સુરક્ષા હેતુ, પર્યાવરણની જાળવણી હેતુ, તીવ્ર આર્થિક અસમાનતા ઘટાડવાના હેતુ તથા આંતરિક અને બાહ્ય આર્થિક સ્થિરતા જાળવવાના હેતુસર રાજ્યનો હસ્તક્ષેપ જરૂરી જણાયો છે. આ અંગે રાજ્યના કાયદા કાનૂન ખૂબ જ મહત્ત્વના છે.

## 8.13 Capitalism :

**References :**


- The contradictions of capitalism : Democratic Socialist Perspective " dsp org an Archived from the original on 6 April, 2015.
- Marx Karl 'Thirty Two' Economic Manuscript Capital Vol. Archived from the original on 21 Feb. 2015. Retrival 24, March 2015. Via Marxists Internet Archieve.
- James Fulchers Capitalism : S very shout introduction "The investment of money in order to make a profit the essential feature of capitalism." P. 14 Oxfort, 2004, ISBN 978-0-19-280218-7.
- "Reisman George (1998) Capitalism – A complete understanding of the nature and value of human economic life James on Book. ISBN 0-915463-73.3.
- 'Capitalism' world book Encyclopedia 1988.

# એકમ-9 શહેરીકરણ

-: રૂપરેખા :-

**9.1 પ્રસ્તાવના**

**9.2 શહેરીકરણનો અર્થ (Meaning of Urbanization)**

**9.3 શહેરીકરણનુ પ્રમાણ**

**9.4 શહેરીકરણના કારણો**

**9.5 શહેરીકરણની અસરો**

**9.6 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો**

- **શહેરીકરણ ઉપરનું ભારણ ઘટાડવા મોટનાં કેટલાંક સૂચનો**
- **સંદર્ભ વાચન**

## 9.1 પ્રસ્તાવના

ભારતમાં 1991માં જે મોટા આર્થિક પરિવર્તનો કરવામાં આવ્યાં તે પરિવર્તનોને આર્થિક સુધારા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ અન્વયે ભારતીય અર્થતંત્રની કાયાપલટ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપે આજે ભારતીય અર્થતંત્રની ગણના વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલા અર્થતંત્ર તરીકે કરવામાં આવે છે. શહેરીકરણને પણ વિકાસ પામી રહેલા અર્થતંત્રની ભેટ ગણવામાં આવે છે. તે જ રીતે આંતર માળખાકીય સુવિધાઓ પણ આર્થિક વિકાસની પૂર્વ શરત ગણાતી હોવાથી તે શહેરીકરણ સાથે સીધી રીતે સંકળાયેલ છે.

શહેરીકરણ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે. કારણ કે આર્થિક વિકાસ થવાથી ઉદ્યોગો અને આંતર માળખાકીય સેવાઓનો વિકાસ ને વિસ્તાર થાય છે. જેથી કૃષિ વિભાગમાંથી શ્રમની હેરફેર ઉદ્યોગ અને સેવાક્ષેત્ર તરફ થાય છે. પરિણામે શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે. આમ શહેરીકરણ એ વૈશ્વિક પરિવર્તનના પરિણામે શહેરી વિસ્તારોની થતી ભૌતિક વૃદ્ધિ છે. વર્તમાન સમયમાં સામાજિક અને આર્થિક પરિવર્તનનું પ્રતિબિંબ શહેરીકરણની પ્રક્રિયામાં દષ્ટિગોચર થાય છે. શહેરીકરણની પ્રક્રિયા દરમિયાન શહેર વિસ્તારના સમૂહો પર પડતી અસર, તેઓનો વ્યવહાર, રિવાજ, માન્યતાઓ, સામાજિક સંબંધો, આર્થિક સંબંધો વગેરેમાં આમૂલ પરિવર્તન જોવા મળે છે.

## 9.2 શહેરીકરણનો અર્થ (Meaning of Urbanization)

- **યુનાઈટેડ નેશન્સના મતે :**

"ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં થતી લોકોની હેરફેર એટલે શહેરીકરણ."

- **જાણીતા ભૂગોળવેત્તા રીઝમાનના મત મુજબ :**

"શહેરીકરણ એ પરિવર્તન અને તેનાં પરિણામોની પ્રક્રિયા છે. તેમાં ખેતીકીય અર્થતંત્રમાંથી ઔદ્યોગિક અર્થતંત્રમાં તથા નાના અને સમાન લાક્ષણિકતાઓ વાળા સમાજમાંથી મોટા અને અસમાન લાક્ષણિકતાઓ વાળા સમાજમાં પરિવર્તન આવતું જાય છે."

- **ફિલીપ એ. હાઉસર અને જુદાહ મેત્રાસ :**

"શહેરી વિસ્તાર એટલે એવો વિસ્તાર કે જ્યાં અધિક પ્રમાણમાં વસ્તી વસવાટ

કરતી હોય, વસ્તીની ગીચતા અધિક હોય તેમજ મોટાભાગની વસ્તી બિનખેતી વ્યવસાયોમાં રોકાયેલી હોય.''

- **2001ની વસ્તી ગણતરી મુજબ :**

''ઓછામાં ઓછી 5000ની વસ્તી ધરાવતી જગ્યા કે જ્યાં 75 ટકા પુરુષોની આવક ખેતી સિવાયનાં સ્ત્રોતો પર આધારિત હોય છે અને જ્યાં વસ્તી ગીચતા પ્રતિ કિલોમીટર 400 વ્યક્તિની હોય તેને શહેરી વિસ્તાર ગણી શકાય.''

## 9.3 શહેરીકરણનુ પ્રમાણ

બ્રિટિશ સમય પહેલાં ભારતનાં શહેરો પ્રાચીન ઢબનાં હતાં અને તેની સંખ્યા પણ બહુ જ ઓછી હતી. પરંતુ ત્યારબાદ ભારતને સ્વતંત્રતા મળી તેમજ વેપાર ઉદ્યોગનો વિકાસ અને કેટલાંક અન્ય પરિબળોના વિકાસને પરિણામે ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા આગળ વધી રહી છે. 1991ના આર્થિક સુધારા બાદ તેમાં સતત વધારો થતો રહ્યો છે. ગુજરાતમાં પણ શહેરી વસ્તી અને શહેરોની સંખ્યામાં પણ સતત વધારો નોંધાયો છે.

- **ભારતમાં શહેરી - ગ્રામીણ વસ્તી**

| અ.નં. | વર્ષ | ગ્રામીણ વસ્તી (ટકામાં) | શહેરી વસ્તી (ટકામાં) | કુલ વસ્તી (કરોડમાં) | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | 1951 | 82.70 | 17.30 | 36.11 | 3035 |
| 2 | 1961 | 82.03 | 17.97 | 43.92 | 2657 |
| 3 | 1971 | 80.09 | 19.91 | 54.81 | 3081 |
| 4 | 1981 | 76.66 | 23.34 | 68.33 | 3891 |
| 5 | 1991 | 74.68 | 25.32 | 84.63 | 4615 |
| 6 | 2001 | 72.14 | 27.86 | 102.86 | 5161 |
| 7 | 2011 | 68.84 | 31.16 | 121.02 | 7935 |
| 8 | | | | | |

**Census of India-2011**

**અર્થ સંકલન - જાન્યુઆરી - 2019**

આઝાદી બાદ 1951માં ભારતમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ શહેરી વસ્તી કરતાં ઘણું ઊંચું હતું. કુલ વસ્તીના 82.70 ટકા વસ્તી ગામડાઓમાં વસવાટ કરતી હતી. માત્ર 17.30 ટકા વસ્તી જ શહેરોમાં રહેતી હતી. આ સમયે દેશમાં શહેરોની સંખ્યા 3035 હતી. શહેરી વસ્તીમાં ધીમે-ધીમે વધારો થતો ગયો. 1991માં આર્થિક સુધારા અપનાવવામાં આવ્યાં ત્યારબાદ દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ સતત વધવા પામ્યું. 1991માં દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ 25.32 ટકા હતું. જે વધીને 2011માં લગભગ 31.16 ટકા જેટલું થયું છે. આ સમયે શહેરોની સંખ્યા પણ વધીને 7935 જેટલી થઈ.

ભારતમાં 1991થી શહેરીકરણ અંગેના 2030 સુધીના પ્રક્ષેપિત આંકડા તપાસતા

જણાશે કે ભારતમાં 1991માં 856 મિલીયન વસ્તી હતી જે વર્ષ 2030 સુધીમાં 1470 મિલીયન વસ્તી થશે. 2030માં કુલ વસ્તીના લગભગ 45 ટકા જેટલી વસ્તી શહેરી વસ્તી હશે. એટલે કે ઉદારીકરણ બાદ શહેરી વસ્તીમાં ઝડપથી વધારો નોંધાયો છે.

- **ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ**

| અ.નં. | વર્ષ | ગ્રામીણ વસ્તી (ટકામાં) | શહેરી વસ્તી (ટકામાં) | કુલ વસ્તી (કરોડમાં) | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | 1951 | 72.77 | 27.23 | 1.62 | |
| 2 | 1961 | 74.23 | 25.77 | 2.06 | 181 |
| 3 | 1971 | 71.92 | 28.08 | 2.67 | 216 |
| 4 | 1981 | 68.90 | 31.10 | 3.41 | 225 |
| 5 | 1991 | 65.51 | 34.49 | 4.13 | 264 |
| 6 | 2001 | 62.33 | 37.67 | 4.84 | 342 |
| 7 | 2011 | 57.40 | 42.60 | 6.04 | 348 |

**Census of India-2011**

**અર્થ સંકલન - જાન્યુઆરી - 2019**

વર્ષ 1951માં ગુજરાત રાજ્યની કુલ વસ્તી 1.62 કરોડ હતી જેમાંથી 72.77 ટકા વસ્તી ગામડાંઓમાં અને 27.23 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હતી. 1961ના વર્ષને બાદ કરતાં દરેક દશકામાં શહેરી વસ્તીનું પ્રમાણ વધ્યું છે. જ્યારે ગ્રામીણ વસ્તીનું ટકાવારી પ્રમાણ ઘટ્યું છે. 2011માં રાજ્યમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ 57.40 ટકા અને શહેરી વસ્તીનું પ્રમાણ 42.60 ટકા જેટલું છે; આ ઉપરાંત શહેરોની સંખ્યામાં પણ નોંધપાત્ર સુધારો થયેલો જણાય છે.

1961માં રાજ્યમાં 181 જેટલા શહેરો હતા તેનું પ્રમાણ વધીને 2011માં 348 થયું છે. દેશની શહેરી વસ્તીના પ્રમાણની તુલનાએ રાજ્યમાં શહેરી વસ્તીનું ટકાવારી પ્રમાણ ઊંચું છે. અર્થાત્ ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી છે.

વર્ષ 2030માં ગુજરાતમાં શહેરીકરણની ટકાવારી 66 ટકા અંદાજવામાં આવેલ છે. દેશના કુલ 13 જેટલા અધિક શહેરીકરણ ધરાવતા શહેરોમાં 03 જેટલા શહેરો ગુજરાત રાજ્યના હશે. આ ત્રણ શહેરોમાં 8.4 મિલિયન વસ્તી સાથે અમદાવાદ શહેરીકરણ અંતર્ગત સમગ્ર દેશમાં આઠમા ક્રમે હશે.

## 9.4 શહેરીકરણનાં કારણો

### 9.4.1 ઔદ્યોગિકીકરણ :

ઔદ્યોગિકીકરણ એટલે ઉત્પાદનમાં માનવ સંચાલિત સાધનોની જગ્યાએ યંત્ર સંચાલિત સાધનોનો ઉપયોગ તથા તેમનું વિસ્તૃતિકરણ. ઔદ્યોગિકીકરણ ભૌગોલિક અને સામાજિક ગતિશીલતા માટેનું મહત્ત્વનું પરિબળ બનતાં તે શહેરીકરણ માટેનું સહાયક

પરિબળ બને છે. ઔદ્યોગિકીકરણને લીધે કેટલાંક શહેરોનો ઉદ્ભવ થયો છે. શહેરીકરણની પ્રક્રિયા ઔદ્યોગિકીકરણ સાથે હકારાત્મક સંબંધ ધરાવે છે. આ ઉપરાંત કેટલાંક શહેરો સ્વયં વિકસ્યા છે તો કેટલાંક ગામડાંઓનું શહેરોમાં રૂપાંતર થયું છે.

**9.4.2 આર્થિક તકોની પ્રાપ્તિ :**

ગ્રામીણ વિસ્તારોના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી એ કુદરત પર આધારિત છે. જેથી દુષ્કાળ, પૂર, વ્યાપક મહામારીના સમયે ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આધુનિક સમયમાં કૃષિના ઔદ્યોગિકરણને પરિણામે પણ ગ્રામીણ મજૂરને પ્રાપ્ત થતા બજારના કદમાં ઘટાડો થયો છે. આવા સમયે લોકો રોજગારીની શોધમાં શહેરો તરફ સ્થળાંતર કરે છે અને શહેરીકરણને વેગ મળે છે.

**9.4.3 પાયાની સેવાઓ :**

શહેરી ક્ષેત્રોના આકર્ષણનું કારણ માત્ર રોજગારીની વધુ સારી તકો જ નથી. પરંતુ વધુ સારું શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા અને ઊંચુ જીવનધોરણ પણ છે. શહેરોમાં પાયાની સારી સેવાઓ તેમજ વિશેષ સેવાઓ આસાનીથી મળી શકે છે. જે ગ્રામીણ વિસ્તારોમાં પ્રાપ્ત હોતી નથી. શિક્ષણ અને આરોગ્ય એ પાયાની સેવાઓ છે. જેથી લોકો સારું શિક્ષણ અને સારું આરોગ્ય મેળવવા માટે ગામડાંમાંથી શહેરો તરફ સ્થળાંતર કરે છે. શહેરોમાં સારી હૉસ્પિટલો અને ડૉક્ટરો તથા શિક્ષણને લગતી સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય છે. ગ્રામ વિકાસને ઉત્તેજન આપવાની નીતિઓની ઘોષણા વારંવાર કરવામાં આવે છે. પરંતુ ભારતમાં છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ પીવાનું પાણી, સફાઈ, કચરાના નિકાલની વ્યવસ્થા, શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા સંબંધિત બધા જ સુધારાઓ શહેરોને કેન્દ્રમાં રાખીને જ કરાયા છે. પરિણામે લોકોનું શહેરો તરફનું આકર્ષણ વધવા પામ્યું છે.

**9.4.4 વ્યાપારીકરણ :**

વર્તમાન સમયમાં વ્યાપાર, વાણિજ્ય તથા વાહન અને વિનિમય વ્યવહારે એક નવું જ અટપટું સ્વરૂપ લીધું છે. વ્યાપાર-ધંધાની અટપટી પદ્ધતિઓ, બેંકો, વીમા કંપનીઓ ને શરાફોની એક વિસ્તૃત નાણાં વિનિમયની જાળ, વાહનવ્યવહાર અને વિનિમયના એક આશ્ચર્યજનક વિકાસે ઉદ્યોગિકરણ સાથે સુમિલિત થઈ નાના-મોટા શહેર સર્જવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે.

## 9.5 શહેરીકરણની અસરો

વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ ચીનમાં થયું છે અને ત્યારબાદ ભારતમાં થઈ રહ્યું છે. વર્તમાન ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપી છે. જે ભારતના આર્થિક વિકાસની ઝડપનો નિર્દેશ કરે છે. આ આર્થિક વિકાસની પ્રક્રિયાને કારણે જે શહેરીકરણ થયું તેણે ભારતીય અર્થતંત્ર પર બે પ્રકારની અસરો સર્જી છે.

9.5.1 શહેરીકરણની હકારાત્મક અસરો

9.5.2 શહેરીકરણની નકારાત્મક અસરો

### 9.5.1 શહેરીકરણની હકારાત્મક અસરો

**9.5.1.1 આંતર માળખાકીય સુવિધાઓમાં વધારો :**

શહેરીકરણને પરિણામે આર્થિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાઓમાં ઝડપી વધારો થયો છે. જેમ કે શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, બેંકિંગ, વીમો, વીજળી જેવી અનેક માળખાકીય સુવિધાઓમાં સતત વધારો થતો રહ્યો છે. પરિણામે

શહેરોમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં રોજગારીની તકો વધી. રોજગારી વધતાં લોકોની આવક વધી. આવક વધતાં તેમની ખરીદશક્તિમાં વધારો થયો. જેથી શહેરોમાં અનેક નવા ઉદ્યોગો સ્થાપવાની અનિવાર્યતા પેદા થઈ જેણે અનેકગણી રોજગારી સર્જી. આમ, વૃદ્ધિનું આ ચક્ર ચાલ્યા જ કરે છે. જેથી દેશનો આર્થિક વિકાસ થતો જ રહે છે.

### 9.5.1.2 ગરીબીમાં ઘટાડો :

ગરીબી અને બેરોજગારી પરસ્પર સંકળાયેલ છે. શહેરીકરણ થવાથી શહેરોમાં સેવાક્ષેત્ર અને ઉદ્યોગ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય છે. પરિણામે ગરીબીમાં ઘટાડો થાય છે વળી શહેરીકરણને લીધે ગામડાંની બેકારી અને ગરીબ વસ્તી પણ શહેરમાં આવે છે. તેમને તેમની યોગ્યતા મુજબ રોજગારી મળી રહે છે પરિણામે ગરીબીમાં ઘટાડો થાય છે.

### 9.5.1.3 આરોગ્યની આધુનિક સેવાઓ :

વ્યક્તિનું આરોગ્ય અને ઉત્પાદકતા એક-બીજા સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા છે. સ્વસ્થ વ્યક્તિની ઉત્પાદકતા ઊંચી હોય છે. શહેરીકરણની પ્રક્રિયાને પરિણામે શહેરોની વસ્તીમાં વધારો થતાં તેઓની શિક્ષણની સાથે સાથે આરોગ્યની અનેકવિધ જરૂરિયાતો ઉદ્ભવે છે. શહેરોમાં ખાનગી ધોરણે અત્યંત આધુનિક મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલો દરેક વિસ્તારમાં આવેલી જોવા મળે છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સરકાર દ્વારા પણ આવી આધુનિક હૉસ્પિટલો શરૂ કરવામાં આવે છે. જેમાં દરેક પ્રકારના રોગોની આધુનિક સારવાર એક જ સ્થળે અને સમયસર મળી રહે છે. સમાજના ગરીબ અને મધ્યમ વર્ગને આવી સુવિધાઓનો ઝડપી લાભ મળતાં તેમના આરોગ્યમાં સુધારો થાય છે. જેની સીધી અસર શ્રમિકની ઉત્પાદકતા પર પડે છે.

### 9.5.1.4 જીવન ધોરણમાં સુધારો :

શહેરીકરણને લીધે લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થતાં તેઓની આવકમાં વધારો થાય છે. તેમજ તેઓને અત્યંત આધુનિક આંતર માળખાકીય સગવડોનો લાભ પણ મળે છે. પરિણામે શહેરી વસ્તીનું જીવનધોરણ ઊંચું જોવા મળે છે. જ્યારે ગ્રામીણ વસ્તીને આધુનિક માળખાકીય સગવડોનો લાભ ઓછો પ્રાપ્ત થાય છે. જેથી ગ્રામીણ વસ્તીનું જીવનધોરણ શહેરી વસ્તીની તુલનામાં નીચુ જોવા મળે છે.

### 9.5.1.5 શિક્ષણના પ્રમાણ અને સ્તરમાં સુધારો :

ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે અને તેનું સ્તર પણ નીચુ હોય છે. જ્યારે શહેરીક્ષેત્રે શિક્ષણ સરળતાથી પ્રાપ્ત થાય છે. જેથી તેનું પ્રમાણ ઊંચુ હોય છે. શહેરોમાં ખાનગી શાળાઓનું ઊંચુ પ્રમાણ તથા સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે હરીફાઈને લીધે શિક્ષણનું સ્તર પણ ખૂબ ઊંચુ જોવા મળે છે.

### 9.5.1.6 સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં સુધારો :

શહેરીકરણ થતાં ગામડાંમાંથી લોકો શહેરો તરફ ગયા જ્યાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. જેથી સ્ત્રી શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે. જેને લોકોની માનસિકતા બદલી. વિભક્ત કુટુંબ પ્રથા વિકસવા લાગી. જેણે સ્ત્રી રોજગારી વધારી. પરિણામે સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં સુધારો થયો. ગામડાંઓની તુલનામાં શહેરોમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો વધુ ઊંચો હોય છે. કારણ કે શહેરોની અંદર સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ રાજકીય પરિવર્તનો ઝડપથી થાય છે. જેનો લાભ સ્ત્રીઓને મળે છે. જેથી તેઓનો દરજ્જો ઊંચો થતો જાય છે. સ્ત્રીઓ જેમ જેમ વધુ ને વધુ શિક્ષણ લેતી જશે અને આર્થિક રીતે

વધુ ને વધુ પગભર - સ્વતંત્ર થતી જશે તેમ તેમ તેમનો સામાજિક દરજ્જો ઊંચો જશે.

**9.5.1.7 સાંસ્કૃતિક વિકાસ :**

શહેરોમાં ભિન્ન-ભિન્ન ધર્મો, જ્ઞાતિઓ અને વિચારધારાઓના લોકો રહે છે. જેમની માનસિક પ્રવૃત્તિઓ, વિચારો તથા આદર્શોમાં મોટું અંતર હોય છે. આવી વૈવિધ્યસભર વિચારાધારા ધરાવનાર લોકો ભેગાં થતાં તેમનો સાંસ્કૃતિક વિકાસ થાય છે. શહેરમાં શિક્ષણનું પ્રમાણ ઊંચુ હોવાથી લોકો શિક્ષણ દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે. શિક્ષણ સમાજને સુસંસ્કૃત માનવીની ભેટ આપે છે.

**9.5.2 શહેરીકરણની નકારાત્મક અસરો :**

**9.5.2.1 શહેરીકરણ એટલે સામાજિક પડતી :**

ઓસ્વાલ્ડ સ્પેન્ગ્લર જણાવે છે કે "શહેરીકરણ, શહેરનું પ્રભુત્વ એટલે સામાજિક પડતી."

મોટાં શહેરો ગ્રામ જીવનને ચૂસી લઈ તેની શક્તિ હણી લે છે. શહેર માનવજીવનનાં કુદરતી વલણોને કચડી નાખે છે. તે કૃત્રિમતાનું વાતાવરણ ઊભું કરી ગ્રામજીવનની નિર્મળ સાદાઈ અને સરળતાનો નાશ કરે છે. કુટુંબ, સમાજ અને દેશની એકતા સહકારને છિન્ન-ભિન્ન કરે છે તથા વ્યક્તિવાદ, સમાજવાદ, બુદ્ધિવાદ જેવા વિનાશક અને હરિફાઈના માનસથી રંગાયેલા વાદો જન્માવી સંસ્કૃતિને વિનાશને પંથે લઈ જાય છે.

**9.5.2.2 આર્થિક - અસમાનતામાં વધારો**

શહેરોમાં બે પ્રકારના વર્ગ મળે છે. એક તરફ ઉચ્ચ શિક્ષણ મેળવેલો બૌદ્ધિક વર્ગ અને બીજી તરફ ગામડાંમાંથી શહેરોમાં આવેલ અભણ ગરીબ વર્ગ. ઉચ્ચ શિક્ષણ મેળવેલ બૌદ્ધિક વર્ગ સાહસિક નિયોજકો હોય છે. જેઓ પોતાના ધંધાના માલિક ગણાય છે. તેમની આવક ખૂબ જ ઊંચી હોય છે જ્યારે બીજી બાજુ ગ્રામીણ ગરીબ વસ્તી હોય જે શ્રમિક તરીકે કાર્ય કરે છે. તેની પાસે કૌશલ્યનો અભાવ હોય છે. જેથી ઊંચુ વેતન આપતા ઉદ્યોગોમાં કામ મળતું નથી. પરિણામે તેમની આવક ખૂબ નીચી હોય છે. આમ, શ્રમિક અને માલિક એવા બે વર્ગો પેદા થાય છે. જે આર્થિક અસમાનતામાં વધારો જન્માવે છે.

**9.5.2.3 ગંદા વસવાટોનો પ્રશ્ન :**

ગામડાંમાંથી શહેરોમાં આવતા શહેરી સમાજનો મજૂરવર્ગ ગરીબાઈને લીધે પાકા મકાનોમાં રહેવાની આર્થિક ક્ષમતા ધરાવતો નથી. તેઓ પોતાનું ઘર ખરીદવા અસમર્થ હોય છે. આથી તે લોકો ખાનગી કે સાર્વજનિક ખાલી પડેલી જગ્યા પર વસતા હોય છે. આવી ગેરકાયદેસર બનતી વસાહતોમાં ગેરકાયદેસરતાને લીધે ન્યૂનતમ સેવાઓ તથા સુવિધાઓ પણ મેળવી શકતા નથી. જેમ કે, પાણી, વીજળી, સ્વચ્છતા, ગટરો વગેરે. પરિણામે તેઓને ફરજિયાતપણે દૂરના વિસ્તારોમાં નાછૂટકે ગંદા, ઝૂંપડપટ્ટીવાળા વસવાટોમાં રહેવું પડે છે. આમ મોટાભાગના શહેરોમાં ઝૂંપડપટ્ટી તથા ગંદા વસવાટોની સમસ્યા એક સામાન્ય બાબત બની રહી છે. આમ, શહેરીકરણના પરિણામે ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ અને ગંદી વસાહતો અસ્તિત્વમાં આવી છે.

**9.5.2.4 કાયદો અને વ્યવસ્થાની સમસ્યા :**

મોટાભાગના શહેરોમાં વસ્તીવૃદ્ધિને કારણે કાયદો અને વ્યવસ્થાની ઘણી વિસંગતતા સર્જાઈ છે. શહેરોમાં જીવન અને મિલકત વિરુદ્ધના ગુનાઓ એક સામાન્ય બાબત બની રહી છે. આપઘાત, ચોરી, લૂંટફાટ જેવી ઘટનાઓ રોજીંદી બનતા શહેરીક્ષેત્રે કાયદો અને

વ્યવસ્થા તેને પહોંચી વળવા માટે અપૂરતાં સાબિત થતાં પરિસ્થિતિ વધુ કથળતી જોવા મળે છે. કાયદા સામે છટકબારી શોધવાની એક આગવી કળા ઊભી થઈ છે. જેના કારણે સમાજમાં નૈતિક મૂલ્યોમાં ન પુરાય એવી ખોટ પડવા માંડી છે. આ ઉપરાંત માથાદીઠ વાહનની સંખ્યામાં ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થતાં ટ્રાફિકની સમસ્યા સતત વધતી જોવા મળે છે.

### 9.5.2.5 પર્યાવરણ-પ્રદૂષણના પ્રશ્નો :

શહેરીકરણ અને ઔદ્યોગિકરણના આધુનિક પ્રવાહોને કારણે માનવજીવનની સુખાકારી અને સ્વાસ્થ્યને ભયમાં મૂકે એવી એક ગંભીર સમસ્યા વાતાવરણના પ્રદૂષણની છે. આ સિવાય પાણી અને અવાજનું પ્રદૂષણ પણ વધતું જોવા મળે છે. પ્રદૂષણને પરિણામે અડધાથી વધુ ગરીબ વસ્તી ચામડી અને શ્વસનતંત્રના રોગોથી પીડાતી જોવા મળે છે. શહેરોમાં રોજિંદી જીવનશૈલીમાં અનેક ચીજવસ્તુઓના વપરાશ પછી મોટા જથ્થામાં કચરો પેદા થાય છે. જેમાં ઘનકચરો અને દૂષિત પાણીનો સમાવેશ થાય છે.

### 9.5.2.6 આંતરમાળખાકીય સુવિધાઓના પ્રશ્નો :

માનવવિકાસ અને ઝડપી આર્થિક વિકાસ હાંસલ કરવા માટે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થવી જરૂરી બને છે. પરંતુ શહેરી વસ્તીનું ઊંચુ પ્રમાણ તથા ઝૂંપડપટ્ટી અને ગંદા વસવાટો હોવાને લીધે સ્થાનિક વહીવટીતંત્ર તેઓને પૂરતા પ્રમાણમાં પાણી, વીજળી, રસ્તા, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, શિક્ષણ, શૌચાલયો, આરોગ્ય, સ્વચ્છતા જેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે.

### 9.5.2.7 સામાજિક દૂષણોમાં વધારો :

ગામડાંમાંથી સ્થળાંતર કરી શહેરોમાં આવી વસવાટ કરતા લોકોને ઘણીવાર તેમની અપેક્ષા મુજબની રોજગારી મળતી નથી. તેઓ જે આવક મેળવે છે તે પણ નિયમિત સ્વરૂપે મળતી નથી. તેઓ પૂરતા શિક્ષિત કે કૌશલ્ય ધરાવતા હોતા નથી. પરિણામે કેટલાક લોકો ચોરી, લૂંટફાટ, જુગાર જેવાં અસામાજિક કાર્યોમાં જોડાય છે. પરિણામે સામાજિક સમતુલા જોખમાય છે. શહેરી જાહોજલાલી અને દેખાદેખીને લીધે પણ લોકો આવા અસામાજિક કાર્યો કરવા માટે પ્રેરાય છે.

## 9.6 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો

શહેરીકરણની હકારાત્મક અસરો કરતાં નકારાત્મક અસરોએ વધુ ગંભીર સમસ્યાઓ પેદા કરી છે તેના ઉકેલ માટે સરકારે કેટલાંક નીતિવિષયક પગલાં હાથ ધર્યા છે તથા શહેરીકરણને નિયંત્રિત કરવા માટે કેટલાંક ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.

### 9.6.1 સરકારનાં નીતિ વિષયક પગલાં :

- 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં નવા ઉદ્યોગોની સ્થાપના પર નિયંત્રણ મૂકીને અનિયંત્રિત રીતે થતા શહેરીકરણને મર્યાદિત બનાવ્યું છે.
- ભારત સરકારે શહેરીકરણની એવી નીતિ અપનાવી છે કે જેથી મોટાં શહેરો વધુ મોટાં ન બને અને નાનાં તેમજ મધ્યમ કદનાં નગરો મોટાભાગનાં રાજ્યો કે પ્રદેશોમાં વિકસે.
- ભારત સરકારની નીતિ મુજબ મોટાં શહેરોની આસપાસ સેટેલાઈટ ટાઉનના વિકાસની નીતિ અપનાવવામાં આવી છે.

### 9.6.2 ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ શહેરોનું નિર્માણ :

લોકોએ અસુરક્ષિત અને પ્રદૂષિત વિસ્તારોમાં વસવાટ ન કરે તે ધ્યાનમાં રાખીને સરકારે એવા કાયદાઓ પસાર કરવા જોઈએ કે જે પર્યાવરણને અનુકૂળ શહેરોનું નિર્માણ થાય. સરકારે શહેરી સંસાધનોના ટકાઉ ઉપયોગને પણ પ્રોત્સાહિત કરવું જોઈએ અને ટકાઉ પર્યાવરણ પર આધારિત અર્થતંત્રને સમર્થન આપવું જોઈએ.

### 9.6.3 રોજગારીની તકો વધારવી

શહેરીકરણની નકારાત્મક અસરોને ઘટાડવા અને કુદરતી ઈકોસિસ્ટમને બચાવવા ખાનગી રોકાણોને પ્રોત્સાહિત કરવા જોઈએ. જેથી કરીને કુદરતી સંસાધનોનો ઉપયોગ કરી શકાય અને રોજગારીની વધુ તકો ઊભી કરી શકાય. શહેરોમાં સરકાર સ્વરોજગારીની તકો વધે એવા રોજગારલક્ષી કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. શહેરી ગરીબ લોકો આવા કાર્યક્રમોનાં લાભ લેતા થાય તે માટે તેનો વ્યાપ અને વિસ્તાર વધારવો જોઈએ કે જેથી લોકોને રોજગારી મળે અને આવક વધે કે જેને લીધે જીવનધોરણ સુધરે.

### 9.6.4 આવશ્યક સેવાઓની જોગવાઈ :

સરકારે શહેરી વિસ્તારોમાં તમામ વસ્તીને શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સ્વચ્છ પીવાનું પાણી, વીજળી, રસ્તા, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, શૌચાલય વગેરેની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ. સરકાર દ્વારા આ દિશામાં ઘણા પ્રયત્નો થયા છે પરંતુ વસ્તીની જરૂરિયાતના પ્રમાણમાં તે ઓછા છે.

### 9.6.5 ગામડાંઓમાં પાયાની સગવડોનો વિકાસ :

શહેરીકરણની સમસ્યાને હળવી કરવા માટે ગામડાંઓને પણ શહેરો જેવી સગવડો પ્રાપ્ત થાય તે માટે પગલાં લેવા જોઈએ. ગામડાંઓના છેવાડાના માનવીને પણ પાયાની સેવાઓ મળવી જોઈએ. દરેક ગામડાંને શિક્ષણ, આરોગ્ય, વાહન વ્યવહાર, રસ્તા, વીજળી, સંદેશાવ્યવહાર, સિંચાઈ સગવડો વગેરેથી સુસજ્જ કરવું જોઈએ. જેથી ગામડાંના લોકોનું શહેરો તરફનું સ્થળાંતર ઘટે અને શહેરીકરણની નકારાત્મક અસરો ઓછી થાય.

- **શહેરીકરણ ઉપરનું ભારણ ઘટાડવા માટેનાં કેટલાંક સૂચનો**

– શહેરોનું પદ્ધતિસર આયોજન અને બાંધકામ કરવું.

– ગ્રામીણ વિસ્તારોમાં ખેતી, નાના અને કુટિર ઉદ્યોગોનો વિકાસ કરવો.

– ગ્રામીણ પ્રજાને શહેરી પ્રશ્નોથી અને શહેરી પ્રજાને ગ્રામીણ લાભોથી માહિતગાર કરવા.

– વસ્તી નિયંત્રણ ઉપર ભાર મૂકવો.

– કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવી.

- **સંદર્ભ**

(1) 'ભારતની વસ્તી એક વિશ્લેષણાત્મક અભ્યાસ' લેખક - ડૉ. ભાસ્કર હ. જોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ - 1995

(2) 'સમાજ', અનુવાદક - અક્ષયકુમાર ર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, જુલાઈ-1961

(3) 'સામાન્ય સમાજશાસ્ત્ર' લેખક - પ્રા. મહેન્દ્રકુમાર રાવ અને પ્રા. અશ્વિન વ્યાસ, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ - 1965

(4) અર્થ સંકલન - જાન્યુઆરી - 2019

(5) Census of India - 2011

(6) B. K. Bhatt, “The Gujarat Economy”, Vrinda Publications (P) Ltd., Delhi 2003

(7) Dr. B. K. Bhatt, ‘‘ગુજરાતની અર્થવ્યવસ્થા’’, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત, પ્રથમ અદ્યતન આવૃત્તિ - 2018

## એકમ-10 પ્રો.કેઈન્સના સામાન્ય સિદ્ધાંતો

-: રૂપરેખા :-

**10.1 પ્રસ્તાવના**

**10.2 કેઈન્સનો રોકડતા પસંદગીનો સિદ્ધાંત :-**

**10.3 કેઈન્સનો વપરાશવૃત્તિ અંગેનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત :-**

**10.4 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો ખ્યાલ :-**

**10.5 ગુણકનો સિદ્ધાંત :-**

**10.6 કેઈન્સનો આવક તથા રોજગારીનો સિદ્ધાંત :-**

**10.7 ગતિવર્ધનનો સિદ્ધાંત :-**

### 10.1 પ્રસ્તાવના

બ્રિટનના અર્થશાસ્ત્રી ો. કેઈન્સ 1883માં જન્મેલા અને 1946માં સ્વર્ગસ્થ થયેલા. 1936માં "The General Theory of Employment Interest and Money" નામનું એક ક્રાંતિકારી પુસ્તક લખ્યું હતું. વૈશ્વિક મહામંદીના અનુભવને લક્ષમાં રાખીને લખાયેલા આ પુસ્તકે એડમ સ્મિથના "Wealth of Nation" તથા કાર્લ માર્ક્સના "Das Capital"ના પુસ્તકો જેટલી લોકપ્રિયતા સંપાદન કરી હતી. આર્થિક વિચારસરણીમાં આ પુસ્તક મહત્ત્વનું સીમાચિન્હ્ છે. પ્રાચીન અર્થશાસ્ત્ર અને અર્વાચીન અર્થશાસ્ત્ર વચ્ચે પ્રો.કેઈન્સનું આ પુસ્તક સ્પષ્ટ ભેદરેખા દોરે છે. પ્રો.કેઈન્સે તેમના પુસ્તકમાં જે વિચારો વ્યક્ત કર્યા છે તે કેઈન્સની પદ્ધતિ કે કેઈન્સના અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. કેઈન્સનું અર્થશાસ્ત્ર તે સમયે "નૂતન અર્થશાસ્ત્ર" તરીકે પણ ઓળખાયું હતું. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પણ કેઈન્સનું મહત્ત્વનું પ્રદાન છે. કેઈન્સે પોતાના અર્થશાસ્ત્રમાં રોકડ પસંદગી, વપરાશવૃત્તિ, મૂડીની સમાંત કાર્યક્ષમતા, ગુણક, ગતિવર્ધન, વ્યાજદર અને આવક તથા રોજગારીના ખ્યાલો અથવા સિદ્ધાંતો સરળતાપૂર્વક સમજાવ્યા છે.

### 10.2 કેઈન્સનો રોકડતા પસંદગીનો સિદ્ધાંત અથવા નાણાંની માંગનો અથવા વ્યાજદરનો સિદ્ધાંત :-

કેમ્બ્રિજ સમીકરણમાં રોકડ પુરાંતની માંગમાં (નાણાંની માંગમાં) વિનિમય અને સાવચેતીના હેતુ માટે નાણાંની માંગને ધ્યાનમાં લેવામાં આવી. સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગને અવગણના કરવામાં આવી હતી. તેથી નાણાંની માંગ અને આવક તથા વ્યાજ દરના સબંધો સુધી તેઓ પહોંચી શક્યા નહીં. નાણાંની માંગમાં આવતા પરિવર્તનો માટે ક્યા પરિબળો જવાબદાર છે તે તેઓ સમજાવી શકયા નહિં. કેમ્બ્રિજ સમીકરણની આ મહત્ત્વની મર્યાદાને ધ્યાનમાં રાખી 1936માં કેઈન્સે પ્રકાશિત કરેલ "The General Theory" નામના ક્રાંતિકારી પુસ્તકમાં નાણાંની માંગ માટે રોકડતા પસંદગી અથવા નાણાંની માંગનો અને વ્યાજદરનો સિદ્ધાંત રજૂ કર્યો.

કેઈન્સે વ્યાજદરની સમજૂતી આપવામાં રોકડતા પસંદગીના ખ્યાલનો ઉપયોગ કર્યો છે. તે તરલતા પસંદગીના સિદ્ધાંત તરીકે પણ ઓળખાય છે. કેઈન્સના મતે નાણું એક પ્રકારની સંપત્તિ છે. પણ તે સૌથી તરલ છે. તેમાં રોકડતાનો ગુણ છે તેથી નાણાંને લોકો રોકડ સ્વરૂપમાં રાખવાનું પસંદ કરે છે. જ્યારે લોકોને ધિરાણ આપવાનું કહેવામાં આવે

ત્યારે વળતરરૂપી વ્યાજની કમાણી થાય છે. પણ રોકડતા અમુક માટે જતી કરવી પડે છે.

કેઈન્સના મતે વ્યાજ એ આવક નહીં. ખર્ચવાનો કે બચત કરવાનો બદલો નથી. પણ બચત અથવા નાણું નહીં સંગ્રહવાનો બદલો છે. આમ "વ્યાજદરો અમુક સમયગાળા માટે રોકડ પસંદગીનો ત્યાગ કરવાનું વળતર છે." (Intrest is a reward for parting with liquidity for specific Period) રોકડ પસંદગી જેટલી વધારે તેટલો વ્યાજનો દર વધારે હોય છે.

કેઈન્સના મતે જેમ ચીજવસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે તેમ વ્યાજનો દર નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા નક્કી થાય છે. જે બિંદુએ નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા થાય છે ત્યા સમતુલાએ વ્યાજનો દર નક્કી થાય છે. આથી નાણાંની માંગમાં કે નાણાંના પુરવઠામાં ફેરફાર થાય તો વ્યાજ દરમાં ફેરફાર થાય છે. આમ કેઈન્સના મતે વ્યાજનો દર એ સંપૂર્ણપણે નાણાંકીય ઘટના છે. રોકડ નાણું હાથ પર રાખવાના બદલે બીજાને ધીરવાથી વ્યાજ મળતું હોય છે. છતાં પણ લોકો, ગ્રાહકો, વેપારીઓ, નિયોજકો વગેરે નાણું હાથ પર રાખે છે. એટલે કે નાણાંની માંગ કરે છે તેમ કરવા પાછળ કેઈન્સના મતે નીચેના હેતુ રહેલા છે.

**1. વિનિમયનો હેતુ :**

ગ્રાહકો, વેપારીઓ, નિયોજકો બધાને દરરોજ નાની મોટી ચૂકવણીઓ કરવાની હોય છે. તે માટે વ્યવહાર ચલાવવા પૈસાની જરૂર પડે. જેમ કે ગ્રાહકોને દૂધ, શાકભાજી કે ઘી, અમુક કરિયાણું વગેરે જેવી રોજિંદી ચીજવસ્તુઓ ખરીદવા નાણું હાથ પર રાખતા હોય છે. તેવી જ રીતે નિયોજકો કાચોમાલ, બળતણ, વાહનવ્યવહાર, કર્મચારીઓને મહેનતાણું વગેરે પાછળ ખર્ચ કરવા નાણું હાથ પર રાખતા હોય છે. વર્તમાન સમયમાં તો હાથ પર પૈસો હોય તો જ માનવી આર્થિક વ્યવહાર ચલાવી શકે છે. કારણ કે "આજે રોકડા અને કાલે ઉધારની પ્રથા" ચાલતી હોય છે.

વિનિમયના હેતુ માટે નાણાંની માંગનો અથવા રોકડતા પસંદગીનો આધાર જે તે વ્યક્તિની આવક પર રહેલો છે. જેની આવક વધુ તે વધુ નાણું હાથ પર રાખે છે. જેની આવક ઓછી તે ઓછું નાણું હાથ પર રાખે છે. આમ વિનિમયના હેતુ માટે નાણાંની માંગ અને આવક વચ્ચે હકારાત્મક અથવા સીધો સબંધ છે. વ્યવહારના હેતુ માટે વપરાતું નાણું વિનિમયના માધ્યમ તરીકે કાર્ય બજાવે છે. વ્યાજની નાણાંની માંગ પર કોઈ અસર થતી નથી.

**2. સાવચેતીનો હેતુ :**

કાલે શું થવાનું છે કોઈને ખબર નથી. એટલે કે અણધારી આફતો, અકસ્માત, માંદગી, અણધાર્યા પ્રસંગો વગેરેને પહોંચી વળવા માટે સાવચેતી કે સલામતી માટે રોકડ સ્વરૂપમાં નાણું હાથ પર રાખવામાં આવે છે. કોઈને ધીરેલી રકમ જરૂર પડે ત્યારે તાત્કાલિક પાછી આવતી નથી. આથી જમીન, સોનુ, ઘર વગેરે વેચવાની પણ ક્યાંક જરૂર પડતી હોય છે. તેમ કરવાથી નુકસાન ભોગવવું પડે છે. સાવચેતીના હેતુ અર્થે હાથ પર રાખેલું નાણું વિસામારૂપ નીવડે છે.

સાવચેતી કે સલામતીના હેતુ અર્થે કોણ કેટલું નાણું હાથ પર રાખશે તેનો આધાર આવકની સપાટી ઉપરાંત વ્યક્તિનો સ્વભાવ, સબંધો, સંજોગો વગેરે પર પણ છે. ખડતલ અને મજબૂત સ્વભાવના  કે સારા સબંધો ધરાવતા લોકો ક્યાંક સાવચેતીના હેતુ અર્થે નાણું હાથ પર ઓછું રાખતા હોય છે અથવા રાખતા હોતા નથી. કારણ

કે પરિસ્થિતિ સામે સહેલાઈથી સામનો કરી શકે છે. બીકણ સ્વભાવના કે સારા સબંધો વિકસાવ્યા ના હોય તેઓ સાવચેતી કે સલામતીના હેતુ અર્થે નાણું હાથ પર વધુ રાખતા હોય છે. વિનિમયના હેતુની જેમ સાવચેતી કે સલામતીના હેતુ અર્થે પણ ધનિક કે સમૃદ્ધ અથવા વધુ આવકવાળા લોકો વધુ નાણું હાથ પર રાખતા હોય છે. જ્યારે ગરીબ અથવા ઓછી આવકવાળા ઓછું નાણું હાથ પર રાખતા હોય છે.

વિનિમય કે વ્યવહારના અને સાવચેતી કે સલામતીના હેતુ માટે જે નાણું હાથ પર રાખવામાં આવે છે અથવા નાણાંની માંગ કરવામાં આવે છે. તેને વ્યાજદર સાથે કોઈ સબંધ નથી. જેને વ્યક્તિની આવક સાથે સબંધ છે. અહિ સાવચેતી કે વિનિમયના હેતુ માટેની નાણાંની માંગને આવક સાથે હકારાત્મક અથવા સીધો સબંધ છે. તેને આકૃતિ દ્વારા નીચે મુજબ રજૂ કરી શકાય.

**આકૃતિ-૧**




આકૃતિ-૧માં OX આડી રેખા પર આવક અને OY લંબરેખા પર નાણાંની માંગ દર્શાવવામાં આવી છે. જ્યારે વ્યક્તિની આવક 1000 રૂ. હોય છે. ત્યારે નાણાંની માંગ 100 રૂ. જે A બિંદુ દર્શાવે છે. આવક વધીને રૂ.2000 થતાં નાણાંની માંગ વધીને 200 રૂ. થાય છે. જે B બિંદુ દર્શાવે છે. આવક વધાને રૂ. 3000 થતાં નાણાંની માંગ વધીને રૂ. 300 થાય છે. જે C બિંદુ દર્શાવે છે. આમ વ્યક્તિની આવકમાં વધારો થતાં નાણાંની માંગમાં વધારો થાય છે. આ હકારાત્મક સબંધ દર્શાવતાં A, B અને C બિંદુઓ પ્રાપ્ત થાય છે. આ બિંદુઓને જોડતી રેખા PP પ્રાપ્ત થાય છે. જે નાણાંની માંગરેખા છે. તે નાણાંની માંગ અને આવક વચ્ચેનો સીધો સબંધ અથવા હકારાત્મક સબંધ રજૂ કરે છે.

**3. સટ્ટાકીય હેતુ :**

કેઈન્સ સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગને વધુ મહત્ત્વ આપે છે. કારણ લોકો પાસેથી બધી જ અસ્કયામતોમાં નાણું એ તરલ અસ્કયામત છે. બીજી બધી અસ્કયામતો કરતાં નાણાંમાં રોકડતાનો ગુણ વધારે છે.

કમાણીની આકસ્મિક તકો ઝડપવા માટે અથવા સટ્ટાકીય હેતુ માટે પણ અમુક લોકો નાણું હાથ પર રાખે છે જો નાણું હાથ પર ના હોય તો આકસ્મિક કમાણીની તક ગુમાવવી પડે છે. જે લોકો બજાર માહિતીથી વાકેફ હોય છે અને ભાવિ પરિવર્તનનોનો ખ્યાલ રાખતા હોય છે. તેઓ જમીન, સોનું, શેર, બોન્ડ, ડિબેન્ચર જેવી સંપત્તિ કે થાપણો ખરીદે છે તથા વેચે છે જેને સટ્ટા તરીકે ઓળખવામાં આવે છે. સટ્ટાકીય આકસ્મિક કમાણીની તક અથવા સટ્ટાકીય હેતુ અર્થે નાણું હાથ પર રાખવામાં આવે છે. અથવા નાણાંની માંગ કરવામાં આવે છે.

સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગમાં આવક પર આધાર નહિ પણ વ્યાજદર સાથે નાણાંની માંગને સબંધ છે. વ્યાજદર એ પણ આવક છે. જો વ્યાજદર ઉંચા હોય તો સટ્ટાકીય હેતુ માટે નાણાંની માંગ ઘટે છે. પણ જો વ્યાજદર નીચા હોય તો લોકો સટ્ટાકીય હેતુ માટે નાણાંની માંગ વધુ કરે છે. કારણ સટ્ટાકીય હેતુ અને વ્યાજદર બંનેમાં કમાણીનો ઉદ્દેશ છે એટલે કે સટ્ટાકીય હેતુમાં નાણાંની માંગ અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત સબંધ છે તેથી નાણાંની માંગ રેખા કે તરલતા પસંદગી રેખા અથવા રોકડતા પસંદગી રેખાને ઋણઢાળ છે. જેને નીચેની અનુસૂચિ અને આકૃતિ દ્વારા રજૂ કરેલ છે.

**અનુસૂચિ :**

| સંયોજન | વ્યાજદર (%) | નાણાંની માંગ (રૂ.) |
|---|---|---|
| A | 10 | 2000 |
| B | 06 | 3000 |
| C | 04 | 4000 |
| D | 03 | 5000 |
| E | 02 | 6000 |

**આકૃતિ-2 :**




**નોંધ : પ્રથમ અનુસૂચી તેની નીચે આકૃતિ તે રીતે ક્રમ ગોઠવવો**

આકૃતિ-2માં OX આડી રેખા પર નાણાંની માંગ અને OY લંબરેખા પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. અહિ નાણાંની માંગને આવક નહિં પણ વ્યાજદર સાથે સબંધ છે. આકૃતિ-2 મુજબ 10 ટકા વ્યાજ દરે નાણાંની માંગ 2000 રૂપિયા છે. જે A સંયોજની દર્શાવે છે હવે વ્યાજદર ઘટીને 06 ટકા થાય છે. તો નાણાંની માંગ વધીને 3000 રૂપિયા થાય છે, જે B બિંદુ દર્શાવે છે. આમ જેમ જેમ વ્યાજદર ઘટે છે. તેમ તેમ નાણાંની માંગ વધે છે. અથવા તો જેમ જેમ વ્યાજદર વધે છે તેમ તેમ નાણાંની માંગ ઘટે છે. છેલ્લે વ્યાજદર ઘટે છે વ્યાજદર ઘટીને 2 ટકા થાય છે. તો નાણાંની માંગ વધીને 6000 રૂપિયા થાય છે. જે E બિંદુ દર્શાવે છે. આમ આકૃતિ મુજબ A થી E સંયોજનોને જોડતી રેખા જે બને છે. તે નાણાંની માંગરેખા છે અને જે વ્યાજદર અને નાણાંની માંગ વચ્ચેનો સટ્ટાકીય હેતુ માટે વ્યસ્ત સબંધ રજૂ કરે છે. કારણ કે જો વ્યાજ દર ઊંચા હોય તો વ્યક્તિ વ્યાજની આવક પ્રાપ્ત કરે છે, સટ્ટાકીય હેતુ માટે નાણાંની માંગ ઓછી કરે છે, પણ વ્યાજદર ઘટીને 2 ટકા થતાં વ્યાજરૂપી આવકમાં ઘટાડો થતાં સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગમાં વધારો થાય છે. જે અનુસૂચિ અને આકૃતિ દ્વારા સમજી શકાય છે.

– **વ્યાજદરનું નિર્ધારણ :**

કેઈન્સે જણાવ્યું છે કે વ્યાજનો દર એ સંયુક્ત રીતે નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા નક્કી થાય છે. જો લોકોની તરલતા પસંદગી અથવા નાણાંની માંગ સ્થિર રહે તો નાણાનો પુરવઠો અને વ્યાજદર વચ્ચેનો સંબંધ વ્યસ્ત હોય છે. આથી વિરુદ્ધ જો નાણાંનો પુરવઠો સ્થિર રહે તો તરલતા પસંદગી અથવા નાણાંની માંગ અને વ્યાજદર વચ્ચેના ફેરફારો એક જ દિશામાં હોય છે. અથવા નાણાંની માંગ અને વ્યાજદર વચ્ચે હકારાત્મક અથવા સીધો સબંધ હોય છે. આ સંબંધોના આધારે વ્યાજદરનું નિર્ધારણ આકૃતિઓ દ્વારા નીચે મુજબ રજૂ કરી શકાય

**A** **સ્થિર નાણાંનો પુરવઠો :**

આકૃતિ 3-A ⟶




આકૃતિ-3-Aમાં ox આડીરેખા પર નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો. જ્યારે oy લંબરેખા પર વ્યાજનો દર દર્શાવવામાં આવ્યો છે. આકૃતિ-3A મુજબ નાણાંનો પુરવઠો સ્થિર હોય તો નાણાંની માંગ વધતાં વ્યાજનો દર વધે છે. અને નાણાંની માંગ ઘટતાં વ્યાજનો દર ઘટે છે. આકૃતિમાં A બિંદુએ નાણાંની માંગ ($l_1$ રેખા) અને નાણાંનો પુરવઠો (M-MS રેખા) સરખા થતાં OR વ્યાજનો દર નક્કી થાય છે. હવે નાણાંનો પુરવઠો સ્થિર રહે છે. નાણાંની પુરવઠા રેખાના સ્થાનમાં ફેરફાર થતો નથી. નાણાંની માંગરેખાના સ્થાનમાં ફેરફાર થાય છે. નાણાંની માંગ A થી B સુધી વધે છે. નવી નાણાંની માંગરેખા $l_2$ પ્રાપ્ત થાય છે જે MMS નાણાંની પુરવઠા રેખાને B બિંદુએ છેદતાં $OR_1$ વ્યાજનો દર નક્કી થાય છે. આથી A થી B જેટલી નાણાંની માંગ વધતાં R થી $R_1$ જેટલો વ્યાજનો દર વધે છે. આમ નાણાંનો પુરવઠો સ્થિર રહે તો નાણાંની માંગ અને વ્યાજદર વચ્ચે સીધો અથવા હકારાત્મક સબંધ જોવા મળે છે.

**B** **સ્થિર નાણાંની માંગ :**

આકૃતિ-3-B ⟶




આકૃતિમાં ox આડી રેખા પર નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો તથા oy લંબરેખા પર વ્યાજનો દર દર્શાવામાં આવ્યો છે. આકૃતિ-3-Bમાં નાણાંની માંગ સ્થિર રહેતાં નાણાંનો પુરવઠો અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત સબંધ જોવા મળે છે. આકૃતિમાં A બિંદુએ નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા થતાં OR વ્યાજનો દર નક્કી થાય છે. હવે નાણાંના પુરવઠામાં $MS_1$ થી $MS_2$ જેટલો વધારો થાય છે. જ્યારે નાણાંની માંગ યથાવત રહે છે. (નાણાંની માંગરેખાના સ્થાનમાં ફેરફાર થતો નથી) તો B બિંદુએ નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા થાય છે, ત્યારે વ્યાજદર ઘટીને OR થાય છે. આમ અહિ નાણાંની માંગ સ્થિર રહેતાં નાણાંનો પુરવઠો અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત અથવા ઊલટો સબંધ જોવા મળે છે.

– **સિદ્ધાંતની મર્યાદાઓ :**

(1) કેઈન્સના વ્યાજદરના અથવા રોકડતા પસંદગીના સિદ્ધાંતમાં નાણાં જેવી અન્ય સંપત્તિની ઉપેક્ષા સેવવામાં આવી છે.

(2) કેઈન્સનો સિદ્ધાંત ટૂંકાગાળામાં વ્યાજદરની સમજૂતી આપે છે. લાંબાગાળાના વ્યાજદરોની સમજૂતી આપતો નથી.

(3) નાણાંની માંગની વિનિમય - સાવચેતીના હેતુ માટે અને સટ્ટાકીય હેતુ માટે એમ બે ભાગમાં વહેંચણી કરી છે તે અયોગ્ય છે.

(4) બચત વિના તરલતા પસંદગી શક્ય જ નથી તે આ સિદ્ધાંતમાં ધ્યાનમાં લીધેલ નથી. તેમ વાઈનર જણાવે છે.

(5) રોબર્ટસનના મતે સટ્ટાકીય હેતુ અર્થે નાણાંની માંગ વર્તમાનમાં નહીં પણ ભાવિ વ્યાજદર પર આધાર રાખે છે.

(6) કેઈન્સના રોકડતા પસંદગીના સિદ્ધાંતમાં નાણાંના પુરવઠાનો અર્થ અસ્પષ્ટ છે.

## 10.3 કેઈન્સનો વપરાશ વૃત્તિ અંગેનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત :-

કેઈન્સે તેમના ક્રાંતિકારી પુસ્તકમાં વ્યક્તિઓ ચીજવસ્તુઓની વપરાશ પાછળ જે ખર્ચ કરે છે તેનો આધાર આર્થિક પરિબળ ઉપરાંત જે તે વ્યક્તિઓની વપરાશી ખર્ચ કરવા અંગેની માનસિકવૃત્તિ પણ જવાબદાર છે. કેઈન્સના મતે વપરાશી વસ્તુઓ પાછળ જે ખર્ચ કરવામાં આવે છે તેને વપરાશી ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે. ધનિક અને સમૃદ્ધ લોકો વપરાશી વસ્તુઓ પાછળ વધુ ખર્ચ કરે છે જ્યારે ગરીબ લોકો વપરાશી વસ્તુઓ પાછળ ઓછા પ્રમાણમાં ખર્ચ કરે છે. કારણ વપરાશી ખર્ચનો આધાર આવક પર છે. જેને કેઈન્સની પરિભાષામાં C = ક(y) રજૂ કરવામાં આવેલ છે. (જેમાં C = વપરાશી ખર્ચ, Y = આવક અને ક = આધાર)

વપરાશી ખર્ચનો આધાર આર્થિક પરિબળ ઉપરાંત લોકોની વપરાશી ખર્ચ કરવાની માનસિક વૃત્તિ પર પણ છે. વપરાશ વૃત્તિ વપરાશી ખર્ચ અને આવક વચ્ચેનો ચોક્કસ સબંધ રજૂ કરે છે. ઘણી બે વ્યક્તિઓની આવક સરખી હોય પણ બંનેનું વપરાશી ખર્ચ જુદુ જુદુ હોઈ શકે. દા.ત. બંને વ્યક્તિઓની આવક રૂ. 10,000 છે. પણ એકનું વપરાશી ખર્ચ રૂ. 8000 અને એકનું વપરાશી ખર્ચ રૂ. 6000 હોઈ શકે. એટલે કે જેની માનસિક વપરાશવૃત્તિ ઓછી તેનું વપરાશી ઓછું જેની માનસિક વપરાશવૃત્તિ વધુ તેનું વપરાશી ખર્ચ વધુ. ઓછી આવક ધરાવનાર વ્યક્તિ વધુ આવક ધરાવનાર વ્યક્તિ કરતાં પણ વધુ વપરાશી ખર્ચ પણ કરતો હોય છે તેવો પણ અર્થ કરી શકાય. જેમ કે વધુ આવક ધરાવનાર વ્યક્તિ કંજૂસાઈવાળા સ્વભાવને કારણે વધુ વપરાશી ખર્ચ ના પણ કરી શકે. કેઈન્સ વપરાશવૃત્તિના બે પ્રકાર પાડે છે.

### 1. સરેરાશ વપરાશવૃત્તિ APC

સરેરાશ વપરાશવૃત્તિ એટલે કુલ આવકમાંથી જે ભાગ વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચવામાં આવે છે તે.

$$\text{સ.વ.વૃત્તિ} = \frac{\text{કુલવપરાશી ખર્ચ}}{\text{કુલ આવક}} \quad \left(APC = \frac{C}{Y}\right)$$

દા.ત. મારી આવક રૂ. 10.000 છે. તેમાંથી હું રૂ. 9000 વપરાશી વસ્તુઓ

પાછળ ખર્ચ કરું છું તો, સ.વ.વૃત્તિ $= \frac{9000}{10000} = \frac{9}{10}$ આનો અર્થ એ થાય કે હું

10 રૂપિયા આવકમાંથી 9 રૂપિયા વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચ કરું છું

**2. સીમાંત વપરાશવૃત્તિ (MPC)**

સરેરાશ વપરાવૃત્તિ કુલ આવકમાંથી થતાં કુલ ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે છે. જ્યારે સીમાંત વપરાશવૃત્તિમાં આવક અને ખર્ચમાં થતા ફેરફારને ધ્યાનમાં લેવામાં આવે છે. એટલે આવકમાં વધારો થાય તે વધારાની આવકમાંથી જે વધારાનો ખર્ચ થાય તે સીમાંત વપરાશવૃત્તિ કહેવાય.

સી. વ. વૃત્તિ = $\frac{\text{વપરાશી ખર્ચમાં થતો ફેરફાર}}{\text{આવકમાં થતો ફેરફાર}}$ $\left(MPC = \frac{\Delta C}{\Delta Y}\right)$

દા.ત મારી આવક રૂ. 10000માં રૂ. 1000 નો વધારો થાય છે. આ વધારાની આવકમાંથી હું રૂ. 500 વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચ કરું છું તો સી. વ. વૃત્તિ $= \frac{500}{1000} = \frac{1}{2}$ (50 %) એટલે કે વધારાની 02 રૂ. આવકમાંથી 01 રૂ. ખર્ચવામાં આવે છે.

કેઈન્સના મત મુજબ આવકનો તમામ ભાગ ખર્ચવામાં આવતો નથી. અમુક ભાગ બચાવવામાં આવે છે. કેઈન્સના મત મુજબ આવક = વપરાશી ખર્ચ + બચત, સંજ્ઞામાં y = c+s (જેમાં C = વ.ખર્ચ + S = બચત અને y = આવક. આવકમાંથી ખર્ચ બાદ કરતાં જે આવે તે બચત કહેવાય. કેઈન્સે વપરાશવૃત્તિની જેમ બચતવૃત્તિના પણ બે પ્રકાર પાડ્યા છે.

**(1) સરેરાશ બચતવૃત્તિ (APS)**

કુલ આવકમાંથી જે ભાગ બચાવવામાં આવે છે તે અથવા આવકમાંથી ખર્ચ બાદ કરતાં જે આવે તેને બચતવૃત્તિ કહી શકાય.

સ.બ. વૃત્તિ = $\frac{\text{કુલ બચત}}{\text{કુલ આવક}}$ $\left(APS = \frac{S}{Y}\right)$

દા.ત. મારી આવક રૂ. 10000 છે તેમાંથી હું રૂ. 1000 બચાવું છું. અને રૂ. 9000 ખર્ચ કરું છું તો સ.બ.વૃત્તિ $= \frac{1000}{10000} = \frac{1}{10}$ આનો અર્થ એ થાય કે હું રૂ 10ની આવકમાંથી 01 રૂ. બચાવું છું.

**(2) સીમાંત બચત વૃત્તિ (MPC)**

સરેરાશ બચતવૃત્તિમાં કુલ આવકમાંથી જે કુલ બચત કરવામાં આવે છે તે ધ્યાનમાં લેવામાં આવે છે. પણ સીમાંત બચતવૃત્તિમાં ફેરફારને ધ્યાનમાં લેવામાં આવે છે. એટલે કે વધારાની આવકમાંથી જે વધારાની બચત કરવામાં આવે છે તે.

સી. બ. વૃત્તિ $= \frac{\text{બચતમાં ફેરફાર}}{\text{આવકમાં ફેરફાર}}$ $\left(MPS = \frac{\Delta S}{\Delta Y}\right)$

દા.ત મારી આવકમાં રૂ. 1000નો વધારો થવાથી તેમાંથી રૂ. 500ની બચત કરું છું અને રૂ. 500 વપરાશી ખર્ચ કરું છું તો સી.બ.વૃત્તિ $= \frac{500}{1000} = \frac{1}{2}$ (50%) એટલે કે વધારાની 02 રૂ. આવકમાંથી 01 રૂ. બચાવું છું તેવો અર્થ થાય.

હવે કોઈ એક ગ્રાહકની આવક અને તેના વપરાશી ખર્ચ તથા બચતની વિગતોને ધ્યાનમાં લઈને સરેરાશ વપરાશવૃત્તિ તથા સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત વપરાશ તથા સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિ વચ્ચેના સંબંધને નીચેના કોષ્ટકના અભ્યાસ પરથી સમજી શકાય છે.

| C + S | Y - S | Y - C | $\frac{C}{Y}$ | $\frac{\Delta C}{\Delta Y}$ | $\frac{S}{Y}$ | $\frac{\Delta S}{\Delta Y}$ |
|---|---|---|---|---|---|---|
| Y<br>આવક રૂ.<br>સી.બ.વૃત્તિ | C<br>કુલ વ. ખર્ચ રૂ. | S<br>કુલ બચત રૂ. | APC<br>સ.વ.વૃત્તિ | MPC<br>સી.બ.વૃત્તિ | APS<br>સ.બ.વૃત્તિ | MPS |
| 10000 | 9000 | 1000 | $\frac{9}{10}$ | - | $\frac{1}{10}$ | - |
| 20000 | 16000 | 4000 | $\frac{8}{10}$ | $\frac{7}{10}$ | $\frac{2}{10}$ | $\frac{3}{10}$ |
| 30000 | 21000 | 9000 | $\frac{7}{10}$ | $\frac{5}{10}$ | $\frac{3}{10}$ | $\frac{5}{10}$ |
| 40000 | 24000 | 16000 | $\frac{6}{10}$ | $\frac{3}{10}$ | $\frac{4}{10}$ | $\frac{7}{10}$ |

ઉપરોક્ત કોષ્ટકમાં આપણે જોઈ શકીએ છીએ કે આવકના વધારા સાથે વપરાશી ખર્ચ વધે છે તેના કરતાં બચતો વધુ વધે છે. એટલે કે સ. વ.વૃત્તિ અને સી.વ. વૃત્તિમાં ઘટાડો થાય છે. જ્યારે સ.બ.વૃત્તિ અને સી.બ.વૃત્તિમાં વધારો થાય છે. ટૂંકમાં આવકના વધારા સાથે વપરાશી ખર્ચની સરખામણીમાં બચતો વધુ વધે છે.

કોષ્ટક મુજબ સ.વ.વૃત્તિ અને સ.બ.વૃત્તિનો સરવાળો 01 બરાબર હોય છે. તેમજ સી.વ.વૃત્તિ અને સી.બ.વૃત્તિનો સરવાળો પણ 01 બરાબર હોય છે. ટૂંકમાં બેમાંથી એક જાણતા હોઈએ તો બીજું શોધી શકાય. જેમ કે ઉપરના ઉદાહરણમાં જ્યાં સ.વ.વૃત્તિ $\frac{9}{10}$ છે. ત્યાં સ.બ.વૃત્તિ $\frac{1}{10}$ છે. બંને સરવાળો 01 થાય છે.

એટલે કે 01 માંથી સ.વ.વૃત્તિ $\frac{9}{10}$ બાદ કરીએ તો સ.બ.વૃત્તિ $\frac{1}{10}$ જાણી શકાય. આવી જ રીતે સી.વ.વૃત્તિ અને સી.બ.વૃત્તિનો સરવાળો પણ 01 બરાબર હોય છે. 01 માંથી સી.વ.વૃત્તિ $\frac{7}{10}$ બાદ કરીએ તો સી.બી.વૃત્તિ $\frac{3}{10}$ જાણી શકાય.

વિકસિત દેશો કરતાં વિકસતા કે અલ્પવિકસિત દેશોમાં સરેરાશ વપરાશ વૃત્તિ ઊંચી હોય છે. કારણ કે વિકસતા દેશોમાં લોકોની આવક ઓછી મોટા ભાગની આવક

વપરાશી ખર્ચમાં જાય છે. જ્યારે વિકસિત દેશોના લોકોની આવક વધુ હોવાથી આવકનો અલ્પ ભાગ જ વપરાશી ખર્ચમાં જાય છે.

**આવક અને વપરાશ વૃત્તિ વચ્ચેનો સંબંધ :**

કુલ આવકનો જે ભાગ વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચવામાં આવે છે તેને સ.વ.વૃત્તિ કહેવામાં આવે છે. જ્યારે વધારાની આવકનો જે ભાગ વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચાય તેને સી.વ.વૃત્તિ કહેવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં સ.વ.વૃત્તિ એકમ કરતાં ઓછી હોય છે પણ સી.વ.વૃત્તિ એકમથી ઓછી, એકમથી વધારે અને એકમ બરાબર હોઈ શકે. એટલે કે વધારાની આવક કરતાં વધુ ખર્ચ થાય, વધારાની આવકનો અમુક જ ભાગ ખર્ચવામાં આવે અને વધારાની બધી જ આવક ખર્ચવામાં આવે. સામાન્ય સંજોગોમાં અન્ય પરિબળોમાં ફેરફાર ના થાય ત્યારે આવક વધતાં આવકના પ્રમાણમાં સ. વપરાશ વૃત્તિનો દર ઉતરોતર ઘટતો જાય છે. આ હકીકતને નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય.

**આકૃતિ-૪**




આકૃતિ-૪માં ox આડી રેખા પર આવક અને oy લંબરેખા પર વપરાશ અને બચત દર્શાવવામાં આવેલ છે. 45 ના ખૂણે દોરેલી રેખા oy આવક રેખા છે. (y=c+s) cc એ વપરાશ વૃત્તિ રેખા છે. જેમ જેમ આવક વધતી જાય છે તેમ તેમ વપરાશ વધતી જાય છે પણ આવકમાં જેટલો વધારો થાય છે. તેટલો વપરાશમાં વધારો થતો નથી. પણ આવકના વધારા સાથે બચત વધુ વધે છે. આકૃતિમાં રૂ.600ની આવક પર બચત $yp_2$ જેટલી જોઈ શકાય છે. પણ રૂ. 200ની આવક પર બચત શૂન્ય છે. જે $p_1$ બિંદુ દર્શાવે છે. બધી જ આવક ખર્ચાઈ જાય છે. જ્યારે રૂપિયા 100ની આવક પર બચત નકારાત્મક છે. જે R બિંદુ દર્શાવે છે. PR જેટલું આવક કરતાં વધારે ખર્ચ થાય છે. આમ આવક જેમ જેમ વધતી જાય છે. તેમ તેમ આવકનો ઓછો ભાગ વપરાશમાં જાય છે એટલે કે વધતી આવકનો મોટો ભાગ બચત તરફ બળે છે.

**વપરાશ વૃત્તિને અસરકરતા પરિબળો :-**

પ્રો. કેઈન્સના મત પ્રમાણે વપરાશ વૃત્તિને કેટલાક બાહ્ય પરિબળો કે જે વ્યક્તિના અંકુશમાં નથી તે અસર કરે છે. તેમજ કેટલાક આંતરિક પરિબળો કે જે વ્યક્તિના માનસ કે સામાજિક પરિબળોથી સર્જાય છે તે અસર કરે છે. આ પરિબળોથી વપરાશ વૃત્તિમાં કેવા ફેરફારો જન્મે છે. તે અભ્યાસ નીચે મુજબ છે.

– **બાહ્ય પરિબળો :-**

જે પરિબળો વ્યક્તિના અંકુશમાં નથી તે બાહ્ય પરિબળો તરીકે ઓળખાય છે. જેમાં આવક, ભાવસપાટી, કરવેરા, વેતનદર, વ્યાજનો દર, નફો-ખોટ વગેરે પરિબળોનો સમાવેશ થાય છે.

1 **વ્યક્તિની આવક :**

વપરાશ વૃત્તિને અસર કરનારું અગત્યનું નિર્ણાયક પરિબળ વ્યક્તિની કે ગ્રાહકની આવક છે. જો વ્યક્તિની કે ગ્રાહકની આવકમાં વધારો થાય તો વપરાશી ખર્ચ વધે છે તો વપરાશ વૃત્તિ વધે છે. જો આવકમાં ઘટાડો થાય તો વપરાશી ખર્ચમાં ઘટાડો થતાં વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે.

2. **ભાવ સપાટી :**

ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થાય તો જે તે વ્યક્તિઓ કે ગ્રાહકોની વાસ્તવિક આવકમાં ઘટાડો થાય છે. કારણ કે ભાવ વધતાં ખર્ચ વધે છે. પરિણામે વપરાશવૃત્તિ ઘટે છે. જ્યારે ભાવોમાં ઘટાડો થાય તો વાસ્તવિક આવકમાં વધારો થતાં વપરાશવૃત્તિમાં વધારો થાય છે.

3. **કરવેરાઃ**

કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પોતાના ખર્ચને પહોંચી વળવા કરવેરા નાખીને આવક ઊભી કરે છે. કરવેરામાં થતા વધારાથી ભાવો વધતાં લોકોના વપરાશી ખર્ચમાં વધારો થાય છે. તેથી વપરાશવૃત્તિ ઘટે છે. જ્યારે કરવેરાના દરોમાં ઘટાડો થતાં ભાવો ઘટતાં વપરાશવૃત્તિ વધે છે.

4. **વ્યાજનો દર :**

વિવિધ થાપણોના વ્યાજદરમાં વધારો થાય તો લોકો લાભ લેવા બેંકોમાં બચતો વધુ કરશે. પરિણામે વપરાશ ઓછી કરશે. વપરાશવૃત્તિ ઘટશે પણ જે વ્યાજદર નીચા હોય તો લોકો બચતો ઓછી કરશે અને વપરાશ વધુ કરશે જેથી વપરાશવૃત્તિમાં વધારો થશે.

5. **વેતન દર :**

શ્રમિકો કે કર્મચારીઓના પગારમાં કે વેતનમાં વધારો થતાં આવકોમાં વધારો થાય છે. તેથી વપરાશી ખર્ચ વધે છે. તેથી ખરીદશક્તિ વધતાં વપરાશવૃત્તિ વધે છે. જો પગારો કે વેતનોમાં ઘટાડો થતાં આવકોમાં ઘટાડો થાય છે, તેથી વપરાશી ખર્ચ ઘટે છે. તેથી ખરીદશક્તિ ઘટતાં વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે.

6. **નફો કે ખોટ :**

જો લોકોને શેર, જમીન, સોનુ કે મિલકત કે અન્ય વ્યવસાયોમાં નફો થાય તો લોકોની વપરાશ વૃત્તિ વધે છે વધે તેનાથી વિરુદ્ધ જો વ્યવસાયોમાં કે કોઈ રોકાણો કરવાથી ખોટ જાય તો વપરાશ વૃત્તિમાં ઘટાડો થાય છે.

– **આંતરિક પરિબળો :**

જે વ્યક્તિના માનસ સામાજિક પરિબળોથી વપરાશવૃત્તિને અસર કરે છે તે આંતરિક પરિબળો છે. જેમાં નાણું હાથ પર રાખવું, જીવન ધોરણ સુધારો, ગણતરી કે ભવિષ્યની જરૂરિયાત, સ્વાવલંબન, લોભ કે પ્રતિષ્ઠા વગેરે પરિબળોનો સમાવેશ

થાય છે.

**(1) સાવચેતી કે સલામતીનો હેતુ :**

કાલે શું થવાનું છે કોઈને ખબર નથી. એટલે ગમે ત્યારે અકસ્માત, બીમારી કે અણધારી આફતોને પહોંચી વળવા માટે લોકો નાણું હાથ પર રાખતા હોય છે. નાણું હાથ પર રાખવાથી વપરાશવૃત્તિ ઘટે છે.

**(2) જીવનધોરણમાં સુધારો :**

વ્યક્તિ પોતાનું જીવનધોરણ સુધારવા અથવા જીવનધોરણને ઊંચું લઈ જવા માટે કરકસરપૂર્વક ખર્ચ કરતો હોય છે. બચત વધુ કરતો હોય છે. પરિણામે ખર્ચ ઘટતાં વપરાશવૃત્તિ ઘટે છે.

**(3) ગણતરી કે અગમચેતી :**

વ્યકિત ભવિષ્યમાં વધારે આવક મેળવવા વર્તમાન વપરાશમાં કાપ મૂકે છે. તેમજ ભવિષ્યની જરૂરિયાતો માટે પણ વપરાશમાં કાપ મૂકીને બચતો કરે છે. દા.ત. વૃદ્ધા વસ્થા માટે, બાળકોના શિક્ષણ માટે, ભવિષ્યમાં સામાજિક કે ધાર્મિક પ્રસંગો માટે નાણાંની જરૂર પડતી હોય છે. એટલે વર્તમાન વપરાશી ખર્ચ માં ઘટાડો કરે છે તેથી વપરાશવૃત્તિ ઘટે છે.

**(4) લોભ (કંજૂસાઈ):**

કેટલાક લોકો કોઈ ચોક્કસ હેતુ વગર લોભી કે કંજૂસ હોય છે. રૂપિયો વાપરવાનો જીવ ચાલતો હોતો નથી. "ચામડી તૂટે પણ દમડી ના છૂટે" તેવા હોય છે. એટલે લોભી કે કંજૂસ લોકોની વપરાશવૃત્તિ નીચી હોય છે.

**(5) ગૌરવ/પ્રતિષ્ઠા :**

ઘણા લોકો પોતાના બાળકોને વારસામાં વધુ સંપત્તિ આપવાના હેતુથી કે સમાજમાં ગૌરવ કે પ્રતિષ્ઠા જમાવવાના હેતુથી પણ વધુ બચતો કરીને રૂપિયાવાળા દેખાવાનો પ્રયાસ કરતા હોય છે. અહિ પણ વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે.

**(6) સ્વાવલંબી જીવન :**

બીજા પર આધાર રાખવો ના એટલે સ્વાવલંબી જીવન જીવવા માટે બચતો કરતા હોય છે, વપરાશી ખર્ચ ઓછું કરતા હોય છે. પરિણામે વપરાશવૃત્તિ ઘટે છે.

## 7.3 મૂડીની સીમાંત કાર્ય ક્ષમતાનો ખ્યાલ

કેઈન્સના મતે મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી પર અપેક્ષિત નફાનો દર નક્કી કરે છે. જ્યાં મૂડીની સીમાત કાર્યક્ષમતા (વળતર) અને વ્યાજદર સરખા થાય ત્યાં સમતુલાની સ્થિતિ આવે. એટલે કે મૂડીની સીમાત કાર્ય-ક્ષમતા એટલે એવું વળતર કે જે વાર્ષિક વળતરનું વર્તમાન મૂલ્ય મૂડી સાધનની પુરવઠા કિંમત બરાબર હોય છે. મૂડીની સીમાત કાર્યક્ષમતાનો ખ્યાલ રોજગારી અને વેપાર ચક્રોના સિદ્ધાંતમાં મહત્ત્વનો હોવાથી આપણે તેનો અભ્યાસ કરીશું.

કોઈપણ નિયોજક ધંધામાં મૂડીનું રોકાણ કરે ત્યારે નફો કરવાની વૃત્તિ હોય છે. રોકાણ કરતાં પહેલાં બે બાબતો ધ્યાનમાં રાખવું. કેટલું વળતર મળે તેમ છે અને કેટલું ખર્ચ આવે તેમ છે. જો ખર્ચ કરતાં વળતર વધુ હોય તો મૂડી રોકાણ કરવાનું નિયોજકને પ્રોત્સાહન મળે. જો વળતર કરતાં ખર્ચ વધુ આવે તેમ હોય તો મૂડીરોકણ

કરવામાં નિરુત્સાહી બનશે. અથવા મૂડીરોકાણ ઓછું કે ઘટાડવાની વૃત્તિ રહે અને જ્યાં વળતર અને ખર્ચ સરખા થઈ રહે ત્યાં મૂડીરોકાણમાં વધઘટ ન થાય અને સમતુલાની સ્થિતિ આવે.

**ઉદાહરણઃ**

ધારો કે કોઈ નિયોજકને રૂ. 3000નું યંત્ર ખરીદવું છે અથવા રૂ. 3000નું મૂડીરોકાણ કરવું છે. તો નિયોજક કેટલીક બાબતોનો વિચાર કરશે. યંત્રનું આયુષ્ય કેટલું, યંત્ર દર વર્ષે કેટલી કમાણી કરાવી આપે તેમ છે. માની લઈએ કે યંત્રનું આયુષ્ય બે વર્ષનું છે અને ધારી લઈએ કે યંત્ર પ્રથમ વર્ષે રૂ. 1100 અને બીજા વર્ષના અંતે રૂ. 2420 કમાણી કરાવે છે. હવે રૂ. 1100 + રૂ. 2420ની જે કમાણી થાય છે તેનું બજારના વ્યાજ દરે વર્તમાન મૂલ્ય કેટલું થાય છે. તે જાણવું જોઈએ. વર્ષના અંતે પ્રાપ્ત થતી કમાણી રૂ. 1100નું વર્તમાન મૂલ્ય વ્યાજદર જેટલું ઓછું હોવાનું કારણ ઉછીની રકમ લીધી હોય તો વ્યાજ ચૂકવવું પડે. અને પોતાની રકમનું રોકાણ કર્યું હોય તો વ્યાજ જતુ કરવું પડે. જો 10% વ્યાજદર હોય તો એક વર્ષના અંતે થતી કમાણી રૂ. 1100નું વર્તમાન મૂલ્ય રૂ. 1000 થાય. તેવી જ રીતે બે વર્ષના અંતે મળનાર રૂ. 2420નું વર્તમાન મૂલ્ય ચક્રવૃદ્ધિ વ્યાજ (20%) પ્રમાણે રૂ. 2000 થાય. આથી બે વર્ષને અંતે થનાર કમાણી રૂ. 1100 + રૂ. 2420. જે આજે અથવા વર્તમાન રૂ. 1000 + રૂ. 2000 બરાબર ગણાય.

આમ યંત્રની કિંમત અથવા મૂડી સાધનનું મૂલ્ય અથવા પુરવઠા કિંમત પણ રૂ. 3000 છે. અને તેમાંથી પ્રાપ્ત થતુ વળતર અથવા વટાવમુક્ત આવક અથવા અપેક્ષિત વાર્ષિક વળતર પણ રૂ. 3000 છે. સીમાંત લાભ અને ગેરલાભ સરખા થઈ રહે છે. આથી વધુ મૂડીરોકાણ કરવામાં નહિં આવે અને મૂડીરોકાણ ઘટાડવામાં પણ નહિં આવે. જેને સમીકરણ દ્વારા નીચે મુજબ રજૂ કરી શકાય.

**સમીકરણઃ**

$$V = \frac{R_1}{(1+i)^1} + \frac{R_2}{(1+i)^2} + \frac{R_3}{(1+i)^3} \ldots\ldots\ldots\ldots \frac{R_3}{(1+i)^n}$$

**પરિભાષામાં**

| | | |
|---|---|---|
| મૂડીસાધનનું મૂલ્ય<br>અથવા<br>પુરવઠા કિંમત<br>અથવા<br>યંત્રની કિંમત | = | અપેક્ષિત વાર્ષિક વળતર<br>અથવા<br>ભવિષ્યની વટાવમુક્ત આવક<br>અથવા<br>વર્તમાન દ્રષ્ટિએ જણાતું વળતર |

સમીકરણનાં પદો $R_1$, $R_2$, $R_3$ મૂડીરોકાણમાંથી પ્રાપ્ત થતું પ્રથમ, બીજા, ત્રીજા વર્ષે પ્રાપ્ત થતું વાર્ષિક વળતર બતાવે છે. V એ પુરવઠાની કિંમત અથવા મૂડી સાધનનું મૂલ્ય દર્શાવે છે. i એ વ્યાજદર દર્શાવે છે.

ઉપરોક્ત ઉદાહરણની ઉપરોક્ત સમીકરણ દ્વારા નીચે મુજબ ગણતરી કરી શકાય.

મૂડી સાધનનું મૂલ્ય = અપેક્ષિત વાર્ષિક વળતર

અથવા

$$V = \frac{R_1}{(1+i)^1} + \frac{R_2}{(1+i)^2} + \frac{R_3}{(1+i)^3} \dots\dots\dots\dots\dots\dots \frac{R_3}{(1+i)^n}$$

$$\text{રૂ. } 3000 = \frac{1100}{(1+10\%)} + \frac{2420}{(1+10\%)^2}$$

$$= \frac{1100}{(1+\frac{10}{100})} + \frac{2420}{(1+\frac{10}{100})^2}$$

$$= \frac{1100}{\frac{11}{10}} = \frac{2420}{\frac{121}{100}}$$

$$= 1100 \text{ X } \frac{10}{11} + 2420 \text{ X } \frac{100}{121}$$

$$= 1000 + 2000$$

મૂડી સાધનનું મૂલ્ય અથવા

પુરવઠાની કિંમત

રૂ. 3000 = રૂ. 3000 અપેક્ષિત વાર્ષિક વળતર અથવા વટાવમુક્ત આવક

જો રૂ. 3000નું યંત્ર પ્રથમ વર્ષે રૂ. 1100 અને બીજા વર્ષે રૂ. 2420ની આવક (કમાણી) કરાવે તો વળતરનો દર 10 % કહેવાય આ દરને કેઈન્સ મૂડીની સીમાંત કાર્યક્ષમતા તરીકે ઓળખાવે છે વ્યાજદરએ ખર્ચ દર્શાવે છે અને મૂડીની સીમાંત કાર્યક્ષણતા એ આવક દર્શાવે છે. વળતર ન મળતું હોય તો સ્વાભાવિક છે કે મૂડીરોકાણ નિરુત્સાહી બને અને વળતર વ્યાજદર કરતાં વધુ હોય તો મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય. જ્યાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા અથવા વળતર અને વ્યાજદર સરખા થાય ત્યાં સમતુલાની સ્થિતિ આવે. આથી કેઈન્સ મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ આ રીતે આપે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે એવું વળતર કે જે વાર્ષિક વળતરનું વર્તમાન મૂલ્ય મૂડી સાધનની પુરવઠા કિંમત બરાબર થાય છે.

– **મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો :**

**(1) મૂડીરોકાણનું પ્રમાણ :**

કેઈન્સના મતે મૂડીરોકાણનું પ્રમાણ અને મૂડીની સીમાત કાર્યક્ષમતા વચ્ચે વ્યસ્ત સંબંધ છે. જેમ મૂડીરોકાણ વધતું જાય છે. તેમ મૂડીમાંથી પ્રાપ્ત થતું વળતર (અપેક્ષિત) ઘટતું જાય છે. કારણ કે મૂડીરોકાણ વધવાથી સાધનોની અછત વધે છે. સાધન ભાવ વધે છે તેથી ચીજ વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ વધે છે. ઉત્પાદન ખર્ચ વધવાનું કારણ વસ્તુઓનું ઉત્પાદન ઘટતી પેદાશના નિયમને આધીન હોય છે. એક તરફ ઉત્પાદન ખર્ચ વધે છે તો બીજી તરફ વસ્તુઓના ભાવ ઘટે છે. કારણ મૂડીરોકાણ વધવાથી વસ્તુઓનો પુરવઠો વધે છે. ખર્ચ વધે છે. આવક અથવા વળતર ઘટે છે. તેથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા દેખીતી રીતે ઘટે જ.

### (2) વસ્તી વૃદ્ધિ :

વસ્તી વૃદ્ધિના પરિબળો પણ લાંબાગાળે મૂડીરોકાણ વૃત્તિને અસર કરે છે. વસ્તી વધારાથી મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે છે. વસ્તીમાં ઘટાડો થાય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે અથવા સ્થિર રહે છે. એટલે કે વસ્તીનું માળખું બદલાતાં જુદાજુદા ક્ષેત્રોમાં મૂડીરોકાણની તકો બદલાય છે.

### (3) ટેકનોલોજીકલ પ્રગતિ :

ટેકનોલોજીકલ પ્રગતિની ટૂંકાગાળે નહી પણ લાંબાગાળે મૂડીરોકાણ પર અસરો પડતી હોય છે. મૂડીની વધુને વધુ વપરાશ થાય અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય તો મૂડીરોકાણનું પ્રમાણ વધતું હોવા છતાં, મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે એટલે કે મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ શોધાતાં આવી પરિસ્થિતિ સર્જાય છે. જો ટેકનોલોજીકલ પ્રગતિ ઉલટી દિશામાં જાય તો ઓછી મૂડીએ વધુ ઉત્પાદન થઈ શકે. તો મૂડીરોકાણ પ્રોત્સાહિત થવાના બદલે નિરુત્સાહી બને.

### (4) કરવેરામાં ફેરફાર :

કંપનીઓની આવક, મિલકત વેરાઓ, આવક વેરાઓ, ચીજવસ્તુઓ પરના વેરાઓ વગેરે મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં પરિવર્તનો લાવે છે. કરવેરા કમાણી ઘટાડે છે તથા મૂડીરોકાણનું જોખમ વધારે છે. કરવેરા વધતાં મૂડીરોકાણ નિરુત્સાહી થાય છે. નીચી આવકવાળાઓ પર અને વેપાર વેરાઓ ઘટાડવામાં આવે તો મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે.

### (5) ભાવિ અંદાજો :

ભાવિ અંદાજો મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરે છે. લાંબાગાળે ભાવિ અંદાજોમાં ફેરફાર થવાના અંદાજો હોય છે. જેમ ભાવિ દૂર તેમ અનિશ્ચિતતા વધારે. ત્યાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટવાના વલણો હોય છે.

ટૂંકાગાળામાં વસ્તી, બજારોની સંખ્યા, ઉત્પાદન, લોકોની રુચી વગેરેમાં ફેરફારો થતા નથી. એટલે કે થોડાક સમય પૂર્વેના જ સંજોગો મોટાભાગે નજીકના ભવિષ્યમાં કામ કરતા હોય છે. આથી અંદાજો બદલાતા નથી. તેથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા બદલાતી નથી.

### (6) વેતન દર :

વેતન દરમાં ફેરફાર થવાથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર કેવા ફેરફાર થાય તે ચોક્કસ કહી શકાય નહી. વેતનદર ઘટે તો ઉત્પાદન ખર્ચ ઘટે તેથી વળતર વધે. મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે. બીજી બાજુ વેતન દર ઘટતાં મજૂરોની આવક ઘટે - માંગ ઘટે-નફો ઘટે. તેથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટે આમ વેતન દર ઘટવાથી બે વિરુદ્ધ દિશામાં પરિવર્તન આવે. સરવાળે શું થશે તે નક્કી કરવું મુશ્કેલ છે.

### (7) બિન આર્થિક પરિબળો :

યુદ્ધની પરિસ્થિતિ, મજૂર મંડળો, કુદરતી હોનારતો, રાજકીય ઉથલ પાથલો પણ અર્થતંત્રમાં વિપરિત અસરો પેદા કરે છે. જે અપેક્ષિત આવકમાં ફેરફાર લાવી મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર વિપરિત અસર કરે છે. જ્યારે સ્થિર સરકાર

વ્યાપારિક વર્તુળોમાં મૂડીની વિશ્વાસનું વાતાવરણ ઊભું કરે છે. જેની મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર હકારાત્મક અસર પડે છે.

**(8) નવી વસ્તુ :**

નવી વસ્તુઓનું ઉત્પાદન અને તેનું વેચાણ તથા ખર્ચનું સ્વરૂપ મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરે છે. નવી વસ્તુના વેચાણની શકયતાઓ વધુ હોય તો ભાવિ વળતર તેના ખર્ચ કરતાં વધારે મળવાની શકયતા હોય છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધુ હશે. દા.ત. ટેલીવિઝનની શોધને કારણે ઇલેક્ટ્રોનિક ઉદ્યોગમાં ખર્ચ કરતાં અપેક્ષિત નફો વધારે હોય છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારે હોય છે.

## 10.5 ગુણકનો સિદ્ધાંત :-

પ્રો. કેઈન્સે જે ગુણકનો ખ્યાલ સમજાવ્યો. તેને મૂડીરોકાણનો ગુણક કે આવકનો ગુણક કહેવામાં આવે છે. શરૂઆતમાં થોડુંક મૂડીરોકાણ કરવાથી સરવાળે અથવા લાંબાગાળે સમાજની આવકમાં જેટલા ગણો વધારે થાય તે વધારાને કેઈન્સ ગુણક તરીકે ઓળખાવે છે. દા.ત. શરૂઆતમાં રૂ. 1000નું મૂડીરોકાણ કરવાથી લાંબાગાળે સમાજની આવક રૂ. 8000 થાય આવક એટલે કે શરૂઆતના મૂડીરોકાણ કરતાં સમાજની 08 ગણી આવક વધે છે. તેથી ગુણક 08 બરાબર કહી શકાય.

શરૂઆતમાં 1000 રૂ. ખર્ચવામાં આવે અને લાંબાગાળે સમાજની આવક 8000 રૂ. થાય. તેની પાછળ શું રહસ્ય છે તે જાણીએ તે પહેલાં કેઈન્સનો ગુણકનો ખ્યાલ કેટલીક ધારણાઓ પર આધારિત છે. તે જાણવું જોઈએ. આ ધારણાઓ વિશ્લેષણની સરળતા ખાતર ધારવામાં આવી છે.

**ધારણાઓ :**

**(1) અપૂર્ણ રોજગારી :**

જ્યારે નવું મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે કેટલાક ઉત્પાદનના સાધનોને બેકાર ધારી લેવામાં આવે છે. એટલે કે અપૂર્ણ રોજગારીની અવસ્થા અભિપ્રેત છે. આવા સંજોગો હોય તો જ ઉત્પાદન, આવક, રોજગારી વગેરેમાં અનેક ગણો વધારો થઈ શકે છે.

**(2) અન્ય મૂ. રો. ની ગેરહાજરી :**

જ્યારે મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે લોકોની આવક વધે છે. વપરાશી ખર્ચ વધે છે. ફરીથી આવક વધે છે ખર્ચ વધે છે વગેરે પણ અહિ વધારાના વપરાશી ખર્ચથી નવું મૂડીરોકાણ થતું નથી. એટલે નવા મૂડીરોકાણની કે અન્ય મૂડીરોકાણની ગેરહાજરી દર્શાવવામાં આવી છે.

**(3) આર્થિક બંધી :**

દેશ અન્ય દેશો સાથે વિનિમય કે આયાત-નિકાસથી જોડાયેલો નથી. તેવી ધારણા કરવામાં આવી છે પણ તે અનિવાર્ય નથી. વિશ્લેષણની સરળતા માટે ધારવામાં આવે છે. કારણ જો દેશ બીજા દેશ સાથે સંકળાયેલો હોય તો મૂડીરોકાણની આવક પરની થોડી અસરો બહાર ચાલી જાય જેથી ગુણક નાનો બને.

**(4) હકારાત્મક અને સ્થિર સી. વ. વૃત્તિ :**

સીમાંત વપરાશ વૃત્તિને હકારાત્મક તથા સ્થિર ધારવામાં આવી છે. કારણ કે છેવટે સમતુલાની સ્થિતિ આવે અને વિશ્લેષણમાં સરળતા આવે પણ સ્થિરતા અંગેની

ધારણા અનિવાર્ય નથી.

**(5) અર્થતંત્રમાં સ્થિરતા :**

વસ્તુના ભાવો, વ્યાજ, વેતન વગેરે સ્થિર ધારવામાં આવે છે કારણ કે તે બદલાય તો તેટલા અંશે વધારાની આવકો વપરાશ વધારવાના બદલે ટકાવવામાં ખર્ચાઈ જાય.

**(6) સમયનો વિલંબ નહિ :**

વિવિધ આર્થિક ઘટનાઓ વચ્ચે સમયગાળો પડતો નથી. તેવું ધારવામાં આવ્યું છે. એટલે કે મૂડી રોકાણ ખર્ચ થતાં તાત્કાલિક આવક વધે છે. આવક તાત્કાલિક ખર્ચવામાં આવે છે. એમ સમયના વિલંબ વિના પ્રક્રિયા ચાલે છે. આ ધારણા વિશ્લેષણની સરળતા લાવવા માટે કરવામાં આવી છે.

હવે આપણે સમજીએ કે થોડું મૂડીકરોકાણ ખર્ચ થતાં શાથી આવકમાં અનેકગણો વધારે થાય છે સરળતા ખાતર આપણે ધારીએ કે શરૂઆતમાં 1000 રૂપિયાનું મૂડીરોકાણ ખર્ચ કરવામાં આવે છે અને સમાજની સીમાંત વપરાશ વૃત્તિ 1/2 છે જે સ્થિર છે. આવા સંજોગોમાં આવકમાં કેવા પરિવર્તનો આવે છે તે જોઈએ.

– **1000 રૂપિયાની આવક વધી :**

શરૂઆતમાં યંત્ર પાછળ કે મજૂરો, કાચોમાલ, લોખંડ વગેરે પાછળ 1000 રૂપિયા ખર્ચવામાં આવે છે. અથવા મૂડીરોકાણ કરવામાં આવે છે એકનું ખર્ચ બીજાની આવક બનતી હોવાથી સમાજની આવકમાં અથવા ઉત્પાદક સાધનોની આવકમાં 1000 રૂપિયાનો વધારો થાય છે.

– **500 રૂપિયાની આવક વધી :**

લોકોની કે સમાજની આવકમાં 1000 રૂપિયાનો વધારો થાય છે. સીમાંત વપરાશ વૃત્તિ $^1/_2$ ભાગ જ ખર્ચવામાં આવે છે. એટલે કે 500 રૂપિયા ખર્ચવામાં આવે છે. તો એકનું ખર્ચ બીજાની આવક હોવાથી સમાજની આવકમાં 500 રૂપિયાનો વધારો થાય છે.

– **250 રૂપિયા આવક વધી :**

પ્રથમ 1000 રૂ. આવક વધી. પછી 500 રૂપિયામાંથી 1/2 સીમાંત વપરાશ વૃત્તિ હોય તો 250 રૂપિયા ખર્ચવામાં આવશે અને 250 રૂપિયા બચાવવામાં આવશે. એકનું ખર્ચ બીજાની આવક હોવાથી સમાજની આવકમાં ફરીથી 250 રૂપિયાનો વધારો થાય છે.

આ રીતે આવક વધે. ખર્ચ થાય. ફરી આવક વધે. ખર્ચ થાય આ પ્રક્રિયા ચાલ્યા કરતી હોય છે. તેને સમગ્ર રીતે નીચે મુજબ રજૂ કરી શકાય.

$$\text{કુલ આવકમાં વધારો} = 1000 + 500 + 250 + \frac{5}{4} + \frac{5}{8} + \frac{5}{16} + \frac{5}{32} + \frac{5}{64} \ldots\ldots\ldots$$

જ્યાં સુધી વધારાની આવક ખર્ચી શકાય તેમ હોય ત્યાં સુધી આવકમાં ઉમેરો થયા કરશે. સરવાળે કેટલી આવક વધે છે તેનો જવાબ કેઈન્સ સમીકરણ દ્વારા નીચે મુજબ આપે છે.

**સમીકરણઃ**

$\Delta Y = \Delta I.K$

જેમાં $\Delta Y =$ કુલ આવકમાં ફેરફાર

$\Delta I$ = મૂડીરોકાણમાં ફેરફાર

K = ગુણક જે $\frac{1}{1-b}$ બરાબર હોય છે.

b = સીમાંત વપરાશ વૃત્તિ

આપણે આગળના ઉદાહરણની વિગતો દ્વારા સમીકરણથી સમજીએ

$\Delta Y = \Delta 1.K$ (K = ગુણક $= \frac{1}{1-b}$)

$$\Delta Y = 1000.\frac{1}{1-b}$$

$$\Delta Y = 1000.\frac{1}{1-\frac{1}{2}}$$

$$\Delta Y = 1000.\ \frac{1}{\frac{1}{2}}$$

$$\Delta Y = 1000 \times 1 \times \frac{2}{1}$$

$\Delta Y = 2000$ રૂ.

આવકમાં 2000 રૂપિયાનો વધારો થશે. શરૂઆતમાં 1000 રૂ. નું મૂડી રોકાણ ખર્ચ થતાં સમાજની આવકમાં બે ગણો વધારો થાય છે. 02 મૂડી રોકાણ ગુણક કહેવાય. શરૂઆતમાં 1000 રૂ. આવક વધારો થાય છે તે પ્રાથમિક આવક અને પછી જે 1000 રૂ. આવક વધે છે તે આનુષંગિક આવક કહેવાય.

ગુણકનું કદ સી. વ. વૃત્તિ પર આધાર રાખે છે. જો સી.વ.વૃત્તિ 01 હોય તો $\frac{1}{1-1} = \frac{1}{0} = \propto$ (અમાપ) ગુણક આવે. પણ સી.વ. વૃત્તિ 01 હોઈ ના શકે. તેથી ગુણક $\alpha$ (અમાપ) આવે પણ સી.વ. વૃત્તિ 01 હોઈ ના શકે તેથી ગુણક અમાપ હોઈ ના શકે. જો સી.વ.વૃત્તિ શૂન્ય હોય તો $\frac{1}{1-10} = 01$ ગુણક આવે. સી.વ.વૃત્તિ સામાન્ય રીતે 0 (શૂન્ય) થી વધુ હોય છે. તેથી ગુણક 01 થી વધુ હોવાનો જે સી.વ.વૃત્તિ વધુ તેમ ગુણક મોટો હોવાનો જે.સી.વ.વૃત્તિ 3/4 હોય તો ગુણક 04 અને સી.વ.વૃત્તિ 1/2 હોય તો ગુણક 02 હશે.

આથી કેઈન્સે કહ્યું છે કે પછાત અથવા વિકસતા દેશોમાં વિકસિત દેશો કરતાં ગુણક મોટો હોય છે. કારણ કે વિકસતા દેશોમાં આવકનો મોટો ભાગ ખર્ચાય છે, જ્યારે વિકસિત દેશોમાં આવકનો અલ્પ ભાગ ખર્ચાય છે. એટલે કે સી.વ.વૃત્તિ

વધુ તેમ ગુણક મોટો અને સી.વ.વૃત્તિ ઓછી તેમ ગુણક નાનો.

ગુણક જાણવાની એક તદ્દન સહેલી રીતે $\frac{1}{1-b} = \frac{1}{\text{અ. બ. વૃત્તિ}}$ $\frac{1}{1-b}$ એ સી. બી. વૃત્તિ

છે કારણ 01 માંથી સી. વ. વૃત્તિ બાદ કરીએ તો સી. બ. વૃત્તિ આવે. સાદી રીતે કહીએ તો સી. બ. વૃત્તિના આંકને ઉલટાવીએ તો જે આંક આવે તે ગુણક કહેવાય. જો સીમાંત વચન વૃત્તિ $\frac{3}{4}$ તો ગુણક 04 આવે. સી. બ. વૃત્તિ $\frac{1}{2}$ તો ગુણક 02 આવે. ગુણક જેમ આવકમાં અનેકગણો વધારો કરે છે તેમ અનેકગણો ઘટાડો પણ કરે છે. અર્થકરણમાં આવતા પરિવર્તનો સમજાવવામાં ગુણકનો ખ્યાલ મહત્વનો છે.

– **ગુણકના સિદ્ધાંતની મર્યાદાઓ :**

(1) **આવકનો બહિસ્ત્રાવ :** ગુણકમાં એક વખત આવકનો પ્રવાહ વહેતો શરૂ થાય છે. ત્યારે સી. વ. વૃત્તિ મુજબ આવકમાં થતો ઉમેરો ઘટતો જાય છે. છેવટે ઉમેરો બંધ થાય છે એટલે કે આવકનો કેટલાક પ્રવાહ બહાર ચાલી જાય છે. આમ આવકનો બહિસ્ત્રાવ થવાથી સી. વ. વૃત્તિ અને ગુણક ઘટે છે.

(2) **સમય તરફ દુર્લક્ષ :** મૂડીરોકાણ ખર્ચ થતાં આવકમાં વધારો થાય છે, પણ કેટલા સમયમાં વધારો થાય છે. તેનો કોઈ ખ્યાલ ગુણકના સિદ્ધાંતમાં નથી. આવક વધે છે. સમયગાળો પડતો નથી. એવું ધારી લેવામાં આવે છે. જે અવાસ્તવિક છે એટલે કે કેટલા સમયમાં આવકમાં વધારો થાય છે. તે ધ્યાનમાં લેવામાં આવ્યું નથી.

(3) **નવા મૂડી રોકાણની ગેરહાજરી :**કેઈન્સના ગુણકના સિદ્ધાંતમાં પ્રેરિત મૂડીરોકાણ અને તેની અસરોને ધ્યાનમાં લેવામાં આવી નથી. શરૂઆતમાં મૂડી રોકાણ થાય. આવક વધે. ખર્ચ થાય. આવક વધે. આ ચક્ર ચાલ્યા કરતું હોય છે. નવું મૂડી રોકાણ થાય. આવક વધે. ખર્ચ થાય. આવક વધે. આ ચક્ર ચાલ્યા કરતું હોય છે નવું મૂડી રોકાણ થતું નથી.

(4) **સી. વ. વૃત્તિને સ્થિર ધારી છે :** આવકમાં 100, 1000, 10,000 રૂ નો વધારો થાય પણ સી. વ. વૃત્તિનો સ્થિર ધારવામાં આવી છે. કેઈન્સે જ જે વપરાશનો મનોવૈજ્ઞાનિક નિયમ આપ્યો તેમાં જેમ આવક વધે છે તેમ સી.વ.વૃત્તિ ઘટે છે. આથી ગુણકનો સિદ્ધાંત અવાસ્તવિક બને છે.

(5) **આવક વધવાના બદલે ઘટે પણ ખરી :** ગુણક સિદ્ધાંત મૂડીનો રોકાણ ખર્ચ કરવામાં આવે ત્યારે આવકમાં વધારો થાય છે. આ પ્રક્રિયા ચાલ્યા કરતી હોય છે. તે બધા સંજોગોમાં સાચું પડતું નથી. જો સરકાર મૂડીરોકાણ કરે અને ખાનગી મૂડીરાકાણ ઘટે તો સરવાળે આવક વધવાના બદલે ઘટે પણ ખરી

ગુણકના સિદ્ધાંતની મર્યાદાઓ પરથી એમ ન કહી શકાય કે તે બિન ઉપયોગી છે. તે આવક સર્જનનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. અર્થતંત્રમાં આવતા પરિવર્તનો સમજાવવામાં ગુણકનો ખ્યાલ ઉપયોગી છે. કેઈન્સની વિચારસરણી પર આકરા પ્રહારો કરનારા નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પણ કહે છે કે ગુણકનો સિદ્ધાંત અર્થશાસ્ત્રમાં મહત્ત્વનો ફાળો આપે છે. ગુણકનો ખ્યાલ અર્થશાસ્ત્રમા પ્રચલિત હોવાથી તેની મર્યાદાઓ દૂર કરી તે વધુ ઉપયોગી બને તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

## 10.6 કેઈન્સનો આવક તથા રોજગારીનો સિદ્ધાંત :-

કેઈન્સના મતે આવક તથા રોજગારી એક સાથે વધે છે બન્ને વચ્ચે હકારાત્મક સબંધ છે. તેથી જ આવક અને રોજગારીનો અભ્યાસ એક જ સિદ્ધાંતમાં કરવામાં આવ્યો છે. કેઈન્સના મતે કોઈપણ અર્થતંત્રમાં આવક અને રોજગારી અસરકારક માંગ પર આધારિત છે. અર્થતંત્રમાં જે આવક કે ખર્ચની સપાટીએ કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય ત્યાં અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે. સમતુલા બિંદુને અસરકારક માંગ કહેવાય છે. એજ પૂર્ણ રોજગારીની સપાટી હોય છે. કારણ સમતુલાની સપાટીએ આવક અને રોજગારી પણ સરખા હોય છે

બેરોજગારી સમાજનું મોટામાં મોટું દૂષણ છે. આથી બેરોજગારીને દૂર કરવા અને રોજગારી વધારવા વિવિધ અર્થશાસ્ત્રીઓએ પોત પોતાના ખ્યાલો રજૂ કર્યા છે. પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવાની સર્વ સામાન્ય શરત વેતન દર, વ્યાજદર અને વસ્તુ ભાવોની પરિવર્તનશીલતા છે. જેમ કે શ્રમની માંગ વધુ હોય અને શ્રમ પુરવઠો ઓછો હોય તો વતેનદર વધે છે. શ્રમની માંગ ઓછી હોય અને શ્રમનો પુરવઠો વધુ હોય તો વેતનદર ઘટે છે. પ્રો. પીગુના વેતનકાપના સિદ્ધાંત મુજબ વેતન દરોમાં ઘટાડો કરીને રોજગારીનું પ્રમાણ વધારી શકાય છે. કેઈન્સનો આવક-રોજગારીનો સિદ્ધાંત કેટલીક ધારણાઓ પર આધારિત છે. જે આ મુજબ છે.

**(1)** આ સિદ્ધાંતમા ટૂંકાગાળા માટે રોજગારીનો વિચાર કરવામાં આવ્યો છે. લાંબાગાળા માટે રોજગારીનો વિચાર કરવામાં આવ્યો નથી.

**(2)** ઉત્પાદનના સાધનોના પ્રમાણમાં અને ગુણવત્તામાં પરિવર્તન આવતું નથી.

**(3)** ઉત્પાદનના સાધનોમાં શ્રમ અને મૂડીને બેકાર ધારી લેવામાં આવે છે.

**(4)** જે ઉત્પાદન પદ્ધતિ (મૂડી પ્રધાન કે શ્રમ પ્રધાન) કાર્યરત હોય તેમાં ફેરફાર થતો નથી.

દેશમાં મૂડીના સાધનો હોય તેની સામે શ્રમિકો (શ્રમનો પુરવઠો હોય) હોય તો પણ બેરોજગારી હોય તો તેનો ઉપાય હોય છે.

– **રોજગારીનો આધાર આવક : (y = f (E))**

કેઈન્સના મત મુજબ આવકની સપાટી રોજગારીની સપાટી નક્કી કરે છે. દેશમાં આવક વધુ હોય તો ખર્ચ વધુ થવાનું. તેથી ચીજવસ્તુઓની સાધનોની માંગ વધુ થવાની ઉત્પાદન વધારવું પડે. ઉત્પાદન વધવાથી રોજગારી પણ વધે આવકમાં પણ વધારો થાય. આમ અર્થતંત્રમાં જો પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી હોય તો તેને અનુરૂપ આવક સપાટી હોવી જોઈએ. કેઈન્સના મતે અર્થતંત્રમાં કુલ આવક = કુલ ઉત્પાદન (કુલ પુરવઠો) + કુલ ખર્ચ (કુલ માંગ) હોય છે. કુલ માંગ અને કુલ પુરવઠાના ખ્યાલો નીચે મુજબ સમજાવી શકાય.

– **કુલ માંગ : (y = C+I)**

કુલ માંગ એટલે વપરાશી વસ્તુઓની માંગ અને મૂડી સાધનોની માંગ. એટલે કે લોકો આવકનો અમુક ભાગ વપરાશી ચીજો પાછળ ખર્ચે છે. અને અમુક ભાગ મૂડી સાધનોની માંગ પાછળ ખર્ચ કરે છે. ટૂંકમાં y = C+I હોય છે. (કેઈન્સની પરિભાષામાં)

– **કુલ પુરવઠો : (y = c+s)**

કુલ પુરવઠો એટલે દેશમાં જે ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય છે. તે ઉત્પાદન દેશની સમાજની આવક છે. લોકો આ આવકનો અમુક ભાગ વપરાશી ચીજવસ્તુઓની ખરીદી પાછળ ખર્ચે છે અને અમુક ભાગ બચાવે છે. ટૂંકમાં y = c+s હોય છે (કેઈન્સની પરિભાષામાં)

આવક = કુલ માંગ અને આવક = કુલ પુરવઠો હોય તો

y = [C + I] હોય તો I = [Y - C] હોઇ શકે
y = [C + S] હોય તો S = [Y - C] હોઇ શકે
} તો S = I હોઈ શકે

કેઈન્સના મતે આવક અને રોજગારી અસરકારક માંગ પર આધાર રાખે છે. જ્યારે અર્થતંત્રમાં શ્રમની માંગ અને શ્રમનો પુરવઠો સરખા થાય. ત્યાં બચત અને મૂડીરોકાણ પણ સરખા થતા હોય છે. ત્યાં અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે. તેજ અસરકારક માંગ છે. એજ પૂર્ણ રોજગારીની સપાટી હોય છે. ત્યાં આવક અને રોજગારી પણ સરખા હોય છે. આ સમગ્ર બાબતને આ આકૃતિની મદદથી નીચે મુજબ સમજી શકાય.

**આકૃતિ-૫**




આકૃતિ-૫ માં OX આડી રેખા પર આવક અને oy લંબરેખા પર વપરાશી ખર્ચ તથા મૂડીરોકાણ ખર્ચ દર્શાવવામાં આવેલ છે. 45° ના ખૂણે દોરેલી રેખા કુલ પુરવઠો દર્શાવે છે. (y = c+s) એટલે કે આવક = વપરાશીખર્ચ + બચત અહિ y = C+I (કુલ માંગ) પણ દર્શાવવામાં આવી છે. એટલે કે આવક = વપરાશીખર્ચ + મૂડીરોકાણ ખર્ચ પણ છ. c એ વપરાશી ખર્ચ રેખા છે. આવકની જુદીજુદી સપાટીએ વપરાશી ખર્ચ કેટલું થશે તે c રેખા દર્શાવે છે. જ્યારે Y = C+I રેખા જુદી જુદી આવકની સપાટીએ વપરાશી ખર્ચ તથા મૂડી રોકાણ ખર્ચ કેટલું થશે તે દર્શાવે છે. C અને C+I રેખા વચ્ચેનું અંતર માત્ર મૂડી રોકાણ ખર્ચ દર્શાવે છે. કેઈન્સ મૂડી રોકાણ ખર્ચને સ્થિર ધારેલ છે તેથી બે રેખાઓ વચ્ચેનું અંતર સમાન છે.

આકૃતિમાં E બિંદુએ જ્યાં C+I રેખા એટલે કે કુલ માંગરેખા અને C+S રેખા એટલે કે કુલ પુરવઠા રેખા એકબીજાને સ્પર્શે છે. ત્યાં સમતુલિત આવકની સપાટી OY નક્કી થાય છે. આ OY આવકની સપાટીએ EY કુલ ખર્ચ નક્કી થાય છે. તેમાં RY વપરાશી ખર્ચ અને ER મૂડી રોકાણ ખર્ચ થાય છે. એટલે કે OY આવક છે તે EY કુલખર્ચ બરાબર છે બીજા અર્થમાં એમ કહી શકાય છે જેટલી કમાણી

(આવક) થાય છે તેટલું ખર્ચ કરવામાં આવે છે.

E બિંદુ એ સમતુલિત આવકનું બિંદુ કે અસરકારક માંગનું બિંદુ કે પૂર્ણરોજગારીનું બિંદુ છે. ત્યાં કુલમાંગ (C+I) અને કુલ પૂરવઠો (C+S) સરખા થાય છે એટલે કે બચત અને મૂડી રોકાણ પણ સરખા થાય છે. (કેઈન્સની વિચારસરણી મુજબ) અને સમતોલ આવક પ્રાપ્ત થાય છે. કેઈન્સે આ રીતે આવક-રોજગારીના હકારાત્મક સંબંધને અથવા પૂર્ણ રોજગારીની સપાટીએ સમતુલા પ્રાપ્ત થાય છે તે સમજાવેલ છે.

– **સિદ્ધાંતની મર્યાદાઓ :-**

અર્થશાસ્ત્રને વાસ્તવવાદી બનાવવામાં કેઈન્સનો મોટો ફાળો હતો. મૂડીવાદી પદ્ધતિઓની મર્યાદાઓને દૂર કરીને ખાસ કરીને બેકારી, મંદી તરફના વલણોને રોકવા અથવા પૂર્ણરોજગારી પ્રાપ્ત કરવા માટે રાજયના કેટલાક હસ્તક્ષેપની જરૂરિયાત જોવામાં કેઈન્સ આગળ હતા. કેઈન્સે બેરોજગારીને દૂર કરવા માટે આવક - રોજગારીનો સિદ્ધાંત રજૂ કર્યો. આ સિદ્ધાંતની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે; જે નીચે મુજબ છે.

**(1) વપરાશી ખર્ચનો આધાર માત્ર આવક :**

કેઈન્સના મતે વપરાશી ખર્ચ માત્ર આવક પર આધારિત છે. પ્રો.પીગુના મતે વપરાશી ખર્ચ આવક ઉપરાંત વ્યક્તિની સંપત્તિના જથ્થા પર પણ છે. ડુઝેનબરીના મતે વપરાશી ખર્ચ આવકની સંપૂર્ણ સપાટી પર નહીં પણ સાપેક્ષ સપાટી પર પણ આધાર રાખે છે. મિલ્ટન ફ્રિડમેન પણ અસંમત થતાં જણાવે છે કે વપરાશી ખર્ચ સંક્રાંત આવક પર નહિ પણ કાયમી આવક પર આધાર રાખે છે. આમ કેઈન્સના વપરાશી ખર્ચ અંગેના વિચારો સાથે કેટલાક અર્થશાસ્ત્રીઓ સમંત નથી.

**(2) ટૂંકાગાળાનું વિશ્લેષણ :**

કેઈન્સે આ સિદ્ધાંતમાં ટૂંકાગાળાની નીતિઓ અને સમસ્યાઓનું વિશ્લેષણ કર્યું છે. આથી કેઈન્સની "General Theory" બાદ કેટલાક અર્થશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતનું લાંબાગાળાના સંદર્ભમાં વિશ્લેષણ કર્યું છે. લાંબાગાળાના સંદર્ભમાં કેઈન્સ આર્થિક વિકાસ પર ધ્યાન આપ્યું નથી. જે ઊણપો હરોડ-ડોમર નામના અર્થશાસ્ત્રીઓએ દૂર કરવા કોશિશ કરી છે.

**(3) પછાત દેશોમાં બેકારીનો પ્રશ્નો :**

કેઈન્સ આ સિદ્ધાંત દ્વારા બેકારી નિવારણનો માર્ગ સૂચવે છે. પછાત દેશોમાં અતિ વસ્તી, મૂડી સર્જન, ઉત્પાદન પદ્ધતિ, મજૂરોની ઉત્પાદકતા વગેરે પ્રશ્નો છે. આ પ્રશ્નોનો ઉકેલ કેઈન્સના સિદ્ધાંતમાંથી મળી રહેતો નથી. તેથી કેઈન્સનું વિશ્લેષણ પછાત કે અલ્પ વિકસિત દેશ કરતાં વિકસિત મૂડીવાદી દેશો માટે ઉપયોગી નીવડે તેવું હતું.

**(4) સરળ મોડેલ :**

આવક-રોજગારી અંગેનું કેઈન્સનુ આ મોડેલ વધુ પડતું સરળ છે. એટલે કે કેઈન્સે થોડાક જ પરિબળો અને તેમના આંતર સબંધોને સિદ્ધાંતમાં આવરી લઈને સરળતા લાવવા પ્રયાસ કર્યો છે. જેથી કેઈન્સનું આ મોડેલ (સિદ્ધાંત) વાસ્તવિક પરિસ્થિતિથી વિમુખ જણાય છે.

કેઈન્સના સિદ્ધાંતની મર્યાદાઓ હોવા છતાં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં તે મહત્ત્વનું

સીમાચિહ્ન છે. સરકારને આર્થિક આગાહીઓ કરવામાં આ સિદ્ધાંત પાયાનું માળખું પૂરું પાડે છે. ખાનગી પેઢીઓને પણ મદદરૂપ પુરવાર થયું છે જે. આર. હિક્સે લખ્યું છે કે “જનરલ થીએરી”નો પ્રારંભ પણ નથી અને અંત પણ નથી.

## 10.7 ગતિવર્ધનનો સિદ્ધાંત :-

કેઈન્સના ગતિવર્ધનના સિદ્ધાંતમાં કેઈન્સ ઉપરાંત પીગુ, કાર્વર, હેરોડ, રોબર્ટસન, ક્લાર્ક વગેરે અર્થશાસ્ત્રીઓ સંકળાયેલા છે. જે ગુણકના સિદ્ધાંતથી જુદો પડે છે. ગુણકનો સિદ્ધાંત મૂડીરોકાણ ખર્ચને લીધે આવકમાં વધારો થાય છે તેનું સૂચન કરે છે. અર્થતંત્રમાં વપરાશી ખર્ચ થવાથી નવું મૂડી રોકાણ પ્રેરાય છે. તેનો ખ્યાલ ગુણકના સિદ્ધાંતમાં કરવામાં આવ્યો નથી. આ ખ્યાલની રજૂઆત ગતિવર્ધનના સિદ્ધાંતમાં કરવામાં આવી છે. એટલે કે ગુણકના સિદ્ધાંતના હરિફ તરીકે નહી પણ પૂરક તરીકે ગતિવર્ધનનો સિદ્ધાંત આપવામાં આવ્યો છે.

**અર્થ અને ઉદાહરણ :**

વપરાશી ખર્ચમાં થતો ફેરફાર અને મૂડીરોકાણમાં થતો ફેરફાર અથવા પ્રેરિત મૂડીરોકાણ વચ્ચેનો આંક ગતિવર્ધક તરીકે ઓળખાય છે.

જો શરૂઆતમાં 100 રૂપિયાનું મૂડીરોકાણ કરવામાં આવ્યું અને 500 રૂપિયા વપરાશી ખર્ચ હોય પણ પ્રેરિત મૂડીરોકાણ અથવા મૂડીરોકાણમાં ફેરફાર થાય એટલે કે નવું મૂડીરોકાણ 2000 રૂપિયા પ્રોત્સાહિત થાય તો વપરાશી ખર્ચમાં પણ 500 રૂપિયાનો વધારો થાય. એટલે 1000 રૂપિયા વપરાશી ખર્ચ થાય.

ગતિવર્ધક એ વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ વચ્ચેનો આંક હોવાથી

$$\text{ગતિવર્ધક} = \frac{\Delta I}{\Delta C}$$ $\Delta I =$ મૂ. રો. માં ફેરફાર અથવા પ્રેરિત મૂ. રો.

$$\text{ગતિવર્ધક} = \frac{1000}{500}$$ $\Delta C =$ વપરાશી ખર્ચમાં ફેરફાર

ગતિવર્ધક = 02

**સમજૂતી :** જ્યારે લોકો વપરાશી વસ્તુઓની માંગ વધારે કે ઘટાડે ત્યારે મૂડી સાધનોમાં પણ વધારો કે ઘટાડો કરવો પડે. તેને માંગનું ગતિવર્ધન કહેવામાં આવે છે. ધારો કે મોબાઈલનું ઉત્પાદન અથવા વપરાશ 1000 એકમો છે. આટલા મોબાઈલ બનાવવા 5000 મૂડી સાધનો જોઈએ અથવા આવશ્યક છે. એટલે કે Capital Output Ratio (મૂડી ઉત્પાદન ગુણોત્તર) 5:1 પ્રમાણે 05 મૂડીના એકમો 01 મોબાઈલનું ઉત્પાદન કરી શકે.

હવે જો મોબાઈલનું ઉત્પાદન અથવા વપરાશ 20% વધે તો વધારાના 200 મોબાઈલો માટે મૂડીના 1000 નવા સાધનો લાવવા પડે. આમ વપરાશી વસ્તુની માંગમાં 20% નો વધારો થતાં તેને માટે જરૂરી મૂડી સાધનોની માંગમાં પણ 20% નો વધારો થાય છે. આમ ચીજવસ્તુની વપરાશમાં વધારો થાય અથવા માંગમાં વધારો થાય તો મૂડી સાધનોની માંગમાં પણ વધારો થાય છે.

આમ વધારાના મૂડીરોકાણના કારણે આવક વધે છે. આવકમાં વધારો થવાથી ચીજવસ્તુઓની માંગમા પણ વધારો થાય છે. વપરાશી ચીજવસ્તુઓની માંગમાં વધારો થવાથી ઉત્પાદક ચીજોની માંગમા પણ વધારો થાય છે. આ રીતે ગુણક તથા ગતિવર્ધનના સંયુક્ત અસરથી અર્થતંત્રમા રોકાણ, આવક, વપરાશ, તથા

ફરી રોકાણ વૃદ્ધિનું ચક્ર ચાલે છે. ગુણક રોકાણની આવક તથા વપરાશ પરની અસરોનો ખ્યાલ આપે છે. આધુનિક સમયમાં ગતિવર્ધનના ખ્યાલને વિકસાવવામાં રોબર્ટસન, કલાર્ક, મિચેલ વગેરે અર્થશાસ્ત્રીઓએ ફાળો આપ્યો છે. હિકસે તથા સેમ્યુલસન પણ વેપારચક્રના સિદ્ધાંતમાં ગતિવર્ધનના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો છે.

– **સિદ્ધાંતની મર્યાદાઓ :**

(1) **વણવપરાયેલી શક્તિની ગેરહાજરી :**

વપરાશી ચીજવસ્તુઓની માંગમાં વધારો થાય ત્યારે મૂડી સાધનો જેવા કે શ્રમ, મૂડી વગેરેની માંગ થશે એટલે કે માંગનું ગતિવર્ધન થશે. પણ બધા સંજોગોમાં એવું બનતું નથી. જો મૂડી સાધનો ઉત્પન્ન કરતા ઉદ્યોગોમાં વણવપરાયેલી શક્તિ હોય તો મૂડી સાધનોની માંગ કર્યા વિના પણ વસ્તુનું ઉત્પાદન વધી શકે છે. એટલે કે મૂડીનું ગતિવર્ધક શૂન્ય હોઈ શકે. આમ ગતિવર્ધનનો સિદ્ધાંત વણવપરાયેલી શક્તિની ગેરહાજરીની ધારણા પર અવલંબે છે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવી નથી.

(2) **વપરાશી સાધનોની છત-અછત :**

ગતિવર્ધનના સિદ્ધાંત મુજબ જ્યારે મૂડી સાધનોની માંગમાં અનેકગણો વધારો થાય છે. આવું બધા સંજોગોમાં બનતું નથી. મૂડી સાધનો એકત્રીત કરવાની મર્યાદા પૂરી થઈ હોય તો વધુ મૂડી સાધનો રોકી શકાતા નથી. દા.ત. અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ હોય તો શ્રમ અને મૂડી જેવા સાધનો રોકી શકાતા નથી. અને માંગનું ગતિવર્ધન પણ નહિ થાય.

(3) **મૂડીરોકાણમાં વધુ ફેરફાર :**

ગતિવર્ધનના સિદ્ધાંત મુજબ વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થવાથી મૂડી સાધનોની માંગમાં પણ વધારો થાય છે. દા.ત વપરાશી વસ્તુઓની માંગમાં 10% વધારો થાય તો મૂડી સાધનોની માંગ પણ 10% વધે. કેટલાક મૂડી સાધનો ઘસારાને કારણે નવા વસાવવા પડે પણ યંત્રો ઉત્પાદન કરતું કારખાનું નવા યંત્રો ઉત્પન્ન કરી શકે તેવી ઉત્પાદન વ્યવસ્થા ના પણ હોય. એટલે કે મૂડી સાધનોની માંગમાં વધુ ફેરફાર ના પણ થાય.

(4) **સાધન સંયોજન બદલાતું હોય છે :**

ગતિવર્ધનના સિદ્ધાંતમાં કયા સાધનનું કેટલું પ્રમાણ રાખવું તે ધ્યાનમાં લેવામાં આવ્યું નથી. સાધન સંયોજન બદલાતું રહેતું હોય છે પણ અહિ એક જ ઢબે થાય છે તેમ માની લેવામાં આવે છે. સાધન ભાવ બદલાતાં સાધનની છત-અછત બદલાય છે. સાધનનું પ્રમાણ પણ બદલાય છે. જો મજૂરો સસ્તા હોય તો મૂડીના ભોગે વધુ મજૂરો રોકવામાં આવશે. આથી વપરાશી વસ્તુઓની માંગ વધતાં મૂડી સાધનોની માંગમાં કેટલો વધારો થશે તે ચોક્કસ કહી શકાતું નથી.

(5) **ભાવિ જરૂરિયાતો :**

ગતિવર્ધનના સિદ્ધાંતમાં વપરાશી વસ્તુઓના વર્તમાન માંગના આધારે જ મૂડી રોકાણ થાય છે. પણ તે અવાસ્તવિક છે કેટલાક મૂડી રોકાણ ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા હોય છે. જેમ કે પછાત દેશોમાં અથવા પ્રદેશોમાં રસ્તાઓ, પુલો, રેલવે વગેરે ભાવિ જરૂરિયાતો ધ્યાનમાં રાખીને મૂડી રોકાણ કરવામાં આવતું

હોય છે. એટલે કે ભાવિ જરૂરિયાતોની માંગને ગતિવર્ધનના સિદ્ધાંતમાં ધ્યાનમાં લેવામાં આવી નથી.

**(6) માંગમાં હંગામી ફેરફાર :**

જો હંગામી વસ્તુઓની માંગમાં વધારો હંગામી એટલે કે થોડાક સમય માટે હોય તો ગતિવર્ધન શૂન્ય હોય છે. તેથી મૂડી સાધનની માંગમાં કોઈ ફેરફાર નહિ થાય. કારણ કે કેટલાક મૂડી સાધનો ટકાઉ તથા ખર્ચાળ હોય છે તેથી નવા ન પણ વસાવવા પડે. જે બાબત ધ્યાનમાં લેવામાં આવી નથી. પણ વપરાશી વસ્તુઓની માંગમાં કાયમી ફેરફાર થયો હોય તો જ મૂડી સાધનોની માંગ પર અસર થાય છે. અથવા ફેરફાર થાય છે.

ગતિવર્ધનના સિદ્ધાંતની મર્યાદાઓ હોવા છતાં તેનું મહત્ત્વ પણ છે. વપરાશી વસ્તુઓની માંગમાં અને તેથી ઉત્પાદનમાં વધારો થતાં મૂડી રોકાણ પ્રોત્સાહિત બને છે તથા વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો થતાં મૂડીરોકાણ નિરુત્સાહી બને છે. તેવી સમજૂતી આ સિદ્ધાંતમાંથી મળી રહે છે. આવક સર્જનની પ્રક્રિયા સમજાવવામાં ગુણકના સિદ્ધાંત ઉપરાંત ગતિવર્ધનનો સિદ્ધાંત પણ ઉપયોગી છે. ગુણકનો સિદ્ધાંત જે નથી સમજાવતો તે ગતિવર્ધનનો સિદ્ધાંત સમજાવે છે.

# એકમ-11 વિશ્વ વેપાર સંગઠન અને ભારત

-: રૂપરેખા :-


11.1 પ્રસ્તાવના

11.2 વૈશ્વિકરણની નીતિનો પ્રભાવ

11.3 પ્રવેશ અને સભ્યપદ માટેની પ્રક્રિયા

11.4 સભ્ય સંખ્યા અને નિરીક્ષકો

11.5 કરારો

11.6 વેપાર વ્યવસ્થાના સિદ્ધાંતો

11.7 કાર્યો

11.8 W.T.O ધ્યેયો :

11.9 W.T.O અને ભારત

- સમીક્ષા
- સંદર્ભ વાચન


## 11.1 પ્રસ્તાવના

વિશ્વ વેપાર સંગઠન (World Trade Organization - W.T.O)એ આંતરરાષ્ટ્રીય મૂડી વેપાર પર દેખરેખ રાખવા અને તેના ઉદારીકરણ માટે તેના સ્થાપકો દ્વારા રચવામાં આવેલું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. આ સંગઠનની સત્તાવાર શરૂઆત 1 જાન્યુઆરી 1995ના રોજ મરાકેશ સમજૂતી હેઠળ 1947માં શરૂ થયેલા 'General Agreement on Tariffs and Trade' GATTનું સ્થાન મેળવીને થઈ હતી. ભારત 30-12-1994ના રોજ W.T.O કરાર પર સહી કરી અનુમોદન આપી તેનું સ્થાપક સભ્ય બન્યું છે. 1984માં ભારત સહિત દુનિયાના 23 દેશોની જિનિવા મુકામે ગેટની શરૂઆત કરી હતી. મહા મંદી અને બીજા વિશ્વયુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય વેપારમાં જે મુશ્કેલીઓ સર્જાઈ હતી તેને નિવારવાનો ઉદ્દેશ હતો.

W.T.O સભ્ય રાષ્ટ્રો વચ્ચે વેપારનું નિયમન કરે છે. તે વેપાર કરાર માટે મંત્રણા તેમજ મુસદ્દા માટે માળખું પૂરું પાડે છે. W.T.O સમજૂતીનું પાલન કરતાં સભ્ય રાષ્ટ્રોને વિવાદની પતાવટ પ્રક્રિયા પૂરી પાડે છે. વિશ્વવેપાર સંગઠન સમજૂતી પર સભ્ય રાષ્ટ્રોની સરકારના પ્રતિનિધિઓ દ્વારા હસ્તાક્ષર થયેલા હોય છે અને જે તે સભ્ય રાષ્ટ્રની સંસદ દ્વારા તેમને મંજૂરી મળેલી હોય છે. W.T.O મોટે ભાગે આગળની વેપાર મંત્રણામાંથી ઊભા થયેલા મુદ્દા પર કામ કરે છે. ખાસ કરીને ઉરુગ્વે મંત્રણાથી (1986-1994) ઊભા થયેલા મુદ્દા પર સંગઠન અત્યારે દોહા ડેવલપમેન્ટ એજન્ડા (દોહા મંત્રણા)ને સફળ બનાવવા પ્રયાસ કરી રહ્યું છે. વિશ્વની મોટા ભાગની વસ્તીનું પ્રતિનિધિત્વ કરતાં ગરીબ દેશોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ સાથે દોહા મંત્રણાની 2001માં શરૂઆત થઈ હતી. જો કે ખેડૂતોને આયાતમાં ધરખમ વૃદ્ધિ સામે રક્ષણ આપવા માટે વિશેષ રક્ષણાત્મક પગલા મુદ્દે જથ્થાબંધ કૃષિ કોમોડિટી નિકાસકારો અને સબસિડી પર નભતા હોય તેવા મોટી સંખ્યામાં ખેડૂતો ધરાવતા દેશો વચ્ચે અસંમતિ સર્જાતા તે મંત્રણા પડી ભાંગી હતી. હાલના તબક્કે

પણ દોહા મંત્રણાનું ભાવિ અનિશ્ચિત છે.

વિશ્વ વેપાર સંગઠન કુલ વિશ્વ વેપારના 98% થી વધુનું પ્રતિનિધિત્વ કરતાં 164 સભ્ય રાષ્ટ્રો અને 30 નિરિક્ષકો ધરાવે છે. W.T.Oનું મંત્રી પરિષદ, એક જનરલ કાઉન્સિલ અને એક ડિરેકટર જનરલ દ્વારા સંચાલન થાય છે. મંત્રી પરિષદ દર બે વર્ષે મળે છે. જનરલ કાઉન્સિલ મંત્રી પરિષદના નીતિ વિષયક નિર્ણયોનું પાલન કરે છે. તેના પર રોજબરોજના વહીવટની જવાબદારી હોય છે. ડિરેકટર જનરલની મંત્રી પરિષદ દ્વારા નિયુક્તિ થાય છે. W.T.Oનું મુખ્ય કાર્યાલય સેન્ટર વિલિયમ્સ રેપાર્ડ, જીનીવા અને સ્વિટ્ઝર્લેન્ડ ખાતે આવેલું છે.

## 11.2 વૈશ્વિકરણની નીતિનો પ્રભાવ

ભારત W.T.Oમાં 1995માં જોડાયું તે પછી તેણે વૈશ્વિકીકરણની નીતિઓ અપનાવવા માંડી તેથી ભારતની નિકાસો 1994-95માં 4.1 કરોડ ડૉલર જેટલી વધી હતી. ભારતીય નિકાસો 1995-96માં 5.5 કરોડ ડૉલર અને 1996-97માં 4.1 કરોડ ડૉલર વધી હતી. આમ નિકાસ વધારાનું પ્રમાણ ઘટ્યું હતું. તો પણ નિકાસો 33.1 કરોડ ડૉલરની સપાટી પર પહોંચી હતી. જો કે સમીક્ષકો પણ માને છે કે નવી નીતિઓએ આંતરરાષ્ટ્રીય બજાર પર પરાવલંબન વિકસાવ્યું છે અને ભારતીય અર્થતંત્રની સંપત્તિઓ અને ભાગ્યને તે તરફ ગતિમાન બનાવાયેલ છે.

આર્થિક સર્વેક્ષણ 1994-95માં નકરી વાસ્તવિકતા પર ભાર મૂકવામાં આવ્યો છે કે વિકસીત દેશો ઇચ્છે છે કે "Super Satal Organization" વિશ્વ વ્યાપાર સંગઠનના દબાણ હેઠળ વિકસતા દેશોએ તેમના વ્યાપાર અંકુશો ઘટાડવા જોઈએ. વસ્તુઓના મુક્ત પ્રવાહની છૂટ આપવી જોઈએ. પરંતુ તેઓ પોતે તો વ્યાપાર અંકુશોની દિવાલો ચણી પોતાના હિતો જાળવવા સંરક્ષણલક્ષી નીતિઓને અનુસરવા માંગે છે. તેથી આર્થિક સર્વેક્ષણ ભારપૂર્વક દર્શાવે છે કે ઔદ્યોગિક દેશોમાં બેરોજગારી 1990ના દાયકાથી સૌથી ઊંચી સપાટી પર પહોંચી છે. આ બેરોજગારીએ આ દેશો માટે અનેક સમસ્યાઓ સર્જી છે. કેટલાંક વિકસતા દેશોએ આર્થિક સુધારાઓના ભાગ તરીકે ગણનાપાત્ર પ્રમાણમાં ઉદાર વ્યાપાર અપનાવ્યો છે. તેમ છતાં વિકસિત દિશોએ વિકસતા દેશોના હિતની વસ્તુઓના બજાર-પ્રવેશને ભયમાં મૂકતાં અંકુશોમાં વધારો કર્યો છે.

## 11.3 પ્રવેશ અને સભ્યપદ માટેની પ્રક્રિયા

W.T.Oના સભ્ય બનવા માટેની પ્રક્રિયા પ્રત્યેક અરજદાર રાષ્ટ્ર માટે અલગ છે પ્રવેશની શરતો જે-તે દેશના આર્થિક વિકાસ અને વર્તમાન વેપાર પ્રથાના તબક્કા પર નિર્ભર કરે છે. આ પ્રક્રિયામાં સરેરાશ પાંચ વર્ષ જેટલો સમય લાગે છે. પરંતુ જો દેશ પ્રક્રિયા પ્રત્યે બહુ કટિબદ્ધ ન હોય અથવા કોઈ રાજકીય મુદ્દો ઊભો થાય તો તેમાં વધુ સમય લાગી શકે છે. હિત ધરાવતા પક્ષો વચ્ચે સંમતિ સધાય ત્યાર બાદ જ પ્રવેશની ઓફર આપવામાં આવે છે.

W.T.Oમાં જોડાવા માંગતો દેશ જનરલ કાઉન્સિલને એક અરજી કરે છે અને W.T.O કરારોને અસર કરી શકતી હોય તેવી તેની તમામ વેપાર અને આર્થિક નીતિઓનું વર્ણન કરે છે. એક આવેદનમાં અરજી W.T.Oને રજૂ કરવામાં આવે છે. જેની કાર્યશીલ પક્ષ દ્વારા તપાસ થાય છે. જે W.T.Oના તમામ રસ ધરાવતા સભ્યો માટે ખુલ્લી હોય છે. કાર્યશીલ પક્ષ અરજી કરતાં રાષ્ટ્રના W.T.Oમાં પ્રવેશની શરતો નક્કી કરે છે અને W.T.Oના નિયમોનું પાલન કરવા રાષ્ટ્રોને થોડો સંક્રાંતિકાળ આપવાનું વિચારી શકે છે. પ્રવેશના અંતિમ

તબક્કામાં અરજી કર્તા રાષ્ટ્ર અને કાર્યશીલ પક્ષના અન્ય સભ્યો વચ્ચે ટેરિફ દર પર કન્સેશન અને ખાતરી તેમજ માલસામાન અને સેવા માટે બજાર પ્રવેશ મુદ્દે દ્વિપક્ષીય વાટાઘાટો થાય છે. સામાન્ય સમાનતાના નિયમ હેઠળ નવા સભ્યોની ખાતરીઓ દ્વિપક્ષીય વાટાઘાટો થઈ હોવા છતાં વિશ્વ વેપાર સંગઠનના તમામ સભ્યો માટે સમાન રીતે લાગુ પડે છે.

જ્યારે દ્વિપક્ષીય વાટાઘાટ પૂરી થાય છે ત્યારે કાર્યશીલ પક્ષ જનરલ કાઉન્સિલ અથવા મંત્રી પરિષદને એક પ્રવેશ પેકેજ મોકલે છે. જેમાં કાર્યશીલ પક્ષના તમામ સભ્યોની વિગત, પ્રોટોકૉલ ઑફ એક્સેશન અને નવા બની રહેલાં સભ્યની ખાતરીઓની યાદીનો સમાવેશ થાય છે. જનરલ કાઉન્સિલ અથવા મંત્રી પરિષદની મંજૂરી મળ્યા બાદ અરજીકર્તા રાષ્ટ્રની સંસદે પ્રોટોકૉલ ઑફ એક્સેશનને મંજૂરી આપવી પડે. ત્યાર બાદ અરજીકર્તા રાષ્ટ્ર સભ્ય બની શકે છે.

## 11.4 સભ્ય સંખ્યા અને નિરીક્ષકો :

વર્તમાનમાં 164 દેશો W.T.Oના સભ્યો છે અને વિશ્વનો 98% વેપાર આ દેશો વચ્ચે થાય છે. અનેક બિનસભ્યો વિશ્વ વેપાર સંગઠનની કાર્યવાહીમાં નિરીક્ષકો છે અને અત્યારે તેઓ તેમના સભ્યપદ માટે વાટાઘાટો કરી રહ્યા છે. જો કે નિરીક્ષક તરીકે રહેલાં ઈરાન, ઈરાક અને રશિયા હજુ પણ સભ્ય બની શક્યા નથી. નિરીક્ષકો W.T.Oના નિરીક્ષક બન્યા બાદ પાંચ વર્ષની અંદર પ્રવેશ વાટાઘાટ શરૂ કરી દેવી પડે છે. કેટલાંક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી સંગઠનોને પણ W.T.O બોડીના નિરીક્ષક તરીકેનો દરજ્જો આપેલો છે. 14 રાજ્યો અને બે પ્રદેશોએ હજુ સુધી W.T.O સાથે સત્તાવાર મંત્રણા શરૂ કરી નથી.

## 11.5 કરારો

W.T.O 60 જેટલી વિવિધ સમજૂતી પર નજર રાખે છે. જેને આંતરરાષ્ટ્રીય કાનૂની નિયમ તરીકેનો દરજ્જો પણ મળેલો છે. સભ્ય રાષ્ટ્રએ પ્રવેશ સમયે W.T.Oના તમામ કરાર પર હસ્તાક્ષર કરવા પડે છે અને તેને તેમની સંસદમાં મંજૂર કરાવવા પડે છે. કેટલાંક મહત્ત્વના કરારો નીચે મુજબ છે.

1. કૃષિ કરાર - AOA
2. સેવામાં વેપાર અંગે સામાન્ય કરાર - GATS
3. બૌદ્ધિક સંપદા અધિકારના વેપારને લગતી બાબતો અંગેનો કરાર - TRIPS
4. સેનિટરી એન્ડ ફાયટો - સેનિટરી - SPS
5. વેપારમાં તકનિકી અંતરાય અંગેનો કરાર - TBT

## 11.6 વેપાર વ્યવસ્થાના સિદ્ધાંતો

W.T.O વેપાર નીતિઓનું માળખું રચે છે. તે પરિણામ નક્કી કરતું નથી. તે વેપારનીતિ માટે નિયમો ઘડે છે. 1994 પહેલાં GATT અને W.T.O ના પાંચ મહત્ત્વના સિદ્ધાંતો નીચે મુજબના છે.

1. સમાનતા
2. પરસ્પર સમાન વ્યવહાર
3. બંધનકર્તા અને અમલ કરવા યોગ્ય ખાતરીઓ
4. પારદર્શિતા
5. સલામતી

## 11.7 કાર્યો

1. W.T.O કરારોના અમલ, વહીવટ અને સંચાલનની કામગીરી જુએ છે.
2. વાટાઘાટ અને વિવાદની પતાવટ માટે એક મંચ પૂરો પાડે છે.
3. રાષ્ટ્રીય વેપાર નીતિઓની સમીક્ષા કરવી અને તેનું પ્રસારણ કરવું તેમજ વૈશ્વિક આર્થિક નીતિ ઘડતરમાં દેખરેખ મારફતે વેપાર નીતિઓની પારદર્શિતા સુનિશ્ચિત કરવી.
4. વિકાશસીલ, અલ્પ વિકસિત અને ઓછી આવકવાળા રાષ્ટ્રોને W.T.Oના નિયમોને અનુરૂપ થવામાં તકનિકી સહકાર અને તાલીમ મારફતે સહાય કરવી.
5. સંશોધન પ્રવૃત્તિ : સંશોધન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા અંગે યોગ્ય કાયદા ઘડવા અંગે પણ સમજૂતિ સાધવામાં આવી છે. દા.ત., પેટન્ટ, ઔદ્યોગિક ડિઝાઈન, ટ્રેડ માર્ક, કોપીરાઈટ વગેરેનો હક્ક સુરક્ષિત રાખવા તેવું નક્કી કરવામાં આવ્યું છે.

## 11.8 W.T.Oના ધ્યેયો :

1. આંતરરાષ્ટ્રીય વેપાર પરના અવરોધો દૂર કરવા.
2. વિદેશ વેપાર માટે દેશના ઉદ્યોગોને આપવામાં આવતું સંરક્ષણ દૂર કરવું.
3. વૈશ્વિક વ્યાપાર નીતિ અને દેશની આર્થિક નીતિઓ વચ્ચે સંકલન સાધવું.
4. વિશ્વમાં ઉદ્ભવતા વ્યાપારી ઝઘડાઓનું નિરાકરણ લાવવું.
5. સભ્ય દેશોના લોકોના જીવનધોરણમાં સુધારો અને માથાદીઠ આવકમાં વધારો કરીને પૂર્ણ રોજગારી સ્થાપવી.
6. દરેક સભ્ય દેશ તુલનાત્મક લાભના સિદ્ધાંત અનુસાર વસ્તુઓના ઉત્પાદનમાં વિશેષીકરણ અપનાવે. પરિણામે કુલ ઉત્પાદનમાં વધારો થાય. આવક અને રોજગારી વધતાં ગ્રાહકને નીચા ભાવે ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય.
7. આર્થિક વિકાસ સાધવા વિશ્વના દેશોના સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો.
8. બહુલક્ષી વેપાર પદ્ધતિ હેઠળ મોટી સંખ્યામાં દેશોને આવરી લેવા.

## 11.9 W.T.O અને ભારત

કૃત્રિમતા અને વાસ્તવિકતા વચ્ચેના વિરોધાભાસને કારણે એવું બન્યું છે કે ભારતીય સંસદે પેટન્ટ્સ પર મંજૂરીની મહોર મારી નથી. ડિસેમ્બર 31, 1994ના રોજ ઘોષિત ઓર્ડિનન્સ 1994ને મંજૂરી અપાઈ નથી. તેવી જ રીતે 'Trade and Mercandise Marks Act 1958'ને સેવા માર્કાને રક્ષણ આપવાના હેતુથી સુધારવા 1993માં સંસદ સમક્ષ મૂકવામાં આવેલા બિલને હજુ સુધી પસાર કરવામાં આવ્યું નથી.

સરકાર વાસ્તવમાં ઉરુગ્વે રાઉન્ડના અંતિમ સ્વરૂપ અપાયેલા ધારાના પગલે દાખલ કરાયેલા વિવિધ ધારાને મંજૂર કરાવી શકી નથી. તે એવી હકીકતનું સમર્થન કરે છે કે ગેટના વેપાર - લાભનો મોટો ભાગ પોતાના પક્ષે ખેંચી લેવા, વિકસતા દેશોને તેમાંના કેટલાંક ટુકડા ફેંકવા ગેટનો ઉપયોગ કરવા માંગતા દેશોના ઈરાદાઓ પ્રત્યે બહુજન સમાજનો અભિપ્રાય શંકા દર્શાવે છે. ટૂંકમાં વિકસતા દેશોના ઈરાદામાં બહુજન સમાજને શ્રદ્ધા નથી.

W.T.Oની 12મી મંત્રી સ્તરીય બેઠકમાં ભારત વિશ્વના ગરીબ અને વિકાસશીલ

દેશોનો અવાજ બનશે. આ દરમ્યાન કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયુષ ગોયલે કહ્યું કે કોરોના મહામારી દરમ્યાન કેટલાંક વિકસિત દેશો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતી. જ્યારે ભારતે કોરોના સમયગાળા (Covid-19 Pandemic) દરમ્યાન 150થી વધુ દેશોને વિવિધ સ્તરે દવાઓ અને સહાય પૂરી પાડી હતી. W.T.Oની બેઠકમાં ભારત ગરીબ અને વિકાસશીલ દેશોની મજબૂતીથી તરફેણ કરશે.

W.T.Oની 12મી મંત્રી સ્તરીય બેઠક પહેલાં કેન્દ્રિય મંત્રી પીયુષ ગોયલે કહ્યું હતું કે ભારતનો પક્ષ ખૂબ જ સંવેદનશીલ અને વિશ્વના હિતમાં છે. આજનો ભારત દેશ દરેક પડકારનો સામનો કરવા સક્ષમ છે. આ બહુ કમનસીબીની વાત છે કે જ્યારે દુનિયા કોરોના મહામારીને કારણે લોકોના જીવ પર હતી, ત્યારે દરેકને બચાવવાની વાત થઈ રહી હતી. તે દરમ્યાન ઘણાં દેશોનું વલણ ખૂબ જ શરમજનક હતું.

ગોયલે વધુમાં કહ્યું છે કે ભારત તેના ખેડૂતો અને ખાદ્ય સુરક્ષા માટે તૈયાર છે. તે W.H.Oમાં આ બંને મુદ્દાઓ પર સંઘર્ષ કર્યો છે; જ્યારે મત્સ્યપાલનના મુદ્દે તે ઘણા દેશોના સમૂહ સાથે મળીને પોતાના હિતોને મહત્ત્વ આપશે. ભારત તેના ખેડૂતો અને ખાદ્ય સુરક્ષા માટે આતુર છે. આને ધ્યાનમાં રાખીને ભારત અને દક્ષિણ આફ્રિકા વતી W.TOમાં TRIPSનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

જે ગરીબ અને વિકાસશીલ દેશોને કોરોનાની રસી આપવા સંબંધિત છે. પરંતુ કેટલીક ફાર્મા કંપનીઓ અને વિકસિત દેશો દરખાસ્ત આગળ વધે તે જોવા માંગતા નથી. કેન્દ્રિય મંત્રી ગોયલે કહ્યું કે કોરોના મહામારી પરિસ્થિતિ દરમ્યાન વિશ્વના ગરીબ અને વિકાસશીલ દેશોની રસી અને દવાઓ આપવાના મામલે ભારત W.T.O સાથે મજબૂતીથી વાત કરી હતી.

**ખાદ્ય સુરક્ષા માટે સમર્થન :**

W.T.Oના વડા અને દક્ષિણ આફ્રિકાના વેપાર મંત્રી અબ્રાહમ પટેલ અને યુ.એસ. ટ્રેડ રિ-પ્રેઝન્ટેટિવ સાથે ભારતના કેન્દ્રિય મંત્રીએ ખાદ્ય સુરક્ષા માટે સમર્થન અને ખેડૂતોને આપવામાં આવેલ છૂટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. W.T.Oમાં ભારતનો બુલંદ અવાજ જોવા મળશે. કારણ કે આપણે કોઈપણ સ્વાર્થ વગર મહામારી દરમ્યાન દુનિયાની સંભાળ લીધી છે.

---

- **ટીકાઓ :**

---

1. મુક્ત વેપારથી સમૃદ્ધ અને ગરીબ રાષ્ટ્રો વચ્ચેની આવકના સ્તરનો તફાવત ઘટવાના સ્થાને વધે છે. થર્ડ વર્લ્ડ નેટવર્કના ડિરેક્ટર માર્ટિન ખોર દલીલ કરે છે કે W.T.O વૈશ્વિક અર્થતંત્રનું સમાન રીતે સંચાલન કરી શકતું નથી. પરંતુ તેની કામગીરીમાં તે સમૃદ્ધ રાષ્ટ્રો અને બહુરાષ્ટ્રીય કંપનીઓ તરફ વધુ ઢળેલું હોય છે. જેને પરિણામે ઓછી વાટાઘાટ ક્ષમતા ધરાવતાં નાના રાષ્ટ્રોને નુકસાન થાય છે. તેઓ દલીલ કરે છે કે વિકાસશીલ રાષ્ટ્રોને ઉરુગ્વે મંત્રણાના W.T.Oના કરારથી લાભ થયો નથી.

2. W.T.Oમાં નિર્ણય લેવાની પ્રક્રિયા જટીલ, બિન-અસરકારક, પ્રતિનિધિત્વહિન અને બિન-સર્વાંગી છે.

3. કેટલાંક ઉદારવાદીઓ અને નાના સરકારી રૂઢિચુસ્ત તેમજ લડવિગ વૉન મિસેસ જેવા વિચારકો W.T.Oનો વિરોધ કરે છે અને તેને અમલદારશાહી અને મૂડીવાદી વિરોધી સંગઠન ગણાવે છે.

4. W.T.Oમાં કામદાર સંબંધ અને પર્યાવરણ અંગેના મુદ્દાઓની સતત ઉપેક્ષા કરાઈ રહી છે.

5. W.T.O વૈશ્વિકરણને પ્રોત્સાહન આપવામાં અમુક હદ સુધી સફળ થયું છે સાથે સાથે કામદાર હક્કને પણ તેટલું જ નુકસાન થયું છે.

## • સમીક્ષા

W.T.O કરારના એક ભાગ તરીકે ભારતે કરારની જવાબદારીઓને અનુરૂપ પોતાના કાયદા નિયમનોમાં ફેરફાર કરવાનો છે. ભારતે સૌપ્રથમ તેના પેટન્ટ એક્ટ 1970માં 1લી જાન્યુઆરી, 1995થી શરૂ થતાં પાંચ વર્ષના ગાળામાં સુધારો કરવાનો છે. તદ્ઉપરાંત પેટન્ટ સુરક્ષા તકનિકના જે ક્ષેત્રોમાં અત્યાર સુધી પેટન્ટ સુરક્ષા આપવામાં આવી ન હોય તેવા ક્ષેત્રોને તેવી સવલત આપવા વધારાના સમયની મુદત અપાઈ છે.

ભારતે ફાર્માસ્યુટીકલ્સ અને એગ્રોકેમીકલ્સના ક્ષેત્રો માટે પેદાશ પેટન્ટની જોગવાઈ 1લી જાન્યુઆરી, 1995થી અમલમાં આવે તે રીતે કરવાની હતી. આ માટે અમુક શરતોનું પાલન કરવું પડે છે. સરકારે 31 ડિસેમ્બર 1994ના રોજ એક ઓર્ડિનન્સ બહાર પાડ્યો હતો; પરંતુ એક ઓર્ડિનન્સની જગ્યાએ એક બીલ 10મી લોકસભામાં મૂકાયું. પરંતુ તે પાસ થયું નહીં. કારણ કે લોકસભાનું વિસર્જન થયું હતું. તેવી જ રીતે ટ્રેડ એન્ડ મર્કેન્ડાઈઝડ માર્કસ એક્ટ 1958નો વ્યાપક અવલોકન કરતું બીલ પણ પસાર થયું નથી.

બૌદ્ધિક મિલકતના હક્કોના અમલ માટે વહીવટીય પદ્ધતિને સરળ અને સંગીન બનાવવા કેટલાંક પગલાં ભરવામાં આવ્યા છે. અત્યાર સુધી પ્રકાશિત લગભગ 300 લાખ પેટન્ટ ડોક્યુમેન્ટ્સનો સ્ટોક જમા છે. લગભગ 4 લાખ શોધોને આવરી લેતા લગભગ 10 લાખ ડોક્યુમેન્ટસ પ્રતિ વર્ષ ઉમેરાય છે. સક્ષમ અને અપનાવી શકાય તેવી તકનિકોની વિશ્વની લગભગ 80 ટકા જાણકારી પેટન્ટ ડોક્યુમેન્ટમાં કેદ છે. તેથી જાણકારીને સુલભ બનાવવા 'મોર્ડન પેટન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ' પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ વ્યવસ્થાના આધુનિકીકરણનો પ્રોજેક્ટ 1996માં પૂરો થયો હતો.

## • સંદર્ભ ગ્રંથો


1. W.T.O and Indian Economy. Dr. A. B. Deogirikar
   Shree Niwas Publications, Jaipur.
2. આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત
3. અર્થતંત્ર સંકલન, યોજના, વર્તમાનપત્ર
4. World Trade Report - 2022
5. Annual Report - 2022
6. www.wto.org
7. TV9gujarati.com

# એકમ-12 ભારતમાં સામાજિક સુરક્ષા

-: રૂપરેખા :-


**12.1 પ્રસ્તાવના**

**12.2 સામાજિક સુરક્ષા અને સલામતીનો અર્થ**

**12.3 સામાજિક સલામતીના ઘટકો**

**12.4 સામાજિક સુરક્ષાના મૂળભૂત હેતુઓ**

**12.5 ભારતમાં સામાજિક સુરક્ષાની જરૂરિયાત**

**12.6 સામાજિક સલામતીની મુખ્ય યોજનાઓ**

**12.7 સામાજિક સલામતીની અસરો**

- **સમીક્ષા**
- **ટૂંકાક્ષરો**
- **સંદર્ભ વાચન**


## 12.1 પ્રસ્તાવના

માનવજીવનમાં ગમે ત્યારે ગમે તેવી મુશ્કેલીઓ આવી શકે. સામાન્ય સંજોગોમાં લોકો પરિશ્રમ કરીને આર્થિક ઉપાર્જન વડે પોતાનું અને કુટુંબના સભ્યોનું જીવન નિર્વાહ કરે છે. વ્યક્તિને કોઈ બીમારી આવે અને તે કામ કરવા માટે અશક્ત બને અથવા તેની રોજગારી જુદા જુદા કારણોસર બંધ થાય. કેટલાક સમય માટે રોજગારીની તક ન મળે અથવા વ્યક્તિ નિવૃત્ત થાય કે વયને કારણે કમાવવા માટે અશક્ત બને ત્યારે કુટુંબની આવકો ઘટી જાય. ત્યારે કુટુંબના જીવન નિર્વાહની સમસ્યા ઉદ્ભવે છે અને કુટુંબનું જીવનધોરણ અત્યંત નીચું જાય છે. રોજી કમાવનાર વ્યક્તિ જો અકસ્માતનો ભોગ બને અથવા તો મૃત્યુ પામે તેવા સંજોગોમાં કુટુંબના જીવનનિર્વાહની સમસ્યા ઉદ્ભવે છે. આવા સંજોગોમાં આ લોકોએ ખૂબ જ લાચારીભર્યું જીવન જીવવું પડે છે. આવા લોકોએ જૂની બચતોને આધારે, પડોશીઓ અને સંબંધીઓને આધારે, સગાંઓને આધારે કે ખેરાત કરતી સંસ્થાઓને આધારે જીવનનિર્વાહ કરવો પડે છે.

વિકાસશીલ દેશોમાં કે જ્યાં સંયુક્ત કુટુંબની પ્રથા હજી પણ ચાલે છે ત્યાં અન્ય સભ્યોને સહારે જીવન નિર્વાહ ચાલી જાય છે.આ અર્થમાં સંયુક્ત કુટુંબ પ્રથા એ સામાજિક સલામતીની શ્રેષ્ઠ પારંપારિક સંસ્થા છે.

ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપમાં પોલીસ સ્ટેટ એટલે કે પોલીસ રાજ્યનો ખ્યાલ અસ્તિત્વમાં હતો. વર્તમાન સમયમાં તેને સ્થાને Welfare State (કલ્યાણલક્ષી રાજ્ય) એટલે કે કલ્યાણલક્ષી રાજ્યની વિભાવનાનો વિકાસ થયો. ઔદ્યોગિક ક્રાંતિ પછી કારખાના પદ્ધતિને પરિણામે કામદારો સમૂહમાં વસવા લાગ્યા. કામના સમય દરમ્યાન થતાં અકસ્માતો સામે તેમને આર્થિક વળતર મળે તેવી વ્યવસ્થા માલિકોએ શરૂ કરી. વળી સરકારે પણ શ્રમિકોને પ્રતિકૂળ સંજોગોમાં આર્થિક વળતર મળે તેવી નીતિઓ અમલમાં મૂકી. સામાજિક સુરક્ષાનો પ્રારંભ ઈંગ્લેન્ડમાં થયો. બધા પશ્ચિમી દેશોમાં એનો વિસ્તાર થયો અને વિકસતા દેશોમાં સામાજિક સલામતીની યોજનાઓ ૨૦મી સદીના મધ્યભાગ પછી શરૂઆત થઈ. વિકસિત દેશોમાં સરકારી કર્મચારીઓ, સંસ્થાઓ તથા ખાનગી આર્થિક એકમોના

કર્મચારીઓને અને સામાન્ય લોકોને પણ વિવિધ સામાજિક સલામતીની યોજનાઓનો લાભ આપવામાં આવે છે. જ્યારે વિકાસશીલ દેશોમાં મુખ્યત્વે સરકારી કર્મચારીઓ, સંગઠિતક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને કંપનીઓના કર્મચારીઓને જ આ યોજનાના લાભ મળે છે. વિકાસશીલ દેશમાં માંડ ૨૦થી ૨૫ ટકા લોકો જ સરકારી અને સંગઠિત ક્ષેત્રે કામ કરતા હોવાથી તેમને સામાજિક સલામતીની સુરક્ષા પ્રાપ્ત થાય છે. જ્યારે ૭૫થી ૮૦ ટકા જેટલાં લોકોને કોઈ સામાજિક સુરક્ષાના લાભ મળતા નથી.

## 12.2 સામાજિક સુરક્ષા અને સલામતીનો અર્થ

સામાજિક સલામતી એ વાસ્તવમાં આર્થિક સલામતીની યોજના છે. પરંતુ પ્રતિકૂળ આર્થિક સંજોગોમાં લોકો સ્વમાનભેર જીવન નિર્વાહ કરી શકે તેવી યોજનાને સામાજિક સલામતીની યોજના કે વ્યવસ્થા કહેવાય છે. કુટુંબમાં મુખ્ય કમાનાર વ્યક્તિ જ્યારે કામ કરવા માટે અશક્ત બને, તેવા સંજોગોમાં જુદા જુદા પ્રકારની સ્કીમો વડે તેને આર્થિક વળતર સરકાર, સંસ્થા કે કંપની દ્વારા આપવામાં આવે છે જેથી તે અને તેનું કુટુંબ સ્વમાન ભેર જીવનનિર્વાહ ચલાવી શકે. આવા પ્રતિકૂળ સંજોગોમાં મળતી આર્થિક સહાયને સામાજિક સલામતીની યોજના કહેવામાં આવે છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અનુસાર સામાજિક સુરક્ષા એ વંચિતતાને રોકવા માટે રચાયેલ એક વ્યાપક અભિગમ છે. જે વ્યક્તિને પોતાના અને તેના આશ્રિતો માટે મૂળભૂત લઘુતમ આવકની ખાતરી આપે છે અને વ્યક્તિને કોઈપણ અનિશ્ચિતતાઓથી સુરક્ષિત કરે છે.

ભારતમાં સામાજિક સુરક્ષાનો વ્યાપક અર્થ કહીએ તો કેન્દ્ર અને રાજ્ય સરકાર જીવનની તમામ આકસ્મિક પરિસ્થિતિઓને આવરી લેવા અને તેના તમામ નાગરિકો માટે ભૌતિક કલ્યાણના લઘુતમ ધોરણને સુનિશ્ચિત કરવા માટે પોતે જવાબદાર બનશે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં યુનાઈટેડ સ્ટેટ્સ સોશિયલ સિક્યુરીટી એક્ટ ૧૯૩૫ અસ્તિત્વમાં આવ્યો ત્યારે સૌ પ્રથમ વખત સામાજિક સુરક્ષા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ શબ્દ વિશ્વના અન્ય પશ્ચિમી દેશોમાં લોકપ્રિય બન્યો.

યુ.એસ.એ.માં આ શબ્દનો ઉપયોગ વૃદ્ધાવસ્થામાં બચી ગયેલાં, અને આરોગ્ય વીમા યોજનાઓને દર્શાવવા માટે થાય છે. જે ફેડરલ સરકારના નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. ઈંગ્લેન્ડમાં સામાજિક સુરક્ષા શબ્દમાં સામાજિક સહાય તેમજ સામાજિક વીમા યોજનાનો સમાવેશ થાય છે. તેમાં રાષ્ટ્રીય વીમા યોજના, ઔદ્યોગિક ઈજા યોજના અને સામાજિક સહાય યોજનાનો સમાવેશ થાય છે. જેના હેઠળ કામદારોને પૂરક લાભો આપવામાં આવે છે.

લેક્સિકોન યુનિવર્સલ એનસાયક્લોપીડિયા અનુસાર સામાજિક સુરક્ષા શબ્દની વ્યાખ્યા "વૃદ્ધાવસ્થા, માંદગી, બેરોજગારી અથવા મૃત્યુ સાથે સંકળાયેલા આવકના નુકસાનથી કામદારો અને તેમના પરિવારોને બચાવવા માટેના જાહેર કાર્યક્રમોનો સમાવેશ થાય છે. કેટલીકવાર આ શબ્દનો ઉપયોગ એવા તમામ લોકો માટે સમર્થનની વ્યાપક પ્રણાલીનો સમાવેશ કરવા માટે પણ થાય છે. જેઓ ગમે તે કારણોસર પોતાની જાતને જાળવી રાખવામાં અસમર્થ હોય છે."

લોર્ડ બેવરીઝના મતે સામાજિક સુરક્ષા "પાંચ દિગ્ગજો પર હુમલો કરે છે. જેમ કે ઈચ્છા, રોગ, અજ્ઞાનતા, અસ્પષ્ટતા અને આળસ." આ ખ્યાલ સામાજિક ન્યાય અને સમાનતા સાથે સંબંધિત છે. ILOએ સામાજિક સુરક્ષાને આ રીતે વ્યાખ્યાયિત કરી છે - "સમાજ જે સુરક્ષા પ્રદાન કરે છે, તે ચોક્કસ જોખમો સામે યોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવે છે જેનાથી તેના સભ્યો ખુલ્લા હોય છે. સામાજિક સુરક્ષા રોગને રોકવા અને ઉપચાર

કરવા માટે રચાયેલ છે. જ્યારે લોકો કમાઈ શકતા નથી અને લાભદાયક રોજગાર પુનઃ સ્થાપિત કરી શકતા નથી ત્યારે તેને સમર્થન આપવા માટે.''

નેશનલ કમિશન ઓન લેબર (NCL) દ્વારા સામાજિક સુરક્ષાનો ખ્યાલ માનવ ગૌરવ અને સામાજિક ન્યાયના વિચારો પર આધારિત છે. સામાજિક સુરક્ષા પગલાં પાછળનો મુખ્ય કે મૂળ વિચાર એ છે કે નાગરિકો તેના/તેણીના દેશના કલ્યાણમાં યોગદાન આપ્યું છે અથવા યોગદાન આપવાની સંભાવના છે. તેને અમુક જોખમો સામે રક્ષણ મળવું જોઈએ. સામાજિક સુરક્ષાની વિભાવના આમ માનવીય ગૌરવ અને સામાજિક આર્થિક ન્યાયના આદર્શો પર આધારિત છે. આ વિભાવના અંતર્ગત જીવનના ચોક્કસ જોખમો કે જેનાથી તેઓ કામકાજના જીવનમાં અથવા તેના પરિણામ સ્વરૂપે સંપર્કમાં આવે છે. તેની સામે દેશના સંપૂર્ણ કલ્યાણમાં યોગદાન આપવા માટે તેના નાગરિકોને રક્ષણ આપવાની ઈચ્છા પણ છે.

નેશનલ કમિશન ઓન લેબર (NCL) (૧૯૬૯)એ સામાજિક સુરક્ષાને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કર્યો છે. સામાજિક સુરક્ષાનો ખ્યાલ માનવ ગૌરવ કરી અને સામાજિક ન્યાયના વિચારો પર આધારિત છે. તે દેશના સંપૂર્ણ કલ્યાણમાં યોગદાન આપવા માટે નાગરિકોને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરે છે.

કર્મચારીઓને આપવામાં આવતું વેતન, તેમની જરૂરિયાતો જેમ કે તબીબી, બાળકોનું શિક્ષણ, મહિલા કર્મચારીઓની પ્રસૂતિ પૂરી કરવા માટે પૂરતું ન હોઈ શકે. વિવિધ દેશોની સરકારો પાસે નોકરીદાતાઓ આગ્રહ રાખે છે કે સામાજિક દૂષણો સામે તેમને વધુમાં વધુ સુરક્ષા પ્રાપ્ત થાય. સરકારો પણ થાય લોકોને સામાજિક સુરક્ષાના પગલાં પૂરા પાડે છે.

## 12.3 સામાજિક સલામતીના ઘટકો

સામાજિક સલામતીના બે ઘટકો છે.

(i) ખોરાક, કપડાં, આવાસ અને તબીબી સંભાળ અને જરૂરી સામાજિક સેવાઓ સહિત આરોગ્ય અને સુખાકારી માટે પર્યાપ્ત જીવનધોરણનો અધિકાર.

(ii) બેરોજગારી, માંદગી, અપંગતા, વિધવા, વૃદ્ધાવસ્થા અથવા કોઈપણ વ્યક્તિના નિયંત્રણની બહારના સંજોગોમાં આજીવિકાની સુરક્ષાનો અધિકાર.

- અર્મત્યસેન અને જીન ડ્રેઝ સામાજિક સુરક્ષાના બે પાસાંઓને અલગ પાડે છે. (૧) સંરક્ષણ અને (૨) પ્રમોશન.

પ્રથમ પાસું સંરક્ષણ એ જીવનધોરણ અને જીવનની પરિસ્થિતિઓમાં ખરાબ સ્વાસ્થ્ય, અકસ્માતો દ્વારા થતાં ઘટાડા સામે રક્ષણ સૂચવે છે. જ્યારે બીજું પાસું પ્રમોશન એ ઉન્નત જીવન પરિસ્થિતિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. દરેકને સતત ક્ષમતાઓની વંચિતતાને દૂર કરવામાં મદદ કરે છે.

સામાજિક સુરક્ષા પ્રદાન કરવાના ભારતના રેકર્ડ પર નજીકથી નજર કરીએ તો તે દર્શાવે છે કે જ્યારે નાગરિકોના માત્ર એક અંશને જ કોઈપણ ''સંરક્ષણ'' મળે છે. ત્યારે આર્થિક વૃદ્ધિની વર્તમાન પેટર્ન સાથે તે વધુ ક્ષીણ થઈ રહ્યા છે. ''પ્રમોશન''ને ધ્યાનમાં રાખીને કરેલ જોગવાઈઓમાં, પોષણ દ્વારા સામાજિક સુરક્ષા, બધા માટે કામના અધિકારો, તાજેતરના પુરાવાઓ ઉત્સાહ માટેના કારણો આપે છે. પરંતુ તેમાં સંકોચનની સ્થિતિ ઉપસ્થિત થાય છે.

## 12.4 સામાજિક સુરક્ષાના મૂળભૂત હેતુઓ

1. ભારત એ પોલીસ રાજ્ય નહીં પરંતુ એક કલ્યાણલક્ષી રાજ્ય હોવાને કારણે સમાજના તમામ નાગરિકને આર્થિક સુરક્ષા આપવાની નૈતિક જવાબદારી સ્વીકારી છે.
2. દેશમાં વસતા લોકોના કલ્યાણને શક્ય તેટલી અસરકારક રીતે સામાજિક, આર્થિક અને રાજકીય તમામ ક્ષેત્રે સુરક્ષિત બનાવવા.
3. પ્રજાના સામાજિક સુરક્ષા અને સામાજિક આર્થિક સહાયના લાભોનો મહત્તમ વિસ્તાર કરવો.
4. મહિલાઓને પ્રસૂતિ દરમ્યાન વિવિધ રાહતો અને કામ માટે કલમ ૪૭ ધ્યાનમાં લઈ રાજ્યે મહિલાઓને સુરક્ષા પૂરી પાડવી.
5. લોકોના જીવનધોરણ અને લોકોના પોષણ સંદર્ભે સુધારો કરી આરોગ્ય અને રાજ્યની પ્રાથમિક ફરજો નિભાવવી.
6. અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં કામદારોની ઉત્પાદકતામાં સુધારો કરવો. તેમજ તેમની લઘુતમ સ્તરનું રક્ષણ સુનિશ્ચિત કરવું. વળી તેઓને લઘુતમ વેતનદરની વેતન નીતિ નક્કી કરાવવી.
7. પ્રજાને બેરોજગારી, માંદગી, અપંગતા, વિધવા અને અસહાય મહિલાઓ, વૃદ્ધાવસ્થા અથવા કોઈપણ વ્યક્તિના નિયંત્રણની બહારના સંજોગોમાં, આજીવિકાની અન્ય અભાવની સ્થિતિમાં આવક સુરક્ષાનો અધિકાર આપવો.
8. દેશના તમામ નાગરિકને શિક્ષણ, રોજગારી અને સહાય મેળવવાનો અધિકાર સુરક્ષિત કરવાની જોગવાઈ કરવી. તેમજ બેરોજગારી, વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગતાનો કલમ 42નો અમલ કરાવવો જરૂરી ગણ્યો.
9. પ્રજાને ખોરાક, કપડાં, રહેઠાણ અને તબીબી સંભાળ અને જરૂરી માળખાકીય સુવિધાઓ (રોડ, રસ્તા, બંધ, પુલ, સ્વચ્છ અને શુદ્ધ પાણી વગેરે) અને સુખાકારી માટે પર્યાપ્ત જીવનધોરણના અધિકારની પ્રાપ્તિ નાગરિકોને સરળતાથી મળે તે અંગે જાગૃત રહેવું.
10. દેશના કોઈપણ નાગરિકને તેના અધિકારથી વંચિત ન રહે અથવા શોષણનો ભોગ ન બને તેની ખાસ તકેદારી રાખવી.

## 12.5 ભારતમાં સામાજિક સુરક્ષાની જરૂરિયાત

1. ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં ૧૦ ટકા કરતાં ઓછા શ્રમિકો છે. જ્યારે અસંગઠિત ક્ષેત્રના કામદારોની સંખ્યા વધુ છે. પરિણામે આ વર્ગ નોકરીની સુરક્ષા, મજૂર અધિકારો અને નિવૃત્તિ પછીની જોગવાઈઓનો લાભ મેળવી શકતા નથી. આવા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને નોકરીની સુરક્ષા, મજૂર અધિકારો અને નિવૃત્તિ પછી સુરક્ષા પ્રાપ્ત કરવાની જરૂરિયાત છે. અસંગઠિત ક્ષેત્રના કામદારોનું લઘુતમ સ્તર નિશ્ચિત કરવાની જરૂરિયાત છે.
2. ગતિશીલ અર્થતંત્રમાં કે બજારમાં કામદારો તકનિકી ફેરફારો સાથે ઝડપી ગતિએ નોકરી ગુમાવતા હતા. આ કામદારોને ઉત્પાદક રીતે કાર્યરત રહેવા માટે નવા ટેકનોલોજીકલ - તકનિકી ફેરફારો શીખવતા રહેવાની જરૂર છે.
3. રાષ્ટ્રીય આરોગ્ય એજન્સીની સ્થાપના કરવાની ખૂબ જ જરૂરિયાત છે. આરોગ્ય સુવિધાઓ સુધારવા જરૂરી દવાઓ, પરીક્ષણો, આરોગ્ય સ્ટાફને પરફોર્મન્સ

આધારિત પ્રોત્સાહનો આપવા માટે પ્રધાનમંત્રી (PM) જન આરોગ્ય યોજના હેઠળ જાહેર હૉસ્પિટલોને વધુ સ્વાયત્તતાની જરૂર છે.

4. રાજ્યને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું. ડૉક્ટરો અને સુવિધાઓ સરળ અને સુલભ બનાવવી જરૂરી છે.

5. જન ઔષધિ સ્ટોર્સ બિઝનેસના મોડલની સમીક્ષા કરવાની અને વિવિધ પડકારોનો ઉકેલ લાવવાની જરૂર છે. સ્વનિર્ભર એકમો કાર્ય કરી સમગ્ર દેશમાં આવા એકમોમાં ઝડપથી વધારો કરવાની જરૂર છે.

6. ડીજીટલ ટેકનોલોજી, ટેલી મેડિસીન, જૈનરિક દવાઓની ફાર્મસી ચેઈન્સ, તંદુરસ્ત જીવનશૈલીનો પ્રચાર તેમજ પ્રશિક્ષિત નર્સો અને પેરા મેડિકલનો વધુ ઉપયોગ આરોગ્ય સંભાળ અને ઓછા ખર્ચમાં સુધારો કરી શકે છે.

7. કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ગ્રામીણ અને અંતરિયાળ દૂરદરના સ્થળોએ શ્રમિકોને ટેકનોલોજીકલ પરિવર્તનોનું શિક્ષણ અને તાલીમ આપી તેમની કાર્યક્ષમતામાં વધારો કરવાની જરૂર છે.

8. રાષ્ટ્રીય આવકના આરોગ્ય સંભાળ ઉપરના ખર્ચના હિસ્સાને ૨.૫ ટકા સુધી વધારવાનું લક્ષ્ય રાખવાની જરૂર છે.

9. રાષ્ટ્રીય આરોગ્ય નીતિ ૨૦૧૭ દ્વારા આરોગ્ય સંભાળની શરૂઆત થઈ છે. જે એક સારું લક્ષ્ય છે અને તેને વિસ્તારવાની જરૂર છે.

10. ખૂબ જ ખર્ચાળ આરોગ્ય સંભાળ ખાનગી હૉસ્પિટલોમાં હોય છે. કમાવાની વૃત્તિથી ડૉક્ટરો જરૂરિયાત કરતાં વધુ રિપોર્ટ અને દવાઓનું લિસ્ટ બનાવી લોકો પાસે વધુ પૈસા વસુલ કરે છે. તેના ઉપર અંકુશ મૂકવાની જરૂર છે. ખિસ્સા બહારના આરોગ્ય ખર્ચ, અવરોધો પેદા કરે છે. આથી નાના અને સીમાંત ખેડૂતો, ઓછી આવકને કારણે ગરીબીમાં ધકેલાઈ જાય છે. જે કુલ આરોગ્ય પરના ખાનગી ખર્ચના લગભગ ૯૦ ટકા જેટલા છે.

ભારતમાં સામાજિક સુરક્ષાનો અર્થ વ્યાપક રીતે કહીએ કેન્દ્ર અને રાજ્ય સરકાર જીવનની તમામ આકસ્મિક પરિસ્થિતિઓને આવરી લેવા માટે જવાબદાર કે સક્ષમ બનવું.

## 12.6 સામાજિક સલામતીની મુખ્ય યોજનાઓ

### 1. પેન્શન :

કર્મચારી નિવૃત્ત થાય તો તેને નિવૃત્તિ બાદ ચોક્કસ રકમ પ્રતિમાસ મળતી રહે તેને પેન્શન કહેવાય. સરકારી કે સરકાર દ્વારા અનુદાનિત વિભાગો કે સંસ્થાઓમાં પેન્શનની યોજના લાગુ થઈ છે. ભારતમાં ૨૦૦૪ની સાલથી સરકારી કર્મચારીઓ માટે પેન્શન યોજના બંધ કરવામાં આવી છે. પેન્શન આપવાનો સરકારનો મુખ્ય હેતુ કર્મચારીએ તેના જીવનના મહત્ત્વના વર્ષો સુધી ફરજ નિભાવી હોય અને તેના રિટાયર્ડમેન્ટ પછી અન્ય વ્યક્તિના આશ્રિત ન રહે, જેવી રીતે તે નોકરી દરમ્યાન સ્વમાનભેર જીવ્યા હોય તેવી જ રીતે નિવૃત્તિ સમય બાદ સ્વમાનભેર જીવી શકે તે માટે તેમને પેન્શન આપવામાં આવે છે. કર્મચારીને તેની આજીવિકા ચાલુ રહે અને તેમનું જીવનધોરણ પૂરતી પેન્શનરૂપી આવકની પ્રાપ્તિ થાય તે હેતુથી પેન્શન આપવામાં આવે છે.

પેન્શન બે પ્રકારના હોય છે. (૧) કર્મચારીને નિવૃત્તિ બાદ એટલે કે સરકારી કે સરકાર અનુદાનિત વિભાગો કે સંસ્થાઓમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી ફરજ બજાવી હોય અથવા વધુમાં વધુ ૩૩ વર્ષ સુધી ફરજ બજાવી હોય કે તેની વય નિવૃત્તિ જે નિર્ધારીત

થઈ હોય તે મુજબ કર્મચારીને માસિક પગાર સ્વરૂપે પેન્શન પ્રાપ્ત થાય છે. જેમ કે કેટલાક સરકારી કે અર્ધસરકારી કર્મચારીની નિવૃત્તિ વય ૫૮ વર્ષ, ૬૦ વર્ષ કે ૬૨ વર્ષ સરકાર દ્વારા નિર્ધારીત કરવામાં આવી છે. નિવૃત્તિ વયમર્યાદ માં સરકાર સમય, સંજોગો પ્રમાણે ફેરફાર કરી શકે છે. નિવૃતિના બે પ્રકાર છે. એક ફરજિયાત વય નિવૃત્તિ એટલે કે વ્યક્તિ કામ કરવા માટે સશક્ત હોય. પરંતુ સરકાર દ્વારા નિર્ધારીત થયેલ ઉંમર થાય ત્યારે કર્મચારીને ફરજિયાત નિવૃત થવું પડે છે. જેને વય નિવૃત્તિ કહેવાય. બીજી નિવૃત્તિ મરજીયાત કે સ્વૈચ્છિક નિવૃત્તિ છે. જેમાં કર્મચારી પોતે સશક્ત હોય કે એને અન્ય જગ્યાએ કામગીરી કરવાની ઇચ્છા હોય અથવા કર્મચારી પોતાની ફરજ બરાબર બજાવી શકવા માટે અશક્ત હોય ત્યારે કર્મચારી સેવા મુક્ત થવા માગતો હોય તેને સ્વૈચ્છિક નિવૃતિ કહેવાય છે. આવા સ્વૈચ્છિક ફરજ મુક્ત થનાર કર્મચારીને ઓછામાં ઓછા ૨૦ વર્ષની સળંગ નોકરી કરી હોય તો તે પેન્શન મેળવવા પાત્ર એટલે કે ફુલ પેન્શન મેળવે છે. તેનાથી ઓછી અને લઘુતમ ૧૦ વર્ષની નોકરી કરનાર ક્રમચારીને ઓછું પેન્શન પ્રાપ્ત થાય છે. જો કે નિયમો જુદા જુદા સરકારી એકમોમાં કે સરકારી નોકરીમાં બદલાતા રહેતા હોય છે. (૨) ફેમીલી પેન્શન : પેન્શન મેળવવાનો અધિકાર કર્મચારીને તેના સેવાકાળને ધ્યાને લઈને મળે છે. તેવી જ રીતે કર્મચારીના મૃત્યુ બાદ તેના કુટુંબના સભ્યો નિરાધાર ન બને તે માટે સરકાર કર્મચારીની સેવાને ધ્યાને લઈ કૌટુંબિક પેન્શન પણ આપે છે. જેમ કે કર્મચારીના પતિ કે પત્નીને કર્મચારીના મૃત્યુ બાદ કૌટુંબિક પેન્શન આપે છે. વળી કર્મચારીના પતિ કે પત્નીનું મૃત્યુ થયા બાદ તેના અઢાર વર્ષના બાળકને કૌટુંબિક પેન્શન મળે અને જે અપાહિજ માનસિક રીતે ગાડો કે માનસિક રીતે અસમતોલ હોય કે બિલકુલ કામ કરવા શક્તિમાન ન હોય તેવા અપરિણીત દીકરીને પેન્શનના અમુક રકમ જીંદગીભર મળવા પાત્ર હોય છે. આમ સરકાર કર્મચારી તેમજ તેના કુટુંબની સામાજિક સલામતીને ધ્યાને લઈને કૌટુંબિક પેન્શન પણ આપે છે. કર્મચારીને પેન્શન તેમજ તેના કુટુંબના સભ્યોને નિયમોનુસાર કૌટુંબિક પેન્શનની પ્રાપ્તિને કારણે પ્રજા સરકારી નોકરી કરવાનું પસંદ કરે છે. જ્યાં કર્મચારીનું શોષણ નહીં પરંતુ પોષણનો ખ્યાલ સમાયેલો છે. સિવિલ સર્વન્ટ્સ સિવિલ સર્વિસ પેન્શન સ્કીમની સ્થાપના ૧૯૭૨માં અને જનરલ પ્રોવિડન્ડ ફંડની સ્થાપના ૧૯૮૧માં કરવામાં આવી હતી. ૨૦૦૪ પછી જોડાયેલા કર્મચારી માટે નેશનલ પેન્શન સિસ્ટમ (NSP) યોજના અમલમાં છે. જેનું સંચાલન અને નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (PFRDA) દ્વારા કરવામાં આવે છે.

પેન્શન એક નિર્ધારિત લાભ પ્રણાલી હતી. જેમાં કર્મચારીઓએ આર્થિક યોગદાન આપ્યું હોતું નથી અને પેન્શન સરકાર (રાજ્ય)ના બજેટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું હતું. કર્મચારીની ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા કે ફરજ બજાવેલ હોવી જોઈએ. નિવૃત્ત કર્મચારીને છેલ્લાં બેઝીક પગારના ૫૦ ટકા માસિક પેન્શન મળે છે. સરકારી તિજોરીમાં પેન્શનરોનો આર્થિક નાણાકીય બોજ વધુ પડતો હોવાથી વર્ષ ૨૦૦૪ જાન્યુઆરી પછી જોડાયેલાં કર્મચારીઓને NSP (નેશનલ પેન્શન સિસ્ટમ) મુજબ પેન્શન મળવાપાત્ર છે. કર્મચારી તેના કુલ પગારના ૧૦% સિસ્ટમમાં ફાળો આપે છે. જ્યારે એમ્પ્લોયર મેચિંગ રકમનું યોગદાન આપે છે. નિવૃત્તિ સમયે કર્મચારી ૬૦ ટકા રકમ ઉપાડી શકે છે અને ૪૦% રકમનો ઉપયોગ માસિક પેન્શન ચૂકવવા માટે કરવામાં આવશે. સિસ્ટમ કર્મચારીના છેલ્લા પગારના ૫૦ ટકાનું લક્ષ્ય હાંસલ કરવાનો છે. આ સિસ્ટમ તમામ સરકારી કર્મચારીઓ માટે ફરજિયાત છે. પરંતુ અન્ય લોકો માટે સ્વૈચ્છિક કે મરજિયાત છે. જનરલ પ્રોવીડન્ડ ફંડ સ્કીમમાં કર્મચારી તેના કુલ પગારના ઓછામાં ઓછા ૬ ટકા યોગદાન આપવું જરૂરી છે અને ૮ ટકાનું ગેરંટીકૃત વળતર છે. જ્યારે કર્મચારી નિવૃત્ત થાય છે ત્યારે તે એકીકૃત રકમ ઉપાડી શકે છે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થા, સામાજિક સુરક્ષા ૨૦૨૦ પરના કોડ દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા છે. ફરજિયાત ભવિષ્યનિધિ પેન્શન યોજના અને અપંગતા અને જીવન વીમો આ ત્રણ સામાજિક સુરક્ષા યોજનામાં કુલ ૨૫ ટકા યોગદાનમાં ૧૨ ટકા કર્મચારીનો માસિક ફાળો, ૧૨ ટકા કર્મચારીના એમ્પ્લોયર અને ૧ ટકા સરકાર કર્મચારીના પગારનો ફાળો આપે છે. કર્મચારીનું ૧૨ ટકા યોગદાન એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ સ્કીમ (EPF)માં જાય છે. જ્યારે એમ્પ્લોયરના ૧૨ ટકા હિસ્સામાંથી ૩.૬૭ ટકા કર્મચારી ભવિષ્ય નિધિમાં જાય છે અને ૮.૩૩ ટકા કર્મચારી પેન્શન સ્કીમ (EPS)માં જાય છે. સરકારના ૧ ટકા યોગદાન સાથે જ્યારે એમ્પ્લોયરનું ૦.૫ ટકા યોગદાન એમ્પ્લોઈઝ ડિપોઝીટ-લિંક્ડ ઈન્સ્યોરસન્સ (SDLI)માં જાય છે. એકવાર કર્મચારી વૈધાનિક નિવૃત્તિની ઉંમરે પહોંચે તે પછી કર્મચારી ભવિષ્ય નિધિમાં જમા કરાયેલી રકમ અને સંચિત વ્યાજ સાથે ઉપાડી લે છે. કામ દરમ્યાન મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં આશ્રિત અથવા વિકલાંગ કર્મચારીને તેમના જીવનભર પેન્શન મળે છે. અટલ પેન્શન યોજના સ્વૈચ્છિક મૂળભૂત પૂરક પેન્શન યોજના છે. મોટે ભાગે નાની જોબ-ટૂંકા ગાળાના કરારો અથવા દૈનિક વેતન મેળવનારા લોકો માટે આ યોજના છે.

## 2. પ્રોવિડન્ડ ફંડ :

પ્રાવિડન્ડ ફંડ એ સરકારી તેમજ બિનસરકારી એકમોના કર્મચારીઓને લાગુ કરાય છે. આ યોજના મુજબ વ્યક્તિના પગારમાંથી તેના બેઝીક પગારના આધારે ચોક્કસ રકમ પ્રોવિડન્ડ ફંડના ખાતામાં જમા કરાવાય છે. સામાન્ય રીતે વ્યક્તિ કમાતી હોય ત્યારે ભવિષ્ય માટે આવક બચાવવાની વૃત્તિ ધરાવતો હોતો નથી અને વર્તમાન કુલ આવકોના આધારે ખર્ચ કરે છે. આથી સ્વૈચ્છિક બચતો ઓછી રહેવા પામે છે. ભવિષ્યના કોઈપણ આર્થિક, સામાજિક, ધાર્મિક કે અન્ય પ્રકારનો મોટો ખર્ચ આવી પડે ત્યારે વ્યક્તિ કે કર્મચારી પાસે ફંડ ઉપલબ્ધ હોતું નથી. આ સંજોગોમાં પ્રોવિડન્ડ ફંડમાંથી આંશિક રકમ ઉપાડ કરીને પોતાના વર્તમાન ખર્ચને પહોંચી શકે છે. લગ્ન, જન્મ, મરણ કે અન્ય સામાજિક વ્યવહારો, બાળકોના ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત કે આરોગ્યના ખર્ચાઓ વર્તમાન આવકમાંથી કર્મચારી પહોંચી શકે નહીં તેથી પગારમાંથી કપાયેલી પ્રોવિડન્ડ ફંડ બચત સ્વરૂપે હોય છે. તેમાંથી ઉપરોક્ત ખર્ચાઓ કરવા માટે જમા થયેલ પ્રોવિડન્ડ ફંડમાં જરૂરી રકમ કર્મચારી મેળવી શકે છે. પ્રોવિડન્ડ ફંડ એ એક પ્રકારની ફરજિયાત બચત છે. જે કર્મચારીની વર્તમાન ખર્ચ કરવાની શક્તિ અને વૃત્તિ બંનેમાં ઘટાડો સૂચવે છે અને ભાવિ સલામતી માટેની શ્રેષ્ઠ યોજના સરકાર રચિત ગણી શકાય. કર્મચારીને નોકરી કે તેના સેવા કાળ દરમ્યાન આકસ્મિક ખર્ચાઓ કે રહેઠાણ માટે મકાનની ખરીદી કે બાળકોના લગ્ન પ્રસંગે, કર્મચારી પોતાના પ્રોવિડન્ડ ફંડની કુલ જમા થયેલી રકમના ૭૦ ટકા રકમ ઉપાડી શકે છે અને વર્તમાન ખર્ચાઓ પૂર્ણ કરી શકે છે. કર્મચારી નિવૃત થાય ત્યારે તેને બાકીની બધી જમા થયેલી રકમ એક સાથે વ્યાજ સહિત મળી રહે છે. જેનો ઉપયોગ સારા ભવિષ્ય માટે કર્મચારી કરી શકે છે.

પ્રોવિડન્ડ ફંડની યોજનાઓ જુદા જુદા પ્રકારની હોય છે. પેન્શનપાત્ર સેવાઓમાં G.P.F (Genral Providend Fund)ની સ્કીમ હોય છે. પેન્શન પાત્ર સેવાઓ ન હોય તેમને (CPF) કહે છે. જેમાં વ્યક્તિના પગારના નિશ્ચિત ટકા રકમ બેઝિક PFમાં જમા થાય છે અને તેટલો જ હિસ્સો સરકાર દ્વારા જમા થાય છે. આમ વ્યક્તિના ફંડ ઉપરાંત સરકારનો હિસ્સો પણ પ્રતિમાસ જમા થાય છે અને એકંદરે મોટું ભંડોળ વ્યાજ સહિત બને છે. ખાનગી એકમોમાં પ્રોવિડન્ડ ફંડ યોજના EPF એટલે કે Equity Providend Fund તરીકે ઓળખાય છે. ઓછામાં ઓછા ૨૦થી વધુ કર્મચારી હોય તેવી સંસ્થાઓ

અને આર્થિક એકમોમાં આ યોજના લાગુ કરવી ફરજિયાત છે. આમ PF, CPF અને EPF કર્મચારીઓનું ભવિષ્ય વધુ સલામત કરે છે. આ ફંડમાંથી જરૂરિયાતના સમયે ઉપાડ પણ થઈ શકે છે.

**3. ગ્રેજ્યુએટી (Graduity) :**

સરકારી કે ખાનગી સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓને ઓછામાં ઓછી અમુક વર્ષોની નોકરી પછી નોકરીના કુલ વર્ષોના આધારે કેટલાંક મહિનાઓનો બેઝીક પગાર એક સામટો આપવાની જોગવાઈ હોય છે. ખાનગી સંસ્થાઓમાં કામ કરતા ગુમાસ્તાઓને પણ આ નિયમ લાગુ પડે છે. ગ્રેજ્યુએટી એ કર્મચારીના કોઈપણ પ્રકારના કોન્ટ્રીબ્યુશન સિવાય માત્ર સરકાર કે સંસ્થા દ્વારા અપાતો આર્થિક લાભ છે. જે વ્યક્તિને નિવૃત્તિ પછીનો જીવનધોરણ ટકાવવા ઉપયોગી થાય છે. વર્તમાન સમયમાં વધુમાં વધુ ૨૦ લાખ ગ્રેજ્યુએટીની રકમ નિવૃત્તિ સમયે મળે છે. જો કે તેમાં કર્મચારીના નોકરીનો સમયગાળો અને નિવૃત્તિ સમયનો છેલ્લો પગાર ધ્યાને લઈ ગ્રેજ્યુએટી નિવૃત્ત કર્મચારીને ચૂકવાય છે.

**4. વીમો (Insurence) :**

કર્મચારીઓને જે તે સંસ્થા કે વિભાગ દ્વારા જૂથ વીમાનો લાભ આપવામા આવે છે. તેમાં કર્મચારીના પગારમાંથી નાની સરખી રકમ કપાય છે અને જ્યારે કોઈપણ કર્મચારીનું મૃત્યુ થાય ત્યારે તેને વીમા સ્વરૂપની ચોક્કસ રકમ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઉદ્યોગો કે જોખમી વાણિજ્ય સેવાકીય એકમો કે વિભાગોના કર્મચારીઓ માટે અકસ્માત વીમો લેવામાં આવે છે અને અકસ્માત વખતે કર્મચારીને એ વીમાની રકમ ચૂકવાય છે. કેટલીક કંપનીઓ કે કેટલાંક સરકારી વિભાગો જોખમી કામગીરી સંદર્ભે કર્મચારીઓના અકસ્માત વીમા અને સામાન્ય વીમાની જવાબદારી ઉપાડે છે. અકસ્માતના સંજોગોમાં તેમને વળતર ચૂકવાય છે.

સંસ્થાઓ અને સરકારી વિભાગોમાં જૂથ વીમા યોજના તથા અકસ્માત વીમાના લાભ ઉપરાંત બધા જ લોકો માટે વિવિધ પ્રકારના વીમાની યોજનાઓ એ મહત્ત્વની એક સામાજિક સલામતીની યોજના ગણાય છે. ભારતમાં LIC ઉપરાંત હવે ઉદારીકરણ પછી ગણી બધી ખાનગી દેશી અને વિદેશી કંપનીઓ વિવિધ પ્રકારની વીમા સેવા પૂરી પાડે છે. જેમાં જીવન વીમો, પ્રોપર્ટી વીમો, વાહન વીમો, અકસ્માત વીમો તથા મેડિકેર ઈન્સ્યોરન્સ વગેરે વિવિધ પ્રકારની મુશ્કેલીઓ સામે આર્થિક વળતર ચૂકવવામાં આવે છે. જો કે વીમા સુરક્ષા મેળવવા માટે જે તે વ્યક્તિએ તેનું પ્રિમીયમ ભરવું પડે છે. પંરતુ પ્રતિકૂળ સંજોગોમાં સારો એવો આર્થિક લાભ મળતો હોવાથી વ્યક્તિ અને કુટુંબને સારી એવી સામાજિક સલામતીની સુરક્ષા પ્રાપ્ત થાય છે.

**5. પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના :**

કોઈપણ ૧૮ થી ૭૦ વર્ષના ભારતીય નિવાસી અથવા NRI મૂળ ભારતના વતની અને વિદેશમાં વસતા નાગરિકો માટે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના જેને અકસ્માત ખાતરી યોજના પણ કહેવામાં આવે છે. તેને વાર્ષિક પ્રિમીયમ માત્ર રૂ. ૧૨ અને NRI માટે ૧૫CUSથી વીમો ઉતરાવી શકે છે. વીમા યોજના GST મુક્ત છે. વળી વીમો ઉતરાવનાર બેંક ખાતામાંથી ઓટોમેટિક વીમાની રકમ ડેબિટ થઈ જાય છે. આ વીમા યોજના ૧ જૂન થી ૩૧ મે સુધી એક વર્ષનું કવર ધરાવી શકે છે. બેંકો જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ દ્વારા સંચાલન કરવામાં આવે છે. કોઈપણ વીમા ધારકનું અણધાર્યુ મૃત્યુ અથવા સંપૂર્ણ કે આંશિક અપંગતામાં વીમા ધારકના નોમિનીને મૃત્યુ થયે રૂ. ૨ લાખ (US $ 2,500) અને આંશિક અપંગતાના કિસ્સામાં રૂ. ૧ લાખ (US $ 1300)ની તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે છે. આંશિક કાયમી અપંગતામાં આંખ, હાથ અથવા પગમાં ઉપયોગની

ખોટને ધ્યાનમાં લેવાય છે. પરંતુ જો વીમા ધારક આપઘાત કરે કે આલ્કોહોલ કે માદક દ્રવ્યોના સેવનથી મૃત્યુ પામે તેવા કિસ્સામાં વીમા ધારકના વારસોને આ વીમાનો લાભ મળતો નથી.

**6. P.F Cum Pension યોજના :**

પેન્શન યોજનાનો બીજો કોઈ જ સારો વિકલ્પ હોતો નથી. પેન્શન એ સૌથી શ્રેષ્ઠ સામાજિક સલામતીની યોજના છે. વર્ષ ૨૦૦૪થી સરકારે પેન્શન યોજના બંધ કર્યા પછી PPF અને EPF જેવી પ્રોવિડન્ડ ફંડ જેવી યોજનાઓ સાથે લાગુ કરી છે. આ યોજનામાં ફંડની ચોક્કસ રકમ જેમ કે ૫૦ ટકા અથવા જે તે સમયે નક્કી થતાં પ્રમાણ મુજબ એક સાથે ચૂકવવામાં આવે છે અને બાકીની ૫૦ ટકા જેટલા ફંડનું મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ જેવી સ્કીમોમાં રોકીને તેમાંથી મળતું વળતર દર મહિને પેન્શન સ્વરૂપે ચૂકવાય છે. જેથી કર્મચારીને નિવૃત્તિ પછી નિયમિત આવક મળતી રહે છે અને કર્મચારીનું મૃત્યુ થાય તે સંજોગોમાં રોકેલી રકમ વારસદારને પ્રાપ્ત થાય છે. નિવૃતિ પછી સરકારી કે બિનસરકારી, સંગઠિત કે અસંગઠિત ક્ષેત્રની કોઈપણ વ્યક્તિને પેન્શન યોજનાઓનો લાભ મળે તે માટે કેટલીક નાણાકીય સંસ્થાઓએ (જેમ કે HDFC જેવી નાણાકીય સંસ્થાઓએ) પેન્શન યોજના અમલમાં મૂકી છે. પબ્લીકને પેન્શન યોજનાનો લાભ આપતી નાણાકીય સંસ્થાઓ ખૂબ જ માતબાર ભંડોળ ધરાવતી હોય છે. મૂડી બજારમાં મોટા પાયા ઉપર કામકાજનો બ્હોળો અનુભવ ધરાવતી હોય છે. આ પ્રકારની પેન્શન યોજના એ કોઈ વ્યક્તિની સેવાના બદલામાં અપાતી સામાજિક સુરક્ષા નથી. પરંતુ વીમાની જેમ આવી પેન્શન યોજનાઓ પણ એક પ્રકારની લાંબા ગાળાની બચત યોજના છે. જે અમુક વર્ષો પછી નિયમિત વળતર સ્વરૂપે રોકાણકર્તાને પ્રાપ્ત થાય છે. પેન્શન યોજનામાં લાભ લેવાને બદલે વ્યક્તિ અન્ય બચતો કે રોકાણો કરે તો એની નાણાકીય સમૃદ્ધિ વધે છે. પંરતુ ભવિષ્યમાં મળતી નિશ્ચિત રકમની ખાત્રી મળતી નથી. સરકારી કે કંપનીઓ દ્વારા કર્મચારીઓ માટેની EPF કે CPF આધારીત પેન્શન યોજના તથા ખાનગી નાણાકીય સંસ્થાઓ દ્વારા ચલાવાતી પેન્શન યોજનાઓમાં લાંબા ગાળાના મૂડીરોકાણ આધારીત મળતા ઊંચા નફા વડે વધુ નાણાકીય વળતર પ્રાપ્ત થાય છે. જે ફીક્સ ડીપોઝીટ કે બોન્ડ ઉપરના સાધારણ વ્યાજદર કરતાં વધારે હોય છે.

**7. પબ્લિક પ્રોવિડન્ડ ફંડ :**

સરકારી કે સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને પ્રોવીડન્ડ ફંડનો લાભ મળે છે. તેવી જ રીતે દરેક નાગરિક માટે પબ્લિક પ્રોવિડન્ડ ફંડની સોશિયલ સિક્યોરીટીની સ્કીમ ચલાવાય છે. સામાન્ય રીતે ૧૫ વર્ષ સુધીના ગાળાની આ સ્કીમ હોય છે અને તે રીન્યુ થઈ શકે છે. અમુક વર્ષો પછી તેમનો અમુક હિસ્સો ઉપાડ તરીકે લઈ શકાય છે. PPF યોજના એ એક પ્રકારની લાંબાગાળાની બચત યોજના જ છે. જ્યારે પણ તે રકમ વ્યાજ સહિત પ્રાપ્ત થાય ત્યારે તે રકમ આવક વેરા મુક્ત હોય છે.

**8. વિધવા પેન્શન :**

ભારત જેવા વિકાસશીલ દેશોમાં ઘણે અંશે સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓ કરતી નથી અને પુરુષ ઉપર જીવનનિર્વાહ માટે આધારિત હોય છે. આ સંજોગોમાં વિધવા સ્ત્રીઓ તેમનો જીવનનિર્વાહ ચલાવી શકે તે માટે કેટલાક રાજ્યોમાં માસિક રૂ. ૧૦૦૦ થી રૂ. ૩૦૦૦ની મર્યાદામાં ચૂકવે છે. વિધવા કોઈપણ ઉંમરની હોય અને તેને ગમે તેટલાં બાળકો હોય તેમ છતાં તેણીને વિધવા પેન્શન પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

**9. બેરોજગારી ભથ્થું :**

વિકસીત દેશોમાં ઘણે ભાગે ચક્રિય બેરોજગારી હોય છે. એટલે કે ટૂંકાગાળાની

બેરોજગારી હોય છે. આવા બેકારોને નવી રોજગારી પ્રાપ્ત થાય ત્યાં સુધી જીવનનિર્વાહ માટે બેરોજગારી ભથ્થુ આપવામાં આવે છે. ભારતમાં રાજકીય પક્ષો ચૂંટણી પહેલાં બેરોજગારી ભથ્થુ આપવાના વચન આપે છે. પંરતુ આર્થિક દૃષ્ટિએ એનો અમલ ખૂબ મુશ્કેલ હોવાથી બેરોજગારી ભથ્થાની યોજના અમલમાં આવતી નથી. આવી યોજનાનો મોટા પાયા ઉપર ગેરલાભ લેવાય તેવી શક્યતા રહેલી હોવાથી તેનો અમલ થઈ શકે તેમ નથી. મહારાષ્ટ્ર સરકારે ૧૯૭૫માં પ્રયત્ન કરેલો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં બેરોજગારી ભથ્થુ યોજના બંધ કરી હતી.

**10. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં લોકો માટે સામાજિક સલામતીની વિશેષ જોગવાઈઓ :**

સામાન્ય રીતે વિવિધ સામાજિક સલામતીની યોજનાનો લાભ સરકારી કર્મચારીઓ અને સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને સારા એવા પ્રમાણમાં મળે છે. વળી જેઓ સરકારી કે સંગઠિત ક્ષેત્રની નોકરીઓમાં નથી પરંતુ સ્વતંત્ર વ્યવસાય કરે છે, અને સારી એવી કમાણી પણ કરે છે તેવા લોકો જુદા જુદા પ્રકારની ખાનગી નાણાકીય સંસ્થાઓ દ્વારા ચલાવાતી કે અન્ય સરકારી જાહેર પબ્લિક માટેની સામાજિક સલામતીની યોજનાઓનો લાભ લઈ શકે છે. જેમ કે જુદા જુદા પ્રકારના વીમા, જૂથ વીમો, અકસ્માત વીમો, મેડિક્લેઈમ તથા પેન્શન યોજનાઓ અને PPFનો લાભ લઈ શકે છે. પંરતુ મોટા ભાગની પ્રજા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને ખૂબ જ ઓછી આવક મેળવે છે. આવા લોકો માટે કેન્દ્ર સરકારે વિવિધ સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મૂકી છે.

**11. અટલ પેન્શન યોજના :**

અટલ પેન્શન યોજના એક સ્વૈચ્છિક અને મૂળભૂત પૂરક પેન્શન યોજના છે. જે મોટે ભાગે નાની-જોબ, ટૂંકાગાળાના કરારો અથવા દૈનિક વેતન મેળવનારા લોકો માટે છે. તે ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથના તમામ બચત બેંક અથવા પોસ્ટ ઑફિસ બચત બેંક ખાતા ધારકો માટે ખુલ્લું છે. પસંદ કરેલ પેન્શનની રકમના આધારે લઘુતમ માસિક રૂ. ૧૦૦૦ થી ૬૦ વર્ષની ઉંમરે રૂ. ૫૦૦૦ સુધીનું નિયમિત રકમ પ્રતિ વર્ષે ભરીને જીવનભર પેન્શન મેળવી શકે છે. આમ ઓછી આવકવાળા લોકો પોતાના ભવિષ્યને નિયમિત આવક વડે સુરક્ષિત બનાવી શકે છે. સરકારનો દૃષ્ટિકોણ આ યોજના પાછળ એ છે કે ગરીબ લોકો પણ ભવિષ્યની સામાજિક સુરક્ષા માટે જાગૃત બને તે માટે કંઈક ભોગ વર્તમાનમાં આપવા તૈયાર થાય. સરકાર બધા જ લોકોને સામાજિક સલામતીની યોજનાનો લાભ આપી શકે તેવી આર્થિક સ્થિતિ હોતી નથી. જો તમામ નાગરિકોને આ બધી યોજનાના લાભ મફતમાં આપવામાં આવે તો નાગરિકો બેદરકાર અને બેજવાબદાર બને છે. પરિણામે વિકાસલક્ષી મૂડીરોકાણોમાં ઘટાડો થાય છે.

**12. પ્રસૂતિ લાભો :**

ધી કોડ ઓન સોશિયલ સિક્યોરીટી ૨૦૨૦ મુજબ તમામ મહિલા કર્મચારીઓ ૨૬ અઠવાડિયાની સંપૂર્ણ પગાર રક્ષિત પ્રસૂતિ રજા ભોગવી શકે છે. જેમાં ડિલીવરી પહેલાં મહત્તમ આઠ અઠવાડિયા અને બાકીનો સમય બાળકના જન્મ પછી સવેતન રજા ભોગવી શકે છે. જે મહિલાઓને ૨ કે તેથી વધુ હયાત બાળકો હોય તેમના માટે પેઈડ મેટરનીટી લીવનો સમયગાળો ૧૨ અઠવાડિયા એટલે કે છ અઠવાડિયા ડીલીવરી પહેલા અને છ અઠવાડિયા ડીલીવરી પછીનો રહે છે. બાળક દત્તક લેનારી માતાઓને ત્રણ મહિનાથી ઓછી ઉંમરનું બાળક હોય તો દત્તક લેનાર તારીખથી ૧૨ અઠવાડિયાની પ્રસૂતિ રજા લઈ શકે છે. કમિશનીંગ માતાઓ એટલે કે જૈવિક માતા તરીકે ગણાય છે. કમિશનીંગ માતા કે જે અન્ય કોઈપણ સ્ત્રીમાં  રોપવામાં આવેલ ગર્ભ બનાવવા માટે તેના ઈંડાનો ઉપયોગ

કરે છે. આવી મહિલાને વર્ષમાં ૮૦ દિવસ કામ કરવું જરૂરી છે. આ સામાજિક સુરક્ષા માટે અમ્પ્લોયર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને પ્રસૂતિના લાભ આપવા માટે તમામ સંસ્થાઓ માટે ફરજિયાત છે.

સગર્ભા મહિલાઓ માટે પોષણક્ષમ આહાર, સુખડી વિતરણ અને હળવા કામની જોગવાઈ છે. BPL કાર્ડ ધરાવનાર સગર્ભા મહિલા સારી હૉસ્પિટલો તે પછી સરકારી કે ખાનગી હોય તેમાં મફત સારવાર, પ્રસૂતિ અને દવાઓનો ખર્ચ આપવામાં આવે છે. એટલું જ નહીં ડીલીવરી પછી ઘરે જવા માટે ગાડી ભાડાના રૂ. ૩૦૦/- પણ ચૂકવવામાં આવે છે. સામાજિક સુરક્ષાના આ લાભથી માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો છે. વળી માતા અને બાળકની તંદુરસ્તી જળવાય છે. આ ઉપરાંત બાળકના પિતાને પણ ૧૫ દિવસ સવેતન "પેટરનીટી લીવ" એટલે કે પિતૃત્વ રજા સવેતન બે બાળકોના જન્મ સુધી મળવાપાત્ર છે. જેથી બાળક અને તેની માતાની સંભાળ રાખી શકાય.

**13. મધ્યાહન ભોજન યોજના (મફત શાળા ભોજન) :**

કાયદાકીય અધિનિયમ નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ ૨૦૧૩ મુજબ સરકારી, સરકાર અનુદાનિત, સ્થાનિક સંસ્થા (નગરપાલિકા કે નગર પંચાયત સંચાલિત શાળા), શિક્ષણ ગેરંટી યોજના અને સર્વ શિક્ષા અભિયાન હેઠળ સમર્પિત વૈકલ્પિક નવીન શિક્ષણ કેન્દ્રો, મદરેસા અને મકતબ અને રાષ્ટ્રીય બાળ મજૂર પ્રોજેક્ટ શાળાઓમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વર્ગના બાળકોને કામકાજના દિવસોમાં શાળામાંથી મફત ભોજન પૂરું પાડવામાં આવે છે. મધ્યાહન ભોજન યોજનાનો ઉદ્દેશ શાળામાંથી ડ્રોપ આઉટ રેશિયો ઓછો કરવાનો તેમજ બાળક ભોજનની અપેક્ષાએ શાળામાં શિક્ષણ હેતુ આવે તે હતો. આ યોજના શ્રમ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૨,૬૫,૦૦૦થી વધુ શાળાઓ અને ૧૨ કરોડથી વધુ બાળકોએ લીધો છે. વિશ્વમાં સૌથી મોટા પ્રકારની આ એક સામાજિક સુરક્ષાની યોજના છે. જે ભારતમાં પ્રચલિત છે. આમ તો ભારતમાં સૌ પ્રથમ ૧૯૯૫માં મફત શાળા ભોજનની શરૂઆત થઈ હતી. પરંતુ ૨૦૧૩ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ઘણાં ફેરફારો કરવામાં આવ્યાં હતાં.

**14. પ્રધાનમંત્રી આવાસ યોજના :**

ગરીબ અને ઘરવિહોણા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ગરીબી ઘટાડવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી આવાસ યોજના છે. ઓછી આવક ધરાવતા અને નિવૃત્ત કર્મચારીઓ પોતાનું ઘર લઈ શકે તે માટે મેદાની વિસ્તારોમાં રૂ. ૫,૨૦,૦૦૦ અને મુશ્કેલ વિસ્તારોમાં રૂ. ૫,૩૦,૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે. જેનો ખર્ચ કેન્દ્ર સરકાર ૬૦ ટકા અને રાજ્ય સરકાર ૪૦ ટકા ઉઠાવે છે. આ ઘરોમાં શૌચાલયો, એલપીજી રાંધણ ગેસ કનેકશન, વીજળી કનેકશન અને અન્ય યોજનાઓ સાથે જોડાણમાં પાઈપવાળા પીવાના પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર યોજના જેવી સુવિધોથી સજ્જ હોય છે. ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારો માટે રૂ. ૪૮,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આમ મારા સ્વપ્નનું પોતિકુ ઘરની ઇચ્છા ગરીબ માણસ પણ પૂરી કરી શકે તેવી સામાજિક કલ્યાણની પ્રધાનમંત્રી આવાસ યોજના છે.

**15. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના :**

મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રાલય દ્વારા ૨૦૧૭થી ઓછી આવક ધરાવતા પરિવારો માટે માતૃત્વ લાભનો કાર્યક્રમ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અમલમાં છે. ૧૯ વર્ષ કે તેથી વધુ ઉંમરની સગર્ભા કે સ્તનપાન કરાવતી સ્ત્રી પ્રથમ જીવંત જન્મ માટે શરતી રોકડ ટ્રાન્સફર યોજના છે. બાળક જન્મે અને બાળઉછેર દરમ્યાન વેતન નુકસાન માટે

મહિલાઓને આંશિક વેતન વળતર પૂરું પાડે છે. સુરક્ષિત ડિલિવરી અને સારા પોષણ અને ખોરાકની પદ્ધતિઓ માટે શરતો પ્રદાન કરે છે. ૨૦૧૩માં આ યોજના અધિનિયમમાં જણાવ્યા મુજબ રૂ. ૬૦૦૦/- રોકડ પ્રસૂતિ લાભની જોગવાઈના અમલીકરણ માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ લાવવામાં આવી હતી. લાયકાત ધરાવતા લાભાર્થીઓને સંસ્થાકીય પ્રસૂતિ માટે જનની સુરક્ષા યોજના (JSY) હેઠળ લાભ મળે છે. જેનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને ઉપાડે છે. વર્ષ ૨૦૨૦માં રૂ. ૨૪૭૫.૮૯ કરોડ આ યોજના હેઠળ ખર્ચ થયો હતો.

**16. સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) :**

આ યોજના ૧૯૭૫માં શરૂ થઈ હતી. આ સરકારી કાર્યક્રમ છે. જે ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને તેમની માતાઓને ખોરાક, પૂર્વ શાળા શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય સંભાળ, પરિવારોને રોકડ ટ્રાન્સફર, રસીકરણ, આરોગ્ય તપાસ અને તે સંદર્ભે સેવાઓ આપવાનો છે. મોટે ભાગે ગ્રામીણ વિસ્તારો અને શહેરોમાં આંગણવાડી કેન્દ્રો સાથે જોડયાં છે. કૂપોષણ અને ખરાબ સ્વાસ્થ્ય સામે લડવા ઉપરાંત છોકરીઓને સમાન સંશાધનો આપી લિંગ અસમાનતા સામે લડવાનો પણ ઉદેશ છે. વર્ષ ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ હેઠળ રૂ. ૧૬,૩૩૫ કરોડ ફાળવ્યા હતા. ખાસ કરીને નબળાં અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા ગ્રામીણ કૂપોષણ સામે લડવામાં આ યોજના મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**17. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (નરેગા) :**

સપ્ટેમ્બર ૨૦૦૫માં વડાપ્રધાન મનમોહન સિંહે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. તેનો મૂળભૂત હેતુ "કામ કરવાની ખાત્રી આપવાનો અધિકાર" છે. દરેક પરિવારને ઓછામાં ઓછા વર્ષ દરમ્યાન ૧૦૦ દિવસની એક વ્યક્તિને રોજગારી પૂરી પાડવાનો હતો. વિશ્વનો સૌથી મોટો જાહેર કાર્યક્રમ માંનો આ એક છે. જો કે પાછળથી આ શ્રમકાર્ય યજ્ઞ હોવાથી મહાત્મા ગાંધીજીના નામ સાથે આ કાર્યક્રમ જોડી દેવામાં આવ્યો. જેને 'મનરેગા' મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (Mahatma Gandhi National Rural Employment Garunttee Act - MANAREGA) નામે હાલમાં આ યોજના ચાલુ છે. આ યોજના કુટુંબને રોજગારી આપીને સામાજિક આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. વર્ષ ૨૦૨૧માં રૂ. ૨,૦૧,૬૬૬ કરોડની ચોખ્ખી ફાળવણી કરવામાં આવી હતી.

**18. વૃદ્ધાવસ્થા પેન્શન :**

વિકસીત દેશોમાં તમામ નાગરિકોને ૬૫ વર્ષથી ઉંમર પછી સરકાર દ્વારા નિયમિત પેન્શન આપવામાં આવે છે. જેથી નિવૃત્તિના સમયે તમામ નાગરિકો યોગ્ય જીવનનિર્વાહ ચલાવી શકે. ભારત જેવા વિકસતા દેશોમાં વૃદ્ધાવસ્થા પેન્શન BPL ધારકો (Belov Poventy Line - ગરીબી રેખા નીચે જીવતા લોકો) માટે એટલે કે ખૂબ ઓછી આવક ધરાવતા લોકો માટે અમલમાં હોય છે. સામાન્ય રીતે રાજ્ય સરકારો પોતાની આર્થિક સ્થિતિ મુજબ ૬૫ વર્ષથી ઉપરના ગરીબ લોકોને રૂ. ૨૦૦૦ થી રૂ. ૩૦૦૦ની રકમ પ્રતિમાસ વૃદ્ધાવસ્થા પેન્શન સ્વરૂપે આપે છે. જેથી વૃદ્ધો બાળકો ઉપર બોજરૂપ ન બનતા તેમની થોડી ઘણી જરૂરિયાતો સંતોષી શકે.

**19. પ્રધાનમંત્રી વીમા યોજના :**

સરકારે રોજના એક રૂપિયા લેખે વર્ષના રૂ. ૩૬૦ કપાત કરાવી પ્રધાનમંત્રી જીવન વીમા હેઠળ વ્યક્તિનું કુદરતી મૃત્યુ થાય તો તેના વારસદારને રૂ. બે લેખા આપવામાં

આવે છે. તેવી જ રીતે વર્ષના રૂ. ૧૨ મહિનાના ૧ રૂ. લેખે અકસ્માત વીમા યોજનામાં રોકાણ કરે અને કોઈપણ વ્યક્તિનું અકસ્માતમાં મૃત્યુ થાય તો તેના કુટુંબીજનોને રૂ. ૨ લાખનો અકસ્માત વીમામાં ચેક આપવામાં આવે છે. આમ સામાન્ય એવી રકમમાં કુદરતી કે અકસ્માત સમયે તેના કુટુંબીજનોને રૂ. ૨ લાખની રકમ દ્વારા ટૂંકાગાળાની સામાજિક સલામતી આપવામાં આવે છે.

**20. કલ્યાણલક્ષી યોજનાઓ :**

સામાજિક સલામતીની યોજનાઓ તથા કલ્યાણલક્ષી યોજનાઓ એ બંને જુદી બાબતો છે. આમ છતાં કેટલીક કલ્યાણલક્ષી યોજનાઓએ સામાજિક સલામતી યોજનાઓને પૂરક હોય છે. વિશેષ સંજોગોમાં પ્રજાના ગરીબ વર્ગને ખોરાકી ચીજો વિના મૂલ્યે પૂરી પાડવી તથા કુદરતી આફતો સમયે ભોગ બનેલાઓને આર્થિક સહાય આપવી, ગંભીર અકસ્માતોમાં મૃત્યુ પામેલાઓ તથા ઘવાયેલાં લોકોને વળતર ચૂકવવું, કુદરતી આફતોના સંજોગોમાં પાક નિષ્ફળ જાય તે સંજોગોમાં ખેડૂતોને વળતર આપવું. આ બધી યોજનાઓ એ સીધી રીતે સામાજિક સલામતીની યોજનાઓ નથી પંરતુ કલ્યાણલક્ષી યોજનાઓ છે. જે સામાજિક સલામતીની યોજના જેવા જ લાભ આપે છે. ભારતમાં કોવિડની મહામારી દરમ્યાન ઘણા લોકોએ રોજગારી અને આવકો ગુમાવી તે પૈકી મોટા ભાગના લોકોને (૮૦ કરોડ લોકોને) ઘણા સમય સુધી મફતમાં ખોરાક સીધું-સામાન પૂરું પાડવામાં આવ્યું હતું.

**21. આરોગ્ય સહાયની યોજના :**

સામાન્ય રીતે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે તબીબી સારવારનો ખર્ચ કમ્મરતોડ હોય છે. અને સામાન્ય લોકોને તે ખર્ચ પોષાતા નથી. બધા રોગોની સારી ગુણવત્તાવાળી તબીબી સારવાર અને સેવાઓ બધા સરકારી દવાખાનાઓમાં પ્રાપ્ય હોતી નથી અને ખાનગી હૉસ્પિટલો કે સ્પેશિયાલીટી હૉસ્પિટલોમાં તબીબી સારવાર ખૂબ જ મોંઘી હોય છે. જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પરવડતી નથી. આ સંજોગોમાં ઘણા કુટુંબીજનોએ પોતાની બધી બચતો ખર્ચી નાખવી પડે છે. અથવા અસ્થાયી કે સ્થાયી સંપત્તિ વહેંચવી પડે છે. અથવા ભારે કરજ કે દેવા હેઠળ દબાઈ જવું પડે છે. આ સંજોગોમાં મા અમૃતમ વાત્સલ્ય યોજના, પ્રધાનમંત્રી યોજના, આયુષ્યમાન ભારત યોજના, મા કાર્ડ યોજના વડે દેશના બધા જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મફત સારવાર મળે છે. જો કે આયુષ્યમાન કાર્ડ દ્વારા વર્ષે રૂ. પાંચ લાખ સુધીની તબીબી સારવાર કરાવવાની સગવડ સરકાર દ્વારા મળે છે. ગુજરાત સરકારે મા અમૃતમ વાત્સલ્ય યોજના વડે પણ તબીબી સારવારના ખર્ચ સંદર્ભે ગરીબ અને મધ્મય વર્ગના લોકોને ઘણો લાભ આપ્યો છે.

## 12.7 સામાજિક સલામતીની અસરો

દેશના નાગરિકોને ખાનગી એકમો, જાહેર સાહસો અને સરકાર દ્વારા વિવિધ પ્રકારની સામાજિક સલામતીનો લાભ પ્રાપ્ત થાય ત્યારે નાગરિકોની આવકો અને તેમના જીવનધોરણ ઉપર અનુકૂળ અસરો જન્મે છે. જે નીચે મુજબ છે.

1. સામાજિક ન્યાય : સામાજિક સુરક્ષાનો લાભ દરેક નાગરિકો માટે હોય છે. ધનિકો પોતાની ભાવિ વ્યવસ્થા અગાઉથી કરે છે. પંરતુ ઓછી આવકવાળા લોકો માટે કોઈપણ આકસ્મિક અવસ્થા કે નિવૃત્તિ સમયે અથવા પોતે હયાત ન હોય તો તેના કુટુંબનું સ્વમાનભેર જીવનનિર્વાહ ચાલી શકે તેવી કોઈ વ્યવસ્થા કે આયોજન હોતું નથી. વળી આવક કમાવવા અંગેના પ્રતિકૂળ સંજોગો થાય અને વ્યક્તિની કોઈપણ કારણોસર આવક બંધ થાય કે નોંધપાત્ર પ્રમાણમાં ઘટી જાય તેવા સંજોગોમાં

વ્યક્તિ હયાત હોય તો પોતાનું તેમજ કુટુંબના સભ્યોનું અને જો હયાત ન હોય તો તેના કુટુંબના સભ્યોનું જીવનનિર્વાહ સન્માનપૂર્વક થઈ શકે તે રીતે વ્યક્તિને કે તેના કુટુંબને આર્થિક વળતર કે સહાય પ્રાપ્ત થાય એ દેશના લોકોની ખરી સામાજિક સુરક્ષા છે. જે ગરીબોને ખાસ કરીને સહાયરૂપ થાય છે અને સામાજિક ન્યાયની પ્રાપ્તિ થાય છે.

2. કોઈપણ માનવીનો જીવનનિર્વાહ આવકથી ચાલી શકે છે. આવકો ઓછી થાય કે બંધ થાય તો માનવીને જીવનનિર્વાહ ટકાવવું મુશ્કેલ બને છે. જીવનનિર્વાહ ટકાવવા પૂરતું વળતર સરકાર કે કંપનીઓ આપી શકે છે. હપ્તા, પેન્શન સ્કીમ, વીમા યોજના એ વર્તમાનમાં પ્રિમીયમ આપવું પડે છે અને તેના બદલામાં ભવિષ્યમાં વળતર મળે છે અને લઘુતમ જીવન ટકે એ જ સુરક્ષા છે. કુટુંબ જીવનનિર્વાહ કરી શકે. લાચારી કે મજબૂરીની સ્થિતિમાં મૂકાઈ ન જાય, અભાવ અને ભિખારી જીવન જીવવું ન પડે, ગુનાખોરી કે આત્મહત્યા કરી જીવન ટૂંકાવવું ન પડે અને લાચારી કે અભાવની સ્થિતિમાં જીવવું ન પડે તેવો મુખ્ય હેતુ સામાજિક સુરક્ષાનો છે. બીજું માનવીની હયાતી વગર કે પોતે અશક્ત બને ત્યારે તેના કુટુંબને લાભ આર્થિક ધોરણે પ્રાપ્ત થાય છે. વળી નિવૃત્તિને કારણે આવક બંધ થાય તે સમયે નિયમિત આવક સ્વરૂપે કે બધી ભેગી થયેલી બચત એક સાથે પ્રાપ્ત થાય તો વ્યક્તિ યોગ્ય આયોજન કરી જીવનનિર્વાહ સારી રીતે કરી શકે છે.

3. સામાજિક સુરક્ષાની મુખ્ય અસર પ્રતિકૂળ સંજોગોમાં વ્યક્તિ કે કુટુંબની આવક બંધ થાય અને કુટુંબ અત્યંત લાચારીની સ્થિતિમાં ન મૂકાય તેમજ સમાજમાં સન્માન કે ગૌરવભેર જીવી શકે છે. કુટુંબ ભાવિ ચિંતામાંથી મુક્ત થાય છે. લોકો વર્તમાન જીવનને સારી રીતે ભયમુક્ત જીવન માણી શકે છે. તેથી ખરાં અર્થમાં સુખાકારીનો આંક સામાજિક સુરક્ષાને લીધે ઊંચો જાય છે. આમ ચિંતા મુક્ત જીવન એ સાચા અર્થમાં સુખાકારી પૂરી પાડે છે.

4. જેમની આર્થિક સ્થિતિ અત્યંત નબળી છે. ભાવિ આવકના સ્ત્રોતો નથી અને વર્તમાન જીવન ટકાવવું મુશ્કેલ છે. તેવા ગરીબ લોકોને કે નિઃ સહાય વૃદ્ધો, વિધવાઓ કે અનાથ બાળકોને સામાજિક સુરક્ષાની યોજના થકી આર્થિક રાહત મળે છે. તેમનું જીવનધોરણ સરળ બને છે. તેઓ લઘુતમ જરૂરિયાતો સહેલાઈથી ભોગવી શકે છે.

5. વ્યક્તિ ચાલુ આવકમાં માંદગી, અકસ્માત કે મૃત્યુ જેવી પરિસ્થિતિમાં ખલેલ પડે તે સમયે સામાજિક સુરક્ષાથી વ્યક્તિ અને તેના કુટુંબને આર્થિક લાભ અને માનસિક સુરક્ષાનો લાભ મળે છે. માનવી પોતે બીજા પર આશ્રિત ન બને અને સ્વમાનભેર જીવે, તે નિવૃત્તિ પછીની તક સ્વરૂપે સામાજિક સુરક્ષાનો લાભ મળે છે. કામ કરનાર વ્યક્તિ પણ લાંબા ગાળે વધુ સારું ભંડોળ કે વળતર મળે તે હેતુથી વર્તમાનમાં સ્વભંડોળ આપીને ભવિષ્યમાં વીમો કે પેન્શન જેવા લાભ મેળવી શકે છે. વ્યક્તિ પોતાની કમાણીમાંથી ભાવિ સામાજિક સુરક્ષા પાછળ અમુક ભંડોળ ફાળવવું પડે છે. સરકાર કે કંપની પણ સહાયરૂપે ગ્રેજ્યુએટી વગેરે સ્વરૂપે વળતર આપી ભાવિ જીવનને સલામતી પૂરી પાડે છે.

6. સામાજિક સુરક્ષાની યોજનાઓના લાભની અસર સૌથી વધુ ગરીબોને પ્રાપ્ત થાય છે. ખાસ કરીને વધુ કમાણી કરનાર વર્ગને ભાવિ પેન્શન, PPF, જીવનવીમા વગેરેમાં પૈસા રોકે છે અને તે ભાવિ સ્થિતિમાં વળતર મેળવે છે. પરંતુ ગરીબ લોકો આવી યોજનાઓમાં કોન્ટ્રીબ્યુશન (ભાગીદારી) આપી શકતા નથી. જેઓ

સ્વૈચ્છિક વીમો, અકસ્માત વીમો, મેડિક્લેઈમ વગેરે લઈ શકતા નથી. આવા લોકો માટે સરકારે કાયદા દ્વારા અસંગઠિત ક્ષેત્રનાં કામદારોને માટે સરકારે સ્કીમો મૂકી છે. નાની રકમોનો લાભ સામાજિક સુરક્ષા માટે આપી છે.

7. પ્રધાનમંત્રીએ ગરીબો માટે ૨ લાખ રૂ.નો અકસ્માત વીમો, વાર્ષિક રૂ. ૩૬૦માં ૨ લાખનો જીવનવીમો, અટલ વીમા યોજનાનો લાભ અસંગઠિત ક્ષેત્રના લોકોને મળે છે. ગરીબ વ્યક્તિ કે સામાન્ય વ્યક્તિ પૈસા રોકીને પોતે વળતર સ્વરૂપે પરત મેળવે છે. સરકારી કે કંપનીના લાભ સ્વરૂપે નહીં. સામાજિક સલામતીની યોજના અનુસાર બજારમાં નિયમિત પૈસા કે હપ્તા ભરીને પેન્શન યોજના અને હેલ્થ વીમા યોજનાથી જાગૃત લોકો પૈસા બચાવીને લાભાન્વિત થાય છે.

8. ગરીબ લોકો ઉચ્ચ કક્ષાની હૉસ્પિટલોમાં આવકના અભાવે વિશિષ્ટ સારવાર લઈ શકતા નથી. સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોના અતિ ઊંચા ખર્ચને ઉપાડી શકતા નથી અને રોગમુક્ત બનતા નથી. આવા ગરીબ લોકો માટે મા અમૃત યોજના, મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ થકી રૂ. ૫ લાખ સુધીનો સારવાર ખર્ચ સરકાર આપે છે. જેથી ગરીબો પણ સ્પેશયાલીસ્ટ ડૉક્ટરો અને હૉસ્પિટલોનો લાભ પ્રાપ્ત કરી ભયંકર રોગોની તબીબી સારવાર મેળવી શકે છે.

9. સરકાર HDFC જેવી બેંકોમાં ભાવિ સલામતી માટે; ગરીબો જાગૃત બને તે માટે વર્તમાનમાં થોડી બચત કરી પેન્શન પ્લાન યોજનાનો લાભ આપે છે. સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના સામાન્ય કર્મચારીઓને મેડિક્લેઈમ પોતાના ભવિષ્યને નિયમિત આવક વડે સુરક્ષિત બનાવી શકે છે. કેન્દ્ર સરકારનો દૃષ્ટિકોણ આ યોજના પાછળ એ છે કે ગરીબ લોકો પણ પોતાના ભવિષ્ય માટે જાગૃત બની વર્તમાનમાં કંઈક ભોગ આપી સામાજિક સુરક્ષા પ્રાપ્ત કરે. સરકાર બધા જ લોકોને સામાજિક સલામતીની યોજનાનો લાભ આપી શકે તેવી આર્થિક સ્થિતિ હોતી નથી અને જો તમામ નાગરિકોને આ બધી જ યોજનાનો લાભ મફતમાં આપવામાં આવે તો નાગરિકો બેદરકાર બને અને બેજવાબદાર બને છે. પરિણામે દેશમાં વિકાસલક્ષી મૂડીરોકાણમાં ઘટાડો થાય અને દેશનો આર્થિક વિકાસ રુંધાય છે.

સામાજિક સુરક્ષાની વિવિધ યોજનાઓથી દેશમાં કેટલેક અંશે આવકની અસમાનતા ઘટે છે. લોકોની સુખાકારી અને કલ્યાણમાં વધારો થાય. ભાવિ ચિંતાઓમાંથી કેટલેક અંશે લોકો મુક્ત બને છે. લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે. કેટલેક અંશે ગરીબી ઘટે છે. આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બનતાં વર્તમાન અને ભાવિ તંદુરસ્તી વધે છે. જે દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- **સમીક્ષા**

કલ્યાણલક્ષી યોજના એ સમાજ કલ્યાણની પૂરક-સહાયક છે. જે સામાજિક સલામતીની યોજનાની જેમ સામાન્ય લોકોને વિવિધ સ્વરૂપે જીવન સરળ બનાવવામાં સહાયરૂપ છે. કોઈપણ દેશમાં પૂરેપૂરી સામાજિક સલામતી ત્યારે જ થઈ કહેવાય કે જ્યારે દરેક નાગરિકને લઘુતમ જીવન જીવવા માટે જરૂરી આવશ્યક આર્થિક સહાય મળે તથા નિવૃત્તિ પછી એટલે કે વૃદ્ધાવસ્થામાં જીવનનિર્વાહ ચલાવી શકાય તેટલું પેન્શન મળે. વિકસીત દેશોમાં આ પ્રકારની સામાજિક સલામતીની વ્યવસ્થા પ્રવર્તે છે. પરંતુ વિકાસશીલ દેશોમાં તમામ નાગરિકોને લઘુતમ જીવન જીવવા માટેની આર્થિક સહાય તથા નિવૃત્તિ પેન્શન આપવાનું શક્ય નથી. આ પ્રકારની સાર્વત્રિક સામાજિક સુરક્ષા પાછળ ખૂબ મોટું બજેટ ફાળવવું પડે. જે વિકાસશીલ દેશો માટે શક્ય નથી. આ પ્રકારની સાર્વત્રિક સામાજિક

સલામતીની વ્યવસ્થા દરેકને પ્રાપ્ત થાય તે માટે ઘણાં વર્ષો સુધી સતત આર્થિક વૃદ્ધિ થવી આવશ્યક છે અને તેથી આ દેશોને અર્થતંત્રના વિકાસ માટેના તમામ પ્રયાસો અમલમાં મૂકવા જોઈએ.

આધુનિક વર્તમાન સમયમાં ભારત જેવા ઘણાં દેશો સામાજિક સલામતી તથા કલ્યાણલક્ષી યોજનાઓ સારા એવા પ્રમાણમાં પ્રજાને પૂરી પાડવા પ્રશંસનીય પ્રયાસ કર્યા છે. સામાજિક સલામતી દેશના તમામ નાગરિકોને બે સ્વરૂપે પ્રાપ્ત થાય તે ખૂબ જરૂરી ગણાય. (૧) લઘુતમ આવક ભથ્થુ જે દરેક કુટુંબને પ્રાપ્ત થાય અને (૨) વૃદ્ધાવસ્થામાં લઘુતમ જીવનનિર્વાહ ચલાવવા માટેનું પેન્શન જે તમામ વૃદ્ધોને પ્રાપ્ત થાય. જો આ બે પ્રકારે દેશમાં સામાજિક સલામતીના લાભ દરેક નાગરિકને પ્રાપ્ત થાય તો વિકસીત દેશો જેવી જ સામાજિક સલામતીની વ્યવસ્થા થઈ કહેવાય અને ત્યારે જ ખરા અર્થમાં કલ્યાણલક્ષી રાજ્યની સ્થાપના પરીપૂર્ણ થઈ ગણાય. જો કે આ માટે ભારતે હજુ ઘણાં વર્ષો સુધી ઊંચા દરે સતત વિકાસ કરવો પડશે.

- **ટૂંકાક્ષરો**

- NPS - National Pension System - નેશનલ પેન્શન સિસ્ટમ
- PFRDA - Pension Fund Regulatary and Devlopment Authoriety - પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી. જેનું નિર્માણ ભારતની સંસદના અધિનિયમ દ્વારા કરવામાં આવ્યું.
- GPF - Genral Providend Fund - જનરલ પ્રોવિડન્ડ ફંડ
- CPF - Contributaly Providend Fund - કોન્ટ્રીબ્યુટલી પ્રોવિડન્ડ ફંડ
- EPF - Equity Providend Fund - ઈક્વિટી પ્રોવિડન્ડ ફંડ
- EPS - Employers Providend Scheme - કર્મચારી પેન્શન સ્કીમ
- EDLI - Employes Deposite Linked Insurance
- APY - Atal Pension Yojana - અટલ પેન્શન યોજના
- PF - Providend Fund - પ્રોવિડન્ડ ફંડ
- LIC - Life Insurance Corporation - જીવન વીમા નિગમ
- UIDAI - યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઑફ ઈન્ડિયા જેને આધાર કાર્ડના નામે ઓળખાય છે.
- PPF - Public Providend Fund - પબ્લિક પ્રોવિડન્ડ ફંડ
- BPL - Below Poverty Line - ગરીબ રેખા નીચે જીવતા કુટુંબ
- JSY - Janani Surksha Yojana - જનની સુરક્ષા યોજના
- ICDS - Intergrated Child Development Scheme - સંકલિત બાળ વિકાસ સેવાઓ
- NREGA - National Rural Employment Garrenttee Act. 2005 - રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના
- MNREGA - (મનરેગા) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના.
- NCL -National Commition on labor

- PM.JAY - Prime Minister Jan Arogya Yojana - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
- NCFUS - National Commission For Unorganised Section - નેશનલ કમિશન ફોર અસંગઠિત ક્ષેત્ર
- PMMVY - Pradhan Mantri Matru Vandana Yojana - પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

- **સંદર્ભ વાચન**


- 'The code on Social Security 2020. Ministry of Law and Justice. the Gazette of India.
- Sabharval, Manish, mehrishi, Rajiv (21 April 2021) "Covid is an opportunity to make Structural changes to our largest health insurance and penstion schemes" The Indian Express, Retrived 30 may 2021.
- "Expenditure on Social increased by more than one percentage points as population of GDP during last five years. 'Economic Survey' Press information Buneau. Ministry of finance. Government of India 4 July 2019.
- "Schemes. Pradhan Mantri Jan-Dhan Yojana (PMJDY) Department of Financial services." Ministry of Finance, Government of India.
- "Gort. defers promulgation of ordinance on Food Sequrity Bill" Times of India. 13 June 2013
- "Pradan Mantri Matru Vandana Yojana" Vikaspidia in Retrived 31 March 2020
- "Budget 2022. Gont. allocates Rs. 48 K. Crore for universal housing, pushes for easy approvals for middle class and EWS in urban arease" 2 Februay 2022
- Integrated Child Devlopment Services (ICDS).

# એકમ-13 "રાજકોષીય સ્વાસ્થ્ય"

-: રૂપરેખા :-

13.1 પ્રસ્તાવના

13.2 રાજકોષીય ખાધ શું છે ?

13.3 શું રાજકોષીય ખાધ અર્થતંત્ર માટે સારી છે ?

13.4 રાજકોષીય ખાધની ગણતરી

13.5 રાજકોષીય ખાધ વ્યકિતની નાણાકીય સ્વાસ્થ્યને કઈ રીતે અસર કરે છે ?

13.6 રાજકોષીય નીતિના 3 સાધનો શું છે ?

13.7 રાજકોષીય ખાધના મુખ્ય કારણો શું છે ?

13.8 કેન્દ્રિય બજેટ 2022-23 રાજકોષીય ખાધ વિશે શું કહે છે ?

13.9 ભારતમાં રાજકોષીય ખાધ ઘટાડવા કયાં પગલાં લઈ શકાય

13.10 સમીક્ષા

## 13.1 પ્રસ્તાવના

દેશનું નાણાકીય સંતુલન સરકારની આવક અને આપેલ નાણાકીય વર્ષમાં તેના ખર્ચ દ્વારા માપવામાં આવે છે. રાજકોષીય ખાધ એવી સ્થિતિ છે કે જયારે સરકારનો ખર્ચ એક વર્ષમાં તેની આવક કરતાં વધી જાય એ બંને વચ્ચેનો તફાવત છે. રાજકોષીય ખાધની ગણતરી નિરપેક્ષ રીતે અને દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી)ની ટકાવારી તરીકે કરવામાં આવે છે. અથવા સરકાર દ્વારા તેની આવક કરતાં વધુ ખર્ચવામાં આવેલા કુલ નાણાં તરીકે ગણવામાં આવે છે. કોઈપણ કિસ્સામાં, આવકના આંકડામાં માત્ર કર અને અન્ય આવકનો સમાવેશ થાય છે પણ અછતને ભરવા માટે ઉછીના લીધેલા નાણાંનો સમાવેશ થતો નથી. ટૂંકમાં સરકારની કુલ આવક અને કુલ ખર્ચ વચ્ચેના તફાવતને રાજકોષીય ખાધ તરીકે ઓળખવામાં આવે છે. જે સરકાર દ્વારા જરૂરી કુલ ઉધારનો સંકેત છે. એટલે કે કુલ આવકની ગણતરી કરતી વખતે, ઉધારનો સમાવેશ થતો નથી.

રાજકોષીય ખાધનું કારણ રાજકોષીય નીતિ છે. જેમાં બજારમાં સાધનોની ફાળવણી યોગ્ય રીતે ન થવાથી એટલે કે ખાનગી જરૂરિયાત અને જાહેર જરૂરિયાત માટે સાધનોની ફાળવણી પર્યાપ્ત રીતે થઈ શકતું નથી. આ ઉપરાંત જો બધા જ આર્થિક વ્યવહારો બજારતંત્ર ઉપર જ છોડી દેવામાં આવે ત્યારે ઘણી વાર આવકની સંપત્તિની વહેંચણી અસમાન બને છે. સાથે સાથે બજારતંત્રમાં દેશનાં સાધનો હંમેશ રોજગારીની ઉચ્ચ સપાટીએ હોતા નથી એટલે ત્યાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તતી નથી અને નાણાંનું મૂલ્ય સ્થિર રહેતું નથી. ત્યારે આ પ્રશ્નના હલ માટે રાજકોષીય નીતિ પાસે આશા રાખવામાં આવે છે.

## 13.2 રાજકોષીય ખાધ શું છે ?

રાજકોષીય ખાધને સરકારની કુલ આવક અને કુલ ખર્ચ વચ્ચેના તફાવત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જેને કુલ ઉધાર તરીકે સૂચવવામાં મદદ કરે છે જે સરકારને ચોક્કસ નાણાકીય વર્ષમાં જરૂર પડશે.

## 13.3 શું રાજકોષીય ખાધ અર્થતંત્ર માટે સારી છે ?

સામાન્ય રીતે કોઈપણ પ્રકારની ખાધને દૂર કરવી એ એક પડકાર છે. પરંતુ જો નાણાંનો ઉપયોગ ઉત્પાદક અસ્કયામતો (બાંધકામ) માટે કરવામાં આવે છે. જે વૃદ્ધિ અને રોજગારને ઉત્તેજન આપે તો રાજકોષીય ખાધ દેશના અર્થતંત્ર માટે સારી હોઈ શકે છે.

## 13.4 રાજકોષીય ખાધની ગણતરી

એક નાણાકીય વર્ષમાં સરકાર દ્વારા કરવામાં આવેલ કુલ ખર્ચ અને તેનાથી પ્રાપ્ત થયેલ કુલ આવક વચ્ચેના તફાવતની ગણતરી કરીને રાજકોષીય ખાદ્યની ગણતરી કરવામાં આવે છે. એટલે કે-

રાજકોષીય ખાધ = કુલ ખર્ચ - કુલ આવક (ઉધારને બાદ કરતાં)

રાજકોષીય ખાધ સામાન્ય રીતે જીડીપીની ટકાવારી તરીકે દર્શાવવામાં આવે છે. જેની ચર્ચા આપણે આગળ કરી છે.

રાજકોષીય ખાધના કુલ ત્રણ પ્રકાર છે. જેમ કે (1) મહેસુલી ખાધ (2) રાજકોષીય ખાધ અને (3) પ્રાથમિક ખોટ. જેની ટૂંકમાં ચર્ચા કરીએ -

**(1) મહેસૂલ ખાધ :**

કુલ મહેસૂલ ખર્ચથી પ્રાપ્ત થયેલી કુલ આવક વચ્ચેની તંગી એ મહેસૂલ ખાધ છે. તેથી સૂત્રમાં જોઈએ તો -

મહેસૂલ ખાધ = કુલ મહેસૂલ ખર્ચ - કુલ આવકની આવક

આ ખાધમાં માત્ર વર્તમાન આવક અને વર્તમાન ખર્ચનો સમાવેશ થાય છે. ખાધનું ઊંચું મૂલ્ય એ સૂચવે છે કે સરકારે તેના ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ અને સરકાર ટેક્સની આવક વધારીને તેની આવકમાં વધારો કરી શકે છે. જો આ ખાધ ઘટાડવી હોય તો ડિસઈન્વેસ્ટમેન્ટ એટલે કે અસ્કયામતોનું વેચાણ એ મહેસૂલ ખાધ ઘટાડવા માટેનો અન્ય ઉપાય છે.

**(2) રાજકોષીય ખાધ :**

રાજકોષીય ખાધ એ એક ગેપ છે. જેના દ્વારા સરકારનો કુલ ખર્ચ સરકારની કુલ પેદા થતી આવક કરતાં વધી જાય છે. જો કે આમાં સરકારી ઋણનો સમાવેશ થતો નથી. તેથી સૂત્રમાં જોઈએ તો-

રાજકોષીય ખાધ = કુલ ખર્ચ - ઋણ સિવાયની કુલ રસીદો

રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ દરમિયાન સરકારને કેટલી રકમ ઉછીના લેવાની જરૂર પડશે તે દર્શાવે છે. મોટી ખાધ સરકાર દ્વારા વધુ ઉધાર સૂચવે છે અને ખાધની હદ એ ખર્ચની રકમ દર્શાવે છે કે જેના માટે નાણાં ઉછીના લેવામાં આવ્યા છે.

રાજકોષીય ખાધનો મોટો ગેરલાભ અથવા સૂચિતાર્થ એ છે કે તે દેવાની જાળમાં પરિણમી શકે છે. ઉપરાંત, તે સરકાર દ્વારા બિનજરૂરી અને નકામા ખર્ચ તરફ દોરી શકે છે. વધતી જતી રાજકોષીય ખાધ અનિયંત્રિત ફુગાવા તરફ દોરી જાય છે. બીજી રીતે કહીએ તો ખાધ ધિરાણ એટલે કે ઋણ એ રાજકોષીય ખાધ ઘટાડવાનો એક માર્ગ છે.

ડેફિસિટ ફાઈનાન્સિંગ સિસ્ટમમાં રોકડ પ્રવાહ વધારવા માટે નવી નોટોના પ્રિન્ટિંગનો

સંદર્ભ આપે છે. રાજકોષીય ખાધ એ હકારાત્મક પરિણામ છે. જો તે અસ્કયામતોના સર્જન તરફ દોરી જાય છે. જો તેનો ઉપયોગ ફક્ત મહેસૂલ ખાધને આવરી લેવા માટે કરવામાં આવે તો તે રાષ્ટ્રની આર્થિક સ્થિતિ માટે હાનિકારક છે.

**(3) પ્રાથમિક ખાધ :**

પ્રાથમિક ખાધ એ નાણાંની રકમ છે. જે સરકારને અગાઉ ઉધાર લીધેલી લોન પર વ્યાજની ચૂકવણી સિવાય ઉછીના નાણાં લેવાની જરૂર છે. જેને સૂત્રમાં મુકીએ તો -

પ્રાથમિક ખાધ = રાજકોષીય ખાધ - અગાઉની લોન પર વ્યાજની ચૂકવણી

રાજકોષીય ખાધની ગણતરી બે ઘટકો પર આધારિત છે - આવક અને ખર્ચ

આવક ઘટક : આવકનો ઘટક બે ચલોનો બનેલો છે (1) કેન્દ્ર દ્વારા વસૂલવામાં આવતા કરમાંથી થતી આવક અને (2) કરવેરા સિવાયના ચલોમાંથી પેદા થતી આવક છે. કરપાત્ર આવકમાં કોર્પોરેશન ટેક્સ, ઈન્કમ ટેક્સ, કસ્ટમ્સ ડ્યુટી, એકસાઈઝ ડ્યુટી, GST અને અન્યમાંથી પેદા થતી રકમનો સમાવેશ થાય છે. જયારે, બિન-કરપાત્ર આવક બાહ્ય અનુદાન, વ્યાજની રસીદો, ડિવિડન્ડ અને નફા ઉપરાંત, કેન્દ્રશાસિત પ્રદેશોની આવક વગેરેમાંથી આવે છે.

ખર્ચ ઘટક : સરકાર તેના બજેટમાં પગાર, પેન્શન, વેતન, અસ્કયામતોનું સર્જન, ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ભંડોળ, વિકાસ, આરોગ્ય અને ખર્ચના ઘટકની રચના કરતા અસંખ્ય અન્ય ક્ષેત્રો સહિત અનેક કામો માટે ભંડોળ ફાળવે છે.

રાજકોષીય સ્વાસ્થ્ય એ ઘણી વ્યાખ્યાઓ સાથેનો પ્રપંચી ખ્યાલ છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકોષીય સ્વાસ્થ્ય નોંધપાત્ર રીતે ઇનપુટ્સમાં વધારો કર્યા વિના આઉટપુટને જાળવી રાખવા અથવા વધારવા વિશે છે.

## 13.5 રાજકોષીય સ્વાસ્થ્ય વ્યકિતની નાણાકીય સ્વાસ્થ્યને કઈ રીતે અસર કરે છે ?

નાણાકીય સ્વાસ્થ્ય વ્યકિતની વ્યકિતગત નાણાકીય પરિસ્થિતિની સ્થિતિનું વર્ણન કરે છે. તેના પરિમાણોમાં બચત, નિવૃત્તિનું આયોજન અને નિશ્ચિત અથવા બિન-વિવેકાધીન ખર્ચ પર ખર્ચવામાં આવેલી આવકનો સમાવેશ થાય છે.

**નાણાકીય સ્વાસ્થ શું છે ?**

નાણાકીય નિષ્ણાતોએ નાણાકીય સ્વાસ્થ્યના દરેક સૂચક માટે માર્ગદર્શિકા તૈયાર કરી હોવા છતાં, દરેક વ્યકિત સાથે પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. તે આગ્રગણીય છે કે દરેક વ્યકિતને તેના જીવનના લક્ષ્યો પ્રાપ્ત થાય તેની ખાતરી કરવા માટે તેની પોતાની નાણાકીય યોજના વિકસાવે છે. ચાર્લીન રાઇનહાર્ટ એકાઉન્ટિંગ, બેંકિંગ, રોકાણ, રિયલ એસ્ટેટ અને પર્સનલ ફાઈનાન્સમાં નિષ્ણાત છે. જેઓ નાણાકીય સ્વાસ્થ્ય બાબતે જણાવે છે કે નાણાકીય સ્વાસ્થ્ય એ વ્યકિતની વ્યકિતગત નાણાકીય બાબતોની સ્થિતિનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે. તમારી પાસે કેટલી બચત છે, તમે નિવૃત્તિ માટે કેટલી રકમ કાઢી રહ્યા છો અને તમારી આવકનો કેટલો ભાગ તમે નિશ્ચિત અથવા બિન-વિવેકાધીન ખર્ચાઓ પર ખર્ચો છો તે સહિત નાણાકીય સ્વાસ્થ્યના ઘણા પરિમાણો છે.

**નાણાકીય સ્વાસ્થ્ય કેવી રીતે નક્કી કરવું ?**

1. વર્તમાન અથવા ભવિષ્યના ઉપયોગ માટે નાણાં ઉપયોગ કઈ રીતે કરવો તે

જણાવવા માટે બચત અને એકંદર કુલ મૂલ્યનો સરવાળો.

2. દેવું, જેમ કે ક્રેડિટ કાર્ડ્સ, ગીરો અને વિદ્યાર્થી લોન, ભવિષ્યના ઉપયોગ માટે હાથમાં રહેલા નાણાંને અસર કરે છે.

3. નાણાકીય સ્વાસ્થ્ય સ્થિર નથી અને વ્યકિતની તરલતા અને સંપત્તિના આધારે બદલાય છે.

4. ચીજવસ્તુઓ અને સેવાઓની કિંમતમાં વધઘટ નાણાકીય સ્વાસ્થ્યને પણ અસર કરે છે.

5. આવકના સતત પ્રવાહ, ખર્ચમાં દુર્લભ તફાવત, રોકાણ પર નિશ્ચિત વળતર અને વધતી રોકડ સંતુલન સાથે મજબૂત નાણાકીય સ્વાસ્થ્યની જાહેરાત કરી શકાય છે.

જયારે રાજયો તેમના નાણાંનું અસરકારક રીતે સંચાલન કરે છે, ત્યારે તેમની પાસે શાળાઓ, આરોગ્ય સંભાળ અને ઈન્ફ્રાસ્ટ્રકચર જેવી પ્રાથમિકતાઓમાં રોકાણ કરવા માટે નાણાં હોવાની શકયતા વધુ હોય છે. જયારે રાજય સરકારો આ પ્રમાણે ન કરે ત્યારે તેમને લાંબા સમયથી ચાલતા ખર્ચની ચૂકવણી કરવા અને નાગરિકોને મૂળભૂત સેવાઓ પૂરી પાડવા માટે ખર્ચમાં કાપ મૂકવા અને કર વધારવાની ફરજ પડી શકે છે.

**નાણાકીય સ્વાસ્થ્યને સમજવું :**

નાણાકીય નિષ્ણાતોએ નાણાકીય સ્વાસ્થ્યના દરેક સૂચક માટે સામાન્ય માર્ગદર્શિકા ઘડી છે. પરંતુ દરેક વ્યકિતની પરિસ્થિતિ અલગ છે. આ કારણોસર તેમની પોતાની નાણાકીય યોજના વિકસાવવામાં સમય આપવો તથા એ સુનિશ્ચિત કરવા યોગ્ય છે. કારણ કે તે લક્ષ્યો સુધી પહોંચવા માટેના રસ્તા ઉપર છો કે નહી તે જાણી શકાય છે. જો અણધારી ઘટના બને તો તે પોતાની જાતને અનુચિત નાણાકીય જોખમમાં ના પણ લે.

સ્થાનિક સરકારના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો સ્થાનિક અધિકારીઓના નિયંત્રણની બહારની ઘણી બાબતો સ્થાનિક નાણાં પર મોટી અસર કરે છે. તેમાં પણ સરકારના ઉચ્ચ સ્તરની નીતિઓનો સમાવેશ થાય છે. કુદરતી ઘટનાઓ, જેમ કે હવામાન અને જુદી જુદી આપત્તિઓ, અર્થતંત્રની એકંદર સ્થિતિ અને પડોશી રાષ્ટ્રોની આર્થિક વિકાસ નીતિઓ વગેરનો સમાવેશ થાય છે. રાજકોષીય નીતિના ઘડવૈયાનું કામ એ શોધવાનું છે કે કયા પરિબળો ખરેખર તેના પ્રભાવ અને નિયંત્રણના અવકાશની બહાર છે. તેની સામે કયા પગલાં ભરી શકાય તેમ છે જે તરત અને ચાલુ ધોરણે તેમના નાણાકીય સ્વાસ્થ્યને સુધારવા માટે જરૂરી હોય. રાજકોષીય સ્વાસ્થના પ્રભાવોમાં વસ્તી વિષયક અને આબોહવા પરિવર્તનોથી માંડીને સ્થાનિક સેવાઓની બદલાતી માંગ અને આંતર-સરકારી નાણાકીય સંબંધોમાં પરિવર્તન સુધીની દરેક બાબતોનો સમાવેશ થાય છે. સ્થાનિક અધિકારીઓ એવી નીતિઓ બનાવશે કે જે નાણાકીય સ્વાસ્થ્યને વધારી શકે છે અથવા નુકસાન ઓછું પહોંચાડી શકે. આ નીતિઓ આર્થિક વિકાસ અને જાહેર સેવાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. જે આડકતરી રીતે રાજકોષીય સ્વાસ્થ્યને અસર કરે છે અથવા તે સ્થાનિક નાણાંને અસર કરવા માટે સ્પષ્ટ રીતે ડિઝાઈન કરવામાં આવી શકે છે. જે કાર્યક્રમ વિકસિત અને અમલમાં મૂકવામાં આવે છે તે સંસાધનો પર આધાર રાખે છે. જે સરકાર દ્વારા શોષી લેવા જોઈએ નહી અને અસરકારક બનવા માટે સારી રીતે સંચાલિત થવું જોઈએ. વધુમાં, સતત દેખરેખ, સુધારણા અને નીતિઓની ગોઠવણ સ્થાનિક સરકારોના રાજકોષીય સ્વાસ્થ્યને ટ્રેક પર રાખવામાં મદદ કરે છે. અન્ય લોકો રાજકોષીય સ્વાસ્થ્યની વિભાવના અને સંશોધન અને પ્રેકિટસ માટે વિવિધ વ્યાખ્યાઓના ઉપયોગની અસરોની શોધ સાથે વધુ ચિંતિત છે. જયારે

કેટલાક લેખકોએ રાજકોષીય સ્વાસ્થ્યના માપન પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ વિવિધ સૂચિત સૂચસૂચઅંકો દ્વારા સ્થાનિક સરકારના રાજકોષીય સ્વાસ્થ્યને કેવી રીતે માપવા તે અંગેના અસંખ્ય પરિપ્રેક્ષ્યોનો સારાંશ આપે છે. સરકારના નાણાકીય સ્વાસ્થ્યને પ્રભાવિત કરતાં પરિબળો પર નોંધપાત્ર અસર કરે છે. જે સમુદાયો રસ ધરાવતા અન્ય વિષયો પર રાજકોષીય સ્વાસ્થ્યના પ્રભાવ પર પણ લખાણો કર્યા છે. તેમાં નેવુંના દાયકાના પ્રારંભમાં ભારતમાં શરૂ કરાયેલા આર્થિક સુધારાના લાભો વધુ લાંબા સમય સુધી ટકી શકયા ન હતા. વર્ષ 2000ની આસપાસ સંયુકત રાજકોષીય ખાધ (કેન્દ્ર અને રાજયોની) લગભગ 1991ના સ્તરે પહોંચી ગઈ હતી. જે વર્ષ ભારતને આર્થિક નુકસાન અને ભારે નાણાકીય કટોકટીનો સામનો કરવો પડ્યો હતો.

## 13.6 રાજકોષીય નીતિના 3 સાધનો શું છે ?

'ફિસ્કલ' એટલે 'બજેટ' અને સરકારના બજેટનો સંદર્ભ આપે છે. તેથી રાજકોષીય નીતિ એ એકંદર માંગ અને તેથી વાસ્તવિક જીડીપીને પ્રભાવિત કરવા માટે સરકારી ખર્ચ, કરવેરા અને ટ્રાન્સફર ચૂકવણીઓનો ઉપયોગ છે.

રાજકોષીય નીતિના 3 સાધનો પર સંક્ષિપ્ત સમજૂતી નીચે દર્શાવેલ છે.

(1) **સરકારી ખર્ચ** - સરકારી ખર્ચને સમાયોજિત કરીને આર્થિક ઉત્પાદનને પ્રભાવિત કરી શકાય છે. સરકારી ખર્ચમાં સમુદાયના લાભ માટે માલસામાન અને સેવાઓ મેળવવાનો સમાવેશ થાય છે. તેને સરકારી અંતિમ વપરાશ ખર્ચ તરીકે વર્ગીકૃત કરી શકાય છે. ભવિષ્યના લાભો બનાવવાના ઉદ્દેશ્ય સાથે સંશોધન પ્રવૃત્તિઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર પર સરકારના ખર્ચને સરકારી કુલ મૂડી નિર્માણ તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

2. ટ્રાન્સફર ચૂકવણીઓ  તેનો ઉપયોગ સામાજિક કલ્યાણ કાર્યક્રમો, વિદ્યાર્થી અનુદાન અને સામાજિક સુરક્ષા દ્વારા વ્યકિતઓને સરકારી ચૂકવણીઓનું વર્ણન કરવા માટે થાય છે.

3. **કર** - કર એ એક રાજકોષીય નીતિનું સાધન છે કારણ કે કરમાં ફેરફાર થવાથી સરેરાશ ગ્રાહકની આવકને અસર કરે છે અને વપરાશમાં ફેરફાર થવાથી વાસ્તવિક જીડીપીમાં ફેરફાર તરફ દોરી જાય છે. તેથી કરને સમાયોજિત કરીને, સરકાર આર્થિક ઉત્પાદનને પ્રભાવિત કરી શકે છે. કરને ઘણી રીતે બદલી શકાય છે.

2008ની વૈશ્વિક નાણાકીય કટોકટી દરમિયાન, અર્થવ્યવસ્થાએ હળવી મંદીનો સામનો કરવો પડ્યો. ભારતે વૃદ્ધિને વેગ આપવા અને માંગનું ઉત્પાદન કરવા માટે ઉત્તેજક પગલાં (રાજકોષીય અને નાણાકીય બંને) હાથ ધર્યા. પછીના વર્ષોમાં, આર્થિક વૃદ્ધિ પુનઃજીવિત થઈ. વિશ્વ બેંકના મતે, ટકાઉ આર્થિક વિકાસ હાંસલ કરવા માટે, ભારતે જાહેર ક્ષેત્રના સુધારા, માળખાકીય સુવિધાઓ, કૃષિ અને ગ્રામીણ વિકાસ, જમીન અને શ્રમ નિયમોને દૂર કરવા, નાણાકીય સમાવેશ, ખાનગી રોકાણ અને નિકાસને પ્રોત્સાહન, શિક્ષણ અને જાહેર આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જે ભારત સરકાર દ્વારા ખૂબ જ ખંતથી કામગીરી બજાવવામાં આવી છે.

---

9. https://qz.com/india/2180153/rbi-report-finds-punjab-rajasthan-bihar-in-poor-fiscal-health/
13. https://www.business-standard.com/article/economy-policy/statsguru-six-charts-explain-how-states-are-improving-their-fiscal-health-121120500929_1.html
14. https:/mint.intuit.com/blog/planning/budget-deficit/
15. https://byjus.com/free-ias-prep/fiscal-deficit/

સેવા ક્ષેત્રએ જીડીપીનો 50 ટકા હિસ્સો ધરાવે છે અને તે સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર છે. જયારે ઔદ્યોગિક ક્ષેત્ર અને કૃષિ ક્ષેત્ર મોટા ભાગના શ્રમબળને રોજગારી આપે છે. ભારત વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું ઉત્પાદક છે. જે વૈશ્વિક ઉત્પાદનના 2.6 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતની લગભગ 66 ટકા વસ્તી ગ્રામીણ છે અને ભારતના GDPમાં લગભગ 50 ટકા યોગદાન આપે છે. તેની પાસે $ 5,88,314 બિલિયનનું વિશ્વનું ચોથું સૌથી મોટું વિદેશી વિનિમય અનામત છે. ભારત જીડીપીના 86 ટકા સાથે ઉચ્ચ જાહેર દેવું ધરાવે છે, જયારે તેની રાજકોષીય ખાધ જીડીપીના 6.7 ટકા હતી. નાણાકીય વર્ષ 2020 માં ભારતનો કુલ સ્થાનિક બચત દર જીડીપીના 31.38 ટકા હતો.

**2. ભારતમાં જુદા જુદા રાજયની રાજકોષીય સ્વાસ્થ્ય**

**સામાજિક ક્ષેત્ર, શિક્ષણ અને આરોગ્ય પરનો ખર્ચ : રાજયવાર ચિત્ર**

**(વર્તમાન બજાર કિંમતો પર GSDP ના ટકા મુજબ)**

| | **સામાજિક ક્ષેત્ર** | | | **શિક્ષણ** | | | **આરોગ્ય** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **1990** | **2000** | **2010-13** | **1990** | **2000** | **2010-13** | **1990** | **2000** | **2010-13** |
| આંધ્ર પ્રદેશ | 6.5 | 6.5 | 7.4 | 2.3 | 2.1 | 2.5 | 0.8 | 0.7 | 0.8 |
| બિહાર | 12.0 | 10.5 | 10.9 | 5.9 | 5.1 | 4.6 | 1.6 | 1.1 | 1.0 |
| છત્તીસગઢ | NA | 8.1 | 11.5 | NA | 2.3 | 4.2 | NA | 0.6 | 0.9 |
| ગોવા | 8.2 | 6.4 | 7.9 | 4.0 | 2.8 | 3.4 | 1.6 | 1.0 | 1.2 |
| ગુજરાત | 5.4 | 5.4 | 5.3 | 2.6 | 2.1 | 2.1 | 0.7 | 0.5 | 0.6 |
| હરિયાણા | 4.7 | 4.7 | 5.5 | 2.1 | 2.0 | 2.4 | 0.6 | 0.4 | 0.5 |
| ઝારખંડ | NA | 9.8 | 10.0 | NA | 3.5 | 3.6 | NA | 1.1 | 0.9 |
| કર્ણાટક | 6.5 | 6.3 | 7.2 | 2.8 | 2.7 | 2.8 | 0.9 | 0.7 | 0.7 |
| કેરળ | 5.2 | 5.5 | 6.0 | 2.7 | 2.7 | 3.0 | 0.7 | 0.8 | 0.9 |
| મધ્ય પ્રદેશ | 9.5 | 7.8 | 9.3 | 3.6 | 2.7 | 3.4 | 1.1 | 0.8 | 0.9 |
| મહારાષ્ટ્ર | 5.0 | 5.0 | 5.3 | 2.3 | 2.6 | 2.5 | 0.6 | 0.5 | 0.5 |
| ઓડિશા | 7.7 | 7.1 | 8.2 | 3.3 | 3.0 | 3.3 | 0.9 | 0.7 | 0.7 |
| પંજાબ | 4.1 | 4.0 | 4.8 | 2.4 | 2.1 | 2.3 | 0.7 | 0.6 | 0.7 |
| રાજસ્થાન | 6.9 | 7.8 | 7.0 | 3.1 | 3.3 | 3.0 | 1.0 | 0.9 | 0.8 |
| તમિલનાડુ | 6.4 | 5.9 | 6.5 | 2.8 | 2.3 | 2.4 | 0.9 | 0.7 | 0.7 |
| ઉત્તર પ્રદેશ | 6.2 | 7.0 | 9.3 | 3.0 | 3.1 | 4.0 | 0.9 | 1.0 | 1.1 |
| પશ્ચિમ બંગાળ | 5.8 | 5.5 | 6.9 | 2.9 | 2.7 | 3.1 | 0.9 | 0.8 | 0.8 |
| **કુલ** | **6.1** | **6.2** | **7.0** | **2.8** | **2.6** | **2.9** | **0.8** | **0.7** | **0.7** |

**સ્ત્રોત :** https://www.rbi.org.in/Scripts/b_vlowcontent.aspx?id=3050

## ભારતીય રાજયોનું નાણાકીય આરોગ્ય

આરબીઆઈના રિપોર્ટના અંદાજ મુજબ કેટલાક રાજયો માટે 2026-2027ના સમયગાળા માટે દેવું અને જીડીપી રેશિયોનું અનુમાન નીચે મુજબ છેઃ બિહાર 31.2 ટકા, પંજાબ 46.8 ટકા, કેરળ 38.2 ટકા, રાજસ્થાન 39.4 ટકા, પશ્ચિમ બંગાળ 37.00 ટકા. આ ઉપરાંત આરબીઆઈનું વિશ્લેષણ દર્શાવે છે કે મોટાભાગના અન્ય રાજયો 2026-27માં ડેટ-જીએસડીપી રેશિયો 30 ટકાને વટાવે તેવી શકયતા છે. 2026-27માં તેના ડેટ-જીએસડીપી રેશિયો 45 ટકાથી વધુ રહેવાના અનુમાન સાથે પંજાબ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર હોવાની ધારણા કરવામાં આવી છે. રાજસ્થાન, કેરળ અને પશ્ચિમ બંગાળ 2026-27 સુધીમાં ડેટ-જીએસડીપી રેશિયો 35 ટકાને વટાવી જવાનો અંદાજ છે.

રાજ્યોની કુલ રાજકોષીય ખાધ જીએસડીપી (% માં)

| ક્રમ | રાજયો | ટકાવારી |
|---|---|---|
| 1. | બિહાર | 11.2 |
| 2. | રાજસ્થાન | 5.2 |
| 3. | પંજાબ | 4.6 |
| 4. | ઉત્તર પ્રદેશ | 4.3 |
| 5. | કેરાલા | 4.2 |
| 6. | આંધ્રપ્રદેશ | 3.2 |

**સ્ત્રોત :** hkkps://www.businesstoday.in/latest/economy/story/how- precrious-is-the-financial-health-of-indian-states 344903- 2022-08-17

ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ના તાજેતરના ઉપલબ્ધ ડેટા મુજબ રાજયોની નાણાકીય સ્થિતિને બગાડતું બીજું પરિબળ સબસિડી પરનો ઊંચો ખર્ચ છે. 2019-20માં કરાર કર્યા પછી, 2020-21 અને 2021-22 દરમિયાન રાજય સરકારોનો સબસિડી પરનો ખર્ચ અનુક્રમે 12.9 ટકા અને 11.2 ટકાના દરે વધ્યો છે. CAGના અહેવાલ મુજબ, રાજયો દ્વારા કુલ આવક ખર્ચમાં સબસિડીનો હિસ્સો પણ 2019-20માં 7.8 ટકાથી વધીને 2021-22માં 8.2 ટકા થયો છે. આરબીઆઈના અહેવાલ મુજબ, ઝારખંડ, કેરળ, ઓડિશા, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ એ ટોચના પાંચ રાજયો છે જયાં છેલ્લા ત્રણ વર્ષમાં સબસિડીમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.

**રાજય દેવું અને જીડીપી ગુણોત્તર**

| | 2021-22 | 2022-23નો અંદાજ |
|---|---|---|
| રાજસ્થાન | 39.50% | 39.80% |
| બિહાર | 38.60% | 38.70% |
| કેરળ | 37.00% | 37.20% |
| પશ્ચિમ બંગાળ | 34.30% | 34.20% |
| મધ્યપ્રદેશ | 31.30% | 33.30% |
| આંધ્ર પ્રદેશ | 32.50% | 32.80% |
| ઉત્તર પ્રદેશ | 34.90% | 32.50% |
| તમિલનાડુ | 27.40% | 27.70% |
| કર્ણાટક | 26.60% | 27.50% |
| ઝારખંડ | 33.00% | 27.00% |

| | | |
|---|---|---|
| તેલંગાણા | 24.70% | 25.30% |
| ઓડિશા | 18.80% | 18.60% |
| મહારાષ્ટ્ર | 17.90% | 18.10% |
| છત્તીસગઢ | 26.20% | – |
| ગુજરાત | 19.00% | – |
| હરિયાણા | 29.40% | – |
| પંજાબ | 53.30% | – |

સ્ત્રોત : https://qz.com > indian > rbi-report-finds-punjab-rajashthan...

પંજાબમાં સૌથી વધુ અસર થવાની સંભાવના છે. વર્ષ 2026-27માં તેનો દેવું-થી-ગ્રોસ રાજ્ય સ્થાનિક ઉત્પાદન ગુણોત્તર 45 ટકાથી વધી જવાનો અંદાજ છે. રાજસ્થાન, કેરળ અને પશ્ચિમ બંગાળમાં તે સમય સુધીમાં ડેટ-જીએસડીપી (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) રેશિયો 35 ટકા કરતાં વધુ હોવાનો અંદાજ છે.[12]

કેન્દ્ર સરકાર આ વર્ષે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ના 6.8 ટકાની રાજકોષીય ખાધને લક્ષ્યાંકિત કરી રહી છે. તે જોતાં રાજ્યોમાં પણ રાજકોષીય સ્થિતિ તણાવ હેઠળ છે તે આશ્ચર્યજનક નથી. જો કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા રાજયના નાણાકીય અહેવાલના ડેટા સૂચવે છે કે રાજયો તેમની નાણાકીય સ્વાસ્થ્ય સુધારવા માટે ઝડપથી આગળ વધી રહ્યા છે. જે એકંદરે રાહતના સમાચાર કહી શકાય છે.

જો કે 2021-22માં રાજકોષીય ખાધ 3 ટકાના આંકથી ઉપર રહેશે. રાજયો રાજકોષીય ખાધમાં 1 ટકાના ઘટાડા (તેમના કુલ રાજય સ્થાનિક ઉત્પાદનના ટકા તરીકે) 2020-21માં 4.7 ટકાથી 2021-22માં 3.7 ટકા થવાની અપેક્ષા રાખે છે. બિઝનેસ સ્ટાન્ડર્ડ દ્વારા વિશ્લેષણ કરાયેલા 20 મોટા રાજયોમાંથી, આઠ હજુ પણ તેમના બજેટ અંદાજ મુજબ 2021-22માં 4 ટકાથી વધુ રાજકોષીય ખાધ રહેવાની ધારણા છે.[13]

## 13.7 રાજકોષીય ખાધના મુખ્ય કારણો શું છે ?

ભારતમાં બિનો આયોજિત ખર્ચમાં બેફામ વધારાને લીધે અને તેમાંય ખાસ કરીને 1980થી રાજકોષીય સ્થિતિ કથળતી ગઈ છે અને 1991-92ની શરૂઆતમાં ચરમસીમાએ પહોંચી હતી. બજેટખાધ, મહેસુલી ખાધ, રાજકોષીય ખાધ અને પ્રાથમિક ખાધમાં રાજકોષીય અસમતુલાના કારણો જોઈ શકાય છે. જેમ કે ખાધપુરવણીમાં બજેટની ખાધને રીઝર્વ બેંક પાસેથી લોન લઈને પુરવાની પ્રથા છે, પણ સરકાર બજારમાંથી જે લોન લે છે. એટલે કે પ્રજા પાસેથી સરકાર જે નાણું લે છે (એન.એસ.સી., પોસ્ટ ખાતાની બચતો કે પછી પ્રોવિડન્ટ ફંડ વિગેરેનો સમાવેશ થતો નથી.)

1. સરકારી બજેટ ખાધના ચોક્કસ કારણો શોધવા મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે તે ઓછા કર અને ઊંચા ખર્ચને કારણે થાય છે. તે એટલા માટે કારણ કે

12. https://qz.com/india/2180153/rbi-report-finds-punjab-rajasthan-bihar-in-poor-fiscal-health/
13. https://www.business-standard.com/article/economy-policy/statsguru-six-charts-explain-how-states-are-improving-their-fiscal-health-121120500929_1.html
14. https:/mint.intuit.com/blog/planning/budget-deficit/
15. https://byjus.com/free-ias-prep/fiscal-deficit/

સરકારની આવકનો મુખ્ય સ્ત્રોત કરવેરા છે. તેથી ઓછી કર આવક હોવાનો અર્થ એ છે કે સરકારની કુલ આવક ઓછી છે.[14]

2. રાજકોષીય ખાધ મૂડી ખર્ચમાં મોટો વધારો અથવા મહેસૂલ ખાધ જેવી ઘટનાઓને કારણે થાય છે.

3. ભારત ઘણા લાંબા સમયથી સતત રાજકોષીય ખાધ પર ચાલી રહ્યું છે. અન્ય ઘણી અર્થવ્યવસ્થાઓની સરખામણીમાં તેની નીચી માથાદીઠ આવકનો ખર્ચ એ છે કે તેની પાસે નોંધપાત્ર રીતે ગરીબ વસ્તી છે. સરકારે આર્થિક રીતે પછાત લોકો માટે સબસિડી અને સહાય માટે નિયમિતપણે ખર્ચ કરવો પડે છે. તે જ સમયે ભારતમાં કરચોરી પ્રબળ છે.

4. કોરોના વાયરસ રોગચાળા અને લોક ડાઉનને પગલે સામાન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપને કારણે.

5. ખોરાક અને જાહેર વિતરણ અને ગ્રામીણ વિકાસમાં આવક ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. જે સરકારના રોગચાળા રાહત કાર્યક્રમોને આભારી હોઈ શકે છે.[16]

## 13.8 અર્થતંત્ર માટે રાજકોષીય ખાધ શા માટે મહત્વપૂર્ણ છે.

જ્યારે રાજકોષીય ખાધની અસરની વાત આવે છે ત્યારે વિવિધ વિરોધી પરિપ્રેક્ષ્યો હોય છે. એક તરફ એવું માનવામાં આવે છે કે રાજકોષીય ખાધ રોકાણ માટે લોકોની ખર્ચ શકિત વધારીને સુસ્ત અર્થતંત્રને વેગ આપી શકે છે. જો કે બીજી તરફ એવું પણ માનવામાં આવે છે કે લાંબા ગાળાની ખાધ આર્થિક વૃદ્ધિ અને સ્થિરતા પર નકારાત્મક અસર કરી શકે છે.

કેન્દ્રીય બજેટની રજૂઆત દરમિયાન રાજકોષીય ખાધ ઉત્સુકતાપૂર્વક જોવામાં આવે છે. કારણ કે તે વૃદ્ધિ, કિંમતની સ્થિરતા, ઉત્પાદન ખર્ચ અને ફુગાવા જેવા વિવિધ પરિબળોને અસર કરી શકે છે. જો રાજકોષીય ખાધ પૂરતી મોટી હોય તો તે દેશના રેટિંગને પણ અસર કરી શકે છે. દાખલા તરીકે જયારે સરકાર ઉધાર લેવાનું ચાલુ રાખે છે અને ચલણી નોટો છાપવાનું બંધ કરે છે, ત્યારે વ્યાજ દરો ઉપર તેનું દબાણ રહે છે. વ્યાજદરમાં વધારો થવાથી ઉત્પાદન ખર્ચમાં વધારો થાય છે જે ઊંચા ભાવ તરફ દોરી જાય છે. જો કે ફુગાવા પર રાજકોષીય ખાધની અસર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા ખર્ચના પ્રકાર પર આધારિત છે. દાખલા તરીકે, જો સરકાર પુરવઠા અને માંગ બંનેનું ધ્યાન રાખતા ઉત્પાદક રોકાણો પર ખર્ચ કરે છે, તો અસર ઘટી શકે છે. રાજકોષીય ખાધ ધીમી અર્થવ્યવસ્થાને મદદ કરી શકે છે. ખાસ કરીને જો નાણાં ઉત્પાદક સંપત્તિઓ પર ખર્ચવામાં આવે છે જે રોકાણ અને નોકરીની તકો ઊભી કરે છે.[17]

## 13.8 કેન્દ્રીય બજેટ 2022-23 રાજકોષીય ખાધ વિશે શું કહે છે ?

કેન્દ્રીય બજેટ 2022ની રજૂઆતમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જાહેરાત કરી હતી કે માર્ચ 2023 માં સમાપ્ત થતાં આગામી નાણાકીય વર્ષ માટે રાજકોષીય ખાધ 6.4 ટકા હોવાનો અંદાજ છે. વર્તમાન નાણાકીય વર્ષ માટે સંશોધિત રાજકોષીય ખાધ 6.8 ટકાના બજેટ લક્ષ્યની સામે 6.9 ટકાની આસપાસ છે. આગામી વર્ષ માટે રાજકોષીય ખાધ એટલી અંદાજવામાં આવી છે. કારણ કે કેન્દ્રીય બજેટમાં રોગચાળા પછીની જરૂરી પુનઃપ્રાપ્તિ માટે રૂ. 7.5 લાખ કરોડના મૂડીખર્ચ માટે મોટા દબાણનો સમાવેશ થાય છે.

16. https://www.drishtiias.com/daily-updates/daily-news-analysis/inceased-fiscal-dificit-1

17. https://www.hdfcbank.com/personal/resources/learning-centre/union-budget/what-is-fiscal-deficit-impact-of-fiscal-deficit-on-indian-economy

### સરકારી ખાધ ઘટાડવાનાં પગલાં

કર આધારીત આવક પર ભાર મૂકવો જરૂરી છે. કરચોરી ઘટાડવા માટે યોગ્ય પગલાં લેવામાં આવે છે તે સરકાર માટે ખૂબ જ જરૂરી છે. જ્યાં અસ્કયામતો અસરકારક રીતે ઉપયોગમાં લેવાતી ન હોય ત્યાં ડિસઇન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ અને સરકાર દ્વારા સબસિડીમાં ઘટાડો કરીને પણ ખાધ ઘટાડવામાં મદદ મળી શકે છે. તદુપરાંત નીચેના પગલાં ભરીને પણ સરકારી ખાધ ઘટાડી શકાય છે. જેમ કે,

(1) બિનઆયોજિત ખર્ચાઓ ટાળવા જોઈએ.

(2) ઘરેલું સ્ત્રોતો પાસેથી ઉધાર લેવું,

(3) બાહ્ય સ્રોતો પાસેથી ઉધાર લેવું.

વ્યાપક રીતે કર આધારીત આવક મળે તો સરકારી ખાધને ઘટાડવામાં પણ મદદ કરી શકે છે. ટૂંકમાં કહી શકાય કે સરકારી ખાધ એવી સ્થિતિ છે જ્યાં બજેટ ખર્ચ બજેટની આવક કરતાં વધી જાય છે. તથા ઘણીવાર બજેટ જરૂરિયાતોમાં અચાનક ફેરફારને કારણે પણ સરકારી ખાધ હોઈ શકે છે. પણ જો અંકુશિત ખાધની સ્થિતિનું નિર્માણ થાય તો અર્થતંત્રમાં વૃદ્ધિનું કારણ બને છે અને અનિયંત્રિત સરકારી ખાધ અર્થતંત્રના નાણાકીય સ્વાસ્થ્યમાં બિન તંદુરસ્તી તરફ દોરી જાય છે. સરકારનો હેતુ એવો હોવો જોઈએ કે આવક અને ખર્ચનું આયોજન કરીને અર્થતંત્રને સંતુલિત બજેટની સ્થિતિ તરફ આગળ લઈ જઈ શકે.[18]

## 13.9 ભારતમાં રાજકોષીય ખાધ ઘટાડવા કયા પગલાં લઈ શકાય ?

**1. જાહેર ખર્ચ ઘટાડવો :** આ સૌથી સામાન્ય ઉપાય છે. આનાથી ખર્ચ અને આવક વસૂલાત વચ્ચેના માર્જિનમાં ઘટાડો થશે. પરંતુ જો ખર્ચમાં ઘટાડો જાહેર રોકાણોમાં કરવામાં આવે છે, તો તે આર્થિક વૃદ્ધિમાં ઘટાડો તરફ દોરી શકે છે અને છેવટે ઓછા કર વસૂલાતમાં પરિણમી શકે છે. બીજી બાજુ, સામાજિક અને કલ્યાણ યોજનાઓમાં ખર્ચમાં ઘટાડો થવાથી સામાજિક અશાંતિ અને અસમાનતા આવી શકે છે. અર્થતંત્રની સ્થિતિના આધારે આ બંને વચ્ચે સંતુલન જાળવવું જોઈએ.

**2. માળખાકીય ફેરફારો દ્વારા આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવું :** વ્યવસાયો, શ્રમ કાયદાઓ વગેરે માટે કાનૂની અવરોધો હળવા કરવાથી રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકોને વધુ માલસામાન અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે જરૂરી પ્રોત્સાહન મળશે. આ રીતે ટેક્સની આવક વધારી શકાય છે. આ પગલું મંદી દરમિયાન ઉપયોગી છે.

**3. કરના દરોમાં વધારો :** આ પગલા માટે સમય મહત્વપૂર્ણ છે. ઊંચા કર દર ઉત્પાદનમાં ઘટાડો તરફ દોરી શકે છે, લોકો ઓછો વપરાશ કરશે, માંગ ઘટશે અને અસરકારક કર વસૂલાત થશે.

**4. જાહેર ખર્ચ ઘટાડવા માટે :** ખોરાક, ખાતર, નિકાસ, વીજળી જેવી મુખ્ય સબસિડી પરના ખર્ચમાં ભારે ઘટાડો, રૂપિયા જેટલી જંગી રકમ. કેન્દ્ર સરકાર દ્વારા ખોરાક, ખાતરો, નિકાસ પ્રોત્સાહન પર મોટી સબસિડી પર 20,000 કરોડનો ખર્ચ કરવામાં આવે છે. સમયાંતરે સબસિડીમાં તીવ્ર ઘટાડો કર્યા વિના જાહેર ખર્ચને નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડવો મુશ્કેલ છે.

18. https://www.toppr.com/guides/economics/government-budget-and-the-economy//measures-of-government-deficit/

**5. સરકાર દ્વારા એલટીસી** (લીવ ટ્રાવેલિંગ કન્સેશન) બોનસ, રજા રોકડ વગેરે પર મોટી રકમનો ખર્ચ કરવામાં આવે છે. જો સરકાર જાહેર ખર્ચમાં ઘટાડો કરવા મક્કમ હોય તો તેના પરના ખર્ચમાં ઘટાડો ઈચ્છનીય છે.

6. જાહેર ખર્ચમાં ઘટાડો કરવા માટેનું બીજું એક ઉપયોગી પગલું એ છે કે ભૂતકાળના દેવા પર વ્યાજની ચૂકવણીમાં ઘટાડો કરવો. ભારતમાં કેન્દ્ર સરકારના મહેસૂલ ખાતાના ખર્ચના લગભગ 40 ટકા વ્યાજની ચૂકવણીનો હિસ્સો છે. આ મતે જાહેર ક્ષેત્રમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા એકત્ર કરાયેલ ભંડોળનો ઉપયોગ વર્તમાન ખર્ચને ધિરાણ કરવાને બદલે જૂના જાહેર દેવાના એક ભાગને નિવૃત્ત કરવા માટે થવો જોઈએ. જાહેર દેવું ઝડપથી નિવૃત્ત થવાથી ભવિષ્યમાં વ્યાજની ચૂકવણીનું ભારણ ઘટશે.

7. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સિવાયના જાહેર ક્ષેત્રના સાહસોને બજેટરી સહાયમાં નોંધપાત્ર ઘટાડો થવો જોઈએ. સાથે સાથે જાહેર ક્ષેત્રના સાહસોને બજાર અને બેંકોમાંથી ભંડોળ એકત્ર કરવા માટે કહેવામાં આવવું જોઈએ.

8. તમામ સરકારી વિભાગોમાં બિનજરૂરી ખર્ચને ઘટાડવા માટે કરકસરનાં પગલાં અપનાવવા જોઈએ.

ભારતમાં સમકાલીન નીતિની ચર્ચામાં ઉપરાષ્ટ્રીય સરકારોનું રાજકોષીય સ્વાસ્થ્ય એ ચિંતાનું પ્રાથમિક ક્ષેત્ર છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી છે કે કેરળ, પંજાબ અને પશ્ચિમ બંગાળ સામાન્ય શ્રેણીના રાજ્યોના સ્તરે નાણાકીય રીતે અયોગ્ય છે. અભ્યાસ મૂળભૂત રાજકોષીય ખાધના તાજેતરના અને લાંબા ગાળાના વલણો દ્વારા આ અંદાજની સમીક્ષા કરવામાં આવી છે અને પછી સમય જતાં દેવું-ખાધ સર્પાકાર સાથે તેમની નાણાકીય સ્થિરતા અને ટકાઉપણુંનું મૂલ્યાંકન કરે છે. આ ઉપરાંત મહેસૂલ ખાતાના તફાવતમાં તીવ્ર વધારો થવાને કારણે રાજકોષીય ખાધ સતત વધી રહી છે. તેથી 1990 ના દાયકાના અંતથી 2000 ના દાયકાના પ્રારંભ દરમિયાન તમામ રાજ્યોમાં ઊંચુ બાકી દેવું અને તેનું વ્યાજ વધતું જાય છે. આ દેવાનો પ્રચંડ સ્ટોક તેના સ્થિરતા સ્તરથી વાસ્તવિક પ્રાથમિક ખાધના ઊંચા વિચલન તરીકે ઊભરી આવ્યો. તથા આ સમયગાળા દરમિયાન વ્યાજનો દર આઉટપુટની વૃદ્ધિ કરતાં વધી ગયો છે, તે જોતાં તેણે પ્રાથમિક ખાધના સ્તર કરતાં ડેટ સ્ટોકમાં વધારો કર્યો. તદુપરાંત, કોઈપણ રાજ્યોએ રાજકોષીય સ્થિરતા સંપૂર્ણ રીતે પૂર્ણ કરી નથી. જે આજના સ્પર્ધાત્મક યુગમાં ચિંતાનું કારણ બન્યું છે. પશ્ચિમ બંગાળ સિવાય, તેઓએ આંશિક ટકાઉપણું પ્રાપ્ત કર્યું. કારણ કે તેમની દેવું-ખાધ સિસ્ટમ ધીમે ધીમે લાંબા ગાળાના સંતુલનને પુનઃસ્થાપિત કરે છે. પશ્ચિમ બંગાળ ટકાઉપણાંથી દૂર છે. કારણ કે તેનું ભાવિ સરપ્લસ દેવું ચૂકવવા માટે પૂરતું નથી. અભ્યાસ સૂચવે છે કે તમામ રાજ્યો માટે મહેસૂલ ખાતા પર નાણાકીય સ્થિતિમાં યોગ્ય ગોઠવણ જરૂરી છે અને લાંબા ગાળે સંતુલન હાંસલ કરવા માટે પશ્ચિમ બંગાળને વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.[19]

ભારતે 1991માં ગંભીર મેક્રો ઈકોનોમિક કટોકટીનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે પ્રતિભાવરૂપે અમલમાં મૂકાયેલા આર્થિક સુધારાઓની શ્રેણીએ, દલીલપૂર્વક, ઉચ્ચ વૃદ્ધિ અને વધુ સુરક્ષિત બાહ્ય ચૂકવણીની સ્થિતિને સમર્થન આપ્યું છે. નિયમનકારી સંસ્થાઓના આધુનિકીકરણની સાથે નિયંત્રણો અને વેપાર અવરોધોને દૂર કરવા, ઉદ્યોગ, વેપાર અને નાણામાં લાક્ષણિક સુધારા કરવામાં આવ્યા છે. જો કે અગાઉના દાયકાની તુલનામાં 1990ના દાયકામાં વૃદ્ધિ માત્ર નજીવી રીતે વેગ પામી હતી. અમુક જગ્યાએ માળખાકીય સુધારાઓ અટકી ગયા હોય તેવું લાગતું હતું, અને ત્યારપછીના સમયમાં શ્રમ

19. https://www.researchgate.net/publication/270454842_Subnational_level_fiscal_health_m_India_stability_and_sustainability_implications

બજારમાં સુધારા જોવા મળતા અન્ય ક્ષેત્રોમાં થોડી પ્રગતિ થઈ છે.

સંભવતઃ સુધારાનું સૌથી આકર્ષક પાસું એ છે કે નાણાકીય સંતુલન પુનઃસ્થાપિત કરવામાં પ્રગતિનો અભાવ. જીડીપીના લગભગ 9.5 ટકા ની ઊંચી રાજકોષીય ખાધ જોવા મળી છે, જે વ્યાપકપણે બિનટકાઉ માનવામાં આવે છે. તેણે 1991ની કટોકટીમાં મોટો ફાળો આપ્યો હતો. આ ખાધને સમાવવી એ જે તે સમયે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા મુખ્ય માળખાકીય ગોઠવણોમાંનું એક હતું. આ પ્રયાસને થોડી સફળતા મળી હતી પણ રાજકોષીય ખાધ જીડીપીના 6.4 ટકા પર આવી હતી અને 1996-97માં વૃદ્ધિ 7.5 ટકાની ટોચે પહોંચી 1997-98થી, જો કે આ વૃદ્ધિ ધીમી પડી છે અને ખાધ વધી છે તેમાં બે મત નથી. ભારતની રાજકોષીય ખાધ અને સંભાવનાઓ પર ધ્યાન પાછું જાય તે સ્વાભાવિક છે.

શ્રીનિવાસને 1996માં જણાવ્યું હતું કે સ્વતંત્રતા પહેલા પણ સમગ્ર રાજકીય સ્પેક્ટ્રમમાં એક વ્યાપક સર્વસંમતિ હતી કે એકવાર સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જાય, પછી ભારતીય આર્થિક વિકાસનું આયોજન કરવું જોઈએ. જેમાં રાજ્ય અર્થતંત્રમાં પ્રબળ ભૂમિકા ભજવે અને સમગ્ર બોર્ડમાં આત્મનિર્ભરતા હાંસલ કરે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. આઝાદીના ત્રણ વર્ષની અંદર 1950માં રાષ્ટ્રીય આયોજન પંચની સ્થાપના કરવામાં આવી હતી. જેને રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. 1950માં મજબૂત એકાત્મક વિશેષતાઓ સાથેના સંઘીય બંધારણને અપનાવવાથી કેન્દ્ર સરકાર દ્વારા આયોજનની સુવિધા મળી. કેન્દ્ર સરકારની માલિકીના અનેક સાહસોની સ્થાપના કરવામાં આવી હતી અને અર્થતંત્રને તેના આયોજિત માર્ગ તરફ લઈ જવા માટે વહીવટી નિયંત્રણો (કહેવાતા 'લાયસન્સ-ક્વોટા-પરમિટ રાજ')નો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે જ સમયે. રાજકોષીય અને નાણાકીય નીતિ તદ્દન રૂઢિચુસ્ત રહી અને ફુગાવો પ્રમાણમાં નીચો રહ્યો. બાદમાં મતદારોની વધતી કિંમતો પ્રત્યેની સંવેદનશીલતાને પ્રતિબિંબિત કરે છે.

1950-80 દરમિયાન, ભારતની આર્થિક વૃદ્ધિ દર વર્ષે ખૂબ જ સાધારણ એટલે કે 3.75 ટકા હતો. જે આઝાદી પૂર્વેના ધોરણોને કારણે વાજબી હતી. પરંતુ ગરીબ લોકોની સંખ્યાને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે રાજકોષીય નીતિ એટલી અસરકારક નીવળી ન હતી.

શ્રીનિવાસને 1996માં જણાવ્યું હતું કે જે જરૂરી હતી તેનાથી ઘણી ઓછી હતી. લાયસન્સ-પરમિટ રાજએ માત્ર ઝડપી વૃદ્ધિ જ નથી કરી પરંતુ વધુ ખરાબ વહીવટ બેફામ ભાડાની માંગણી અને વહીવટી તેમજ રાજકીય ભ્રષ્ટાચારનો વધારો પણ કર્યો છે. 1980ના દાયકામાં ભારતના રાષ્ટ્રીય આર્થિક નીતિ નિર્માતાઓએ વેપાર અને વિનિમય દરના શાસનમાં કેટલાક ઉદારીકરણની રજૂઆત કરીને, સ્થાનિક ઔદ્યોગિક નિયંત્રણો હળવા કરવા અને ટેલિકોમ્યુનિકેશન જેવા ક્ષેત્રો માટે આધુનિક તકનિકોમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને તે માટે કેટલાકે તેની જગ્યાએ સુધારાઓ શરૂ કર્યા હતા. સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે તે સમયે રાજકોષીય નીતિમાં રૂઢિચુસ્તતા છોડવામાં આવી હતી અને વિસ્તરણ નીતિ અપનાવવામાં આવી હતી. જે વધતી કિંમતે દેશ-વિદેશમાં ધિરાણ દ્વારા ધિરાણ મેળવ્યું. 1980ના દાયકામાં વૃદ્ધિ 5.8 ટકા સુધી ઝડપી હતી, પરંતુ દેવાની આગેવાની હેઠળની આ વૃદ્ધિની કિંમત મેક્રો ઈકોનોમિક અસંતુલન (રાજકોષીય અને ચાલુ ખાતાની ખાધ)માં વધારો કરી રહી હતી. જે 1990 ના દાયકાની શરૂઆતમાં બાહ્ય આંચકાઓના પરિણામે વધુ ખરાબ સ્થિતિ થઈ હતી અને 1991ના મેક્રો ઈકોનોમિક કટોકટી તરફ દોરી ગઈ હતી.

આ કટોકટી પ્રણાલીગત સુધારા તરફ દોરી ગઈ, જે 1980 ના દાયકાના નાના-નાના આર્થિક સુધારાઓથી આગળ વધી ગઈ. IMF સહાય પેકેજ અને એડજસ્ટમેન્ટ પ્રોગ્રામ

હેઠળ આ ફેરફારોને સમર્થન આપે છે. મુખ્ય સુધારાઓમાં ટેરિફમાં મોટા ઘટાડા અને જથ્થાત્મક પ્રતિબંધોને ટેરિફમાં રૂપાંતર કરીને અને સ્થાનિક ઔદ્યોગિક રોકાણ પરના નિયંત્રણોના મોટા ભાગને દૂર કરીને વેપાર ઉદારીકરણનો સમાવેશ થાય છે. વધતી જતી સ્થાનિક રાજકોષીય ખાધને અંકુશમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ આ પ્રયાસો માત્ર આંશિક રીતે જ સફળ રહ્યા હતા અને 1990ના દાયકાના મધ્ય સુધીમાં તે પલટાઈ ગયા હતા.

બીજા દૃષ્ટિકોણથી જોઈએ તો રાજકોષીય ખાધને દેશના અર્થતંત્રથી દૂર રાખવી હોય તો (જો તેને સાચું માનીએ તો) જુદી જુદી નીતિઓના પ્રતિભાવો જાણવા જોઈએ. ભારતના નાણામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે સતત ઊંચી વૃદ્ધિ અને નીચા વ્યાજ દરો ભવિષ્યની કોઈપણ સમસ્યાનું નિરાકરણ લાવવામાં મદદરૂપ બનશે. ત્રીજો દૃષ્ટિકોણ એ છે કે ભારતનું સરકારી દેવું અને જીડીપીનો ગુણોત્તર આંતરરાષ્ટ્રીય ધોરણો કરતાં ઊંચો નથી અને તેથી સંભવિત કટોકટીનું સૂચક પણ નથી. જો કે રાજકોષીય કટોકટી ન હોય તેવા દેશો સહિત સમગ્ર દેશોમાં રેશિયોના વિતરણની ઉપરની તુલનામાં ભારતનો ગુણોત્તર ઓછો છે. સમાન ઉભરતા બીજા બજારના અર્થતંત્રોની સરખામણીમાં ભારતનું દેવું પ્રમાણમાં ઘણું ઊંચું છે. વધુમાં દેવાનું સ્તર ઊંચું ન હોય તો પણ સંભવિત દેવાની ગતિશીલતા હજુ પણ ટૂંકા ગાળામાં ચિંતાનું કારણ છે. રક્ષિત 2000 પાન નં 43-44 ઉપર એવી દલીલ કરે છે કે ઊંચી અને વધતી જતી જાહેર વપરાશને બદલે ઓછી ખાનગી બચત (ઘરગથ્થુ અને કોર્પોરેટ) ભારતમાં વૃદ્ધિને અવરોધે છે. તથા રક્ષિત વધુમાં જણાવે છે કે સંબંધિત દલીલો, સરકારી ખાધનું મુદ્રીકરણ કરવાની ફુગાવાની અસરો અને નાણાકીય દમનની નકારાત્મક અસરો આ બધાના મૂળમાં છે. જેને આપણે ભારતના અર્થતંત્રના 'સંરચનાવાદી/કેનેસિયન' દૃષ્ટિકોણ તરીકે કહી શકીએ (કે તે અર્થતંત્ર દ્વારા અવરોધિત છે. ક્ષમતા સંસાધનો અને બજારની અપૂર્ણતાઓને બદલે એકંદર માંગની ઉણપ), અમે તેને પછીના વિભાગોમાં સંબોધિત કરીશું.

આ ચર્ચામાંથી એક મુદ્દો જે ઉદ્ભવે છે તે છે રાજકોષીય ખાધને અસર કરતી કર આવકના સ્તરો અને વલણોનું મહત્ત્વ જાણવું જરૂરી છે. પરંતુ આ વલણો ઘણા અર્થશાસ્ત્રીઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે. કોઈપણ માળખાકીય ધારણાઓથી સ્વતંત્ર રીતે (દા.ત., રાવ, 2000); સિંઘ અને શ્રીનિવાસન, 2002; વિશ્વ બેંક, 2003; રાજારામન, 2004; હૌસમેન અને પુરફિલ્ડ, 2004). ભલે તે બની શકે. અમારી દૃષ્ટિએ ભારતની જાહેર નાણાકીય બાબતોમાં ટકાઉપણુંના પૂરતા સૂચકાંકો છે.[20]

## 13.10 સમાપન

પડોશી શ્રીલંકામાં તાજેતરની આર્થિક કટોકટી એ જાહેર દેવાની ટકાઉપણુંના નિર્ણાયક મહત્ત્વની યાદ અપાવે છે. ભારતના રાજયોમાં રાજકોષીય સ્થિતિ તણાવ તથા ચેતવણીના સંકેતો દર્શાવે છે. પોતાની કરવેરા આવકમાં મંદી, પ્રતિબદ્ધ ખર્ચનો ઊંચો હિસ્સો અને વધતા સબસિડીના બોજને કારણે રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ કોવિડ-19 દ્વારા વધુ વણસી છે. સૌથી વધુ ઋણ ધરાવતા પાંચ રાજ્યો માટે ડેટ સ્ટોક હવે ટકાઉ રહયો નથી. કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં દેવાની વૃદ્ધિ તેમની GSDP વૃદ્ધિ કરતાં વધી ગઈ છે. જોખમોના નવા સ્ત્રોત ઉભરી આવ્યા છે - કેટલાક રાજયો દ્વારા જૂની પેન્શન યોજનાને ફરીથી શરૂ કરવી, નોન-મેરિટ ફ્રીબીઝ પર વધતો ખર્ચ, આકસ્મિક જવાબદારીઓનું વિસ્તરણ

20. Nirvikar Singh And T. N. Srinivasan., (2004) "Fiscal Policy in India: Lessons and Priorities" At the IMF/NPFP Conference on Fiscal Policy in in India Taj Mahal Hotel, New Delhi, India

અને ડિસ્કોમ્સની બલૂનિંગ ઓવરડ્યુ - વ્યૂહાત્મક સુધારાત્મક પગલાંની ખાતરી આપે છે. તણાવ પરીક્ષણો દર્શાવે છે કે સૌથી વધુ દેવાદાર રાજ્ય સરકારોની નાણાકીય સ્થિતિ વધુ બગડવાની ધારણા છે. તેમનું દેવું GSDP રેશિયો 2026-27માં 35 ટકાથી ઉપર રહેવાની શકયતા છે.

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે અને તેની મજબૂત લોકશાહી અને મજબૂત ભાગીદારી દ્વારા સમર્થિત આગામી 10-15 વર્ષોમાં વૈશ્વિક સ્તરે ટોચની ત્રણ આર્થિક શકિતઓમાંની એક બનવાની અપેક્ષા છે. ભારતીય અર્થતંત્ર 31મી મે, 2022ના રોજ બહાર પાડવામાં આવેલા જીડીપીના કામચલાઉ અનુમાન મુજબ 2019-20ના પૂર્વ રોગચાળાના વાસ્તવિક જીડીપી સ્તરે સંપૂર્ણ રીતે પુનઃ પ્રાપ્ત થઈ ગયું છે. નાણાકીય વર્ષ 2021-22માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ 8.7 ટકા છે, જે 2019-20 કરતા 1.5 ટકા વધારે છે.

# એકમ-14 ગુજરાતની પાક તરાહ

-: રૂપરેખા :-

**14.1 પ્રસ્તાવના**

**14.2 ગુજરાતની ભૌગોલિક સ્થિતિ**

**14.3 ગુજરાતમાં પાકના પ્રકારો**

**14.4 પાક પદ્ધતિ એટલે શું ?**

**14.5 ભારતમાં ખેડાણ ઘટક આધારિત ખેડૂતોનું પ્રમાણ**

**14.6 પાક તરાહમાં ફેરફાર એટલે શું ?**

**14.7 ગુજરાતમાં પાક તરાહના પરિવર્તનના કારણો**

**14.8 ગુજરાતમાં પાક પરિવર્તનની અસરો**

**14.9 પાક તરાહમાં પરિવર્તન અટકાવવાના ઉપાયો**

**14.10 આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ 2023**

- **સમીક્ષા**
- **સંદર્ભ વાચન**

## 14.1 પ્રસ્તાવના

ભારતમાં તેમજ ગુજરાત રાજ્યમાં લોકોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ એ કૃષિ છે. આઝાદી પછીના ઘણા દાયકાઓ સુધી રાષ્ટ્રીય આવકમાં ઉપજના હિસ્સાની દષ્ટિએ કૃષિક્ષેત્ર પ્રાધાન્ય ધરાવતું હતું અને હજુ પણ 50 ટકા કરતાં વધુ વસ્તી કૃષિક્ષેત્રે આજીવિકાના સાધન તરીકે પ્રાધાન્ય ધરાવે છે. કૃષિક્ષેત્રના લોકોની આવકોમાં નોંધપાત્ર સુધારો થાય તો દેશની મોટાભાગની પ્રજાના જીવનધોરણમાં સુધારો થાય. આઝાદી પછીના પ્રારંભિક દાયકાઓમાં કૃષિક્ષેત્ર ખૂબ જ પછાત હતું અને ઘણે અંશે સ્થગિતતા પ્રવર્તતી હતી. કૃષિક્ષેત્રે સંસ્થાકીય તેમજ ટેકનોલોજિકલ પરિવર્તનો અત્યંત ધીમા હતા અને તેને પરિણામે કૃષિક્ષેત્રની ઉત્પાદકતા ખૂબ ઓછી હતી અને ખેડૂતોની આવક ખૂબ મર્યાદિત હતી. ખૂબ જ મોટા અને જૂજ એવા પ્રગતિશીલ ખેડૂતોને બાદ કરતાં મોટા ભાગના ખેડૂતો માટે કૃષિ એ માત્ર જીવાઈ પાત્ર સાધન હતું તે પરંપરાગત રીતે જ નિભાવવામાં આવતું હતું.

માનવીના અસ્તિત્વના સમયથી તેની મુખ્ય ત્રણ જરૂરિયાતો હંમેશા રહી છે. જેમાં અન્ન, વસ્ત્ર અને આવાસ (રોટી, કપડાં ઔર મકાન)નો સમાવેશ થાય છે. માનવજીવનના ઉદ્ભવથી વર્તમાન સમય સુધી માનવીની વિકાસગાથામાં માનવજીવનને ટકાવી રાખનાર કોઈ બાબત હોય તો તેની આહારની જરૂરિયાત છે. માનવી તેના શરૂઆતના વર્ષોમાં ફળ, ફૂલ, કંદમૂળનો ઉપયોગ કરી પોતાના અસ્તિત્વને ટકાવી રાખતો હતો. આશરે દશ હજારથી વધુ વર્ષો પહેલાં માનવી પોતાના આહારની કાયમી પૂર્તિ માટે પોતાના વસવાટની નજીક અનાજના દાણાનું વાવેતર કરતો, તે સમયની ખેતી એ માત્ર તેના અસ્તિત્વ માટે હતી. સમય બદલાતા નવી વૈચારિક નીતિઓ સમયના વહેણ મુજબ નિર્માણ પામતી ગઈ. ખેતી સમય સાથે માત્ર જીવનનિર્વાહ સાધન તરીકે સીમિત ન રહેતાં અર્થઉપાર્જન સાધન તરીકે કાર્યરત બની અને ખેડૂત પોતાની અન્ય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે ઉત્પાદિત કરેલ

ખેતી પેદાશોનું અન્ય જરૂરિયાતો માટે વિનિમય કરવા લાગ્યા.

હરિયાળી ક્રાંતિના પરિણામ સ્વરૂપે કૃષિક્ષેત્રે આપણો દેશ વિશ્વ ફલક પર મોખરાનું સ્થાન ભોગવી રહ્યો છે. કૃષિક્ષેત્રે થયેલી પ્રગતિની નોંધ સમગ્ર વિશ્વએ લીધી છે. તેની સાક્ષી રાજ્યનો કૃષિક્ષેત્રનો વિકાસદર પૂરે છે. જે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત ગણાય. કૃષિ ઉત્પાદનનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને મળી રહે તે માટે કૃષિકારોના પુરુષાર્થ, કૃષિ વિજ્ઞાનના સામર્થ્ય અને રાજ્ય સરકારના પ્રોત્સાહક આયોજન દ્વારા કૃષિ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પ્રાપ્ત કરીને હરિયાળી ક્રાંતિ માટે સૌ ખેડૂત મિત્રો કટિબદ્ધ બન્યા તે આજના યુગની આવશ્યકતા છે. કૃષિકારો માટે ખરીફ પાકોનો ગામવાર સર્વે કરીને જમીન સ્વાસ્થ્ય કાર્ડ આધારિત સંતુલિત ખાતરનો વપરાશ થાય તે માટે સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાય છે. આ પ્રકારના પ્રયાસોની પહેલ દેશભરમાં ગુજરાતે કરી છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમ એક અનોખો અભિગમ હાથ ધરીને ગુજરાત રાજ્યના તમામ ગામોને આવરી લઈ કૃષિ વિકાસના કાર્યક્રમો કિસાનો સુધી પહોંચે તે માટે કૃષિ મહોત્સવનું આયોજન પ્રતિવર્ષ થાય છે.

## 14.2 ગુજરાતની ભૌગોલિક સ્થિતિ

ભારતમાં પશ્ચિમે આવેલાં રાજ્યોમાંનું એક રાજ્ય ગુજરાત છે. ગુજરાત રાજ્ય ભારતના પશ્ચિમ ભાગે $20^0$-1 થી $24^0$-7 ઉત્તર અક્ષાંશ વચ્ચે અને $68^0$-4 થી $74^0$-4 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. ગુજરાતની પશ્ચિમે અને દક્ષિણે અરબી સમુદ્ર અને વાયવ્યે પાકિસ્તાન છે. જ્યારે પૂર્વે મધ્યપ્રદેશ, ઉત્તરે અને ઈશાને રાજસ્થાન અને દક્ષિણ અને નૈઋત્યે મહારાષ્ટ્ર આવેલ છે. ભારતના તમામ રાજ્યોમાંથી ગુજરાત પાસે સૌથી મોટો 1606 કિલોમીટર લાંબો દરિયા કિનારો છે. ભારતના કુલ ભૌગોલિક વિસ્તરના 6 ટકા હિસ્સો ભારત ધરાવે છે. રાજ્યમાં 33 જિલ્લાઓ અને 250 તાલુકાઓ છે. ગુજરાત ભૌગોલિક રીતે ત્રણ પ્રદેશોમાં વહેંચાયેલું છે. ઉત્તર-પશ્ચિમમાં આવેલું કચ્છનું રણ, ડુંગરાળ સૌરાષ્ટ્ર પ્રદેશ નિચાણવાળા પર્વતોનું ઘર છે. જ્યારે ફળદ્રુપ મેદાન કચ્છના રણ અને દમણગંગા નદી વચ્ચે આવેલું છે. ગુજરાત અનેક પવિત્ર નદીઓની ભૂમિકા ગણાય છે. જેમાં સાબરમતી સૌથી મોટી નદી છે પછી તાપી અને નર્મદા આવે છે. નર્મદા નદી રાજ્યમાંથી પસાર થવામાં સૌથી લાંબુ અંતર આવરી લે છે. આ ઉપરાંત દમણગંગા, રુકમાવતી, બનાસ, પૂર્ણા, સાપુતારા અને સહ્યાદ્રી જેવા કુદરતી સૌંદર્ય ધરાવતા પર્વતોની હારમાળા છે. ગુજરાત રાજ્ય વિસ્તારની દૃષ્ટિએ 1,96,024 ચોરસ કિલોમીટર વિસ્તાર સાથે ભારતમાં સાતમાં ક્રમે આવે છે.

ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર મેગા થર્મિક કેટેગરીમાં આવે છે. જેમાં સરેરાશ માટીનું તાપમાન $28^0$ સેલ્સિયસથી વધુ હોય છે. જાન્યુઆરીમાં હવાનું તાપમાન સામાન્ય રીતે $10^0$ ડિગ્રી સેલ્સિયસથી વધુ રહે છે. ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ ગુજરાતમાં મે મહિનામાં મહત્તમ તાપમાન $40^0$ સેલ્સિયસથી ઉપર જાય છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં વધુ મધ્યમ છે. ગુજરાતમાં સરેરાશ 828 મી.મી. વરસાદ પડે છે. જે 50% જૂનથી સપ્ટેમ્બર સુધીના 35 દિવસમાં પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં 40 ટકા જિલ્લા દુકાળગ્રસ્ત છે. નબળાં વરસાદના વર્ષોમાં મહત્ત્વના પાકોની ઉત્પાદકતામાં ઘટાડો જોવા મળે છે.

## 14.3 ગુજરાતમાં પાકના પ્રકારો

ગુજરાતમાં 40 થી વધુ મુખ્ય પાકો લેવામાં આવે છે. ખાદ્ય પાકો, બિન ખાદ્ય

પાકો, ઉચ્ચ મૂલ્યના પાકો એટલે કે વધુ કમાણી કરી આપતા પાકો છે. ભારત કે ગુજરાતમાં મુખ્યત્વે ખેતી વરસાદ ઉપર આધારિત છે. ચોમાસામાં અસ્થાયી અને અવકાશી પરિવર્તનશીલતા પાક આયોજન નક્કી કરે છે. યોગ્ય પાક અને તેમની જાતો, પાકની પદ્ધતિ અથવા અન્ય સંબંધિત ખેતી પદ્ધતિઓની પસંદગી આકસ્મિક પાક આયોજન જરૂરી છે. ચોમાસાની અનિશ્ચિતતાઓમાં કૃષિ ઉત્પાદનને ટકાવી રાખવા માટે ઘણી તકનિકો વિકસાવવામાં આવે છે. પરંતુ ખેડૂતો આ માહિતીથી પરિચિત હોતા નથી. દર વર્ષે ચોમાસાની અનિયમિતતા અને વરસાદના વિવિધ સમયગાળાના વિરામને કારણે ખેડૂતોને ઘણું નુકસાન થાય છે. આ પરિસ્થિતિઓને દૂર કરવા માટે આકસ્મિક પાક આયોજન ઘણું જ ઉપયોગી છે.

ગુજરાતમાં પાકના મુખ્યત્ત્વે આઠ પ્રકાર છે.

**(1) ધાન્ય પાકો :**

જે પાકનો અન્ન તરીકે સીધો ઉપયોગ કરવામાં આવે તેવા પાકો ઘઉં, ચોખા, બાજરી, જુવાર, મકાઈ વગેરે.

**(2) કઠોળ :**

પૌષ્ટિકતાની રીતે ઉપયોગ કરવામાં આવે છે તેવા પાકો મગ, મઠ, તુવેર, અડદ, ચણા, વાલ,વટાણા, સોયાબીન, ચોળા વગેરે.

**(3) તેલીબિયાં પાકો :**

જે ખાદ્ય પાક કે જે રોકડીયા પાક છે. જેમ કે મગફળી, તલ, રાઈ, કસુંબી, સરસવ, સૂર્યમુખી, સોયાબીન અને અખાદ્ય પાકમાં એરંડા વગેરે.

**(4) રેસા પાકો :**

કપાસ, ભીંડી, કેતકી, શણ વગેરે.

**(5) મસાલા પાકો :**

આદુ, હળદર, લસણ, જીરું, મરચાં, ધાણા

**(6) કંદમૂળ અને મૂળ પાકો :**

સૂરણ, બટાકા, શક્કરીયાં, ડુંગળી, બીટ, ગાજર, મૂળો વગેરે.

**(7) શાકભાજી પાકો :**

ભીંડા, તૂરીયા, દૂધી, ગલકાં, ચોળી, મૂળાં, ગાજર, વટાણા, મેથી, કોબીજ, ફુલાવર, વાલોર, ટામેટાં, રીંગણા, મરચાં, ગીલોડી, ફણસી, કારેલાં, ગવારફળી વગેરે.

**(8) રોકડીયા પાકો :**

જે પાકનું ઉત્પાદન મુખ્યત્વે આવક સર્જન માટે થતું હોય જેમ કે શેરડી, તમાકુ, વરીયાળી, ઈસબગુલ, અજમો, ચિકોરી, મેથી, ધાણા, એરંડા, નાળિયેરી, ખજૂરી વગેરે.

સ્વતંત્રતા પહેલાના 50 વર્ષ એટલે કે 19મી સદીની શરૂઆતથી મધ્ય સુધી દેશનો અનાજનો વાર્ષિક ઉત્પાદન વૃદ્ધિનો દર 0.1 ટકા હતો અને વસ્તી 0.67 ટકાના દરે વધતી હતી. પરિણામે ગરીબી અને અનાજની અછતની સમસ્યા પેદા થઈ અને અનાજની

વિદેશોમાંથી આયાત અનિવાર્ય બની. આઝાદી પછી દેશની વસ્તી 2.2 ટકાના દરે વધી પરંતુ અનાજનું ઉત્પાદન 2.8 ટકાના દરે વધ્યું. તેથી માથાદીઠ અનાજની પ્રાપ્તિમાં વધારો થયો. પરંતુ અનાજનું ઉત્પાદન વધવાનો દર ધીમો હતો. આથી કૃષિ ઉત્પાદન વધારવા, નૂતન ઉત્પાદન પદ્ધતિઓ અને ટેકનોલોજીનો અમલ કરવામાં આવ્યો હતો. તેમજ ઈ.સ. 1968 પછી થયેલ કૃષિ વિકાસ 'હરિયાળી ક્રાંતિ' તરીકે ઓળખાય છે. જેથી આપણે વિદેશોમાંથી અનાજની આયાત નહીં પરંતુ નિકાસકર્તા તરીકે દેશ ઊભરી આવ્યો છે.

## 14.4 પાક પદ્ધતિ એટલે શું ? What is the Crop Pattern ?

પાક પદ્ધતિ એક વર્ષમાં વધુ અનાજના ઉત્પાદનમાં મદદ કરે છે. વિવિધ પાક પદ્ધતિ, મિશ્ર પાક પદ્ધતિ, આંતર પાક અને પાક પરિભ્રમણ છે. પાક પરિભ્રમણ જમીનના ટુકડા પર એક વર્ષમાં બે કે ત્રણ અલગ અલગ પાક ઉગાડે છે. દા.ત. કઠોળ સાથે વૈકલ્પિક અનાજ.

મોટે ભાગે ત્રણ પ્રકારની પાક પદ્ધતિ છે. સામાન્ય રીતે જુદા જુદા વિવિધ પાકો પરંપરાગત ખેતીમાં લેવામાં આવતા હતા.

### 1. મિશ્રપાક પદ્ધતિ :

જમીનના એક જ ટુકડા ઉપર એક સાથે બે અથવા વધુ પાક ઉગાડવા તેને મિશ્ર પાક પદ્ધતિ કહેવાય છે. મિશ્ર પાક પદ્ધતિનો મહત્ત્વનો લાભ પાકની નિષ્ફળતાના જોખમને ઘટાડે છે. આ પદ્ધતિમાં વાવણી પહેલાં બે પાકના બિયારણને મિશ્રિત કરવામાં આવે છે. વ્યક્તિગત પાકની અલગ લણણી અને થ્રેસીંગ કરવામાં આવે છે. પાકની ઉપજમાં વધારો થાય છે. દા.ત. ઘઉં + સરસવ, મગફળી + સૂર્યમુખી.

### 2. આંતરપાક :

એક જ ખેતરમાં ચોક્કસ પેટર્ન સાથે એક કરતાં વધુ પાકો અથવા બે પાકો ઉગાડવામાં આવે ત્યારે તેને આંતર પાક પેટર્ન કહેવાય છે. દા.ત. બે હરોળમાં વાવેતર વખતે બિયારણ નાખવું. ચોક્કસ જગ્યા છોડી અલગ અલગ પાક માટે બિયારણ નાંખીને વાવેતર કરવું. આ પદ્ધતિથી વાવેતર કરતાં એકમ વિસ્તાર દીઠ ખેત ઉત્પાદકતા વધે છે. વ્યક્તિગત પાક ઉપર જંતુનાશક દવાઓનો છંટકાવ સરળતાથી કરી શકાય છે. બંને પાકોની લણણી તથા થ્રેસરથી અલગ પાકો લઈ શકાય છે. આંતરપાક ખેતીથી જમીનનું ધોવાણ ઓછું થાય છે. વળી અલગ અલગ હરોળમાં વિવિધ પાકો હોવાથી સૂર્યપ્રકાશ, માટી, હવા અને પાણી જેવા કુદરતી સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકાય છે અને આવા કુદરતી સંસાધનોના મહત્તમ લાભની પ્રાપ્તિ મેળવી શકાય છે. જે વધુ ઉત્પાદકતામાં વધારો કરવા મદદરૂપ બને છે. દા.ત. મકાઈ + સોયાબીન, ફિંગર બાજરી + લોબિયા વગેરે. ઘઉં + રાયડો

### 3. પાક પરિભ્રમણ :

પાક પરિભ્રમણ એટલે કે એક પાકની ઉપજ લીધા પછી તે જ પાક ફરીવાર ન પકવતાં બીજો પાક, ત્રીજા પાક એમ વારાફરતી જુદા જુદા પાકો એક જ જમીન ઉપર પકવવા. પાક પરિભ્રમણ પદ્ધતિથી ખેડૂતને પાકની ઉપજ મેળવવામાં વધુ લાભો પ્રાપ્ત થાય છે. એક જ જમીન પર પૂર્વ આયોજિત અનુગામી વિવિધ પાકો ઉગાડવા. જેથી જમીનને તેના ખોવાયેલાં પોષક તત્ત્વો પુનઃ પ્રાપ્ત થાય છે. જમીનમાં કે પાકમાં જીવાતો પડતી નથી. નિંદણ અને રોગોને નિયંત્રીત કરવામાં મદદ કરે છે. વળી જમીનના પોષ દ્રવ્યો જળવાઈ રહેતા હોવાથી રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવામાં મદદ કરે છે. આમ

પાક પરિભ્રમણથી ખેડૂતને વધુ લાભો મળે છે. વારાફરતી પાકો જેવાં કે મકાઈ, સરસવ, ચોખા, ઘઉં, મેથી, બટાટા, શેરડી, વટાણા વગેરે.

ગુજરાતની મોટે ભાગે પાક પદ્ધતિમાં ખરીફ સીઝનમાં બાજરી, મકાઈ, ડાંગર, મગફળી જેવા મુખ્ય પાકો ઉગાડવામાં આવે છે. રવિ સિઝનમાં કપાસ, ઘઉં, સરસવ, જીરું, રાયડો, શાકભાજી, મગફળી વગેરે છે. ખેતરના મુખ્ય પાકોમાં મગફળી, કપાસ, ઘઉં, તલ, જુવાર, બાજરી, રાયડો અને શાકભાજીમાં ડુંગળી, રીંગણ, લસણ, ગુવાર અને કાકડી છે. અમુક વિસ્તારોમાં બટાટા પણ મુખ્ય પાક છે. ઔષધિય અને સુગંધિત પાકમાં જીરું, મેથી, અજવાન (અજમો), ધાણા અને વાવેતરના પાકમાં નાળિયેર અને ખજૂરી છે.

ભારતમાં તમાકુ, કપાસ અને મગફળીનું વધુ મુખ્ય ઉત્પાદક રાજ્ય ગુજરાત છે. જો કે મુખ્ય પાકો ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, તુવેર અને ચણાનું ઉત્પાદન પણ મોટે પાયે ગુજરાતમાં થાય છે.

## 14.5 ભારતમાં ખેડાણ ઘટક આધારિત ખેડૂતોનું પ્રમાણ (હજારમાં)

| વર્ષ | સીમાંત ખેડૂત 1 હેક્ટર જમીન ધારક | નાના ખેડૂત 1 થી વધુ 1.99 હેક્ટર જમીન ધારક | અર્ધ મધ્યમ 2 થી વધુ 3.99 હેક્ટર જમીન ધારક | મધ્યમ ખેડૂત 4 થી વધુ 9.99 હેક્ટર જમીન ધારક | મોટા ખેડૂત 10 હેક્ટરથી વધુ જમીન ધારક | કુલ ખેડૂતો બધા જ પ્રકારની |
|---|---|---|---|---|---|---|
| 1970-71 | 36,200 | 13,432 | 10,681 | 7,932 | 2,766 | 71,0112 |
| 1980-81 | 50,122 | 16,072 | 12,455 | 8,068 | 2,166 | 88,883 |
| 1990-91 | 63,389 | 20,092 | 13,923 | 7,580 | 1,654 | 1,06,638 |
| 2000-01 | 75,408 | 22,695 | 14,021 | 6,577 | 1,230 | 1,19,931 |
| 2010-11 | 92,826 | 24,779 | 1,38,896 | 5,875 | 973 | 1,38,349 |
| 2020-21 | 1,23,445 | 26,956 | 13,811 | 5,474 | 801 | 1,70,487 |

પ્રાપ્તિ સ્થાન : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય ભારત સરકાર 2020-21

ભારતમાં 1970-71માં 1 હેક્ટરથી ઓછી જમીન ધરાવનાર સીમાંત ખેડૂતો 50.98 ટકા (36,200 હજાર) હતા. જે 2020-21માં 1,23, 445 હજાર (72.41 ટકા) થયા. નાના ખેડૂતો કે જેમની પાસે 1 હેક્ટરથી 1.99 હેક્ટર જમીન હતી. તેઓ 18.91 ટકા કુલ ખેડૂતોના હતા. જે 2020-21માં 15.81 ટકા (26,956 હજાર), અર્ધ મધ્યમ 1970-71માં 15.04 ટકા હતા તે 2020-21માં 8.10 ટકા, મધ્યમ ખેડૂતો કે જેમની પાસે 4 હેક્ટરથી 9.99 હેક્ટર હતી તેઓ 11.17 ટકાથી ઘટીને 3.21 ટકા 2020-21માં થયા. મોટા ખેડૂતો કે જેમની જમીન માલિકી 10 હેક્ટર જમીન હતી તેઓ 1970-71માં 3.90 ટકા હતા. તે 2020-21માં માત્ર 0.47 ટકા (801 હજાર) થયા. આમ 1970-71ની તુલનાએ માત્ર સીમાંત ખેડૂતો (1 હેક્ટર જમીન ધારક)ની ટકાવારીમાં 22 ટકા વધારો થઈ 72.41 ટકા થયા. જેમ જેમ જમીનનું કદ (ખેડાણ ઘટક) વધતું ગયું તેમ તેમ તેમની ટકાવારી અને ખેડૂતની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળે છે. આખા દેશમાંથી 10 હેક્ટરથી વધુ જમીન ધરાવનાર ખેડૂતો 8,01,000 જ (0.47%) જ છે. પરિણામે આપણા દેશની ખેત ઉત્પાદકતા અને ઉત્પાદન અન્ય દેશોની તુલનાએ ઘણું નીચું જોવા મળે છે. સાવ ઓછી ખેડાણ ઘટક જમીનનો માલિક ખેડાણના સારા (ઈનપુટ્સ) સાધનો અને ટેકનોલોજિકલ પરિવર્તનો અપનાવવામાં આવકના અભાવે પાછળ પડી જાય છે. પરિણામે ભારતીય કૃષિ પછાત રહેવા પામે છે.

- **ગુજરાતમાં ખેડાણ ઘટક આધારિત ખેડૂતોની સંખ્યા (વર્ષ 2011)**

| ખેડૂતના પ્રકાર | ખેડૂતોની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| 1 સીમાંત ખેડૂત | 15,85,042 | 34.01 % |
| 2 નાના ખેડૂત | 13,45,348 | 28.86 % |
| 3. અર્ધ મધ્યમ ખેડૂત | 10,80,611 | 23.18 % |
| 4. મધ્યમ ખેડૂત | 5,82,229 | 12.49 % |
| 5. મોટા ખેડૂત | 67,784 | 1.45 % |

ગુજરાતમાં સીમાંત ખેડૂતોની (1 હેક્ટરથી ઓછી જમીન ધારક) 15,85,042 કે જે કુલ ખેડૂત જમીનધારકના 34.01 ટકા, નાના ખેડૂત 13,45,348 (28.86%), અર્ધ મધ્યમ ખેડૂતો 10,80,611 (23.18%), મધ્યમ ખેડૂત 5,82,229 (12.49%) અને મોટા ખેડૂત 67,784 (1.45%) હતાં.

દેશ કરતાં ગુજરાત રાજ્યમાં સીમાંત ખેડૂતો અડધા જેટલાં હતા. નાના ખેડૂતો દેશ કરતાં 10% વધુ અને મધ્યમ ખેડૂતો દેશ કરતાં 4% વધુ અને મધ્યમ ખેડૂતો અને મોટા ખેડૂતો રાષ્ટ્ર કરતાં ગુજરાતમાં 10 કરતાં વધુ જોવા મળે છે. જે ગુજરાતના ખેડૂતોની ખેડાણ ઘટકની ક્ષમતા ઊંચી દર્શાવે છે. 10 હેક્ટર કરતાં વધુ જમીન ધારકો દેશમાં માત્ર 0.47 ટકા છે જ્યારે ગુજરાતમાં 1.45 ટકા છે.

આમ ગુજરાતમાં ખેડાણ ઘટક ધરાવતાં જુદા જુદા ગ્રૂપમાં ભારત કરતાં વધુ સંખ્યામાં છે. સીમાંત ખેડૂત દેશમાં જે 72.41 ટકા છે. જે ગુજરાતમાં માત્ર 34.01 ટકા છે જે સારી દિશાનું સૂચન કરે છે. ખેતીની પ્રગતિકારક સ્થિતિ દર્શાવે છે. ખેડાણ ઘટકની ઓછી અસમાનતા ગુજરાત માટે પ્રગતિ દર્શાવે છે.

## 14.6 પાક તરાહમાં ફેરફાર એટલે શું ?

ખેતીમાં જે તે સમયે આગળના સમયથી ચાલી આવતી પરંપરાગત પાકોની ખેતીમાં નવી પરિસ્થિતિઓને અનુરૂપ પાકની વાવણીમાં જમીનના ઉપયોગમાં ફેરફાર કરવો તે પાકની તરાહના ફેરફાર કહેવાય. પરંપરાથી ચાલ્યાં આવતા પાકોની ખેતીને બદલે જમીન, આબોહવા, પાણીની પ્રાપ્યતા તથા ટેકનોલોજીની પ્રાપ્યતા પ્રમાણ બજારમાં પ્રવર્તમાન કૃષિ પેદાશોના ભાવોથી પ્રેરાઈને પાકની તરાહ એટલે કે પાકની રોપણીમાં ફેરફાર કરવામાં આવે તેને પાકની તરાહનો ફેરફાર કહેવાય. પાકની રાહમાં ફેરફાર તે કૃષિનો વ્યાવસાયિક અને વાણિજ્યિક સ્વરૂપ દર્શાવે છે તથા ખેડૂતોના પ્રગતિશીલ અને ગતિશીલ માનસને વ્યક્ત કરે છે. ગુજરાત રાજ્યના ખેડૂતો અન્ય રાજ્યોના ખેડૂતોની તુલનામાં વિશેષ પ્રગતિશીલ ગણાય છે. આથી ગુજરાતની પાકની તરાહમાં ઠીક ઠીક એવા પરિવર્તનો જોવા મળે છે.

પાકની તરાહમાં પરિવર્તન લાવવા માટે કયા પરિબળો એટલે કે કારણો જવાબદાર છે. તેની અર્થતંત્ર પર શું અસર પડે છે. તેમજ પાક (પરિવર્તન) એટલે કે પાક તરાહના પરિવર્તન અટકાવવા કયા ઉપાયો જરૂરી છે તેની વિગતવાર સમજૂતી મેળવીએ.

ગુજરાતના પાક માળખામાં વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા જોઈએ.

- ગુજરાતના મુખ્ય પાકોનો વાવેતર વિસ્તાર

(A) ધાન્ય પાકો (00' હેક્ટર વાવેતર વિસ્તાર)

| વર્ષ | ચોખા | બાજરી | જુવાર | ઘઉં | રાગી | કુલ વાવેતર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 5700 | 10869 | 3248 | 5060 | 189 | 25066 |
| 2000-01 | 5835 | 9892 | 1632 | 2681 | 196 | 20236 |
| 2011-12 | 8355 | 8663 | 1240 | 13506 | 162 | 31926 |
| 2012-13 | 7011 | 5994 | 796 | 10235 | 173 | 24209 |
| 2013-14 | 8204 | 6721 | 1871 | 14422.88 | 143 | 31361.88 |
| 2014-15 | 7944 | 4530 | 696 | 11714 | 201 | 25085 |
| 2015-16 | 7742 | 3912 | 991 | 8577 | 192 | 21414 |
| વર્ષ | ચોખા | બાજરી | જુવાર | ઘઉં | રાગી | કુલ વાવેતર વિસ્તાર |
| 2016-17 | 38224 | 4314 | 1034 | 9994 | 192 | 53758 |
| 2017-18 | 8027 | 1530 | 670 | 9994 | 119 | 20340 |
| 2018-19 | 8093.67 | 1635.40 | 391.19 | 10588 | 119.94 | 20828.20 |
| 2019-20 | 8495.99 | 1773.51 | 286.38 | 13935 | 116.16 | 24607.04 |
| 2020-21 | 8369.96 | 1844.50 | 264.55 | 13664 | 104.68 | 24247.69 |

(B) ગુજરાતમાં કઠોળ પાકનો વાવેતર વિસ્તાર (00' હેક્ટર વાવેતર વિસ્તાર)

| વર્ષ | તવુરે | મગ | મઠ | અડદ | ચણા | કુલ વાવેતર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 3833 | 1735 | 544 | 1203 | 824 | 8139 |
| 2000-01 | 3179 | 1495 | 438 | 840 | 165 | 6117 |
| 2011-12 | 2444 | 2655 | 457 | 1032 | 2399 | 8987 |
| 2012-13 | 2281 | 1150 | 141 | 948 | 1361 | 5881 |
| 2013-14 | 2099 | 1589 | 309 | 877 | 2417 | 7291 |
| 2014-15 | 2178 | 823 | 102 | 678 | 1640 | 5421 |
| 2015-16 | 2294 | 1042 | 187 | 652 | 1141 | 5316 |
| 2016-17 | 3941 | 1536 | 48 | 1935 | 1644 | 9104 |
| 2017-18 | 2712 | 1253 | 469 | 1281 | 1730 | 7445 |
| 2018-19 | 2543.47 | 630.52 | 121.26 | 1061.56 | 4050 | 8406.81 |
| 2019-20 | 2106.86 | 915.07 | 115.98 | 864.69 | 8162 | 12164.6 |
| 2020-21 | 2858.08 | 916.32 | 147.94 | 989.89 | 1101 | 6013.23 |

(C) ગુજરાતના મુખ્ય શાકભાજી પાકનો વાવેતર વિસ્તાર (00' હેક્ટર વાવેતર વિસ્તાર)

| વર્ષ | બટાકા | ડુંગણી | મરચાં | લસણ | | કુલ વાવેતર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 230 | 186 | 184 | 160 | - | 760 |
| 2000-01 | 328 | 64 | 139 | 25 | - | 556 |
| 2011-12 | 778 | 728 | 80 | 418 | - | 2004 |
| 2012-13 | 715 | 167 | 65 | 72 | - | 1019 |
| 2013-14 | 793 | 797 | 63 | 381 | - | 2034 |
| વર્ષ | બટાકા | ડુંગણી | મરચાં | લસણ | | કુલ વાવેતર વિસ્તાર |
| 2014-15 | 1017 | 470 | 115 | 78 | - | 1680 |
| 2015-16 | 1092 | 630 | 59 | 76 | - | 1857 |
| 2016-17 | 1343 | 559 | 73 | 95 | - | 2070 |
| 2017-18 | 1304 | 545 | 56 | 194 | - | 2099 |
| 2018-19 | 26600.59 | 238.47 | 45.32 | 98.7 | - | 26983.08 |
| 2019-20 | 26546.36 | 414.08 | 14.14 | 113.13 | - | 27089.71 |
| 2020-21 | 22705.03 | 597.91 | 65.28 | 159.84 | - | 23528.06 |

(D) ગુજરાતના મુખ્ય તેલિબિયાં પાકોનો વાવેતર વિસ્તાર (00' હેક્ટર વાવેતર વિસ્તાર)

| વર્ષ | કપાસ | મગફળી | એરંડા | રાઈ | સોયાબીન | કુલ તેલિબિયાં પાકો |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 14104 | 19026 | 3881 | 3681 | - | 40692 |
| 2000-01 | 16154 | 17448 | 4886 | 1866 | - | 40354 |
| 2011-12 | 30031 | 16863 | 8777 | 2076 | 421 | 58168 |
| 2012-13 | 24572 | 12853 | 7507 | 2128 | 466 | 47526 |
| 2013-14 | 26084 | 18301 | 6302 | 2770 | 600 | 54057 |
| 2014-15 | 28838 | 13833 | 6965 | 2325 | 495 | 52456 |
| 2015-16 | 27216 | 14132 | 7138 | 1902 | 804 | 24003.216 |
| 2016-17 | 23909 | 17584 | 5437 | 2001 | 1202 | 50133 |
| 2017-18 | 26265 | 16788 | 5852 | 2213 | 1460 | 52578 |
| 2018-19 | 26600.56 | 15663.72 | 6142 | 1953.56 | 1357 | 51716.84 |
| 2019-20 | 26546.36 | 16292.75 | 7360 | 1726.18 | 1006 | 52937.29 |
| 2020-21 | 22705.03 | 21014.64 | 6529 | 2146.68 | 1492 | 53887.35 |

1990-91 થી વર્ષ 2020-21ના લગભગ ત્રણ દાયકાના પાકની તરાહના નોંધપાત્ર ફેરફાર સ્પષ્ટપણે શાકભાજીના પાક તરફ અન્ય પાકોની તુલનાએ નોંધપાત્ર પ્રમાણમાં વધવા પામ્યું છે. 1990-91માં 76000 હેક્ટરના વાવેતર વિસ્તાર સાથે 2020-21માં 23,52,800 હેક્ટરમાં શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે. શાકભાજીના વાવેતરમાં લગભગ 3100 ગણો અસાધારણ વધારો થવા પામ્યો છે. પાકની તરાહમાં બીજો એક મહત્ત્વનો ફેરફાર એ રોકડીયા અને તેલીબિયાં પાકોમાં જોવા મળે છે. 1990-91 થી 2020-21ના ત્રણ દાયકા દરમ્યાન તેલીબિયાં અને કપાસનું વાવેતર 40,69,200 હેક્ટરમાં થતું હતું તે વધીને 2020-21માં 53,88,700 હેક્ટર થવા પામ્યું છે. એટલે કે 13 ટકાથી વધુ વાવેતર વિસ્તાર વધ્યો છે.

આ સિવાય અનાજ અને કઠોળના પાકો પૈકી એંકદરે બાધ અનાજના વાવેતર વિસ્તારમાં કોઈ દેખીતો વધારો કે ઘટાડો જોવા મળતો નથી. 1990-91માં બધા અનાજનો વાવેતર વિસ્તાર 2,506,600 હેક્ટર હતો તેમાં 2020-21માં સીમાંત ઘટાડો જોવા મળે છે. (24,24,700). આમ એકંદર અનાજના વાવેતર વિસ્તારમાં છેલ્લાં ત્રણ દાયકામાં કોઈ ફેરફાર જણાતો નથી. છેલ્લાં ત્રણ દાયકામાં કઠોળના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. 1990-91માં 8,13,900 હેક્ટરથી ઘટીને વર્ષ 2020-21માં 6,01,300 વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે. જે આશરે 25 ટકા જેટલો ઘટાડો દર્શાવે છે. આમ શાકભાજીના છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન અસાધારણ વધારો થવા પામ્યો છે. તેલીબિયાં અને કપાસના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે. જ્યારે અનાજના વાવેતર વિસ્તારમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જણાતો નથી અને કઠોળના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે.

જો કે જુદા જુદા પાક સમૂહોમાં અંતર્ગત વાવેતર વિસ્તારના ફેરફારો સ્પષ્ટપણે જોઈ શકાય છે. અનાજના પાકો પૈકી ચોખા અને ઘઉંના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. 1990-91માં ચોખા 5,70,000 અને ઘઉંનો વાવેતર વિસ્તાર 5,06,000 હતો તે વધીને 2020-21માં અનુક્રમે 8,36,900 અને ઘઉંમાં 13,66,400 વાવેતર વિસ્તાર થયો હતો. ઘઉં અને ચોખા જેવા મુખ્ય અનાજના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર રીતે વધારો છે. પરંતુ બાજરી અને જુવાર જેવા જાડાં ધાન્યોના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. જેમ કે 1990-91માં બાજરીનો વાવેતર વિસ્તાર 10,86,900 અને જુવારનો 3,24,800 વાવેતર વિસ્તાર હતો તે 2020-21માં ઘટીને અનુક્રમે 1,84,400 અને 26,400 હેક્ટર થવા પામ્યો છે. આમા જાડાં ધાન્યોના પાકોના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જો કે એકંદર વાવેતર વિસ્તારમાં કોઈ ફેરફાર જણાયો નથી. કઠોળના વાવેતર વિસ્તારમાં છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન માર્જિનલ એંકદર વાવેતર વિસ્તાર 25 ટકા જેટલો ઘટાડો જોવા મળે છે. આ સમયગાળા દરમ્યાન તુવેરના વાવેતર વિસ્તારમાં મગ, મઠ, અડદમાં ઘટાડો અને ચણાના પાકમાં થોડો વધારો અંદાજે 20 ટકા વધારો જોવા મળે છે. છેલ્લાં ત્રણ દાયકામાં ચણાના વાવેતર વિસ્તાર 82,400 હેક્ટરથી વધીને 1,10,100 હેક્ટર થવા પામ્યો છે. ચણા સિવાય તુવેર, મગ, મઠ અને અડદ જેવા પાકોના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.

શાકભાજીના છેલ્લાં ત્રણ દાયકા દરમ્યાન શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં અસાધારણ વધારો જોવા મળે છે. જે પૈકી સૌથી આશ્ચર્યજનક વધારો બટાકાના વાવેતરમાં જોવા મળે છે. 1990-91માં 23,000 અને 2020-21માં 22,70,500 જોવા મળે છે. આશરે 1000 ટકા જેટલો વધારો જોવા મળે છે. ડુંગળીમાં માર્જિનલ વધારો જોવા મળે છે. મરચાંમાં સામાન્ય અને લસણના વાવેતરમાં ખાસ કંઈ ઘટાડો જણાતો નથી.

કપાસ અને તેલીબિયાં જેવા રોકડીયા પાકોના વાવેતર વિસ્તારમાં છેલ્લાં ત્રણ દાયકા દરમ્યાન નોંધપાત્ર વધારો જોવા મળે છે. જે પૈકી સૌથી વધુ વધારો કપાસના વાવેતરમાં જોવા મળે છે. કપાસના વાવેતરમાં 1990-91થી 2011-12માં વાવેતર વિસ્તારમાં ભારે વધારો જોવા મળ્યો છે. પરંતુ છેલ્લાં ત્રણ દાયકા દરમ્યાન નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. જો કે છેલ્લાં ત્રણ દાયકાના પ્રારંભ અને વર્તમાન સ્થિતિ જોતાં કપાસના વાવેતર વિસ્તારમાં એકંદર દેખીતો વધારો જોવા મળે છે. 1990-91માં 14,10,400 હેક્ટરથી વધીને 30,03,100 હેક્ટર વાવેતર વિસ્તાર જોવા મળે છે અને 2020-21માં 22,70,500 હતો.

મગફળીના પાકમાં છેલ્લાં ત્રણ દાયકા દરમ્યાન માર્જિનલ વધારો જોવા મળે છે. એટલે કે સાધારણ વધારો જોવા મળે છે. જ્યારે એરંડાના પાકમાં ત્રણ દાયકા દરમ્યાન નોંધપાત્ર વધારો જોવા મળે છે. જો કે એરંડાના પાકમાં 1990-91 થી 2011-12માં બે દાયકા દરમ્યાન મોટો વધારો થયો હતો અને છેલ્લાં દાયકા દરમ્યાન નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે. આમ છતાં ત્રણ દાયકા દરમ્યાન એકંદરે સારો એવો વધારો જોવા મળે છે. 1990-91માં 3,88,100 અને 2020-21માં 6,52,900 હેક્ટર વાવેતર વિસ્તારમાં વધારો થયો હતો.

રાયડાના પાકમાં છેલ્લાં ત્રણ દાયકા દરમ્યાન વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. જો કે 2011 થી 2020-21 દરમ્યાન દેખીતો વધારો પણ જોવા મળે છે. તેમ છતાં લાંબાગાળાની દૃષ્ટિએ જોતા રાયડાના પાકના વાવેતર વિસ્તાર ઠીક ઠીક એવો ઘટાડો જોવા મળ્યો છે. તેલીબિયાંના પાકો પૈકી સોયાબીનનું વાવેતર એ ગુજરાતમાં પરંપરાગત વર્ષ 2011-12 સુધી નગણ્ય હતું. 2001 થી સોયાબીનના વાવેતરમાં ૨૦૧૧-૧૨માં ૪૨,૧૦૦ હેક્ટરમાં થયું હતું જે 2020-21માં 1,49,200 હેક્ટર થવા પામ્યું છે. આમ સોયાબીનનું વાવેતર છેલ્લાં દાયકામાં ઝડપથી વધ્યું છે. અન્ય તેલીબિયાંની તુલનામાં તેનું વાવેતર ઓછું જણાય છે.

ન્યુટ્રીશન અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ વિવિધ અનાજ પૈકી જાડાં ધાન્યોનું મહત્ત્વ વિશ્વમાં વધતું જાય છે. ભારતમાં પણ જાડાં ધાન્યો સ્વાસ્થ્ય માટે વધુ ઉપયોગી કે ફાયદાકારક હોવાનું તજ્જ્ઞો દ્વારા દર્શાવવામાં આવે છે. ભારત વિશ્વમાં જાડાં ધાન્યોના ઉત્પાદનમાં 40 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વર્ષ 2012-13 એ જાડા ધાન્યના વર્ષ તરીકે વિશ્વભરમાં ઉજવાઈ રહ્યું છે. આ સંજોગોમાં સરકાર દ્વારા જાડાં ધાન્યોના વાવેતર માટે આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. શહેરી વિસ્તારના સુશિક્ષિત લોકોની રૂચિ ઘઉં અને ચોખાને બદલે જાડાં ધાન્યો તરફ કેળવાયા હોવાના સંકેતો મળે છે. જો સરકાર દ્વારા ખેડૂતોને જાડાં ધાન્યોના વાવેતરમાં આકર્ષક પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવે તો જાડાં ધાન્યોનું વાવેતર વધી શકે. ઓછા વરસાદ અને ઓછી કિંમતે થતા હોય છે. પાકમાં રોગો આવવાની શક્તતા ઓછી હોય છે. હવેના સમયમાં પ્રજા આ પાકો તરફ ફાઈબર અને પોષણને મહત્ત્વ આપતું હોવાથી આ તરફ પોતાની તરાહ વળે તો એક સારી દિશા ગણાશે.

કોઈપણ પાકના ઉત્પાદનમાં જમીનની ફળદ્રુપતા, હવામાન અને સિંચાઈ મુખ્ય ભાગ ભજવે છે. ભારતીય ખેતી મોટે ભાગે વરસાદ ઉપર આધારિત હોય છે. આ ઉપરાંત કુદરતી પરિબળો જેવા કે પૂર, દુષ્કાળ, વાવાઝોડું, ધરતીકંપ, વંટોળ, શીતલહેરો ઉપર પણ આધારિત હોય છે. આથી ઉત્પાદન પ્રમાણમાં ઘણો તફાવત જોવા મળે છે. ખેત ઉપજનો મુખ્ય આધાર વરસાદ ઉપર છે. ગુજરાતમાં વર્ષવાર થયેલાં વરસાદની માહિતી નીચે મુજબ છે જે ઉત્પાદન ઉપર મહત્ત્વની અસર કરે છે.

- **ગુજરાતનો સરેરાશ વરસાદ :**

| વર્ષ | વરસાદનું પ્રમાણ |
|---|---|
| 2010 | 1,026 મિલી. મી. |
| 2011 | 86 મિલી. મી. |
| 2012 | 574 મિલી. મી. |
| 1013 | 1,175 મિલી. મી. |
| 2014 | 762 મિલી. મી. |
| 2015 | 650 મિલી. મી. |
| 2016 | 727 મિલી. મી. |
| 2017 | 909 મિલી. મી. |
| 2018 | 638 મિલી. મી. |
| 2019 | 990 મિલી. મી. |
| 2020 | 44.77 ઈંચ |
| 2021 | 32.56 ઈંચ |

ગુજરાતમાં વરસાદની અનિશ્ચિતતા અને અનિયમિતતા ઉત્પાદન ઉપર ઘણી અસર જન્માવે છે.

- **ગુજરાતના મુખ્ય ધાન્ય પાકોનું ઉત્પાદન**

**(A) ધાન્ય પાકો** **(00' મેટ્રિકટન ઉત્પાદન)**

| વર્ષ | ચોખા | બાજરી | જુવાર | ઘઉં | રાગી | કુલ ઉત્પાદન વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 8266 | 10592 | 2314 | 11235 | 179 | 32586 |
| 2000-01 | 4727 | 8232 | 980 | 6490 | 140 | 20569 |
| 2011-12 | 17897 | 16120 | 1398 | 40721 | 1333 | 76869 |
| 2012-13 | 14973 | 10449 | 1078 | 29440 | 165 | 56100 |
| 2013-14 | 17781 | 13602 | 2710 | 46079.92 | 141 | 80313.92 |
| 2014-15 | 17776 | 10101 | 918 | 32935 | 171 | 61901 |
| 2015-16 | 16919 | 8859 | 1315 | 23158 | 150 | 50401 |
| 2016-17 | 75451 | 9116 | 1632 | 27578 | 240 | 114017 |
| 2017-18 | 17496 | 2523 | 933 | 27578 | 106 | 48634 |
| 2018-19 | 19120.16 | 2284.67 | 522.71 | 31010 | 96.46 | 53034 |
| 2019-20 | 18211.96 | 3082.40 | 435.16 | 45537 | 100.10 | 67366.62 |
| 2020-21 | 19352.18 | 2825.12 | 393.67 | 43788 | 126.17 | 66485.14 |

(B) કઠોળ પાક (00' મેટ્રીકટન ઉત્પાદન)

| વર્ષ | તુવેર | મગ | મઠ | અડદ | ચણા | કુલ ઉત્પાદન વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 2792 | 466 | 80 | 618 | 501 | 4457 |
| 2000-01 | 1072 | 382 | 36 | 247 | 86 | 1823 |
| 2011-12 | 2575 | 1207 | 227 | 720 | 2986 | 7715 |
| 2012-13 | 2702 | 515 | 54 | 601 | 1331 | 5203 |
| 2013-14 | 2090 | 842 | 150 | 535 | 2986 | 6603 |
| 2014-15 | 2393 | 407 | 44 | 477 | 1678 | 4999 |
| 2015-16 | 2818 | 527 | 89 | 390 | 1011 | 3928 |
| 2016-17 | 1132 | 697 | 29 | 1177 | 1849 | 4884 |
| 2017-18 | 3371 | 714 | 273 | 119 | 2349 | 6826 |
| વર્ષ | તુવેર | મગ | મઠ | અડદ | ચણા | કુલ ઉત્પાદન વિસ્તાર |
| 2018-19 | 3074.73 | 210.72 | 9.96 | 615.82 | 6365 | 10276.23 |
| 2019-20 | 990.54 | 587.98 | 53.38 | 522.87 | 1437.9 | 3592.67 |
| 2020-21 | 1184.81 | 377.56 | 77.15 | 665.46 | 2101 | 4405.98 |

ઘઉંના ઉત્પાદનમાં 1990-91ની તુલનાએ 2020-21માં લગભગ ચાર ગણો, ચોખાના ઉત્પાદનમાં 2.34 ગણો વધારો જોવા મળે છે. જ્યારે જુવાર અને બાજરીના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. જુવારમાં ઘણો જ હેક્ટરદીઠ ઘટાડો જોવા મળે છે. કઠોળમાં તુવેર, મગ, મઠના ઉત્પાદનમાં હેક્ટરદીઠ ઘટાડો જોવા મળે છે જ્યારે ચણાના ઉત્પાદનમાં 4.19 ટકા વધારો જોવા મળ્યો છે અને અડદના ઉત્પાદનમાં સામાન્ય વધારો જોવા મળે છે.

(C) ગુજરાતના મુખ્ય શાકભાજી પાકોનું ઉત્પાદન (00' મેટ્રિકટન ઉત્પાદન)

| વર્ષ | બટાકા | ડુંગળી | મરચાં | લસણ | કુલ વાવેતર | વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 4608 | 4443 | 212 | 896 | | 10159 |
| 2000-01 | 7161 | 1312 | 108 | 133 | | 8714 |
| 2011-12 | 17923 | 21191 | 74 | 2614 | | 41802 |
| 2012-13 | 17892 | 4114 | 66 | 345 | | 22417 |
| 2013-14 | 21062 | 24085 | 65 | 2350 | | 47562 |
| 2014-15 | 26094 | 13152 | 107 | 459 | | 39812 |
| 2015-16 | 27731 | 17106 | 62 | 423 | | 45322 |
| 2016-17 | 34449 | 15048 | 76 | 484 | | 50057 |
| 2017-18 | 37528 | 15418 | 53 | 1350 | | 54349 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2018-19 | 63028.47 | 6730.03 | 44.27 | 672.38 | | 70475.15 |
| 2019-20 | 86243.33 | 12119.77 | 44.19 | 812.44 | | 99219.73 |
| 2020-21 | 72169.99 | 17672.77 | 153.41 | 1282.11 | | 91278.28 |

**(D) ગુજરાતના મુખ્ય તેલીબિયાં પાકનું ઉત્પાદન** **(00' મેટ્રિકટન ઉત્પાદન)**

| વર્ષ | કપાસ | મગફળી | રાઈ-રાઈડો | સોયાબીન | એરંડા | કુલ ઉત્પાદન |
|---|---|---|---|---|---|---|
| 1990-91 | 22015 | 10278 | 4228 | - | 6134 | 42655 |
| 2000-01 | 11614 | 6882 | 2306 | - | 6388 | 27190 |
| 2011-12 | 103746 | 27168 | 3273 | 334 | 18034 | 48809 |
| 2012-13 | 49509 | 7626 | 3606 | 363 | 14330 | 26525 |
| વર્ષ | કપાસ | મગફળી | રાઈ-રાઈડો | સોયાબીન | એરંડા | કુલ ઉત્પાદન |
| 2013-14 | 105116 | 54350 | 4884 | 744 | 13671 | 73644 |
| 2014-15 | 92337 | 26502 | 3921 | 391 | 14405 | 45219 |
| 2015-16 | 75424 | 20311 | 2762 | 618 | 14103 | 37794 |
| 2016-17 | 51555 | 28744 | 3544 | 1060 | 12268 | 45166 |
| 2017-18 | 101127 | 40658 | 1373 | 1373 | 14873 | 58277 |
| 2018-19 | 63028.47 | 21433.43 | 3484.35 | 1940 | 9443 | 36300.78 |
| 2019-20 | 86243.33 | 45036.30 | 3335.42 | 1327 | 14321 | 64019.72 |
| 2020-21 | 72169.93 | 39911.91 | 4241.22 | 2025 | 13452 | 59630.13 |

ગુજરાતના મુખ્ય શાકભાજી પાકોમાં 1990-91ની તુલનાએ 2020-21માં કુલ ઉત્પાદનમાં 8.98 ગણો વધારો જોવા મળ્યો છે. જે પૈકી બટાકામાં 15.66 ગણા ઉત્પાદન સાથે બમ્પર ઉત્પાદન જોવા મળે છે. ડુંગળીમાં 3.97 ગણો, લસણમાં 1.43 ગણો વધારો જોવા મળે છે. જ્યારે મરચાંના ઉત્પાદનમાં 0.72 ગણો ઘટાડો જોવા મળે છે. તેલીબિયાંમાં કપાસના ઉત્પાદનમાં 3.28 ગણો, મગફળીમાં 1.81 ગણો, રાયડામાં 1.29 ગણો અને એરંડામાં 2.19 ગણો વધારો જોવા મળે છે. સોયાબીનમાં 2011-12ની તુલનાએ 2020-21માં 6.06 ગણો વધારો જોવા મળે છે. કપાસનું ઉત્પાદન 170 કિ.ગ્રા.ની એક ગાંસડી મુજબ છે. બાકીના તમામ પાકોનું ઉત્પાદન મેટ્રિકટનમાં છે.

- **ગુજરાતના પાકોની હેક્ટરદીઠ ઉત્પાદકતા**

**(A) ધાન્ય પાકોની હેક્ટર દીઠ ઉત્પાદકતા** **(ઉત્પાદકતા કિ.ગ્રા.માં)**

| વર્ષ | ચોખા | બાજરી | જુવાર | ઘઉં | રાગી |
|---|---|---|---|---|---|
| 1990-91 | 1450 | 975 | 719 | 2220 | 946 |
| 2000-01 | 810 | 832 | 600 | 2268 | 716 |
| 2011-12 | 2142 | 1861 | 1127 | 3015.03 | 821 |
| 2012-13 | 2136 | 1743 | 1348 | 2876.40 | 954 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2013-14 | 2167 | 2024 | 1448 | 3194.92 | 983 |
| 2014-15 | 2230 | 2230 | 1319 | 2811 | 854 |
| 2015-16 | 1970 | 2265 | 1327 | 2700 | 780 |
| 2016-17 | 1974 | 2113 | 1578 | 2759 | 1246 |
| 2017-18 | 2180 | 1649 | 1393 | 2759 | 896 |
| 2018-19 | 2247.76 | 1397.01 | 1336.20 | 2929 | 804.25 |
| 2019-20 | 2143.52 | 1738.02 | 1519.53 | 3268 | 862.47 |
| 2020-21 | 2312.35 | 1534.14 | 1488.10 | 3205 | 1205.29 |

(B) ગુજરાતમાં કઠોળ પાકોની હેક્ટર દીઠ ઉત્પાદકતા (ઉત્પાદકતા કિ.ગ્રા.માં)

| વર્ષ | તુવેર | મગ | મઠ | અડદ | ચણા |
|---|---|---|---|---|---|
| 1990-91 | 728 | 269 | 146 | 513 | 608 |
| 2000-01 | 337 | 255 | 82 | 295 | 517 |
| 2011-12 | 1054 | 455 | 497 | 698 | 1139 |
| 2012-13 | 1185 | 448 | 383 | 634 | 978 |
| 2013-14 | 996 | 530 | 484 | 610 | 1236 |
| 2014-15 | 1089 | 494 | 431 | 702 | 1023 |
| 2015-16 | 3482 | 505 | 467 | 598 | 887 |
| 2016-17 | 2658 | 454 | 603 | 608 | 1125 |
| 2017-18 | 1243 | 570 | 178 | 106 | 1358 |
| 2018-19 | 2126.98 | 333.18 | 82.18 | 580.11 | 1571 |
| 2019-20 | 2410.24 | 642.12 | 461.82 | 604.69 | 1765 |
| 2020-21 | 2360.23 | 412.04 | 521.46 | 972.05 | 1907 |

(C) ગુજરાતમાં મુખ્ય શાકભાજીના પાકોની હેક્ટર દીઠ ઉત્પાદકતા (ઉત્પાદકતા કિ.ગ્રા.માં)

| વર્ષ | બટાકા | ડુંગળી | મરચાં | લસણ | |
|---|---|---|---|---|---|
| 1990-91 | 20077 | 23826 | 1151 | 5584 | |
| 2000-01 | 21860 | 20489 | 755 | 5268 | |
| 2011-12 | 23037 | 29109 | 925 | 6254 | |
| 2012-13 | 25024 | 24667 | 1023 | 4792 | |
| 2013-14 | 26559 | 30220 | 1034 | 6170 | |
| 2014-15 | 25667 | 27987 | 931 | 5847 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2015-16 | 25397 | 27162 | 1043 | 5571 | |
| 2016-17 | 25657 | 26921 | 1034 | 5114 | |
| 2017-18 | 28780 | 28307 | 950 | 6955 | |
| 2018-19 | 402.81 | 28221.70 | 976.74 | 6812.33 | |
| 2019-20 | 552.29 | 29269.14 | 3125.13 | 7181.46 | |
| 2020-21 | 540.36 | 29559.57 | 2350.08 | 8021.23 | |

**(D) ગુજરાતમાં તેલીબિયાં પાકોની હેક્ટર દીઠ ઉત્પાદકતા** **(ઉત્પાદકતા કિ.ગ્રા.માં)**

| વર્ષ | કપાસ | મગફળી | એરંડા | રાઈ | સોયાબીન |
|---|---|---|---|---|---|
| 1990-91 | 265 | 540 | 1580 | 1149 | - |
| 2000-01 | 122 | 396 | 1393 | 1235 | - |
| 2011-12 | 587 | 1611 | 2055 | 1577 | 793 |
| 2012-13 | 343 | 593 | 1989 | 1695 | 779 |
| 2013-14 | 685 | 2970 | 2169 | 1763 | 796 |
| 2014-15 | 544 | 1916 | 2077 | 1687 | 790 |
| 2015-16 | 471 | 1437 | 1976 | 1453 | 769 |
| 2016-17 | 367 | 1635 | 2072 | 1771 | 882 |
| 2017-18 | 655 | 2422 | 2541 | 941 | 941 |
| 2018-19 | 653 | 1363.35 | 1809 | 1783.59 | 1430 |
| 2019-20 | 655 | 2764.19 | 1944 | 1932.25 | 1318 |
| 2020-21 | 722 | 1899.24 | 2060 | 1975.71 | 1357 |

ખેત ઉત્પાદકતા હેક્ટર દીઠ કિલોગ્રામમાં દર્શાવી છે. કપાસની ઉત્પાદકતા હેક્ટર દીઠ 170 કિલોગ્રામની ગાંસડી દીઠ દર્શાવ્યા છે. ગુજરાતના મોટે ભાગે દરેક પાકોમાં હેક્ટર દીઠ ઉત્પાદકતામાં વધારો જોવા મળે છે.

## 14.7 ગુજરાતમાં પાક તરાહના પરિવર્તનના કારણો

કોઈપણ પ્રદેશ માટે તેની પાક પદ્ધતિ ભૌતિક લક્ષણો જેવાં કે જમીન, આબોહવા, હવામાન, વરસાદ વગેરે પર આધાર રાખે છે. જેમ કે રાજસ્થાનના શુષ્ક વાતાવરણમાં વરસાદ ઓછો હોય છે ત્યાં ઓછા પાણીથી સંચાલિત બાજરી, જુવાર જેવા પાકો ઉગાડવામાં આવે છે. પંજાબમાં ઘઉં તેમજ લુધિયાણા અને સગરુર જિલ્લાઓમાં પાણી ભરાઈ જવાથી ડાંગરનો પાક લેવાય છે. ડુંગરાળ વિસ્તારોમાં અનાજના પાક કરતાં ચા અને કોફી વધુ યોગ્ય પાક છે. મધ્યપ્રદેશની આબોહવા સોયાબીન પાકના ઉત્પાદન માટે યોગ્ય છે. આમ જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા પાકો થાય છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ દક્ષિણ ગુજરાતમાં ચોખા, શેરડી, કેળા, સૌરાષ્ટ્રમાં મગફળી, ઉત્તર ગુજરાતમાં રાયડો, કપાસ વગેરે પાકો પકવવામાં આવે છે. ખેતી એ માત્ર સ્વવપરાશ માટે નહીં પરંતુ વધુ નફો કમાઈ આપે

તેવો વ્યવસાયિક ધોરણે કરવામાં આવી રહ્યો છે. વળી એકના એક પાકથી જમીનની ગુણવત્તા એટલે કે ફળદ્રુપતા જળવાતી નથી. આથી પાક પદ્ધતિ અને પાક પરિવર્તન દ્વારા ખેડૂત આવક ઉપાર્જન કરવા સજ્જ બને છે. ગુજરાતના ખેડૂતો ખૂબ જ પ્રગતિશીલ અને બૌદ્ધિક રીતે સજ્જતા કેળવી વધુ આવક કમાવવાના હેતુસર પાકની તરાહમાં પરિવર્તન કરે છે તો એના કયા કારણો છે તે નીચે મુજબ છે.

**1. જમીનનો પ્રકાર અને જમીન ઘટકનું ઘટતું પ્રમાણ :**

ગુજરાતમાં રેતાળ, પથરાળ, કાંપવાળી, ફળદ્રુપ, ચીકણી માટીવાળી જમીનમાં જુદા જુદા પાકો યોગ્ય ગણાય છે. એટલે જમીનનો પ્રકાર એ પાકની તરાહની પસંદગીમાં મોટો ભાગ ભજવે છે. એક પ્રકારની જમીનમાં એક કરતાં વધુ પાકો લઈ શકાય અને શક્ય તેટલા પાકો પૈકી પાકની પસંદગી થતી હોય છે.

શહેરીકરણ અને ઔદ્યોગિકરણને કારણે મોટા ભાગની જમીનો બિન ખેતી લાયક થઈ છે. જેને પરિણામે ગુજરાતમાં નાના ખેડૂતોનું પ્રમાણ વધ્યું છે. પરિવારની જરૂરિયાત પૂર્ણ કરવા માટે ખેતી માત્ર એક વિકલ્પ હોય તેવા ખેડૂતોને અનાજતર પાકો વાવવાનું પસંદ કરતા નથી. કારણ કે તે પાકોની બજાર કિંમતો પાક ખર્ચને પણ પહોંચી વળતી નથી અને પરિવારની જરૂરિયાત સંતોષવી મુશ્કેલ બને છે. આ કારણસર ખેડૂતો પોતાની પાક તરાહમાં પરિવર્તન કરે છે. આ ઉપરાંત ખેડૂતોના માથે દેવાનો બોજો પણ પાક તરાહમાં પરિવર્તન માટે જવાબદાર પરિબળ છે. કેન્દ્ર સરકારના કૃષિ વિભાગે વર્ષ 2017નો એગ્રીકલ્ચરલ સ્ટેટેસ્ટીક્સ અહેવાલ પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલ મુજબ ગુજરાત રાજ્યના 58.72 લાખ ગ્રામીણ પરિવારોમાંથી 66.9 ટકા ખેતી સાથે જોડાયેલાં છે. રાજ્યમાં 39.31 લાખ ગ્રામીણો ખેતી સાથે સંકળાયેલાં છે. આ આંકડાઓને ચકાસતા જાણવા મળે છે કે 39.31 લાખ ખેડૂતોમાંથી 16.74 લાખ ખેડૂતો દેવામાં જીવે છે.

**2. વિવિધ રોકડીયા પાકો માટે અનુકૂળ હવામાન :**

આબોહવા એટલે કોઈપણ સ્થાન કે પ્રદેશ ઉપરની લાંબા સમય દરમ્યાનની હવામાનની સરેરાશ લાક્ષણિક પરિસ્થિતિ. ગુજરાતની આબોહવા પણ પાક પરિવર્તન માટે જવાબદાર કારણ છે. બાગાયતી, રોકડિયા પાકોનું છેલ્લાં કેટલાંક વર્ષોથી ખેડૂતો દ્વારા સ્વીકાર કરવા પાછળનું એક કારણ બાગાયતી અને રોકડિયા પાકો માટેનું વાતાવરણ અને આબોહવા ગુજરાતના ભૂમિ ભાગમાં મળી રહે છે. બટાકાની ખેતી માટે દિવસનું તાપમાન 25-30 ડીગ્રી સેલ્સિયસ હોવું જોઈએ. કપાસના પાકને સારા નિતારવાળી મધ્યમ કાળી ગોરાડું તથા સાધારણ રેતાળ જમીન અનુકૂળ આવે છે. ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં રોકડિયા પાકોને અનુકૂળ આબોહવા મળતી હોવાથી છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકો પોતાના પાક તરાહમાં પરિવર્તન કર્યું છે. છોડ કે પાકની વૃદ્ધિમાં હવામાન મહત્ત્વનો ભાગ ભજવે છે. ગરમી, ઠંડી, ભેજ વગેરે જુદા જુદા પાકોની ઉત્પાદકતા ઉપર અસર કરે છે. તેથી પાકની તરાહ જે તે પ્રદેશની આબોહવા અનુસાર નક્કી થતી હોય છે.

**3. સિંચાઈ-પાણીની ઉપલબ્ધતા :**

કેટલાંક પાકોને ઓછું પાણી જોઈએ તો કેટલાંક પાકોને વધુ પાણી જોઈએ. કેટલાંક પાકોને સમયસર પાણી જોઈએ. આથી પાણીની ઉપલબ્ધિ મુજબ પાકની તરાહ પસંદ થાય છે. ગુજરાતમાં નર્મદા નદી, સાબરમતી, તાપી, મહી, મેશ્વા, બનાસ વગેરે નદીઓમાં પાણી ભરપૂર હોવાથી વધુ પાણીવાળા પાકો તરફ ખેડૂતો વળ્યાં છે. દા.ત. ડાંગરના પાકને પાણી વધુ જોઈએ. ગમે ત્યાં ડાંગર ન થાય. તો દક્ષિણ ગુજરાતમાં નદીઓ ભરપૂર હોવાથી ખેડૂતો ડાંગર વાવતા થયા. ઉત્તર ગુજરાતમાં તુલનાત્મક રીતે પાણીની અછત હોવાથી

ઓછા પાણીની જરૂરિયાતવાળા રાયડો જેવા પાકમાં ખેડૂતો વળ્યા. આમ પાકની તરાહમાં પરિવર્તન માટે પાણી-સિંચાઈ મહત્ત્વનું પરિબળ છે.

**4. બિયારણોના વિવિધ સંશોધનો :**

પરંપરાગત બિયારણો ચોક્કસ પરિસ્થિતિ એટલે કે જમીન, આબોહવા અને પાણી મુજબ પસંદગી પામે છે. પરંતુ બિયારણોમાં વૈજ્ઞાનિક સંશોધનો અને પ્રયોગો વડે એની જાતમાં ફેરફાર કરવામાં આવે છે. નવા બિયારણો જૂના બિયારણની તુલનામાં એક જ પ્રકારની પરિસ્થિતિમાં વધુ ઉપજ આપી શકે છે. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને સંશોધિત શંકર બીજોની પ્રાપ્તિ થાય તે માટે એગ્રો સ્ટેશનો, કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા રોકડીયા પાકો અને બાગાયતી પાકો માટે બીજ-છોડવાઓ પૂરા પાડવાની વ્યવસ્થા કરી હોવાથી ખેડૂતોને પાક પરિવર્તન કરવામાં મદદરૂપ સાબિત થાય છે.

ગુજરાત રાજ્યમાં મગફળી સંશોધન કેન્દ્ર દ્વારા GAVG-10, GG-11, GG-12, GG-13, GG-21, GG-2, GAVG-1, GG-7, GG-20, GJG-22, GJG-32, TAG-37A, TG-24, TPG-41 અને TJG-45 જાતની મગફળી સંશોધનના અંતે ખેડૂતો માટે વાવેતર કરવાની ભલામણ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી છે. કપાસની વિવિધ જાતોમાં બોલગાર્ડ-1, બોલગાર્ડ-2 તેમજ શંકર-6 (બીજી-2), શંકર 8 (બીજી-2), મલ્લિકા બીટી, રાશી BG-2, વિક્રમ-5, અજિત-155, ડૉક્ટર સીડ્સ-સોલર 76, રાસી સીડ્સ 656, અંકુર સીડ્સ વગેરે. દિવેલાની વિવિધ જાતોમાં તલ, સોયાબીન, રાઈ, સૂર્યમુખી વગેરે પાકોની શંકર બીજની આધુનિક અને વધુ ઉત્પાદન આપતી જાતોનો વિકાસ પાક તરાહ પરિવર્તન માટે જવાબદાર મુખ્ય પરિબળ છે.

**5. કૃષિ બજાર - ભાવોની વ્યવસ્થાનો વ્યાપ :**

જે તે પ્રદેશોમાં વવાતા પરંપરાગત પાકોના બજારભાવો વધુ લાભદાયી જણાય તો ખેડૂતો આવા વધુ લાભદાયી પાકની તરાહમાં ફેરફાર કરે છે. બજાર સમિતિઓમાં વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, ખેડૂતો માટેનો શેડ/પ્લેટફોર્મ, શાકભાજી બજારમાં ઈન્ફર્મેશન કીયોસ્ક, ડીપ ઈરીગેશન માટે ડેમોસ્ટ્રેશન ફાર્મ જેવી વિવિધ આધુનિક તેમજ અન્ય જરૂરિયાતવાળી સગવડો પૂરી પાડવા માટે 100% લેખે સહાય આપવામાં આવે છે. તેમજ સોઈલ (માટી) ટેસ્ટીંગ લેબોરેટરી, પાણીની વ્યવસ્થા તથા સોલાર લાઈટ સીસ્ટમ માટે અ અને બ વર્ગની બજાર સમિતિઓને ખર્ચના 25% તેમજ ક અને ડ વર્ગની બજાર સમિતિઓને 50 ટકા લેખે રૂ. 50 લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત સરકારે ડિજીટલ પ્લેટફોર્મ કિસાનસારથી શરૂ ખર્યો. આ ડિજીટલ પ્લેટફોર્મ પર ખૂડૂતોને પાક અને અન્ય વસ્તુઓ વિશે માહિતી આપવામાં આવે છે. આ પ્લેટફોર્મની સહાયથી ખેડૂતોને સમયસર સંપૂર્ણ માહિતી મળી શકે છે અને તે પણ તેઓની પોતાની ભાષામાં મળે છે. ખેડૂતો પાક અને શાકભાજી આ પ્લેટફોર્મ દ્વારા યોગ્ય કિંમતે વેચી શકે છે.

કૃષિક્ષેત્રે થતાં સંશોધનો અને પ્રયોગોની માહિતી કૃષિ અધિકારીઓ દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે અને જે તે વિસ્તારના જમીન, આબોહવા, પાણીની ઉપલબ્ધતા વગેરે અનુસાર કયા પાક વધુ વળતરદાયી પાકો વાવી શકાય અને તેમાંથી વધુ લાભ મેળવી શકાય તે અંગેની માહિતી અને તાલીમ ખેડૂતોને આપવામાં આવે છે. આનાથી પ્રેરાઈને ખેડૂતો પોતાની જમીન ઉપર પાકની તરાહમાં પરિવર્તન લાવે છે.

**6. ખેત પદ્ધતિઓમાં આવેલા પરિવર્તનો :**

ખેતીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગથી આધુનિકરણ થઈ રહ્યું છે. ખેતી માટે જરૂરી કાર્યો કરવા નાના મોટા અનેક ઓજારો વપરાય છે. ખેતીની પ્રગતિના ભાગરૂપે

જંતુનાશક દવા, બિયારણ વગેરેના વિકાસ અને ઉપયોગથી ખેત ઉત્પાદન વધારવામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. હજી પણ વધુ ખેત ઉત્પાદન મેળવવા માટે બાકી રહેતા ઈનપુટ તરીકે ખેત ઓજારો, ખેતયંત્રો, સીડ્સ ટેક્નોલોજી, ટીસ્યુ કલ્ચર, ગ્રીન હાઉસ, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ જેવી બાબતોને સાંકળી વૈજ્ઞાનિક ઢબના ઉપયોગથી ખેત ઉત્પાદન વધારી શકવાની ઘણી જ શક્યતાઓ છે.

પાકની વાવણીથી માંડીને તેને તૈયાર કરીને બજારમાં લઈ જઈએ ત્યાં સુધીમાં ખેતીના જુદા જુદા સ્તરે વપરાતા ઓજારોમાં પ્રાથમિક ખેડના ઓજારો, વાવણીના ઓજારો, પિયત માટેની યંત્ર સામગ્રી, આંતર ખેડ/નિંદામણના ઓજારો, દવા છાંટવાના યંત્રો, કાપણી અને મસળવાના યંત્રો, પાકના પ્રોસેસીંગ તેમજ સંગ્રહ કરવા માટેના ઓજારો વગેરેનો સમાવેશ થાય છે. ખેતી પ્રવૃત્તિઓમાં યાંત્રીકરણ વધવાને કારણે ખેતી પ્રવૃત્તિ કરવામાં સરળતા આવી છે. જેને પરિણામે જે પાકોમાં માવજત, કાપણી, લણણી માટે ખૂબ જ પરિશ્રમ કરવો પડતો હતો તે હવે ઓછો થયો છે. આ કારણસર પણ ખેડૂતો પાક પરિવર્તન કરતાં થયા છે અને પાક તરાહ બદલાઈ છે.

**7. કૃષિ ખર્ચમાં સમય સાથે વધારો અને લોનની ચૂકવણી કરવા :**

સમય સાથે જમીનની ફળદ્રુપતા ઘટતી રહે છે. ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારમાં આ પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા માટે રાસાયણિક ખાતરો, હાઈબ્રીડ બિયારણો અને જંતુ નાશક દવાઓ અને વૈજ્ઞાનિક ઢબના કૃષિ ઓજારોની જરૂરિયાત રહે છે. જેને આર્થિક સ્થિતિ સુધારવા માટે ખેડૂતો દ્વારા પાક પરિવર્તન કરવામાં આવ્યું છે. વળી ખેડૂતો ખેતી પ્રવૃત્તિ માટે ટ્રેક્ટર, કૃષિ સાધનો, લગ્ન કે સામાજીક ખર્ચ ચૂકવવા માટે બેંકો પાસેથી લોન લે છે. આ લોનની ચૂકવણી કરવા માટે ખેડૂતો પોતાના ખેતરમાં રોકડીયા પાકોનું વાવેતર કરી વધુ આવક ઉપાર્જન માટે પાક પરિવર્તન કરવાનું વધુ પસંદ કરે છે.

**8. ટેલિવિઝન દ્વારા કૃષિ વિષયક જ્ઞાનમાં વધારો :**

માહિતી તકનિકીનો વધતો વ્યાપ પણ પાક પરિવર્તન માટે જવાબદાર પરિબળ છે. કૃષિ ટેકનોલોજીના પ્રસારમાં એક સમૂહ માધ્યમ તરીકે રેડિયો, ટેલિવિઝન અને સમાચારપત્રોમાં આવતાં કૃષિ જગત અને કૃષિદર્શન કાર્યક્રમોએ ખેડૂતોમાં જાગૃતિ લાવી ખેતવિષયક જ્ઞાનમાં વધારો કર્યો છે. સમૂહ માધ્યમો વડે કૃષિ પાક અને પશુધન ઉત્પાદનના વિવિધ પાસાંઓ વિશે જ્ઞાનમાં વધારો થયો છે. વિશ્વભરના સંશોધન અભ્યાસોએ દર્શાવ્યું છે કે રેડિયો અને ટેલિવિઝનોએ ખેડૂતોમાં જાગૃતિ લાવવા અને જ્ઞાનનું સ્તર વધારવામાં અસરકારક ભૂમિકા ભજવી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે ખેડૂતોને વિવિધ પાકોની શક્યતાઓ, વાવણીથી ઉપજ અને બજાર સુધીની માહિતીઓ ખેડૂતો સુધી પહોંચે તે માટેના વિવિધ કાર્યક્રમો પ્રસારિત કર્યા છે. જેથી ખેડૂતોના જ્ઞાનમાં વધારો થયો છે. પરંપરાગત ખેતીની જગ્યાએ ખેડૂતો આધુનિક ખેતી તરફ વળ્યાં અને વધુ આવક ઉપાર્જન માટે પાકની તરાહમાં પરિવર્તન લાવી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરવામાં સરકારની વિવિધ યોજનાઓ અને મીડિયા દ્વારા સિદ્ધિઓ હાંસલ કરી છે.

**9. સર્વિસીસ એક્ષ્ટેન્શન - વિતરણ સેવાઓ :**

કૃષિક્ષેત્રે થતાં સંશોધનો અને પ્રયોગોની માહિતી કૃષિ અધિકારીઓ દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે અને જે તે વિસ્તારના જમીન, આબોહવા, પાણીની ઉપલબ્ધતા વગેરે અનુસાર કયા વધુ વળતરદાયી પાકો વાવી શકાય અને તેમાંથી વધુ લાભ મેળવી શકાય તે અંગેની માહિતી અને તાલીમ ખેડૂતોને આપવામાં આવે છે. આનાથી પ્રેરાઈને

ખેડૂતો પોતાની જમીન ઉપર પાકની તરાહમાં પરિવર્તન લાવે છે.

**10. દેશના આર્થિક વિકાસ માટે ઉદ્યોગોને કાચા માલની પ્રાપ્તિ :**

દેશ અને રાજ્યના આર્થિક વિકાસ માટે કૃષિક્ષેત્ર ઉદ્યોગો માટે પૂરક વ્યવસાય છે. ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિકરણની અસર મોટા પ્રમાણમાં થયેલી જોવા મળે છે. મોટા કદના, મધ્યમ કદના અને લઘુ ઉદ્યોગો અસ્તિત્વમાં છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી કૃષિ ઉપજોનો કાચા માલ તરીકે ઉપયોગ કરનાર લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોનું પ્રમાણ ગુજરાતમાં વધ્યું છે. ગુજરાત સરકારના આંકડા મુજબ 30 લાખ લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની સંખ્યા છે આ તમામ ઉદ્યોગોને કાચા માલ તરીકે શેરડી, મગફળી, કપાસ તમાકુ, એરંડા જેવા પાકોનો ઉપયોગ કરવો પડે છે. આ ઉદ્યોગો પોતાના કાચા માલની જરૂરિયાત પૂર્ણ કરવા માટે ખેડૂતો પાસેથી તેની ખેતી કરાવે છે અથવા તેના સારા ભાવ આપતાં હોવાથી ખેડૂતો પોતાની પાક તરાહમાં પરિવર્તન કર્યું છે અને ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડી દેશનો આર્થિક વિકાસ સાધવામાં મદદરૂપ બન્યા છે.

આ ઉપરાંત ખેતી કરતાં ખેડૂતોની કુટુંબની સભ્ય સંખ્યામાં ઘટાડો, ધાન્ય પાકોમાં પોષાય તેવા ભાવોની ઉપલબ્ધિનો અભાવ, ટૂંકા ગાળામાં વધુ ઉત્પાદન મેળવવાની ઇચ્છા, કૃષિ બજારના કાયદાઓમાં આવેલાં પરિવર્તનો, સરકાર દ્વારા રોકડીયા પાકોના વાવેતર વિસ્તારમાં પ્રોત્સાહક નીતિ, રોકડીયા પાકની વિવિધ જાતોનો વિકાસ અને પ્રાકૃતિક ખેતીની નવી પદ્ધતિઓ તરફ ખેડૂતોનું પ્રયાણ પાકની તરાહના મુખ્ય કારણો છે.

## 14.8 ગુજરાતમાં પાક પરિવર્તનની અસરો

કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજીકલ સંશોધનો અને સુવિધાઓ, A.P.M.C (Agricuture Produce Market Committee) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની રચના અને માળખાકીય સુવિધાઓને પરિણામે ખેડૂતો ઓછી આવક ઉપાર્જન કરતા પરંપરાગત ખેતીને બદલે આધુનિક ખેતી તરફ વળ્યાં છે. ટૂંકમાં પાકની તરાહમાં પરિવર્તન દેશ અને ગુજરાત રાજ્યમાં આવ્યું છે. તેના પરિણામે અર્થતંત્રમાં ઘણી અસરો જોવા મળી છે. જેમ કે વધતી વસ્તીને જરૂરિયાત પૂરતાં ખાદ્યપદાર્થો અને તેનું ઘટતું પ્રમાણ, વિસ્તાર મુજબ વિવિધતા ધરાવતાં ધાન્ય પાકોના ઉત્પાદનમાં થતો સતત ઘટાડો, બંટી, રાગી, કઠોળ જેવા અનાજના ભાવોમાં થતો સતત વધારો નાગલી, હોમલી, કાગ, કુરી, કોદરા, બાવટો, રાજગરો, વારી, છીણા જેવા 30 જેટલાં બરછટ અને જાડા અનાજ પેદા કરવામાં આવતાં નથી. જે અત્યંત ગરીબ લોકો માટે ખૂબ જ સસ્તા ભાવે પ્રાપ્ય થતાં હતાં. તે પેદા કરવામાં ન આવતાં ગરીબો ઊંચી કિંમતના મધ્યમ પ્રકારના અનાજ ખરીદવા મજબૂર બને છે. વળી પરંપરાગત અનાજની જાતો જેમ કે બાજરીની સેંકડો પેટા જાતિઓ ખતમ થઈ ગઈ છે. દરેક તાલુકા દીઠ અલગ અલગ વેરાઈટીની બાજરી ઉગાડવામાં આવતી હતી. તે પાક પરિવર્તનની તરાહને લીધે હવે એક સમાન શંકર જાતો થઈ ગઈ છે.

રાજ્યમાં ઔષધિ પાકો જડીબુટ્ટી તરીકે આયુર્વેદિક દવાઓના ઉપયોગમાં આવતાં પાકોનું વાવેતર વધી ગયું છે. પાકોમાં અનુવાંશિક ફેરફારો લાવીને વધુ ઉપજ આપતાં પાકોનું ઉત્પાદન વધતાં પ્રજાના આરોગ્યને મોટું નુકસાન થઈ રહ્યું છે. સાવ નાની ઊંમરમાં હાર્ટ એટેક, ડાયાબીટીશ, બી.પી, દાંત તથા હાડકાના રોગોના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે.

પાક પરિવર્તનની તરાહમાં થયેલાં ફેરફારોને કારણે ખેડૂતોની આવકોમાં વધારો થતાં તેમનું જીવનધોરણમાં ઘણો સુધારો થયો છે. ખેડૂતોના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો

થયો છે. રાજ્યના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગોને ઘર આંગણે કાચા માલની પ્રાપ્તિ કૃષિક્ષેત્ર દ્વારા મળતાં ઘણો બધો ખર્ચ, સમય અને શક્તિનો બચાવ થાય છે. ઉદ્યોગોનું ઉત્પાદનખર્ચ તેટલા અંશે નીચું આવતાં ઉદ્યોગપતિની આવકો કે નફામાં વધારો થયો છે. એવી જ રીતે કૃષિક્ષેત્રે ઉત્પાદન કરી ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડતાં ખેડૂતોની આવકોમાં મોટો વધારો થયો છે અને ખેડૂતો ખેતી કરવા પ્રેરાય છે. આમ ખેડૂતોની સામાજિક અને કૌટુંબિક ખર્ચને પહોંચી વળે છે. આમ કૃષિક્ષેત્રે પાક પરિવર્તનની તરાહમાં ફેરફાર થતાં ગુજરાતના ખેડૂતે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી છે. આમ પાક પરિવર્તનની સારી અને નરસી બંને પ્રકારની અસરો જોવા મળે છે.

## 14.9 પાક તરાહમાં પરિવર્તન અટકાવવાના ઉપાયો :

પાક તરાહના પરિવર્તનની સારી અને ખરાબ અસરો જોવા મળે છે. ખરાબ અસરો અટકાવવા પાક તરાહમાં ઉપયોગ કરવા જરૂરી જણાય છે. જેમ કે ધાન્ય પાકોમાં ઘટાડો થાય તો વધતી વસ્તીની જરૂરિયાત સંતોષવા વિદેશો ઉપર આધાર રાખવો પડે એટલે કે આયાતોમાં વધારો થાય જે વિદેશી હૂંડીયામણની સમસ્યા પેદા કરશે. આથી ધાન્ય પાકોની વધુ ઉત્પાદન આપતી વિવિધ જાતોનું નિર્માણ કરવું આવશ્યક છે. ધાન્ય પાકોના પ્રોસેસીંગ યુનિટોની રચના વધુ પ્રમાણમાં કરવી પડશે. સરકાર દ્વારા ધાન્ય પાકોની મોટા પાયે ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવોની ઉપલબ્ધિ કરાવવી પડશે. જેથી ખેડૂતો ધાન્ય પાકો વાવવા તરફ રૂચિ કેળવે વળી રાજ્યમાં ધાન્ય પાકોનો કાચા માલ તરીકે ઉપયોગ કરતાં ઉદ્યોગોની સંખ્યામાં વધારો કરવો પડશે. કૃષિ બજારોના વ્યાપ વધારવાની જરૂર છે અને સરકાર દ્વારા કૃષિ નીતિઓનું ઘડતર કરી ખેડૂતલક્ષી બનાવવું જોઈએ.

## 14.10 આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ 2023 :

મીલેટ એટલે બાજરો નહીં. પરંતુ જાડું કે હલકું તૃણ ધાન્ય. મિલેટના આ વર્ગમાં ભારતમાં 25 પ્રકારનું ધાન્ય થાય છે. ધીરે ધીરે આ ધાન્ય અદૃશ્ય થવાને આરે હતું. જે "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ 2023"ના કારણે હવે જીવંત થશે. આ ધાન્યની ખેતીમાં વિશ્વમાં ભારત અગ્રેસર છે. વિશ્વના કુલ ઉત્પાદનમાં 41% હિસ્સો એકલાં ભારતનો જ છે.

ઘાસ કુળનું આ ધાન્ય ગ્લુટેન ફ્રી હોય છે. બીજું તેમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોવાથી કબજિયાત રહેતો નથી. આપણે જાણીએ છીએ કે દરેક રોગનું મૂળ કબજીયાત જ હોય છે.

ભારતમાં થતાં 25 ધાન્ય (મીલેટ) પૈકી ગુજરાતમાં સાત ધાન્ય જાણીતા છે જે નીચે મુજબ છે.

(1) કાંગ (Foxtail Millet) Setaria italics

(2) કોદરો (Kodo Millet) Puspalum Scrobiculatum

(3) સામો (Barnyyard Millet) Echinochloa.

(4) ગજરો (Littel Millet) Panicum sumatrens

(5) રાગી (Finger Millet) Eleusine coracana

(6) બાજરો/કુરી (Pearl Millet) Cenchrus americanus

(7) જુવાર (Great Millet) Sorghum bicolor

મૈસુરના ડૉ. ખાદર વલ્લી 'ભારતીય મિલેટમેન' તરીકે ઓળખાય છે. જેમણે

ભારતીય ખોરાકમાં સિરિધાન્યના વપરાશ માટે ઝુંબેશ ઉપાડેલ છે. સિરિ એટલે સંપત્તિ. આપણું આરોગ્ય એ જ સૌથી મોટી સંપત્તિ છે. એ અર્થમાં આ ધાન્ય આપણા આરોગ્ય માટે મહત્ત્વનું છે. આ ધાન્ય પાકો ઓછા વરસાદમાં વિષમ પરિસ્થિતિમાં થઈ શકે છે. ઓછા સમયમાં પાકે છે. જૈવિક વિવિધતા વધારે છે. આ પાકોમાં જંતુનાશક દવાઓ કે રાસાયણિક ખાતરોની જરૂર પડતી નથી અને આ ધાન્યો ટ્રેડિશનલ પણ છે. ઉપરાંત આ ધાન્યનો ચારો પશુઓ માટે પણ મહત્ત્વનો છે. આ ધાન્ય પક્ષીઓને પણ પ્રિય છે. આજે મિલેટસ સુપર ફુડ તરીકે ઊભરી રહેલ છે.

આપણે ત્યાં બાજરો અને જુવાર જાણીતું ધાન્ય છે. ડાંગના આદિવાસીઓની રાગી (નાગલી)થી પણ આપણે પરિચિત છીએ. પણ આ ત્રણેય ધાન્ય કરતાં પણ કાંગ, સામો, કોદરો અને ગજરો વધારે ઉપયોગી છે. આ ચારે ધાન્ય સકારાત્મક ગણાય છે. જ્યારે બાજરો, જુવાર અને રાગી ન્યુટ્રલ ગણાય છે. ઘઉં, ચોખા, મકાઈ (સ્વીટ કોર્ન) નકારાત્મક ધાન્ય છે. જો કે દેશી મકાઈ ન્યુટ્રલ ગણાય છે.

કાંગ મધુપ્રમેહ (ડાયાબિટીસ)માં ખૂબ જ ફાયદો કરે છે. શરીરમાં કોલેસ્ટ્રોલ ઘટાડે છે. ચામડીના તમામ રોગોમાં ઉપયોગી છે. રાગી એનિમિયાથી બચાવે છે. રાગી ફણગાવીને ખાવાથી વિટામીન સી મળે છે અને તે આયર્નથી પણ ભરપૂર છે. સામો થાઈરોઈડ અને સ્વાદુપિંડ માટે ઉપયોગી છે.

આજે ભારતના શહેરોમાં આહાર તરીકે ઘઉં અને ચોખાનો વપરાશ 95% છે. 4.5 ટકા બાજરી, જુવાર, મકાઈનો વપરાશ છે. બાકીના અડધા ટકામાં (0.5%)માં રાગી, સામો, કોદરો, ગજરો વગેરે છે. ગામડામાં ઘઉં, ચોખા 85% આહાર માટે વપરાય છે. જ્યારે 14%માં બાજરી, જુવાર, મકાઈ ખવાય છે. 1% લોકો નાગલી, સામો, કોદરો, કાંગ, ગજરો ખાય છે. વર્તમાન સમયમાં આશા રાખીએ કે અડધા અને એક ટકામાંથી 10 ટકા થાય. આપણે આવા ધાન્ય પાકોને અપનાવી રોગમુક્ત રહીએ. બાજરા, જુવાર, નાગલીના રોટલાની સાથે સિરિધાન્યમાંથી ઉપમા, ખીચડી, પુલાવ, શીરો, ઈડલી વગેરે મનગમતી આઈટમો બનાવીને આ ધાન્ય ખાવાની શરૂઆત કરવી જોઈએ.

શરૂઆતમાં ઘઉંના લોટ સાથે જુવાર કે રાગીનો લોટ મિક્સ કરી રોટલો બનાવાય, ખીચડી કે પુલાવમાં ચોખાની જગ્યાએ કોદરો વાપરી શકાય. ઈડલીમાં ચોખાની જગ્યાએ રાગી વાપરી શકાય. ઉપમા, ઢોકળાં, મૂઠિયાં, વગેરે ચોખાની જગ્યાએ રાગીનો ઉપયોગ કરી શકાય. ઉપમા બનાવવા માટે રવાની જગ્યાએ કાંગનો લોટ વાપરી શકાય.

આમ આરોગ્યની દૃષ્ટિએ આવા હલકા ધાન્યો કે જેમાં ભરપૂર વિટામીન્સ, મિનરલ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. તેનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવો જોઈએ. વધુ પૌષ્ટિક ધાન્યો હોવા છતાં કિંમતમાં પણ ઘણાં સસ્તાં પડે છે જે વ્યક્તિનો આર્થિક બોજ ઘટાડે છે.

## • સમીક્ષા

ગુજરાતના મુખ્ય પાકો પ્રારંભિક સ્વરૂપે જુદા જુદા વિસ્તારોમાં હતા. તેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં જુવાર, બાજરી જેવા જાડાં ધાન્યો વવાતા હતા અને અમુક અંશે ઘઉં વવાતા હતા. આદિવાસી ગુજરાતનો પૂર્વ પટ્ટામાં મકાઈ, સૌરાષ્ટ્રમાં મગફળી અને ઘઉં, મધ્ય ગુજરાતમાં ઘઉં અને ડાંગર, દક્ષિણ ગુજરાતમાં ડાંગર (ચોખા) અને બાગાયત, કચ્છમાં જે ગ્રીન પટ્ટામાં બાગાયત આ મુખ્ય પરંપરાગત પાકો હતા. ગુજરાતમાં શાકભાજી એ ઓછા પ્રમાણમાં હતાં. કારણ કે એની બજાર માંગ લોકોની આવકો ઓછી હોવાથી ઓછી હતી. કઠોળનું ઉત્પાદન ગુજરાતમાં ઓછું, દાળોનું ઉત્પાદન ઓછું, મગફળી અને

રાયડા સિવાયના તેલીબિયાંનું ઓછું ઉત્પાદન, બાગાયતી પાકો, ફળોનું ઓછું ઉત્પાદન તેમજ રોકડિયા પાકોનું પણ ઓછું ઉત્પાદન જોવા મળતું હતું. પાકની તરાહના ફેરફારનું મહત્ત્વનું પરિબળ બજારમાંગ અને બજાર ભાવો છે. આર્થિક વૃદ્ધિ થવા સાથે લોકોની માંગમાં પરિવર્તન આવવા માંડ્યું. જેમાં જાડાં ધાન્યોને બદલે ઘઉં અને ચોખા, પોષાય તેવા વૈકલ્પિક ખાદ્યતેલો, (મગફળી મોંઘી છે) રોકડિયા પાકો જીરું, વરિયાળી, કપાસ વગેરે શાકભાજી અને ફળફળાદિ વગેરેની માંગ વધવા પામી અને એના બજારભાવ પણ આકર્ષક કે લાભદાયી જણાતા અને તેથી ઘણા ખેડૂતોએ પોતાના વિસ્તારના અનુરૂપ સંજોગો મુજબ નવા પાકો અપનાવ્યા.

ગુજરાતમાં બધે જ શાકભાજીનું ઉત્પાદન છેલ્લાં દાયકામાં વધ્યું છે. જે મોટો ફેરફાર સૂચવે છે. ઘણાં ખેડૂતો રાયડો, જીરું, વરિયાળી, મસાલા જેવા પાકોમાં વધારે વળતર મળે છે તે પાકો તરફ ખેડૂતો વળ્યા. ખાસ કરીને ગુજરાત, મધ્ય ગુજરાત આ તરફ વળ્યાં છે. કચ્છના ગ્રીનબેલ્ટ અને દક્ષિણ ગુજરાતમાં બાગાયત ખેતી વધુ પ્રમાણમાં થવા માંડી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ બાગાયત ખેતીનું પ્રમાણ વધ્યું અને ફળોનું ઉત્પાદન વધ્યું. ખાસ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કપાસના વાવેતર તરફ ખેડૂતો વળ્યાં છે. કપાસના સંશોધનો પણ એની ઉપજ વધારે છે. ઉપજનો સમયગાળો અને ઊંચા ભાવ હોવાથી ખેડૂતો કપાસ તરફ વળ્યાં છે. આજે દેશમાં મુખ્ય પાક તરીકે પ્રથમ નંબરે કપાસ રહ્યો છે.

પંજાબ અને હરિયાણાના ખેડૂતો શરૂઆતમાં પ્રગતિશીલ કહેવાતા હતા. તેમને ફળદ્રુપ મેદાનોવાળી જમીન અને સિંચાઈની સુવિધા સારા પ્રમાણમાં મળતી હતી. તેઓ ઘઉં, ચોખા, ચણા અને રાજમા જેવા પાકો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરંતુ સમય સાથે તેઓએ પાકની તરાહમાં ખાસ ફેરફાર કર્યા નથી. ઘઉંનું ઉત્પાદન પંજાબ અને હરિયાણામાં એટલું બધું વિપુલ પ્રમાણમાં થાય છે કે તેમને ખુલ્લાં માર્કેટમાં પૂરતા ભાવ મળતા નથી અને તેથી તેમણે હંમેશાં Support Prices લઘુતમ ટેકાના ભાવો ઉપર આધાર રાખવો પડે છે અને સરકાર આવા ભાવો જાહેર કરી મોટા પાયા ઉપર ખરીદી કરે છે. ગુજરાતના ખેડૂતોએ પાકની તરાહ બદલી સદ્ધર થયા છે.

- **સંદર્ભ સૂચિ :**


- District wise Area, Production and Yield of Important Food & Non-food crops in Gujarat state. Year 2017-18, 2018-19, 2019-20.

  Published by Directorate of Agriculture, Krishibhavan, Sector 10-A, Gandhinagar.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. ગુજરાત રાજ્ય આંકડાકીય માહિતી
- વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા. આંકડાકીય માહિતી ખેતી નિયામકની કચેરી.
- https:\\dag.gujarat.gov.in/estimate.guj.htm
- dag.gujarat.gov.in
- ‘કૃષિ પ્રભાત’ બજાર સમાચાર, રાજકોટ, સોમવાર 26 ડિસેમ્બર 2022
- Raninga, Dina M. 2007. 1991 બાદ
- “સૌરાષ્ટ્રમાં પાકની તરાહમાં આવેલા પરિવર્તનનો વિશ્લેષણાત્મક અભ્યાસ” Ph.D thesis.

- https:\\etheses.saurashtrauniversity.edu\id\eprit\641
- Districiwise Area, Production & Yield of Important Food & Non-food crops in gujarat state. 2000-2001 to 2002-2003, 2010-11, 2011-12 and 2012-2013, 2019-20
- Year wise Production of Major Crops in Gujarat (1981-2017)
- ખેતી અને ખેડૂત, ખેડૂત કલ્યાણ આંકડાકીય વિભાગ, ગુજરાત સરકાર.
- Gujarat Agriculture statistics at a Glance year 2010-11 published by Diractart of Agriculture Gujarat State.. Gandhinagar. https:\\agri.gujarat.gov.in
- ઈ.ટી.વી. ગુજરાતી "મગફળીમાં ખેડૂતોને ટેકાના ભાવ કરતાં ખુલ્લાં બજારમાં મળી રહી છે. વધુ કિંમત" વાર્તાલાપ. Published on Nov. 9, 2021 સમય 8 : 35 p.m. IST.
- 'નવ ગુજરાત સમય' દૈનિક સમાચાર પત્ર. 'તેલીબિયાંમાં ખોળની નિકાસ' મે મહિનામાં 12 ટકા વધીને 2.55 લાખ ટન 'તા. 20-6-2022
- જય મિશ્રા (2018) "શા માટે ગુજરાતના ખેડૂતો દેવામાં ?" બી.બી.સી. ગુજરાતી ન્યૂઝ તા. 16 નવેમ્બર 2018

# એકમ-15 ગુજરાતના ઉદ્યોગો

-: રૂપરેખા :-


**15.1** ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ

**15.2** ગુજરાતના મુખ્ય ઉદ્યોગો

**15.2.1** ઈજનેરી ઉદ્યોગ

**15.2.2** જહાજ બાંધવાનો ઉદ્યોગ

**15.3** પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ

**15.4** સુતરાઉ કાપડ ઉદ્યોગ

**15.5** સિમેન્ટ ઉદ્યોગ

**15.6** રસાયણ ઉદ્યોગ

**15.6.1** રાસાયણિક ખાતર ઉદ્યોગ

**15.6.2** દવા ઉદ્યોગ

**15.7** ખાંડ ઉદ્યોગ

**15.8** ગુજરાતનો ખાણ અને ખનીજ ઉદ્યોગ

**15.9** ગુજરાતનો ડેરી ઉદ્યોગ

**15.10** નવી ઔદ્યોગિક નીતિ (૨૦૨૦) અને ઔદ્યોગિક વિકાસ

**15.11** સમીક્ષા


## 15.1 પ્રસ્તાવના :

**"ગુજરાતને દેશના વિકાસનું ગ્રોથ અન્જિન બનાવવામાં રાજ્યના ઉદ્યોગોનો સિંહફાળો છે."**

**– મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

આજના આધુનિક યુગમાં રાષ્ટ્રોનું અસ્તિત્વ ઉદ્યોગોના વિકાસ પર જ આધારિત છે. આર્થિક વિકાસ વિના અસંભવ છે. જે દેશો ઔદ્યોગિક દષ્ટિએ જેટલા વધુ વિકાસ પામ્યા છે તેની અર્થવ્યવસ્થા એટલી જ મજબૂત બની છે. ભારતમાં પણ સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો 29% છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત પણ ભારતના નકશામાં અગત્યનું સ્થાન ધરાવે છે. આજથી 62 વર્ષ પહેલાંનો ગુજરાતનો છૂટા-છવાયા ઔદ્યોગિક કેન્દ્રોવાળો ઔદ્યોગિક નકશો હવે ઔદ્યોગિક વિકાસને કારણે ભાતીગળ બન્યો છે. ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યાર પછી ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતે ખૂબ જ પ્રગતિ કરી છે. એટલું જ નહીં, ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં ઝડપ અને વિવિધતા બંને જોવા મળે છે. આથી ગુજરાતનું ઔદ્યોગિક ભૂમિ દશ્ય સમગ્રપણે બદલાઈ ચૂક્યું છે. ગુજરાત તેના કેટલાક પ્રણાલિકાગત ઉદ્યોગો અને તેની પેદાશો માટે પ્રાચીન સમયથી દેશ-વિદેશમાં જાણીતા છે. પરંતુ હવે તો આધુનિક યંત્ર સામગ્રીની પેદાશ અને નિકાસ કરીને ઔદ્યગિક કૂચમાં ગુજરાત ખૂબ જ ઝડપી રીતે આગળ વધી રહ્યું છે. ભારતના પશ્ચિમ કિનારે આવેલ

ગુજરાત એ વર્ષ 2021ની વસ્તી ગણતરી મુજબ 1960-24 ચો.કિ. મીટરનો ભૌગોલિક વિસ્તાર અને 6.70 કરોડની વસ્તી ધરાવતું મહત્ત્વનું રાજ્ય છે. છેલ્લા 62 વર્ષો દરમિયાન રાજ્યે તેના સર્વાંગી આર્થિક વિકાસને વેગ આપ્યો છે અને આર્થિક વિકાસમાં માળખાકીય ફેરફારો ઘણાં જ થયેલ છે. ઔદ્યોગિક ક્ષેત્રે નાના, મધ્યમ, મોટા તેમજ ફેક્ટરી ક્ષેત્રોમાં પણ પ્રભાવશાળી વિકાસ જોવા મળ્યો છે.

ગુજરાત દેશનું સંભવતઃ એક માત્ર એવું રાજ્ય છે, જેણે છેલ્લાં 25 વર્ષોમાં સતત વિકાસના અનેક નવા રેકોર્ડ સ્થાપ્યા છે. ગુજરાત રાજ્યના ટોચના રાજકીય નેતૃત્વએ તેઓની દીર્ઘદૃષ્ટિ, અનુશાસન અને પ્રજાના સતત પરિશ્રમ અને સખત મહેનતથી ગુજરાતને નવી બુલંદીઓ પર પહોંચાડ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે પણ રાજ્યને ખૂબ મોટી રકમનું રોકાણ અપાવીને ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગવંતો બનાવ્યો છે. વર્ષ 2003થી ઑગસ્ટ, 2022 સુધીમાં ગુજરાતમાં 51.19 બિલિયન અમેરિકન ડોલર ક્યુમ્યુલેટિવ FDI મળી શક્યું છે. તેથી આપણે એમ કહી શકીએ કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે રાજ્યમાં નવા ઔદ્યોગિક વિકાસનો પાયો નાખ્યો. ટૂંકમાં, ડબલ એન્જિન સરકારને કારણે આજે ગુજરાત ભારતનું સૌથી વધુ ઔદ્યોગીકરણવાળું રાજ્ય બન્યું છે.

## 15.1 ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ :

આજે આપણે જે ઝાકઝમાળ ગુજરાતના ઔદ્યોગિક વિકાસની જોઈ રહ્યા છીએ તે કાંઈ આજકાલનો નથી, પરંતુ એનો એક લાંબો ઈતિહાસ છે. એ સમયમાં ગુજરાતનું આર્થિક પાટનગર એટલે કે અમદાવાદ શહેર એક આગવું સ્થાન ધરાવતું હતું અને આજે પણ આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતની પ્રજાની વાત કરીએ તો ગુજરાતની પ્રજા ખૂબ સાહસિક છે અને તેથી બજારોને સમજવાની કુનેહ અને તકને ઝડપી લેવાની આવડતની સાથોસાથ ગુજરાતીના વિશિષ્ટ ગુણો, હોશિયારી, સુલેહ અને સમાધાનની વૃત્તિ, સહકાર તેમજ સહિષ્ણુતા પણ કારણભૂત છે અને આ ગુણો ગુજરાતના વેપારીઓ પાસે હોવાને કારણે તેઓ બીજા દેશોના બંદરોમાં પોતાના થાણા નાંખીને વેપાર વિકસાવ્યો હતો અને આ વ્યાપારી સંસ્કૃતિના વારસદારો વિદેશમાંથી યંત્રો, અને ટેક્નોલૉજીની આયાત કરતા થયા. અને વૈશ્વિક ઔદ્યોગિક ક્રાંતિની સાથે જ ગુજરાતમાં પણ ઔદ્યોગિક વિકાસની દિશાઓ ખૂલી.

પ્રો. મકરંદ મહેતાના શબ્દોમાં કહીએ તો "ગુજરાતી વેપારીઓ સ્પર્ધામાં અન્ય હરીફોને હંફાવવા નફો-તોટો ઓછો રાખતા અને કદાચ તેથી જ વધારે ધન પ્રાપ્ત કરતાં અને તેથી જ વિદેશીઓ ગુજરાતીઓને ગુજરાતી ભાષા બોલતી 'વ્યાપારી કોમ' તરીકે સૈકાઓથી ઓળખે છે."

અહીં, એમ કહી શકાય કે જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ એની તાસીર પારખીને ગુજરાતીઓ પોતાની ઉદ્યોગ સાહસિકતા અને તીક્ષ્ણ વેપારી બુદ્ધિનો ઉપયોગ કરીને આર્થિક પ્રગતિ કરતો રહ્યો. એમાં શાંતિલાલ શેઠ, કસ્તુરભાઈ લાલભાઈ, રણછોડલાલ ચિનુભાઈ બેરોનેટ, મુળજીભાઈ માધવાણી, પ્રેમચંદ પોપટ ચંદેરિયા વગેરે ગુજરાતીઓનો મુખ્ય ફાળો છે. એકબાજુ આઝાદીની લડત ચાલતી હતી તે સમયગાળા દરમિયાન જ અમદાવાદના મિલ ઉદ્યોગે એવી તો હરણફાળ ભરી કે અમદાવાદ 'ભારતના માનચેસ્ટર' તરીકે ઓળખાવા લાગ્યું.

ગુજરાતના કેટલાક ઉદ્યોગોની વાત કરીએ તો વડોદરામાં કેમિકલ અને ફાર્માસ્યુટિકલ

ઉદ્યોગ, સુરતનો જરી ઉદ્યોગ, રાજકોટમાં ડીઝલ એન્જિન, મોરબી, હિંમતનગરમાં સિરામિક, જામનગરમાં બ્રાસ પાર્ટ્સ, ખંભાતમાં અકીક જેવા ઔદ્યોગિક એકમો શરૂ થવા લાગ્યા.

62 વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલું ગુજરાત તે સમયે ઔદ્યોગિક દષ્ટિએ આઠમા ક્રમે હતું. જે આજે ગુજરાતી પ્રજાએ તેમની બુદ્ધિશક્તિ, આવડત તેમજ સાહસિક વેપારવૃત્તિથી ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિકાસના ઉદ્દીપક તરીકે સ્વીકારી લીધું છે અને એમાંય માથાદીઠ એક એકર કરતાં ઓછી ખેડાણ લાયક જમીન ધરાવતા ગુજરાત માટે વિકાસના ઉદ્દીપક તરીકે ઔદ્યોગિક વિકાસને સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો.

આમ, ગુજરાતની સ્થાપના સમયથી જ ઔદ્યોગિક વિકાસ - આર્થિક વિકાસ સાધવાનું સાધન બન્યું. એમાંય 1991થી ઉદારીકરણ અમલી બનતાં (1993ના વર્ષને બાદ કરતાં) ગુજરાતમાં વિવિધક્ષેત્રે મૂડીરોકાણ થવા લાગ્યાં. આમ, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસના મહત્ત્વના કેન્દ્ર તરીકે ઉપસી રહ્યું છે એમ કહી શકાય. ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ રાજ્ય બની રહ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષમાં નિકાસમાં ગુજરાતનો લગભગ 21% ફાળો રહ્યો છે. ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે પણ ગુજરાત રાજ્યના ડંકા વાગી રહ્યા છે.

આમ, ગુજરાત ભારતના અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે. માર્ચ, 2022 સુધીમાં ગુજરાતની Gross State Domestic Product (GSDP) અંદાજિત યુ.એસ. ડોલર 288.73 બિલિયન થઈ હતી. ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા સ્થાપિત મોટી રિફાઈનિંગ ક્ષમતાની હાજરીને કારણે ગુજરાતને ભારતની પેટ્રોલિયમ રાજધાની ગણવામાં આવે છે.

ગુજરાત વિશ્વમાં પ્રોસેસ્ડ હીરાનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે. જે વિશ્વના પ્રોસેસ્ડ હીરાના 72% હિસ્સો ધરાવે છે અને દેશની હીરાની નિકાસમાં લગભગ 80% હિસ્સો ધરાવે છે. દેશમાં ડેનિમનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય ગુજરાત છે અને વિશ્વમાં ત્રીજા નંબરનું સૌથી મોટું ઉત્પાદક છે. ગુજરાતમાં 42 બંદરો, 18 સ્થાનિક એરપોર્ટ અને એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે તેથી ગુજરાતમાં મોટાપાયે ઔદ્યોગિક રોકાણની શક્યતા છે.

જૂન, 2021 સુધીમાં ગુજરાતમાં 21 વિશિષ્ટ આર્થિક ઝોન SEZ કાર્યરત હતા. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડ (DPIIT) અનુસાર ગુજરાતમાં FDI નો પ્રવાહ વર્ષ 2021માં યુ.એસ. ડોલર 21.89 બિલિયન હતો. રાજ્યમાંથી કુલ નિકાસ આજ વર્ષમાં યુ.એસ. ડોલર 60587 મિલિયન હતી.

ગુજરાતની ઔદ્યોગિક વિકાસની આ વણથંભી પ્રગતિમાં ઘણા ઉદ્યોગોએ પોતાનો ફાળો આપ્યો છે જેની ચર્ચા આપણે અહીં કરીશું.

## 15.2 ગુજરાતના મુખ્ય ઉદ્યોગો

ગુજરાતમાં કાચો માલ, માનવશ્રમ, મૂડી, વીજળીની પૂરતી ઉપલબ્ધિ, આંતરમાળખાકીય સવલતો, પાણીની ઉપલબ્ધિ અને રાજ્યનું પ્રગતિશીલ વહીવટીતંત્ર અને એનો રચાત્મક અભિગમ વગેરેને કારણે ઉદ્યોગો માટે અનુકૂળ પરિબળો પ્રાપ્ય બન્યા છે. પરિણામે ગુજરાતે અનેક ઉદ્યોગોનો વિકાસ સાધ્યો છે. જેમાં નીચે મુજબના ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ વિવિધતા ધરાવે છે.

### 15.2.1 ઈજનેરી ઉદ્યોગ :

ગુજરાતમાં વર્તમાન સમયમાં ઈજનેરી ઉદ્યોગોનો વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો

છે. ગુજરાત પાસે લોખંડ કે કોલસા અપૂરતા હોવા છતાં અન્ય પ્રદેશમાંથી પણ તેની આયાત કરવામાં આવે છે અને નાની મોટી યંત્રસામગ્રી બનાવવાને લગતા ઈજનેરી ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો છે. ઈજનેરી ઉદ્યોગમાં સ્ટીલની પાઈપ, સ્ટીલ ટ્યુબ, ડીઝલ એન્જિન, ટ્રેક્ટર, સાઈકલ, ખેતીના યંત્રો, વીજળીથી ચાલતી મોટરો, વીજળીથી ચાલતા પંપ, સ્વીચ ગીઅર, કાપડ ઉદ્યોગની મશીનરી, વાહનોના ભાગ, મશીન ટુલ્સ જેવી અનેકવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન આ ઉદ્યોગોમાં થાય છે. ઈજનેરી ઉદ્યોગનો વિકાસ લઘુ ઉદ્યોગ તરીકે વધુ પ્રમાણમાં થયો છે. ગુજરાતમાં આજે ઈજનેરી ઉદ્યોગના 12000 કરતાં પણ વધુ એકમો આવેલા છે.

ગુજરાતના અમદાવાદમાં અનેક ઉદ્યોગોનો વિકાસ થયેલો છે. તેથી બજાર પણ સરળતાથી મળી રહે છે. તેથી ગુજરાતમાં ઈજનેરી ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ છે. વાહનવ્યવહારની સગવડ પણ અમદાવાદમાં વધુ હોવાથી ઈજનેરી ઉદ્યોગ વધુ સરળ રીતે વિકાસ પામ્યો છે.

દેશમાં જાહેરક્ષેત્રે મશીન ટૂલ્સના ઉત્પાદન કરતાં 115 મોટા એકમો આવેલા છે. તેમાંથી 6 એકમો ગુજરાતમાં છે. ગુજરાતમાં આજે 2500 કરતાં પણ વધુ મશીન ટુલ્સનું ઉત્પાદન કરતાં એકમો છે, જેમાંથી અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, નડીયાદ અને રાજકોટમાં તેના એકમો વધુ આવેલા છે. ગુજરાત દર વર્ષે અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની હૉલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશોમાં મશીન ટુલ્સની નિકાસ કરે છે.

**ગુજરાતમાં ઈજનેરી ઉદ્યોગ ક્યાં વિકસ્યો છે તે જોઈએ તો :**

– અમદાવાદ ઈજનેરી ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે, જે સ્ટીલની પાઈપ અને ઈલેક્ટ્રોનિક પંપનું ઉત્પાદન કરે છે.

– મોરબી જિલ્લામાં સિરામિક ઉદ્યોગનો સારો એવો વિકાસ જોવા મળે છે. આ જિલ્લામાં 1919માં શરૂ થયેલ પરશુરામનું કારખાનું શરૂ થયેલ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે MSME સેક્ટરથી ગુજરાત આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશે. ગુજરાતના મોરબીનો સિરામિક ઉદ્યોગ એકમાત્ર એવો ઈન્ડસ્ટ્રિઅલ પાર્ક છે, જે ચાઈનાને ઉત્પાદન ક્ષેત્રે હંફાવે છે. આ ઉપરાંત મોરબીમાં દિવાલ ઘડિયાળ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે. ગુજરાતની કુલ ઘડિયાળમાંથી 85% જેટલી દિવાલ ઘડિયાળ માત્ર મોરબીમાં બને છે.

– જામનગરમાં વિવિધ બ્રાસ પાર્ટ્સ બનાવવાના ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

– જૂનાગઢ જિલ્લામાં ખેતીમાં ઉપયોગમાં લેવાતા વિવિધ યંત્રો બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે.

– રાજકોટમાં તેમજ અમદાવાદ પાસે આવેલ કલોલમાં ડિઝલ એન્જિન બનાવવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

– રાજકોટમાં કાપડ ઉદ્યોગની મશીનરી પણ બનાવાય છે.

– ખેડા જિલ્લામાં આવેલા નડિયાદમાં ઓટોમોબાઈલ પાર્ટ્સ- ખાસ કરીને ચોક-પિસ્ટન બનાવવાનો ઉદ્યોગ છે.

– વડોદરા પાસે આવેલા સાવલી પાસે વીજળીના પાર્ટ્સ, વીજળીના યંત્રો - મેટ્રો રેલવેના કાચ બનાવવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. તેમજ વડોદરામાં ઈલેક્ટ્રોનિક મોટર્સ અને ઈલેક્ટ્રિક મશીનરીનું ઉત્પાદન થાય છે.

- સુરતના ઈજનેરી ઉદ્યોગમાં વોટર હીટર બનાવવાનો ઉદ્યોગ સમાવિષ્ટ છે. આ ઉપરાંત સુરતમાં હીરા ઉદ્યોગનો વિકાસ ઉચ્ચ કોટિનો છે અને તેથી જ સુરતને 'ડાયમન્ડ સીટી' તરીકે ઓળખવામાં આવે છે.
- ભાવનગરની દક્ષિણ પૂર્વ દિશામાં 50 કિલોમીટરના અંતરે આવેલા અલંગમાં વિશ્વનો સૌથી મોટો વહાણ ભાંગવાનો ઉદ્યોગ વિકસ્યો છે. તેમજ સચાણા, જામનગર ખાતે પણ આ ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

### 15.2.2 જહાજ બાંધવાનો ઉદ્યોગ :

- ભરૂચના દહેજ પર જહાજ બાંધવાના ઉદ્યોગમાં પ્રથમ ABG શિપયાર્ડ આવેલું છે. બીજું ડિફેન્સ ઑફ શોર એન્જિનિયર લિમિટેડ જે પિપાવાર બંદરે આવેલું છે. ત્રીજું ધ મોડેસ્ટ મસ્કોર શિપયાર્ડ જે ભાવનગરમાં આવેલું છે.
- મોટર્સ ઉદ્યોગ : (1) 2003માં જનરલ મોટર્સ ઇસુજ કંપની અને હિન્દુસ્તાન મોટર્સની સહાયક કંપની છે. જેમાં ઓપેલ કાર, સેવરો કાર અને તવેરાનો સમાવેશ થાય છે. (2) વર્ષ 2010માં તાતા નેનો કાર જે પ્લાન્ટ અમદાવાદ પાસે સાણંદ મુકામે આવેલો છે, જે પ્લાન્ટ હવે બંધ છે. (3) હોન્ડાનો પ્લાન્ટ અમદાવાદમાં વિઠ્ઠલનગર ખાતે છે. (4) મારૂતિ સુઝુકીનો પ્લાન્ટ જે મહેસાણાના બહુચરાજી ખાતે આવેલો છે. (5) ઓરેવા પ્લાન્ટ જે કચ્છ જિલ્લામાં આવેલો છે.
- વડોદરાના વાઘોડિયા પાસે GIIC અને હીરો હાઈકલ્સના સંયુક્ત સાહસથી સ્થાપેલ ગુજરાત સાઈકલ્સ લિમિટેડ છે જે સાઈકલ્સ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.

## 15.3 પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ

ખનીજતેલને શુદ્ધ કરવાથી જે આડપેદાશ મળે છે તેને 'પેટ્રો કેમિકલ્સ' કહે છે. ખનીજતેલ શુદ્ધ કર્યા પછી તેમાંથી પેટ્રોલ, ડીઝલ, કેરોસીન વગેરે મળે છે. બાકીના પદાર્થને 'નેપ્થા', 'ક્રેકર' કહે છે. નેપ્થાને આધારે અન્ય ઘણાં ઉદ્યોગોનો વિકાસ થયો છે. જેને સમગ્ર રીતે 'પેટ્રો કેમિકલ્સ' ઉદ્યોગ કહે છે.

ગુજરાત રાજ્યની સ્થાપના થઈ એ સાથે જ વડોદરા નજીક કોયલી ખાતે ગુજરાત રિફાઈનરીની સ્થાપના થઈ છે. ગુજરાતમાં અંકલેશ્વર અને ઉત્તર ગુજરાતના તેલ ક્ષેત્રોમાંથી આવતું ક્રુડ ઓઈલ પ્રોસેસ કરવાની યોજના ઘડાઈ. જેણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું ચિત્ર પલટાવી નાંખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આમ, ભારતમાં ખનીજતેલ પર આધારિત પેટ્રો-કેમિકલ્સના મોટા ઉદ્યોગોનો આરંભ કરવાનું માન ગુજરાતને ફાળે જાય છે. ગુજરાતમાં આ ઉદ્યોગ વડોદરાથી શરૂ થઈ દક્ષિણ ગુજરાતના કિનારાના પટ્ટામાં ઝડપથી વિકસી રહ્યો છે. ગુજરાત રિફાઈનરીની કાચા તેલની શુદ્ધિકરણની ક્ષમતા 125 લાખ ટન જેટલી છે. ભારતનો પ્રથમ પેટ્રો-કેમિકલ્સ સંકુલ 'ઇન્ડિયન પેટ્રો-કેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ - 1969'માં વડોદરામાં સ્થાપ્યો. આ ઉપરાંત રંગો, જંતુનાશક દવાઓ ડાઈસ્ટ દવાઓ, ઈલેક્ટ્રિકલ, મિકેનિક અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો તેમજ યંત્રોના વિવિધ ભાગ ખોરાકની જાળવણી માટેના પદાર્થો વગેરે અનેક જાતના ઉત્પાદન એરોમેટિક પ્રોજેક્ટ આધારિત ઉદ્યોગોની સ્થાપના ગુજરાતમાં થઈ છે. ત્યારપછી ભરૂચમાં ACPCIR, જામનગરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ESSAR Oil કંપનીએ આ ઉદ્યોગમાં છે. પ્રગતિ કરી છે. પેટ્રો કેમિકલ્સ સંકુલનો બીજું એક એકમ 'નેપ્થા ક્રેકર પ્રોજેક્ટ છે.' આ એકમ

સાડા ચાર લાખ ટન નેપ્થાનો ઉપયોગ કરે છે. આ એકમમાં પોલીમર ગ્રેડનું પ્રોપિલીન, કેમિકલ ગ્રેડનું પ્રોપિલીન્થમાંથી એક્રીલોનાઈટ્રાઈલ અને તેમાંથી એક્રીલીક ફાઈબર બને છે. જેનો ઉપયોગ અન્ડરવેર અને ઓવરકોટ બનાવવા માટે થાય છે.

પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ ડિટર્જન્ટ્સ રાસાયણિક ખાતરો, દવાઓ, રંગો, પ્લાસ્ટિક સિન્થેટિક રેસાઓ અને સિન્થેટિક 'રબર' બનાવવામાં થાય છે. પ્લાસ્ટિક ઘણો મહત્ત્વનો પદાર્થ છે હવે તો લાકડાં, કાચ, અને ધાતુને સ્થાને પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે.

તાજેતરમાં એસોસિયેટ ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિ ઑફ ઈન્ડિયા તેમજ PWC દ્વારા બહાર પાડવામાં આવેલ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે રો-મટિરિયલ્સની સરળ ઉપલબ્ધિ અને ઉદ્યોગમાં સતત થઈ રહેલું રોકાણ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે હજુ વધુ મજબૂત બનાવશે.

વડોદરા, ભરૂચ, ભાવનગર, અમદાવાદ, આણંદ, મહેસાણા અને વલસાડ વગેરે આઈડેન્ટિફાઈડ કેમિકલ પ્રોડક્ટ ક્લસ્ટર્સ છે અને તેથી જ ટેક્નોલૉજી ડેવલપમેન્ટમાં રોકાણ વધ્યું છે અને આ ઉદ્યોગે તેની સિદ્ધતા સાબિત કરી દીધી છે અને તેથી જ ગુજરાતને ભારતના 'ધ પેટ્રોલિયમ કેપિટલ ઑફ ઈન્ડિયા' તરીકે ઓળખવામાં આવે છે.

જો કે આ ઉદ્યોગને વૈશ્વિક ધોરણે સ્પર્ધા કરવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે. જેવી કે ભારતીય કેમિકલ ઉદ્યોગમાં ઓછી ક્ષમતા ધરાવતા પ્લાન્ટ્સ, રો-મટિરિયલ, ઊર્જા અને બળતણનો ઊંચો ખર્ચ અને રોડ, બંદરો તેમજ વીજળીના પુરવઠામાં વૈશ્વિક કક્ષાના માળખા–સુવિધાઓનો અભાવ ઓછી સ્પર્ધાત્મકતા અને મજૂર કાયદાઓ વગેરે ભારતીય કેમિકલ ઉદ્યોગ માટે ચિંતાનું કારણ છે.

આથી, આ ઉદ્યોગે એક અથવા વધુ વિસ્તારોમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બેઝિક કેમિકલ ક્ષેત્ર એ પ્રોસેસ ઈનોવેશન અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ પર ધ્યાન આપીને તેમજ પર્ફોર્મન્સ તથા પ્રોડક્ટ્સની ગુણવત્તામાં સુધારો કરીને પોતાની સ્પર્ધાત્મકતા વધારવી પડશે. નૉલેજ આધારિત કેમિકલ ઉદ્યોગમાં સક્રિય કંપનીઓએ પ્રોડક્ટ લીડરશીપ અને પ્રોસેસ ઈનોવેશન્સ કરવું જ પડશે.

## 15.4 સુતરાઉ કાપડ ઉદ્યોગ

ગુજરાતમાં કાપડ ઉદ્યોગ અને એમાંય સુતરાઉ કાપડ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગના સ્થાનીયકરણ અને વિકાસ માટે ઘણી બધી અનુકૂળતા રહેલી છે. જેમ કે ગુજરાતમાં લગભગ 25 લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થાય છે. ગુજરાતી જમીન કાળી છે. જે કપાસ માટે ખૂબ જ અનુકૂળ હોવાથી કપાસનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. આમ છતાં ઊંચી કક્ષાના મુલાયમ કપડાના ઉત્પાદન માટે જરૂરી લાંબા તારનું ઉત્પાદન ઈજિપ્ત, સુદાન કે પાકિસ્તાનમાંથી આયાત કરવામાં આવે છે.

ગુજરાતમાં કાપડ ઉદ્યોગના વિકાસની શરૂઆતના તબક્કામાં જરૂરી યંત્ર સામગ્રી મુંબઈ બંદર દ્વારા વિદેશમાંથી આયાત કરવામાં આવતી હતી. પરંતુ હવે દેશમાં જ મશીનરી બનાવતા ઉદ્યોગનો વિકાસ થયો હોવાથી દેશમાંથી જ ઉદ્યોગ માટે જરૂરી મોટા ભાગની મશીનરી દેશમાંથી જ મળી રહે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં ત્રાકો સ્પિનિંગ માટેની રિંગ, ફ્રેમ, બોબીન ફોલ્ડર, વુડન બોક્સ, બોબીન મશીન તેમજ શટલ વગેરે સાધનનું ઉત્પાદન થાય છે.

દેશના સુતરાઉ કાપડના કુલ ઉત્પાદનના લગભગ 21% જેટલું કાપડનું ઉત્પાદન

માત્ર અમદાવાદ કેન્દ્ર જ કરે છે. આ ઉપરાંત સુરત, વડોદરા, નવસારી, કલોલ, બિલિમોરા, ભરૂચ, ખંભાત, પેટલાદ, નડિયાદ અને ભાવનગર વગેરે શહેરોમાં પણ સુતરાઉ કાપડની મિલો આવેલી છે. વર્ષ 2019-20માં ચાલુ કરાખાનાની દૃષ્ટિએ આ ઉદ્યોગ દેશમાં પાંચમા ક્રમે છે. આજ વર્ષમાં કારખાનામાં રોકાયેલા શ્રમિકોમાંથી 24% જેટલા શ્રમિકો સુતરાઉ કાપડ ઉદ્યોગમાં રોકાયેલા છે. એ જ રીતે વર્ષ 2019-20માં રોજગારી પૂરી પાડવાની દૃષ્ટિએ સુતરાઉ કાપડ ઉદ્યોગ દ્વિતીય ક્રમે આવે છે.

આ ઉપરાંત 24000 થી 25000 જેટલી હાથસાળો અને ત્રણ લાખ કરતાં વધુ યાંત્રિકસાળો નાના પાયાના ઉદ્યોગ તરીકે ગુજરાતમાં વિકસ્યો છે. એકલા સુરત શહેરમાં જ દેશની 40% જેટલી યાંત્રિક સાળો છે. સુરત, ખંભાત, ધોળકા, વગેરે હેન્ડલુમ અને પાવર લુમથી બનતા કાપડ ઉદ્યોગના મહત્ત્વના કેન્દ્રો છે. આ ઉપરાંત મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, ડાંગ અને ખેડા જેવા હાથસાળ ઉદ્યોગના કેન્દ્રોનો વિકાસ થયો છે. હેન્ડલુમ ઉદ્યોગમાં ખાસ કરીને જાડા કાપડનું ઉત્પાદન થાય છે. વર્તમાન સમયમાં પડદાનું કાપડ, સાડીઓ જેવી કે પોલિએસ્ટર, કલકત્તી, ચંદેરી, રેશમી, ખંભાતના ઘરચોળા, ટર્કીશ ટુવાલ, ચાદરો, મશરૂમ કાપડ વગેરેનું ઉત્પાદન હાથસાળ ઉદ્યોગમાં થાય છે. જ્યારે પાવરલુમ ઉદ્યોગોમાં સાડીઓ તેમજ ધોતી માટેના કાપડનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય છે. હેન્ડલુમ ઉદ્યોગનો વધુ વિકાસ થાય એ માટે ગુજરાત રાજ્ય હાથસાળ વિકાસ કોર્પોરેશનની રચના કરવામાં આવી છે.

ગુજરાતમાં લગભગ 20થી 25000 અંબર ચરખા ચાલે છે. તેમજ 10થી 15000 પારંપરિક ચરખા ચાલે છે. ખાદી ઉદ્યોગ 50,000 જેટલા શ્રમિકોને રોજગારી પૂરી પાડે છે. ખાદી ઉત્પાદન અને વેચાણનું યોગ્ય આયોજન કરવામાં આવે તો 3 લાખ કરતાં પણ વધુ રોજગારીનું સર્જન કરી શકાય છે.

ગુજરાત એ કાચું રેશમ વાપરનાર એક મુખ્ય રાજ્ય છે. આથી ગુજરાતમાં કોશેટા ઉછેર ઉદ્યોગનો વિકાસ કરવામાં આવે તો રેશમકામ માટે રેશમના કાચા માલનું ઉત્પાદન કરી શકાય જેથી ખેતમજૂરો અને વણકરોને આ પ્રવૃત્તિથી રોજગારી પ્રાપ્ત થઈ શકે. કચ્છમાં 12 જેટલા ગાલીચા વણાટ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.

આમ, દેશમાં અને ગુજરાતમાં વધુ પ્રમાણમાં રોજગારી પૂરી પાડતો ઉદ્યોગ એ કાપડ ઉદ્યોગ છે. ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદમાં શાહપુર મિલ તથા કેલિકો મિલ સ્થપાઈ. સસ્તો કપાસ, શ્રમિકોની ઉપલબ્ધિ, પરિવહન સુવિધા, નિકાસ માટેના બંદરો તેમજ યોગ્ય બજાર મળવાને કારણે અહીં સુતરાઉ કાપડની મિલો સ્થપાઈ અને તેથી જ ગુજરાતમાં અમદાવાદ પૂર્વનું માન્ચેસ્ટર તથા ડેનિમ સીટી ઑફ ઇન્ડિયા પણ કહે છે.

આજે કાપડ ઉદ્યોગ ઉત્તમ પ્રકારના કપાસની અછત, જૂના યંત્રોની વપરાશ, અનિયમિત વિદ્યુત પુરવઠો, કૃત્રિમ રેશમના કાપડની સ્પર્ધા તથા વૈશ્વિક બજારમાં તીવ્ર સ્પર્ધાનો સામનો કરી રહ્યો છે. વિશ્વના અન્ય દેશોમાં સુતરાઉ કાપડના ઉત્પાદનના વિકસેલા નવા કેન્દ્રો અને અમદાવાદની મિલોમાં યંત્ર સામગ્રીના આધુનિકરણનો અભાવ એ અમદાવાદના સુતરાઉ કાપડ ઉદ્યોગની મુખ્ય સમસ્યાઓ હોવાથી અમદાવાદમાં મોટા ભાગની કાપડની મિલો બંધ થઈ ગઈ છે.

## 15.5 સિમેન્ટ ઉદ્યોગ

ગુજરાતના ઉદ્યોગોમાં સિમેન્ટ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ સારા એવા પ્રમાણમાં થયો છે. સિમેન્ટ એક અગત્યનો બાંધકામ માટેનો

પદાર્થ છે. સિમેન્ટ એક એવી નીપજ છે. જે ચૂનામાં (Cao) સમૃદ્ધ હોય તેવા પદાર્થ સાથે બીજા પદાર્થ જે સિલિકા (SiO2) ધરાવે છે. તેને એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અને આર્યન બોક્સાઈડ સાથેની પ્રક્રિયામાંથી મેળવાય છે.

ચીન પછી સિમેન્ટ ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનો બીજો ક્રમ છે. ચૂના, પથ્થર, કોલસો, ચિરોડી, બોક્સાઈટ, ચીકણી માટી વગેરે સિમેન્ટ બનાવવાનો કાચો માલ છે. કાચો માલ અને ઉત્પાદનો વજનમાં ભારે હોવાથી સિમેન્ટના કારખાનાં જ્યાં કાચો માલ વધુ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ત્યાં સ્થપાયા છે.

કોઈપણ દેશ, રાજ્ય માટે લોખંડ પછી સ્ટીલ પછીની ખાસ જરૂરિયાતની પસંદગી વસ્તુ સિમેન્ટ છે. તેના ઉપયોગો જોઈએ તો :

(અ) રસ્તાઓ, ઈમારતો, પુલ અને બંધના બાંધકામમાં

(બ) કોન્ક્રિટની બનાવટમાં

(ક) લોખંડના સળિયાઓની આસપાસ પોર્ટલેન્ડ સિમેન્ટ યુક્ત કોન્ક્રિટ ભરીને તેને સેટ થવા દેતાં અત્યંત સખત અને સ્થિતિસ્થાપક રેઈનફોર્સ્ડ કોન્ક્રિટ સિમેન્ટ (RCC) બને છે. જેનો ઉપયોગ છાપરા, પુલ, રસ્તા વગેરેમાં થાય છે.

ગુજરાતમાં સિમેન્ટની ફેક્ટરીઓ ક્યાં આવેલી છે તે જોઈએ તે :

– **અંબુજા સિમેન્ટ :** આ સિમેન્ટનું કારખાનું ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના અંબુજાનગર પાસે આવેલું છે.

  આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડાના સિદ્ધપુર ગામ પાસે સિમેન્ટ કોર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડનો પ્લાન્ટ આવેલો છે. જે પોટલેન્ડ સિમેન્ટ માટે જાણીતો છે.

– **અલ્ટ્રાટેક સિમેન્ટ :** આદિત્યા અને બિરલા ગ્રૂપ અંતર્ગત અલ્ટ્રા ટ્રેક સિમેન્ટની ફેક્ટરી અમરેલીના જાફરાબાદ તાલુકાના બાબરપુર અને રાજુલા તાલુકાના કોવાયા ખાતે આવેલી છે.

– **ગુજરાત હિમાલય સિમેન્ટ :** આ કંપની પોરબંદરના રાણાવાવ તાલુકામાં આવેલી છે. જે સફેદ સિમેન્ટના ઉત્પાદન માટે જાણીતી છે.

– **સાંઘિ સિમેન્ટ :** સાંઘિ સિમેન્ટની ફેક્ટરી કચ્છના અબડાસા અને મોટીબેર ખાતે આવેલી છે.

– **દિગ્વિજય સિમેન્ટ :** આ ફેક્ટરી જામનગરના સિક્કા ખાતે આવેલી છે.

– **હાઈબોર્ડ સિમેન્ટ :** સિમેન્ટની આ ફેક્ટરી રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે આવેલી છે.

– **નર્મદા સિમેન્ટ :** જેની ફેક્ટરી ભરૂચ પાસેના નર્મદા નગર ખાતે આવેલી છે.

જોકે સિમેન્ટ ઉદ્યોગ સામે કેટલીક સમસ્યાઓ રહેલી છે. જેવી કે, સ્થાનીયકરણની સમસ્યા, સ્થાપિત ક્ષમતાઓનો ઓછો ઉપયોગ, કોલસાક્ષેત્ર અંતરમાં ખૂબ જ દૂર છે. મશીનો, યંત્રો, ઉપકરણોની વધતી કિંમત અને પરિણામે સિમેન્ટ ઉત્પાદનના ખર્ચમાં વધારો. આ બધી સમસ્યાઓ હોવા છતાં ગુજરાતનો સિમેન્ટ ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતા વધી રહી

છે.

## 15.6 રસાયણ ઉદ્યોગ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં રસાયણ ઉદ્યોગોનો ફાળો સારો એવો છે. રસાયણ ઉદ્યોગની 3100 કરતાં પણ વધુ ફેક્ટરીઓ ગુજરાતમાં છે. લગભગ 14270 જેટલા લઘુ ઉદ્યોગના એકમો પણ વિવિધ રસાયણોનું ઉત્પાદન કરે છે અને તેથી જ ગુજરાતને રસાયણ ઉદ્યોગનું હબ ગણવામાં આવે છે.

ગુજરાતમાં રસાયણ ઉદ્યોગનો વિકાસ મીઠાપુર, અમદાવાદ, વડોદરા, વલસાડ, તાપી, ઉધના, પોરબંદર, ભાવનગર, ધાંગધ્રા, અંકલેશ્વર વગેરે કેન્દ્રોમાં થાય છે. મીઠાપુરમાં તાતા કેમિકલનું સૌથી મોટું એકમ છે. મીઠાપુરના કારખાના માટે જરૂરી કાચોમાલ, મીઠું અને બ્રાઈન સ્થાનિક પ્રદેશમાંથી મોટેભાગે મળે છે.

દેશના કુલ ઉત્પાદનના 78% મીઠું માત્ર ગુજરાત ઉત્પન્ન કરે છે. જેમાંથી મોટાભાગનું ઉત્પાદન સૌરાષ્ટ્ર અને કચ્છમાં થાય છે. મીઠાપુરનું તાતા કેમિકલ્સનું એકમ સોડાએશ, કોસ્ટિક સોડા, બ્લિચિંગ પાઉડર, હાઈડ્રોક્લોરિક એસિડ, ઝિંક ક્લોરાઈડ સોડિયમ બાય કાર્બોનેટ અને બીજા અનેક રસાયણોનું ઉત્પાદન કરે છે. ગુજરાત દેશનું 50% એટલે કે 12 લાખ ટન કોસ્ટિક સોડાનું ઉત્પાદન કરે છે. મીઠાપુર, ધાંગધ્રા તેમજ પોરબંદર આ ત્રણેય કેન્દ્રો ગુજરાતનું મોટાભાગનું સોડાએશનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં સોડાનું ઉત્પાદન દેશના ઉત્પાદનના 14.06% જેટલું છે. ગુજરાત રાજ્યના કુલ વાર્ષિક રોકાણોમાં રાજ્યનો રસાયણ ઉદ્યોગ અંદાજિત અડધા જેટલું રોકાણ ધરાવે છે. રાજ્યમાં જાયલીન, ટોલ્યુનસ બેન્ઝિન જેવા પાયાના રસાયણો મળવાથી બીજા કાર્બનિક રસાયણ ઉદ્યોગોનો વિકાસ થઈ શક્યો છે.

ગુજરાતમાં હજુ પણ રસાયણ ઉદ્યોગના વિકાસની ઘણી શક્યતાઓ રહેલી છે. ગુજરાતમાં ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ સંકુલની આડપેદાશો રૂપે પેકિંગ માટેની ચીજવસ્તુઓ બનાવી શકાય તેમ હોવાથી તથા ગુજરાત સૌંદર્ય પ્રસાધનોના ઉદ્યોગને ઉદ્યોગ માટેની સગવડો તથા વિશાળ બજાર પ્રાપ્ત થઈ શકે તેમ છે.

### 15.6.1 રાસાયણિક ખાતર ઉદ્યોગ :

સેન્દ્રિય ખાતર અને જૈવિક ખાતર દ્વારા પાકની પોષક તત્ત્વની સંપૂર્ણ માંગ સંતોષાતી નથી. આથી પાકના સંપૂર્ણ વિકાસ અને મહત્તમ ઉત્પાદન મેળવવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ અનિવાર્ય છે. રાસાયણિક ખાતરોનું યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવે તો અત્યંત કાર્યક્ષમ, સસ્તા અને પાકની જે તે પોષકતત્ત્વની જરૂરિયાતને સંતોષવામાં સક્ષમ બની શકાય તેમ છે. ગુજરાતમાં રાસાયણિક ખાતર બનાવવાના કયા ઉદ્યોગો વિકાસ પામ્યા છે એ જોઈએ તો :

– GSFC (Gujarat State Fertilizers and Chemicals Limited) (GSFC) :

  આ કંપની વડોદરા શહેરના જવાહરનગર પાસે આવેલી એક મિડ કેપ કંપની છે. જેની સ્થાપના 1962માં થઈ હતી. આ કંપની પ્લાસ્ટિક્સ, નાયલોન, ફાઈબર્સ, ઔદ્યોગિક ગૅસ, તેમજ અનેક પ્રકારના કેમિકલ જેવા કે યુરિયા, એમોનિયા, એમોન, સલ્ફેટ, સલ્યુરીક એસિડ, ફોસ્ફેરીક એસિડ, મેલેમાઈન વગેરેનું ઉત્પાદન કરે છે. આ કંપનીની વિશેષતા એ છે કે, તે એશિયાનું સહાયકારી ક્ષેત્રનું સૌથી મોટું એકમ છે.

– IFFCO (Indian Farmers Fertiliser Co-operative Limited) :

IFFCO એ કંડલામાં આવેલી છે. જેની સ્થાપના 1967માં થઈ છે. જેનું વાર્ષિક ઉત્પાદનની ક્ષમતા વર્ષ 2022માં દૈનિક 9,16,600 (MT) મિલિયન ટન છે. IFFCO ની વિશેષતા એ છે કે નાઈટ્રોજન અને પોટેશિયમ યુક્ત ફોસ્ફરસ ખાતરનું ઉત્પાદન કરે છે.

– GNFC (Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited) :

આ કંપની ભરૂચના ચાવજ ખાતે આવેલી છે. આ કંપનીએ 1982માં ખાતરનું ઉત્પાદન શરૂ કર્યું હતું. આ કંપનીની વિશેષતા એ છે કે તે વિશ્વની સૌથી મોટી સિંગલ-સ્ટ્રીમ એમોનિયા ખાતર ઉત્પન્ન કરતી એકમાત્ર કંપની છે.

– KRIBHCO (Krishak Bharati co-Operative Limited) :

ક્રિભકો એ ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલા સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં આવેલા હજીરા ગામ ખાતે આવેલું છે. જેનો શિલાન્યાસ માજી વડાપ્રધાન સ્વ. ઈંદિરાબેન ગાંધીના શુભહસ્તે તા. 5-2-1982ના રોજ થયો હતો. અહીં પ્રવાહી એમોનિયા અને યુરિયા ખાતરનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. તેમજ જૈવિક ખાતરનું ઉત્પાદન પણ થાય છે. આ કંપનીની વિશેષતા એ છે કે તે 40% ફોસ્ફરસ ખાતરનું અને 29.21% નાઈટ્રોજન ખાતરનું ઉત્પાદન કરે છે. આ કંપનીમાં ગુજરાતમાં ફોસ્ફરસ ખાતરનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

### 15.6.2 દવા ઉદ્યોગ :

ગુજરાતમાં દવા ઉદ્યોગ 110 વર્ષ પહેલાં શરૂ થયો હતો અને આજે ગુજરાત ફાર્મા હબ તરીકે ઊભરી આવ્યું છે. રાજ્યમાં ઉત્પાદિત થતી દવાઓ તથા દવા ઉત્પાદન ક્ષેત્રએ લોકોનો સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ સંપાદિત કર્યો છે. ગુણવત્તા-શ્રેષ્ઠતાના માપદંડો ઉપર પણ ગુજરાતનો દવા ઉદ્યોગ સફળ નીવડ્યો છે.

માજી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ 2019-20માં વાયબ્રન્ટ સમિટમાં જણાવ્યું હતું કે રાજ્યમાં કાડીયાર્ક સ્ટેન્ડ, ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ્સ વગેરેના ઉત્પાદનમાં થઈ રહેલી 70% કરતાં વધુ પ્રગતિ થઈ છે અને તેઓએ આ અંગે તજ્જ્ઞોને બિરદાવ્યા હતા. ગુજરાતમાં દવાઓનું ઉત્પાદન કરતાં લગભગ 260 એકમો આવેલા છે. તેમાં એલેમ્બિક સારાભાઈ કેમિકલ્સ સેનીટેક્સ કોર્પોરેશન, કેડિલા, અતુલ પ્રોડક્ટ્સ, ટોરેન્ટ, મિલ્મેટ જી. ફાર્માસ્યૂટિકલ્સ, હાર્લેસ્ટ્રીટ, લિંકન, ઝન્ડુ, એલિસ ગ્રૂપ ઓવ્ર કંપની, ડેનિસ કેમ, યુફોરિક ફાર્માસ્યૂટિકલ્સ, લ્યૂપિન, લાયકા, અશ્વિની અને બીજી અનેક કંપનીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર તરફથી આ ઉદ્યોગના વિકાસ માટે ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવી છે. 20% જેટલી સબસીડી પણ આપવામાં આવે છે. દવા ઉદ્યોગ માટે વડોદરામાં આવેલા ઔષધિ નિયમન કેન્દ્ર પાસે પ્રયોગશાળાની સગવડ પણ કરવામાં આવી છે.

જો કે ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો સામે કેટલીક સમસ્યાઓ રહેલી છે. જેવી કે વિદેશી કંપનીઓની હરીફાઈ, મૂડીની અછત, સરકારની નીતિ, ઉત્પાદન નીતિ તેમજ ભાવ નિયંત્રણ નીતિ, તેમજ ગુજરાતમાં પ્રયોગશાળાઓનું ઓછું પ્રમાણ વગેરે.

## 15.7 ખાંડ ઉદ્યોગ :

ગુજરાતમાં અને એમાંય ખાસ કરીને દક્ષિણ ગુજરાતનો મહત્ત્વનો રોકડિયો પાક

એટલે શેરડી. કૃષિ આધારિત ઉદ્યોગમાં કાપડ ઉદ્યોગ પછી દ્વિતીય ક્રમે ખાંડ ઉદ્યોગ આવે છે. ગુજરાતમાં સિંચાઈની સુવિધામાં વધારો થતાં સહકારી ક્ષેત્રે ખાંડ ઉદ્યોગનો વિકાસ થવાને કારણે શેરડીના પાક હેઠળના વિસ્તારમાં વધારો થયો છે અને એમાંય સંશોધન દ્વારા બિયારણની સુધારેલી જાતો તેમજ આધુનિક ખેતી અપનાવવાને કારણે પ્રતિ હેક્ટરે 81 ટન ઉત્પાદતા છે તે વધીને લગભગ 100 ટન સુધી વધી છે. શેરડીના રસમાંથી ગોળ અને ખાંડ બનાવવામાં આવે છે. શેરડીના કુચાને બગાસ કહે છે. તેમાંથી પૂંઠા બનાવવામાં આવે છે. ગુજરાતમાં સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, બારડોલી, ઉના, કોડિનાર અને ગણદેવીમાં ખાંડના કારખાના આવેલા છે. મોટાભાગના કારખાના ખાંડની સાથે ગોળ તથા ખાંડસરી પણ બનાવે છે.

ગુજરાતની સર્વપ્રથમ ખાંડની સહકારી ફેક્ટરી બારડોલી ખાતે આવેલી છે. ગુજરાતનો ખાંડ ઉદ્યોગ હવે આત્મનિર્ભરતાના શિરે પહોંચી ગયો છે.

ઇન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ISMA) દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા મુજબ 30 નવેમ્બર, 2021 સુધીમાં ગુજરાતમાં ખાંડ મિલોએ 1.66 લાખ ટન ખાંડનું ઉત્પાદન કર્યું હતું. ખેડૂતો હવે ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી રહ્યા છે. સુગર પ્લાન્ટનું આધુનિકીકરણ અને અન્ય સંશોધન તેમજ વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

બારડોલી સુગર ફેક્ટરીને 2010-11ના સિઝન દરમિયાન “Highest Cane Crushing during in India, 2009-2010” નો એવૉર્ડ મળેલ છે. આ સિદ્ધિ બારડોલી સુગર ફેક્ટરી છેલ્લાં 3 વર્ષથી મેળવી રહી છે.

નર્મદા સુગર ફેક્ટરીને 2010-2011ની સિઝન દરમિયાન “Best Financial Management” ઍવૉર્ડ મળેલ છે.

ખાંડ ઉદ્યોગ સામેની મોટી સમસ્યા એ છે કે છેલ્લાં કેટલાક વર્ષોથી પાકમાં જ્યારે રોગ-જીવાતોનો ઉપદ્રવ વધે છે ત્યારે ઉત્પાદન ખર્ચ વધે છે અને તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. આથી શેરડીની વૈજ્ઞાનિક ખેત પદ્ધતિઓનો ખેડૂત સ્વીકાર કરે અને ઉત્પાદન ખર્ચમાં કરકસર કરીને ગુણવત્તા સભર  તેમ છે ઉત્પાદન મેળવીને ખેડૂતોને જો પોષણક્ષમ ભાવ મળે તો આ ઉદ્યોગનો હજુ વધુ વિકાસ થઈ શકે.

## 15.8 ગુજરાતનો ખાણ અને ખનીજ ઉદ્યોગ :

ગુજરાતના ઉદ્યોગોમાં ખાણ અને ખનીજ ઉદ્યોગ ખૂબ મહત્ત્વ ધરાવે છે. ગુજરાતની ખનીજ સંપત્તિમાં ચિનાઈ માટી ? પ્લાસ્ટિક ક્લે, જિપ્સમ (ચિરોડી), અકીક, ચૂનાનો પથ્થર, તાંબુ, સીસું, જસત, ગ્રેફાઈટ લિગ્નાઈટ કોલસો બોક્સાઈટ આરસ પહાણ, ખનીજ તેલ અને કુદરતી વાયુ, થર્મલ વિદ્યુત મથક, જળ વિદ્યુત મથક, ગોબર ગેસ, ફૂલોરસ્પાર કેલ્સાઈટ, ફ્લુઅરસ્પાર, કુંદી કરવાની માટી વગેરેનો સમાવેશ થાય છે.

જેમાં ચિનાઈ માટીનું ભારતનું સૌથી મોટું કેન્દ્ર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું આરસોડિયા છે. ભરૂચ જિલ્લાનું અંકલેશ્વર તાલુકાનું તેલક્ષેત્ર એ ભારતનું સૌથી મોટું ખનીજ તેલક્ષેત્ર છે. અકીક અને ફ્લોરસ્પારના ઉત્પાદનમાં ગુજરાત અગ્રસ્થાને છે. થર્મલ વિદ્યુતમથક ગાંધીનગર, ધુવારણ, ઉકાઈ, ઉત્પાદનમાં પાન્ધો, સાબરમતી, વણાકબોરી, સિક્કા, ઉતરાણ, કડાણા, હજીરા, માંગરોળ અને કંડલા ખાતે આવેલું છે. જ્યારે ગોબરગેસ પ્લાન્ટ અમદાવાદ જિલ્લાના દસકોઈ તાલુકાના ઉદ્‌તલ ગામ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ છે. એશિયા ખંડનું સૌ પ્રથમ ગોબરગેસપ્લાન્ટ સિદ્ધપુર તાલકાના મેથાણ ગામે પાટણ જિલ્લાના ઉત્તર ગુજરાતમાં આવેલું છે.

ગુજરાત સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે. જેના કારણે આજે (FDI) વિદેશી સીધા મૂડીરોકાણમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ખાણ-ખનીજ વિભાગ માટે વર્ષ 2022-2023માં રૂ. 5,99,724.95 લાખની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી હતી.

## 15.9 ગુજરાતનો ડેરી ઉદ્યોગ :

દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ડેરી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે. ખાસ કરીને ગુજરાતમાં ખેતીના પૂરક વ્યવસાય તરીકે પશુપાલન વ્યવસાય - ડેરી ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ટોચની અમૂલ, સાબર અને દૂધ સાગર સહિતની ડેરીઓ આવેલી હોવાથી ગુજરાતને બીજું ડેન્માર્ક પણ કહે છે.

એશિયાની સૌથી મોટી ડેરી અમૂલ છે અને અમૂલ ડેરી વૈશ્વિક ડેરી ઉદ્યોગ માટે કેન્દ્રબિંદુ સમાન છે. તેનો યશ તેના સ્થાપક ડૉ. કુરિયનની નીતિમત્તા અને પ્રામાણિકતાથી નાખવામાં આવેલો પાયો અને સ્વ. ત્રિભુવનદાસ પટેલ દ્વારા પૂરું પાડવામાં આવેલું વિઝનરી નેટર્વક છે અને તેથી જ ડૉ. વર્ગીસ કુરિયનને ‘શ્વેતક્રાંતિના જનક’ તરીકે ઓળખવામાં આવે છે. 1973માં કુરિયને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સ્થાપના કરી અને 34 વર્ષ સુધી તેના અધ્યક્ષપદે રહ્યા.

76 વર્ષ પહેલાં રોપવામાં આવેલું શ્વેતક્રાંતિનું બીજ આજે મોટું વટવૃક્ષ બની ગયું છે. રાજ્યમાં અમૂલ ડેરીના બ્રાન્ડ હેઠળ 16 જેટલા સહકારી સંઘો કાર્યરત છે. જેમાં કુલ 18555 મંડળીઓના 36 લાખ કરતાં વધુ સભાસદો દ્વારા પશુપાલન વ્યવસાયથી એકત્ર કરવામાં આવતું. દૈનિક 2.50 કરોડ લિટર દૂધ આ મંડળીમાં જમા થાય છે. આ સભાસદોને, ઉત્પાદકોને દૈનિક આશરે રૂ. 140થી 150 કરોડ રૂ. ચૂકવણી કરવામાં આવે છે. 40થી 50 હજાર કરોડ રૂ. નું વાર્ષિક ટર્ન ઓવર છે. 200 લિટરથી શરૂ થયેલો વ્યવસાય આજે 74 કરોડ લિટર દૂધે પહોંચ્યો છે.

ડેરી ઉદ્યોગની વિશેષતા જોઈએ તો :

– દેશમાં કુલ માખણના ઉત્પાદનમાં 88% માખણ અમૂલ ડેરીનું છે.

– ગુજરાતમાં દૂધના જથ્થાની દૃષ્ટિએ મહેસાણાની ‘દૂધ સાગર ડેરી’નો પ્રથમ ક્રમ છે.

– અમૂલ ડેરીમાં શાકાહારી માખણનું ઉત્પાદન વિશ્વમાં સૌથી વધુ છે.

– સૌ પ્રથમ દૂધનું ATM પણ આણંદમાં બન્યું હતું.

– પશુ આહાર ક્ષેત્રમાં દેશમાં સૌપ્રથમ ગુજરાત છે.

– સૌથી વધુ ડેરી પેદાશની નિકાસ માટે અમૂલ દેશમાં અગ્રેસર છે. હાલમાં અમૂલની બનાવટો વિશ્વનાં 40 દેશોમાં ઉપલબ્ધ છે. અમૂલની જુદી જુદી પેદાશો જેવી કે દૂધનો પાઉડર, પનીર, યુએચટી દૂધથી દેશી મિઠાઈ વગેરેની નિકાસ અમેરિકા ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડિઝ, આફ્રિકા, ગલ્ફ પ્રાંત, સાર્ક અને સિંગાપોર, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, જાપાન અને ચીનમાં થાય છે.

– સમાજમાં મહિલાઓના ઉત્કર્ષ માટે અને સ્વાવલંબન માટે ડેરી ઉદ્યોગની મહત્ત્વની ભૂમિકા છે.

જોકે, વિશ્વના દૂધના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 21% હોવા છતાં પશુદીઠ દૂધ

ઉત્પાદનમાં આપણે અમેરિકા કરતાં પાછળ છીએ. ભારતમાં ગુજરાતના ડેરી ઉદ્યોગનું ખૂબ જ મહત્ત્વ હોવા છતાં આજે તેમાં વિવાદમાં જોવા મળે છે. પશુ પાલકોની આર્થિક સ્થિતિમાં જોઈએ તેવો સુધારો નથી. લોનના પૈસા ભરવાનું તેમના માટે મુશ્કેલ બન્યું છે. નોકરીમાં સગાવાદ ચાલે છે જે ખરેખર સહકારી સંસ્થા માટે સારું નથી.

આમ છતાં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ગુજરાતનો ડેરી ઉદ્યોગ એક ઉત્તમ મોડેલ સાબિત થશે.

## 15.10 નવી ઔદ્યોગિક નીતિ (2020) અને ઔદ્યોગિક વિકાસ :

31 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાત ઔદ્યોગિક નીતિ-2015ની મુદત પૂરી થઈ જતાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઑગસ્ટ, 2020 દરમિયાન નવી ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકી. જેમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપીને આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ થાય તેના પર ભાર આપીને આ નીતિને ગુજરાત ઔદ્યોગિક નીતિ - 2020 નામ આપ્યું છે.

વર્ષ 2019-20માં કેમિકલ્સ ફાર્મા, ટેક્સટાઈલ, સિરામિક્સ ઓટો તથા ઓટો કમ્પોનન્ટ્સ, પ્લાસ્ટિક એનર્જી, પાવર તથા ફૂડ પ્રોસેસિંગમાં ગુજરાત ટોચના સ્થાને છે. વર્ષ 2014-15થી 2019-20 સુધીમાં ગુજરાતમાં MSME. (લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગો)ની સખ્યામાં 60% જેટલી વૃદ્ધિ થઈ છે. મોટી ઔદ્યોગિક ઈકોસિસ્ટમનો મહત્ત્વપૂર્ણ હિસ્સો અને રોજગારી માટેનો મોટો સ્ત્રોત એ MSME છે. સ્થાનિક MSMEs વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના ઉદ્દેશથી આ નીતિમાં MSMEને પ્રોત્સાહન આપવા માટે ખૂબ મોટી છૂટછાટો આપવામાં આવી છે.

રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે વાર્ષિક રૂ. 8000 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ નીતિનો મુખ્ય હેતુ રાજ્યમાં વધુ રોજગારીનું સર્જન થાય તેમજ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવા સંશોધનો તેમજ સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવાનો છે. ગુજરાતના વેપાર-ઉદ્યોગ જગતને આત્મનિર્ભર બનાવવાનો છે.

આ નીતિમાં ગુજરાત સરકાર નીચેના હેતુઓ માટે MSME ને સપોર્ટ કરશે.

– ટેક્નોલૉજીનું અપગ્રેડેશન કરવું.
– વૈશ્વિક સ્તરે સ્વિકૃત સર્ટિફિકેટ્સ અપનાવવા.
– પ્રૉડક્ટ્સનું આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ કરવું.
– તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ પ્રમાણે ભારતના કુલ ફંડેડ સ્ટાર્ટઅપ્સમાંથી 43% ફંડેડ સ્ટાર્ટઅપ્સ માત્ર ગુજરાતના અમદાવાદમાં જ આવેલા છે. જે કારણે ગુજરાત ભારતનું મહત્ત્વનું સ્ટાર્ટઅપ્સ હબ બન્યું છે.
– ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ મિડલેવલ પ્રિ-સિરિઝ A ફંડિંગ માટે 'ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ' હેઠળ એક અલગ ફંડનું નિર્માણ આ નીતિમાં કર્યું છે. જેના કારણે ગુજરાતનો સર્વાંગી અને સંતુલિત પ્રાદેશિક વિકાસ થશે અને રોજગારીની નવી તકોનું સર્જન થશે.

વર્ષ 2019-20માં દેશમાં બેરોજગારીનો દર 8% છે. જ્યારે ગુજરાતનો 3.4 % છે. ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 17% ના હિસ્સા સાથે ગુજરાત પ્રથમ છે. વર્ષ 2019માં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા લોજિસ્ટિક્સ પર્ફોમન્સ

ઈન્ડેક્ષ અને લીડ્ઝ લોજિસ્ટિક ઈઝ એક્રોસ ડિફરન્સ સ્ટેટસ ઈન્ડેક્ષમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ટૂંકમાં એમ કહી શકાય કે આધુનિક ગુજરાતથી આધુનિક ભારતના નિર્માણનું વિઝન આ નીતિમાં રાખવામાં આવ્યું છે.

## 15.11 સમીક્ષા :

ગુજરાતના વિવિધ ઉદ્યોગો વિશેની માહિતીની ચર્ચાને આધારે કેટલીક બાબતો આપણને આંખે વળગે તેવી છે. સામાજિક આર્થિક સમીક્ષા-વર્ષ 2020-21 (ગુજરાત રાજ્ય)ને આધારે જોઈએ તો –

- વર્ષ 2018-19માં ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 17.44% છે.
- ઓક્ટોબર, 2019થી સપ્ટેમ્બર, 2021 દરમિયાન ભારતના કુલ FDI (વિદેશી સીધા મૂડીરોકાણ)ના પ્રવાહમાં 23% પ્રવાહ ગુજરાતમાં આવ્યો છે.
- વર્ષ 2020-21માં દેશની કુલ નિકાસોમાં ગુજરાતની વ્યાપારી નિકાસ 20.83% છે.
- 2020-21માં દેશની ફાર્માની નિકાસોમાં ગુજરાતનો ફાળો 19.5% છે.
- દેશમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં ગુજરાતનો ફાળો 62% છે.
- ભારતનું પ્રથમ બંદર ગુજરાતનું દહેજ છે, જે કેમિકલ અને પેટ્રોકેમિકલની નિકાસોમાં દેશમાં 14% હિસ્સો ધરાવે છે.
- એશિયાનું સહાયકારી ક્ષેત્રનું સૌથી મોટું એકમ એ ગુજરાતનું GSFC છે.
- વિશ્વની સૌથી મોટી સીંગલ-સ્ટ્રીમ એમોનિયા ખાતર ઉત્પન્ન કરતી કંપની (FNFC) ગુજરાતની છે.
- 2019-20માં દેશના કુલ સુતરાઉ કાપડના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 24% છે.

ગુજરાતનો ઔદ્યોગિક ક્ષેત્રની કેટલીક વિશેષતાઓ હોવા છતાં ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર સામે કેટલાંક પડકારો હજુ છે. જેવા કે –

ઔદ્યોગિક ક્ષેત્રે મજૂરી દર નીચા, ઔદ્યોગિક ઉત્પાદનની ઓછી માંગ, ધિરાણની મુશ્કેલીઓ, વ્યાજનો બોજો, બજારની મુશ્કેલીઓ, ગુણવત્તાનો પ્રશ્ન, નિકાસ અંતરાયો તેમજ વહીવટી અંતરાયો વગેરે.

ગુજરાતમાં કુલ મૂડીરોકાણના 60% જેટલું મૂડીરોકાણ અમદાવાદ, વડોદરા, જામનગર, સુરત, ભરૂચ, રાજકોટ વગેરે જિલ્લાઓમાં થયું છે. બાકીના જિલ્લાઓમાં મૂડીરોકાણનો પ્રવાહ વધે તે માટે પ્રયાસ કરવા પડશે. આ અંગે સરકાર સહિત ઉદ્યોગ મંડળો પણ પ્રયાસ કરે તે જરૂરી છે. ઉદ્યોગ સાહસિકોએ માર્કેટ અપડેટ સાથે નવી સ્કીલ વિકસાવવી પડશે. પરિવહનના માધ્યમોને કાર્બન ઉત્સર્જનમુક્ત કરવા માટે વીજળીના યોગદાનમાં વધારો કરવો પડશે. આ બધામાં સરકાર પણ 'આત્મનિર્ભર' ગુજરાતની દૂરંદેશી સાથે આગળ વધી રહી છે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

# એકમ-16 સુખનું માપન

-: રૂપરેખા :-


**16.1 પ્રસ્તાવના**

**16.2 સુખ માપવાના નિર્ધારકો**

**16.3 સુખને અસર કરતાં પરિબળો**

**16.4 સુખને અસર કરતી સમસ્યા**

**16.5 સુખને અસર કરતી સમસ્યાના ઉપાય**

- **નિષ્કર્ષ**


## 16.1 પ્રસ્તાવના

સુખને મહત્તમ બનાવવું એ આર્થિક વિશ્લેષણના મૂળમાં પણ છે જે એક લાંબી દાર્શનિક પરંપરામાં ઊંડે સુધી જોવા મળે છે. જે પ્રાચીન સુખવાદી ફિલસૂફોના કાર્યોથી શરૂ થાય છે અને ઉપયોગિતાવાદી પરંપરામાંથી પસાર થાય છે. જે જેરેમી બેન્થમ અને જહોન સ્ટુઅર્ટ મિલના કાર્યોમાંથી વિકસિત થાય છે. આજે આધુનિક અર્થશાસ્ત્રીઓના મોડેલમાં સાકાર થાય છે જેઓ મહત્તમ ઉપયોગિતા અને સામાજિક કલ્યાણના કાર્યો કરે છે. આ અભિગમ મોટાભાગના લોકોને મજબૂત અપીલ કરે છે કલ્યાણના કારણ કે સાર્વત્રિક દૃષ્ટિકોણ છે કે માનવ અસ્તિત્વનું અંતિમ લક્ષ્ય લોકોને તેમના જીવનથી 'ખુશ' અને 'સંતુષ્ટ' બનાવવાનું છે.[2] એટલે કહી શકાય કે સુખાકારી અને સુખની વિભાવનાઓ તરફ ધ્યાન દોરવામાં આર્થિક સાધનો માટે બે સદીઓ લાગી. ત્યારે ગ્રોસ નેશનલ હેપ્પી (GNH) એ આર્થિક અને નૈતિક પ્રગતિનું એક માપદંડ છે જે હિમાલયના દેશ ભૂટાનના રાજાએ 1970ના દાયકામાં કુલ સ્થાનિક ઉત્પાદનના વિકલ્પ તરીકે રજૂ કર્યુ હતું. માત્રત્મક આર્થિક પગલાં પર સખત ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે કુલ રાષ્ટ્રીય સુખ જીવનની ગુણવત્તાના પરિબળોના વિકસતા મિશ્રણને ધ્યાનમાં લે છે. કિંગ જિગ્મે સિંગે વાંગચુકે 1972ની મુલાકાતમાં ફાઇનાન્શિયલ ટાઇમ્સને કહ્યું હતું કે "કુલ રાષ્ટ્રીય ઉત્પાદન કરતાં કુલ રાષ્ટ્રીય સુખ વધુ મહત્ત્વનું છે." તે સ્પષ્ટ નથી કે રાજા જિગ્મેએ આ નવા મેટ્રિક દ્વારા કેટલી ગંભીરતાથી વિચાર્યું હતું, પરંતુ ભૂટાનના વિદ્વાનોએ ત્યારથી આ વિચારને પસંદ કર્યો છે. અને તેની સાથે દોડો. GNH એ એક સમયે અલગ પડેલા રાજયના આર્થિક અને નૈતિક વિકાસના અમુક અંશે વૈજ્ઞાનિક માપદંડ તરીકે વિકસિત થયું છે. છેલ્લાં 30 કે તેથી વધુ વર્ષોમાં, ખુશીના અર્થશાસ્ત્રના સંખ્યાબંધ મેટ્રિક્સ ઉભરી આવ્યા છે. સામાન્ય બાબતોમાં કુલ ઘરેલું સુખાકારી ગ્રોસ ડોમેસ્ટિક હેપીનેસ (GDH) અને સુખી સૂચકઅંકોનો સમાવેશ થાય છે. જેનો હેતુ વિશ્વના કેટલાક દેશોમાં રહેતા લોકોની સુખાકારીને ટ્રેક કરવાનો છે. એરિસ્ટોટલે નિકોમાચીન એથિકસના પ્રથમ પુસ્તકમાં એક પ્રશ્ન પૂછ્યો : સખત મહેનત દ્વારા પ્રાપ્ત કરી શકાય તેવું અંતિમ સારું શું છે ? તેમણે જવાબ આપ્યો કે સામાન્ય લોકો અને તેમના ચુનંદા લોકો સંમત થાય છે કે "અંતિમ સારું એ સુખ છે, પરંતુ તે ખરેખર શું સમાવિષ્ટ છે તે નક્કી કરવા પર તેઓ અસંમત છે."

1980ના દાયકામાં બુન્ડટલેન્ડ કમિશને ટકાઉ વિકાસનો વિચાર રજૂ કર્યો. ટકાઉ વિકાસને વિકાસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જે વર્તમાન પેઢી માટે પ્રદાન કરે છે. પરંતુ ભાવિ પેઢીઓની તેમની જરૂરિયાતોને આવરી લેવાની ક્ષમતાને મર્યાદિત કરતું

નથી. ટકાઉ વિકાસ લોકોને સુખી બનાવે છે. ઑકસફર્ડ યુનિવર્સિટીના નવા સંશોધન મુજબ સુખાકારી સાથે સકારાત્મક સંબંધ ધરાવે છે. જુદા જુદા સંશોધનમાં એ પણ જાણવા મળ્યું છે કે જ્યારે લાંબા ગાળાના પર્યાવરણીય પગલાંની સુખાકારી પર સકારાત્મક અસર પડે છે, ત્યારે ટકાઉપણું તરફના કેટલાક ટૂંકા ગાળાના પ્રયત્નો નકારાત્મક સહસંબંધ ધરાવે છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા શરૂ કરાયેલ વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ 2015, વિશ્વના 158 દેશોમાં વ્યક્તિઓની ખુશીને માપે છે અને રેન્ક આપે છે. સુખ શા માટે ? કારણ કે જાહેર નીતિને માર્ગદર્શન આપવા અને તેની અસરકારકતાને માપવા માટે સુખને વધુ ને વધુ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી માર્ગ માનવામાં આવે છે. ટકાઉ વિકાસના વિચારને સ્વીકારવા માટે સમાજની તૈયારીને માપવી એ એક કોયડો છે અને આવા મોડેલમાં સુખાકારીનું માપન કેવી રીતે સમજાવી શકાય તે એક પ્રશ્ન છે. તેથી 1. ટકાઉ વિકાસ મોડેલમાં સુખાકારીના માપદંડ તરીકે જીડીપીનું વિશ્લેષણ કરવું; 2. વ્યક્તિગત સુખના નિર્ધારકોનું વિશ્લેષણ કરો અને સુખ પર ટકાઉ વિકાસ તત્વોની અસર પર ધ્યાન કેન્દ્રિત કરવું 3. હાલના સાહિત્યના આધારે નક્કી કરો કે કયા પ્રકારની મૂલ્ય પ્રણાલી જે સુખના નિર્ધારકોને નિર્ધારિત કરે છે, તે ટકાઉ વિકાસના અમલીકરણ માટે સૌથી યોગ્ય સમર્થન છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) અને માનવ સુખાકારી વચ્ચેની પ્રયોગમૂલક કડીઓની શોધ કરે છે. SDGને 2015માં સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યોના અનુગામી તરીકે બહાલી આપવામાં આવી હતી અને તેનો લક્ષ્યાંક 2030 રાખવામાં આવ્યો છે. આ ધ્યેયો દેશોની અંદર આર્થિક, સામાજિક અને પર્યાવરણીય વિકાસના વિવિધ પાસાઓને માપે છે. ટકાઉ વિકાસ અને સુખાકારી વચ્ચેના જોડાણોને પ્રાયોગિક રીતે અન્વેષણ કરી શકાય છે. ગેલપ વર્લ્ડ પોલના ઉપયોગથી જાણી શકાય છે કે જે વિશ્વની લગભગ 98% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમાં લોકો તેમના જીવનની ગુણવત્તાનું મૂલ્યાંકન કેવી રીતે કરે છે.[4]

Frey (2008), યુનિસ (2009)અને લેન (2017)એ જણાવ્યું હતું કે સુખ એ જીવનનું ધ્યેય છે. તે સમયાંતરે પરિવર્તનને આધીન છે અને વિવિધ પ્રક્રિયાઓ, શારીરિક પરિબળો અને વ્યક્તિલક્ષી પરિબળોથી પ્રભાવિત છે. અર્થશાસ્ત્રીઓ સારા જીવનની લાગણી અથવા વ્યક્તિલક્ષી સુખાકારીની  લાગણી દ્વારા ખુશી વ્યક્ત કરે છે, જે હકારાત્મક ભાવનાત્મક સ્થિતિ તરીકે સુખથી અલગ છે અથવા નકારાત્મક સ્થિતિ તરીકે દુઃખ છે તેવું જણાવી શકાય છે. વ્યક્તિલક્ષી સુખાકારી અથવા સારા જીવનની અનુભૂતિને વ્યક્તિ જે જીવન જીવે છે અથવા તેના વિશે અનુભવે છે તે જીવનની ગુણવત્તા માટે માનસિક પ્રશંસા અથવા સામાન્ય સંતોષ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. લાગણીઓ અને જીવન સંતોષની અભિવ્યક્તિ તરીકે સુખ અગ્રેસર છે. જેમાં જીવનની ગુણવત્તાનું માનસિક મૂલ્યાંકન સામેલ છે. જયોર્જ મેસન યુનિવર્સિટીના માર્ક ડી. વ્હાઇટ દલીલ કરે છે કે સુખના ત્રણ આંતરસંબંધિત પાસાંઓ છે. વ્યાખ્યા, માપન અને નીતિ અમલીકરણ છે અને સમજાવે છે કે શા માટે દરેક સુખને નીતિનિર્માણ માટે નબળું માર્ગદર્શક બનાવે છે.[5]

આર્થિક સુખના માપનમાં અર્થશાસ્ત્રીઓની રુચિ બે મુખ્ય કારણોને લીધે છે. એક આર્થિક નીતિ અને બે સંસ્થાકીય પરિસ્થિતિઓ. આર્થિક નીતિમાં લાભ અને નુકસાન અને તેમાંય ખાસ કરીને બેરોજગારી અને ફુગાવાને જોવામાં આવે છે. જયારે સંસ્થાકીય પરિસ્થિતિઓમાં વ્યક્તિલક્ષી સુખાકારી, સંસ્થાકીય ગુણવત્તા અને સામાજિક મૂડીના કદ પર પણ આધાર રાખે છે. હેપીનેસ ઈકોનોમિકસ અર્થશાસ્ત્રમાં સુખની વિભાવના સાથે વ્યવહાર કરે છે. પરિણામે સંસ્થાકીય ગુણવત્તામાં સુધારો સામાજિક ખર્ચમાં ઘટાડો કરી, ઉચ્ચ વ્યક્તિલક્ષી સુખાકારીમાં ફાળો આપે છે (ફ્રે અને સ્ટટઝર, 2002). તદનુસાર, આર્થિક

સુખ એટલે રોજગાર અને સંપત્તિ જેવા આર્થિક મુદ્દાઓથી સંબંધિત વ્યક્તિલક્ષી સુખાકારી સાથે સબંધ ધરાવે છે. તેથી સુખી અર્થશાસ્ત્ર માનવ કલ્યાણ અને જીવનની ગુણવત્તાને વધારતા અને ઘટાડતા પરિબળોને શોધવા માટે અર્થમિતિ વિશ્લેષણનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે.

સરકારની ભૂમિકાને લીને ના ડાઓ (2017) અને બજેમ્સકોવ et al. (2005) અભિગમ મુજબ, તેઓએ સુખના બે દૃષ્ટિકોણ બતાવ્યા છે. જે સુખ અથવા વ્યક્તિલક્ષી સુખાકારીને પ્રભાવિત કરવામાં સરકારની ભૂમિકાને સ્પષ્ટ કરે છે. તેઓ જણાવે છે કે જાહેર પસંદગીના સિદ્ધાંતના દૃષ્ટિકોણ અને ન્યૂ કલાસીકલ સ્કૂલના દૃષ્ટિકોણ જોવા મળે છે. પબ્લિક ચોઈસ થિયરી એવું માને છે કે સરકારના કદમાં વધારો થવાથી સરકારની વધુ નિષ્ફળતાઓ થવાની સંભાવના છે. જે જાહેર કલ્યાણને એટલે કે લોકોના સુખને નકારાત્મક અસર પહોંચાડે છે. સાથે સાથે પબ્લિક ચોઈસ થિયરી એવું પણ માને છે કે રાજકારણીઓ, સરકારી કર્મચારી વર્ગ, અમલદારો અને હોદ્દેદારોની બિનજરૂરી દરમ્યાનગિરીઓને કારણે સરકારી ખર્ચમાં વધારો થાય છે અને ભાડાપટ્ટાનું વિસ્તરણ કરે છે. ન્યૂ કલાસીકલ સ્કૂલની વાત કરીએ તો તે બજાર અને વ્યવહારો માટે જરૂરી સંસ્થાઓની સુવિધા અને જાળવણી દ્વારા બજારની નિષ્ફળતાઓને દૂર કરવામાં સરકારની ભૂમિકા પર ભાર મૂકે છે અને બાહ્ય પરિબળોને સુધારવા માટે દરમિયાનગીરી કરવાનું સૂચન કરે છે. સરકાર પણ એકમાત્ર આર્થિક એજન્ટ છે જે રાષ્ટ્રીય સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રકચર જેવી જાહેર ચીજવસ્તુઓ પૂરી પાડી શકે છે. ખાનગી ક્ષેત્ર તેના પોતાના સ્વભાવને કારણે તે પ્રદાન કરવામાં નિષ્ફળ જાય છે. તેથી એમ કહી શકાય કે આર્થિક પ્રવૃતિમાં સરકારની દખલગીરીની સકારાત્મક અને નકારાત્મક અસર થવાથી છેવટે નાગરિકોના વ્યક્તિગત કલ્યાણ અથવા સુખને પ્રભાવિત અથવા અસર કરે છે.[6]

ડેવિડ વોકર દ્વારા ઘણા વર્ષો સુધી મોટાભાગના લોકો દ્વારા સુખાકારી અને સુખને અર્થશાસ્ત્ર માટે પરાયું માનવામાં આવતું હતું. અર્થશાસ્ત્રના 'નિરાશાજનક વિજ્ઞાન' તરીકેના વલણના દૃષ્ટિકોણને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. સાથે એડમ સ્મિથ અને જેરેમી બેન્થમ પછીના અર્થશાસ્ત્રને લોકોની લાગણીઓ સાથે ઘણી ચિંતા છે. બીજા વિશ્વયુદ્ધ પછી સિમોન કુઝનેટ્સની નવી શોધાયેલ જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) એ વ્યવસાયનું ધ્યાન નાણાકીય બાબતો તરફ વાળ્યું. છેલ્લાં બે દાયકાઓમાં જોકે સુખાકારી અને સુખમાં રસ ફરી વળ્યો છે. કારણ કે તાજેતરમાં જ ન્યુઝીલેન્ડના 'વેલબીઈંગ બજેટ' એ ચર્ચાને વેગ આપ્યો છે. ન્યુઝીલેન્ડના વડા પ્રધાન જેસિન્ડા આર્ડર્ન સુખાકારીને 'સરકારી નિર્ણય લેવા માટે એકસાથે અલગ અભિગમ' કહે છે. ત્યારે આપણને પ્રશ્ન થાય કે શું આપણે સુખાકારી અને સુખને માપી શકીએ છીએ અને તે પગલાંને જાહેર નીતિમાં લાગુ કરી શકીએ છીએ અને સુખાકારીનો પરિપ્રેક્ષ્ય વિશ્વમાં કેટલું પરિવર્તન લાવી શકે છે ? કારણકે દેશના નાગરિકોને 'જીવન, સ્વતંત્રતા અને સુખની શોધ'નો અધિકાર છે.

અહીં એક વિરોધાભાસનો ઉલ્લેખ કરવો જરૂરી છે. રિચાર્ડ ઈસ્ટરલિને તેમના અભ્યાસ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરે છે કે સમાજમાં ગરીબો કરતાં અમીર લોકો વધુ સુખી છે. જો કે તેમની ગણતરીઓ સૂચવે છે કે જયારે તમે વિવિધ સમુદાયોની તુલના કરો છો ત્યારે સમૃદ્ધ રાષ્ટ્રોના લોકો સરેરાશ ગરીબ લોકો કરતા વધુ ખુશ ન હતા. આવક વૃદ્ધિના સમયગાળા પહેલા અને પછીના સમાન સમુદાયોની તુલના કરતા ઈસ્ટરલિનને પણ ખુશીમાં કોઈ વધારો જોવા મળ્યો નથી. પણ ઈસ્ટરલિનનો વિરોધાભાસ સ્પષ્ટ રીતે વિરોધાભાસી ન હતો. 2008માં યુ.એ.એસ ના અર્થશાસ્ત્રીઓ બેટ્સે સ્ટીવેન્સન અને ઓસ્ટ્રેલિયને જસ્ટિન વુલ્ફર્સે સયુંકત રીતે ઈસ્ટરલિનના આંકડાઓની પુનઃ તપાસ કરી અને

તેઓએ તારણ કાઢ્યું કે વધુ આવકથી સુખાકારીમાં વધારો થયો છે.

જીવન-મૂલ્યાંકન પરની માહિતી કેટલાક દાયકાઓથી પ્રતિનિધિ સર્વેક્ષણો દ્વારા એકત્રિત કરવામાં આવી છે. અમેરિકામાં ઉદાહરણ તરીકે સામાન્ય સામાજિક સર્વે (GSS)માંથી 1972 થી વ્યક્તિલક્ષી સુખાકારી ડેટા ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 1980 ના દાયકાની શરૂઆતથી વિશ્વ મૂલ્ય સર્વેક્ષણમાંથી ડેટા ઉપલબ્ધ છે અને તે 80 થી વધુ દેશોને આવરી લે છે. જે વિશ્વની 80 ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. અન્ય સ્ત્રોતો જેમ કે લેટિનોબેરોમીટર, યુરોપીયન વેલ્યુ સર્વે, યુરોબેરોમીટર અને ગેલપ પણ કેટલાક સમયથી જીવન સંતોષ પર સર્વે કરી રહ્યા છે. તાજેતરના વર્ષોમાં, 160થી વધુ દેશોના Gallup World Poll જીવન સંતોષનું વૈશ્વિક ચિત્ર આપ્યું છે. જે સ્ટીવેન્સન અને વુલ્ફર્સના સુખના પરિણામોને ઈસ્ટરલિન કરતાં વધુ નજીકથી મેળ ખાય છે. સૌથી ધનાઢ્ય દેશો અને પ્રદેશો જેવા કે કેનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ, સ્કેન્ડિનેવિયા, ઉત્તર-પશ્ચિમ યુરોપ - ટોચના ક્રમાંક ઉપર છે. જ્યારે આફ્રિકા સૌથી નીચેના ક્રમાંક ધરાવે છે. આ સંખ્યાઓ સૂચવે છે કે નાણાં ઓછામાં ઓછા અમુક અંશે સુખ ખરીદી શકે છે. તેમ છતાં આ બધા માટે વધુ આવક હંમેશાં વધુ સુખ ખરીદવાનો શ્રેષ્ઠ માર્ગ લાગતો નથી. કારણ કે યુ.એસ.એ.માં લોકોની ઘણી ઊંચી આવક હોવા છતાં 1950ની તુલનામાં થોડાક જ ખુશ જણાય છે. તો પછી ફરી પ્રશ્ન થાય કે શું સરકારો લોકોને વધુ સુખાકારી બનાવી શકે છે ?[8]

સ્ટિલિટ્ઝ, સેન અને ફીટૌસી (2009) યુનાઈટેડ નેશન્સ માટેના અહેવાલમાં જીડીપીની ઉપયોગિતા પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી અને 'આપણી માપન પ્રણાલીને આર્થિક ઉત્પાદન માપવાથી લોકોની સુખાકારીને માપવા પર ભાર મૂકવા માટે કહેવામાં આવ્યું હતું' (ઇટાલિક ધેર, પૃષ્ઠ 12). તેમના અહેવાલે યુરોપિયન યુનિયનમાં 'બિયોન્ડ જીડીપી' માપનના અમલીકરણ સહિત પ્રવૃત્તિનો એક કાસ્કેડ સેટ કર્યો છે જે નીતિને માર્ગદર્શન આપવા માટે જીડીપી માપનના વિકલ્પોના ઉપયોગ માટે ભલામણો રજૂ કરે છે.[9]

આર્થિક વિકાસ દ્વારા સમજાવવામાં આવે છે કારણ કે ઉચ્ચ જીડીપી ધરાવતા દેશો વધુ વપરાશ કરે છે. જે ઉચ્ચ જીવનધોરણ સાથે સંકળાયેલ છે. જો કે સંશોધકોએ શોધી કાઢ્યું હતું કે જ્યારે તેઓ આર્થિક વિકાસ માટે જવાબદાર હતા. ત્યારે પણ માથાદીઠ ઓછા વપરાશે લોકોને ઓછા ખુશ કર્યા હતા.[10]

વ્હીટબી, સીફોર્ડ, બેરી અને બ્રેનપોલ કન્સોર્ટિયમ પાર્ટનર્સ,(2014) 2015નો વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ (હેલીવેલ, લેયર્ડ અને સૅક્સ, 2015) જાહેર નીતિ માટે સુખનો ઉપયોગ કેવી રીતે કરવો તેના ઉદાહરણો પૂરા પાડે છે અને આ ચળવળની સ્થિતિનો સારાંશ આપે છે કે 'સુખને વધુ ને વધુ સામાજિક પ્રગતિનું યોગ્ય માપ અને જાહેર નીતિનું લક્ષ્ય ગણવામાં આવે છે.' (પૃષ્ઠ 3).

જો સંપત્તિની શોધ અને સંપત્તિના સંચયથી બધા માટે સુખ અને સુખાકારી મળે છે, તો પછી સુખના માપદંડની જરૂર નથી. જો કે કેસરના (2002) તારણો એ બતાવ્યું હતું કે 'ભૌતિક મૂલ્યો પર મજબૂત સાપેક્ષ ધ્યાન નીચા સુખાકારી સાથે સંકળાયેલું છે' (પૃ. 21), કેસર અને રાયન (1993)[11] દ્વારા અગાઉની શોધને સમર્થન આપે છે કે જ્યારે સંપત્તિની શોધનો સમાનાર્થી છે સુખ. સુખની શોધમાં, એક સંસ્કૃતિ ઊભરી આવે છે જેમાં નાણાકીય સફળતાની સ્થિતિ ખૂબ અગત્યની હોય છે. જેને કુટુંબ અને વ્યક્તિગત સુખ સાથે સંબધ જોવા મળે છે.

ડીનર (1984) ઉદાહરણ તરીકે સુખાકારીના ત્રણ અલગ-અલગ પાસાંઓને ઓળખે છે :[12]

1. જીવન-સંતોષ (એટલે કે સમયે સમયે વ્યક્તિનું એકંદર જીવન મૂલ્યાંકન)

2. હકારાત્મક લાગણીઓ અથવા અસરની હાજરી (એટલે કે, સુખ અને આનંદની લાગણી અથવા જોમ અને ઊર્જાની ભાવના જેવી હકારાત્મક લાગણીઓ)

3. અસરની નકારાત્મક લાગણીઓની ગેરહાજરી (એટલે કે ગુસ્સો, ઉદાસી, તણાવ, વગેરે.)

સૂક્ષ્મ-આર્થિક સુખ સમીકરણો પ્રમાણભૂત સ્વરૂપ ધરાવે છે; Wit = $\alpha + \beta xit$ + Eit સમીકરણમાં ડબલ્યુ એ t સમયે વ્યક્તિગત i ની નોંધાયેલ સુખાકારી છે, અને x એ જાણીતા ચલોનું વેકટર છે, જેમાં સામાજિક વસ્તી વિષયક અને સામાજિક-આર્થિક લાક્ષણિકતાઓનો સમાવેશ થાય છે.

## 16.2 સુખ માપવાના નિર્ધારકો

### (1) જીડીપી અને જીએનપી : (કુલ ઘરેલું પેદાશ અને કુલ રાષ્ટ્રીય પેદાશ)

સામાન્ય રીતે રાષ્ટ્રીય નાણાકીય પગલાં, જેમ કે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) અને ગ્રોસ નેશનલ પ્રોડક્ટ (જીએનપી), સફળ નીતિના માપદંડ તરીકે ઉપયોગમાં લેવાય છે. જીડીપી અને સુખ વચ્ચે નોંધપાત્ર જોડાણ છે. જેમાં ગરીબ રાષ્ટ્રોના નાગરિકો કરતાં સમૃદ્ધ રાષ્ટ્રોના નાગરિકો વધુ ખુશ છે. 2002 માં સંશોધકોએ દલીલ કરી હતી કે આ સંબંધ ફક્ત માથાદીઠ સરેરાશ જીડીપી લગભગ $15,000 સુધી વિસ્તરે છે. 2000ના દાયકામાં ઘણા અભ્યાસોએ વિપરીત પરિણામ મેળવ્યું છે. તેથી આ ઈસ્ટરલિન વિરોધાભાસ વિવાદાસ્પદ છે. જે આપણે આગળ ચર્ચા કરી છે.

### (2) વ્યક્તિગત આવક :

ઐતિહાસિક રીતે અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે સુખાકારી એ આવકનું સરળ કાર્ય છે. જો કે એવું જાણવા મળ્યું છે કે એકવાર સંપત્તિ નિર્વાહના સ્તરે પહોંચે છે. પછી સુખાકારીની જનરેટર તરીકે તેની અસરકારકતા ઘણી ઓછી થઈ જાય છે. સુખ માટે અર્થશાસ્ત્રીઓ આશા રાખે છે કે સરકારો જે રીતે સુખાકારીને જુએ છે અને આ વિરોધાભાસને જોતા સંસાધનોની સૌથી વધુ અસરકારક રીતે સંચાલન અને ફાળવણી કેવી રીતે કરવી તે એક પ્રશ્ન ઊભો થાય છે.

2010માં ડેનિયલ કાહનેમેન અને ઍંગસ ડીટોનએ જોયું કે ઉચ્ચ કમાણી કરનારાઓએ સામાન્ય રીતે વધુ સારા જીવન સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. ઉપરાંત વર્જિનિયા યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑફ બ્રિટિશ કોલંબિયા અને હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્વાનોએ ઈસ્ટરલિનનો વિરોધાભાસના જવાબમાં અસંખ્ય શૈક્ષણિક પેપરની તપાસ કર્યા પછી 2011માં એક અભ્યાસ બહાર પાડ્યો. જેમાં જણાવવામાં આવ્યું કે 'જ્યારે તેમના જીવનની ચીજવસ્તુઓ ખરીદવાનું કહેવામાં આવે છે. ત્યારે વધુ પૈસા ધરાવતા લોકો વધુ સંતુષ્ટથી સારી ચીજવસ્તુઓ ખરીદે છે. પરંતુ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ અત્યારે કેટલા ખુશ છે. તો વધુ પૈસા ધરાવતા લોકો ઓછા પૈસા ધરાવતા લોકો કરતા ભાગ્યે જ અલગ હોય છે.

### (3) સામાજિક સુરક્ષા :

રૂટ વીનહોવેને દાવો કર્યો હતો કે સામાજિક સુરક્ષાની ચૂકવણી ખુશીમાં વધારો

કરતી નથી. આ એ હકીકતને કારણે હોઈ શકે છે કે પોતાની કમાણી સિવાયની (ઉદાહરણ તરીકે, લોટરીમાંથી) પણ સામાન્ય રીતે સુખમાં વધારો કરતી નથી. સુખ એ ઉપયોગી ક્રિયા માટે મનનું પુરસ્કાર હોઈ શકે છે. જો કે, CIS ના જોહાન નોરબર્ગ, એક ફ્રી એન્ટરપ્રાઈઝ ઈકોનોમી થિંક ટેન્કમાં, એક પૂર્વધારણા રજૂ કરે છે કે જે લોકો વિચારે છે કે તેઓ પોતે તેમના જીવનને નિયંત્રિત કરે છે તેઓ વધુ સુખી છે.

**(4) રોજગાર :**

સામાન્ય રીતે જેઓ નોકરી કરે છે તેમની સુખાકારી બેરોજગારો કરતાં વધુ હોય છે. રોજગાર પોતે વ્યક્તિલક્ષી સુખાકારીમાં વધારો કરી શકતો નથી. પરંતુ તે પ્રવૃત્તિઓની સુવિધા આપે છે. (જેમ કે કુટુંબને ટેકો આપવો, પરોપકાર અને શિક્ષણ વિગેરે) જયારે વ્યક્તિ રોજગારી મેળવીને સુખાકારી મેળવે છે. તે આવકનું સ્તર રોજગાર સંબંધિત અન્ય લાભો જેટલું વ્યક્તિલક્ષી સુખાકારીનું સૂચક નથી. એટલે કે જયારે વ્યક્તિગત પસંદગી અને કામમાં વિતાવેલો સમય બતાવી શકતો નથી, ત્યારે પુરુષો અને સ્ત્રીઓ બંને વ્યક્તિલક્ષી સુખાકારીમાં ઘટાડો અનુભવે છે. બીજી રીતે કહીએ તો બેરોજગારી સ્થિતિની અસરો કોઈ વ્યક્તિ સુધી મર્યાદિત નથી. બેરોજગાર હોવાને કારણે જીવનસાથીની વ્યક્તિલક્ષી સુખાકારી પર વધુ હાનિકારક અસરો પડી શકે છે.

સ્વ-રોજગાર બનવાથી વ્યક્તિલક્ષી સુખાકારીમાં વધારો થઈ શકે છે એટલે કે બેરોજગારી પછી સ્વ-રોજગાર બને છે તેઓ વધુ જીવન સંતોષનો અનુભવ કરે છે અને આ સંતોષ સમય જતાં વધે છે.

વ્યક્તિલક્ષી સુખાકારી પર નિવૃત્તિની અસરો વ્યક્તિગત અને સાંસ્કૃતિક પરિબળોના આધારે બદલાય છે. જેઓ કામમાંથી સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થાય છે તેમના માટે વ્યક્તિલક્ષી સુખાકારી સ્થિર રહી શકે છે. પરંતુ જેઓ અનૈચ્છિક રીતે નિવૃત્ત થયા છે તેમના માટે તેમાં ઘટાડો થાય છે. કામ કરવા માટે સરેરાશ સામાજિક ધોરણ ધરાવતા દેશોમાં નિવૃત્તિ પછી પુરુષોની સુખાકારીમાં વધારો થાય છે અને નિવૃત્ત મહિલાઓની સુખાકારી એ જ સ્તરે હોય છે જેઓ ગૃહિણી હોય છે અથવા ઘરની બહાર કામ કરે છે. તેઓ સુખાકારી પર નકારાત્મક અસર કરે છે.

**(5) સંબંધો અને બાળકો :**

1970ના દાયકામાં સ્ત્રીઓ સામાન્ય રીતે પુરુષો કરતાં વધુ વ્યક્તિલક્ષી સુખી હતી. પણ 2009 સુધીમાં નોંધાયેલ સ્ત્રી સુખમાં થયેલા ઘટાડાથી લિંગ તફાવત ઘટી ગયો હતો. સમૃદ્ધ સમાજોમાં કે જ્યાં આવકમાં વધારો વ્યક્તિલક્ષી સુખાકારીના સ્તરમાં વધારો કરવા સમાન નથી ત્યાં વ્યક્તિગત સંબંધો સુખના નિર્ણાયક પરિબળો છે.

**(6) સ્વતંત્રતા અને નિયંત્રણ :**

પોતાના જીવનના નિયંત્રણમાં લાગણી અને ખુશીના સ્તર વચ્ચે નોંધપાત્ર સંબંધ છે. યુનિવર્સીટી ઓફ ઝ્યુરિચ ખાતે હાથ ધરાયેલ એક અભ્યાસ સૂચવે છે કે લોકશાહીએ વ્યક્તિઓ માટે સુખાકારી લાવે છે. તે તારણ કાઢે છે કે નાગરિકો માટે ઉપલબ્ધ વધારે સીધી રાજકીય ભાગીદારીની શકયતાઓ તેમના વ્યક્તિલક્ષી સુખાકારીમાં વધારો કરે છે. આ શોધ માટે બે કારણો આપવામાં આવ્યા હતા. પ્રથમ, નાગરિકો માટે વધુ સક્રિય ભૂમિકા નાગરિકો દ્વારા વ્યાવસાયિક રાજકારણીઓ પર વધુ સારી રીતે દેખરેખને સક્ષમ કરે છે. જે સરકારી આઉટપુટથી વધુ સંતોષ તરફ દોરી જાય છે. બીજું, નાગરિકોની રાજકીય પ્રક્રિયામાં સામેલ થવાની અને તેના પર નિયંત્રણ રાખવાની ક્ષમતા સ્વતંત્ર રીતે સુખાકારીમાં વધારો કરે છે.

અમેરિકન મનોવૈજ્ઞાનિક બેરી શ્વાર્ટ્ઝ તેમના પુસ્તક ધ પેરાડોક્સ ઓફ ચોઈસ'માં દલીલ કરે છે કે ઘણા બધા ઉપભોક્તા અને જીવનશૈલી પસંદગીઓ અને સંતોષની અપેક્ષાઓને કારણે ચિંતા અને દુઃખની લાગણીને અનુભવે છે.

**(7) સુખ અને લેઝર આળસુ :**

સુખ અને આળસુ અંગેના મોટા ભાગના સંશોધનો સુખના યોગ્ય માપદંડ તરીકે વ્યક્તિલક્ષી સુખાકારી (SWB) પર આધાર રાખે છે. સંશોધને આળસુ અને ખુશી વચ્ચેના સંબંધમાં ફાળો આપતા અને પરિણામી પરિબળોની વિશાળ વિવિધતા દર્શાવી છે. આમાં મનોવૈજ્ઞાનિક મિકેનિઝમ્સ અને આળસુ પ્રવૃત્તિઓના પ્રકારો અને લક્ષણોનો સમાવેશ થાય છે. જે વ્યક્તિલક્ષી સુખના સૌથી મોટા સ્તરમાં પરિણમે છે. 33 જુદા જુદા દેશોમાં સંશોધન દર્શાવે છે કે જે વ્યક્તિઓ અનુભવે છે કે તેઓ સામાજિક સંબંધોને મજબૂત કરે છે અને નવરાશના સમયમાં વ્યક્તિગત વિકાસ પર કામ કરે છે તેઓ અન્ય કરતા વધુ ખુશ છે.

આપણે સુખ અને આરામને એવી રીતે માપી શકાય કે જે સંસ્કૃતિને પ્રભાવિત કરે નહીં. જીવનની ગુણવત્તા એશિયાના દેશોમાં અને તેમાંય ખાસ કરીને કોરિયામાં સુખ અને આરામનું વધુ સારું માપદંડ હોઈ શકે છે. ચીન અને જાપાન જેવા દેશોને ખુશીના અલગ માપની જરૂર પડી શકે છે કારણ કે સામાજિક તફાવતો સુખની વિભાવનાને પ્રભાવિત કરી શકે છે.

**(8) આર્થિક સુરક્ષા :**

ગરીબી નાબૂદી સુખી વસ્તી સાથે સંકળાયેલ છે. જીવનસંતોષ પરના આર્થિક સાહિત્યની નવીનતમ પદ્ધતિસરની સમીક્ષા અનુસાર ખાસ કરીને રાજકીય અભિગમ ધરાવતા લોકો માટે અસ્થિર અથવા ઉચ્ચ ફુગાવો વસ્તીના સુખાકારી માટે ખરાબ છે.[13]

## 16.3 સુખને અસર કરતાં પરિબળો

સુખ સારું છે પરંતુ તેને આપણે તે કેવી રીતે મેળવી શકીએ ? તે મહત્ત્વનો પ્રશ્ન છે. કારણ કે સુખને અસર કરતા અનેક પરિબળો જોવા મળે છે. જેમ કે - લિંગ, આવક, વિવાહિત સ્થિતિ, શિક્ષણનું સ્તર, નોકરીનો સંતોષ, આરોગ્ય એ શિક્ષણને પ્રોત્સાહન આપવું અને જ્ઞાનમાં વધારો એ માનવ સુખના મુખ્ય અસરકારક પરિબળો છે.

**1. વ્યક્તિગત પ્રભાવ :**

વ્યક્તિગત લાગણીઓ તમને તમારા જીવનની પરિસ્થિતિઓને અસર કરી શકે છે. અથવા તો તે પ્રભાવ તમને બદલી શકે છે અને આ વ્યક્તિગત સુખનું પ્રાથમિક પરિબળ છે. વ્યક્તિ પાસે અઢળક ક્ષમતા હોય છે. જે તમારી જાતને નુકસાનથી દૂર કરવાની અથવા જીવનમાં આનંદદાયક અનુભવ મેળવી શકે છે. તમે તમારા જીવનમાં સક્રિય રહેવાની જરૂરી છે. જેથી વ્યક્તિગત પ્રભાવ જીવન જીવવાની કળા હોય છે.

સામાન્ય રીતે સ્ત્રીઓ ખુશ રહેવા કરતાં યોગ્ય અને વધુ સારી રીતે કામ કરવાને વધુ પ્રાથમિકતા આપતી હોય છે. જયારે પુરુષો સુખ અને સુખવાદની વસ્તુને પ્રાધાન્ય આપે છે. અભ્યાસ ઉપરથી એવું અનુમાન લગાવવામાં આવ્યું છે કે મહિલાઓ પુરુષોની તુલનામાં વધારે નૈતિકતાથી કામ કરે છે અને તેનું વર્તન પણ પુરુષો કરતાં નૈતિક હોય છે. જો યોગ્ય રીતે કામ પણ થાય તો તેઓ 'શરમની લાગણી અનુભવે છે.[14] તદ્દુપરાંત સ્ત્રીઓ કૃતજ્ઞતાપૂર્વક અને ભાવનાત્મક રીતે કામ કરીને સુખની પ્રાપ્તિ કરતી હોય છે. વધુમાં કહી શકાય કે એક્સ્ટ્રાવર્ઝન મહિલાઓના વ્યક્તિલક્ષી સુખ અને હતાશાના અનુભવને

મધ્યસ્થી કરે છે. જ્યારે ન્યુરોટિકિઝમ મહિલાઓને ડિપ્રેશનના અનુભવને મધ્યસ્થી કરે છે.[15]

**2. કૌશલ્યતા :**

સમય અને અનુભવ સાથે શારીરિક અને માનસિક કૌશલ્યો વ્યક્તિના સુખને અસર કરતા હોય છે. કારણ કે વ્યક્તિની કુશળતા એ વિકાસમાં પરિણમે છે. જેનું પરિણામ એવું આવે છે કે વ્યક્તિ શ્રેષ્ઠ કાર્ય કરીને સુખનો અનુભવ કરે છે. આવા કૌશલ્યો વ્યક્તિના જીવનમાં અચાનક ખીલતા નથી પણ વ્યક્તિમાં આત્મ-વિશ્વાસ અને યોગ્યતાનો વિકાસ ધીરે ધીરે ઉદ્ભવતાં હોય છે. આ પરિબળો વ્યક્તિને સુખાકારીની અનુભૂતિ કરાવે છે.

સુખ એ એક કૌશલ્ય છે જે શીખી શકાય છે. જેમ કે ગુજરાતી, હિન્દી કે પછી અન્ય કોઈ ભાષા બોલવી અથવા ગરબા ગાવા કે રાસ રમવા વિગેરે આ તમામ પ્રવૃતિ એક કૌશલ્ય છે. તે મનની આવડત છે. જે રીતે આપણે જોઈએ છીએ. પ્રક્રિયા કરીએ છીએ અને આપણી વાસ્તવિકતા અને આપણી આસપાસની વસ્તુઓનું અર્થઘટન કરીએ છીએ અને તેને આકાર આપવાની ક્ષમતા વગેરે અન્ય કોઈપણ ક્ષમતાની જેમ વિકસાવી શકાય છે.[16]

**3. લક્ષ્યો :**

વ્યક્તિની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તેના લક્ષ્યો વધતા જાય છે. આ લક્ષ્યો પ્રાપ્ત કરતા સમયે અને બાહ્ય પરિબળો અસર કરતા હોય છે. જેમ કે મિત્રો, સગાસંબંધીઓ, શિક્ષકો, અધ્યાપકો, સહ-વિદ્યાર્થીઓ વગેરે.. જે સીધા અથવા આડકતરી રીતે તમારા લક્ષ્યો ઉપર અસર કરતા હોય છે.

રુચિ ધરાવતા લક્ષ્યો પર કામ કરવાથી વ્યક્તિને પોતાના જીવનની દિશાની સમજ આપે છે., ધ્યેયો લોકોને સમયની પ્રાધાન્ય અને મહત્ત્વ આપવામાં અને સંરચિત કરવામાં પણ મદદ કરી શકે છે અને જેમ જેમ આપણે તેમની તરફ આગળ વધીએ છીએ તેમ તેમ વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે.

**4. વિવિધતા :**

વ્યક્તિના જીવનમાં વિવિધતા ન હોવાથી તેના જીવનમાં કંટાળાને જન્મ આપે છે. કોઈપણ જુદા જુદા પડકારજનક વાતાવરણમાં કામ કરવું અને તેમાં સફળતા પ્રાપ્ત કરવાથી વ્યક્તિની જિંદગીમાં સુખના વધારો કરે છે. સામૂહિક સંસ્કૃતિઓમાં જ્યાં સંબંધોની સંવાદિતા વ્યક્તિલક્ષી સુખાકારીની આગાહી કરે છે. વ્યક્તિવાદી સંસ્કૃતિઓની તુલનામાં સુખને વધુ સામાજિક રીતે સંલગ્ન રીતે અનુસરવામાં આવે છે. તદુપરાંત, સુખ અને સુખાકારીની ધારણાઓ પણ સાંસ્કૃતિક મૂલ્યો દ્વારા પ્રભાવિત થાય છે. બંને વ્યક્તિના આંતરિક ગુણોને પ્રભાવિત કરીને અને સમાજમાં સાંસ્કૃતિક ધોરણોને અનુરૂપ થવાની અપેક્ષાઓ પણ સુખને અસર કરે છે.[18]

**5. જરૂરિયાતો :**

મનોવૈજ્ઞાનિક ડેવિડ મેકકલેલેન્ડ દ્વારા પ્રસ્તાવિત આ એક સિદ્ધાંત છે. તે એક પ્રેરક મૉડલ છે. જે સમજાવવાનો પ્રયત્ન કરે છે કે કેવી રીતે સિદ્ધિ, જોડાણ અને શકિત માટેની જરૂરિયાતો વ્યવસ્થાપક સંદર્ભમાંથી લોકોની ક્રિયાઓને અસર કરે છે. આ મૉડલ 1960ના દાયકામાં વિકસાવવામાં આવ્યું હતું. 1940ના દાયકાની શરૂઆતમાં માસ્લોની જરૂરિયાતોના પદાનુક્રમની દરખાસ્તના બે દાયકા પછી મેકકલેલેન્ડે જણાવ્યું હતું કે ઉંમર, લિંગ, જાતિ અથવા સંસ્કૃતિને ધ્યાનમાં લીધા વિના લોકોમાં આ પ્રકારની પ્રેરણા હોય છે. પ્રેરણાનો

પ્રકાર કે જેના દ્વારા દરેક વ્યક્તિને ચલાવવામાં આવે છે. તે તેમના જીવનના અનુભવો અને તેમની સંસ્કૃતિના મંતવ્યોમાંથી પ્રાપ્ત થાય છે. આ જરૂરિયાત સિદ્ધાંત ઘણીવાર મેનેજમેન્ટ અથવા સંસ્થાકીય વર્તનને લગતા વર્ગોમાં શીખવવામાં આવે છે.[19]

**6. માનવ ક્રિયા - પ્રતિક્રિયા :**

સામાજિક જોડાણો લોકોને વધુ ખુશ બનાવે છે. સંતોષકારક સંબંધો માત્ર લોકોને ખુશ કરતા નથી. પરંતુ તેઓ વધુ સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય સાથે પણ સંકળાયેલા છે. સંબંધો આપણી કેટલીક મજબૂત લાગણીઓ સાથે જોડાયેલા હોય છે. જ્યારે તેઓ હકારાત્મક હોય છે ત્યારે આપણે સુખ, સંતોષ અને શાંતી અનુભવીએ છીએ.[20]

સુખ અને પરિપૂર્ણતાની સ્પષ્ટ પૂર્વશરત અન્ય લોકોની હાજરી અથવા ગેરહાજરી છે. અન્ય લોકો સાથેની મિત્રતા હોય, કુટુંબીજનો હોય, કામના સાથીદારો હોય અથવા ટીમના સાથી હોય તે સંબંધ અને સમુદાયની ભાવના બનાવવામાં મદદ કરે છે. ધ્યેયો ઘણીવાર અન્ય લોકો સાથે સહયોગ દ્વારા પ્રાપ્ત થાય છે. જેમ કે, જેમ અન્ય લોકો આપણી ખુશીને સકારાત્મક રીતે પ્રભાવિત કરી શકે છે. તેમ તેઓ દુઃખી પણ કરી શકે છે. એકંદરે, માનવીય ક્રિયા-પ્રતિક્રિયા એ જીવનનો અભિન્ન ભાગ છે અને તે એવા પરિબળોમાંનું એક છે જે તમારી ખુશીને વિવિધ રીતે અસર કરે છે.

**7. આવક :**

ગરીબીમાં જીવતા લોકોની ખુશી ત્યારે વધે છે જ્યારે તેમને વધુ આવક આપવામાં આવે છે. તે તેમના બોજને હળવો કરે છે અને તેમને ગરીબીમાંથી બચવામાં મદદ કરે છે.[21] આનો અર્થ એ છે કે લોકોએ માત્ર પૈસા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જે લોકો ખાસ કરીને પૈસાને ખુશી સાથે સરખાવે છે તેઓ સામાન્ય રીતે ઓછા ખુશ હોય છે. વધુમાં જે લોકોએ વધુ પૈસા કમાયા હતા તેઓ લાંબા સમય સુધી કામ કરતા હતા અને સમય માટે વધુ દબાયેલા અનુભવતા હતા. આવક માત્ર સુખનો અસરકારક પરીબળ છે.[22]

**8. ભૌતિક સેટિંગ :**

કુદરતી વાતાવરણના સંપર્કમાં રહેવાથી માનસિક સુખાકારીમાં સુધારો થાય છે. લોકોના જીવનના તણાવમાં ઘટાડો, હકારાત્મક લાગણીઓમાં વધારો, જ્ઞાનાત્મક પુનઃસ્થાપન અને સ્વ-નિયમન પર હકારાત્મક અસરોનો સમાવેશ થાય છે.[23]

અબ્રાહમ માસ્લો દ્વારા 1943માં માનવ પ્રેરણાની થિયરી શીર્ષક ધરાવતા તેમના પેપરમાં સૌપ્રથમ માન્યતા આપવામાં આવી હતી કે આપણું ભૌતિક વાતાવરણ સુખ અને સુખાકારી પર નિર્ણાયક પ્રભાવ છે. સલામત આશ્રય વિના, રહેવા માટે આરામદાયક સ્થળ અને કદાચ પડકારરૂપ વિશ્વમાંથી બહાર નીકળવું એ સુખની પ્રાથમિકતા હોઈ શકે છે. પૈસાની અછત અને વ્યક્તિગત પ્રભાવ સાથે મળીને સુખાકારી અગમ્ય હોઈ શકે છે.[24]

**9. મૂલ્યવાન ભૂમિકા :**

સુખ શા માટે એટલું મહત્ત્વનું છે ? સુખ એ માનસિક સુખાકારી, શારીરિક સ્વાસ્થ્ય અને એકંદર આયુષ્ય સહિત જીવનના વિવિધ ક્ષેત્રોમાં હકારાત્મક પરિણામોની આગાહી કરવા માટે દર્શાવવામાં આવ્યું છે. સકારાત્મક લાગણીઓ જીવનમાંથી સંતોષ વધારે છે. આ ઉપરાંત સંશોધકો સૂચવે છે કે જ્યારે લોકો તેમના વ્યક્તિગત મૂલ્યો તેમના દેશના સામાજિક અને સરકારી ધોરણો સાથે સંરેખિત થાય છે ત્યારે લોકો વધુ ખુશ થઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો કેટલાક મૂલ્યો આપણને પોતાને નહીં પરંતુ આપણા સંબંધની ભાવનાને સુખ આપે છે.[26]

**10. શિક્ષણનું સ્તર :**

શિક્ષણ વ્યક્તિગત સુખને સીધી અને આવકના પરિબળોની મધ્યસ્થી પદ્ધતિ દ્વારા અસર કરી શકે છે. કહેવાનો અર્થ એ છે કે વ્યક્તિનું શિક્ષણનું સ્તર જેટલું ઊંચું હશે, તેટલું તેની આવકનું સ્તર ઊંચું હશે અને તેની સુખની ભાવના વધુ મજબૂત હશે.[27] સંશોધન સૂચવે છે કે તમારી પાસે જેટલું વધુ શિક્ષણ છે તેટલા તમે ખુશ રહેશો. યુ.એસ. જનરલ સોશ્યલ સર્વેના ડેટાનો ઉપયોગ કરતા સર્વેક્ષણમાં સ્નાતકની ડિગ્રી ધરાવતા 94% કે તેથી વધુ લોકોએ તેમના એકંદર જીવનથી ખુશ અથવા ખૂબ જ ખુશ હોવાનો અહેવાલ આપ્યો છે. જયારે 89% ઉચ્ચ શાળાના ગ્રેડના લોકોએ એવું જ કહ્યું હતું.[28]

## 16.4 સુખને અસર કરતી સમસ્યા

ઉપયોગિતા કાર્ય, સૂક્ષ્મ અર્થશાસ્ત્રનું કેન્દ્રિય ઘટક, સુખ માટેના અમૂર્ત માપ તરીકે સમજી શકાય છે. મૂળરૂપે આ સુખને ઓછામાં ઓછું સૈદ્ધાંતિક રીતે માપી શકાય તેવું પ્રમાણ માનવામાં આવતું હતું. પરંતુ 20મી સદીની શરૂઆતમાં અર્થશાસ્ત્રીઓએ ખાતરી આપી હતી કે સુખ મૂળભૂત રીતે વ્યક્તિલક્ષી છે અને તે કોઈપણ ચોક્કસ માપને ટાળે છે. એક વ્યક્તિના સુખના સ્તર (અંતઃ વ્યક્તિગત)ને માપવા અને વિવિધ વ્યક્તિઓના સુખના સ્તરો (આંતરવ્યક્તિગત)ની તુલના કરવાનું ટાળવું જોઈએ. કારણ કે આવા પ્રયત્નો આખરે અર્થહીન છે. સદભાગ્યે 1906માં, પેરેટોએ બતાવ્યું કે સંપૂર્ણ પરિમાણપાત્ર માપ વિના 'સારા' અને 'એટલા સારા નથી'. પસંદગીઓમાં પસંદગીઓનો ક્રમ એ કાર્યક્ષમ સંતુલન સુધી પહોંચવા માટે પૂરતો છે જે સુખને મહત્તમ કરે છે [પેરેટો (1971)]. આ રીતે નિરપેક્ષ મુખ્ય ઉપયોગિતાને ઓર્ડિનલ યુટિલિટી સાથે બદલવામાં આવી હતી અને 'પસંદગી' અથવા 'પસંદગી' દ્વારા 'સુખ'ની વિભાવના વધતા કાર્ય સાથે જોવા મળે છે.

**1. વ્યાખ્યા :**

સુખ એ એક અસ્પષ્ટ અને જટિલ ખ્યાલ છે. સંશોધકો અને નીતિ ઘડવૈયાઓ માટે શબ્દને સ્પષ્ટ અને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરવો એ એક પડકાર છે. કારણ કે વ્યક્તિઓ પાસે તેમના માટે સુખનો અર્થ શું છે તેના અનન્ય વિચારો હોય છે. તત્ત્વજ્ઞાનીઓએ હજારો વર્ષોથી સુખ વિશે દલીલ કરી છે અને હજુ પણ ખ્યાલની કોઈ એકલ, પ્રામાણિક સમજ નથી.

**2. માપ :**

જો સંશોધકો સુખને વ્યાખ્યાયિત કરી શકે તો પણ તે એક ગુણાત્મક ખ્યાલ છે. જેનું પ્રમાણીકરણ અથવા આત્મવિશ્વાસથી માપી શકાતું નથી. ઉદાહરણ તરીકે જો સુખને શૂન્યથી દસના સ્કેલ પર માપવામાં આવે તો શું શૂન્યનો અર્થ સુખની ગેરહાજરી કે ગહન દુઃખ થાય ? તેવી જ રીતે દસનો અર્થ એ થશે કે વધુ સુખ શકય નથી ? નીતિ નિર્માતાઓ કેવી રીતે ખાતરી કરી શકે કે બે લોકો કે જેઓ બંને તેમની ખુશીને ચારના (4) આંક તરીકે દર્શાવે છે તે સમાન રીતે ખુશ છે અથવા અન્ય વ્યક્તિ કરતાં ઓછી ખુશ છે. જે પાંચના (5) સુખી સ્તરની જાણ કરે છે ? શું આઠની (8) જાણ કરનાર વ્યક્તિ ચારની (4) જાણ કરનાર કરતાં બમણી ખુશ છે ? આવા પ્રશ્નો સુખના માપને મૂંઝવણમાં મૂકે છે. કારણ કે વ્યક્તિલક્ષી અભિપ્રાય શું છે તેનું પ્રમાણ નક્કી કરવું તે સામાજિક અને આર્થિક સ્થિતિ અથવા સંસ્કૃતિ પર આધારિત હોઈ શકે છે.

**3. નીતિ અમલીકરણ :**

આખરે જો નીતિ નિર્માતાઓ સુખને વ્યાખ્યાયિત અને માપી શકે તો પણ આ

નીતિ પસંદગીઓનો અમલ સમસ્યાઓથી ભરપૂર હશે. ઉદાહરણ તરીકે શું સમાજ સંપૂર્ણ સુખને મહત્તમ કરવા ઈચ્છશે કે વ્યક્તિઓમાં તેની સમાનતા કરશે ? આ પ્રશ્નનો જવાબ આપવાથી કેટલાક લોકો માટે વધુ ખુશી થઈ શકે છે. પરંતુ અન્ય લોકો માટે ઓછી છે અથવા અનિચ્છનીય પરિણામો જેમ કે કેટલાક લોકો માટે માત્ર દેખાવમાં વધારો અથવા ખુશી તરફ વલણ બતાવશે ત્યારે ખરેખર તેમના જીવનની પરિસ્થિતિઓ અથવા સંજોગોને બહેતર બનાવતા નથી. આ કારણોસર સંશોધકો અને નીતિ નિર્માતાઓએ આવા પગલાંનો ઉપયોગ કરતી વખતે સાવધાની સાથે આગળ વધવું એ એક પ્રશ્ન હોય શકે છે.[29]

## 16.5 સુખને અસર કરતી સમસ્યાના ઉપાય

સુખ એ એક એવી વસ્તુ છે જે સારા સ્વાસ્થ્ય, સારું શિક્ષણ, સંપત્તિ અને સમૃદ્ધિ, સારી નોકરી અથવા વ્યવસાય, સુખી અને સ્વસ્થ દાંપત્ય જીવન વગેરે જેવા ઘણા પરિબળો પર આધારિત છે. તેથી આપણે સુખી જીવન પસાર કરવા માટે આપણા સમગ્ર જીવનના આ તમામ પાસાંઓને તપાસવાની અને સુધારવાની જરૂર છે.

### 1. સરકારી ખર્ચ :

સરકારી ખર્ચમાં માલસામાન અને સેવાઓની ખરીદીનો સમાવેશ થાય છે. જે આર્થિક ઉત્પાદનને પ્રભાવિત કરી શકે છે. સાથે સાથે સરકાર દ્વારા ખરીદેલ માલ અને સેવાઓનું વેચાણ કરતા વ્યવસાયોને અસર કરે છે. જે વાસ્તવિક જીડીપીને સીધી રીતે અસર પહોંચાડે છે. એટલે સરકારે ખર્ચ એવી રીતે કરવું જોઈએ કે જેનાથી સમાજના વ્યક્તિ પાસે સીધા નાણાં પહોંચે અને લોકોના સુખમાં વધારો થાય છે. જેમ કે નવા ઉપગ્રહો બનાવવા માટે દેશની કોઈ એક કંપનીને ઓર્ડર આપે તો આ સરકારી ખર્ચને સમાયોજિત કરીને, સરકાર અર્થતંત્ર પર સરકારી ખર્ચની પ્રાથમિક અસર ઉપરાંત, આ ખર્ચ અર્થતંત્ર દ્વારા ગુણાકાર કરે છે. કારણ કે તે કંપનીને આ ઓર્ડર પ્રાપ્ત થવાથી તે બજારમાં ઉપગ્રહોના સાધન સમગ્રીની માગ કરશે. તેથી બીજા બજારમાં એક બાદ એક જુદા જુદા ગ્રાહકો પગારરૂપી આવક થવાથી બજારમાં અન્ય પ્રકારની માંગ ઉદ્ભવશે. એટલે કે ગ્રાહકો જુદી જુદી ચીજવસ્તુની માંગ કરતા વાસ્તવિક જીડીપીને વધુ ઉત્તેજિત કરે છે અને લોકોની સુખાકારીમાં વધારો થાય છે.

### 2. કર :

સરકારે કરનું માળખું એવી રીતે બનાવવું જોઈએ કે જેથી લોકોને કરના બદલામાં કામ કરવાનું પ્રોત્સાહન મળે. જેથી લોકો બચત, મૂડીરોકાણના અવરોધો ઉપર વિપરીત અસર નહિવત જોવા મળે. કરની પ્રણાલી એવા પ્રકારની હોવી જોઈએ કે દેશની કોઈપણ વ્યક્તિને કરની ચોરી કરવાનું મન ન થાય. એટલે કે સરકારે દરેક ચીજવસ્તુ ઉપર કર નાખવો જોઈએ પણ તે કરના દર નીચા હોવા જોઈએ.

### 3. અન્ય :

જાહેર સેવાઓ સરળતાથી ચાલવી જોઈએ. અપરાધ અને ભ્રષ્ટાચાર ન થાય તેવું સરકારી માળખું હોવુ જોઈએ. સરકાર અને જનતા વચ્ચે વિશ્વાસ કાયમ રહેવો જરૂરી છે. આ બધા એક સમાજના અભિન્ન અંગ તરીકે કામ કરે તો સમાજ સ્વયંભૂ સુખાકારીમાં વધારો થઈ શકે છે.

## ● નિષ્કર્ષ

રાષ્ટ્રીય સ્તરે સુખને વ્યાખ્યાયિત કરવા, માપવા અને અમલમાં મૂકવાના નિર્દેશો,

અસરો, સમસ્યાઓ અને તેના ઉપાયો બતાવ્યા છે. જે નીતિ નિર્માતાઓ અને અર્થશાસ્ત્રીઓને આર્થિક વૃદ્ધિના પ્રાથમિક માપન તરીકે લોકોના સુખમાં વધારો કરવા કે તેના ઉકેલ માટે મદદ થઈ શકે છે. આ સાથે સુખને માપવા માટેની વૈચારિક સમસ્યાઓ સૂચવે છે કે સરકારે સુખને સીધી રીતે પ્રભાવિત કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. જો નીતિ ઘડનારાઓનો શ્રેષ્ઠ હેતુ હોય તો લોકોની ખરેખર કાળજી રાખે છે. લોકોને શું ખુશ કરે છે, જે સુખ-આધારિત હેતુ અને જીડીપી જેવા પરંપરાગત પગલાંથી ફાયદા થાય છે. તે અંગે તેમને વિચારવું જોઈએ.

આર્થિક ઉત્પાદન અને સુખાકારીને સીધા લક્ષ્યાંકિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે નીતિ ઘડવૈયાઓએ સંસ્થાઓની રચના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જેથી કરીને લોકોને તેમના પોતાના લક્ષ્યો અને હિતોને અનુસરવા માટે વ્યક્તિગત પસંદગીની સૌથી મોટી રકમની મંજૂરી પામી શકે. આનાથી રાષ્ટ્રની મહત્ત્વની સમસ્યાઓનો સામનો કરવા માટે સરકારી સંસાધનો મુકત થશે. જયારે લોકો સુખની શોધ અને તેને સંભાળવા માટે શ્રેષ્ઠ લાયકાત ધરાવતા લોકો પર છોડી દેશે.[30]

લોકો દ્વારા થતી સુખની ચળવળ અર્થતંત્ર અને સમાજ માટે સંભાવનાના માર્ગો પૂરા પાડે છે. જે બધાની સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જાહેર નીતિને માર્ગદર્શન આપવા માટે સુખી માપદંડોનો વિકાસ અને ઉપયોગ એ આવો જ એક માર્ગ છે. જે હેપ્પીનેસ મેટ્રિક્સ એ વ્યક્તિલક્ષી સુખાકારીના સૂચક છે.

- **સંદર્ભ સૂચિ :**


1 Mousuni Roy, "Sustainable Development Strategies Engineering, Culture and Economics" Page 219, Elsevier Science, 2020.

2 Boris Nikolaev (2013),, Essays in Happiness Economics, lJniversity of South Florida, bnikolae@usf.edu

3 https://www.researchgate.net/publication 263654297_Happiness_as_in_alternative_ to_GDP and a measure_of_sustainable_development

4 https://worldhappiness.report/ed/2020/sustainable-development-and-human-well-being/

5 https://www.mercatus.org/publications/regulation/problems-measuring-and-using-appiness-policy-purposes

6 https://www.cmerald.com/insight/content/doi/10.1108/REPS-07-202-0086/full/html

7 Boris Nikolnev (2013),, Essays in Happiness Economics, University of South Florida, bnikolae@usf.edu. Pp. 25

8 https://intheback.cpuustralia.com.au/economy/how-to-measure-bconomics-of-happiness

9 http://www.brainpoolproject.eu

10 https://world/hoppiness.report/news/sustainability-makes-people-happier-research- finals/

11 Laura Musikanski (2015), “Measuring lappiness to Guide Public Policy Making: A Survey of Instruments and Policy Initiatives" Journal of Social Change, Wallen University, LLC, Minneapolis, MN DOI: 10.5590/JOSC 2015,07,1,04

12 Boris Nikolaev (2013)., Essays in Happiness Economics, University of South Florida, bnikolae@usf.edu

13 https://en.wikipedia.org/wiki/IIippiness_economics

14. https://theconversation.com/man-and-women-expericnce-appiness-dinherently-heres-why104507#:~:-text=Females%20in%20general%20prioritise%20doing,doing%20%E2%80%9Cthe%20ight%20thing%E2%80%9D

15. https://www.researchgate.net/publication/315669298_w_Gender_Matters_for_Happiness_A_Serial_Study_in_of_College_Students_in_China

16. https://www.london.ecu/think/wcn-happiness-is-a-skill-you-can-lenn

17. https://actionformpiness.org/10.keys /direction: hext-Working %20on%20 goals%20we've,% 20confidence%20boost% 20%5B20%5D.

18. https://www.psychologytoday.com/us/blog/between-cultures/201605/how-does-culture-affect-our-happiness

19. https://en.wikipedia.org/wiki/Neel_theory

20. http://ecare.stanford.edu/

21. https://www.theworldcounts.com/purpose/the-effect-of-income-on-happiness

22. https://www.nysscpa.org/news/publications/nextgen/nectgon-article/study-finds strong-relation-between-income-and-happiness-does-not-max-out-at-75k

23 https://worldhappiness.report/ed/2020how environmental-quality-affects-our-happiness#:~:text=There%20is%20indeed%20evidence%20in,positive%20effects% 20on%20self%2Dregulation.

24. https://larrygmaguire.com/factors-that-impact-your-happiness/

25. https://www.vorywellmind.com/what-is-happiness-4869755

26. https://greatergood.berkeley.edu/article/item/which_values_ke_you_happy it might_depend_or where you livet-text=T he%20researcher%20suggest%20that%20people,us%201%20navigate%20the%20world.

27. https://www.frontiersin.org/articles/10.3389/fpubli.2022.855327/full#:-;textEducation%20can%20uffect%20individual%20happiness,his%2Fher%20sense%20of%20happiness.

28. https://webcache.googleusercontent.com/search?q=cache:WyEhK2UUUqAJ:https://www.cnbc.com/2020/08/17/does-getting-a-college-degree-rmke-you-happier.htmltd-4&hl=en&ct=clnk&g|min

29. https://www.mercatus.org/publications/regulation/problems-measuring-and-using-happiness-policy-purposes

30. https://www.mercatus.org/publications/regulation/problems-measuring-and-using-happiness-policy-purposes

# એકમ-17 માહિતીનું અર્થશાસ્ત્ર

-: રૂપરેખા :-

**17.1 પ્રસ્તાવના**

**17.2 માહિતીના અર્થશાસ્ત્રનો અર્થ**

**17.3 માહિતીના અર્થશાસ્ત્રના લક્ષણો**

**17.4 માહિતીની શોધ**

**17.5 માહિતી શોધખર્ચ**

**17.6 માહિતીની શોધનો નિયમ**

**17.7 માહિતી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર - વિષયવસ્તુ**

**17.8 માહિતીનું મૂલ્ય**

**17.9 માહિતીનું સ્વરૂપ**

- **ઉપસંહાર/સમીક્ષા**
- **સંદર્ભ સૂચિ**

## 17.1 પ્રસ્તાવના

માહિતીનું અર્થશાસ્ત્ર એ એકમલક્ષી અર્થશાસ્ત્રનો ભાગ છે. માહિતી અને માહિતીની વ્યવસ્થા કેવી રીતે અર્થતંત્રને અને આર્થિક નિર્ણયોને અસર કરે છે. આજના આધુનિક યુગમાં જેને જ્ઞાનનો યુગ પણ કહી શકાય. જ્યાં માહિતી આપણને ફક્ત આંગળીનાં ટેરવે પ્રાપ્ત થાય છે. જે મોબાઈલ કે કોમ્પ્યૂટરમાં ઈન્ટરનેટની મદદથી મેળવી શકાય છે. કારણ કે વૈજ્ઞાનિક શોધખોળો, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, ટેકનોલોજી વગેરેના વિકાસને કારણે વર્તમાનમાં વિશ્વની માહિતી પ્રાપ્ય બને છે. પણ આ માહિતી વિશ્વનીય કે અવિશ્વનીય પણ હોઈ શકે છે અને આ માહિતીનો ફેલાવો કરવાનું પણ આસાન છે અને તેના પર નિયંત્રણ મૂકવાનું કઠિન છે. કારણ કે માહિતી વર્તમાનમાં દરેક સ્થળેથી મળે છે.

આજના યુગને માહિતીનો યુગ તરીકે ઓળખવામાં આવે છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો માહિતીનો ઉપયોગ ઉત્પાદન, વેચાણ અને ખરીદીમાં માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ઉત્પાદક દ્વારા જેતે વસ્તુની માહિતી સરળ રીતે આપવામાં આવે છે. જેથી ગ્રાહકો વસ્તુની માહિતી પ્રાપ્ત કરી તેની ખરીદી કરી શકે માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

## 17.2 માહિતીના અર્થશાસ્ત્રનો અર્થ

વર્ષ 1990ના દાયકામાં ડુગ લેની નામના એક વિદ્વાને માહિતીનું અર્થશાસ્ત્ર (Infonomics) એવો શબ્દ પ્રયોગ સૌ પ્રથમ વાર કર્યો હતો. તેમજ માહિતીનું અર્થશાસ્ત્ર એટલે માહિતી અને અર્થશાસ્ત્રનો સુભગ સમન્વય. જેમાં દેશ આર્થિક વિકાસ કઈ રીતે સિદ્ધ કરી શકાય તેમજ આર્થિક પ્રશ્નો કઈ રીતે ઉકેલી શકાય તે અંગેની ચર્ચા કરવામાં આવે છે. તેની સાથે જ ઉત્પાદકીય આર્થિક માહિતી દ્વારા આર્થિક પ્રશ્નો ઉકેલીને આર્થિક વિકાસ સિદ્ધ કરવામાં આવે છે.

વર્ષ 1961માં જ્યોર્જ સ્ટીગલરે "The Journal of Political Economy"માં The Economics of Information નામનું સંશોધનપત્ર લખ્યું. જેમાં આર્થિક નિર્ણયોમાં માહિતીનું મહત્ત્વ સમજાવેલું છે એટલે કે માહિતીની બજાર દ્વારા નક્કી કરાતી કિંમત નિર્ધારણ પર કઈ અસર પડે છે તેની સમજૂતી આપી હતી. ત્યારબાદ સ્પેન્સને વર્ષ 1973માં, એકરલોફને વર્ષ 1978માં અને સ્ટીગ્લીટ્ઝને વર્ષ 1981માં માહિતીના અર્થશાસ્ત્રનો પરિચય અભ્યાસ કર્યો.

વર્ષ 1990ના દાયકામાં ડૂગ લેની નામના એક વિદ્વાને માહિતીનું અર્થશાસ્ત્ર (Infonomics) એવો શબ્દ પ્રયોગ સૌ પ્રથમવાર કર્યો હતો અને ધીમે ધીમે અર્થશાસ્ત્રની આ શાખા વધુ પ્રચલિત થઈ.

## 17.3 માહિતીના અર્થશાસ્ત્રના લક્ષણો

માહિતી અને અર્થશાસ્ત્રમાં બજારની માહિતીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેના દ્વારા બજારતંત્રના ઉત્પાદન, વેચાણ, વિનિમયનો નિર્ણય પણ કરી શકાય છે. તેને સમજવા માટે તેના લક્ષણો સમજવા જરૂરી છે. જે નીચે મુજબ છે.

(1) માહિતી અને અર્થશાસ્ત્રનો સુભગ સમન્વય કરવામાં આવે છે.

(2) માહિતીનું અર્થશાસ્ત્ર દ્વારા આર્થિક સિદ્ધાંતો, આર્થિક પ્રશ્નો, આર્થિક પદ્ધતિઓ, આર્થિક નીતિઓ વગેરેની ચર્ચા કરવામાં આવે છે.

(3) ઉત્પાદક, વેપારી, ગ્રાહક, રોકાણકાર કે શ્રમિક વગેરે માહિતીના આધારે જ નિર્ણયો લે છે.

(4) આર્થિક નિર્ણયોની સફળતા કે નિષ્ફળતાનો આધાર પર્યાપ્ત યોગ્ય સ્વરૂપની સમયસરની માહિતી પર છે તેમ માહિતીના અર્થશાસ્ત્રમાં માનવામાં આવે છે.

(5) માહિતીનું અર્થશાસ્ત્ર અર્થશાસ્ત્રનો એક ભાગ છે તેમજ તેની એક શાખા પણ ગણાવી શકાય.

(6) માનવીનું ગ્રાહક તરીકેનું વર્તન પણ તેની માહિતી ઉપર આધારિત છે.

(7) દેશના આર્થિક વિકાસનો આધાર ત્વરીત, યોગ્ય અને પૂર્ણ માહિતી પર રહેલો છે. તેમજ તેનો ઝડપી ઉપયોગ કરવા પણ છે.

(8) ઝડપી માહિતી દ્વારા કઈ રીતે ઝડપી વિકાસ થઈ શકે તેનો અભ્યાસ કરવામાં આવે છે.

(9) માહિતીનું અર્થશાસ્ત્ર એ આધુનિક સ્વરૂપનું અર્થશાસ્ત્ર છે. તેને અર્થશાસ્ત્રની બીજી શાખાઓ અન્ય સામાજિક ભૌતિક વિજ્ઞાનો સાથે સંબંધ છે.

(10) માહિતી દ્વારા વસ્તુવેચાણ કે ખરીદીનું પ્રમાણ વધારી શકાય છે.

## 17.4 માહિતીની શોધ

આજના યુગમાં માહિતી મેળવવા માટે માહિતી શોધવી પણ પડે છે. આ માહિતી ખર્ચ અને નિઃશુલ્ક બંને હોય છે. જેમ કે સરકારી યોજનાઓ માટેની માહિતી સરકાર દ્વારા ખર્ચ કરી લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જ્યારે ખાનગી કંપનીની માહિતી કે વસ્તુની સાચી માહિતી મેળવવા ખર્ચ કરવો પડે તેની સાથે સમય અને શક્તિનો પણ ખર્ચ થાય છે.

ગ્રાહક જ્યારે વસ્તુની ખરીદી કરવા જાય છે ત્યારે સેવાના લક્ષણો કયા છે, કયા વિકલ્પો પ્રાપ્ય છે, વસ્તુની ગુણવત્તા કેવી છે, તેનો ભાવ કેટલો છે વગેરેની માહિતી મેળવે છે. તેની સાથે વસ્તુની સલામતી પણ જોવામાં આવે છે. તેની સરખામણી ગ્રાહક અન્ય કંપની કે બીજી દુકાને તેની સરખામણી કર્યા બાદ વસ્તુની ખરીદી કરે છે. તો ઘણીવાર ગ્રાહક શિક્ષિત હોય તો તે વસ્તુની માહિતી ઈન્ટરનેટની મદદથી કોમ્પ્યૂટર કે મોબાઈલમાં તેની વિશેષ માહિતી મેળવ્યા બાદ જ વસ્તુની ખરીદી કરે છે. દા.ત., કોઈ વ્યક્તિને મોબાઈલની ખરીદી કરવી હોય તો તે વ્યક્તિ જુદી-જુદી નાની-મોટી દુકાને જઈને તેની કિંમત જાણી લે છે. તેમજ જુદી-જુદી કંપની સાથે તેની સરખામણી પણ કરે છે. ત્યારબાદ તેની ખરીદી કરે છે પણ વર્તમાનમાં ઓનલાઈન ખરીદી પણ થાય છે. તેના દ્વારા પણ ગ્રાહક વસ્તુની ખરીદી કરે છે. જેનું હાર્દ માહિતી છે. ટૂંકમાં વસ્તુની કિંમત, ગુણવત્તા અને તેની વોરેન્ટી કે ગેરેન્ટી વગેરેની માહિતી ચોક્કસ મેળવી ત્યાર બાદ વસ્તુની પસંદગી કરે છે.

## 17.5 માહિતી શોધખર્ચ

ગ્રાહક વસ્તુની ખરીદી કરે તે પહેલાં તે વસ્તુ વિશે અન્ય વેપારી, મિત્રો કે સગા સંબંધી પાસેથી તેની આછી-પાતળી માહિતી ભેગી કરે છે. ત્યારબાદ હાલમાં સૌથી વપરાતુ સાધન એટલે કે મોબાઈલમાં ઈન્ટરનેટની મદદથી તે વસ્તુ વિશે જાણવાનો પ્રયત્ન કરે છે અને આ માહિતી લેવા માટે તેને કેટલીક કિંમત ચૂકવવી પડે છે. તેમજ વેપારી કે ઉદ્યોગોને પણ તેમની વસ્તુની માહિતી ગ્રાહકો સુધી પહોંચાડવા કેટલોક ખર્ચ કરવો પડે છે, જેને માહિતી શોધનો ખર્ચ ગણી શકાય. આ ખર્ચ જેવા કે.....

- માહિતી વાંચવા કે જોવા પાછળ ખર્ચાતો સમય.
- ફોન પાછળ થતો ખર્ચ (ઈન્ટરનેટ રીચાર્જ)
- વસ્તુ ખરીદવા માટે આવન-જાવનનું ખર્ચ ઉપરાંત ખાણી-પીણી ખર્ચ
- વસ્તુની ગુણવત્તા ચકાસવા જુદી-જુદા દુકાનો પાછળ ખર્ચાતો સમય કે નાણાં
- જે તે વસ્તુ માટે તેની માહિતી આપતું સામાયિકનો ખર્ચ
- કોઈ નિષ્ણાતની સલાહ લેવાની થાય તો તેના પાછળ થતો ખર્ચ
- કોઈ ખરીદી કર્યા બાદ તે વસ્તુ માટે થતો માલિકીપણાનો ખર્ચ દા.ત. માસિતીરણાનો મકાન ખરીદી કર્યા બાદ દસ્તાવેજ પાછળ થતો ખર્ચ
- અસ્કયામતોની ખરીદી કરવાની હોય તો એજન્ટ પાછળ થતો ખર્ચ
- ઘણીવાર વસ્તુની ખરીદી કર્યા બાદ તેને સાવચેતી માટે પણ ખર્ચ કરવામાં આવે છે. તેની માહિતી મેળવવા પણ ખર્ચ કરવો પડે છે. દા.ત. સોનાના દાગીના ખરીદી કર્યા બાદ તેની ચોરી ન થાય તે માટે બેંક લોકર્સમાં મૂકવાનો ખર્ચ.

આમ, ઉપરોક્ત તમામ ખર્ચમાં સૌથી વધારે મહત્ત્વનું ખર્ચ એ ગ્રાહકનો કિંમતી સમય છે. તેની સાથે વસ્તુની ખરીદી પાછળ થતો ખર્ચ પણ માહિતી શોધખર્ચ ગણાવી શકાય. સરકારશ્રી દ્વારા ગ્રાહકો વસ્તુની ખરીદી કરવા જાય ત્યારે તે વસ્તુની કિંમત કે ગુણવત્તા બાબતે છેતરાય નહીં તે માટે કેટલીક ઉપયોગી માહિતી ગ્રાહકો સુધી પોસ્ટર્સ, T.V. જાહેરાતો, સમાચારપત્રો, સામાયિક કે રેડિયો મારફતે તેમજ મોબાઈલમાં SMS દ્વારા

પણ પહોંચાડવામાં આવે છે તેના પાછળ પણ ખર્ચ કરવામાં આવે છે.

આમ ગ્રાહક, વેપારી કે સરકાર દ્વારા તેના ઉદેશોની પ્રાપ્તિ માટે ખર્ચ કરે છે. જેમાં ગ્રાહકને જે જગ્યાએ ઓછા સમયે, સારી ગુણવત્તા યુક્ત અને વ્યાજબી ભાવે વસ્તુ પ્રાપ્ત થાય છે તેની ખરીદી કરે છે.

## 17.6 માહિતીની શોધનો નિયમ

ગ્રાહક જ્યારે વસ્તુની ખરીદી કરવા જાય ત્યારે તે સૌથી ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત વસ્તુ ક્યાં મળશે તે માહિતી દ્વારા જાણકારી મેળવે છે. જેમાં શોધ કરવાને લીધે તેમને મળનારો સીમાંત લાભ (Marginal Benifit) માટે શોધનો સીમાંતખર્ચ (Marginal Cost)ની સરખામણી કરવામાં આવે છે.

જ્યાં તેની ત્રણ પરિસ્થિતિ જોવા મળશે.

જો ગ્રાહકને વસ્તુની ખરીદી કરતાં મળતો સીમાંતલાભ Marginal Benifit (MB) શોધ કરવા માટે થતા સીમાંત ખર્ચ (MC) કરતાં વધારે હોય તો વસ્તુની ખરીદી કરવામાં આવે છે. આ સમયે ગ્રાહકને વસ્તુમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ મહત્તમ હોય છે.

જો ગ્રાહકને વસ્તુની ખરીદી કરતાં મળતો સીમાંત લાભ (MB) શોધ કરવા માટે થતા સીમાંત ખર્ચ (MC) કરતાં ઓછો હોય તો ગ્રાહક વસ્તુની ખરીદી કરવાનું ટાળે છે. આ સમયે ગ્રાહકને વસ્તુમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ ન્યૂનતમ હોય છે.

જો ગ્રાહકને વસ્તુની ખરીદી કરતાં મળતો સીમાંત લાભ (MB) શોધ કરવા માટે થતા સીમાંત ખર્ચ (MC)ની બરાબર કે સમાન હોય તો ગ્રાહક વસ્તુની ખરીદી કરી શકે કે ન પણ કરી શકે. આ સમયે ગ્રાહકને વસ્તુમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ તેની માંગની ત્રીવતા અનુસાર અનિશ્ચિત રહે છે.

આમ, ગ્રાહક વસ્તુની માહિતી પ્રાપ્ત કરવા જે ખર્ચ કરે છે અને વાસ્તવમાં ખર્ચ કેટલો થાય છે તેને આધારે ગ્રાહક વસ્તુની ખરીદી કરે છે.

## 17.7 માહિતી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર - વિષયવસ્તુ

માહિતીનું અર્થશાસ્ત્ર એ એકમલક્ષી અર્થશાસ્ત્રનો એક ભાગ છે અને વર્તમાનમાં માહિતીનું અર્થશાસ્ત્રનું મહત્ત્વ ધીમે-ધીમે વધતું ગયું છે. કોઈપણ વિષયમાં કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે, તેનો અભ્યાસ કરવાથી તે વિષયનું કાર્યક્ષેત્ર કે વિષયવસ્તુ પ્રાપ્ત થાય છે. જેને નીચે મુજબ રજૂ કરી શકાય.

1. માહિતીનાં સ્ત્રોતો, માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિ તેમજ તેની આર્થિક અને ઉત્પાદકીય ઉપયોગિતા વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.
2. માહિતી ટેકનોલોજી એ માહિતી અર્થશાસ્ત્રનું હાર્દ છે. તેમાં માહિતી ટેકનોલોજીના વિવિધ સ્વરૂપો, સાધનો, પ્રક્રિયા, વિકાસ પરની અસરો વગેરે જેવા પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે છે.
3. માહિતીના અર્થશાસ્ત્રમાં માહિતીની પ્રક્રિયા કરીને કઈ રીતે તેને વિકાસમાં પ્રયોજી શકાય તે બાબત તેમાં તપાસવામાં આવે છે.
4. કોઈપણ વસ્તુની અપૂર્ણ અને અયોગ્ય માહિતીને કારણે કયા પ્રશ્નો સર્જાય છે. તેનું વિશ્લેષણ માહિતીના અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.
5. માહિતી પ્રાપ્તિના પ્રોત્સાહનો અને જોખમોની ચર્ચા કરીને તેના કાર્યો તથા પરિણામો પરથી અસરો તપાસવામાં આવે છે.

6. માહિતી પસંદગીની પ્રક્રિયા તેના વિવિધ મોડલો, રમતનો સિદ્ધાંત વગેરેની છણાવટ આ વિષયમાં કરવામાં આવે છે.

7. એજન્ટો વિશેની સમાન અને અસમાન માહિતીઓ, વેચનારાઓ માટેની સમાન અને અસમાન માહિતી, ગ્રાહકો માટેની માહિતી વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

આમ, માહિતી અર્થશાસ્ત્ર એક વિશાળ વિષય છે. તેમાં માહિતી દ્વારા આર્થિક સિદ્ધાંતોનું વિશ્લેષણ કરીને વિકાસ માટે પ્રયાસો થાય છે.

## 17.8 માહિતીનું મૂલ્ય

માહિતીનું બજાર વસ્તુની ખરીદી માટે ખૂબ જ ઉપયોગી બને છે. માહિતી આર્થિક મૂલ્ય ધરાવે છે. માહિતીના આધારે વ્યક્તિ વસ્તુની પસંદગી કરે છે કે જેથી તેમને મહત્તમ સંતોષ મળે કે નુકસાન ન જાય.

- **માહિતીનું મૂલ્ય એટલે શું ?**

કોઈ નિર્ણય કરતા પહેલા જરૂરી માહિતી મેળવવા માટે નિર્ણયકર્તા જે કિંમત ચૂકવવા તૈયાર થાય છે તેને માહિતીનું મૂલ્ય કહે છે. આ કિંમત જેવી કે વસ્તુ માટે વર્તમાનપત્ર, સામાયિક, મિત્રો કે સગા સંબંધી પાછળ થતો સમય અને નાણાકીય ખર્ચનો સમાવેશ કરી શકાય. જેને માહિતીનું મૂલ્ય કહી શકાય. દા.ત. કોઈ ગ્રાહકને T.V.ની ખરીદી કરવી છે તો તે માટે બજારમાં આવેલી જુદી-જુદી દુકાનોમાં જઈ તેની કિંમત અને ગુણવત્તા જાણવાનો પ્રયત્ન કરશે. તેના માટે તેને થતો વાહન વ્યવહાર ખર્ચ તેમજ ગ્રાહક દ્વારા ઈન્ટરનેટની મદદથી મોબાઈલ કે કોમ્પ્યૂટરમાં ઓનલાઈન ખરીદી એપ દ્વારા પણ વસ્તુની કિંમત જાણવાનો પ્રયત્ન કરશે. આ કાર્ય માટે તે જે ખર્ચ કરે તે ઉપરાંત સમયની પણ કિંમતને માહિતીનું મૂલ્ય કહી શકાય. આ માહિતીના મૂલ્યને બે પ્રકારે વહેંચી શકાય છે.

### (1) પૂર્ણ માહિતીનું મૂલ્યઃ

પૂર્ણ માહિતીનો અર્થ એ છે કે વસ્તુ કે સેવા અંગે કે ઉત્પાદનના સાધન અંગે પૂર્ણ માહિતી મેળવવા માટે સમય, શક્તિ અને નાણાનું જે ખર્ચ થાય. જો સંપૂર્ણ માહિતી મેળવવાથી નિર્ણયમાં કોઈ પરિવર્તન ન આવવાનું હોય તો સંપૂર્ણ માહિતી મેળવવાનું નકામું છે. પૂર્ણ માહિતી બજારમાં ખરીદીનો નિર્ણય કરવા આડે આવતી તમામ પ્રકારની અનિશ્ચિતતાઓ દૂર કરે છે અને આ માહિતીથી વસ્તુની ખરીદી કરી પૂરતો સંતોષ મેળવી શકાય છે.

### (2) અપૂર્ણ માહિતીનું મૂલ્ય

અપૂર્ણ માહિતીનું મૂલ્ય એટલું નથી હોતું કે જેટલું પૂર્ણ માહિતીનું હોય છે. અપૂર્ણ માહિતી ગ્રાહક ગમે તે રીતે મેળવે છે. તેની તે વધુ ચકાસણી કરતો નથી. તે વિજ્ઞાપન ઉપર આધાર રાખે છે તેમજ સગા-સંબંધી કે મિત્રોએ જે કંઈ માહિતી આપે છે, તેને આધારે વસ્તુ કે સેવાની ખરીદી કરે છે. એટલે કે ગ્રાહકને આ અપૂર્ણ માહિતી વિશ્વાસપાત્ર લાગે છે અને વસ્તુ કે સેવાની ખરીદી કરે છે. ન તો માહિતી લેવા ખર્ચ કરવા માંગે છે કે ન તો સમય આપવા માંગે છે. પરીણામે અપૂર્ણ માહિતીથી વસ્તુની ખરીદી કરી પૂરતો સંતોષ મેળવી શકાતો નથી.

## 17.9 માહિતીના અર્થશાસ્ત્રનું સ્વરૂપ

માહિતીનું અર્થશાસ્ત્ર એટલે અમર્યાદિત જરૂરિયાતોને મર્યાદિત સાધનો દ્વારા સંતોષવાના પ્રયાસોને કહી શકાય. એટલે કે આર્થિક માહિતી દ્વારા આર્થિક પ્રશ્નોનો ઉકેલ શોધવાના જે પ્રયાસો થાય છે તે માહિતી અર્થશાસ્ત્ર છે. જેવી રીતે અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે અને વિજ્ઞાનમાં કોઈ એક વિષયને લગતી માહિતી કે હકીકતો એકઠી કરવામાં આવે છે. તેનું વર્ગીકરણ કે વિશ્લેણ કરવામાં આવે છે. તેમજ કાર્ય અને પરિણામ વચ્ચેનો સંબંધ દર્શાવવા નિયમો તારવવામાં આવે છે માટે તેને વિજ્ઞાન કહે છે. તેવી જ રીતે માહિતી અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે. તે કલા નથી, પરંતુ સામાજિક વિજ્ઞાન છે. માહિતી અર્થશાસ્ત્ર વાસ્તવિક આદર્શલક્ષી વિજ્ઞાન છે. માટે તેના સ્વરૂપનો ખ્યાલ 3 બાબતો દ્વારા મેળવી શકાય.

### (1) વિજ્ઞાન તરીકે :

અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન છે. વિજ્ઞાનમાં કોઈ એક વિષયને લગતી હકીકતો તથા વિગતો એકઠી કરવામાં આવે છે. તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. જેમાં કાર્ય અને પરિણામ વચ્ચેના સંબંધ રજૂ કરતા નિયમો તારવવામાં આવે છે. તેમજ વિજ્ઞાનની કસોટી અર્થશાસ્ત્રને લાગુ પડે છે. તેથી અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે. તેની સાથે માહિતી અર્થશાસ્ત્ર અર્થશાસ્ત્રની એક શાખા છે. આથી તેમ કહી શકાય કે માહિતી અર્થશાસ્ત્ર પણ એક વિજ્ઞાન છે.

### (2) સામાજિક વિજ્ઞાન તરીકે :

અર્થશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે અને તે માનવવર્તનના અમુક ચોક્કસ પાસાનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર એક અલગ વિજ્ઞાન હોવાનો દાવો કરી શકે નહીં. પરંતુ સમાજશાસ્ત્રમાં તેનો સમાવેશ થવો જોઈએ. કારણ કે સમાજશાસ્ત્ર એ મૂળભૂત સામાજિક વિજ્ઞાન છે. તેવી રીતે માહિતી અર્થશાસ્ત્રમાં માનવીની આર્થિક-ઔદ્યોગિક-ટેકનિકલ જાણકારી આધારીત માહિતીની ચર્ચા કરવામાં આવે છે. તેમાં પૂર્ણ રીતે માનવીય અથવા સામાજિક ફલક હોય છે. આથી તે સામાજિક વિજ્ઞાન છે તેમ કહી શકાય.

### (3) વાસ્તવિક આદર્શલક્ષી વિજ્ઞાન છે :

જેનાં પ્રથમ પરિસ્થિતિ કે પ્રશ્નો જે છે તે સ્વરૂપમાં તટસ્થ રીતે વાસ્તવદર્શી પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે અને ત્યારબાદ કઈ રીતે પ્રશ્નો ઉકેલી શકાય ? કઈ રીત વિકાસ કરી શકાય ? માહિતી ટેકનોલોજીનો ઉપયોગ કઈ રીતે વિકાસમાં થવો જોઈએ વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. તેથી તે આદર્શલક્ષી વિજ્ઞાન પણ છે. તેનો એકમ હેતુ સમસ્યાઓ ઉકેલીને માહિતી ટેકનોલોજી દ્વારા વિકાસ સાધવાનો છે.

આમ, માહિતી અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે. તે કલા નથી. તે સામાજિક વિજ્ઞાન છે. માહિતી અર્થશાસ્ત્ર વાસ્તવિક આદર્શલક્ષી વિજ્ઞાન છે. એટલે કે - Information Economic is a real normative Social Science.

---

### • સમીક્ષા

---

માહિતીનું અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રના વિકાસની સાંપ્રત શાખા છે. ગીવોન્સ, ક્રેટ્સ, હોમસ્ટોર્ચ મીલગ્રોમ, નેલ્સન, વીન્ટર, રોય વગેરે વિદ્વાનોએ આ વિષયના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે અને ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં માહિતીની ફોન દ્વારા આર્થિક વિકાસની ગતિને વેગીલી બનાવી શકાય છે. ભારત માહિતી ટેકનોલોજીને આધારે કૃષિ, ઉદ્યોગો અને સેવાક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે. જેની સાથે વિકાસની માહિતી પણ ઝડપથી પ્રસરી રહી છે. જેથી વિકાસની ગતિ વેગીલી બની છે.

BAOU
Education
for All

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

•

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**